# સ્વાનુભૂતિ દર્શન



K. SHAH

# સ્વાનુભૂતિ દર્શન

સંકલન: રમણીક સાવલા

(ફક્ત અંગત સ્વાધ્યાય માટે)



आध्यात्मिक संत पूज्य सदगुरुदेवश्री कानजीस्वामी

जिस द्रव्यकी जो पर्याय जिस समय, जिस क्षेत्रमें, जिस विधिसे जैसी होने योग्य हो वही पर्याय, उसी समयमें, उसी क्षेत्रमें, उसी विधिसे वैसेही होती है। उसमें इन्द्र, नरेन्द्र और जिनेन्द्रभी फेरफार कर सकनेमें समर्थ नहीं है।

'सहजात्म स्वरुप सर्वज्ञदेव परमगुरु'

# અનુક્રમણિકા


| | | ૧ ૨૧ ૨૨ |
|---|---|---|
| | પ્રસ્તાવના | |
| ૧. | આત્મ સાધનાના અભ્યાસનો ક્રમ | ૧ |
| ૨. | જૈન દર્શનનું રહસ્ય — સાર | ૧૧ |
| ૩. | સ્વાનુભૂતિ | ૨૬ |
| ૪. | સાધનાની વિધિ | ૪૮ |
| ૫. | દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય | ૫૬ |
| ૬. | દૃષ્ટિનો વિષય અને સ્વાનુભૂતિ-ઉપસંહાર | ૬૬ |
| ૭. | સ્વ-પર પ્રકાશક સ્વભાવ | ૮૬ |
| ૮. | મહાન સિદ્ધાંત | ૯૨ |
| ૯. | જ્ઞાન સ્વભાવ | ૧૦૨ |
| ૧૦. | ભેદજ્ઞાન | ૧૩૬ |
| ૧૧. | દ્રવ્ય અને પર્યાયની ભિન્નતા | ૧૫૬ |
| ૧૨. | સ્વરૂપ પ્રત્યક્ષ અને કારણ શુદ્ધ પર્યાય | ૧૬૬ |
| ૧૩. | દૃષ્ટિના નિધાન | ૧૮૨ |
| ૧૪. | ગુરુદેવશ્રીના વચનામૃત | ૧૯૦ |
| ૧૫. | દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૨૦૬ |
| ૧૬. | સમય સાર-પ્રવચન સાર-ગાથાઓ | ૨૧૪ |
| ૧૭. | ૪૭-શક્તિ | ૨૫૦ |
| ૧૮. | ૪૭-નય | ૨૬૪ |
| ૧૯. | અલિંગગ્રહણના ૨૦ બોલ | ૨૮૩ |
| ૨૦. | અવ્યક્તના બોલ વિશેષ ચિંતવન | ૨૯૪ |

પ્રસ્તાવના

# પૂ. ગુરૂદેવશ્રીના શ્રીમુખેથી માંગલિક કથન

ણમો અરહંતાણં ણમો સિદ્ધાણં ણમો આયરિયાણં
ણમો ઉવજ્ઝાયાણં ણમો લોએ સવ્વસાહૂણં

## ચાર મંગળ

ચત્તારિ મંગલં—અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.
ચત્તારિ લોગુત્તમા—અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરિહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.

ચાર શરણા ચાર મંગળ ચાર ઉત્તમ કરે જેહ.
ભાવસાગરમાં ન ડૂબે તેહ.
સકળ કર્મનો આણે અંત, મોક્ષતણા સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મોક્ષે જાય.
સંસારમાંહી શરણચાર અવર ન શરણું કોઇ,
જે નરનારી શરણ ચાર આદરે તેને અક્ષય અવિચળ પદ હોય.
અંગૂઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર,
ગુરુ ગૌતમને સમરીએ સદા મનવાંછિત ફળ દાતાર.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર–વીર–કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ–ગુણ–પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર–અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥

–: શ્લોકાર્થ :–

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; તે જ્ઞાન સિવાય બીજું શું કરે? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

–: ખંડાન્વય સહિત અર્થ :–

આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય ચેતનામાત્ર પરિણામ કરે છે. કેવો હોવાથી? કારણ કે આત્મા પોતે ચેતના પરિણામ માત્ર સ્વરૂપ છે. ચેતન પરિણામથી ભિન્ન જે અચેતન પુદ્ગલ પરિણામરૂપ કર્મ તેને કરે છે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો. ચેતનદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે એવું જાણપણું, એવું કહેવું મિથ્યાદષ્ટિ જીવોનું અજ્ઞાન છે. ભાવાર્થ આમ છે કે– કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે.

શ્રી સમયસાર–કલશ ૬૨

# આત્મ–ભાવના

હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસ છું; હું નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાનજ્ઞાન–અનુષ્ઠાનરૂપ નિશ્ચય–રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન વીતરાગ–સહજાનંદ રૂપ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય (પોતાથી વેદાવાયોગ્ય) ગમ્ય (જણાવાયોગ્ય) –પ્રાપ્ય (પ્રાપ્ત થવા યોગ્ય) –એવો ભરિતાવસ્થ (–ભરેલી અવસ્થાવાળો, પરિપૂર્ણ સ્વરૂપ) છું; હું રાગદ્વેષ–મોહ, ક્રોધ–માન–માયા–લોભ, પાંચ ઇન્દ્રિયોનો વિષય–વ્યાપાર, મન–વચન–કાયાનો વ્યાપાર, ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મ, ખ્યાતિ–પૂજા–લાભની તેમ જ દૃષ્ટ–શ્રુત–અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા તથા મિથ્યારૂપ ત્રણ શલ્ય–ઇત્યાદિ સર્વ વિભાવ પરિણામરહિત–શૂન્ય છું. ત્રણે લોકમાં, ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયે હું આવો છું તથા બધાય જીવો એવા છે–એમ મન–વચન–કાયાથી તથા કૃતકારિત–અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

–તાત્પર્યવૃત્તિ (સમયસાર)

# કેવલી કથિત દ્રવ્ય કે છ સામાન્ય ગુણ.

**૧ અસ્તિત્વ ગુણ :-**

કર્તા જગત કા માનતા જો, કર્મ યા ભગવાન કો,
વહ ભૂલતા હૈ લોક મેં, અસ્તિત્વ ગુણ કે જ્ઞાનકો.
ઉત્પાદ વ્યયયુત વસ્તુ હૈં, ફીર ભી સદા ધ્રુવતા ધરે,
અસ્તિત્વ ગુણ કે યોગ સે, કોઈ નહી જગમેં મરે.

**૨ વસ્તુત્વ ગુણ :-**

વસ્તુત્વ ગુણ કે યોગ સે હો, દ્રવ્ય મેં સ્વ-સ્વ ક્રિયા,
સ્વાધીન ગુણ-પર્યાય કા હી, પાન દ્રવ્યોને કિયા.
સામાન્ય ઔર વિશેષતા સે, કર રહે નિજ કામ કો,
યોં માનકર વસ્તુ ત્વ કો, પાઓ વિમલ શિવધામ કો.

**૩ દ્રવ્યત્વ ગુણ :-**

દ્રવ્યત્વગુણ ઈસ વસ્તુકો, જગમેં પલટતા હૈ સદા,
લેકીન કભી ભી દ્રવ્ય તો, તજતા ન લક્ષણ સંપદા.
સ્વદ્રવ્યમેં મોક્ષાર્થી હો, સ્વાધીન સુખ લો સર્વદા,
હો નાશ જીસસે આજ તક કી, દુઃખદાયી ભવકથા.

**૪ પ્રમેયત્વ ગુણ :-**

સબ દ્રવ્ય-ગુણ પ્રમેય સે, બનતે વિષય હૈ જ્ઞાનકે,
રૂકતા ન સમ્યગ્જ્ઞાન પરસે, જાનિયો યો ધ્યાનસે.
આત્મા અરૂપી જ્ઞેય નિજ, યહ જ્ઞાન ઉસકો જાનતા
હૈ સ્વપર સત્તા વિશ્વ મેં, સુદષ્ટિ ઉસકો જાનતા.

**૫ અગુરૂલઘુત્વ ગુણ :-**

યહ ગુણ અગુરૂ લઘુ ભી સદા, રખતા મહત્તા હૈ મહા,
ગુણ દ્રવ્ય કો પરરૂપ યહ, હોને ન દેતા હૈ અહા.
નિજ ગુણ-પર્યય સર્વહી, રહતે સતત નિજ ભાવમે,
કર્તા ન હર્તા અન્ય કોઈ, યો લખો સ્વ-સ્વભાવમે.

**૬ પ્રદેશત્વ ગુણ :-**

પ્રદેશત્વગુણ કી શકિત સે, આકાર દ્રવ્યોકો ધરે,
નિજક્ષેત્રમેં વ્યાપક રહે, આકાર ભી સ્વાધીન હૈ.
આકાર હૈ સબકે અલગ, હો લીન અપને જ્ઞાનમેં,
જાનો ઈન્હે સામાન્યગુણ, રખો સદા શ્રદ્ધાન મેં.

- બ્ર. ગુલાબચંદ જૈન

(૧) નિરપક્ષ હું કૃતકૃત્ય મૈં નિજ શકિતયોંસેં પૂર્ણ હૂ...
મૈં નિરવલંબી માત્ર જ્ઞાયક, સ્વયં મેં પરિપૂર્ણ હૂં ...
(૨) પરસે નહી સંબંધ કુછ ભી, સ્વયં સિધ્ધ પ્રભુ સદા
નિર્બાધ અરુ નિશંક નિર્ભય, પરમ આનંદમય સદા
(૩) નિજલક્ષ્ય સે હુઆ સુખી, નહીં શેષ કુછ અભિલાષ હૈ..
નિજમે હી હોવે લીનતા, નિજકા હુઆ વિશ્વાસ હૈ...
(૪) અમૂર્તિક ચિન્મૂર્તિ મૈં મંગલમયી ગુણધામ હૂ...
મેરે લિયે મૂઝ સાથહીં, સચ્ચિદાનંદ અભિરામ હૂં...
(૫) સ્વાધીન શાશ્વત મુકત, અક્રિય અનંત વૈભવવાન હૂં...
પ્રત્યક્ષ અંતરમેં દિખે, મૈં હી સ્વયં ભગવાન હૂં....
(૬) અવ્યક્ત વાણીસે અહો, ચિંતન ન પાવે પાર હૈ...
સ્વાનુભવમેં સહજ ભાસે, ભાવ અપરંપાર હૈ...
(૭) શ્રદ્ધા સ્વયં સમ્યક હુઈ, શ્રધ્ધાન જ્ઞાયક હુઆ...
જ્ઞાનમેં બસ જ્ઞાન ભાસે, જ્ઞાન ભી સભ્યક્ હુઆ...
(૮) ભગ રહે દુર્ભાવ સમ્યક્ આચરણ સુખકાર હૈ
જ્ઞાનમય જીવન હુઆ અબ ખુલા મુકિત દ્વાર હૈ.
(૯) જો કુછ ઝલકતા જ્ઞાનમેં વહ જ્ઞેય નહીં, બસ જ્ઞાન હૈ
નહીં જ્ઞેયકૃત કિંચીત મલિનતા સહજ સ્વચ્છ સુજ્ઞાન હૈ
(૧૦) પરભાવ શુન્ય સ્વભાવ મેરા, જ્ઞાનમય હી ધ્યેય હૈ
જ્ઞાનમેં જ્ઞાયક અહો, મમ જ્ઞાનમય હી જ્ઞેય હૈ
(૧૧) જ્ઞાન હી સાધન સહજ, અરૂ જ્ઞાન હી મમ સાધ્ય હૈ
જ્ઞાનમય આરાધના, શુદ્ધ જ્ઞાન હી આરાધ્ય હૈ
(૧૨) જ્ઞાનમય ધ્રુવ રૂપ મેરા, જ્ઞાનમય હી પરિણમન
જ્ઞાનમય હી મુક્તિમમ મૈં જ્ઞાનમય અનાદિ નિધન
(૧૩) જ્ઞાન હી હૈ સાર જગમેં, શેષ સબ નિઃસાર હૈ
જ્ઞાન સે ચ્યુત પરિણમનકા નામ હી સંસાર હૈ
(૧૪) જ્ઞાનમય નિજભાવકો બસ ભૂલના અપરાધ હૈ
જ્ઞાનકા સન્માન હી સંસીધ્ધ સમ્યક્ રાધ હૈ
(૧૫) અજ્ઞાનસે હી બંધ, સમ્યક્ જ્ઞાનસે હી મુક્તિ હૈ
જ્ઞાનમય સંસાધના દુઃખ નાશનેહી યુક્તિ હૈ
(૧૬) જો વિરાધક જ્ઞાનકા સો ડૂબતા મજધાર મેં
જ્ઞાનકા આશ્રય કરે સો હોય ભવસે પાર હૈ
(૧૭) યું જાન મહિમા જ્ઞાનકી, નિજ જ્ઞાનકો સ્વીકાર કર
જ્ઞાનકે અતિરિક્ત સબ પરભાવકા પરિહાર કર
(૧૮) નિજ ભાવસે હી જ્ઞાનમય હો પરમ આંનદિત રહો
હોય તન્મય જ્ઞાનમેં, અબ શીઘ્ર શિવ પદવી ધરો.

રવીન્દ્રકુમાર જૈન

# દિવ્ય પુરુષની દિવ્યવાણી

## ( પ્રવચનસાગરનાં ચૈતન્યરત્નો )

(૧) પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે પણ દ્રવ્ય આવતું નથી, અને દ્રવ્યમાં પર્યાય આવતી નથી. અને તે જ્ઞાન પણ, દ્રવ્ય છે તો થાય છે એમ નથી. પર્યાય પોતાના અસ્તિત્વમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે.

(૨) હું સામાન્ય-વિશેષાત્મક નહીં. પણ સામાન્યભાવરૂપ છું. — આવા આત્માને જે દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે.

(૩) દૃષ્ટિ કરનાર પર્યાય છે. પણ જેને તે દૃષ્ટિમાં લે છે તેમાં પર્યાય નથી. પર્યાયનો વિષય પર્યાય નથી, દ્રવ્ય છે.

(૪) સત્પણું ત્રણ રૂપે છે. સત્દ્રવ્ય, સત્ગુણ, સત્પર્યાય. આ ત્રણેયની વચ્ચે પ્રદેશભેદ નથી. છતાં, એકભાવ બીજાભાવરૂપ નથી એવો અતત્ભાવ-એકબીજા વચ્ચે છે.

(૫) સમયે-સમયે જ્ઞેય સંબંધી પોતાથી થયેલા જ્ઞાનની પ્રસિદ્ધિ છે; પરંતુ જ્ઞેયની પ્રસિદ્ધિ નથી. અહા! જ્ઞાન તો જ્ઞાનને પ્રસિદ્ધ કરે જ છે. પરંતુ જ્ઞેય પણ જ્ઞાનને જાહેર કરે છે... આ સત્ની પરાકાષ્ઠા છે.

(૬) રાગ અને જ્ઞાનનો કાળ એક છે. તથા ક્ષેત્રથી નિકટતા છે. (છતાં એકપણું નથી.) તેથી, અજ્ઞાનીનેઅનાદિથી બન્ને એક જેવા લાગે છે, એક હોવાની ભ્રમણા-વ્યામોહ છે. જે પ્રજ્ઞા વડે જરૂર નાશ પામે છે. (૭)રાગી

(૭) હું તો મારા નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છું. હું રાગમાં નથી કે પરમાં નથી. જ્યાં હું છું ત્યાં તે નથી-અને જ્યાં તે છે ત્યાં હું નથી.

(૮) ભાઈ! આ ભભકાની તો સ્મશાનમાં રાખ થવાની છે, અને તું તો અનાદિ અનંત રહેનાર છો—જો આ ભવમાં મિથ્યાત્વ—રાગને સેવ્યો હશે તો તેમાં જ અનંતકાળ રહીશ અને જો શુદ્ધાત્માને સેવ્યો તો અનંતકાળ આત્મામાં-સુખમાં-રહીશ.

(૯) અહિંસા—રાગની ઉત્પત્તિ ન થવી તે.

(૧૦) સત્ય—સત્‌સ્વરૂપી આત્માનો આશ્રય કરવો તે.

(૧૧) અચૌર્ય—કોઈને ગ્રહે–પકડે નહીં તેવા અચૌર્યસ્વરૂપ આત્માની દૃષ્ટિ થવી તે.

(૧૨) બ્રહ્મચર્ય—બ્રહ્મસ્વરૂપના આશ્રયે વર્તમાન વીતરાગી આનંદપર્યાય થાય તે.

(૧૩) અપરિગ્રહ—પર્યાયનો પણ જેને પરિગ્રહ નથી તેવા ત્રિકાળ અપરિગ્રહસ્વરૂપ ભગવાન આત્માનું અવલંબન લેવું તે.—આ નિશ્ચય પંચ મહાવ્રત છે (વ્રત=સ્વભાવને વીંટાળવું.)

(૧૪) ઇર્યા—સ્વભાવને જોઇને તેમાં રમવું.

(૧૫) ભાષા—સત્સ્વભાવની પરિણતિ થવી.

(૧૬) એષણા—સ્વભાવને શોધી તેમાં લીન થવું.

(૧૭) આદાન-નિક્ષેપ—જેને ગ્રહ્યું છે તેને છોડતો નથી અને જેને પકડયું નથી તેને ગ્રહતો નથી–તેવા સ્વભાવમાંથી નિર્મળપર્યાય લેવી અને રાગને છોડવો.

(૧૮) પ્રતિષ્ઠાપન—પુણ્ય કે ઝેર છે તેનો ત્યાગ અને વીતરાગની ઉત્પત્તિ.

—આ ભાવ્ય સમિતિની વ્યાખ્યા છે.

(૧૯) કારણદૃષ્ટિ વિશ્વાસસ્વરૂપ છે. તેનો વિશ્વાસ લાવ.... વિશ્વાસ લાવ....

(૨૦) ધ્રુવ અને પર્યાયને સર્વથા એક માનવા, દૃષ્ટિના વિષય તરીકે માનવા તે એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ છે. તેને પર્યાયબુદ્ધિ કહે છે. તે દ્રવ્યબુદ્ધિ નથી.

(૨૧) શુદ્ધપર્યાય અને દ્રવ્ય પ્રમાણનો એટલે કે વ્યવહારનો વિષય છે. તે પ્રમાણ પૂજ્ય નથી. કારણ કે તેમાં પર્યાયનો નિષેધ આવતો નથી. જેમાં દ્રવ્યનો આશ્રય અને પર્યાયનો નિષેધ ન આવે તે પૂજ્ય કેમ હોય ?

(૨૨) વ્યવહારનું કાર્ય છે— નિશ્ચયનું પ્રતિપાદન કર્યું

(૨૩) નિશ્ચયનું કાર્ય છે— વ્યવહારનો નિષેધ કર્યો—

(૮) (૨૪) અનુભૂતિ એ જ જૈનદર્શન છે



આત્મચિંતનપૂર્વક ગુરુદેવે સ્વહસ્તે લખેલા પાંચ બોલ -

પરમ પારિણામિક ભાવ છું

કારણ પરમાત્મા છું

કારણ જીવ છું

શુદ્ધ ઉપયોગી હું

નિર્વિકલ્પી હું

(23)

ૐ

"અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી." શ્રીમદ્ રાજચંદ્ર

અનેકાન્તિક માર્ગ એટલે કે ઉપાદાન પણ છે, નિમિત્ત પણ છે. અભેદ પણ છે, ભેદ પણ છે. શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે. દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે. એમ જાણવા છતાં સમ્યક્ એકાંત એવા શુદ્ધ દ્રવ્ય સ્વભાવના આશ્રય વિના નિજપદની પ્રાપ્તિ થઈ શકતી નથી અને શુદ્ધ સ્વભાવના આશ્રય સિવાય ભેદ, નિમિત્ત, વ્યવહાર, અને પર્યાય નું અનેકાંતિક જ્ઞાન પણ યથાર્થ થઈ શકતું નથી.

(24)

ૐ

અનંત ગુણ સ્વરૂપ આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ, તેને (આત્માને) એકને ધ્યેય બનાવી, તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એજ પહેલામાં પહેલો શાંતિ સુખનો ઉપાય છે.

# પરમ પુજય ગુરૂદેવ શ્રીની ૯૫મી જન્મ જયંતીના ગુજરાતી આત્મ ધર્મ અંક ૪૮૭ મે ૧૯૮૪માંથી ચુંટેલા વચનામૃતો

(૧) .. સર્વ જીવો સાધર્મી છે, કોઇ વિરોધી નથી સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઇ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઇ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ! ને સુખી થાવ. કોઇ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઇ જાવ. (૧)

(૨) સિધ્ધ છે તે જાણનાર દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધુરા પૂરાનો પ્રશ્ન જ નથી જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાંજ ગયો એટલે સિધ્ધથી જુદો પડયો. એક ક્ષણ સિધ્ધથી જુદો પડે તે મિથ્યા દષ્ટિ છે તે યથાર્થ વાત છે. (૪)

✓ (૩) તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઇશ ને સર્વજ્ઞ થઇશ - એમ હે શ્રોતા ! તુ નિઃસંદેહ જાણ. (૬)

(૪) જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવ છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો બસ એ "જ્ઞ" સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઇ કરવાનું રહ્યું જ નહિ. (૮)

(૫) આ બાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારનેજ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથીતેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે મારે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમા જ જાય છે. એની શ્રધ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી (૧૨)

(૬) જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ! અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ! એવો નિશ્ચય કરતાંજ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે ત્રિકાળીને સર્વજ્ઞ જાણનાર-દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયક-સ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે. (૧૯)

⑦ અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છે તું જ્ઞાયક સ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો ક્રમબદ્ધની વાત વિચારે તો બધા ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તા પણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે. એ ખરેખર જૈન દર્શન છે. (૨૦)

⑧ ક્રમબદ્ધ પર્યાયના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે જૈનદર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાય પર્યાયના જન્મક્ષણે ષટકારકથી સ્વતંત્ર જે જવાની તે જ થાય છે, પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દ્રષ્ટિ જાય છે. ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધ પર્યાયને જાણે છે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંતા પુરુષાર્થ પૂર્વક થાય છે. ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવ ઉપર દષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં પ્રગટે છે. સમયસાર ગાથા ૩૨૦ માં કહ્યું છે ને ! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા ! મોક્ષને જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતાના થતાં ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે. (૨૮)

(૯) એક સમયની પર્યાય સત છે સ્વતંત્ર છે, જે કાળે જે પર્યાય થવાની તે પર્યાયે પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની, પણ એવો નિર્ણય કઇ રીતે થાય? એ નિર્ણયનું તાત્પર્ય શું? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય? કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા! શું વીતરાગની વાણી! ચારે કોરથી એક સત્ જ ઉભું થાય છે. (૩૦)

(૧૦) અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતા શરમ આવે છે! અનાદર નથી આવતો: ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ મિથ્યાત્વ-સંસાર! અરે! ક્યાં લીંબડાનાં અવતાર! નિગોદમાં અવતાર! અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું ક્યાં ગયો! તારો વિરોધ નથી પ્રભુ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય એનો દીકરો વેશ્યામાં જાય-એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય પ્રભુ! શરમ આવે છે. (૩૨)



(૧૪)

(૧૧) દ્રવ્યલિંગ તો સર્વથા જીવનું સ્વરૂપ નથી અને ભાવલિંગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રની શુદ્ધ નિર્મળ પર્યાય, જે પુર્ણ સ્વરૂપ એવા મોક્ષનું સાધક છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે. પરમાર્થ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. આહાહા ! સાધક પર્યાયને દ્રવ્યની છે તેમ ચારથી કહેવામાં આવે છે. દેહાદિ કે રાગાદિ તો જીવના નથી જ પણ અહીં તો ભાવલિંગની નિર્મળ પર્યાય જે મોક્ષની સાધક છે તે પણ જીવની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે, પર્યાયનું લક્ષ છોડાવવા ભેદજ્ઞાનની પરાકાષ્ટાની આ ગાથા (પરમાત્માપ્રકાશ-૮૮) છે. ધ્રુવસ્વભાવની સન્મુખ જે ધ્યાનની અકષાય સાધક પર્યાય પ્રગટ થાય છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે. પરમાર્થથી તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ જીવનું સ્વરૂપ છે. આવી વાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે છે (૩૩)

(૧૨) આહાહા ! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મ તત્ત્વ છે. અરેરે ! ત્રણલોકનો નાથ થઇને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુઃખની જવાળા સળગે છે. ત્યાંથી દૃષ્ટિને છોડી દે ! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દ્રષ્ટિને ! જોડી દે ! રાગને તું ભુલીજા ! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલીજા ! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા ? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગને દેહની વાત ક્યાં રહી ? આહાહા ! એકવાર તો મડદા ઉભા થઇ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઉછળીને અંતરમાં જાય એવી વાત છે. (૪૦)

(13) V. Imp.

જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે. લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ સ્વભાવીને દ્રષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દ્રષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણેજ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દ્રષ્ટિ રાગને કરતોજ નથી પણ લોકાલોકને જાણનાર સર્વજ્ઞની જેમ સમ્યગ્દ્રષ્ટિ રાગને જાણે જ છે. આમ વસ્તુસ્થિતિ છે અને આમજ અંદરથી બેસે છે, આમજ અંદરથી આવે છે અને આમજ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે તેમ નથી. (43)

(14) સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય થઇ જાય છે. એજ પુરુષાર્થ આવ્યો. (48)

(15) ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર-દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને કારણે મોક્ષ થાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાયની લાયકાતના કારણે થાય છે. (51)

(16)

(૧૬)

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતા પણ જ્ઞાયકનું રહે છે; તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે, મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે, એમ એના જોરમાં રહે છે. તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો (૬૩)

(૧૭)

એમ કહે છે કે ક્રમબદ્ધ પર્યાય હોયતો તો નિયત થઈ જાય છે, બીજો કહે છે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો તે બંને ભૂલ્યા છે મિથ્યાદૃષ્ટિ છે મિથ્યાત્વને ઉલ્ટું પુષ્ટ કરીને નિગોદના માર્ગ બંને એ લીધો છે. જેનો ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખ રૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને

મેળવે છે મીંઢવે છે કે અરે ! આ રાગ દુઃખરૂપ છે- એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, રાગની મીઠાસ ઉડી ગઇ છે. જેને રાગમાં મીઠાસ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઇ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યો છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આતો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે. (૬૫)

(૭૯) સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત દર્શન કરીને અહીં આવીને શાસ્ત્ર રચેલ છે તેથી તેમના આગમ પરમ માન્ય છે- એ ફુટનોટ વાંચતાં જ એમ થઇ ગયું કે "આ મારા ઘરની જ વાત છે."

આતો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમજ છે. કુંદકુંદાચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલ વાતુ છે. અધ્ધરો-અધ્ધરની વાતુ નથી. એ.... આ વાતુ ક્રોડો ને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી, ચક્રવર્તીના રાજ્ય દુલેતો પણ મળે એવી નથી (૭૯-૮૦)

(૧૯)

શ્રોતા :- પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ ?

પૂજ્ય ગુરુદેવ - પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શુ ? ખરેખર તો જ્ઞાતાદૃષ્ટા જ છે. પ્રયત્નપૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે પણ ખરેખર તો એની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદૃષ્ટા જ છે. જ્ઞાતાદૃષ્ટામાં અનંતો પુરુષાર્થ છે. (૮૮)

(૨૦)

શ્રોતા : આત્મા માત્ર જાણનાર છે તો આમાં કાંઇ કરવાનું જ નહિ ?

પૂજ્ય ગુરુદેવ :- અરે ભાઈ ! આમાં તો પાર વિનાનું કરવાનું છે. દેહ આદિ પરદ્રવ્યો તરફ જે લક્ષ જાય છે તે લક્ષને જાણનાર એવા આત્માને જાણવામાં વાળવાનું છે. આત્માને જાણવામાં તો અનંત પુરૂષાર્થ આવે છે (૯૨)

(૨૧)

શ્રોતા:- આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય કે જ્યારે થવાની હોય ત્યારે થાય ?

પૂજ્ય ગુરૂદેવ :- જ્યારે આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય પણ એ થવાની હોય ત્યારે જ થાય છે જ્યારે કરવા ધારે ત્યારે થાય એટલે સ્વભાવ સન્મુખનો પુરૂષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આદિ પાંચે સમવાય સાથેજ હોય, કાળલબ્ધિનો નિર્ણય કરનારો પુરૂષાર્થ જાગે ત્યારે નિર્ણય થાય.

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે. જે સમયે પર્યાય થવાનો કાળ છે તેજ સમયે પર્યાય થાય છે એ પર્યાય પર દ્રવ્યથી ન થાય નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયજ યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે (૯૩-૯૪)

(૨૨) પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી, ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને ! પર્યાય છે તો ખરીને ! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણ જ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્ય સન્મુખ ઢળી શકતો નથી (૧૦૯)

(૨૩) શુદ્ધ નિશ્ચયનયના બળથી વ્યવહારનયને હેય કહ્યો છે, તે હેયરૂપ વ્યવહારનયના વિષયમાં ઉદય આદિ ચાર ભાવો આવી જાય છે. ચૌદ જીવસ્થાનો અને ચૌદ માર્ગણાસ્થાનો અને ચૌદ ગુણસ્થાનો પણ આવી જાય છે. એ બધાને શુદ્ધ નિશ્ચયનયના બળથી હેય ગણવામાં આવે છે. અરે ! સંસાર અને મોક્ષ એ બધી પર્યાયો હોવાથી ત્રિકાળી શુદ્ધ જીવ વસ્તુમાં, તેનો અભાવ હોવાથી તેને વ્યવહાર જીવ ગણીને હેય કહ્યા છે. આહાહા ! ગજબ વાત કરી છે. નિમિત્તને તો પર સ્વભાવગણી પર દ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે અને રાગને પણ પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે પણ અહીં નિયમસાર ગાથા ૫૦માં તો નિર્મળ પર્યાયને પણ પરસ્વભાવ કહી પરદ્રવ્ય કહીને હેય કહી છે. આહાહા ! આચાર્યદેવે અંતરના મૂળ માખણની વાત ખુલ્લી કરી દીધી છે. નિર્મળ પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઉઠે છે. તેથી તેનું લક્ષ છોડાવવાના હેતુથી તેને પરસ્વભાવને પરદ્રવ્ય કહીને હેય કહી છે (૧૨૦)

(૨૪) આંખ છે તે પાણીને ગરમ કરે? રેતીને ઉપાડીને લાવે? ના, બસ માત્ર એ બધાને થાય તેમ જાણેજ છે. એમ આત્મા પણ ઉદયને, નિર્જરાને, બંધને, મોક્ષને થાય તેમ જાણે જ છે. આહાહા! અકર્તાપણું સિધ્ધ કરવા આંખનાં દૃષ્ટાંતથી કેવો ન્યાય સિધ્ધ કર્યો છે (૧૩૩)

(૨૫) શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબધ્ધની શ્રધ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રધ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તેજ શાસ્ત્રનું તાત્પર્ય છે. (૧૩૪)

(૨૬)

શ્રોતા : જ્ઞાની દ્રવ્યદ્રષ્ટિના જોરથી રાગને પુદ્ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્ગલનો માને તે બરાબર છે?

૨.૭૧

પૂજ્યગુરુદેવ : જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્ગલનો છે એમ માને (૧૩૬)

(૨૭)

શ્રોતા :- જીવનો પર્યાય સ્વકાળેજ થાય તો તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

પુજ્યગુરુદેવ :- જીવનો પર્યાય સ્વકાળે સ્વતંત્ર પરિણમે છે અને એ ક્રમબદ્ધ જ છે એવો નિર્ણય કરે તે અકર્તા થાય અને અકર્તા થયો તેજ પુરુષાર્થ છે. અકર્તાપણું જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવના આશ્રયે થાય છે તેમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના નિર્ણય સ્વભાવ સન્મુખના અનંત પુરુષાર્થ પૂર્વક જ થાય છે. (૧૪૪)

(૨૮) જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે. તેમ જાણવું જોઇએ. તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તોજ નિશ્ચયનયનું જ્ઞાન સાચુ થશે. (૧૪૬)

(૨૯) એક બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઇને જ્ઞાયક ભાવનો અનુભવ કરે જેમ રાગ ને પુણ્યનો અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી માટે એકવાર મરીને પણ શરીરાદિનો પાડોશી થઇને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરત આત્માને રાગની ભિન્નતા થઇ જશે અને તેવું તારૂં આત્માસ્વરૂપ છે તેવો તેને અનુભવ થશે (૧૪૯)

(૩૦) જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હે આયુષ્ય બંધાઇ ગયું હશે તો ! એવી શંકાને સ્થાન ન હોય મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો, તુંજ દેવાધિ દેવ છો તેમ લેવું (૧૫૩)

# (૧) આત્મ સાધનાના અભ્યાસનો ક્રમ

(૧) વિશ્વ વ્યવસ્થા
(૨) વસ્તુ વ્યવસ્થા
(૩) આત્માનું સ્વરૂપ
(૪) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ
(૫) વીતરાગ વિજ્ઞાન – જૈનદર્શનના મહાન સિધ્ધાંત
(૬) આત્માનુભૂતિ યાને ધર્મની આરાધના 'મોક્ષનો સરળ ઉપાય'
(૭) સમ્યગ્દર્શન પ્રગટ કરવાની સૂક્ષ્મવિધિ વિકલ્પથી – નિર્વિકલ્પ અનુભૂતિના પ્રયોગ
(૮) સંપૂર્ણ સાધનાનો સાર – ઉપસંહાર
  (૧) 'સંપૂર્ણ વ્યવસ્થાનું જ્ઞાન'
  (૨) 'હું આ વ્યવસ્થામાં ક્યાં ઊભો છું ?'
  (૩) 'હવે બાકીનું જ્ઞાનમય જીવન કેમ જીવવું ?'
(૯) આત્મ સાધનાનો સૂક્ષ્મ અભ્યાસ
(૧૦) વસ્તુ વિજ્ઞાન સાર

## (૧) વિશ્વ વ્યવસ્થા

સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થા સ્વયં સંચાલીત – વ્યવસ્થીત ન્યાયયુક્ત – પ્રામાણિકપણે અનાદિ – અનંત એક પ્રવાહ રૂપે ચાલી રહી છે. ઉપરાંત ભલી – ઉત્તમ – પૂર્ણ અને યોગ્ય છે.

હવે દ્રવ્ય – ક્ષેત્ર – કાળ અને ભાવથી તેનો વિચાર કરીએ.

(૧) **છ દ્રવ્ય સ્વરૂપ લોકમાં** (૧) જીવ (૨) પુદ્ગલ (૩) ધર્મદ્રવ્ય (૪) અધર્મ દ્રવ્ય (૫) આકાશ અને કાળ આવેલા છે.

(૨) **લોકનું સ્વરૂપ :** (૧) ઊર્ધ્વ લોક (૨) મધ્ય લોક (૩) અધોલોક, મધ્ય લોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર આવેલાં છે. અઢી દ્વીપમાં (૧) જંબુદ્રીપ (૨) ધાતકી ખંડ (૩) અર્ધ પુષ્કારાર્ધ. પાંચ ભરત ક્ષેત્ર – પાંચ ઐરાવત – પાંચ મહાવિદેહ ક્ષેત્ર આવેલા છે.

(૩) **કાળ ચક્ર :** એક નિયમિત, ક્રમથી છ આરાનું કાળચક્ર ૨૦ કોડાકોડી સાગરોપમનું અવસર્પિણી અને ઉત્સર્પિણી – પૂર્ણ મોક્ષ માટે ચોથો આરો પ્રયોજનભૂત છે – વિદેહમાં હમેશાં ચોથો આરો હોય છે. મોક્ષમાર્ગની શરૂઆત – આત્માનુભૂતિ પાંચમાં આરામાં થઈ શકે છે.

(૪) **ભાવથી :** દરેક દ્રવ્ય અનંત શકિતસ્વરૂપ જ છે. જીવ અનંતગુણોનો (શકિતઓનો) પિંડ છે. એ અભેદ, અખંડ દ્રવ્યમાં દષ્ટિ, લક્ષ, એકાગ્રતા કરતાં પર્યાયમાં શકિતઓ પ્રગટ થાય છે. પુદગલ પણ અનંતશકિતથી ભરપૂર છે. કર્મ પુદ્ગલ છે. કર્મની સત્તા છે. એની સ્વતંત્ર સત્તા કામ કરી રહી છે. તે છતાં ૬ મહિના આઠ સમયમાં ૬૦૮ જીવ સિધ્ધ થાય છે.

**સારભૂત :** (૧) આ વ્યવસ્થાની જાણકારી સંપૂર્ણ જ્ઞાનનો વિષય છે. (૨) આવી વ્યવસ્થાની જાણકારી કોને થઈ? 'સર્વજ્ઞ' નામની કોઈ સત્તા હોવી જોઈએ. (૩) એ સર્વજ્ઞતા પ્રગટ થાય એવો 'સર્વજ્ઞ', 'સર્વજ્ઞ સ્વભાવ' હોવો જોઈએ. (૪) અરિહંત અને સિધ્ધની સત્તાનો સ્વીકાર પંચ પરમેષ્ઠીની શ્રધ્ધા. (૫) હું પણ આવો 'સર્વજ્ઞ' સ્વભાવી ભગવાન આત્મા વર્તમાનમાં છું એમ શ્રધ્ધા કરવી.
(૬) હવે જ્યારે કોઈ જીવ સિદ્ધ પર્યાય પ્રગટ કરે છે ત્યારે એક જીવ પોતાની ઓળખાણથી નિગોદમાંથી નીકળી ત્રસ પર્યાયમાં આવે છે
(૭) ત્રસ પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ સમય ૨૦૦૦ સાગરોપમ છે
(૮) તેમાં જો જીવ સિદ્ધ દશા પ્રગટ ન કરે તો પાછો નિગોદમાં ચાલ્યો જાય છે
(૯) માટે આ મનુષ્ય ભવમાં આત્માનુભૂતિની કેટલી આવશ્યકતા છે?

## (૨) વસ્તુ વ્યવસ્થા

(૧) પ્રત્યેક દ્રવ્ય – દ્રવ્ય – ગુણ – પર્યાયાત્મક છે, ઉત્પાદ – વ્યય – ધ્રૌવ્યાત્મક છે. પ્રત્યેક દ્રવ્ય પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને પરિણમી રહ્યો છે. કોઈપણ દ્રવ્યની ઉત્પત્તિ કે નાશ થઈ શકે એમ નથી.

(૨) જીવ અને પુદ્‌ગલો – અનાદિથી સંયોગસિધ્ધ સંબંધ છે.

| | જીવ (અનંત ગુણોનો પિંડ) | પુદ્‌ગલ (અનંત ગુણોનો પિંડ) |
|---|---|---|
| મુખ્ય ગુણ | (૧) અનંત જ્ઞાન | (૧) રસ |
| | (૨) અનંત દર્શન | (૨) રંગ |
| | (૩) અનંત વીર્ય (ચારિત્ર) | (૩) ગંધ |
| | (૪) અનંત સુખ | (૪) સ્પર્શ |

(૩) **પર્યાય** : ગુણોની બદલાતી અવસ્થાને પર્યાય કહે છે.

**દ્રવ્ય પર્યાય** : (૧) સમાન જાતિ (૨) અસમાન જાતિ

**ગુણ પર્યાય** : (૧) સ્વભાવ પર્યાય (૨) વિભાવ પર્યાય

(૪) દ્રવ્ય – ગુણ – પર્યાય એ ત્રણેની સ્વતંત્ર સત્તા

| | |
|---|---|
| વીતરાગી સ્વભાવ | વીતરાગી પર્યાય |
| પરમ પારિણામિક ભાવ | જુદા જુદા ભાવ |
| કારણ પરમાત્મા | કાર્ય પરમાત્મા |
| નિષ્ક્રીય | કાર્ય પર્યાયમાં થાય છે |

(૫) વીતરાગી દેવ – ગુરુ – શાસ્ત્રની શ્રધ્ધા

(૬) જે જાણતો અર્હંતને દ્રવ્ય – ગુણ – પર્યાયથી......

(૭) દ્રવ્ય – ગુણને નહિ જાણતા થકી – કેવળ પર્યાયને અવલંબે છે તે પરસમય જાણવા પર્યાય દ્રષ્ટિ – પરસમય, દ્રવ્યદ્રષ્ટિ – સ્વસમય – સમ્યગ્દ્રષ્ટિ જાણવા.

(૮) દરેક દ્રવ્ય પોતાના સ્વરૂપમાં નિષ્ટ છે તેની સત્તા પોતાના દ્રવ્ય – ગુણ – પર્યાય સુધી જ છે. બીજા દ્રવ્યમાં અકિંચિત્કર છે.

(૯) એક દ્રવ્ય – બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. આવા સ્વરૂપની શ્રધ્ધા કરવી.

## (૩) આત્માનું સ્વરૂપ

આત્મા અનંત શકિતઓનો પિંડ છે, તો પોતાના ગુણોને ટકાવી પરિણમી રહ્યો છે. દ્રવ્ય – ગુણ – પર્યાયાત્મક સ્વરૂપ યાદ રાખવું.

(૧) અસ્તિત્વ (૨) દ્રવ્યત્વ (૩) વસ્તુત્વ (૪) પ્રમેયત્વ (૫) અગુરુ-લઘુત્વ (૬) પ્રદેશત્વ આ સામાન્ય ગુણો બધા જ દ્રવ્યમાં છે.

આત્મા (જીવ), વિશેષ ગુણોથી બીજા અજીવ દ્રવ્યોથી ભિન્ન છે.

આત્મા અનંત ગુણોનો પિંડ છે તે ધ્રુવ દ્રવ્ય સ્વભાવ
ગુણોની બદલાતી અવસ્થા એ પર્યાય સ્વભાવ છે.

| *દ્રવ્ય સ્વભાવ* **શક્તિરૂપ ચાર ગુણ** *(નિત્ય)* | **આત્માનું પરિણમન** *પર્યાય સ્વભાવ (ક્ષણિક)* — સ્વભાવરૂપે | વિભાવરૂપ |
|---|---|---|
| (૧) અનંત જ્ઞાન | ૧) સમ્યક્ જ્ઞાન | ૧ અપૂર્ણ જ્ઞાન |
| (૨) અનંત દર્શન | ૨) સમ્યક્ દર્શન | ૨ મિથ્યા શ્રધ્ધા |
| (૩) અનંત વીર્ય | ૩) સમ્યક્ ચારિત્ર | ૩ મિથ્યા ચારિત્ર |
| (૪) અનંત સુખ | ૪) સમ્યક્ સુખ | ૪ દુઃખ |

*આ એક સમયની ભૂલ છે માટે ટળી શકે છે.*

| દ્રવ્ય સ્વભાવ | પર્યાય સ્વભાવ |
|---|---|
| શક્તિ અપેક્ષાએ બધા જ | દુઃખનું કારણ વિભાવરૂપ પરિણમન |
| જીવ સિધ્ધ સમાન સરખાં છે | (૧) મિથ્યાત્ત્વ (૨) રાગ – દ્વેષ *જ છે.* |
| *(૧) જ્ઞાયક ભાવ (૨) વીતરાગ ભાવ (૩) પારિણામિક ભાવ (૪) એકરૂપ ભાવ* | *દુઃખનું કારણ કર્મ તેમજ બીજા દ્રવ્ય નથી* |

**સાર :** (૧) પ્રથમ સ્વીકાર હોવો જોઇએ શ્રધ્ધામાં વિપરીતતા છે. સમકિત સંબંધી ભ્રમ છે. આત્મ સ્વરૂપ સંબંધી ભ્રમ છે.

(૨) **મિથ્યાત્ત્વનું સ્વરૂપ :** જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જાણતો – માનતો નથી અને જેવું જાણે છે અને માને છે તેવું વસ્તુનું સ્વરૂપ નથી. આ પાપનો બાપ છે. આ અભિપ્રાયની ભૂલ અનંત સંસારનું કારણ છે.

(૩) આમાં સાતતત્ત્વ સંબંધી ભૂલ છે. ચાર પ્રકારની બુધ્ધિ (૧) એકત્ત્વ બુધ્ધિ (૨) મમત્ત્વ બુધ્ધિ (૩) કર્તૃત્ત્વ બુધ્ધિ (૪) ભોકર્તૃત્ત્વ બુધ્ધિ જીવની અનાદિની ભૂલ.

(૪) સ્વભાવરૂપ પરિણમનને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે.

(૫) આત્માનુભૂતિને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. તે જ આત્મધર્મ છે. ત્યાંથી સુખની – આત્મધર્મની શરૂઆત થાય છે. આજ જૈન દર્શન છે.

(૬) જેવો વીતરાગ સ્વભાવ છે તેવો પર્યાયમાં એક સમય માટે પ્રગટ થાય તેને અનુભૂતિની – સુખાનુભૂતિની દશા કહે છે. આ સમકીત છે.

## (૪) મોક્ષ માર્ગ

(૧) સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રાણી મોક્ષમાર્ગ :

સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહે છે. અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનો આ એક જ ઉપાય છે.

(૨) સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. ચારિત્ર ખરેખર ધર્મ છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનીથી થાય છે. પછી ચારિત્ર આત્મામાં જ્ઞાન – દર્શન પૂર્વક સ્થિરતા થાય છે.

(૩) ત્રણ કાળ – ત્રણ લોકમાં મોક્ષ માર્ગ એક છે. તેની પ્રરૂપણા નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે કરવામાં આવી છે. એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ

શુધ્ધોપયોગ : આત્માનુભૂતિ એ નિશ્ચય ધર્મ

શુભોપયોગ : દયા–દાન, વ્રત, તપ, ભક્તિના પરિણામ એ વ્યવહાર ધર્મ

(૪) (૧) સમ્યક્ દર્શન : 'આમ જ છે અન્યથા નથી' એવો પ્રતીતિ ભાવ

(૨) સમ્યક્ જ્ઞાન : સંશય, વિપર્યય, અનધ્યવસાય રહિત પોતાના આત્માનું તથા પરનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન......

(૩) સમ્યક્ ચારિત્ર : સમ્યગ્દર્શન – જ્ઞાન પૂર્વક આત્મામાં સ્થિરતા વીતરાગ ચારિત્ર અને સરાગ ચારિત્રનો ભેદ જાણવો આ ત્રણે આત્માના શ્રધ્ધા, જ્ઞાન અને ચારિત્ર ગુણોના શુદ્ધ પર્યાયો છે.

'મોક્ષ કહ્યો નિજ શુધ્ધતા' – પર્યાયમાં શુધ્ધતા થાય છે.

(૫) 'મૂળ મારગ સાંભળો જિનનો રે !' ત્રણેની વ્યાખ્યા :

(૧) છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ એમ જાણે સદ્ગુરૂ ઉપદેશથી,

કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ....

(૨) જે જ્ઞાને કરીને જાણ્યું રે, તેની વર્તે છે શુધ્ધ પ્રતીત......

કહ્યું ભગવંતે દર્શન તેહને, જેનું બીજું નામ સમકીત.

(૩) જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વથી ભિન્ન અસંગ તેવો સ્થિર સ્વભાવ તે શિપજે રે નામ ચારિત્ર અણલિંગ.

(૬) મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ, હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ, સમજ પિછ સબ સરળ હૈ, બીન સમજે મુશ્કીલ.

## (૫) જૈન દર્શનના મહાન સિધ્ધાંત

(૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિધ્ધાંત : દરેક વસ્તુ દ્રવ્ય – ગુણ – પર્યાયથી સ્વતંત્ર છે. એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરી શકે નહિ, પરિણામી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ, અસર – મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ – નુકસાન કરી શકે નહિ, મારી – જીવાડી શકે નહિ, સુખ – દુ:ખ આપી શકે નહિ, એવી દરેક વસ્તુની દ્રવ્ય – ગુણ – પર્યાયની સ્વતંત્ર વ્યવસ્થા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારી કહી છે.

(૨) ક્રમબધ્ધ પર્યાયનો સિધ્ધાંત : જે દ્રવ્યનું, જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞ ભગવંતોએ એમના જ્ઞાનમાં જે પ્રમાણે જાણ્યું છે, તે દ્રવ્યનું, તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે તે જ નિમિત્તથી તે જ પ્રમાણે પરિણમન થાય. તેમાં નરેન્દ્ર દેવેન્દ્ર કે જિનેન્દ્ર પણ કાંઈ કરી શકે નહિ. આ અબાધીત સિધ્ધાંત છે. 'જે બનનાર છે તે ફરનાર નથી.'

(૩) ઉપાદાન – નિમિત્તની સ્વતંત્રતાનો સિધ્ધાંત : દરેક પર્યાય પોતાની તે સમયની યોગ્યતા પ્રમાણે પોતાના ષટ્કારકથી સ્વયં પ્રગટ થાય છે, ત્યારે તેને અનુકૂળ નિમિત્તની હાજરી હોય છે, પણ નિમિત્ત કાંઈ કરતું નથી. આવી રીતે ઉપાદાન અને નિમિત્ત બંને સ્વતંત્ર છે.

(૪) સાર : કોઈ પણ કાર્ય થાય ત્યારે પાંચ સમવાય હોવ જ છે.

(૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળલબ્ધિ (૪) નિમિત્ત (૫) પુરુષાર્થ

સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનની પર્યાયમાં આ પાંચે સમવાય લગાડવા. 'વીતરાગતા' એજ બધા શાસ્ત્રોનું તાત્પર્ય છે.

## (૬) 'આત્માનુભૂતિ' યાને 'ધર્મની આરાધના'

**સમ્યગ્દર્શન પ્રગટ કરવાની પ્રક્રિયાનો ક્રમ :**

(૧) પાત્રતા (૨) અભ્યાસ (૩) યથાર્થ નિર્ણય (૪) ભેદજ્ઞાન (૫) અનુભૂતિ

(૧) પાત્રતા : કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ, ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ. વિશાળબુધ્ધિ, સરળતા, મધ્યસ્થતા અને જિતેન્દ્રયપણું, સૌથી અગત્યની વાત છે : તત્ત્વની રૂચિ.

(૨) અભ્યાસ : (૧) સત્સંગ અને સ્વાધ્યાય

નિયમિત જ્ઞાનીઓનો સંગ રાખવો અને ઉપદેશ લેવો પરમાગમ - સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ તથા તેમની સમજ માટે તેમની ટીકાઓ તથા વિશેષ અનુશીલન અને પછી નિરાંતે એમનું ચિંતવન સ્વાધ્યાય એટલે આત્માના લક્ષે તેમનું અધ્યયન વીતરાગી દેવ - ગુરુ - શાસ્ત્રની શ્રધ્ધા, સાતતત્ત્વોનું યથાર્થ સ્વરૂપ સમજી તેમની શ્રધ્ધા કરવી સ્વ-પરનું ભેદજ્ઞાન અને સ્વનું યથાર્થ શ્રધ્ધાન....

(૩) યર્થાથ નિર્ણય : શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય કરવો. 'હું જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા છું' 'શુધ્ધ - બુધ્ધ - ચૈતન્ય ધન, સ્વયં જ્યોતિ સુખધામ અનંત - દર્શન - જ્ઞાન તું અવ્યાબાધ સ્વરૂપ'

(૪) ભેદજ્ઞાન : આ ભગવાન આત્માને શુધ્ધાત્માને જ્ઞાયકને બધાથી ભિન્ન જૂઓ - 'અબધ્ધ - અસ્પર્શ, અનન્ય ને નિયત દેખે આત્મને, અવિશેષ, અણસંયુક્ત તેને શુધ્ધનય તું જાણજે.'

(૫) આત્માનુભૂતિ : વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજી - સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનું લક્ષ - પ્રતીતિ - એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

## (૭) 'સમ્યગ્દર્શન પ્રગટ કરવાની સૂક્ષ્મ વિધિ'

(૧) 'વસ્તુ વિચારત ધ્યાવતે : મન પામે વિશ્રામ; રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.'

(૨) 'ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી ધગશથી અને ધીરજથી ધખાવવી એ ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.'

(૩) 'આત્મ ભાવના ભાવતાં.... જીવ લહે કેવળજ્ઞાન રે !' આ વિધિના બે પ્રકાર (૧) અભ્યાસ (જ્ઞાન) (૨) મહાવરો (પ્રયોગાત્મક) (૧) સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થા, વસ્તુ વ્યવસ્થા વસ્તુ વિજ્ઞાનના સિધ્ધાંત, આત્માનુભૂતિની વિધિએ સત્સંગ અને સ્વાધ્યાયથી જ્ઞાનમાં યથાર્થ નિર્ણય કરવો હવે પ્રયોગાત્મક અને તેનો સતત મહાવરો - પ્રેકટીકલ.

(૪) તે આ પ્રમાણે ક્રમસર જાણવું :-

(૧) દરેક સમયે કર્મનો ઉદય છે.

(૨) દરેક સમયે સ્થિતિનું નિર્માણ થાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય.

(૩) ઉપયોગ ત્યાં જોડાતાં - શુભાશુભ ભાવ નિયમથી થાય છે.

(૪) અનાદિથી એમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી જોડાતાં એકત્વ કરી જીવ દુઃખ અનુભવે છે. નવું કર્મ બંધન થાય છે.

(૫) હવે જો ભેદજ્ઞાનનો અભ્યાસ હોય તો ભેદજ્ઞાનની કળાથી એ ઉદયથી જ્ઞાન વડે જુદા પડી અને વર્તમાન જ્ઞાનની પર્યાય (સાધન) પ્રજ્ઞાછીણી અને જો પોતાના સ્વરૂપનું ચિંતવન - રૂચી - પ્રતીતિ લક્ષ - એકાગ્રતા કરે - તો તે પર્યાય સ્વભાવ જેવી નિર્મળ થતી જાય.

સ્વરૂપની રચના એ વીર્ય ગુણનું (પુરુષાર્થનું) કાર્ય છે. (૬)

(૬) પ્રત્યેક સમયે આજ ભેદજ્ઞાન - પ્રત્યેક પ્રર્યાયે આજ નિર્ણય.

(૭) સતત મહાવરાથી આ ચિંતવનની ધારા જો બે ઘડી ચાલુ રહે તો અભિપ્રાયની ભૂલ ટળી - વિકલ્પ તૂટી જાય. સ્વભાવના બળે જીવ નિર્વિકલ્પ અનુભૂતિ કરી લે. બસ આજ એક ઉપાય છે.

## (૮) સંપૂર્ણ સાધનાનો સાર

**૧) સંપૂર્ણ વ્યવસ્થા સ્વયં સંચાલીત અને વ્યવસ્થીત ન્યાયયુક્ત અનાદિ અનંત એક પ્રવાહરૂપે ચાલી રહી છે**

**(અ) વિશ્વ વ્યવસ્થા**

(ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે.)

(૧) દ્રવ્ય અપેક્ષાથી વિચારીએ.

(૨) ક્ષેત્ર અપેક્ષાથી વિચારીએ.

(૩) કાળ અપેક્ષાથી વિચારીએ.

(૪) ભાવ અપેક્ષાથી વિચારીએ.

(૧) છ દ્રવ્ય સ્વરૂપ લોક - આમાં બધું આવી જાય છે.

(૨) લોકનું સ્વરૂપ :- (અ) ઊર્ધ્વલોક (બ) મધ્ય લોક (ક) અધો લોક

(૩) અવસર્પિણી અને ઉત્સર્પિણી - છ આરાનું વર્ણન

(૪) ભાવથી દરેક દ્રવ્ય અનંત ગુણ શક્તિઓથી ભરપુર છે.

આ વ્યવસ્થાની જાણકારી સંપૂર્ણ જ્ઞાનનો વિષય છે. આવી સુંદર વ્યવસ્થાની જાણકારી કોને થઈ ? 'સર્વજ્ઞ' નામની કોઈ સત્તા હોવી જોઈએ..... એ સર્વસતા પ્રગટ કેમ થઈ? 'સર્વજ્ઞ સ્વભાવ' હોવો જોઈએ..... એની શ્રધ્ધા કરવી.... આગમ અને અધ્યાત્મનો સુમેળ......

**(બ) વસ્તુ વ્યવસ્થા : પ્રત્યેક દ્રવ્ય - દ્રવ્ય - ગુણ - પર્યાયાત્મક છે.**

(૧) દ્રવ્ય પર્યાય (૨) ગુણ પર્યાય / સમાનજાતિ - અસમાનજાતિ / સ્વભાવ - વિભાવ.

કોઈપણ દ્રવ્યનો નાશ થતો નથી. ટકીને પરિણમવું એ વસ્તુનો સ્વભાવ છે. આત્મા સંબંધી આ શ્રધ્ધા કરવી..... જેઓ દ્રવ્ય - ગુણને નહિ જાણતા થકી કેવળ પર્યાયને જ અવલંબે છે તેઓ પરસમય જાણવા.

**(ક) જૈનદર્શન એટલે વીતરાગ વિજ્ઞાન - વસ્તુ સ્વરૂપ**

ચોક્કસ સિધ્ધાંતોના આધારે - નિયમથી સંપૂર્ણ કાર્ય થઈ રહ્યું છે.

(૧) દ્રવ્યની સ્વતંત્રતા...... દ્રવ્ય - ગુણ - પર્યાયની સ્વતંત્રતા

(૨) ક્રમબધ્ધ પર્યાય..... અકર્તા સ્વભાવ સિધ્ધ કરવો છે.

(૩) ઉપાદાન - નિમિત્તની સ્વતંત્રતા.........

પાંચ સમવાય (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળલબ્ધિ (૪) નિમિત્ત (૫) પુરુષાર્થ

**(ક) મોક્ષમાર્ગની નિયત વ્યવસ્થા :-**

સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રાણી મોક્ષમાર્ગ – એક જ છે નિગોદમાંથી નીકળી છ મહિના આજ સમયમાં ૬૦૮ જીવ સિધ્ધ થાય છે.... તેવી વ્યવસ્થા છે શ્રધ્ધાથી શરૂઆત થાય છે.

(૧) સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રધ્ધા (૨) સાત તત્ત્વોની યથાર્થ શ્રધ્ધા (૩) સ્વ–પરનું ભેદજ્ઞાન (૪) સ્વની શ્રધ્ધા (૫) સ્વાનુભૂતિ........

**(૨) આ વ્યવસ્નથામાં હું ક્યાં ઊભો છું ?**

આત્માનું સ્વરૂપ સરળ કરી વિચારીએ.......

| આત્મા અનંત શક્તિનો પિંડ (દ્રવ્ય સ્વભાવ) | આત્માનું પરિણમન (પર્યાય સ્વભાવ) | |
|---|---|---|
| | સ્વભાવ રૂપ | વિભાવરૂપ |
| (૧) અનંત જ્ઞાન | સમ્યક્ જ્ઞાન | અપૂર્ણ જ્ઞાન (અજ્ઞાન) |
| (૨) અનંત દર્શન | સમ્યક્ દર્શન | મિથ્યા શ્રધ્ધા |
| (૩) અનંત વીર્ય | સમ્યક્ ચારિત્ર | મિથ્યા ચારિત્ર |
| (૪) અનંત સુખ | સમ્યક્ સુખ | દુ:ખ |

દુ:ખનું કારણ : (૧) મિથ્યાત્વ (૨) રાગ–દ્વેષ આ એક સમયની પર્યાયમાં ભૂલ છે. વિભાવની વિપરીતતા

શક્તિ અપેક્ષાએ બધા જ જીવ સિધ્ધ સમાન છે. સ્વભાવનું સામર્થ્ય સંયોગોની અપેક્ષાએ : (૧) કર્મ (૨) દેહ (૩) સંબંધો (૪) બાહ્ય સામગ્રી. સંયોગોની અનિત્યતા (પૃથ્થક્તા)

વર્તમાન સ્થિતનું સાચું મૂલ્યાંકન (આ મનુષ્યભવનું મહત્વ.....) : મનુષ્ય પર્યાય અનુકૂળ સંયોગો વર્તમાન જ્ઞાનની પર્યાયનો ઉઘાડ બધી રીતે અવસર આવી ગયો છે. સ્વ પરનું વિવેક કરી શકે એ શક્તિ આત્માનું હિત કરવાની રૂચિ..... આ હકારાત્મક અભિગમ છે.

(એકત્ત્વ વિભક્ત આત્માનું સ્વરૂપ સમજાવનાર સાચા નિમિત્ત)

**(૩) હવે બાકીનું જીવન કેમ જીવવા જેવું છે ?**

અનંત કાળ રાગમય જીવન જીવી દુ:ખી થયો છું
હવે જ્ઞાનમય જીવન જીવી સુખી થવું છે. આ ભવની સાર્થકતા.

મોક્ષ પ્રાપ્તિના ઉપાયની પ્રક્રિયા : (૧) પાત્રતા (૨) અભ્યાસ (સત્સંગ અને સ્વાધ્યાય) (૩) ભેદજ્ઞાન (૪) નિર્ણય (૫) આત્માનુભૂતિ તેના બે વિભાગ :– થીયરી (જ્ઞાન) અને પ્રયોગ (શ્રધ્ધા).

પાંચ લબ્ધિઓનું સ્વરૂપ સમજો. (૧) ક્ષયોપશય (૨) વિશુધ્ધિ (૩) દેશના લબ્ધિ (૪) પ્રાયોગ્ય લબ્ધિ (૫) કરણ લબ્ધિ.

(૧) દરેક સમયે કર્મનો ઉદય છે.
(૨) સ્થિતિનું નિર્માણ થાય છે.
(૩) રાગ–દ્વેષના પરિણામ થાય છે.
(૪) સંયોગ અને સંયોગી ભાવોમાં એકતાબુધ્ધિ – દુ:ખમય જીવન–કર્મ બંધન
(૫) હવે ભેદજ્ઞાનની કળા વિકસાવી – દરેકને ભિન્ન ભિન્ન જુઓ.
(૬) સ્વરૂપનો નિર્ણય : હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.
(૭) જુનું દેવું ચૂકાવી દો. નવું દેવું ન કરો. આકુળતા ઓછી કરો.

સ્વભાવનું નિર્માણ થતું જાય. પુરુષાર્થથી જ મોક્ષની પ્રાપ્તિ જો બે ઘડી આવી ધારા ચાલુ રહે તો આત્માનુભૂતિ – સુખાનુભૂતિ પ્રગટે.

૯. **આ સાધનાનો સૂક્ષ્મ અભ્યાસ કરવા થોડાક રહસ્ય :**

૧. અગત્યની બે જ વસ્તુ છે.

૧. ભેદજ્ઞાન  ૨. તત્વાનો નિર્ણય

હવે ભેદજ્ઞાન માટે શેનો વિશેષ અભ્યાસ કરવો......

૧. પર્યાયદષ્ટિનુ ફળ સંસાર છે, દ્રવ્યદષ્ટિનું ફળ મોક્ષ છે. માટે પર્યાયદષ્ટિ છોડવાની વાત છે.

૨. અંતર્મુખતા અને બહિર્મુખતા :- વસ્તુ આખી અંદર પડી છે. તો બહાર થી કાંઈ નહિ મળે.

'ઉપજે ઓહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.'

ઉપયોગને અંતર્મુખ કરવો.

૩. જ્ઞાન અને રાગની ભિન્નતાનો અભ્યાસ :-

રાગ સંબંધી કેવો અભિપ્રાય હોવો જોઈએ

૧. રાગનો કર્તા નથી

૨. રાગમાં એકાંત દુઃખ જ છે

૩. રાગને હું જાણતો નથી

૪. રાગ સ્વભાવમાં છે જ નહિ.

૨. તત્વના યથાર્થ નિર્ણયમાં

૧. સ્વભાવ નો અચિંત્ય મહિમા

૨. વૈરાગ્ય --------- (અંદર અને બહાર)

૩. પુરુષાર્થ---------સત્ય પુરુષાર્થ !

તું પુરુષાર્થનો પિંડ છે પ્રભુ !

૩. ધ્રુવ ધામના ધ્યેયની ધખતી ધૂણી ધગજ અને ધીરજથી ધખાવવી એ ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.

૪. જ્ઞાયકની ધૂન લાગે તો સમ્યગ્દર્શન થાય છે.

૫. આ સનાતન વીતરાગ માર્ગમાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ જ છે.

સત્ સમાગમે આ બધાનો વિશેષ અભ્યાસ કરવો.

૧. શ્રી ગુરૂદેવ ના વચનામૃત
૨. દૃષ્ટિના નિધાન
૩. દ્રવ્યદષ્ટિ પ્રકાશ

} આ ત્રણ પુસ્તકોનો વિશેષ અભ્યાસ રાખવો

૧૦. **વસ્તુ વિજ્ઞાનસાર**

૧. વસ્તુનો સ્વભાવ ધર્મ છે તે સમ્યક્ત્વપૂર્વક જ થાય છે.

૨. વસ્તુ સ્થિતી એવી છે કે જરાયપણ વિપર્યાસની વિધમાનતામાં સમ્યક્ત્વની પ્રાપ્તી નિતાંત અસંભવ છે.

૩. પોતાની સર્વ શક્તિ વિપર્યાસોને ટાળવામાં લગાવવી શ્રેયકર છે.

૪. સૌથી પહેલાં આત્માનો નિર્ણય કરી અનુભવ કરવાનું કહ્યું છે.

૫. 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું'અને 'સર્વથા સર્વથી ભિન્ન છું.' (ભેદજ્ઞાન) એવો નિર્ણય શ્રુતજ્ઞાનના અવલંબનથી કરવાનો છે.

૬. વર્તમાન જ્ઞાનની પર્યાયને સ્વભાવ સન્મુખ વાળવી એવો પ્રયત્ન કરવો નિર્વિકલ્પ થવાનો પુરૂષાર્થ કરવો. આજ પ્રથમનો સમ્યક્ત્વનો માર્ગ છે.

૭. આમાં તો વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ કરવાનો છે. બહારમાં કાંઈ કરવાનું ન આવ્યુ; પણ જ્ઞાનમાં જ સમજણ અને એકાગ્રતાનો પ્રયાસ કરવાનું આવ્યુ.

૮. જ્ઞાનમાં અભ્યાસ કરતાં કરતાં જ્યાં એકાગ્ર થયો ત્યાંજ તે વખતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન રૂપે આ આત્મા પ્રગટ થાય છે.

૯. બહારના લક્ષે જે વેદન થાય તે બધું દુઃખરૂપ છે. અંદરમાં શાંત રસની મૂર્તિ આત્મા છે, તેના લક્ષે જે પર્યાયમાં વેદન થાય તેજ સુખ છે. સકળ નિરાવરણ એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ થાય તેજ સમ્યગ્દર્શન છે.

૧૦. આ આત્મકલ્યાણનો નાનામાં નાનો બધાંથી થઈ શકે તેવો ઉપાય છે. બીજા બધા ઉપાય છોડીને આ જ કરવાનું છે. અંદરથી સત્‌નો હકાર આવ્યા વિના, સ્વભાવનો અચિંત્ય મહિમા આવ્યા વિના, સત્ સ્વરૂપનું જ્ઞાન શ્રધ્ધાન થાય નહિ, મોક્ષ પ્રાપ્ત થાય નહિ. આત્મસ્વરૂપની સમજણ એ જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે, એજ આત્માનો ધર્મ છે. આત્માનુભૂતિ એજ જૈનશાસન છે. આ માટે અભ્યાસનો ક્રમ આ પ્રમાણે છે. નીચેના વિષયોનું વીતરાગ-વિજ્ઞાન, વીતરાગી સર્વજ્ઞ પ્રભુએ જે પ્રમાણે બતાવ્યું છે તે સમજી તેનું શ્રદ્ધાન કરવાનું છે. આજ સંપૂર્ણ વસ્તુ વિજ્ઞાનનો સાર છે.

    ૧. વિશ્વ વ્યવસ્થા
    ૨. વસ્તુ વ્યવસ્થા
    ૩. સર્વજ્ઞતા અને સર્વજ્ઞ સ્વભાવ
    ૪. વીતરાગતા
    ૫. દ્રવ્યની સ્વતંત્રતા
    ૬. ક્રમબદ્ધ પર્યાય
    ૭. ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા - પાંચ સમવાય
    ૮. નિશ્ચય - વ્યવહાર
    ૯. કર્મનો સિદ્ધાંત
    ૧૦. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ નિશ્ચય મોક્ષમાર્ગ

ધર્મ એ પરિભાષા નથી, પ્રયોગ છે. તેથી આત્માર્થીએ ધર્મજીવનમાં ઉતારવો જોઈએ. સંપૂર્ણ જીવન ધર્મમય બનવું જોઈએ. પ્રેક્ટિકલ આરાધનાનો ક્રમ આ પ્રમાણે પ્રયોગમાં મૂકી શકાય.

    ૧. વર્તમાન પરિણમનમાં એક સમયની ભૂલ - ભૂલ ટાળવાનો ઉપાય.
    ૨. પાત્રતા-રૂચિનો પલટો.
    ૩. સાધનામાં પ્રત્યક્ષ સત્‌પુરુષના યોગનું મહત્વ
    ૪. સત્સંગ અને સ્વાધ્યાય
    ૫. તત્વનો અભ્યાસ-ચિંતન-મનન
    ૬. સ્વરૂપનો યથાર્થ નિર્ણય -લક્ષ - એકાગ્રતા
    ૭. ભેદજ્ઞાન
    ૮. એકત્વ, મમત્વ, કર્તૃત્વ, ભોકર્તૃત્વ, એ બુદ્ધિઓ મિથ્યાત્વનો નિરાવરણ

૯. મુક્તિનો નિઃસંદેહ પ્રતિધ્વનિ, સ્વભાવનો અચિંત્યમહિમા-પુરુષાર્થ

૧૦. સ્વાનુભૂતિ , આત્માનુભૂતિ-સુખાનુભૂતિ-સમ્યગ્દર્શન

ઉપસંહાર : શુદ્ધાત્મ સ્વરૂપનુ વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, વીતરાગ ચારિત્ર કહો, અતીન્દ્રિય સુખનુ વેદન કહો, અનુભવ કહો કે આત્મસાક્ષાતકાર જે કહો તે એકજ આત્મા જ છે વધારે શું કહેવુ ? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે.

આ સત્ સ્વરૂપ સમજી બધા નિકટ ભવી જીવો પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી અતીન્દ્રિય સુખનું વેદન કરી આ મનુષ્ય ભવ સફળ બનાવે એજ ભાવના !

———x———

# ૨. જૈન દર્શન સાર

૧ સાર :

૧. જૈનદર્શન એ તો વસ્તુસ્વરૂપ છે, વીતરાગ વિજ્ઞાન છે. તે વસ્તુના યથાર્થ સ્વરૂપનું નિરૂપણ કરે છે. વિશ્વ વ્યવસ્થા અને વસ્તુવ્યવસ્થા - આત્માનું સ્વરૂપ જેમ છે તેમ બતાવે છે.

૨. અંતરમાં એકરૂપ પરમાત્માતત્ત્વ સામાન્ય સ્વભાવ જે નિર્લેપ ભગવાન છે એને જાણવો - એની પ્રતિતિ શ્રધ્ધા કરવી અને તેમાં જ રમણતા કરવી એવો જે શુધ્ધોપયોગ છે તે જૈનશાસન છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન -સમ્યગ્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ જે ત્રણ લોક - ત્રણ કાળમાં એક જ છે તે જૈનશાસન છે. જેવો ત્રિકાળ ''વીતરાગ સ્વભાવ'' છે, તેવો જ ''વીતરાગ ભાવ'' પર્યાયમાં પ્રગટ કરવો એજ સુખનો ઉપાય છે એ જૈનદર્શનનું પ્રયોજન છે. વસ્તુ સ્વભાવની દ્રષ્ટિ કરીને અજ્ઞાન (મિત્થ્યાત્ત્વ) અને રાગદ્વેષને જીતવા તેનું નામ જૈન દર્શન છે.

૩. ભગવાન આત્મા નિત્ય મુક્ત સ્વરૂપ, શુભાશુભભાવ રહિત, ત્રિકાળ શુધ્ધ ચૈતન્યવસ્તુ છે. એવા આત્માને ભાવશ્રુતજ્ઞાનથી અનુભવ કરવો એ અનુભવ શુધ્ધોપયોગ છે, એ વિતરાગી પર્યાય છે, એ પ્રગટ થાય એ ધર્મ છે, એ જ જૈનશાસન છે.

૪. જે પુરુષ શુદ્ધ આનંદઘન ચૈતન્યસ્વરૂપ આત્માને અનન્ય, અબધ્ધસ્પૃષ્ટ, અસંયુક્ત, નિયત અને અવિશેષ દેખે છે એટલે અંતરમાં અનુભવે છે તે સર્વ જિન શાસનને દેખે છે. સમસ્ત જિન શાસનનું રહસ્ય એ આત્માએ જાણી લીધું છે.

૫. શુધ્ધનયના વિષયામૃત ચૈતન્ય સામાન્ય ત્રિકાળી દ્રવ્યનો અનુભવ કરવો તે જૈનશાસન છે. આત્માની અનુભૂતિ એ જૈનશાસન છે. આત્માનુભૂતિ એ જ આત્મધર્મ છે. આત્માનુભૂતિ એ જ આત્મધ્યાન છે. સર્વજ્ઞસ્વભાવી આત્મા એકલો જ્ઞાનસ્વભાવી જ છે અને એની નિર્વિકલ્પ અનુભૂતિ જ્ઞાનસ્વરૂપ જ છે. એવા સ્વભાવની પરુપણા કરનાર અનાદિ - અનંત સનાતન-દિગંબર દર્શન એ સત્યધર્મ છે. એ કોઈ સંપ્રદાય, વાડો કે વેશ નથી. દિગંબરત્ત્વ કહો કે વીતરાગતા કહો એ કોઈ અદ્‌ભૂત અલૌકિક ચીજ છે. સર્વ તીર્થંકરોએ દર્શાવેલ આ માર્ગ છે.

૬. એ વીતરાગી મોક્ષમાર્ગના નિમિત્ત વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે.

૭. સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. અને ચારિત્ર ખરેખર ધર્મ છે. આત્માની નિર્વિકલ્પ દશા એ જ સુખની દશા છે. સંવર નિર્જરા અને મોક્ષતત્ત્વ છે. તે સિવાય બધા જ વિકલ્પ આસ્ત્રવ-બંધ છે. સાત તત્વોની શ્રદ્ધા સમ્યગ્દર્શન છે.

૮. સમ્યગ્દર્શનનું મૂળ ''ભેદજ્ઞાન'' છે. આ આત્માને નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ, પરભાવ, ગુણ ગુણીના ભેદ વગેરેથી ભિન્ન અખંડ, અભેદ, એક જોવો તે ભેદજ્ઞાન છે. જે કોઈ સિધ્ધ થયા છે તે ભેદજ્ઞાનથી સિધ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે, તે તેના અભાવથી બંધાયા છે. આ ભેદજ્ઞાન અવિચ્છીન્ન ધારાથી ત્યાં સુધી ભાવવું કે

જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય. સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સૂક્ષ્મ રહસ્ય માત્ર બે ઘડીનો ખેલ છે.

૯. અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ એવા અનંતગુણોથી ભરેલો ભગવાન આત્મા ત્રિકાળ શુધ્ધ છે, પરિપૂર્ણ છે, એનો મહિમા લાવી, એનું લક્ષ કરી એમાં એકાગ્રતા કરતાં - એનો ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાં યથાર્થ નિર્ણય કરવો - અનુભવ કરવો એજ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો - સુખી થવાનો - એકમાત્ર ઉપાય - જિન ભગવંતોએ બતાવ્યો છે. દ્રવ્ય દ્રષ્ટિ એ જ સમ્યગ્દ્રષ્ટિ છે. પ્રયોગ પધ્ધતિ એનો આધાર છે.

૧૦. આ અનુભૂતિની પ્રક્રિયાની મુખ્ય ત્રણ ભૂમિકા વિચારી શકાય.

૧. <u>અભ્યાસની ભૂમિકા</u> - ૧) પાત્રતા ૨) સત્સંગ ૩) સ્વાધ્યાય

૨. <u>નિર્ણયની ભૂમિકા</u> - ૧) ભેદજ્ઞાન ૨) યથાર્થ નિર્ણય
(હું જ્ઞાનઆનંદ સ્વરૂપ ભગવાન આત્મા, સર્વથા સર્વથી ભિન્ન છું.)

૩. <u>અનુભૂતિની ભૂમિકા</u> - રુચિ, પ્રતીતિ, જિજ્ઞાસા, લક્ષ, એકાગ્રતા-નિર્વિકલ્પ અનુભૂતિ આનો આધાર જૈનદર્શનના ત્રણ મહાન વૈજ્ઞાનિક સિધ્ધાંત છે. ૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિધ્ધાંત ૨) ક્રમબદ્ધ પર્યાય ૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો સિધ્ધાંત કોઈપણ કાર્ય થાય ત્યારે પાંચ સમવાય હોય છે. ૧) સ્વભાવ ૨) નિયતિ ૩) કાળલબ્ધિ ૪) પુરુષાર્થ ૫) નિમિત્ત. આ સંપૂર્ણ જિનાગમનો સાર છે. પરમાગમ એનું પ્રમાણ છે. આ મનુષ્યભવમાં આ એક ચિંતન - વિચારવા યોગ્ય છે.

---

ઘણા જીવોને સત્ સમજવાની અંતરથી તાલાવેલી થાય, ત્યારે સંસારમાંથી ઉન્નતિક્રમમાં આગળ વધેલા કોઈ જ્ઞાની તીર્થંકરપણે જન્મે. તેમના નિમિત્તે જે લાયક જીવો હોય તે સત્યને સમજી લે -- એવો મેળ સહજ થઈ જ જાય છે. તીર્થંકર કોઈ અન્ય માટે અવતાર લેતા નથી.

---

એક જીવ નિગોદેથી નીકળીને મોક્ષમાર્ગમાં આવ્યો તે પોતાના ચારિત્રાદિગુણની ઉપાદાનશક્તિથી જ આવ્યો છે તથા એ જ રીતે પોતાના ભાવકલંકની પ્રચુરતાના કારણે નિગોદમાં રહ્યો છે. બન્ને દશામાં પોતાનું જ સ્વતંત્ર ઉપાદાન છે; તેમાં નિમિત્ત-કર્મ વગેરે અકિંચિત્કર છે.

અંદર ચૈતન્ય જ્ઞાયકદેવનો અભિપ્રાયમાં આશ્રય જેને થયો છે એવા જ્ઞાનીને અથવા તો સ્વભાવનો આશ્રય જેને પ્રાપ્ત કરવો છે એવા સાચા આત્માર્થીને સ્વભાવ સમજવામાં નિમિત્ત એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાનો શુભરાગ આવે; પૂજા-ભક્તિ તથા વ્રતાદિ વ્યવહારનયનો વિષય છે તો ખરો, નથી જ એમ નથી, પણ તે ભાવ રાગ છે, સંસાર છે, તેનો આશ્રય કરવા લાયક નથી, તે ઉપાદેય નથી, હિતકર નથી, હેય છે. અરેરે! ક્યારે આ તત્ત્વ સાંભળવા મળે? મનુષ્યભવ તો ચાલ્યો જાય છે, આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે તેની કોને ખબર છે? —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## ૨.હે જીવ ! ચેત ! ચેત ! આવો અવસર ફરીથી પ્રાપ્ત થવો દુર્લભ છે !




**જીવનો વિકાસ ક્રમ**

નિગોદમાંથી નીકળી ત્રસ પર્યાયમાં વધુમાં વધુ રહેવાનો કાળ માત્ર ૨૦૦૦ સાગરોપમ છે. હવે જેની ઉપાદાનની યોગ્યતા તૈયાર થઈ ગઈ છે એ માટે આ પરિવર્તનનો કાળ (ભવ) છે. અજ્ઞાનમાંથી-જ્ઞાન અવસ્થા પ્રગટ કરવાનો કાળ છે. આ જીવનો Turning Point છે. જો એમ નહિ થાય તો પાછો જીવ ધીમે ધીમે સ્વતંત્ર, ક્રમબધ્ધ, ઉપાદાનની યોગ્યતા પ્રમાણે નિગોદમાં પહોંચી જશે. અને જો ગુણસ્થાન બદલાયું તો સ્વતંત્ર, ક્રમબધ્ધ યોગ્યતા પ્રમાણે સિધ્ધ અવસ્થા પ્રાપ્ત કરશે. સુખી થવા માટે આજ યોગ્ય સ્થાન છે. આત્માનુભૂતિ એ પ્રથમ ઉપાય છે.

૨. <u>તત્ત્વાર્થ સૂત્ર અર્થાત મોક્ષશાસ્ત્ર (અધ્યાય ૨, પાનું ૧૯૮-૧૯૯)</u>

<u>મનુષ્યભવ સફળ કરવા માટે ખાસ લક્ષમાં રાખવા લાયક વિષયો :</u>

૧. અનાદિ કાળથી જીવને નિત્ય નિગોદરૂપ શરીર સંબંધ હોય છે. અનંતાઅનંત જીવરાશિ અનાદિકાળથી નિગોદમાં જ જન્મ મરણ કરે છે.

૨. નિગોદમાંથી છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવો ત્રસ પર્યાયમાં આવે છે.

૩. જીવને ત્રસમાં એકી સાથે રહેવાનો ઉત્કૃષ્ટ કાળ માત્ર બે હજાર સાગરોપમ છે. ત્રસમાં પણ મનુષ્યપણું પામવાનું તો ભાગ્યે જ મળે છે.

૪. આ પ્રમાણે જીવની મુખ્ય બે સ્થિતિ છે, નિગોદપણું અને સિધ્ધપણું વચલો ત્રસ પર્યાયનો કાળ તો ઘણો જ થોડો અને તેમાં પણ મનુષ્યપણાનો કાળ તો અતિ ઘણો જ થોડો છે.

૫. ૧) સંસારમાં જીવને મનુષ્યભવમાં રહેવાનો કાળ સર્વથી થોડો છે.
૨) નારકીના ભવોમાં રહેવાનો કાળ એનાથી અસંખ્યાતગુણો છે.
૩) દેવના ભવોમાં રહેવાનો કાળ નારકથી અસંખ્યાતગુણો છે.
૪) તિર્યંચ ભવોમાં (મુખ્ય પણે નિગોદમાં) રહેવાનો કાળ અનંતગુણો છે.
આ ઉપરથી સિધ્ધ થાય છે જીવ અનાદિથી મિથ્યાત્વ દશામાં શુભ તેમજ અશુભ ભાવો કરતો રહે છે. દ્રવ્યલિંગી મુનિ શુભભાવ કરીને અનંતવાર નવમી ગ્રૈવયેકે જઈ આવ્યો છે. આ વાત આ જીવને પણ લાગુ પડે છે.

૬. નવમી ગ્રૈવયેકને લાયક શુભભાવ કરનાર જીવે ગૃહીત મિથ્યાત્વ છોડ્યું હોય છે. સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્તરૂપે સ્વીકાર્યા હોય છે. પાંચ મહાવ્રત આદિ ઉત્કૃષ્ટ શુભભાવો અતિચાર સહિત પાળ્યા હોય છે. આત્મભાન વિના મિથ્યાદ્રષ્ટિને લાયક ઉત્કૃષ્ટ શુભભાવો જીવે અનંતવાર કર્યા છતાં મિથ્યાત્વ ગયું નહિ, માટે શુભભાવ-પુણ્ય કરતાં કરતાં ધર્મ-સમ્યગ્દર્શન થાય કે મિથ્યાત્વ ટળે એ અશક્ય છે તેથી –

૭. આ મનુષ્યભવમાં જ આત્માનું સાચું સ્વરૂપ સમજીને જીવોએ સમ્યકૃત્વ પ્રાપ્ત કરવું. લોઢું ગરમ છે ત્યાં સુધીમાં એને ટીપી લો-ઘડી લો. આ મનુષ્યભવ છે તેમાં તુરત જ આત્માનું સ્વરૂપ સમજી લો, નહિ તો ત્રસકાળ થોડા વખતમાં પૂરો થઈને નિગોદ પર્યાય પ્રાપ્ત થશે અને અનંતકાળ તેમાં રહેવાનું થશે. માટે હે જીવ આ અવસર ચૂકવા જેવો નથી. ચેત! ચેત!

૩. <u>જિનશાસનનો સાર</u>

**સર્વ જિનશાસનનો સાર શું ?**

**'જ્ઞાનસ્વરૂપ શુધ્ધાત્મા !'** તે સર્વ જિનશાસનનો સાર છે.

આત્માનો સ્વભાવ શું ? વિકાર શું ? પર શું ?

એ ત્રણેને જાણીને, વિકાર અને પરથી ભિન્ન એવા શુધ્ધાત્મસ્વભાવમાં અંતર્મુખ થઈને એકાગ્ર થવું તે ''જૈનશાસન'' છે.

જેણે શુધ્ધાત્માને જાણ્યો તેણે સર્વ જિનશાસનને જાણ્યું છે. જૈનશાસન તે કોઈ બહારની ચીજ નથી પણ 'શુદ્ધાત્માની અનુભૂતિ' તેજ જૈનશાસન છે, અને તે આત્માની વીતરાગી નિર્મળ પર્યાય છે.

જિનશાસનના સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય ''વીતરાગતા'' છે. પોતાના શુધ્ધાત્માને જાણીને તેમાં એકાગ્ર થવું અને તે જીવ પર્યાયને અંતરમાં વાળીને વીતરાગભાવ પ્રગટ કરે તે પોતે જિનશાસન છે. તે જૈનધર્મ છે.

શાસ્ત્રસમુદ્રમાં રહેલું પરમ ચૈતન્યરત્ન તેણે પ્રાપ્ત કરી લીધું છે.

**સ્વભાવ, વિભાવ અને સંયોગ**

૧. સ્વભાવનું સામર્થ્ય - સ્વભાવસામર્થ્યની મહત્તા આવવી જોઈએ.
૨. વિભાવનું વિપરીતપણું - વિપરીતતા જાણ્યા વગર તેની રુચિ ટળે નહિ.
૩. સંયોગોનું પૃથકપણું - સંયોગોની ક્ષણભંગુરતા-જુદાપણું જાણ્યા વિના તેનો મોહ ટળે નહિ.આ ત્રણ બોલ બરાબર ઓળખવા જોઈએ.

૪. **સંસારનું મૂળ** - અજ્ઞાનીની માન્યતા એ સંસારનું મૂળ છે. અજ્ઞાની પોતાના રાગાદિ દોષો પરથી માને છે. તેમ જ પોતાના જ્ઞાનાદિ ગુણો પણ પરથી માને છે. એટલે તેને આત્માના સ્વાધીન ગુણોની શ્રધ્ધા નથી અને ગુણવાન એવા આત્માની પણ ખરેખર તેને શ્રધ્ધા નથી. પરમાંથી પોતાના ગુણ લેવા માંગે છે, એવી તેની પરાધીનબુધ્ધિજ મિથ્યા હોવાથી દુ:ખરૂપ છે. જેનાથી તે જીવ પોતાના દોષ માને છે તેના પર એકત્ત્વબુધ્ધિથી અનંતો દ્વેષ કરે છે અને જેનાથી પોતાના ગુણ માને છે તેના પર એકત્ત્વબુધ્ધિથી અનંતો રાગ કરે છે. આ રાગદ્વેષ (માન્યતાપૂર્વકના) આ અનંત સંસારનાં પરિભ્રમણનું મૂળ કારણ છે.

**મોક્ષનું મૂળ** - જ્ઞાની ધર્માત્મા જાણે છે કે, 'હું પરથી જુદો જ છું. મારા ગુણ-દોષ પણ પરથી ભિન્ન છે.' ''રાગાદિ દોષ-વિકારી'' ભાવ તે મારી પર્યાયનો અપરાધ છે અને તે મારા સ્વભાવમાં તો છે જ નહિ. 'જ્ઞાન-આનંદ તો મારો સહજ સ્વભાવ છે.' આમ જાણતો હોવાથી જ્ઞાનીને પર સાથે એકત્ત્વબુધ્ધિપૂર્વકનાં રાગદ્વેષ થતાં જ નથી અને પોતાના ગુણ-સ્વભાવની પ્રતીતિ તેને કદી ખસતી નથી. એટલે અનંત સંસારના પરિભ્રમણનું મૂળ ''મિથ્યાત્વ'' તેને છેદાઈ ગયું છે. અને મોક્ષનું મૂળ ''સમ્યગ્દર્શન'' તેણે ''ભેદજ્ઞાન''ની કળા અને ''તત્ત્વના યથાર્થ નિર્ણયપૂર્વક'' પ્રગટ કરી લીધું છે.

**જૈન ધર્મની પરાકાષ્ટા** - ''અકર્તા સ્વભાવ'' અથવા ''જ્ઞાતા સ્વભાવ'' ''હું જાણનાર છું, કરનાર નથી.'' આ જૈનદર્શનની પરાકાષ્ટા છે.

# ⑤ જ્ઞાનનું કાર્ય




સ્વભાવ
સ્વ-પર પ્રકાશક છે.
જાણે છે [blot] સ્વને અને પરને
માને છે — પરને જાણું છું એ
માન્યતા વિપરીત છે. અજ્ઞાનપણે

સ્વભાવનું લક્ષ કરે છે
નિર્ણય કરે છે
'હું જ્ઞાન આનંદ સ્વરૂપ છું'
'જે જણાય છે તે હું જ છું'

① સ્વતંત્ર ---
② ક્રમબદ્ધ
③ પોતાની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે

| |
|---|
| જ્ઞાનનું કાર્ય જ્ઞાની-અજ્ઞાની બંનેમાં સ્વભાવ પ્રમાણે થાય છે— જ્ઞાની માને છે, 'જે જણાય છે તે હું છું' અજ્ઞાની — એ પ્રમાણે માનતો નથી |

લક્ષ અને એકાગ્રતા (થતાં) ક્રમે નિર્મળ થતી જાય છે એ એનો ④ સ્વભાવ છે.

(જેવો પોતાનો સ્વભાવ છે એ રૂપે પરિણમી જાય છે એ એનો સ્વભાવ છે)

જ્ઞાન ચેતના → અને પૂર્ણ શુદ્ધ થતી - શુદ્ધોપયોગ પ્રગટ થાય છે - આત્માની અનુભૂતિ થાય છે તે જ સમ્યગ્દર્શન છે

**સાર :**

{જ્ઞાનનું સાચું કાર્ય છે ① જાણવું ② પોતાને ③ યથાર્થ
④ શ્રદ્ધાનપૂર્વક અને ⑤ એકાગ્રતાપૂર્વક ___ (અનુભવ-પ્રત્યક્ષ)}

[શ્રદ્ધાની અવ્યક્ત પર્યાયો ① રુચિ ② પ્રતીતિ ③ વિશ્વાસ ④ લક્ષ ⑤ એકાગ્રતા]

**પાંચ સમવાય (જ્ઞાનના કાર્યમાં લગાડવા)**

કોઈ પણ કાર્ય થાય ત્યારે પાંચ સમવાય અનિવાર્ય છે. ૧) સ્વભાવ ૨) હોનહાર (નિયતિ) (ભવિતવ્ય) ૩) કાળલબ્ધિ ૪) પુરુષાર્થ ૫) નિમિત્ત

મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે (સમ્યગ્દર્શન કેવળજ્ઞાન)

૧. ચિદાનંદ સ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય તે સ્વભાવ થયો.

૨. ચિદાનંદ સ્વભાવની દ્રષ્ટિ થઈ તે સ્વભાવ તરફનો અનંતો પુરુષાર્થ છે.

૩. તે જ કાળે આ (નિર્મળ) પર્યાય થવાનું જ્ઞાન થયું તે કાળલબ્ધિ છે.

૪. આ જે (નિર્મળ) ભાવ તે કાળે થયો તે થવાનો હતો તેજ થયો તે ભવિતવ્ય (નિયતિ).

૫. ત્યારે પ્રતિકૂળ નિમિત્તનો અભાવ થયો તે નિમિત્ત થયું

આ રીતે જ્યારે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે;
આત્માનુભૂતિ થાય છે, શુધ્ધોપયોગ થાય છે, ત્યારે આ પ્રમાણે પાંચ સમવાય સાથે જ હોય છે.
(રાગની રુચિ ફેરવી અને સ્વભાવની રુચિ કરવી એ જીવના પોતાના અધિકારની વાત છે. અને એજ સત્ય પુરુષાર્થ છે) (દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર બોલ નં ૪૦૩)

**સમયસાર ગાથા ૩૨૦ નો સાર**

૧. અહાહા...! જયસેન આચાર્ય મહામુનીવર દિગંબર સંતની આ ટીકા છે. તેઓ વનવાસી મુનિ હતા. મુખ્યપણે નિજાનંદરસમાં લીન રહેતા હતા. તેમની આ ટીકા છે.

૨. તેમાં શું કહે છે? કે પરમપારિણામિક પરમભાવરૂપ એવો જે દ્રવ્ય સ્વભાવ છે,

૩. તેને ગ્રહણ કરનાર અર્થાત્ જાણનાર શુધ્ધ ઉપાદાનભૂત શુધ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોકતૃત્વથી શૂન્ય છે.

૪. અહીં શુધ્ધદ્રવ્યાર્થિકનયે કહ્યું ને? મતલબ કે શુધ્ધ ઉપાદાન તો ત્રિકાળ છે.

૫. પણ તેના લક્ષે જે વર્તમાનદશા પ્રગટે છે તે પણ કર્તા-ભોકતાપણાથી શૂન્ય છે.

૬. અહાહા...! જે ત્રિકાળીને પકડે એવી જે આનંદની દશા તે-રૂપે-જે પરિણત છે તે જીવ (સમ્યગ્દ્રષ્ટિ જીવ) પણ શુભાશુભ રાગના અને પરપદાર્થના કર્તા-ભોકતાપણાથી શૂન્ય છે.

૭. હવે લોકોને બિચારાઓને આ સાંભળવા મળે નહિ એટલે કઠણ પડે, પણ ભાઈ! આ પરમ સત્ય વાત છે.

૮. દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ કરતાં કરતાં નિશ્ચય સમક્તિ અને નિશ્ચય ચારિત્ર પ્રગટશે એમ જેઓ માને છે તેમને શુદ્ધ અંતઃતત્ત્વની ખબર નથી.

૯. કેટલાંક તો આ શુધ્ધ અંતઃતત્ત્વની વાત એકાંત છે એમ માની ઉડાડી દે છે.

૧૦. પણ અરે પ્રભુ! આવા ભાવથી તને સંસારનું પરિભ્રમણ થશે. ભાઈ! આ તારા હિતની વાત છે. એની ઉપેક્ષા કરવાથી તને ભારે નુકશાન થશે.

૧૧. અરેરે! સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન કેવળી અહીં રહ્યા નહિ, ત્રણ જ્ઞાન અને ચારજ્ઞાનની દશાવાળા પણ રહ્યા નહિ!

૧૨. આ સત્યનો હકાર કોની પાસે કરાવવો? તું માને, ન માને; પણ માર્ગ તો આ જ છે ભાઈ!

૧૩. અહાહા...! શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમભાવસ્વરૂપ છે.
૧૪. તે વર્તમાન નિર્મળ નિર્વિકાર વીતરાગી જ્ઞાનપર્યાયથી જણાવા યોગ્ય છે.
૧૫. અહાહા...! આવો આત્મા જેને દ્રષ્ટિમાં આવ્યો, અનુભવમાં આવ્યો તે, કહે છે, વ્યવહારનો રાગનો કર્તા નથી, ભોક્તાય નથી.
૧૬. આવું વસ્તુનું સ્વરૂપ છે. રાગની વૃત્તિ ઉઠે તેનો કર્તા-ભોક્તા તો નથી પણ બંધ-મોક્ષનાં કારણ અને પરિણામથી આત્મા શૂન્ય છે.

અહાહા...! સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામથી રહિત છે.

ભગવાન આત્મા ત્રિકાળી એકરૂપ ધ્રુવ વસ્તુ છે. અને બંધ-મોક્ષ આદિ એક સમયની પર્યાય-અવસ્થા છે. ભાઈ! આવો માર્ગ છે, સર્વજ્ઞથી સિદ્ધ થયેલો હો!

**પ્રશ્ન :—** *આત્માનું સ્વરૂપ બોલવામાં જેટલું સહજ દેખાય છે એટલું સહજ અમને પ્રાપ્ત થાય ખરું ?*

**સમાધાન :—** સ્વભાવ સહજ છે, પણ અનાદિનો વિભાવમાં પડેલો છે એટલે સહજ દેખાતું નથી. તેના જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ બધા ગુણો અનાદિ-અનંત સહજ છે. તેમ જ વસ્તુ પોતે પણ સહજ છે, કોઈએ બનાવી નથી. જે સ્વભાવ હોય તે સહજ હોય, તથા પોતાના સ્વભાવમાં જવું તે પણ સહજ છે; પણ પરપદાર્થને પોતાના કરવા તે અશક્ય છે. જડ અને ચેતન પોતાનું કાર્ય જુદું-જુદું કર્યા કરે છે. જડ પોતાનું થતું નથી. ક્યાંથી થાય ? કેમકે જડ અને ચૈતન્ય બંને જુદાં છે ને જુદાં હોય તે એક ક્યાંથી થાય ? આમ જડ પોતાનું થતું નથી. પણ ચૈતન્યને-પોતાને ગ્રહણ કરીને પોતારૂપ થવું તે સહજ છે. પોતાના સ્વભાવરૂપે પરિણમવું તે સહજ છે. જેમ પાણી શીતળ છે તેને શીતળતારૂપે પરિણમવું તે સહજ છે. પાણી અગ્નિના નિમિત્તે ગરમ થયું, પણ તેને શીતળ થવું સહજ છે, કારણ કે તે પાણીનો સ્વભાવ હોવાથી અગ્નિથી છૂટું પડે એટલે શીતળ થઈ જ જાય છે. પણ પાણીને એમ ને એમ ગરમ રાખ્યા કરવું તે અશક્ય છે. તેમ અનંતકાળ ગયો તો પણ જીવ શરીરરૂપે થયો નથી, તે રૂપે થવું અશક્ય છે કારણ કે પરપદાર્થ છે તેની સાથે રહે તો પણ જડરૂપે થાય નહિ. આત્મા પોતા તરફ વળે, જ્ઞાયકને ગ્રહણ કરે તો થોડા જ કાળમાં સ્વાનુભૂતિ અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે, કારણ કે તે પોતાનો સ્વભાવ છે. તેને માટે અનંતકાળ જોઈતો નથી. પરપદાર્થને પોતાના કરવામાં અનંતકાળ ગયો, તો પણ પોતાના થયા નહિ. જ્યારે પોતાને ગ્રહણ કરવામાં અનંતકાળ જોઈતો જ નથી, અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે પોતાને ગ્રહણ કરવો-પોતાની પ્રાપ્તિ કરવી તે સહજ છે.

## જૈન દર્શનનું રહસ્ય

૧. **કર્મનુ સ્વરૂપ, સ્થિતિ અને ફળ :**

૧. અનાદિ કાળથી જીવ અને કર્મનો સંબંધ છે. કર્મ બંધન છે. સંસાર પરિભ્રમણ છે. કરણાનુયોગના શાસ્ત્રોમાં કર્મનો વિસ્તારથી વર્ણન છે. બહુજ સૂક્ષ્મ વર્ણન છે.

૨. કર્મની સ્વતંત્ર સત્તાનો સ્વીકાર કરો. કાર્મણ શરીર જીવની સાથે અનાદિથી છે. પણ જીવ એનાથી ભિન્ન છે.

૩. એ દ્રવ્યકર્મ અંનત પ્રકારના છે. એમાં પ્રયોજનભૂત મુખ્ય આઠ ગણવામાં આવ્યા છે. ૧. ચાર ઘાતી કર્મ  ૨. ચાર અઘાતી કર્મ

ઘાતી કર્મ:- ૧. જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩.મોહનીય ૪. અંતરાય

અઘાતી કર્મ :- ૧. નામ ૨. ગૌત્ર ૩. આયુષ્ય ૪. વેદનીય

૪. આ દ્રવ્યકર્મના પુદ્દગલ પરમાણુ જડ છે, અચેતન છે, રૂપી છે,એ પુદગલ દ્રવ્ય છે એમાં ચેતના નથી-અજીવ છે. જયારે જીવ એક ચૈતન્ય સત્તા છે - જ્ઞાન દર્શનયુક્ત છે. જીવ અને કર્મ ની સત્તા ભિન્ન-ભિન્ન છે. બંનેના દ્રવ્ય ગુણ-પર્યાય ભિન્ન ભિન્ન છે. બંને સ્વતંત્ર દ્રવ્ય છે.

૫. આ દેહ એટલે મન વચન કાયા એ પુદ્દગલ પરમાણુઓનો જથ્થો છે. એમાં ચેતના નથી-તેવીજ રીતે કર્મના પુદ્દગલ પરમાણુ પણ અજીવ છે. એમાં ચેતના નથી, જડ છે. જેવી રીતે આત્મા અને દેહ ભિન્ન-ભિન્ન સત્તા છે તેવી જ રીતે આત્મા અને દ્રવ્ય કર્મ ભિન્ન-ભિન્ન સત્તા છે.

૬. છ દ્રવ્યમાં જીવ અને પુદ્દગલ ભિન્ન-ભિન્ન બતાવામાં આવ્યા. સાત તત્ત્વમાં જીવ અને અજીવ ભિન્ન-ભિન્ન તત્ત્વ છે બંનેમાં આ જે ભિન્નતા છે- ભેદ છે તેનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે. આનુ નામ ભેદજ્ઞાન.

૭. અનાદિથી બંનેનો સંયોગ જોવામાં આવે છે તેથી અજ્ઞાની જેને ભેદજ્ઞાનનો અભ્યાસ નથી એ જીવ અને કર્મ બંને સાથે મળીને કાર્ય કરે છે એવી ભ્રાંતિમાં છે.

૮. ખરેખર પરમાર્થ દૃષ્ટિથી જોઈએ તો જીવ અને દ્રવ્યકર્મનો કર્તા-કર્મ સંબંધ નથી પરંતુ નિમિત-નૈમિતિક સંબંધ જોવામાં આવે છે એ ધ્યાનથી સમજવા જેવી વસ્તુ છે.

૨. **હવે કર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજીએ:**

૧. દરેક સમયે કર્મનો ઉદય છે એનો અર્થ સમજીએ. કર્મનો જીવ સાથે રહેવાનો કાળ નિયત છે. કર્મની સ્થિતિ, પ્રકૃતિ, પ્રદેશ અને અનુભાગ સમજવા જેવા છે.

૨. જયારે એ નિયત કાળ પૂરો થાય છે ત્યારે એ કર્મનો આત્મા સાથેનો સંયોગ પૂર્ણ થાય છે. અને કર્મ ત્યાંથી છૂટા પડવા તૈયાર થાય છે અને કાર્ય દ્રવ્યાનુયોગના સિદ્ધાંત પ્રમાણે

૧. સ્વતંત્ર ૨. ક્રમબદ્ધ ૩. ઉપાદાનની યોગ્યતા પ્રમાણે થાય છે તેમાં બીજી સતાનો વિક્ષેપ નથી.

૩. તે વખતે શું જોવામાં આવે છે? અનાદિથી ભ્રાંતિમાં જીવે પોતાના માન્યા છે - જેમ કે દેહ સ્ત્રી-પુત્ર-સંબંધીઓ, પ્રાપ્ત સામગ્રી રોટી, કપડા, મકાન, ધન, અને દેવ-ગુરુ-શાસ્ત્ર એમનું કાંઈક પરિણમન જોવામાં આવે છે કારણ કે પ્રત્યેક દ્રવ્ય-દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક હોવાથી પોતાના ગુણોને ટકાવી પરિણમી રહયો છે આ વસ્તુવિજ્ઞાનનો સિદ્ધાંત છે. એ જીવને અનુકૂળ કે પ્રતિકૂળ જણાય છે.

૪. જીવની વર્તમાન જ્ઞાનની પર્યાયનો ઉપયોગ ત્યાં જતાં એ પરિસ્થિતિનું જ્ઞાન થાય છે. તેને કર્મનો ઉદય કહેવામાં આવે છે-ત્યારે કર્મનો ખરી જવાનો કાળ છે.
૫. જીવની છદ્મસ્થ અવસ્થામાં તે જ સમયે ચારિત્રગુણની પર્યાયમાં રાગ-દ્વેષના પરિણામ સ્વતંત્ર જોવામાં આવે છે એને શુભ કે અશુભ ભાવ પણ કહેવામાં આવે છે.
૬. હવે મિથ્યામાન્યતાથી વર્તમાન જ્ઞાનની પર્યાય એ સંયોગો સાથે એકત્વ કરે છે–સંયોગો સાથે જોડાઈ જાય છે અને દુ:ખનો અનુભવ કરે છે.
૭. હવે પરમાર્થથી જોઈએ તો જીવના રાગ-દ્વેષ પરિણામ છે તે પણ
૧. સ્વતંત્ર ૨. ક્રમબદ્ધ ૩. પોતાની ઉપાદાનની યોગ્યતાથી થાય છે- પોતાના કારણે થાય છે એ ચૈતન્યની પરિણતી છે જીવની પર્યાયમાં થાય છે એમને ચિદાભાસ કહેવામાં આવ્યા છે પ્રથમ એ જીવનો અપરાધ છે એમ સ્વીકાર કરાવે છે. એક સમયની ભૂલ અનાદિથી ચાલી આવે છે.
૮. તે કાળે મિથ્યાત્વાદિ જડ પુદગલના પરિણામ છે, તે કર્મના પોતાના કારણે જડના પરિણામ છે, તે નવા કર્મ આવવાનું નિમિત્ત છે માટે તેને આશ્રવ કહયાં છે. એ દ્રવ્ય આશ્રવ છે.
૯. હવે તે નવા કર્મના આસ્ત્રવમાં નિમિત્ત કયારે થાય ? કે જૂના કર્મના ઉદય વખતે જીવ મોહ અને રાગ-દ્વેષ વડે એમાં જોડાય તો નવા કર્મના આસ્ત્રવમાં નિમિત્ત છે જીવનો સ્વભાવ નહી એમ આધ્યાત્મની અપેક્ષાએ વાત છે.
૧૦. કર્મ આસ્ત્રવણમાં નિમિત્તપણાનું નિમિત્ત મોહ- રાગ-દ્વેષ છે કે જે ઓ જીવના અજ્ઞાનમય આત્મપરિણામ છે - પોતાના કારણે થયેલા છે અને તેજ ખરેખર આસ્ત્રવ છે તેને ભાવ આસ્ત્રવ કહેવામાં આવે છે.
૧૧. આ ભાવ આસ્ત્રવ દુ:ખરૂપ છે દુ:ખના કારણ છે તેથી એ સિદ્ધ થાય છે દુ:ખનુ ખરેખર કારણ મિથ્યાત્ત્વ છે અને ગૌણપણે તેની સાથે રહેલા રાગ-દ્વેષના પરિણામ છે. જીવની પોતાના અને પરના સ્વરૂપ સંબંધી વિપરીત માન્યતા છે એ ભૂલ સૌથી મોટું પાપ છે. એ મિથ્યાત્વ પાપનો બાપ છે એ સમજવા જેવું છે. જીવ અનાદિથી મિથ્યાદ્રષ્ટિ છે એ જ દુ:ખનું કારણ છે.
૧૨. એ મિથ્યાત્વ ભાવમાં અનંત નરક નિગોદના ભવ કરવાની તાકાત છે. મિથ્યાત્વ એ જ સંસાર પરિભ્રમણનુ મૂળ કારણ છે. હવે જો આ ભવમાં મિથ્યાત્ત્વના નાશનો ઉપાય ભેદજ્ઞાન અને યથાર્થ નિર્ણય નહી કરવામાં આવશે અને ત્રસ પર્યાયનો જે ૨૦૦૦ સાગરોપમનો કાળ પૂરો થઈ જશે તો નિયમથી જીવ પાછો નિગોદમાં ચાલ્યો જશે અને અનંતકાળ ત્યાં દુ:ખ ભોગવવું પડશે.

૩. <u>તમને શુ પ્રાપ્ત થયુ છે ? તેનું જ્ઞાન કરાવીએ</u>

૧. આર્યક્ષેત્રમાં જન્મ : ચોથા કાળમાં જયાં ઋષભદેવથી મહાવીર પર્યંત તીર્થંકરો વીચારતા હતા.
૨. મનુષ્ય તરીકે જન્મ : બહુ પુણ્યના યોગ્યથી આ મનુષ્ય તરીકે અવતાર થવો.
૩. જૈન કુળમાં જન્મ : જે કુટુંબમાં જન્મ થયો ત્યાં તને વિતરાગી દેવ-ગુરૂ-શાસ્ત્રનો જન્મથી પરિચય થયો છે.
૪. પૂર્ણ આયુષ્ય : (૬૦ વર્ષ પસાર થઈ ગયા એ પૂર્ણ આયુષ્ય બતાવે છે).
૫. તંદુરસ્ત આયુષ્ય : હજી ઈન્દ્રિયો અને મન જેનું જ્ઞાન અવલંબન લે છે એ

| | | |
|---|---|---|
| ૬. | વિશેષ પુણ્યના ઉદય | : સામાન્ય રોટી, કપડા, મકાન સંબંધી બિજા જીવો કરતાં વિશેષ અનુકૂળતા જોવામાં આવે છે. |
| ૭. | અનુકૂળ સંબંધીઓ | : સંબંધીયો મિત્રો સાધર્મી જીવો સામાન્ય રીતે અનુકૂળ |
| ૮. | ક્ષયોપશમ લબ્ધિ | : સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય થવું એટલે જ્ઞાનનો વિશેષ ઉઘાડ છે. |
| ૯. | વિશુદ્ધિ લબ્ધિ | : પરિણામ વિશુદ્ધ થાય છે. કષાય મંદ થયા છે. સ્વરૂપ સમજવાની રૂચિ અને જિજ્ઞાસા થઈ છે. |
| ૧૦. | દેશના લબ્ધિ | : તારી રૂચી પ્રમાણે વીતરાગી ભગવંતોની દેશના (માર્ગદર્શન) પ્રાપ્ત થઈ છે. |

આટલું બધુ તને પ્રાપ્ત થયું છે હવે પુરુષાર્થ કરી તારા આત્માનું હિત કરવાનો અવસર આવ્યો છે.

૪. **આ મનુષ્ય ભવમાં શું કરવું એના પ્રેરણાદાયક ગુરૂદેવના વચનો**

૧. હે જિજ્ઞાસુ! તું નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્માપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીયે છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. માટે સંદેહ ન કર, નિ:સંદેહ થા. વિશ્વાસ લાવ , પંચમ આરો કે ઓછા પુણ્ય કે પર્યાયમાં ઓછપ લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મા તત્ત્વ છો ને ! તે પણ તે પણ પરિણમવાને લાયક જ છો.

૨. સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો પોકાર કરીને અમે કહે છે કે પહેલામાં પહેલો આત્માને જાણવો, આત્માને અનુભવવો એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થ સ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલામાં પહેલો આત્માને જાણી અનુભવ કર.

૩. આત્મ અનુભવ સિવાય બધા મીંડા છે. લાખ કષાયની મંદતા કરે, લાખો શાસ્ત્ર ભણે, પણ અનુભવ વિના બધાં મીંડા છે. એકડા વગરના મીંડા છે. દ્રવ્યલિંગી મુનીએ શું નથી કર્યું એનો વિચાર કર. અગીઆર અંગ અને નવ પૂર્વનો શાસ્ત્ર અભ્યાસ કર્યો, રાજપાટ છોડી મુની દીક્ષા ગ્રહણ કરી અઠાવીસ મુળગુણ દોષ વગર પાડયા પણ સ્વભાવની રૂચિ-પ્રતિતી ન કરી. સમ્યકૃત્વ પ્રગટ ન કર્યું આત્માનો અનુભવ ન કર્યો.

૪. સમ્યગ્દર્શન કરવા માટે વારંવાર ભેદજ્ઞાન અને તત્વના નિર્ણયનો અભ્યાસ કરવો - આજ સ્વાધ્યાય કરવો,વિચાર કરવો, મંથન કરવું આનાથી તત્ત્વનો નિર્ણય થાય છે. નિર્ણય પાકો થતાં સમ્યગ્દર્શન થાય છે. આ તો સંપૂર્ણ આત્મા પ્રત્યે સમર્પણની ભાવના છે.

૫. આખો દિવસ, નિવૃત્ત થઈને શાસ્ત્રાનો અભ્યાસ કરવો, વિચાર મનન કરીને તત્ત્વોનો નિર્ણય કરવો અને શરીરાદિથી અને રાગથી ભિન્નતાનો અભ્યાસ કરવો. રાગાદિથી જ્ઞાનની ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. સુખી થવાનો આ જ એક ઉપાય છે.

૬. ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે અરે! મા-બાપ, ભાઈ-બહેન સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને કયાં ગયા હશે ? એની કાંઈ ખબર છે? અરે મારે મારા આત્માનું હિત કરી લેવા જેવું છે એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા...! - સગા-સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય-ક્ષેત્રકાળ -

ભાવ ભવ બધુ ફરી ગયું. શરીરના અનંતા રજકણો કયારે અને કયાં કેમ થશે એની છે ખબર ? માટે જાગતા રહેશે તે બચશે. આવી જાતની વૈરાગ્યની પ્રેરણા છે.

૭ જયારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલા અનંત જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા...! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યાને વીતરાગની વાણી મળી. એ તો ધન્ય ભાગ્ય ! મહા પુણ્યના થોક હોય - મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એના હાથની વાત છે. ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે. આ અપૂર્વ અવસર છે. તારી મોહજનીત હઠ છોડી દે.

૮. પરથી એકત્વ એ જ અનાદિનો એક રોગ છે અને એનુજ એને દુઃખ છે પરથી વિભક્ત -ભેદજ્ઞાન એ એક જ ઉપાય છે. બસ આખા સમયસારમાં પહેલેથી ઠેઠ સુધી આ એકજ વાત છે સમજીને સમાઈ જવાની વાત છે

૯ મિથ્યાત્વ એ મોટામાં મોટો કષાય છે . તત્ત્વ નિર્ણય કરતાં તે મંદ થતું જાયછે. નિર્ણય પુરો થઈ ગયો એટલે એનો અભાવ થઈ જશે સમ્યગ્દર્શન પ્રગટ થશે. બધી વાત કરીને કહેવું છે. એકજ, ''દ્રવ્ય સન્મુખથા પહેલાં રૂચિથી ને પછી પુરુષાર્થથી.'' મારું તત્ત્વ મને સહાય અનુકૂળ જ છે જેટલી ચૈતન્ય કલ્પવૃક્ષની એકાગ્રતા કરું એટલુ મળેજ છે મારે બીજાની જરૂર નથી. સ્વાધીનતાનો આ માર્ગ છે. બાકીતો સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે.

૧૦. સમ્યગ્દર્શન થયું એટલે અનંત અનંત ક્રોડ રૂપીયાનુ દેવું ચુકવાઈ ગયું. માત્ર અડધા રૂપીયાનું દેવું બાકી રહે છે. તે એકાદ બે ભવમાં ચૂકાઈ જશે. આવો વીતરાગનો માર્ગ છે.

૫. <u>આત્માનુભૂતિ સંબંધીત પ્રેરણાદાયક ગુરૂદેવના વચનો :-</u>

૧. હું જ્ઞાયક છું—જ્ઞાયક છું—જ્ઞાયક છું — એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા —! એ વર્તમાન જ્ઞાનની પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અંનતો પુરુષાર્થ માંગે છે. જ્ઞાયક તળમાં પર્યાય પહોંચી, આહાહા... એની શી વાત એવો પૂર્ણાનંદનો નાથ પ્રભુ! એની પ્રતીતિમાં એના વિશ્વાસમાં -ભરોસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ.!

૨. શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે જે રાગને ઘટાડે, ચરિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા પણ એને કહેવાય જે રાગને ઘટાડે. ક્રમબધાની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં જ્ઞાતા રહેનાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી એ જ શાસ્ત્રનું તાત્પર્ય છે.

૩. એક બે ઘડી શરીરાદિ મૂર્તિક દ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગનો ને પુણ્યનો અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે. ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બેઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરતં જ આત્મા અને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે.

૪. આચાર્યદેવ કરૂણા કરીને કહે છે કે હે આંધળા ! તને વેપારના ચોપડા આદિ અનેક કળાનું બધું જાણપણું છે અને તારા સુખનું નિધાન તારી વસ્તુનું તને જ્ઞાન નહિ ! તું સ્વયં જ્યોતિ સ્વરૂપ છે!, સુખનું ધામ છો, તેનું તને જ્ઞાન નહિ, ભાન નહિ, શ્રદ્ધા નહિ અને દુઃખના કારણભૂત બાહ્ય પદાર્થનું જ્ઞાન, આહાહા—! કેવી વાત છે. જાણનારને જાણે નહિ - એ તે કેવું જ્ઞાન !

૫. અનુભવ થતો નથી એમાં અમારો શું દોષ છે ? આ પરનો, ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો, પરમાંજ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન નથી થતો એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. સંક્ષેપમાં આ મોટો દોષ છે.

૬. જેને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એનુ જોર (સહજ ઉગ્રપુરુષાર્થ) ચૈતન્ય તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે, આ જ સ્વભાવ છે. એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી શ્રુધ્ધિ વાળો કેમ દેખીયે ? મિથ્યાદષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે તે સમ્યક્ લેવાનો છે.

૭. આત્મા એટલે સમજણનો પિંડ -જ્ઞાનનો પિંડ— બસ આમાં તો સમજવું—- સમજવું—-સમજવું જ એક આવે છે. બાજું કાંઈ કરવાનું આવતું નથી ! પણ સમજવું એ કરવું નથી ? એ શ્રદ્ધા-જ્ઞાનની ક્રિયા શું નથી ? સમજવાનું જ એક કરવાનું છે.પરતું સમજવાનું કરવું, જ્ઞાન કરવું એનું એને માહાત્મ્ય આવતું નથી.

૮. પ્રશ્નઃ રૂચિ થાય અને અહીં સમ્યગ્દર્શન ન થાય તો બીજા ભવમાં સમ્યગ્દર્શન થાય એવું કાંઈ ખરું ?

ઉત્તરઃ રૂચિ થાય એને થાય, એને થાય જ—-થાય જ—થાય જ—થાય —થાય ને થાય જ. યથાર્થ રૂચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહીં. વીર્યમાં હિણપ - હત્ ઉત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ - નિશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ એમ એને થવું જોઈએ.

૯. કર્મની હયાતિ છતાં, વિકારની હયાતિ છતાં, અલ્પજ્ઞાનની હયાતિ છતાં, જેનો દષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પુર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો. એનું નામ જ સમ્યગ્દર્શન છે.

૧૦. પર્યાય જો દશ્ય હે, ઉસકો અદશ્ય કરકે, ઔર ગુણભેદ જો દશ્ય હે ઉસકો અદશ્ય કરકે ઔર દ્રવ્ય જો અદશ્ય હે, ઉસકો દશ્ય કરકે, પૂર્વે અનંતા તીર્થંકરોને સમ્યગ્દર્શન પાયા હૈ, યહ એક હી માર્ગ હૈ, એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. આ વાતનો વિશ્વાસ આવવો જોઈએ.

આ સંપૂર્ણ સાધનાનો-જૈન દર્શનના રહસ્યનો સાર છે. આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.

**જૈન સનાતન વીતરાગ- દર્શન**

૧. અનાદિ-અનંત સનાતન વીતરાગ દિગંબર પરંપરા એજ સત્યધર્મ છે, વિશ્વધર્મ છે, એ વસ્તુ સ્વરૂપ બતાડે છે.

૨. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ ત્રણકાળ ત્રણ લોકમાં એક જ છે. એ મોક્ષમાર્ગના સાચા નિમિત્ત વીતરાગી દેવ-ગુરૂ-શાસ્ત્ર (ધર્મ) છે. "સહજ આત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમ ગુરૂ"

૬. **જૈન સનાતન વીતરાગ- દર્શન**

૧. અનાદિ-અનંત સનાતન વીતરાગ દિગંબર પરંપરા એજ સત્યધર્મ છે, વિશ્વધર્મ છે, એ વસ્તુ સ્વરૂપ બતાડે છે.

૨. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ ત્રણકાળ ત્રણ લોકમાં એક જ છે. એ મોક્ષમાર્ગના સાચા નિમિત્ત વીતરાગી દેવ-ગુરૂ-શાસ્ત્ર (ધર્મ) છે. ''સહજ આત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમ ગુરૂ''

૩. જૈન શાસન એટલે વીતરાગ વિજ્ઞાન -યથાર્થ વસ્તુ સ્વરૂપ. ''તત્વજ્ઞાન'' એ જૈન દર્શનનું રહસ્ય છે. પ્રત્યેક દ્રવ્ય ''દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક'' છે એવું છ દ્રવ્યનુ સ્વરૂપ છે. ૧) જીવ ૨) પુદ્ગલ ૩) ધર્મ ૪) અધર્મ ૫) આકાશ ૬)કાળ સાત તત્વો દ્વારા મોક્ષમાર્ગનું યથાર્થ નિરૂપણ કરનાર જૈન દર્શન ૧) જીવ ૨)અજીવ ૩)આશ્રવ ૪)બંધ ૫) સંવર ૬) નિર્જરા અને ૭)મોક્ષ

૪. અનેકાન્ત એ જૈનશાસનનો આત્મા છે, સ્યાદ્વાદ એ જૈનશાસનની કથનશૈલી છે, નિશ્ચય અને વ્યવહાર પૂર્વક વસ્તુ સ્વરૂપનુ યથાર્થ પ્રતિપાદન કરનાર જૈન દર્શન અલૌકિક છે. અતિ દુર્લભ છે.

૫. જૈન તત્ત્વનો આધાર મૂળભૂત સિધ્ધાંતો છે.

૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત ( સ્વયં સંચાલીત વિશ્વ વ્યવસ્થા) પ્રત્યકે દ્રવ્ય પોતાનુ સ્વતંત્ર સ્વયં અસ્તિત્વ ટકાવીને સ્વતંત્ર પરિણામી રહ્યો છે. દ્રવ્ય-ગુણ પર્યાય એ ત્રણે સ્વતંત્ર છે.

૨) ક્રમબધ્ધ પર્યાયનો સિદ્ધાંત દરેક દ્રવ્યની દરેક ગુણની પર્યાય નિશ્ચિંત ક્રમબધ્ધ છે. જે દ્રવ્યનુ, જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે જે નિમિતથી સર્વજ્ઞ દેવે જે પ્રમાણે પરિણમન જોયુ છે તે દ્રવ્યનું તે ક્ષેત્રે તે કાળે તે ભાવે તે જ નિયમથી તે જ પ્રમાણે પરિણમન થાય એમાં નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર કાંઈ કરી શકે નહિ.

૩) ઉપાદાન નિમિત્તની સ્વતંત્રતાનો સિદ્ધાંત દરેક પર્યાય તેની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે થાય છે ત્યારે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

૪) પાંચ સમવાય કાર્ય થવામાં પાંચ ૧) સ્વભાવ ૨) નિયતિ ૩) કાળલબ્ધિ ૪) નિમિત્ત અને ૫) પુરુષાર્થ સાથેજ હોય છે.

૬. ધર્મનું પ્રયોજન શું છે? શુંકામ ધર્મ કરવો જોઈએ ? ૧) સુખની ઉત્પતિ ૨) સુખની વૃધ્ધિ ૩) પૂર્ણ સુખની પ્રાપ્તિ. મોક્ષ એજ આત્માનુ હિત છે. દુઃખમાંથી છુટકારો એજ મુક્તિનો ઉપાય છે. તે સમયે સર્વ કર્મોનો સ્વયં ક્ષય થઈ જાય છે.

૭. ''અનુભૂતિ'', ''આત્માનુભૂતિ'', ''સ્વાનુભૂતિ'' એજ જૈન શાસન છે. ધર્મની શરૂઆત - અતિન્દ્રિય સુખની શરૂવાત આત્માનુભૂતિથી થાય છે. આત્માનુભૂતિ જ આત્મધર્મ છે, આત્મધ્યાન છે. આત્મની નિર્વિકલ્પ અવસ્થા એજ આત્માનુભૂતિ છે.

૮. ધર્મની શરૂઆત જે આત્મનુભૂતિથી થાય છે તે વખતના ધ્યાનને ''ધર્મ ધ્યાન'' કહેવામાં આવે છે. તેનું જ નામ સમકીત છે. તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. શ્રદ્ધાગુણની નિર્મળ પરિણતી છે. ધર્મની પૂર્ણતા પણ આત્માનુભૂતિની પુર્ણતામાં છે. તે કેવળજ્ઞાન પ્રગટ થતાં, અનંત ચતુષ્ટય પ્રગટ થતાં સાધનાની પૂર્ણતા થાય છે. તે વખતના ધ્યાનને ''શુકલ ધ્યાન'' કહેવામાં આવે છે. અને પછી સિધ્ધ દશા પ્રગટ થાય છે. એ સંપૂર્ણ શુધ્ધતાની સ્થિતિ છે.

૯. જ્યાં ઉપયોગ પોતાના સ્વભાવમાં છે, વર્તમાન જ્ઞાનની પર્યાય પોતે પોતાને જાણવામાં લીન છે તે અનુભૂતિની દશા છે. અને તેટલો સમય અતિન્દ્રિય સુખનું વેદન છે. આત્માનુભૂતિ એ જ સુખાનુભૂતિ છે. વીતરાગી પરિણતિની ઉત્પત્તિને ભગવાને અહિંસા કહી છે. ભેદજ્ઞાન અને તત્વનો નિર્ણય એના મુખ્ય આધાર છે.

૧૦. ''જ્ઞાનમાત્ર'' આત્મામાં લીન થવું, તેનાથી સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું - એ જ પરમધ્યાન છે. દ્રવ્યદૃષ્ટિ એ જ સમ્યગ્દૃષ્ટિ તેનાથી વર્તમાનમાં અતિન્દ્રિય આનંદ અનુભવાય છે. આવી આત્માની પ્રથમ દરજ્જાની અવસ્થા દૃષ્ટિમોક્ષ આ કાળમાં આ ક્ષેત્રમાં શકય છે. અસંભવ નથી. તે અનંતો પુરુષાર્થ માંગે છે. મહાવરાથી એ સહજ જ છે. પછી થોડાક કાળમાં પૂર્ણ સુખની - કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવું પ્રગટ કરનાર પુરુષ (આત્મા) તે સુખને જાણે છે. બીજાનો એમાં પ્રવેશ નથી.

## જૈન સનાતન વીતરાગ દર્શન

વીતરાગી પરિણતિની ઉત્પત્તિને ભગવાને અહિંસા કહી છે. 'અહિંસા પરમો ધર્મ' સચ્ચિદાનંદમય ભગવાન આત્માનો સ્વાદ-અનુભવ લેવામાં આવે ત્યારે ધર્મ થાય છે. આ જ માર્ગ છે આ જ સાધન છે. બહારના ક્રિયાકાંડ કે શુભરાગમય પરિણમન એ ધર્મ નથી.

<u>અનુભવ સંબંધી થોડુંક ચિંતવન</u>

(૧) અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હે રસકૂપ....
અનુભવ મારગ મૌખકો, અનુભવ મૌખ સ્વરૂપ.

(૨) વસ્તુવિચાર ધ્યાવતૈઃ મન પામે વિશ્રામ;
રસ સ્વાદન સુખ ઉપજૈ, અનુભવ તાકો નામ.

(૩) ઉપજે મોહ - વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા, વિલય થતાં નહિ વાર.

(૪) ભગવાન આત્મા પરમાર્થ સ્વરૂપ - આનંદ રસનો-શાંત રસનો-અકષાય રસનો સમુદ્ર છે. તેમાં અંતર્મગ્ન થતાં શાંત રસનો-આનંદ રસનો આહ્‌લાદકારી સ્વાદ આવે છે આનું નામ જિન-શાસન છે.

(૫) આત્મ અનુભવની જે દશા છે - તે સમ્યક્ત્વ છે અને તે ધર્મ છે.
તે સંવર - નિર્જરા - મોક્ષ છે. આ જ એક સુખી થવાનો ઉપાય છે.

સાર : (૧) મોક્ષ છે - સુખની પર્યાય પ્રગટ થઈ શકે છે.

(૨) સ્વભાવનો સ્વીકાર - તું છો મોક્ષસ્વરૂપ

(૩) તેનો ઉપાય છે. વર્તમાન જ્ઞાનની પર્યાય સ્વભાવનું આલંબન લઈ ત્યાં એકાગ્ર થાય તો મોક્ષની પર્યાય પ્રગટ થાય છે.

<u>'વીતરાગતા'</u>

(૧) વસ્તુ પોતે મોક્ષસ્વરૂપ જ છે. તેનું સામર્થ્ય તેની શક્તિ - તેનું સત્ત્વ સદા મુક્ત સ્વરૂપ જ છે.

(૨) પણ આ તો પર્યાયમાં મુક્તિ થાય છે, અનુભવાય છે.

(૩) જેણે આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણ્યો તેણે જૈન શાસન જાણ્યું છે.

(૪) ભગવાન આત્માને રાગ અને કર્મના બંધરહિત જાણનારી જે શુદ્ધોપયોગની પરિણતિ છે તે જૈન શાસન છે.
અશુદ્ધોપયોગ (શુભાશુભભાવરૂપ)-રાગની પરિણતિ કાંઈ જૈન શાસન નથી.



# ૩. સ્વાનુભૂતિ

૧. ૧. વ્યાખ્યા: - સ્વ એટલે આત્મા

**" પોતાના આત્માનો અનુભવ એજ સ્વાનુભૂતિ છે."**

૨. વિધિ - વર્તમાન જ્ઞાનની પ્રગટ પર્યાય પરનો પક્ષ છોડી, નિજ ભગવાન આત્મા - પરમપારિણામિક ભાવ- જે દ્રષ્ટિનો વિષય છે, તેનો પક્ષ લઈ, તેની રૂચિ, પ્રતિતી અને લક્ષ (પોતાના સ્વભાવનો નિર્ણય) કર છે અને તેમાં એકાગ્ર થાય છે. તો પ્રતિ સમય તે જ્ઞાનની પર્યાય શુદ્ધાત્માના આશ્રયથી શુદ્ધ થતી જાય છે (જેવો સ્વભાવ છે એ રૂપે પરિણમી જાય છે) અને જો આવું ધ્યાન બે ઘડી (અડતાલીસ મીનીટ) ધારાવાહી ચાલે તો એ જ્ઞાનની પર્યાય દક્ષ થઈ પૂર્ણ શુદ્ધ થઈ જાય છે અને એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા અપૂર્વ અતીન્દ્રિય આનંદ સાથે અતીન્દ્રિયજ્ઞાનમાં જણાય છે, એને જ

૩. **"આત્માનો અનુભવ" અથવા સ્વાનુભૂતિ કહેવાય છે."**

૪. ધર્મની પરિભાષામાં એને 'સમ્યગ્દર્શન' (સમકીત) અથવા **આત્મજ્ઞાન** કહેવામાં આવે છે.

૫. જીવને પ્રથમ વખત આવા અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. કેવળજ્ઞાન થતાં પૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે.

૬. 'આત્મધર્મ'ની શરૂઆત આ નિર્વિકલ્પ અનુભૂતિથી જ થાય છે. આ એક સમયની 'વીતરાગી પર્યાય' છે.

૭. 'વીતરાગ ચારિત્ર' ત્યાર પછી જ અંગીકાર કરવામાં આવે છે. અને કેવળજ્ઞાન થતાં પૂર્ણ 'વીતરાગતા' પ્રગટ થાય છે.

૨. **'આત્માનુભૂતિ અને ધ્યાન**

૧) આત્માનુભૂતિ એજ 'આત્મધર્મ 'છે.

૨) ધર્મની શરૂઆત આત્માનુભૂતિથી જ થાય છે. તે વખતના ધ્યાનને 'ધર્મ ધ્યાન' કહેવામાં આવે છે. તેનું જ નામ 'સમકીત' છે.

૩) ધર્મની પૂર્ણતા પણ આત્માનુભૂતિની પૂર્ણતામાં છે. તે કેવળજ્ઞાન પ્રગટ થતાં આત્મ સાધનાની પૂર્ણતા થાય છે. તેવખતના ધ્યાન ને 'શુક્લ ધ્યાન' કહેવામાં આવે છે.

'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞા તે, દહે છતાં નિર્વાણ.'

૪) 'આત્માનુભૂતિ' જ 'આત્મધ્યાન' છે.

૫) 'આત્માનુભૂતિ' એજ 'જૈન શાસન' છે.

૬) જ્યાં 'સ્વઉપયોગ' પોતાના સ્વભાવમાં એકાગ્ર છે, ત્યાં જ્ઞાનની પર્યાય પોતે પોતાને જાણવામાં લીન છે તે અનુભૂતિની દશા છે અને તેને 'શુદ્ધોપયોગ' પણ કહેવામાં આવે છે. અને તેટલો સમય સુખનું વેદન છે.

૭) 'આત્માનુભૂતિ' એજ 'સુખાનુભૂતિ' છે.

**આજ શાંતિ અને સુખનો પહેલામાં પહેલો ઉપાય છે.**

3. **'અનુભવ સંબંધી વિશેષ'**

1. **અનુભવનું લક્ષણ :**

   'વસ્તુ વિચારત ધ્યાવતે, મન પામે વિશ્રામ;
   રસ સ્વાદન સુખ ઉપજે, અનુભવ યાકો નામ.'

**અર્થ :-** આત્મપદાર્થનો યથાર્થ વિચાર અને ધ્યાન કરવાથી ચિત્તને જે શાંતિ મળે છે તથા આત્મિક રસનો આસ્વાદ કરવાથી જે સુખ પ્રાપ્ત થાય છે તેને જ 'આત્માનો અનુભવ' કહે છે.

2. **અનુભવનો મહિમા :**

   'અનુભવ ચિંતામણિ રતન, અનુભવ છે રસકૂપ;
   અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.'

**અર્થ :-** અનુભવ ચિંતામણિ રત્ન છે, અનુભવ શાંતી રસનો કૂવો છે, અનુભવ મોક્ષનો માર્ગ છે, અનુભવ પોતે મોક્ષ સ્વરૂપ છે.

3. **અનુભૂતિની વિધિ:**

   અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા, તેના એકરૂપ વીતરાગ સ્વભાવે લક્ષમાં લઈ, પરનો પક્ષ છોડી, તેને એકને ધ્યાનનો ધ્યેય, જ્ઞાનનો જ્ઞેય, શ્રદ્ધાનો શ્રદ્ધેય બનાવી, 'વર્તમાન પ્રગટ જ્ઞાનની પર્યાય' દક્ષ (નિપુણ-પ્રવીણ) થઈ તેમાં એકાગ્રતાનો ધારાવાહી (નિરંતર) અભ્યાસ કરતાં એ પર્યાય સ્વભાવના આશ્રયે નિર્મળ થતી જાય છે અને એ પૂર્ણ શુદ્ધ થયેલી જ્ઞાનની પર્યાયમાં આંનદનો વેદન સહિત ભગવાન આત્મા 'પ્રત્યક્ષ' અનુભવમાં આવે છે.

   'અનુભૂતિ' ની આ એક જ વિધિ વીતરાગી પરમાત્માએ બતાવી છે. આ એક જ સુખ પ્રાપ્તિનો ઉપાય છે.

4. **આત્મસત્તાનો અનુભવ નિર્વિકલ્પ છે. શુદ્ધ સત્તાની પ્રાપ્તિ - અનુભવમાં જ છે.**

1. જેમાં લૌકિક જ્ઞાન નથી...
2. જેમાં લૌકિક રીતરિવાજોનીન વિધિ છે કે ન નિષેધ છે.
3. જેમાં લૌકિક વાતોનું ખંડન (જેમ મૂર્તિને ઈશ્વર કહેવા એ લોક વ્યવહાર છે અને મૂર્તિપૂજાનું ખંડન કરવું તે લોક સ્થાપનાનો ઉચ્છેદ કરવા બરાબર છે. સત્તામાં તે બંને નથી.)
4. પાપ - પુણ્યનો ક્લેશ નથી.
5. કોઈપણ ક્રિયાની જેમાં આજ્ઞા નથી.
6. જેમાં રાગ-દ્વેષ કાઈ નથી-વીતરાગ પરિણતિ છે.
7. જેમાં બંધ-મોક્ષ કાંઈ નથી-માત્ર જાણપણું જ છે.
8. જેમાંન સ્વામી (પ્રભુ) છે, ન સેવક (દાસ) છે.
9. જેમાં ઊંચ-નીચનો કોઈ ભેદ નથી
10. જેમાં કુળચાર (કુળ પ્રમાણેની કેઈ વિધિ) નથી.
11. જેમાં વાદ-વિવાદ, હાર-જીત કાંઈ નથી.
12. જેમાં કોઈ ગુરુ નથી, કોઈ શિષ્ય નથી.
13. જેમાં કાંઈ હાલવું-ચાલવું નથી (સ્થિરતા) છે.
14. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર કોઈ વર્ણ નથી.
15. જેમાં કોઈનું શરણ નથી (માંગલિકના ચાર શરણ)

એવી શુદ્ધસત્તા અનુભવરૂપી ભૂમિમાં જ પ્રાપ્ત થાય છે.

આત્મસત્તાનો અનુભવ નિર્વિકલ્પ જ છે. જેમાં કોઈ પણ જાતના વિકલ્પને સ્થાન નથી. જેઓ મોક્ષમાર્ગી છે તે સદાય આત્મઅનુભવો રસ દઢ કરે છે - આત્મ અનુભવનો જ પાઠ ભણે છે. અથવા આત્માનું જ રટણ લાગ્યું રહે છે.

'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ચૈતન્ય સત્તા છું.'

૫. આત્માનુભૂતિ એ જ જૈન શાસન

૧. 'અનુભૂતિ' એજ જૈનશાસન છે. જૈન શાસન એટલે યુક્તિ અને અનુભવનો ભંડાર સુખની ઉત્પત્તિ, સુખની વૃદ્ધિ અને પૂર્ણ સુખની પ્રાપ્તિ એ જ ધર્મનું પ્રયોજન છે. સુખાનુભૂતિ એ જ જૈન શાસન છે.

૨. 'જૈન શાસન એટલે વીતરાગતા' જેવો વીતરાગ સ્વભાવ શક્તિરૂપે સત્તામાં પડેલો છે, તે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય એ જ જૈન શાસન છે.

૩. જૈન શાસન એટલે દરેક દ્રવ્યે સંપૂર્ણ અને સ્વાધીન (સ્વતંત્ર) બતાવનાર સનાતન અનાદિ-અનંત વિશ્વનો ધર્મ. પ્રત્યેક આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે અને પરમાત્માપણું પ્રગટ કરી શકે છે.

૪. 'અનેકાન્ત' એ જૈનશાસનો આત્મા... 'દરેક વસ્તુ પોતાપણે છે અને પરપણે નથી'

૫. 'સ્યાદ્‌વાદ' એ જૈનશાસનની કથન શૈલી... દરેક કથન અપેક્ષા સહિત હોય છે.

સારભૂત : ચૈતન્યમૂર્તિ આત્મા સૂક્ષ્મ અરૂપી અતીન્દ્રિય વસ્તુ છે, એ કાંઈ ઇન્દ્રિયગ્રાહ્ય વસ્તુ નથી કે જે ઇન્દ્રિય અને મનના અવલંબન વડે જણાઈ જાય એ તો અંતર્મુખ જ્ઞાનનો વિષય છે. અતીન્દ્રિય હોવા છતાં અંતર્મુખ જ્ઞાન વડે 'સ્વાનુભવ' માં આવી શકે એવો ચૈતન્ય ચમત્કાર મહાન પદાર્થ છે. 'અતીન્દ્રિય' જ્ઞાન વડે 'અતીન્દ્રિય સુખ' ની આ અનુભૂતિની દશામાં સહજ પ્રાપ્તિ થાય છે એ બતાવનારુ સદાય જયવંત વર્તતું જૈનશાસન છે.

૬. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું ?

૧. સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ દઢ નિર્ણય કરવો.

૨. જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય દઢ કરવામાં સહાયભૂત

   ૧. તત્ત્વજ્ઞાનનો (સાતતત્ત્વોનો યથાર્થ સ્વરૂપ)
   ૨. દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું અને સ્વતંત્રતા
   ૩. દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય
   ૪. ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત
   ૫. ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા...
   ૬. નિશ્ચય અને વ્યવહાર
   ૭. જીવ અને શરીરની તદ્દન ભિન્ન ભિન્ન ક્રિયાઓ
   ૮. પુણ્ય અને ધર્મના લક્ષણ ભેદ-સ્વપરનું ભેદજ્ઞાન...
   ૯. વીતરાગી દેવ-ગુરુ શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ

   આવા અનેક વિષયોના સાચા બોધનો - અભ્યાસ કરવો.

૩. તીર્થંકર ભગવંતોએ કહેલાં આવાં અનેક પ્રયોજનભૂત સત્યોના અભ્યાસની સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર-મુગટમણિ જે 'શુદ્ધ દ્રવ્ય સામાન્ય' અર્થાત્

પરપારિણામિક ભાવ એટલે કે જ્ઞાયક સ્વભાવી શુદ્ધાત્મદ્રવ્ય સામાન્ય જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે , મોક્ષમાર્ગનું આલંબન છે. સર્વ શુધ્ધભાવોનો નાથ છે-તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે અંકિત કરવા યોગ્ય છે.

૪. તે નિજ શુદ્ધાત્મદ્રવ્યનો આશ્રય કરવાથી જ અતીન્દ્રિય આનંદમય સ્વાનુભૂતિ પ્રાપ્ત થાય છે.

૫. આવા અનુભવ વિના આત્મા સમ્યકપણે દેખાતો-શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શની-ધર્મની શરૂઆત જ થતી નથી.

૭. **પ્રશ્ન: - સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપાય શું છે?**

ઉત્તર:

૧. આત્મા અને પર દ્રવ્યો તદ્દન જુદાં છે, એકનો બીજામાં અત્યંત અભાવ છે. છ એ દ્રવ્યોની સત્તા ભિન્ન ભિન્ન છે.

૨. એક દ્રવ્ય, તેના કોઈ ગુણ કે તેના કોઈ પર્યાય બીજા દ્રવ્યમાં, તેના ગુણમાં કે તેના પર્યાયમાં પ્રવેશ કરી શકતાં નથી; માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. એવી વસ્તુસ્થિતિની મર્યાદા છે. દ્રવ્ય-ગુણ-પર્યાય દરેકની સંપૂર્ણ સ્વતંત્રતા છે.

૩. વળી દરેકદ્રવ્યમાં અગુરુલઘુત્ત્વગુણ છે કેમ તે સામાન્ય ગુણ છે. તે ગુણને લીધે કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિં. તેથી આત્મા પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. કોઈને સુખી-દુખી કરી શકે નહિ.

૪. આત્મા શરીરને હલાવી ચલાવી શકે નહિ. દ્રવ્યકર્મો કે કોઈ પણ પરદ્રવ્ય જીવને કદી લાભ-નુકશાન કરી શકે નહિ.

૫. આ પ્રમાણે પ્રથમ નક્કી કરવાથી જગતના પર પદાર્થોના એકત્ત્વ, મમત્ત્વ અને કર્તાપણાનું જે અભિમાન આત્માને અનાદિથી ચાલ્યું આવે છે તે, માન્યતામાંથી (અભિપ્રાયમાંથી) અને જ્ઞાનમાંથી ટળી જાય છે.

૬. શાસ્ત્રોમાં દ્રવ્યકર્મો જીવના ગુણોનો ઘાત કરે છે એવું કથન આવે છે તેથી તે કર્મોનો ઉદય જીવના ગુણોનો ખરેખર ઘાત કરે છે એમ ઘણા માને છે એ તેનો તેવો અર્થ કરે છે; પણ તે અર્થ ખરો નથી. કેમ કે તે કથન વ્યવહારનયનું છે. માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવનારૂં કથન છે. તેનો ખરો અર્થ એવો થાય છે કે -જ્યારે જીવ પોતાના પુરુષાર્થના દોષ વડે પોતાના પર્યાયમાં વિકાર કરે છે-અર્થાત્ પોતાના પર્યાયનો ઘાત કરે છે ત્યારે તે ઘાતમાં અનુકૂળ નિમિત્તરૂપ જે દ્રવ્યકર્મ આત્મપ્રદેશોથી ખરવા તૈયાર થયું છે તેને 'ઉદય' કહેવાનો ઉપચાર છે. એટલે કે તે કર્મ પર નિમિત્તનો આરોપ આવે છે.

૭. અને જીવ પોતે પોતાના સત્ય પુરુષાર્થ વડે-તે સમયે નિર્માણ થયેલી પરિસ્થિતિથી જો યથાર્થ ભેદજ્ઞાન કરી-ઉપયોગને તેનાથી છૂટો પાડી પોતાના સ્વરૂપનું ચિંતન કરે છે-એટલે પર્યાયમાં વિકાર કરતો નથી-પોતાની પર્યાયનો ઘાત કરતો નથી તો દ્રવ્યકર્મોના તેજ સમૂહને 'નિર્જરા' નામ આપવામાં આવે છે.

૮. આ રીતે નિમિત્ત નૈમિત્તિક સબંધનું જ્ઞાન કરવા પૂરતો તે વ્યવહાર કથનનો અર્થ થાય છે.

૯. જો બીજે રીતે (શબ્દો પ્રમાણે) અર્થ કરવામાં આવે તો તે સંબંધને બદલે કર્તા-કર્મનો સંબંધ માનવા બરાબર થાય છે, અર્થાત્ ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર એકરૂપ થઈ જાય છે.

૧૦. અથવા તો એક બાજુ જીવદ્રવ્ય અને બીજી બાજુએ અનંત પુદ્ગલ દ્રવ્યો (કર્મો) - તે અનંત દ્રવ્યોએ મળી જીવમાં વિકાર કર્યો એમ તેનો અર્થ થઈ જાય છે-કે જે બની શકે નહિ.

૧૧. આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા કર્મના ઉદયે જીવને અસર કરી નુકસાન કર્યું-પરિણમાવ્યો વગેરે પ્રકારે ઉપચારથી કહેવાય છે, પણ તેનો જો તે શબ્દ પ્રમાણે અર્થ કરવામાં આવે તે ખોટો છે.

૧૨. આ રીતે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પહેલાં તો સ્વ-દ્રવ્ય પરદ્રવ્યની ભિન્નતા અને સ્વતંત્રતા નક્કી કરવી.

૧૩. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતા નક્કી કરી, પરદ્રવ્યો ઉપરનું લક્ષ છોડી, સ્વદ્રવ્યના વિચારમાં આવવું.

૧૪. ત્યાં આત્મામાં બે પડખાં (સ્વભાવ) છે તે જાણવા. એક નિત્ય-એકરૂપ દ્રવ્ય સ્વભાવ અને બીજું અનિત્ય પર્યાયસ્વભાવ.

૧૫. <u>દ્રવ્ય સ્વભાવ</u> - આત્માનું દરેક સમયે ત્રિકાળી અખંડ પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવરૂપપણું દ્રવ્યે-ગુણે-પર્યાયે (વર્તમાન પર્યાયને ગૌણ કરતાં) છે. આત્માનું આ પડખું 'નિશ્ચયનયનો' વિષય છે. આ દૃષ્ટિનો વિષય છે. આ પડખાંને નક્કી કરનાર જ્ઞાનનું પડખું તે 'નિશ્ચય નય' છે. એને શુદ્ધનય પણ કહેવામાં આવે છે.

૧૬. પર્યાય સ્વભાવ; - બીજું પડખું-વર્તમાન પર્યાયમાં દોષ છે, વિભાવરૂપ પરિણમન છે, વિકાર છે તે નક્કી કરવું. આ પડખું વ્યવહારનયનો વિષય છે. શ્રદ્ધાગુણ અને ચારિત્રગુણની પર્યાયમાં જે વિપરીતતા છે એનું જ્ઞાન કરવું. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ

૧૭. આમ બે નયદ્વારા આત્માનાં બે પડખાંને નક્કી કર્યા પછી, વિકાર પર્યાય ઉપરનું વલણ-લક્ષ છોડીને-તેનાથી સ્વભાવ-વિભાવનો ભેદજ્ઞાન કરીને પોતાના ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ તરફ વળવું.

૧૮. હજી તો આ વિકલ્પાત્મક નિર્ણય છે. પરંતુ એમાં સ્વભાવનો જોર છે. એ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યો નિર્ણય 'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું' એ નિર્ણયથી શુદ્ધના લક્ષે પ્રત્યેક સમયે પર્યાયમાં શુદ્ધતા થતી જાય છે. પર્યાયમાં શુદ્ધતા થવા માટે આજ એક પ્રક્રિયા છે. ઉપાય છે.

૧૯. હવે સહજ પુરુષાર્થ વડે જો આ નિર્ણયની ધારા તૂટ્યાવગર બે ઘડી (અડતાલીસ મીનીટ) ચાલે તો વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપે, શ્રદ્ધાનરૂપે, વીતરાગરૂપે એકાગ્રતાથી પરિણમી જાય છે. અને એ શુદ્ધજ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા આનંદના વેદન સહિત જણાય છે. આ ને જ આત્માનો અનુભવ અથવા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે.

૨૦. જો કે નિશ્ચયનય અને સમ્યગ્દર્શન એ બંને જુદા જુદા ગુણોના પર્યાય છે તો પણ તે બંનેનો વિષય એક છે-અર્થાત્ તે બંનેનો વિષય એક અખંડ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેને બીજા શબ્દોમાં 'ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ' 'પરમપારિણામિક ભાવ' કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન કોઈ પરદ્રવ્ય, દેવ-ગુરુ-

શાસ્ત્ર, નિમિત્ત, પર્યાય, ગુણ-ગુણીના ભેદ કે ભંગ વગેરેને સ્વીકારતું નથી, કેમ કે તેનો વિષય ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા છે. નિર્વિકલ્પ અનુભવની શરૂઆત ચોથા ગુણસ્થાનથી જ થાય છે.

૮ <u>સારભૂત</u>

૧. આ લોકમાં છ દ્રવ્ય છે. ૧-જીવ, ૨-પુદ્‌ગલ, ૩-ધર્મદ્રવ્ય, ૪-અધર્મદ્રવ્ય, ૫-આકાશ, ૬-કાળ તેમાં સારભૂત તો એક જીવ છે.
૨. જીવો અનંત છે, તેમાં સારભૂત તો પંચપરમેષ્ઠિ છે. ૧-સિદ્ધ, ૨-અરિહંત, ૩-આચાર્ય, ૪-ઉપાધ્યાય, ૫-સાધુ
૩. તેમાં સારભૂત અરિહંત અને સિદ્ધ છે જેઓ પૂર્ણ જ્ઞાન અને સુખને પ્રાપ્ત થયા છે.
૪. તેમાં પણ સારભૂત તો સિદ્ધ જ છે. અરિહંત પણ દેહ અને કર્મ સહિત છે.
૫. સિદ્ધ પણ પરદ્રવ્ય છે. તેનું લક્ષ કરતા રાગી જીવને રાગ થાય છે.
૬. તો સારભૂત તો એક નિજ આત્મા જ છે.
આ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક-પ્રમાણનો વિષય છે. દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ
૭. તેમાં પણ સારભૂત તો એક શુદ્ધાત્મા જ છે. <u>જે દ્દષ્ટિનો વિષય છે.</u>
૮. આવા દ્દષ્ટિનો વિષય જે શુદ્ધાત્મા છે તેનો મહિમા - અધિકતા કેમ આવે તેના ગુણ જોઈએ.
૯. વર્તમાજ્ઞાનની પર્યાય આવા શુદ્ધાત્મામાં અહંપણું સ્થાપતી પોતે એ રૂપે - અભેદરૂપે પરિણમી જાય એ જ સાધ્યની સિદ્ધિ છે. એ જ અનુભૂતિ છે. એ સ્વાનુભૂતિ એ જ જૈનશાસન છે.

<u>સ્વાનુભૂતિ - ૨</u>

૧. <u>આત્મતત્ત્વનો અનુભવ કરો</u>

૧. શ્રી ગુરુ કહે છે કે જિનવાણીનો વિસ્તાર અને વિશાળ અપરંપાર છે, અમે ક્યાં સુધી કહીશું. વધારે વિસ્તાર હવે બસ થાઓ. તેથી હવે મૌન થઈ રહેવું સારું છે. કારણ કે પ્રયોજનભૂત તત્ત્વોનું જ્ઞાન પુરતું છે. જેનાથી આત્માનું પ્રયોજન સધાય તેટલી જાણકારી જરૂરી છે. જેનાથી અનેક વિકલ્પ ઉઠે તે કાર્ય દુખજનક છે. હવે શ્રદ્ધા કરી, બસ, શુદ્ધ પરમાત્માના અનુભવનો અભ્યાસ કરો, એજ મોક્ષમાર્ગ છે અને એટલો જ પરમાર્થ છે.
૨. શુદ્ધ આત્માનો અનુભવ કરવો તેજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, બાકી બધો વચનનો આડંબર છે.
૩. આત્મપદાર્થ જગતના સર્વે પદાર્થોને દેખવા માટે નેત્ર છે, આનંદમય છે, જ્ઞાન ચેતનાથી પ્રકાશિત છે, સંકલ્પ-વિકલ્પ રહિત છે, સ્વયંસિદ્ધ છે, અવિનાશી છે, અચળ છે, અખંડિત છે, જ્ઞાનનો પિંડ છે, સુખ આદિ અનંત ગુણોથી પરિપૂર્ણ છે, વીતરાગ છે, ઇન્દ્રિયોથી અગોચર છે, માત્ર જ્ઞાનગોચર છે. જન્મ-મરણ અથવા ક્ષુદ્ધા-તૃષા આદિની બાધાથી રહિત નિરાબાધ છે. આવા આત્મતત્ત્વનો અનુભવ કરો.
૪. આત્માના અનેક ગુણ-પર્યાયોના વિકલ્પમાં ન પડતા, નિર્વકલ્પ આત્મ-અનુભવનું અમૃત પીઓ. તમે પોતાના સ્વરૂપમાં લીન થઈ જાવ અને શરીરમાં અહંબુદ્ધિ છોડીને નિજ આત્માનો અનુભવ કરો.

૫. રાગ-દ્વેષ આદિ વિભાવ પરિણતિ દૂર કરીને શુદ્ધ આત્મપદમાં લીન થાવ, એ જ એક મોક્ષનો રસ્તો છે, બીજો કોઈ માર્ગ નથી.

૨. <u>આત્માના અનુભવનો અભ્યાસ</u>

૧. જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે, જ્યારે તે જ્ઞેયનું ગ્રહણ કરે છે અર્થાત્ જાણે છે, ત્યારે તેની પરિણતિ સેયાકાર થાય છે. કારણ કે જ્ઞાન સવિકલ્પ છે, દર્શન સમાન નિર્વિકલ્પ નથી.

૨. જ્ઞાન જ્ઞેયના આકાર આદિનો વિકલ્પ કરે છે કે આ નાનું છે, આ મોટું છે. વાકું છે, સીધું છે, ઊંચું છે, નીચું છે, ગોળ છે, ત્રિકોણ છે, મીઠું છે, કડવું છે, સાધક છે, બાધક છે, હેય છે, ઉપાદેય છે, ઇત્યાદિ

૩. પરંતુ જ્ઞાન જ્ઞાન જ રહે છે, જ્ઞેયનું જ્ઞાયક હોવાથી અથવા જ્ઞેયાકાર પરિણમવાથી જ્ઞેયરૂપ થતું નથી, પરંતુ જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ પ્રતિબિમ્બિત થવાથી અથવા તેમાં આકાર આદિનો વિકલ્પ થવાથી,

૪. અજ્ઞાનીઓ જ્ઞાનનો દોષ સમજે છે અને કહે છે કે જ્યારે આ જ્ઞાનની સવિકલ્પતા મટી જશે-અર્થાત્ આત્મા શૂન્ય જડ જેવો થઈ જશે, ત્યારે જ્ઞાન નિર્દોષ થશે.

૫. પરંતુ 'વસ્તુભાવ મિટે નહિ ક્યોંહી' ની નીતિથી તેમનો વિચાર નિષ્ફળ છે કારણ કે સ્વભાવ પ્રમાણે પરિણમન થાય જ.

૬. ઘણું ખરું જોવામાં આવ્યું છે કે આપણે કાંઈ ને કાંઈ ચિંતવન કર્યા જ કરીએ છીએ. તેનાથી ખેદખિન્ન થયા કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આ ચિંતવન ન થયા કરે.

૭. સામાન્ય અનુભવ એમ કહે છે ચેતયિતા ચેતન તો ચેતતો રહે છે, ચેતતો હતો અને ચેતતો રહેશે, તેનો ચેતના સ્વભાવ મટી શકતો નથી. જ્ઞાનનું જાણવાનું કાર્ય ક્યારે પણ થંભી ન શકે.

૮. માટે જ્ઞાનનું કાર્ય તો હમેશા ચાલું જ છે, જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે એ સંબંધી અજ્ઞાનીની માન્યતા વિપરીત છે. જ્ઞાનનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. સ્વ અને પર બંનેને જાણે એવું તેનું સામર્થ્ય છે.

૯. આત્માની અનુભૂતિ વખતે આવી સ્વપર પ્રકાશક શક્તિ પ્રગટ થાય છે અને આનંદનો સ્વાદ પણ સાથે જણાય છે.

૧૦. તેથી સદા સાવધાન રહીને ઈષ્ટ-વિયોગ, અનિષ્ટ-સંયોગ, પરિગ્રહ-સંગ્રહ આદિને અત્યંત ગૌણ કરીને નિર્ભય, નિરાકુળ, નિગમ, નિર્ભેદ આત્માના અનુભવો અભ્યાસ કરવો જોઈએ.

૩. <u>સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવી છે.</u>

૧. શુભાશુભ ભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાંતિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે, લીનતા કરે તો પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભનો આશ્રય છોડીને ચૈતન્યો આશ્રય લેવો. સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ આ એક જ કરવા જેવું છે. દેવ-ગુરુ-શાસ્ત્રના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી પ્રગટ કરવી જોઈએ. અંદરમાં વૈરાગ્ય અને પુરુષાર્થ - માત્ર વિચારરૂપ નહિ કિંતુ અંદરથી જે

પ્રગટ થાય તે કરવા જેવો છે. જ્ઞાયક... જ્ઞાયક.... જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવું છે.

૨. હું જ્ઞાયક છું. જ્ઞાયક છું - એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. સંસ્કાર પડે છે, અંદરથી હકાર આવે છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા! સમ્યગ્દર્શન કોઈ અપૂર્વ ચીજ છે.

૩. જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહ સમૂળ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કાંઈ આત્મસિદ્ધિનું સાધન નથી.

૪. **અકર્તાપણું એ જૈનદર્શનની પરાકાષ્ટા છે.**

૧. તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો, પણ એ જ્ઞાપકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરુ..કરુ.. પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરુ..કરુ.. કરીને કાંઈ નવું કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય પર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે.

૨. અરે ભાઈ! તું વિચાર તો કર કે તું કોણ છે? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝઘડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી નિર્મળ પર્યાય નો કર્તા પણ નથી, અકર્તાસ્વરૂપ છો. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈનદર્શન છે. આહાહા! જૈનદર્શન આકરું બહુ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ તેનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી કેમ કે પર્યાય ષટ્કારથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. અહાહા! ભાઈ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યે ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્ય-ગુણ પણ એનો કર્તા નહિ-એમ કહીને એકલી સર્વજ્ઞતા-વીતરાગતા સિદ્ધ કરીને એકર્તાપણું-એકલુ જ્ઞાનપણું સિદ્ધ કર્યું છે.

૫. **આત્મસિદ્ધિ શાસ્ત્ર-સારભૂત**

૧. જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદગુરુ ભગવંત.

૨. રાગ-દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.

૩. આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત.

૪. કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તો કહીએ જીજ્ઞાસ.
૫. તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ.
૬. મત, દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
૭. વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત.
૮. કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.
૯. ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.
૧૦. કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.
૧૧. અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોકતા તેહનો, નિર્વકલ્પ સ્વરૂપ.
૧૨. મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
૧૩. આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.

૬. <u>જૈન સિદ્ધાંતનો સાર</u>

૧. શુદ્ધ આત્મ દ્રવ્ય તે ત્રિકાળ પારિણામિક ભાવ.
૨. તેની સન્મુખ પરિણામ તે મોક્ષમાર્ગ. (ઔપશમીક, ક્ષાયોપશમીક, ક્ષાયિક)
૩. તેનાથી વિમુખ પરિણતિ તે સંસાર. (ઔદાયીક ભાવ)
૪. સન્મુખ પરિણમમમાં સંવર-નિર્જરા-મોક્ષ આવ્યા.
૫. વિમુખ પરિણતિમાં આસ્ત્રવ-બંધ આવ્યા. પુણ્ય-પાપ બંને આસ્ત્રવ છે.
૬. જીવ અને અજીવ તો ભિન્ન તત્ત્વો ત્રિકાળ છે.
૭. સન્મુખપરિણામની ઉત્પત્તિ થઈ ત્યાં વિમુખ પરિણતિનો વ્યય થયો ને દ્રવ્યપણે ધ્રુવતા રહી. (ઉત્પાદ-વ્યય-ધ્રુવ)
૮. પોતાનો જે સહજ પરમ સ્વભાવ પરમ પારિણામિક ભાવરૂપ કારણ પરમાત્મા, તેમાં એકાગ્ર થઈને પરિણમવું તે મોક્ષમાર્ગ છે.
૯. મોક્ષમાર્ગ તો નિજ પરમાત્મા દ્રવ્યના આશ્રયે થતા વીતરાગભાવરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રની એકતારૂપ રત્નત્રય મોક્ષનો માર્ગ છે.
૧૦. મોક્ષમાર્ગ તો નીરાકુળ સુખરૂપ છે. અતીન્દ્રિય સુખના વેદન સહિત મોક્ષમાર્ગ શરૂ થાય છે.
૧૧. વિશુદ્ધ જ્ઞાન કર્મના બંધ-મોક્ષાદિને કે રાગાદિને કરતું નથી, જાણે જ છે - આ જાણવારૂપ ક્રિયા તે મોક્ષમાર્ગ છે. જાણનાર એવા સાયકસ્વભાવને દેખતાં જ મોક્ષમાર્ગનાં દ્વાર ખૂલી જાય છે.
૧૨. નિજાધીન જે ચૈતન્યનિધાન તેમાં અંતરદૃષ્ટિ કરતાં આત્મા રાગથી જુદો પડે છે ને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. તે જ ધર્મ છે, આનાથી વિરૂધ્ધ બીજો કોઈપણ માર્ગ કહે તો તે તત્ત્વથી વિરૂધ્ધ છે એટલે કે અધર્મ છે.

નિશ્ચય ધર્મધ્યાનનો વિષય પોતાનો શુદ્ધાત્મા જ છે. સ્વસન્મુખ થઈને નિજભાવમાં પરિણામની એકાગ્રતા તે નિશ્ચયધ્યાન છે.

૭. રે આત્મા!

૧. તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સીતાર જ્યારે ઝણઝણી ઉઠી હોય... એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે, ફરી ફરી તેની ભાવના કરજે. તેને પુષ્ટ કરવા વૈરાગ્યની બારભાવનાઓનું વારંવાર ચિંતવન કરજે. પ્રથમ તો વિકલ્પરૂપ ભાવના છે, તેનો વ્યય થઈને પછી નિર્વિકલ્પ થાય છે.

૨. કોઈ મહાન પ્રતિકુળતા, અપજશ વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી તગ્રી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

૩. વળી તીર્થંકર ભગવંતોના કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલા ધર્મચર્ચા વગેરે કોઈ અદ્દભૂત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઈ ઉર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

૪. આહાહા! આકરુ કામ છે બાપુ! અંદર માં વૈરાગ્ય! આ બધું વિખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્યભાવનાઓ હોય છે. અંતરનો શુદ્ધસ્વભાવ રુચિમાં આવતા, પર્યાયમાં રાગ ઘટતાં વૈરાગ્ય ભાવનાઓ આવે છે.

૮. નિર્વિકલ્પ અનુભૂતિમાં

૧. સ્વરૂપમાં લીનતા વખતે પર્યાયમાં પણ શાંતિ અને વસ્તુમાં પણ શાંતિ...
૨. આત્માના આનંદરસમાં શાંતિ, શાંતિ ને શાંતિ;
૩. વસ્તુમાં અને પર્યાયમાં ઓતપ્રોત શાંતિ.
૪. રાગમિશ્રિત વિચાર હતો (વિકલ્પાત્મક નિર્ણય) તે ખેદ છૂટીને પર્યાયમાં અને વસ્તુમાં સમતા, સમતા અને સમતા.
૫. ત્રિકાળી વસ્તુમાં પણ સમતા, વર્તમાન અવસ્થામાં પણ સમતા...(વીતરાગ ભાવ)
૬. આત્માનો આનંદરસ બહાર અને અંદર બધી રીતે ફાટી નીકળે છે.
૭. આત્મા વિકલ્પની જાળને ઓળંગીને, નિર્વિકલ્પ અવસ્થામાં આનંદરસરૂપ એવા પોતાના સ્વરૂપને પામે છે.
૮. સ્વાનુભવની આનંદમય પ્રસાદીરૂપ આ સમયસાર તેનો મહિમા અદ્દભૂત, અચિંત્ય અને અલૌકિક છે.
૯. જગતમાં જે કાંઈ સુંદરતા, પવિત્રતા હોય તે આ બધી આ આત્મામાં ભરી છે. એક સમયની અનુભૂતિમાં અનંત ગુણોનો સ્વાદ એક સાથે પ્રગટે છે.

૯. સમ્યગ્દષ્ટિ

સમ્યગ્દષ્ટિ એટલે જેને આત્માના પૂર્ણ સ્વભાવનો અંદરમાં વિશ્વાસ લાવીને આત્માનું સાચું શ્રદ્ધાન-સમ્યગ્દર્શન થયું હોય તે હું જ્ઞાન આનંદ આદિ અનંત શક્તિઓથી ભરપૂર

પદાર્થ છુ. એમ પહેલાં ભરોસો આવ્યો ત્યારે અંદર આત્માનો અનુભવ થયો. પૂર્ણ સ્વભાવે ગ્રહણ કરવાથી અંદર વિશ્વાસ થાય છે. અનાદિથી જીવનો વિશ્વાસ વર્તમાન પર્યાયમાં છે. પણ એ પર્યાય જ્યાં છે ત્યાં જ પાછળ ઊંડે, એના તળિયે આખી પૂર્ણ વસ્તુ છે, અનંત અનંત અપરિમિત શક્તિઓનો તે સાગર છે. એનો જેને અંદરમાં વિશ્વાસ આવે અને જે અંતર અનુભવમાં જાય તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. 'આજ હું છું' -એવા ભાવભાસન દ્વારા ચૈતન્યનો અનુભવ થાય છે.

દ્રવ્યમાં ઉડો ઉતરી જા, દ્રવ્યના પાતળમાં જા. દ્રવ્ય તે ચૈતન્ય વસ્તુ છે, ઊંડુ ઊંડુ ગંભીર ગંભીર તત્ત્વ છે. જ્ઞાન-આનંદ આદિ અનંત અનંત ગુણોના પિંડરૂપ અભેદ એક પદાર્થ છે, તેમાં દૃષ્ટિ લગાવી અંદર ઘૂસી જા. 'ઘૂસી જા' નો અર્થ એમ નથી કે પર્યાય દ્રવ્ય થઈ જાય છે. પરંતુ પર્યાયની જાતિ, દ્રવ્યનો આશ્રય કરવાથી, દ્રવ્ય જેવી નિર્મળ થઈ જાય છે. તેને પર્યાય દ્રવ્યમાં ઊંડી ઊતરી - અભેદ થઈ - એમ કહેવાય છે.

એક બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઈ જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગ અને પુણ્યનો અનુભવ કરે છે એતો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરત જ જ્ઞાન અને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે. જોનારને જુઓ! જોનારને જોવો એ વસ્તુસ્વરૂપ છે માટે જોનારને જોવો.

૧૦. <u>સમ્યગ્દૃષ્ટિ - ઉત્તમ પુરુષ છે.</u>

૧. સોનાને - કાદવ સમાન માને છે.
૨. રાજપદને - અત્યંત તુચ્છ માને છે.
૩. લોકોની મૈત્રીને - મૃત્યુ સમાન માને છે.
૪. પ્રશંસાને - ગાળ સમાન માને છે.
૫. યોગની ક્રિયાઓને - ઝેર સમાન માને છે.
૬. મંત્રાદિક યુક્તિઓને - દુખ સમાન માને છે.
૭. લૌકિક ઉપજાતિને - અનર્થ સમાન માને છે.
૮. શરીરની કાંતિને - રાખ સમાન માને છે.
૯. સંસારની માયાને - જંજાળ સમાન માને છે.
૧૦. ઘરના નિવાસને - બાણની અણી સમાન માને છે.
૧૧. કુટુમ્બના કામને - કાળ સમાન માને છે.
૧૨ લોક લાજને - લાળ સમાન માને છે.
૧૩. સુયશને - નાકના મેલ સમાન માને છે.
૧૪. ભાગ્યોદયને - વિષ્ટા સમાન માને છે.

<u>સારઃ - સાંસારિક અભ્યુદયને એક આપત્તિસમાન માને છે.</u>

૧૧. <u>મિથ્યાદૃષ્ટિ</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | સરળ ચિત્તવાળાને | - | મૂર્ખ કહે છે. |
| ૨. | તત્ત્વમાં ચતુરે | - | ધીઠ કહે છે. |
| ૩. | વિનયવાનને | - | ધનનો આશ્રીત બતાવે છે. |
| ૪. | ક્ષમાવાનને | - | કમજોર બતાવે છે. |

(૩૭)

| | | | |
|---|---|---|---|
| ૫. | સંયમીને | - | લોભી કહે છે. |
| ૬. | મધુર બોલનારને | - | ગરીબ કહે છે. |
| ૭. | ધર્માત્માને | - | ઢોંગી કહે છે. |
| ૮. | નિસ્પૃહી | - | ઘમંડી કહે છે. |
| ૯. | સંતોષીને | - | ભાગ્યહીન કહે છે. |

સાર - સદ્‌ગુણ દેખે ત્યાં તેને દોષ દેખાય છે.

## ૧૨. કારણ-કાર્યની સૃષ્ટિ :

જુઓ! આ અંતરના કારણ-કાર્યની સૃષ્ટિ!! આત્માના કારણસ્વભાવમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્યની સૃષ્ટિ–ઉત્પત્તિ થાય છે. આમાં 'કાર્ય' તે તો ઉત્પાદવ્યયરૂપ પરિણામ છે, તે પહેલાં નથી હોતું ને પછી પ્રગટે છે અને 'કારણસ્વભાવ' તે ધ્રુવરૂપ પરિણામ છે, તે સદા વિદ્યમાન છે, તેનામાં ઉત્પાદવ્યય નથી. કેવળજ્ઞાનના કારણરૂપ જે ધ્રુવ જ્ઞાનપરિણામ છે તેને સહજસ્વભાવજ્ઞાન અથવા સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન કહે છે. તેનામાં આત્માના સહજચતુષ્ટયને યુગપત્ જાણવાનું સામર્થ્ય ત્રિકાળ છે. તે ત્રિકાળની સાથે વર્તમાનની એકતા થતાં તે વર્તમાન પર્યાય પણ પૂરા સામર્થ્યરૂપે પરિણમી જાય છે.

☞ ત્રિકાળ સામર્થ્યમાંથી વર્તમાન આવે છે.

☞ દ્રવ્યમાંથી પર્યાય આવે છે.

☞ ધ્રુવના આશ્રયે જ ઉત્પાદ થાય છે.

☞ કારણના આશ્રયે જ કાર્ય થાય છે.

☞ શક્તિમાંથી વ્યક્તિ થાય છે.

☞ 'પ્રાપ્ત'ની પ્રાપ્તિ થાય છે.

☞ નિશ્ચયના આશ્રયે મુક્તિ થાય છે.

☞ જ્ઞાયકસ્વભાવી આત્મા વિકારનો અકર્તા છે.

☞ આત્માની શક્તિઓ બાહ્યકારણોથી અત્યંત નિરપેક્ષ છે.

☞ આત્મા અને પર દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે.

આમાંથી કોઈ પણ બોલનો નિર્ણય કરતાં બધાય બોલનો નિર્ણય થઈ જાય છે ને આ જૈનશાસનની મૂળ વાત છે. આ વસ્તુ સમજ્યા વગર જૈનધર્મનું રહસ્ય સમજાય નહિ ને અંતર્મુખ વળ્યા વગર આ વાત સમજાય નહિ.

## સ્વાનુભૂતિ - ૩

૧. વિધિનો ક્રમ

૧. આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો.

૨. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્ય સ્વભાવને મુખ્ય રાખવો.

૩. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્ય સ્વભાવનું ધ્યેય રાખવું.

૪. આત્મનો મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળ દશાને સાધન કહેવાય છે.

૫. તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે.

૬. તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે.

૭. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે.

૮. આત્માની ઉર્ધ્વતાની રુચિ અને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થવા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તે અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય.

૯. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય.

૧૦. અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત-પ્રગટ ઊર્ધ્વતા થાય.

૨. આ માટે સાત અગત્યના વિષયો

૧. જૈન સનાતન અનાદિ-અનંત વીતરાગ માર્ગનો સ્વીકાર

૨. એના નિમિત્ત વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા

૩. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ એક જ મોક્ષમાર્ગ

૪. આ માર્ગનો આધાર 'વીતરાગતા' અને 'સર્વજ્ઞતા'

૫. આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.

૬. ભેદજ્ઞાનનો અભ્યાસ-પ્રયોગ પદ્ધતિ દ્રવ્યદૃષ્ટિનો અભ્યાસ-પદાર્થનો યથાર્થ નિર્ણય

૭. આમાં હવે ત્રણ વાત-

   ૧. શુદ્ધાત્માનો અચિંત્ય મહિમા

   ૨. અનંતો પુરુષાર્થ-રૂચિપૂર્વક

   ૩. વૈરાગ્ય-જગતથી ઉદાસીનતા

(3)

**પ્રશ્ન :–** આત્માનો સ્વભાવ તો સ્વ-પરપ્રકાશક છે. તો સમ્યગ્દષ્ટિ જીવને સ્વાનુભૂતિના સમયે પર જણાય છે કે કેમ ?

**સમાધાન :–** સ્વાનુભૂતિના સમયે બહાર ઉપયોગ નથી એટલે પર-પરજ્ઞેયો જણાતા નથી. પોતાનો ઉપયોગ અંદર છે અને તેમાં અનંતગુણની પર્યાયો જણાય છે, માટે સ્વ-પરપ્રકાશકપણું ત્યાં પણ ઊભું રહે છે, તેનો નાશ થતો નથી. સમ્યગ્દર્શન–સ્વાનુભૂતિની પર્યાય પ્રગટે છે તે કાળે પોતે આનંદગુણને વેદે છે, પોતાના અનંતગુણ વેદનમાં આવે છે. માટે પોતે પોતાને જાણે છે અને પોતે બીજા ગુણ-પર્યાયોને પણ જાણે છે અને તેથી સ્વ-પરપ્રકાશકપણું છે. સ્વાનુભૂતિના સમયે સ્વને અટલે કે જ્ઞાન પોતે પોતાને જાણે છે અને પર એટલે કે બહારના જ્ઞેયને નથી જાણતું; પણ પોતે અંતરમાં જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા સ્વરૂપ એવા પોતાને અભેદપણે જાણે છે, પોતાની અનંત પર્યાયોને જાણે છે. તે અનંત પર્યાયનાં નામ નથી આવડતાં, પણ પોતાને અનંત પર્યાયનું વેદન થાય છે તેને જાણે છે. ચૈતન્યચમત્કાર સ્વરૂપ આત્મા છે, તેની અનેક જાતની પર્યાયને તે જાણે છે તે અનુભવના કાળે પરપ્રકાશકપણું છે/અને ઉપયોગ બહાર હોય ત્યારે તે બહારનું જાણે છે પણ તેમાં એકત્વ થતો નથી. (અનુભવ કાળે) પોતે પોતાનો જ્ઞાયક રહે છે, જ્ઞાતાની ધારા ચાલે છે અને ઉપયોગ બહાર હોય છે ત્યારે તેનાથી જુદો રહીને પરને જાણે છે. એટલે કે પોતે પોતાને જાણે છે અને બીજાને પણ જાણે છે. આ રીતે સવિકલ્પદશામાં સ્વ-પરપ્રકાશકપણું છે અને અંતરમાં પોતે પોતાને જાણે છે અને પોતાના અનંતગુણ-પર્યાયોને જાણે છે તે નિર્વિકલ્પદશાના કાળનું સ્વ-પરપ્રકાશકપણું છે. અનેક જાતની પર્યાયો તેને સ્વાનુભૂતિમાં પરિણમે છે તેને જાણે છે તથા પોતાને અભેદપણે જાણે છે. આ રીતે બધું જાણે છે તે નિશ્ચય સ્વ-પરપ્રકાશકપણું છે.

પરને જાણે તે વ્યવહાર એટલે કે તે પરને નથી જાણતો એવો તેનો અર્થ નથી. વ્યવહાર એટલે કે બીજાને જાણતો નથી અને બીજાને જાણે તે કેહવામાત્ર છે એવું નથી. પરને જાણે છે, પણ તે બીજું-બહારનું-જ્ઞેય થયું એટલે વ્યવહાર કહેવાય છે. (સ્વાનુભૂતિદર્શન–૨૮)

# (૪) સ્વાનુભૂતિની વિધિ બતાવતા વિશેષ બોલ.

બોલ-૧ આહાહા ! પ્રભુ તું પુરો છો. તારા પ્રભુત્વ આદિ એક એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી ? તું કોઈ ગુણે અધૂરો નથી. પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે ? આહાહા ! એને આવી ધૂન ચડવી જોઈએ. પહેલાં આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. પછી દૃષ્ટિ અને અનુભવ થાય - ૨૬

આ તો ત્રિકાળી જ્ઞાયક જે દૃષ્ટિનો વિષય છે. એની વાત છે. દ્રવ્ય સ્વભાવને પ્રભુ કહીને બોલાવ્યો છે. તારા દ્રવ્ય સ્વભાવમાં અનંત અનંત શક્તિઓ ભરેલી છે. કોઈ ગુણમાં ઊણપ નથી. તારી શક્તિની શું વાત કરવી ? કોઈ ગુણમાં અશુદ્ધતા નથી. તું પૂરેપૂરો પરિપૂર્ણ તત્વ છે. તારા અસ્તિત્વને ટકાવવા માટે તારે કોઈના આધારની જરૂર નથી. પોતાના દ્રવ્ય સ્વભાવનો મહિમા આવવો જોઈએ. મારામાં શું નથી ? મારામાં અનંત ગુણ શક્તિરૂપે પડ્યા છે. આવા મહિમાવંત સ્વભાવની ધૂન ચડવી જોઈએ. વારંવાર યાદ આવવો જોઈએ. પહેલા આવા સ્વભાવની રૂચી આવવી જોઈએ શરૂઆત રૂચીથી થાય. પ્રથમ રૂચી પ્રતીતિ જીજ્ઞાસા થાય. પછી એની દૃષ્ટિ એટલે લક્ષ (નિર્ણય) થાય અને તેમાં એકાગ્રતા કરવાની હોય. આવો નિર્ણય અને એકાગ્રતા વર્તમાન કરતા આવા આત્માનો નિર્ણય થાય. એકાગ્રતા જ્ઞાનની પર્યાય કરે છે અને પોતે સ્વભાવ જેવી શુદ્ધ થતી જાય છે. એ નિર્મળ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા શુદ્ધ જણાય છે.

બોલ-૨ જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે. તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મા સિદ્ધિનું સાધન નથી - ૬૮.

વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન અને શ્રદ્ધા દ્વારા જે ભાવ છે તેનુ ભાસન થવુ જોઈએ. અંદરથી હંકાર આવવું જોઈએ કે હું જ્ઞાન આનંદ સ્વરૂપ છુ. તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે. એટલે વર્તમાન જ્ઞાનની પર્યાયનું સ્વને જાણવાનું સામર્થ્ય વધતું જાય છે. જેમ જેમ જ્ઞાનની પર્યાય શુદ્ધ થતી જાય છે ત્યાં મિથ્યાત્વ (દર્શનમોહ) ઢીલું થતું જાય છે. અને પછી જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપે-શ્રદ્ધાન રૂપે પરિણમે છે. ત્યારે મિથ્યાત્વ સમૂળો નાશ પામે છે. અને સમ્યક્‌ત્વ પ્રગટ થાય છે માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મ સિદ્ધિનું સાધન નથી. જડ ક્રિયા કે શુભરાગથી આત્માની સિદ્ધિ નથી. મોક્ષનું કારણ જ વર્તમાન જ્ઞાનનું શુદ્ધરૂપે પરિણમવું છે. અતિન્દ્રિય સુખની પ્રાપ્તિ નો આ એકજ ઉપાય છે. જ્ઞાનની પર્યાય પોતે જ્ઞાન રૂપે-શ્રદ્ધાન રૂપે, વીતરાગતા રૂપે અને અતિન્દ્રિય સુખના વેદન રૂપે પરિણમે છે. આજ એક સ્વાનુભૂતિની વિધિ છે. તે સિવાય સુખી થવાનો બીજો કોઈ ઉપાય નથી.

બોલ-૩ વર્તમાન-વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાન પર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે, તેને અંતરમાં વાળતા "ચૈતન્યહીરો" જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જોવે તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે. તેનો પ્રકાશ તને દેખાશે--------૮૧.

વર્તમાન જ્ઞાનની પર્યાય એ સાધન છે. ભેદજ્ઞાન અને તત્વનો નિર્ણય કરવાની, એને સ્વભાવ સન્મુખ વાળતા સ્વભાવનો નિર્ણય કરે છે. અંતરમાં વાળતા દ્રષ્ટિ જ્ઞાયક પર જાય. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થાય છે. જ્ઞાનની વર્તમાન પર્યાય એ જ્ઞાયકનો એક અંશ છે. અને એના દ્વારા આત્મા જણાય છે. જ્ઞાનની પર્યાય નિર્ણય કરે છે હું મન-વચન-કાયા અને શુભાશુભ ભાવથી ભિન્ન છું. ભેદજ્ઞાન કરે ત્યારે હું જ્ઞાન સ્વરૂપ છું એવું જ્ઞાનની પર્યાય નિર્ણય કરે છે. જ્ઞાયકનું (અવયવીનું) જ્ઞાન અવયવમાં થાય છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જોશે તો તારો ચૈતન્યપ્રભૂ તને અનુભવમાં આવશે. તેનો જ જ્ઞાન પ્રકાશ તને દેખાશે. એટલે તારા જ્ઞાનમાં તને એ સુખના વેદન સહિત જણાશે. હું જાણનાર છું. કરનાર નથી.

બોલ-૪ એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાન પણે જાણે છે, તો ચૈતન્યમહાપ્રભૂ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાન રૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભૂને તું વિદ્યમાન રૂપે જાણે ને ! આહાહા ! જેની હયાતી નથી તેને હયાત જાણે, તો પૂર્ણાનંદનો નાથ પ્રભૂ વર્તમાન વિદ્યમાન જ છે હયાત જ છે, તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ —— ૧૧૧

જ્ઞાન સ્વભાવનું શું મહત્વ છે એ બતાવવું છે. કેવળ જ્ઞાનમાં ત્રણે-કાળની પર્યાયો વિદ્યમાન નથી તો પણ વિદ્યમાન રૂપે જણાય છે. તો ચૈતન્ય મહાપ્રભુ (ત્રિકાળી જ્ઞાયક) તો વિદ્યમાન જ છે. વસ્તુ સતા સ્વરૂપ છે. જેની વિદ્યમાનતા છે તે કેમ ન જણાય. આત્માનો અનુભવ ગૃહસ્થ અવસ્થા માં પણ થઈ શકે છે. પૂર્ણાનંદનો નાથ તો હાજરા હજુર છે. પરંતુ કોઈ દિવસ ત્યાં આળસના લીધે નજર કરી નથી. તે કોઈ દિવસ તત્વનો અભ્યાસ તેમજ નિર્ણય કર્યો નથી. સંયોગો અને રાગથી ભેદજ્ઞાન કર્યો નથી. તારી નજરના આળસે વર્તમાન જ્ઞાનની પર્યાય સુખ માટે બહાર જે ભટકે છે અને વિદ્યમાન પ્રભૂ દેખવો રહી ગયો. જેમ જ્ઞાન અને આનંદ આદિ ગુણોની અનંતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભૂ વિદ્યમાન જ છે. તેને જાણ એનો નિર્ણય અને એકાગ્રતા કર. એમ કરતા કરતા આત્માનો અનુભવ થાય છે. સુખી થવાનો આ એક જ ઉપાય છે.

બોલ - ૫ દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહના અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તોવો નથી —— ૧૫૮

મિથ્યાત્વના બે પ્રકાર છે. (૧) અગ્રહિત મિથ્યાત્વ જે અનાદિથી ચાલ્યું આવે છે. (૨) ગ્રહિત મિથ્યાત્વ આ ભવમાં જેને ભૂલથી આપણા માન્યા તે ગ્રહિત મિથ્યાત્વ છે. સબંધો છે એ વ્યવહારથી કહેવાય પરંતુ આ શુદ્ધાત્માને કોઇની સાથે સબંધ નથી. પોતે ભિન્ન (શુદ્ધ જ) છે. પ્રથમ ભૂમિકામાં ભેદજ્ઞાન કરવું પડશે. ભેદજ્ઞાન અને તત્વનો નિર્ણય કર્યા કરશે તો ગ્રહિત મિથ્યાત્વ છૂટશે. પ્રયોગ પધ્ધિતીમાં આવે એટલે સંસ્કાર પડતા જાય. જ્યાં સુધી ગ્રહિત મિથ્યાત્વ નહિ જાય ત્યાં સુધી વસ્તુ સ્વભાવ ખ્યાલમાં (જ્ઞાનમાં) નહિ આવે અને અગ્રહિત મિથ્યાત્વનો જ્યાં સુધી અભાવ એટલે કે પરનું હું કાંઇ કરી શકુ અને શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવો આનાદિથી અગ્રહિત મિથ્યાત્વ ચાલે છે. તેનો અભાવ થાય વિના આત્મા ખ્યાલમાં નહિ આવે એટલે અનુભવમાં નહિ આવે. અને અતિન્દ્રિય સુખનું વેદન નહી થાય.

બોલ-૬ સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો પોકાર કરીને એમ કહે છે કે પહેલામાં પહેલો આત્માને જાણવો, આત્માને અનુભવવો, એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થ સ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલામાં પહેલો આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા ૫માં પણ કહ્યું કે હું કરું છું તેનો અનુભવ કરીને પ્રમાણ કરજે—— ૧૬૧.

સર્વજ્ઞ એટલે અરિહંત અને સિદ્ધ, વીતરાગી દેવ, સંતો એટલે નગ્ન દિગંબર આત્મજ્ઞાની મુનિ અને શાસ્ત્રો એટલે વીતરાગી શાસ્ત્ર સમયસાર, પ્રવચનસાર વગેરે. એ બધાજ પોકાર કરીને કહે છે તું આવો પુરુષાર્થ કર. તું પુરુષાર્થ કરવાને લાયક છે. તું સત્ય પુરુષાર્થ કરીને આત્માનો અનુભવ કર એટલે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર. સમ્યગ્દર્શન વિના એક ડગલું પણ આગળ નહિ જવાય. સુખ પ્રાપ્ત કરવાની દિશામાં આત્માનું પરમાર્થ સ્વરૂપ એટલે આત્મા જે પરમપદાર્થ સ્વરૂપ છે તે બતાવવા સીધી વાત કરી છે કે તારી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એવો પુરુષાર્થ કર કે તને આત્માનો અનુભવ થાય. સમયસારની ગાથા ૫માં પણ કહયુ છે કે હું મારા નિજ વૈભવથી તને શુદ્ધાત્માં બતાવું છું. અને તું તેને પોતાના અનુભવ દ્વારા જ્ઞાનમાં પ્રમાણ કરજે કે આત્મા આવો શુદ્ધ અને શક્તિ સંપન્ન પદાર્થ છે. સુખ એ આત્મ અનુભૂતિનો વિષય છે એ જડક્રિયા થી કે રાગથી આત્માનો અનુભવ ન થાય.

બોલ-૭ આત્મ-અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઇન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતા પણ ન આવડે પણ કેવળ જ્ઞાન લેશે———૨૪૩.

દ્રવ્યલિંગી મુની એ આત્માજ્ઞાન વગર શું ન કર્યું હોય ? રાજપાટ છોડીને સુખના પ્રયોજન માટે મુની દિક્ષા લે એવા નગ્ન દિગંબર મુની ૨૮ મૂળ ગુણ એવા પાળ્યા કે તીર્થંકર પણ ભુલ ન કાઢી શકે. લાખ કષાયની મંદતા એટલે શુક્લ લેશ્યાના પરિણામ જેનાથી નવમી ગ્રેવેયેક જવાના પુણ્ય બંધાય પરંતુ આત્મ અનુભવ વિના બધા મીંડા છે. તેથી મોક્ષ ન થાય આવું અનંતવાર કર્યું છે. ૯ અંગ અને ૧૧ પૂર્વના જ્ઞાન કરે પરંતુ આત્મજ્ઞાન સિવાય બધા મીંડા છે. લાખ શાસ્ત્ર ભણે પરંતુ આત્મ અનુભવ વિના એકડા વગરના મીંડા છે. એટલે કે એ મીંડા ને કોઇ કિમત નથી. અને કાંઇ પણ ન આવડે છતાં મોક્ષમાર્ગનાં એ અનુભવ થયો તો બધુંય આવડે છે, જવાબ દેતા ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. અનુભૂતિની કિમત છે. મોક્ષમાર્ગ માં સમ્યગ્દર્શન અને સમ્યગજ્ઞાન ની કિમત છે. સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગ ની પ્રથમ સીડી છે. એના વગર મોક્ષ માર્ગ ની શરૂઆત થતી જ નથી. અતિન્દ્રિય સુખનું વેદન થતું નથી અને એ શુદ્ધ ઉપયોગની એકાગ્રતા થી જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

બોલ-૮ તિર્યંચને સમ્યક થાય છે, ત્યાં કોઇ એ પૂર્વે આત્મા શુદ્ધ છે એમ સાંભળ્યું હોય છે તે સ્મરણમાં આવતાં પછી વિચારમાં ઉતરે છે અને જેમ વિજળી ઉપરથી નીચે ઉતરી જાય એમ વીર્ય અંતરમાં ઉતરી જાય છે. બસ કરવાનું તો આટલું જ છે. પછી એમાં ઠરવાનું છે------૨૭૧.

સમ્યગ્દર્શન બે પ્રકારે ઉપજે છે. (૧) સ્વભાવથી તેને નિસર્ગજ (૨) જ્ઞાની ગુરૂના ઉપદેશથી તેને અધિગમજ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. નિમિત્ત કે જ્ઞાનીના ઉપદેશ વિના સહજ પૂર્વના સંસ્કાર જાગૃત થતા ઉત્પન્ન થાય તેને નિસર્ગજ સમ્યગ્દર્શન કહે છે. તિર્યંચને સમ્યક્ થાય છે. તેનું ખરેખર કારણ પૂર્વ સાંભળ્યું હોય કે આત્મા શુદ્ધ છે તે યાદ આવી જાય છે અથવા તો પોતાના અસ્તિત્વની શ્રદ્ધા થાય છે. પછી એમાં એકાગ્રતા કરતા એને જેમ વિજળી ઉપરથી નીચે ઉતરી જાય એમ પુરુષાર્થ જાગે અને બે ઘડીની ધારાવહી અભિપ્રાયની એકાગ્રતા કરતાં વીર્ય અંતરમાં ઉતરી જાય છે. બસ કરવાનું આટલું જ છે. બસ કરવાનું તો આટલું જ છે. ભેદજ્ઞાન પછી એમાં ઠરવાનું એટલે કે તત્વનો નિર્ણય કરી આત્મામાં એકાગ્ર થવાનું છે. આનું ઉદાહરણ જ્યારે મહાવીર ભગવાનનો આત્મા સિંહની પર્યાયમાં હરણને મારવા જતો હતો ત્યારે બે ચારણલબ્ધિધારી મુની આકાશમાર્ગે આવીને બોધ આપે છે. ત્યારે સિંહનો આત્મામાં પૂર્વ સંસ્કારથી વીર્ય જાગી ઉઠે છે. અને અંતરમાં ઉતરી જાય છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે. આવું સમ્યગ્દર્શન આ ભવમાં કોઇ પણ ભવ્ય આત્મા નિજ યોગ્યતાથી અને સત્ય પુરુષાર્થથી પ્રાપ્ત કરી શકે એમ છે. એને પ્રત્યક્ષ સદગુરુની કોઇ જરૂર નથી.

બોલ-૯ કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દ્રષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પુર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો, એનું નામ જ અમલ છે. (સમ્યગ્દર્શન છે).-------૨૭૮

આમા તો સમ્યગ્દર્શનની સંપૂર્ણ વિધિ બતાવી છે (પ્રેકટીકલ પ્રયોગ પધ્ધતિ) વર્તમાનમાં શું શું છે ? કર્મની હયાતી એટલે બંધન પણ છે અને ઉદય પણ છે. ચારિત્રગુણમાં શુભાશુભ (વિકારી) ભાવની હયાતી છે મતિશ્રુત જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન નો ઉઘાડ અલ્પ છે અને ઉપયોગ તો બહાર જ ભટકે છે. આ બધું હોવા છતાં દ્રવ્ય સ્વભાવ તો પરિપૂર્ણ છે છતાં અત્યાર સુધી એને ગૌણ કર્યો છે અને સંયોગને મુખ્ય કર્યો છે. આ મારું સ્વરૂપ નથી. વર્તમાન જ્ઞાનની પર્યાય ક્યારેય જડરૂપ થી નથી. હું જ્ઞાનનંદ સ્વરૂપ છું. જે સંયોગો છતા છે તેને અછતા કરવા એટલે જ્ઞાનમાં જાણવા અને શ્રદ્ધામાં નિષેધ કરવો. અને પૂર્ણાનંદનો નાથ ભગવાન પર્યાયમાં અછતો છે જે ઢંકાઈ ગયો છે તેને છતો કરવો એટલે જ્ઞાન અને શ્રદ્ધામાં પ્રગટ કરવો. એનો નિર્ણય અને એકાગ્રતા કરવી એનું નામ જ અમલ છે. અનુભવ થાય એ સમ્યગ્દર્શન છે. આજ મિથ્યાત્વ દુર કરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની પ્રેક્ટીકલ (પ્રયોગ પધ્ધતિ) છે. જીવે આ કાર્ય એક ક્ષણ પણ નથી કર્યું તે કરવાનો ઉપદેશ છે.

બોલ-૧૦ જ્ઞાનની વર્તમાન પર્યાય અંદરમાં વળે એનું નામ જાણપણું છે ધારણા થઈગઈ ઈ જાણપણું નથી. આત્મા અનુભવમાં લેવો એનું નામ ખરું જાણપણું છે --------૩૩૦

વર્તમાન જ્ઞાનની પર્યાય અંદરમાં વળે એટલે કે સ્વસનમુખ થાય અને એ પર્યાય ભેદજ્ઞાન કરીને તત્વનો નિર્ણય કરે એનુ નામ જ સમ્યગ્જ્ઞાન છે. બાકી ધારણા થઈ ગઈ એ જાંણપણું નથી. બહારનું જાંણપણ એ બધું અજ્ઞાન છે. આત્માનો અનુભવ થાય એનું નામ જ સાચું જ્ઞાન છે. જ્ઞાનનું સાચું કાર્ય શું છે ? (૧) જાંણવું (૨) પોતાને (૩) યર્થાથ (૪) શ્રદ્ધાનપૂર્વક (૫) વીતરાગતા પૂર્વક (૬) અતિન્દ્રિય સુખના સ્વસંવેદન સાથે. આનું જ નામ આત્મજ્ઞાન છે એ ખરું જાંણપણું છે. એનું પ્રમાણ અરિહંત અને સિદ્ધ ભગવાન છે.

બોલ - ૧૧ એક બે ઘડી શરીરાદિ મૂર્તિક દ્રવ્યનો પડોશી થઈને જ્ઞાયક ભાવનો અનુભવ કર. જેમ રાગ ને પુણ્યને અનુભવ કરે છે એ તો અચેતન નો અનુભવ છે. ચેતનનો અનુભવ નથી.માટે એકવાર મરીને પણ, શરીરાદિ પડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયક ભાવનું લક્ષ કરીશ તો તુરંત આત્મા ને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારૂં આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે ---- ૩૬૪.

એક બે ઘડી શરીરાદિ - જે રૂપી જડ દ્રવ્યોનો પાડોશી થઈજા એટલે શ્રદ્ધાંમાંથી એનો નિષેધ કરી દે અને ત્રિકાળી દ્રવ્યને (જ્ઞાયકને) તારો દ્રષ્ટિનો વિષય બનાવ. જે રાગ અને પુણ્ય પાપ - (શુભાશુભભાવ) નો અનુભવ કરે છે એ તો જડ છે, અચેતન છે. એમાં ચેતનનો અનુભવ નથી. આતો તારા માટે મરેલા છે. બે ઘડી ફક્ત એનો પાડોશી થઈ જા. અને તારા જ્ઞાયક ભાવનો લક્ષ (નિર્ણય) કરીશ તો તુરંત આત્મા (જ્ઞાન) અને રાગની ભિન્નતા થઈ જશે. વિકલ્પ તૂટી જશે અને નિવિકલ્પ અનુભૂતિ થઈ જશે. જેવો તારો આત્મસ્વરૂપ છે તે અનુભવમાં આવશે. તને આત્માનુભૂતિ થશે. જડ અને રાગથી ભિન્ન થઈ (ભેદજ્ઞાન કરી) અને હું જ્ઞાનનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું. એવો તત્વનો નિર્ણય જો ધારાવહી બે ઘડી કરવામાં આવે તો એ જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ આત્માની અનુભૂતિ કરશે.

બોલ-૧૨ શ્રોતા:- આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આખોદિવસ, શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર મનમ કરીને તત્વનો નિર્ણય કરવો, અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો, રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં-કરતાં-આત્માનો અનુભવ થાય છે------૩૮૦

આત્મા પામવા માટે એટલે કે આત્માની અનુભૂતિ કરવા માટે પહેલા તો (૧) શાસ્ત્રનો અભ્યાસ કરવો. (૨) પ્રયોજન ભૂત તત્વોનો અભ્યાસ કરવો અને જીવ તત્વને બધાથી ભિન્ન કરવો. હું જ્ઞાનઆનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન (હું બધાથી ભિન્ન છું) કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં-કરતાં એકાગ્રતા કરતાં આત્માનો અનુભવ થાય છે. ઊંડા સંસ્કાર પડતા જાય છે. વારંવાર ભેદજ્ઞાન અને તત્વોનો નિર્ણય આજ પ્રયોગ્ત્માક પદ્ધતિથી આત્માની અનુભૂતિ થાય. તેના સિવાય સુખી થવાનો બીજો કાંઈ ઉપાય નથી. આજ દિવસ સુધી જે આત્માઓ સર્વજ્ઞ થયા છે તે બધા આજ વિધિથી થયા છે. (૧) ભેદજ્ઞાન (૨) તત્વનો નિર્ણય. એટલે કે સંપૂર્ણ નિવૃતિ લઈ એ આત્માથી જીવ આ એકજ પુરુષાર્થ કરવા જેવો છે. આ ભવમાં જો આકુળતા દુર કરવી હોય તો આ એકજ કાર્ય, આવા અનુકુલ સંયોગમાં કરવા જેવો છે. અને ત્યારે સાથે સાથે પ્રતીતિ માટે વીતરાગી દેવગુરૂ- શાસ્ત્ર, દર્શન, પૂજા, ભક્તિ, દયા, દાન યાત્રા જેવા શુભભાવ હોય પણ એનો શ્રદ્ધામાં નિષેધ થવો જોઈએ. એ કરવા જેવો નથી. એક આત્માનો અનુભવ કરવા જેવો જ છે. અને એની સંપૂર્ણ વિધિ આજ જ છે. (૧) પાત્રતા (૨) અભ્યાસ એટલે સત્સંગ સ્વાધ્યાય (૩) ભેદજ્ઞાન (૪) તત્વનો નિર્ણય અને (૫) અનુભૂતિ.

(૫) (૭૩)


વર્ષ-૧
અંક-૧૨




સંવત
૨૦૬૩
August
A.D. 2007

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


[પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૯૪મી જન્મજયંતી પ્રસંગે]

*પૂજ્ય ગુરુદેવશ્રીનાં અંતર્મંથનના ઉલ્લાસપૂર્ણ ઉદ્ગારો :*

# વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે જાણે તે આત્મા

આ આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનની પર્યાયો મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-કેવલ્ય—પાંચ પ્રકારની છે. કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય, પોતાના અનંતાગુણોની પર્યાય અને પોતાની પણ પર્યાય જે સમયે સમયે વ્યવસ્થિત છે તે થવાનો છે અને અનંતકાળ થાય છે તેને એટલે કે કેવળજ્ઞાનનો પર્યાય, પોતાના ગુણોની પર્યાય અને જ્ઞાનની પર્યાયનું વ્યવસ્થિતપણું અને બીજા દ્રવ્યોની જે સમય સમયની પર્યાય છે તેને બરાબર વ્યવસ્થિતપણે જાણે છે. મતિજ્ઞાન પણ તે રીતે જ વ્યવસ્થિત જાણે—અલ્પ ઓછું જાણે એ અત્યારે પ્રશ્ન નથી. શ્રુતજ્ઞાન પણ એ રીતે જ જાણે. જ્ઞાનનો વ્યવસ્થિત જાણવાનો ને સામે વ્યવસ્થિત પર્યાય વ્યવહારે છે તેનું જ્ઞાન કરવાનો તેનો સ્વભાવ છે.

શ્રુતજ્ઞાનનો પણ પોતાની અનંતા ગુણોની ને પોતાની પણ પર્યાય વ્યવસ્થિત થાય તેને જાણવાનો સ્વભાવ છે. પરની પણ વ્યવસ્થિત જે પર્યાય થાય તે પર્યાયનો એનો જાણવાનો સ્વભાવ છે.

અવધિજ્ઞાન પણ પોતે પોતાની વ્યવસ્થિત જે પર્યાય સમયે સમયે થાય તેને જાણવાનો અને રૂપી આદિ પર્યાય એને યોગ્ય છે તેને પણ જાણવાનો સ્વભાવ છે. એમ, મનઃપર્યયજ્ઞાન પોતાની વ્યવસ્થિત પર્યાય, સામાની પણ એને યોગ્ય જેટલી જાણવાની યોગ્યતા છે તેની વ્યવસ્થિત પર્યાયને જાણવાનો સ્વભાવ છે.

હવે ઈ બધી કેવળજ્ઞાનાદિ પર્યાયનો સ્વભાવ પોતાને ને પરને જેમ છે તેમ જાણવું—એમાં કેમ છે ને કેમ કરવું—એ વસ્તુનો સ્વભાવ નથી. આવી પર્યાય એક ગુણમાં અનંત પડી છે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય ને કેવલ્યની જે અનંત પર્યાય છે તે જ્ઞાનગુણમાં અનંત-અનંતપણે રહી છે ને આવા જ્ઞાનગુણનો ધરનાર આત્મા છે. તેથી વસ્તુનું સ્વરૂપ વ્યવસ્થિત પોતે પોતાને ને પરને જાણે એવો જ એનો સ્વભાવ થયો—એક સમયનો નહીં પણ આખો ત્રિકાળી સ્વભાવ. વસ્તુ જ આવી છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ જે કહ્યું તેનો અર્થ જ થયો કે જ્યાં જ્ઞાનનો નિશ્ચય કર્યો એટલે પોતાની પર્યાય-મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય એ પણ વ્યવસ્થિત થાય તેને તે જાણે અને બીજા ગુણોની પર્યાય પણ ક્રમસર થાય—ક્રમવર્તી તેને જાણે. એને જાણવા યોગ્ય જે સામે દ્રવ્ય છે તેની પર્યાયને પણ એ રીતે જાણે.

એક પર્યાયને, એવી ત્રણકાળની પર્યાયને કે એક સર્વજ્ઞ–સાદિ અનંતની કેવળજ્ઞાનની પર્યાય એને પણ જાણે અને સામી અવસ્થા જે અનંત દ્રવ્યોની થાય તે જાણે. એવી અવસ્થાનો આખો પિંડ તે જ્ઞાનગુણ; તે ગુણમાં સ્વપરનું વ્યવસ્થિત જાણવું એવું જ એનું સામર્થ્ય છે. આવા સ્વભાવવંત આત્માને ન માને ને બીજી રીતે માને તો આત્મા જ એણે માન્યો નથી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે કે એનો કોઈ પણ પર્યાય પણ વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે બીજાને જાણે એનું નામ જ્ઞાનગુણ! વસ્તુ જ આવી છે, એમાં વિકલ્પને અવકાશ જ નથી. આમ કેમ? પરમાં કે મારામાં આમ કેમ?—ઈ આમ કેમ?—તો વ્યવસ્થિત જાણવાનો સ્વભાવ તેમાં આમ કેમ એ વિકલ્પ જ ન હોય.

આત્માને જ્ઞાન કહ્યું છે ને! જ્ઞાન તે આત્મા કહ્યું છે ને! તે ઉપરથી વિચારધારા ચાલી કે જ્ઞાન તે આત્મા એટલે કે જ્ઞાન તો જાણે તે આત્મા એટલે કે જ્ઞાનની જે પાંચ પર્યાય છે તે દરેક જાણે...જાણે...તે આત્મા. જ્ઞાનમાં જાણવું છે, કાંઈ ફેરવવું કોઈનું કે પોતાનું ફેરવવું એમેય એને નથી.

જે સમયે જે ક્ષેત્રે જે પ્રકારે જે પર્યાય થવાની એને ફેરફાર કરે કોણ? એ જ્ઞાનનો તો સ્વભાવ જ એવો છે; એટલે કે એના પર્યાયનો સ્વભાવ એવો, એના ગુણનો સ્વભાવ એવો, એ દ્રવ્યનો સ્વભાવ એવો. એવો જ એનો સ્વભાવ છે એમ નિર્વિકલ્પપણે જ્યાં જ્ઞાનનો નિશ્ચય અનુભવ થયો ત્યાં જાણવાનું જ બાકી રહી ગયું; કાંઈ બીજું છે જ નહીં એને!

રાગ આવે એનેય જાણે, કરે નહીં, એ દ્રવ્યનો સ્વભાવ એવો છે. જ્ઞાન તે આત્મા એમ કહો તો તો જ્ઞાન આત્મા ને જ્ઞાનની પર્યાય તે પણ આત્મા એમ થયું ને! પર્યાય તે પર્યાયવાનની એટલે પર્યાય–પર્યાયવાન એક છે, ગુણ ને ગુણી એક છે, અભેદ છે. એ

જાણનાર....જાણનાર! જે જાણવાની દશાનું જ્ઞાન અને જે જાણે તે વ્યવસ્થિત પરની પર્યાયનું જ્ઞાન...બસ એ બધું જાણવું જ એના પિંડમાં પડ્યું છે! આત્માના પિંડમાં એટલે કે એનું શરીર જ એવું છે શરીર એટલે કે આત્મપિંડ–ચૈતન્યશરીર જ એવું છે.

સ્વપરની જેવી વ્યવસ્થિત પર્યાય છે તેવું તેને તે પ્રકારે છે તે જાણવું. એ જાણવું દ્રવ્યમાં, ગુણમાં ને પર્યાયમાં—ત્રણેમાં વ્યાપેલું છે. આ રીતે આત્માને જો માને તો એણે આત્મા માન્યો કહેવાય. બીજી રીતે આત્મા માને તો આત્માની એ સ્થિતિ નથી. એથી વિપરીત માને તો એણે આત્મા માન્યો નથી.

અંદર તો ઘણી ગંભીરતા આવતી હતી પણ ભાષામાં આવવી જોવેને?–હદ પ્રમાણે આવે!

ઓહો! આત્મા એકલો ચૈતન્યગોળો! એ જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલું છે, તે વ્યવસ્થિત પોતાને, બીજા ગુણોને, બીજા દ્રવ્યોને એ રીતે જાણવાના સ્વભાવવાળું છે એમ જાણવું. આ રીતે એને અનુભવમાં આવે એણે આત્મા જાણ્યો ને માન્યો કહેવાય.

ભગવાન આત્મા એટલે ચૈતન્યસૂર્ય એટલે કે સ્વપરને જાણવાના સ્વભાવથી ભરેલું તત્ત્વ. એની પર્યાયમાંય એ સ્વભાવ. એથી એવું સ્વરૂપ નિશ્ચયમાં આવ્યું કે સ્વપરપ્રકાશક સ્વભાવથી ભરેલું અને વ્યવસ્થિત પોતાની અને બીજા ગુણોની ને બીજા દ્રવ્યોની પર્યાયને જાણવું જ એટલું એનું સ્વરૂપ છે. એ જાણવું એને આત્મા કહે છે. એ જાણવાનું કર્યું એ જ એણે કર્યું, એ ક્રિયા.

પછી આનાથી આમ થયું ને આનાથી આમ થયું એ વસ્તુમાં રહેતું નથી. એના જ્ઞાનગુણનો ગુણ–સ્વભાવ એવો છે કે બસ જાણવું. એનો નાનો પર્યાય મતિનો હોય તોય જાણવું; એમાંય વ્યવસ્થિત જાણે છે, ઓછું વધુનો પ્રશ્ન નથી. શ્રુત પણ એમ જ જાણે, કારણ કે એના ગુણમાં સ્વપરને વ્યવસ્થિત જાણવાનો સ્વભાવ છે માટે એની પર્યાયમાં પણ સ્વપરને જાણવાની પર્યાયને વ્યવસ્થિત જાણે જ છે બસ!

કેવળજ્ઞાનની પર્યાય તો સાદિ-અનંત રહે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય ઈ તો બહુ અલ્પ પર્યાય છે; અલ્પ એટલે બહું જ થોડો કાળ રહેવાની છે અને કેવલ્યપર્યાય તો એથી અનંતગુણી રહેવાની છે. એ કેવલ્યની પરિપૂર્ણતામાં પોતાનું ને પરનું–સ્વ-પરનું વ્યવસ્થિત જાણવું એવો જ એનો સ્વભાવ છે. એટલે આખા ગુણનો જ એવો સ્વભાવ છે.

આવું જેને જ્ઞાન છે તેને સુશાસ્ત્રનું જ્ઞાન કહેવામાં આવે છે; એનાથી વિરુદ્ધ છે તેને સામા શાસ્ત્ર સાચા હોય તોપણ તેને કુશાસ્ત્રનું જ્ઞાન છે તેમ કહેવામાં આવે છે.

[તા. ૨૭-૧-૬૬]

* * *

(૬)

<u>કળશ ૨૧૪ :</u>

એક વસ્તુ, સ્વયં પરિણમતિ અન્ય વસ્તુને કાંઈ પણ કરી શકે છે, એમ જે માનવામાં આવે છે, તે વ્યવહાર દષ્ટિથી જ માનવામાં આવે છે. નિશ્ચયથી આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી.

<u>ભાવાર્થ</u> : પરિણમન એ દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય પોતે પરિણમતું થકું વર્તમાન-વર્તમાન અવસ્થારૂપ થાય છે, તેમાં નિમિત્તાદિ પરવસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી. જ્ઞાનનું પરિણમન થાય તેમાં વાણી આદિ નિમિત્ત કાંઈ કરી શકતું નથી, આવી જૈનશાસનની વાત ખૂબ ગંભીર અને સૂક્ષ્મ છે ભાઈ!

બાપુ! જ્યાં સુધી આવી પર્યાયની સ્વતંત્રતા બેસે નહિ ત્યાં સુધી દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા કેમ બેસે? અને દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા જ્ઞાનમાં ભાસ્યા વિના દષ્ટિ દ્રવ્ય ઉપર કેમ જાય? ન જાય. અને તો દ્રવ્યની દષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન પણ ન જ થાય.

દ્રવ્યમાં પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે. ત્યા બીજું દ્રવ્ય એને શું કરે? આ તો વસ્તુનું મૂળ સ્વરૂપ છે બાપુ!

'આ ઉપરથી એમ સમજવું કે-પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે તેઓ એકબીજાને કાંઈ કરી શકતા નથી. માટે જ્ઞાયક પરદ્રવ્યને જાણે છે. એમ વ્યવહારથી જ માનવામાં આવે છે, નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.'

લ્યો, સૌ પોતપોતાના ભાવે પરિણમતા પદાર્થો ને એકબીજાને કાંઈ કરી શકતા નથી. જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે એમ કહેવામાં આવે તે માત્ર ઉપચારથી છે. નિશ્ચયથી તે જ્ઞાયકપણ પોતે, જ્ઞાન પણ પોતે ને જ્ઞેય પણ પોતે જ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! પરને જાણવા કાળે પણ તે પોતામી જ્ઞાનની પર્યાયને જાણે છે. અહાહા! જ્ઞાનની પર્યાયના સામર્થ્ય વડે જ સ્વને પર જણાય છે, પર જ્ઞેયના કારણે જ્ઞાન થાય છે એમ કહીય નથી. લ્યો, કહે છે-નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે, અર્થાત જ્ઞાયક પોતાને જ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતો થકો જ્ઞાયક છે. આવી વાત!

(૭) <u>જ્ઞેય-જ્ઞાયક સંબંધ</u>

૧. હું જે કોઈ ચેતના સર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું.
૨. તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી, કેવા જ્ઞેયરૂપ નથી? પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણા માત્ર.

<u>ભાવાર્થ</u> : આમ છે કે-હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યોમાય જ્ઞેય-એમ તો નથી. તો કેમ છે? આ છે

૧. જ્ઞાન અર્થાત્ જાણવારૂપ શક્તિ
૨. જ્ઞેય અર્થાત્ જણાવા યોગ્ય શક્તિ
૩. જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિઓ બિરાજમાન વસ્તુમાત્ર.

એવા ત્રણ ભેદ મારું સ્વરૂપ માત્ર છે, એવા જ્ઞેયરૂપ છું.
ભાવાર્થ-આમ છે કે

૧. હું મારા પોતાના સ્વરૂપે વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ '<u>જ્ઞાન</u>'

૨. હું પોતા વડે જણાવા યોગ્ય છું, તેથી મારું નામ '<u>જ્ઞેય</u>'

૩. એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ '<u>જ્ઞાતા</u>'

એવા નામ ભેદ છે, વસ્તુ ભેદ નથી...<u>કેવો છું</u>?
જ્ઞાન-જીવ જ્ઞાયક છે.
જ્ઞેય-જીવ જ્ઞેય છે.
એવો જે વચન, તેનાથી ભેદને પામું છું. વસ્તુ અભેદ છે.
ભાવાર્થ આમ છે કે - વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.

## (૭) સાધનાની વિધિ

સંપૂર્ણ સાધના આત્માના ગુણોની પર્યાયમાં થાય છે. જ્ઞાન, દર્શન (શ્રધ્ધા), ચારિત્ર (વીર્ય) અને સુખ એ ગુણોમાં વિકાસ થઈ પૂર્ણ થઈ જાય એનું નામ સાધના છે.

**(૧) જ્ઞાન :**

વસ્તુસ્થિતિ શું છે ? વર્તમાન જ્ઞાનની પર્યાય, પોતાની તે સમયની જેટલી નિશ્ચિંત યોગ્યતા છે તેટલું જ જાણે છે અને ત્યારે ઉચિત નિમિત્ત પણ હાજર જ હોય છે. માટે જ્ઞાનના વિસ્તાર માટે વ્યગ્ર આકુળ થઈ નકામી દોડાદોડી ન કરવી જોઈએ.

હવે જ્ઞાનની પર્યાય નિર્મળ કેમ થાય, તેનું સ્વને જાણવાનું સામર્થ્ય કેમ વધે એ માટે ઉપદેશ આપવામાં આવે છે.

(૧) જ્ઞાનના વિશેષ સ્પષ્ટીકરણ માટે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો.

(૨) આ ક્ષેત્રના અત્યારે પ્રસિધ્ધ પાંચ પરમાગમ, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ અને તેના આધારે લખાયેલ બીજા શાસ્ત્રો અને એ શાસ્ત્રોની ભાવલિંગી સંતો દ્વારા કરવામાં આવેલી ટીકાઓ અને એમાં ભરેલા સૂક્ષ્મ ભાવો ઉપર કરેલા ગુરૂદેવના પ્રવચનોનો નિયમિત અભ્યાસ કરવો.

(૩) પોતાના વર્તમાન જ્ઞાન સામર્થ્યથી એના ભાવો ગ્રહણ કરવા સહજ પુરુષાર્થ કરવો. પોતાના જ્ઞાનમાં અંદરથી બધા ખુલાસા થવા જોઈએ. એનો મર્મ સમજવો.

(૪) એ શાસ્ત્રોમાં બતાડવામાં આવેલ જૈન સિધ્ધાંતો અને વસ્તુવિજ્ઞાન–સાર–વસ્તુસ્વરૂપ જેમ બતાડવામાં આવ્યું છે તેમ સમજવું.

   (૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિધ્ધાંત : દ્રવ્ય–ગુણ–પર્યાયની સ્વતંત્રતા.

   (૨) ક્રમબધ્ધ પર્યાયનો સિધ્ધાંત : આ સર્વ આગમનો સાર છે.

   (૩) ઉપાદાન – નિમિત્તની સ્વતંત્રતાનો સિધ્ધાંત – પાંચ સમવાય.

   (૪) નિશ્ચય–વ્યવહારનું યથાર્થ જ્ઞાન : સ્યાદવાદ કથનશૈલીનો અભ્યાસ.

   (૫) બધા શાસ્ત્રોનું તાત્પર્ય 'વીતરાગતા' છે.

(૫) આગમ–જ્ઞાન (૧) ત્રિકાળી સ્વભાવ (૨) વર્તમાન પર્યાય (પર્યાયમાં રહેલા દોષ) (૩) સંયોગો, બધાને પોતાનો વિષય બનાવે છે.

(૬) આ રીતે સમ્યક્ અનેકાન્ત અને પછી શ્રધ્ધા માટે સમ્યક્ એકાંતનું સ્વરૂપ બરાબર સમજવું.

(૭) સંપૂર્ણ સ્વાધ્યાય નિજ હિત અને સ્વરૂપના લક્ષે કરવો. ખ્યાતિ, પ્રસિધ્ધિ, પૂજા તેમજ બીજા લાભ માટેનો અભિપ્રાય ન હોવો જોઈએ.

(૮) આગમ – જ્ઞાન અને અનુમાનજ્ઞાનમાં 'દષ્ટિનો વિષય' સ્પષ્ટ થવો જોઈએ. જ્ઞાન – શ્રધ્ધાને વિષય આપે છે અને પછી શ્રધ્ધા એમાં અહમપણું કરે છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત એજ વાસ્તવિક શરૂઆત છે.

(૯) તત્ત્વના અભ્યાસ પછી તત્ત્વનો નિર્ણય અને ભેદજ્ઞાનની કળા વિકસાવવી જોઈએ. વિકલ્પાત્મક નિર્ણયથી શરૂઆત થાય છે. ઈન્દ્રિય અને મનનું પછી અવલંબન છૂટતાં – નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે.

(૧૦) સંપૂર્ણ સ્વાધ્યાય ધર્મબુધ્ધિથી – ગુરુગમ્યે – સત્સંગના માધ્યમથી કરવો.

(૨) શ્રધ્ધા :

(૧) શ્રધ્ધાના વિષયમાં કોઈ સમાધાન કાર્યકારી નથી. ૧૦૦% સંપૂર્ણ નિઃશંકતા એ રીતે શ્રધ્ધા ગુણની વ્યક્ત પર્યાયને જ સમ્યક્દર્શન - આત્માની અનુભૂતિ કહેવામાં આવે છે. એમાં

(૧) વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા

(૨) સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન અને શ્રધ્ધા

(૩) સ્વ પરનું ભેદ - વિજ્ઞાન

(૪) સ્વનું શ્રધ્ધાન.

(૨) શ્રધ્ધા ગુણની અવ્યક્ત પર્યાયનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) રૂચી (૨) પ્રતીતિ (૩) જિજ્ઞાસા (૪) લક્ષ (નિર્ણય) (૫) એકાગ્રતા (અભિપ્રાયની અખંડ ધારા)

(૩) સ્વાનુભૂતિ એ શ્રધ્ધાગુણની વ્યક્ત પર્યાય છે. જ્યારે વર્તમાન જ્ઞાનની પર્યાય - *શુધાત્માનું લક્ષ કરી પૂર્ણ નિર્મળ થઈ જાય છે ત્યારે એ પર્યાયમાં ભગવાન આત્મા* જણાય છે એને નિશ્ચય સમ્યક્દર્શન - સમકીત - શુધ્ધોપયોગ કહેવામાં આવે છે.

(૪) સમ્યક્દર્શન - જ્ઞાન - ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહે છે. ત્રણ કાળ - ત્રણ લોકમાં આ એક જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને 'તત્ત્વાર્થ શ્રધ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' એ સૂત્ર છે એટલે વિપરીત અભિનિવેશ રહિત પ્રયોજનભૂત તત્ત્વોની શ્રધ્ધા... સ્વભાવના લક્ષે જેમ જેમ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય વધે છે તેમ તેમ દર્શનમોહ મંદ થતો જાય છે અને દર્શનમોહનો અભાવ થતાં નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ થાય છે.

(૫) પ્રાયોગિક ધોરણે નિરંતર ભેદજ્ઞાન-પરમાં ક્યાંય સુખ નથી - બધેથી સુખબુધ્ધિ ઉડી જવી જોઈએ અને નિરંતર સ્વભાવનો નિર્ણય 'જે જણાય છે તે હું જ છું' એવી અભિપ્રાયની અખંડ ધારા.

(૬) સદાય - દ્રવ્યસ્વભાવની મુખ્યતા બીજું બધું ગૌણ થઈ જાય.

(૭) નિશ્ચયના લક્ષે - સંપૂર્ણ વ્યવહારનો નિષેધ વર્તવો જોઈએ. કોઈપણ શુભ ભાવની (રાગની) ક્રિયામાં મીઠાશ ન વર્તવી જોઈએ.

(૮) બધા આત્માઓને દ્રવ્યદષ્ટિથી જોવા. કોઈને પણ પર્યાયદષ્ટિથી ન જોવા. આનો સતત મહાવરો. પુદ્ગલના પરિણમનમાં પણ ઈષ્ટ - અનિષ્ટની કલ્પના ન થવી જોઈએ. સતત મધ્યસ્થતાનો અભ્યાસ. 'દ્રવ્યદષ્ટિ એ જ સમ્યગ્દષ્ટિ'.

શ્રધ્ધાના વિકાસનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) સંસ્કાર (૨) અંદરથી હકાર (૩) વિકલ્પાત્મક નિર્ણય (૪) વૈરાગ્ય (૫) પુરુષાર્થ (૬) સહજતા - એ રીતે જો અભિપ્રાયની ધારા બે ઘડી અખંડ રહી જાય તો સ્વાનુભૂતિ થાય.

(૯) સંપૂર્ણ મધ્યસ્થતા - તટસ્થતા - કોઈ વ્યક્તિ વિશેષનો રાગ એ શ્રધ્ધા નથી.

(૧૦) જ્ઞાનગુણની પર્યાય - જ્ઞાન - શ્રધ્ધાન - વીતરાગ - સુખરૂપે - પરિણમી જાય છે. જ્ઞાનનું સાચું કાર્ય : (૧) જાણવું, (૨) પોતાને (૩) યથાર્થ (૪) શ્રધ્ધાનપૂર્વક (૫) એકાગ્રતાપર્વૂક.

(૩) વીર્ય : પુરુષાર્થ : આચરણ :

(૧) વીતરાગી દેવ – ગુરુ – શાસ્ત્રની આરાધના અને તેમની શ્રધ્ધા માટે જિનબિંબ દર્શન – પૂજા – ભકિત અને એમનું બહુમાન.

(૨) સંયમીત જીવન – રાત્રીભોજનનો ત્યાગ – કંદમૂળાદિ – અભક્ષ્યનો ત્યાગ – વૈરાગ્યની પુષ્ટિ માટે શકિત પ્રમાણે તપ – ગાળેલા પાણીનો જ ઉપયોગ ન્યાયયુક્ત આજીવીકા પર્વના દિવસોમાં વિશેષ આરાધના.

(૩) સાત વ્યસનોની પ્રતિજ્ઞા, ઈન્દ્રિય સંયમ માટે આરાધના.

(૪) નિવૃત્ત જીવન – આત્માની પ્રવૃત્તિરૂપ – નિવૃત્તિ – જો શક્ય હોય તો જ્યાં વિકલ્પોના નિમિત્ત ઓછામાં ઓછા હોય એવા નિવૃત્ત સ્થાનોમાં રહેવાની ભાવના.

(૫) સતત જ્ઞાનીઓ અને મુમુક્ષુઓના સંગમાં રહી આરાધના કરવી. બધા પ્રત્યે વાત્સલ્ય ભાવ

(૬) સ્વચ્છંદ ટાળવા – જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણે આરાધના કરવી. કોઈપણ પ્રકારનો હઠાગ્રહ ન હોવો જોઈએ – સહજ જીવન.

(૭) 'રૂચી અનુયાયી વીર્ય' સતત જાગૃત જીવન – પ્રતિકૂળ ઉદયમાં પ્રમાદ વર્તવો ન જોઈએ. હંમેશાં સત્ય પુરુષાર્થ, ધર્મની પ્રભાવનામાં ઉત્સાહ.

(૮) સંપૂર્ણ જીવન જ્ઞાનમય – લાગણીઓ અને રાગની ગૌણતા.

(૯) નિરંતર વૈરાગ્યની ભાવનાઓનું ચિંતવન અને અનુપ્રેક્ષા.

(૧૦) ધર્મના દશ લક્ષણો (ઉત્તમ ક્ષમાદિ)ની પુષ્ટિ માટે સતત પ્રયત્નશીલઃ મૂળ વીતરાગ માર્ગથી બહાર ન નીકળવું.

(૪) સુખ : આ બધા ગુણોની પર્યાયોની ઉત્તરોત્તર નિર્મળતાનું ફળ – આકુળતા વગરનું જીવન, નિ:શંકતા, નિર્ભયતા, ચિંતા, ખેદ, શોક, મોહનો ઘટાડો. આઠ પ્રકારના મદનો ત્યાગ જેથી નિર્ભયતા – જ્યાં સુધી અતિન્દ્રિયસુખની અનુભૂતિ ન થાય ત્યાં સુધી પર્યાયે પર્યાયે આકુળતા ઘટવી જોઈએ. સહજ ચિદાનંદ જીવન.

'સનાતન વીતરાગ જૈનધર્મ જ સત્યધર્મ છે.'

જ્ઞાન : (૧) ચેતન – આત્મદ્રવ્ય (૨) ચૈતન્ય – જ્ઞાનગુણ (૩) ચેતના પરિણતિ – જ્ઞાનની પર્યાય

(૧) અનાદિ કાળથી આ જીવે પોતે ખરેખર કોણ છે એ જાણવાની કદી એક ક્ષણ પણ દરકાર કરી નથી.

(૨) કોઈ પણ વસ્તુને જાણવા માટે તેના લક્ષણ જાણવા અવશ્ય જરૂરી છે, કેમકે લક્ષણથી લક્ષ્યભૂત પદાર્થની પ્રતીતિ થાય છે, અને પછી અંતર્મુખ સમ્યક્ પુરુષાર્થ થતાં વસ્તુ પ્રાપ્ત થાય છે.

(૩) તો જીવનું લક્ષણ શું ? ચેતના

ચેતના બે પ્રકારે છે. (૧) જ્ઞાન ચેતના (૨) દર્શન ચેતના દર્શન નિર્વિકલ્પ છે માટે નિર્વચનીય છે એ ભાષાથી પાર છે, એ અનુભૂતિનો વિષય છે. જ્ઞાન સાકાર છે, સ્વ પર પ્રકાશક છે, જ્ઞાન એ આત્માનું અસાધારણથી પણ અસાધારણ લક્ષણ છે. પ્રત્યેક જીવમાં જ્ઞાન છે એથી એ લક્ષણભૂત આત્મભૂત લક્ષણ થયું. જ્ઞાન વડે જ પોતે કોણ છે એ જણાશે.

(૪) જ્ઞાનનું લક્ષણ શું ? આચાર્યે જ્ઞાનના ત્રણ લક્ષણ બતાવ્યા છે.

(૧) પર લક્ષ અભાવાત્

(૨) ચંચલતા રહિતમ્

(૩) અચલમ જ્ઞાનમ્

(૧) જ્ઞાનને પરનું લક્ષ કરવું પડે નહીં અને સમસ્ત પર અર્થાત્ સમસ્ત લોકાલોકનું એક પણ પરમાણું જણાયા વગરનું રહે નહીં, જ્ઞાનનું આવું સ્વચ્છત્વ છે.

(૨) જ્ઞાન ચંચલતારહિત છે. જ્ઞાન સ્વને જાણે અને પરને જાણે એવું જ્ઞાનનું સ્વરૂપ નથી. પોતામાં જ અવસ્થિત છે.

(૩) જ્ઞાન તો અચલમ્ એટલે અંતર્નિર્મગ્ન છે.

અનંનાનંત પર પદાર્થો છે, એ જેવા છે એવા અંદર જાણપણામાં જણાઈ જાય એવી એક શક્તિ – સામર્થ્ય અંદર છે. એનું નામ સ્વ પર ગ્રાહક શક્તિ. એ સ્વ-પર પ્રકાશન શક્તિ છે. સ્વમાં જ્ઞાયક ભગવાન અને પરમાં પર સંબંધીનું આખું સમગ્ર – પરિપૂર્ણ જાણપણું જ્ઞાનની પર્યાયમાં સ્વયં જણાઈ જાય છે.

(૫) સ્વપર પ્રકાશપણું એ એકપણું છે એ એક છે. સ્વ અને પર એમ બેપણું નથી. જ્ઞાન પાસે એક જ શક્તિ છે જાણવાની. સ્વ અને પરનું પ્રકાશન જ્ઞાનની વર્તમાન એક અખંડ પર્યાયમાં થાય છે; એને સ્વ પર પ્રકાશક જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય પ્રગટ થયું એમ કહેવામાં આવે છે.

(૬) જગતનું એક પણ પરમાણું જાણ્યા વગરનું રહી જાય તો જ્ઞાનનું સામર્થ્ય ઘટી જાય. સામર્થ્ય ખતમ થઈ જાય અને જગતના એક પણ પરમાણુંને જ્ઞાન જો જાણવા જાય તો જ્ઞાનનું જ્ઞાનત્વ ખતમ થઈ જાય. જ્ઞાન જ્ઞાનને સિધ્ધ કરે છે; પરને પ્રસિધ્ધ કરે છે.

(૭) એકનિષ્ઠ થઈને વેદન પ્રત્યક્ષ કર્યા વિના કોઈ પદાર્થને જ્ઞાન જાણી શકતું જ નથી. માટે ત્રિકાળીને વેદન પ્રત્યક્ષ થઈને સદાય જાણવો એ જ જ્ઞાનનો ધર્મ છે, આ જ્ઞાનનું સામર્થ્ય છે. જ્ઞાન જ્ઞાનનિષ્ઠ છે એ જ્ઞેયનિષ્ઠ કેમ થાય ? જ્ઞાનીને પણ પરનું જાણવું થાય છે, પણ પોતાની જ્ઞાનની પર્યાયને જાણતાં પર જણાઈ જાય છે. એ સ્વપર પ્રકાશનની અભિવ્યક્તિ છે.

(૮) જ્ઞાન પાસે ત્રણ પ્રકારની વ્યવસ્થા છે.

(૧) જ્ઞાનનું સ્વચ્છત્ત્વ (૨) જ્ઞાનનું પરિણમન (૩) જ્ઞાનની વિશેષતા તે જાણવું.

<u>(૧) જ્ઞાનનું સ્વચ્છત્ત્વ :</u> લોકાલોકનો પ્રતિભાસ થવો અર્થાત્ અંદર જ્ઞેયાકારો સ્વયં રચાવા એ સ્વચ્છત્ત્વ શક્તિનું વ્યક્તરૂપ છે. જ્ઞાનમાં પણ જ્ઞાનનું સ્વચ્છત્ત્વ હોવાથી આ ક્રિયા નિરંતર થયા કરે છે. સ્વ અને પરનું સમસ્તનું અવભાસન થાય છે.

<u>(૨) જ્ઞાનનું પરિણમન :</u> સમયે સમયે ઉત્પાદ પામતી જ્ઞાનની પર્યાયની પરિણમવાની યોગ્યતા અર્થાત્ જ્ઞાનાકારો રચાઈ જવાની યોગ્યતા. જ્ઞાનનું પરિણમવું એટલે જ્ઞાનાકારો રચાવા એટલે કે જાણવું.

<u>(૩) જાણવું :</u> જાણવું એ તો જ્ઞાનની મૂળભૂત વિશેષતા છે. એ જ્ઞાનનો મૂળભૂત ધર્મ છે. જ્ઞાન ગુણની એક અદ્‌ભૂત વિશેષતા છે. જાણવું... જાણવું.... જાણવું.... હવે એ સાર્થક ત્યારે જ કરી શકાય કે જાણવું નિયમથી વેદનપૂર્વક હોય છે. આ રીતે જ્ઞાનની પર્યાયની જ્ઞાન સંબંધી ત્રણ પ્રકારની સ્થિતિ છે. (૧) પ્રતિભાસ જ્ઞેયાકારોનું સ્વયં રચાઈ જવું. (૨) જ્ઞાનાકારોનું સ્વયં રચાઈ જવું (૩) જાણવું એ જ્ઞાનનો મૂળભૂત ધર્મ.

(૯) આમ જ્ઞાનના સ્વચ્છત્ત્વથી પ્રતિભાસિત જ્ઞેયો જેવા રૂપે છે તેવું જ જ્ઞાનનું જ્ઞાનાકારરૂપ

પરિણમન એટલે જાણવું થયા જ કરે છે. આ જ્ઞાનમાં ચાલતી નિરંતર પ્રક્રિયા છે.

(૧૦) 'હું પરને જાણું છું' એ માન્યતા રાગ-દ્વેષના અનિષ્ટનું મૂળિયું છે ઉપયોગ દોષીત નથી પણ જાણવાની ક્રિયામાં જે મિથ્યા માન્યતા વર્તે છે એ દોષ ઊભા કરે છે, એથી જ ઇષ્ટ-અનિષ્ટની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. વળી મિથ્યાત્વ એ ભય પાપ છે, એ બંધ છે, ભવનો હેતુ થઈ રહ્યું છે. એ જે જ્ઞાનસ્વરૂપની સાચી સમજણ કરીને જાત્યાંતર થાય છે તે ભવનો અભાવ કરે છે.

શ્રધ્ધા :

(૧૧) મારાપણાની માન્યતા કોણ કરે છે ? એ શ્રધ્ધાની પર્યાય કરે છે. એવી એ વિપરીત માન્યતારૂપ શ્રધ્ધાની પર્યાય એ મિથ્યાત્વ છે. જ્ઞાનની પર્યાયમાં સ્વચ્છતાના કારણે આ પ્રતિભાસ થાય છે. જ્ઞાનની વિશેષરૂપ જ્ઞાનની પર્યાય એમાં જોડાઈ જાય છે અને એવી આ જ્ઞાનની પર્યાય અજ્ઞાન નામ પામે છે. હવે જો ભેદજ્ઞાનની કળા ખ્યાલમાં આવી જાય તો. પાંચ ઈન્દ્રિયોના વિષયોના પ્રતિભાસમાં જોડાઈ જવાને બદલે જ્ઞાન જ્ઞાયક પ્રતિ સન્મુખ થાય અને જ્ઞાનની પર્યાય નિર્ણય લે, 'જે જણાય છે તે હું જ છું' તો શ્રધ્ધા પણ એમાં અહં સ્થાપીને નિઃશંક અંતર્મુખ થઈ જાય.

(૧૨) અનંતગુણોમાં આ શ્રધ્ધાગુણ એક જ એવો ગુણ છે કે જે ત્રિકાળીને એક સમયમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરીને સંપૂર્ણ સમર્પિત થઈ જાય છે. અર્થાત્ ચોથે ગુણસ્થાને શ્રધ્ધા એક સમયમાં પરિપૂર્ણ શુધ્ધતાને પામી જાય છે. સ્વ પર પ્રકાશનના પ્રમાણરૂપ ભાગમાંથી સમ્યક્એકાન્ત કરીને સ્વપ્રકાશનમાં મને તો જ્ઞાયક જ જણાય છે એમ જાણતી માનતી પર્યાય જ્ઞાયકની સાથે એકમેક થઈને 'આ જ હું છું' એમ તે મય પરિણમી જાય છે. હવે પર્યાય પણ અભેદ થઈ ગઈ. વસ્તુ નિર્વિકલ્પ છે તો પર્યાય નિર્વિકલ્પ થાય તો જ દ્રવ્ય સાથે અભેદ થઈ શકે. 'હું જ ધ્રુવ દ્રવ્ય છું' એવી નિઃશંક પ્રતીતિ થાય છે. ત્યારે વેદન પ્રગટ થાય છે. આને તદરૂપભવન કહે છે. સ્વદ્રવ્યમાં કે જે આનંદનો સાગર છે તેમાં 'અહમની સ્થાપના કરે તેને અનંત અતીન્દ્રિય આનંદ પ્રગટે છે.

(૧૩) દષ્ટિમાં દ્રવ્ય આવે છે અને પર્યાયમાં વેદન આવે છે. દ્રવ્ય જેવું છે એવું એનું હોવાપણું પર્યાયમાં વેદનરૂપે – આસ્વાદરૂપે આવે છે. દષ્ટિ દ્રવ્યનો સ્વીકાર કરે છે ત્યારે એ દ્રવ્યનું સમસ્ત અને સર્વ સામર્થ્ય જેમ છે તેમ દ્રવ્ય-ગુણ સહિત આખે આખું જ્ઞાનમાં વેદન પ્રત્યક્ષ અખંડ જ્ઞેય બની જાય છે, અહીં પર્યાય અભેદ છે. આ ધ્યેયપૂર્વક જ્ઞેય છે. જેવું ધ્રુવદ્રવ્ય તદમયરૂપ છે. પોતારૂપ છે જેવું હોવારૂપ અસ્તિત્વ છે. એવું જ પર્યાયમાં તે મય ભવન પરિણમવું થાય છે. જેવો ત્રિકાળી છે એવું જ તદરૂપ પરિણમન સમયે સમયે થતું જાય છે. જ્ઞાન જ્યારે શ્રધ્ધારૂપ પરિણમશે ત્યારે જ જ્ઞાનત્વ પ્રગટ થશે. 'વસ્તુ અભેદ એકરૂપ છે.' એ જ્ઞાનનો વિષય છે. 'વસ્તુ એકાકાર છે' એ દષ્ટિનો વિષય છે.

પુરુષાર્થ :

(૧૪) આત્મામાં અનંત શક્તિઓ છે. એ પ્રત્યેક સ્વયં સંચાલીત છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે એનો સ્વીકાર એ જ અનંતો પુરુષાર્થ છે. તારો પુરુષાર્થ કયાં કામ કરે છે ? પોતાના અસ્તિત્વમાં જ કામ કરે. સ્વરૂપનો સ્વીકાર થતાં જ તત્કાળ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય છે. મારું અસ્તિત્વ ધ્રુવ સ્વરૂપે અત્યારે વર્તમાનમાં છે જ, એ પ્રાપ્ત જ છે. હવે વર્તમાનમાં જ નિરંતરતા એવી થવી જોઈએ કે મારું ધ્રુવ અસ્તિત્વ છે.

(૧૫) બસ ! આ સ્વીકાર... આ જ પુરુષાર્થ છે. અન્ય કોઈ પુરુષાર્થ થઈ શકે જ નહીં.

અન્ય બીજી કોઈ રીતે કોઈ પુરુષાર્થ છે જ નહીં. વર્તમાનમાં જ અસ્તિત્વનો સ્વીકાર આ અનંતો પુરુષાર્થ છે. વીર્ય ગુણનું કાર્ય સ્વરૂપની પર્યાયમાં રચના કરવી એ છે. પર્યાય એના સ્વકાળમાં ધ્રુવ જ છે. વર્તમાન એક સમય એજ વાસ્તવિક જીવન છે. કાર્ય વર્તમાનમાં થઈ રહ્યું છે. સ્વીકાર પણ વર્તમાન પર્યાયમાં જ થશે. વર્તમાનમાં જ ત્રિકાળી ધ્રુવનું હોવાપણું મોજુદ છે. એમ એનો સ્વીકાર આજ પુરુષાર્થ છે. વર્તમાન એક એક સમય થઈને ત્રિકાળ બને છે. શ્રધ્ધામાં જે જ્ઞાયક સંબંધની શ્રધ્ધા થઈ એને પ્રતીતિ કહેવાય છે. એ જ્ઞાયક સંબંધી પ્રતીતનું જ્ઞાન એકાગ્રતાપૂર્વક જ્ઞાનમાં થાય છે ત્યારે સમ્યગ્દર્શન કહેવાય છે. ત્યારે વેદન પ્રત્યક્ષ થાય છે.

વસ્તુસ્વરૂપનો જ્ઞાન - શ્રધ્ધામાં સ્વીકાર એ જ અનંતો પુરુષાર્થ છે.

(૧૬) આત્મામાં અનંત શકિતઓ છે. એ પ્રત્યેક સ્વયં સંચાલીત છે તો પછી મારે પરિણમન કરવું છે એ વાત કયાં રહી ? જે થઈ રહ્યું છે તેને કરવાનું શું ? વસ્તુનું સ્વરૂપ જ આવું છે એવો સ્વીકાર અનંતો પુરુષાર્થ છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં 'આ હું છું' એવો સ્વીકાર થતાં જ પર્યાયમાં પણ તદ્રૂપ પરિણમન સ્વયં થઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિ થતાં જ પર્યાયમાં નિર્મળતા ભાવરૂપ થઈ જાય છે. સ્વરૂપનો સ્વીકાર થતાં જ તત્કાળ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય છે. તારો પુરુષાર્થ - તારા પોતાના અસ્તિત્વમાં જ કામ કરે છે. 'વસ્તુનું આવું સ્વરૂપ છે' એવા સ્વીકારથી જ્ઞાન નિર્મળ થાય છે. 'હું આ છું.' એમાં પ્રતીતિ અંતર્મુખ થાય છે. જાણવું તો સાંભળીને સૌને થાય છે; એવો વિશ્વાસ - શ્રધ્ધા એવી પ્રતીત થતાં પરિણમન થઈ જાય છે.

'હું આત્મ સ્વરૂપ છું' 'જ્ઞાન સ્વરૂપ છું' 'મોક્ષસ્વરૂપ છું' 'સ્વરૂપ પ્રત્યક્ષ જ છું' એવો સ્વીકાર થતાં અંદર જે શકિતરૂપ પડયું છે એ તને વર્તમાનમાં વર્તમાન થઈને પ્રગટ થઈ જશે. તત્કાળ વ્યક્ત થશે જ.

(૧૭) સમ્યગ્દર્શન સહજ છે, પણ એમાં નિરંતર વારંવાર ટકી રહેવું એ જ પુરુષાર્થ છે. આવું અવધારણ નિરંતર વર્તમાનમાં ટકી રહેવું જોઈએ.

નિરંતરતાનું મૂલ્યાંકન છે. વર્તમાન એ જ જીવન છે. પર્યાય એના સ્વકાળમાં ધ્રુવ જ છે. આ એક બોલ સ્વરૂપની પ્રાપ્તિ કરાવી દેશે. વર્તમાનમાં જ ત્રિકાળી ધ્રુવનું હોવાપણું મોજુદ છે એનો એમ સ્વીકાર કર. પર્યાય વર્તમાનમાં આત્મા થઈને પ્રગટ થાય છે. વર્તમાન એક એક સમય થઈને ત્રિકાળ બને છે. આ વાકયમાં બહુ ઊંડો મર્મ પડયો છે. ધ્રુવની ધ્રુવતાનો એક સમય પણ જો તને સ્વીકાર થઈ જાય તો તે સ્વીકારનારી પર્યાય ધ્રુવ થઈ જાય. ત્રિકાળી પર જેનું લક્ષ છે એને કદી શંકા આશંકા નહિ થાય. પર્યાય ધ્રુવ - અક્ષય - અમેય બની જાય છે. જ્ઞાનમાંથી જ્ઞાનનો ઉઘાડ આવે છે. બાકી બધા જ્ઞેય છે. જ્ઞાનની પ્રસિધ્ધિ થતા આત્માની પ્રસિધ્ધિ થાય છે.

(૧૮) શ્રધ્ધા અને રુચિને જાણી લેવા એ જ્ઞાનનું કાર્ય છે. પણ એ સમયે શ્રધ્ધામાં શું થયું ? એ કહી શકાતું નથી- એ અનુભૂતિનો વિષય છે. સમ્યગ્દર્શન થાય છે એ શ્રધ્ધાનું જ્ઞાયક સાથે એકત્વપૂર્વક પ્રતીતરૂપ પરિણમન છે એ જ્ઞાનમાં સમજાય છે. સમ્યગ્દર્શનના પડખાથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ કેવળજ્ઞાન ગોચર છે, કેમકે સાધકનું જ્ઞાન તો હજુ અંશે એક દેશ નિર્મળ થયું છે, અત્યારે જ્ઞાન અંશે શુધ્ધ છે તો વેદન પ્રત્યક્ષ કરી શકે છે. પણ શ્રધ્ધામાં અંદર શું થયું એ જ્ઞાન ક્ષાયિક થશે ત્યારે સ્વરૂપ પ્રત્યક્ષ જાણી શકશે.

(૧૯) તારું જ્ઞાન તારા આશ્રયે જ થાય. તારું જ્ઞાન તારી સત્તામાં જ થાય. તું પ્રત્યક્ષ જ છો એમ વેદન કરતું જ્ઞાન પ્રગટે એ સમ્યગ્જ્ઞાન છે આવી વેદન પ્રત્યક્ષ પર્યાય સહજ જ

પ્રગટ થાય છે. એ ત્રિકાળી દ્રવ્યના લક્ષે જ પ્રગટ થાય છે.

(૨૦) અહો ! જિનવચનો પરમ ઉપકારી છે. જિન શાસન ચર્ચાનો વિષય નથી, વાદ વિવાદનો વિષય નથી, વાંચવાનો, બોલવાનો વિષય નથી, એ સાંભળવાનો વિષય પણ નથી. એ જીવન જીવવાનો વિષય છે. જેણે જીવનને આત્મસ્વરૂપ જાણવામાં લગાડયું છે એ વિશ્વમાં શ્રેષ્ઠ છે. મહાભાગ્યવાન છે. આ જૈનદર્શન તે સંપ્રદાય નથી, વાડોનથી, પંથ નથી. વેષ નથી. જૈન દર્શન વિશ્વદર્શન છે. વસ્તુ દર્શન છે. સ્વરૂપ દર્શન છે. તારા સ્વરૂપનું કોઈ અચિંત્ય મહાત્મ્ય છે. તારા નિધાન અંદર પડયા છે. અંદર તો નજર કર. તું અંદર પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ છો અંદર તો નજર કર. એકલું ચૈતન્યનું દળ અંદર પડયું છે. ચૈતન્ય ચમત્કાર ! અરે ભગવાન એકવાર અંદર નજર તો કર. અંતર્મુખદષ્ટિની આ કમાલ છે. આ શ્રધ્ધાનો ચમત્કાર છે. અનાદિથી જે કાર્ય સિધ્ધ થયું ન હતું. અનુભૂતિકાળે સફળ થઈ જાય છે. આ પર્યાય ધ્રુવમય થઈ આનંદના મહાસાગરમાં મહાસાગર બની જાય છે.

આ પર્યાય પ્રવાહરૂપ ધ્રુવ થઈ જાય છે. સદૃશ ! સદૃશ ! સદૃશ ! અભેદ ! અભેદ ! અભેદ! વેદન ! વેદન ! વેદન! આનંદ ! આનંદ! આનંદ! વિશ્વમાં સત્ એક જ હોય. ત્યાં કાળભેદ નથી. ત્યાં તો અનંત અનંત અનંત આનંદનો સાગર ઉછળી રહ્યો છે. આ છે જૈન દર્શન – આત્માનુભૂતિ.

## (૧) જ્ઞાન સ્વભાવ

(૧) અહાહા....! ભગવાન ! આ તારી લીલા તો જો ભાઈ ! કોઈ લોકો ઈશ્વરની લીલા કહે છે તે નહિ, આ તો તારી લીલા પ્રભુ !

(૨) અનાદિ વિકારમાં રહ્યો તેય તું, અને નિર્વિકારમાં આવ્યો તેય તું ! અદ્‌ભુત ચમત્કારી વસ્તુ બાપુ !

(૩) એની કેવળદર્શનની એક સમયની પર્યાય આખા લોકાલોકના પદાર્થોને આ જીવ કે અજીવ એમ ભેદ પાડયા વિના સામાન્ય અવલોકે, જ્યારે તે જ સમયે પ્રગટ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકના પ્રત્યેક પદાર્થને ભિન્ન – ભિન્ન – ભિન્ન કરીને જાણે.

(૪) વળી પ્રત્યેક સમય કેવળજ્ઞાનની પર્યાય અનંતકાળ પર્યંત થયા કરે તોય દ્રવ્ય તો એવું ને એવું રહે, કાંઈ વધઘટ વિનાનું.

(૫) અહો ! દ્રવ્યનો ચૈતન્ય ચમત્કારી સ્વભાવ કોઈ પરમ અદ્‌ભુત છે.

(૬) અહો ! આવો જ્ઞાનસ્વભાવ છે. સ્વભાવમાં તર્ક શું ? સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન અદ્‌ભુત અલૌકિક છે. તેનો પાર સમ્યગ્જ્ઞાન જ પામી શકે.

(૭) કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે. અનંતા કેવળીને તે એક સમયમાં જાણે છે. શ્રુતજ્ઞાનની પર્યાય પણ એવડી જ છે, પ્રત્યક્ષ – પરોક્ષનો ફેર છે.

(૮) અહાહા...! જે પર્યાયમાં અનંત દ્રવ્ય–ગુણ– પર્યાય પ્રત્યક્ષ જણાય તે પર્યાયનું સ્વરૂપ જેટલું છે તેટલું જ બીજે સમયે, ત્રીજે સમયે એમ અનંતકાળ પર્યંત રહે છે. અહો ! આવો કોઈ ચૈતન્ય વસ્તુનો અદ્‌ભુત – અદ્‌ભુત સ્વભાવ છે.

(૯) આત્માનો સહજ અદ્‌ભૂત વૈભવ છે. ષટ્‌ગુણ હાનિવૃધ્ધિ કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે. જે સમયે અનંતગુણ વૃધ્ધિ તે જ સમયે અનંતગુણ હાનિ થાય છે, કેવળજ્ઞાનમાં બધું

પ્રત્યક્ષ જણાય છે.

(૧૦) આત્માના સ્વભાવમાં ઉણપ, અશુધ્ધિ કે આવરણ નથી. આ તો ત્રિકાળી સ્વભાવની વાત છે. ભગવાન આત્મા શુધ્ધ એક જ્ઞાન સ્વભાવથી ભરેલો સાગર છે. તેમાં એકાગ્ર થઈ પરિણમવાથી પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. વીતરાગી દશા પ્રગટ થાય છે. આ ધર્મ છે.

## (૨) સ્વાનુભૂતિ એ જ સુખી થવાનો ઉપાય

(૧) નિર્વિકલ્પ અનુભૂતિ એ જ અતીન્દ્રિય જ્ઞાન અને સુખની સ્થિતિ છે. એને શુધ્ધોપયોગ કહેવામાં આવે છે.

(૨) જે ઉપયોગ બહિર્મુખ છે તે અશુધ્ધોપયોગ છે સ્થૂળ છે. જે ઉપયોગ અંતર્મુખ છે તે શુધ્ધોપયોગ છે તે સુક્ષ્મ છે. સ્થૂળ ઉપયોગને સૂક્ષ્મ કરવો એ જ સાધનાનું ફળ છે.

(૩) ભેદજ્ઞાન અને સ્વરૂપનો યથાર્થ નિર્ણય એ જ ઉપાય છે. આ વાત જૈન સનાતન દિગંબર ધર્મ સિવાય બીજે ક્યાંય નથી. એના નિમિત્ત વીતરાગી દેવ – ગુરુ અને શાસ્ત્ર છે.

(૪) શુધ્ધ આત્માના લક્ષે વર્તમાન જ્ઞાનની પર્યાય સમયે સમયે નિર્મળ થતી જાય છે. ઉપયોગ સૂક્ષ્મ કરવાની આ જ વિધિ છે.

(૫) અનાદિની સ્વરૂપ સંબંધી આ જીવની માન્યતાની ભૂલ એ મહાપાપ છે. મિથ્યાત્વ પાપનો બાપ છે. જેવું પોતાનું સ્વરૂપ છે તેવું ન માનવું એ મોહજનીત હઠ છે. આગ્રહ છે – અનંત દુ:ખનું કારણ છે.

(૬) આ વીપરીત માન્યતાથી – દેહ – સંબંધ – સંયોગો પ્રાપ્ત થયા છે આ ભૂલનું પરિણામ છે સજા છે.

ખરેખર આત્માને આની સાથે કાંઈ સંબંધ નથી, એને પોતાના માનવા, એનું કરવાની કર્તાબુધ્ધિ, એને ભોગવવાની ભોકતાબુધ્ધિ એજ મહાન વીપરીતતા છે.

(૭) જે આપણી સામે છે તે વાસ્તવિકતા છે તેનો સહજ સ્વીકાર કરો. એ આપણી અજ્ઞાન અવસ્થામાં કરેલ પરિણામોનું ફળ છે. તત્ સમયની યોગ્યતા.

(૮) હવે એને ભોગવવાનું નથી. જ્ઞાનથી વેદવાનું છે. જાણવાનું છે. આ આત્મા જાણવા સિવાય કરી પણ શું શકે ?

(૯) જે કાંઈ પણ થઈ રહ્યું છે તે સ્વતંત્ર, ક્રમબધ્ધ, તેની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે થઈ રહ્યું છે. તો એમાં આ આત્મા કોની પર્યાય બદલાવે ? જ્ઞાનની પર્યાય એ જ્ઞેયરૂપે પરિણમતી નથી જ્ઞાનરૂપે જ પરિણમે છે.

(૧૦) 'જે જણાય છે તે હું જ છું' એ એક જ અભિપ્રાય જો ધારાવાહી બે ઘડી ચાલે તો નિર્વિકલ્પ અનુભૂતિ થાય. સુખી થવાનો આ એક જ ઉપાય છે.

## (૩) જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા

ભગવાન આત્માએ તો જ્ઞાનસ્વરૂપ જ પોતાનામાં ધારણ કરી રાખ્યું છે. ત્રિકાળી જ્ઞાનાત્મક તે હું એમ પર્યાયમાં ભાન થયું, તે પર્યાય સહિત જ્ઞાનાત્મકને આત્મા ધારણ કરે છે. 'ત્રિકાળી જ્ઞાન ધારણ કરનાર આત્મા તે હું'- એમ પર્યાયમાં ભાન થયું છે, તેથી તે પર્યાય સહિતના જ્ઞાનાત્મકને આત્માએ ધારણ કર્યો છે. 'હું જ્ઞાનાત્મક છું' એમ જાણ્યું કોણે ? એમ સ્વીકાર કર્યો કોણે'? જ્ઞાનની પર્યાયે. 'જ્ઞાનાત્મક ત્રિકાળ છું, એક છું, પરથી ભિન્ન છું, એકત્વના કારણે શુધ્ધ છું ને શુધ્ધના કારણે ધ્રુવ છું.' એમ જે જ્ઞાનની પર્યાયે સ્વીકાર કર્યો છે તે પર્યાય સહિત અભિન્ન છું, એમ ને એમ ધ્રુવ છું એમ નહીં; પણ પર્યાયમાં આવો સ્વીકાર આવ્યો તેને ધ્રુવ છે.

જીવ ક્યારેય ત્રિકાળી સ્વભાવની સન્મુખ થયો નથી. તેણે ક્યારેય ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ કરી નથી. ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે પણ જ્ઞાયકની દૃષ્ટિ નહીં હોવાથી, પર્યાયદૃષ્ટિ હોવાથી માત્ર પર્યાયને રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ પર પ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દૃષ્ટિ સ્વ તરફ નહીં હોવાથી તેને દૃષ્ટિમાં એકલી પયાર્ય જ આવે છે.

દૃષ્ટિ ત્રિકાળી તરફ ઝૂકેલી નથી ને પર્યાય તરફ ઝૂકેલી છે, પણ જ્યાં દૃષ્ટિ અંતર્મુખ વળે છે ત્યાં દ્રવ્યની શ્રધ્ધા આવી. જોકે શ્રધ્ધાને ખબર નથી કે 'આ દ્રવ્ય છે' પરંતુ શ્રધ્ધાની સાથે જે અનુભૂતિ છે – જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે, 'આ દ્રવ્ય છે.'

## (૪) સમ્યગદર્શન – જ્ઞાન – ચારિત્ર – મોક્ષમાર્ગ

(૧) પોતાના આત્માના અનુભવરૂપ જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે.

(૨) ધ્રુવ દ્રવ્યને ધ્યેય બનાવી ધ્રુવના આશ્રયે નિર્વિકલ્પ ધ્યાનની દશામાં આનંદનો અનુભવ પ્રગટ કરવો તે મોક્ષમાર્ગ છે, તેનું નામ ધર્મ છે.

(૩) આ ધ્યાનની દશા તે નિશ્ચલ એકાગ્રતાની સ્વરૂપ – રમણતા દશા છે.

(૪) જ્ઞાતૃ દ્રવ્યની એકાગ્રતાના પરિણમનમાં બંનેનું પરિણમન ભેગું જ છે. જ્ઞાતા – જ્ઞાન – જ્ઞેય અને ધ્યાતા – ધ્યાન – ધ્યેય બંધુય આત્મા જ છે.

(૫) ભગવાન આત્મા અનંતગુણ નિધાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. શક્તિ અને શક્તિવાન. એવી અભેદ દૃષ્ટિ કરી અભેદ એક જ્ઞાયકસ્વરૂપમાં એકાગ્ર થઈ તેમાં જ લીન થવું તે ધ્યાન છે, અને તે ધર્મ છે.

(૬) આવી સ્વરૂપની નિશ્ચલ ધ્યાન – દશામાં સ્વાશ્રિત નિશ્ચય સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.

(૭) ધ્યાનમાં જેટલો સ્વ આશ્રય થયો તેટલું દર્શન – જ્ઞાન – ચારિત્રનું પરિણમન નિર્મળ છે, બાકી જે રાગ સહચર રહ્યો તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આ રીતે ધ્યાનમાં બન્ને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

## (૫) અકર્તાપણું એ જૈનદર્શનની પરાકાષ્ટા છે.

૧) તું જ્ઞાયક જ છો, એમ નિર્ણય લાવ ! જ્ઞાયક જ છો, પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે.

પુરુષાર્થ કરું... કરું... પણ એ પુરૂષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું.... કરું.... કરીને કાંઈક નવું કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય પર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે.

૨) અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ?

તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધા ઝગડા મટી જાય પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તાસ્વરૂપ છો. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમા જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એકજ વસ્તુ છે, એ ખરેખર જૈનદર્શન છે. અહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે. અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ તેનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી. કેમકે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરૂં તો થાય એમ નથી. અહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે. અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્ય ગુણ પણ એનો કર્તા નહિ એમ કહીને એકલી સર્વજ્ઞતા – વીતરાગતા સિદ્ધ કરીને અકર્તાપણું – એકલું જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

(૫) # દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય અભેદ નિર્વિકલ્પ વસ્તુ છે



(૧) ૧) જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવસ્વરૂપ નિત્ય છે.

૨) ભગવાન આત્મા ધ્રુવ – ધ્રુવ – ધ્રુવ એવા એક સ્વભાવભાવરૂપ જ્ઞાયકભાવ સ્વરૂપ નિત્ય છે.

૩) જ્ઞાનીની દૃષ્ટિ આવા એક ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં સંલગ્ન છે. તેની પરિણતિ એ પ્રમાણે થઈ ગઈ છે.

૪) જ્ઞાનીને એક ધ્રુવસ્વભાવની અખંડ એક જ્ઞાયક ભાવની એકાગ્રતાની ભાવના હોય છે. તેથી જ્ઞાની તો સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વરૂપ નિત્ય છે.

૫) અને જે વેદ્ય – વેદક (બે) ભાવો છે તેઓ વિભાવ ભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે. વેદ્ય એટલે ઈચ્છા કરનારો ભાવ... વેદક એટલે અનુભવવા લાયકનો ભાવ.

૬) વેદકભાવ અને વેદ્ય ભાવને કાળભેદ છે. જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદક ભાવ હોતો નથી.

૭) ઈચ્છાકાળે વેદ્યકાળે ભોગવવાનો કાળ નથી અને ભોગવવાનો કાળ – વેદકકાળે – ત્યારે ઈચ્છાનો કાળ નથી કેમકે તે વ્યતીત થઈ ગયો છે.

૮) ધર્મીની દૃષ્ટિમાં તો ધ્રુવ સ્વભાવભાવ ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેલો છે. અને વર્તમાનમાં તે જેને ઈચ્છે છે તે વસ્તુની વેદવાલાયક વસ્તુ તત્કાળ તો છે નહિ તથા જ્યારે વેદનલાયક વસ્તુ આવે છે ત્યારે વેદ્ય જે ઈચ્છા થઈ હતી તે હોતી નથી. માટે જ્ઞાની કાંઈ ઈચ્છતો નથી. જ્ઞાનીને વેદ્ય વેદક ભાવની ભાવના નથી, કારણ કે એની દૃષ્ટિ નિત્ય ધ્રુવ સ્વભાવ ઉપર રહેલી છે.

૯) એક ધ્રુવસ્વભાવભાવ નિજ જ્ઞાયકભાવસ્વરૂપ ભગવાન આત્માનું જેને અંતરમાં ભાન થયું છે એવા જ્ઞાનીને પર પદાર્થ ભોગવવાની આકાંક્ષાનો વેદ્યભાવ હોતો નથી. કેમ ? કેમ કે તે ઈચ્છા કરવી નિરર્થક છે; કારણ કે ઈચ્છાકાળે (ઈચ્છેલી) વસ્તુ છે નહિ અને જ્યારે વસ્તુ આવે છે ત્યારે તે પ્રકારની ઈચ્છા નથી હોતી.

૧૦) શ્રીમદ્ રાજચંદ્ર કહે છે, 'કયા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખમૂળ.' શું ઈચ્છવું ? ઈચ્છાયેલાની (તે કાળે) પ્રાપ્તિ નથી, ઈચ્છાકાળે વેદન (વસ્તુનો ભોગવટો) નથી માટે ઈચ્છા નિરર્થક છે, દુઃખમૂળ છે. આવો ઝીણો માર્ગ વીતરાગનો ! સર્વ પ્રકારની ઈચ્છા દુઃખનું મૂળ છે.

૧૧) ભાઈ ! આ તો હળવે હળવે કહેવાયું છે. સમજાય એટલું સમજવું બાપુ ! ઝીણું પડે તો ઉપયોગ ઝીણો કરીને વિચારવું. વિવાદનો પ્રશ્ન નથી. અરે ! એણે કદી સાંભળ્યુંય નથી પછી નિત્યસ્વભાવમાં તે કયાંથી જાય ?

૧૨) અહા ! એને કાંક્ષા નામ ઈચ્છાનો નાશ કેમ થાય ? કરવાનું તો આ સમજવાનું છે, પ્રભુ ! પણ અરે ! અનંતકાળમાં આ સમજયો નથી.

૧૩) નિશ્ચયને (શુધ્ધ ચૈતન્ય સ્વરૂપને) સમજવાનો કાળ આવ્યો ત્યારે નિશ્ચયને (શુધ્ધ આત્માને) માન્યો નહિ અને તેનો વ્યવહારમાં – રાગમાં કાળ વહી ગયો. અહા ! રાગની મંદતાના પ્રયત્ન વડે વ્યવહારમાં રાગમાં એનો કાળ વહી ગયો. (૫૬)

૧૪) અહા ! રાગની મંદતાના – દયા – દાન – વ્રત – તપ – ભક્તિ આદિના વિકલ્પ આડે એને નિશ્ચય (શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ) સમજવાનો કાળ આવ્યો જ નહિ. ખૂબ ગંભીર વાત છે ભાઈ !

૧૫) હવે બધી રીતે સમજવાનો આ અવસર આવ્યો છે.

(૧) આર્યભૂમિમાં જન્મ (૨) આવો મનુષ્યભવ (૩) દીર્ઘ આયુષ્ય અને પાંચ ઈન્દ્રિયોની સામાન્ય સજાગ અવસ્થા (૪) વીતરાગ પ્રભુનો ઉપદેશ (૫) ધર્મ કરવાની ભાવનાની રૂચિ. એક એકથી દુર્લભ એવી પ્રાપ્તિ થઈ છે. તોય મંદકષાયમાં જ જીવ કેમ અટકી ગયો ?

૧૬) (૧) દેવ – ગુરૂ – શાસ્ત્ર, દયા, દાન, વ્રત, તપ, શીલ, સંયમ, પૂજા, ભક્તિ ઈત્યાદિ વિષે જે પરિણામ છે તે પરતરફના વલણવાળા મંદ કષાયના પરિણામ છે.

(૨) છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન ઈત્યાદિ વિષે ચિંતવન કરે તે એથીય વિશેષ મંદકષાયના પરિણામ છે.

(૩) વળી દ્રવ્ય – ગુણ – પર્યાયના વિચારમાં ઉપયોગને લગાવે તો અધિક – અધિક મંદકષાયના પરમ શુકલલેશ્યાના પરિણામ થાય.

(૪) દ્રવ્યની સ્વતંત્રતા, ક્રમબદ્ધપર્યાય, ઉપાદાન – નિમિત્ત, પાંચ સમવાય, નિશ્ચય – વ્યવહાર જેવા આધ્યાત્મિક વિષયોમાં ઉપયોગ લગાવે તો અધિક – અધિક મંદ કષાયના પરિણામ થાય.

(૫) શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય લે અને ભેદજ્ઞાનની પ્રયોગ પધ્ધતિ શરૂ થાય એ તો એનાથી પણ અધિક – અધિક મંદકષાયના પરિણામ છે.

(૬) મંદકષાયની અપેક્ષાએ સૂક્ષ્મ લેતાં લેતાં ઠેઠ વિકલ્પાત્મક નિર્ણય સુધી પહોંચી જાય, 'હું એક જ્ઞાયકભાવ છું.' એવો સૂક્ષ્મ વિકલ્પ પણ મંદકષાયના પરિણામ છે.

(૭) વિકલ્પાત્મક નિર્ણય સુધી સ્વનો આશ્રય નથી અને સ્વના આશ્રય વિના, સ્વરૂપમાં અભેદરૂપ પરિણમન થયા વિના વીતરાગતા કે સમ્યગ્દર્શન થતું નથી.

(૮) વિકલ્પસહિત સ્વભાવના નિર્ણયના બળે સ્વભાવના જોરથી પુરૂષાર્થપૂર્વક વૈરાગ્યની ભાવના વધતા રાગ તૂટતો જાય છે, વિકલ્પ તૂટતા જાય છે અને સહજ નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે એવી વિધિ આગમમાં આચાર્યોએ બતાવી છે. વ્યવહાર – રાગના પક્ષને લીધે અનંતકાળ પ્રભુ ! તારો સંસારની રઝળપટ્ટીમાં – દુઃખમાં ગયો છે એ કેમ ભૂલી જાય છે.

૧૭) આત્માનુભૂતિનો ક્રમ આ પ્રમાણે બતાવ્યો છે (૧) પાત્રતા (૨) અભ્યાસ (તત્ત્વનો)(૩) તત્ત્વનો યથાર્થ નિર્ણય (૪) ભેદજ્ઞાન (૫) આત્માનુભૂતિ.

૧૮) શ્રધ્ધાગુણ પ્રગટ – વ્યક્તતા તો પ્રત્યક્ષ આત્માનો અનુભવ થાય ત્યારે જ થાય

છે પણ તે પહેલાં આ વિધિ દરમ્યાન શ્રધ્ધાગુણની અવ્યક્ત પર્યાયનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) રૂચિ (૨) પ્રતીતિ (૩) જિજ્ઞાસા (૪) લક્ષ (૫) એકાગ્રતા (૬) પ્રત્યક્ષ વ્યક્ત અનુભવ.

૧૯) સ્વરૂપનો – નિત્યાનંદ સ્વરૂપ ભગવાન આત્માનો જેને અનુભવ થયો સ્પર્શ થયો, સ્પર્શ થયો એટલે ભગવાન આત્મા પ્રતિ ઝુકાવ થયો. ખરેખર પર્યાય કાંઈ દ્રવ્યને સ્પર્શતી નથી. પર્યાય તો પર્યાયરૂપ રહીને દ્રવ્યનાં શ્રધ્ધાન – જ્ઞાન કરે છે, પણ તે કાંઈ દ્રવ્યમાં ભળી જઈને તેના શ્રધ્ધાન– જ્ઞાન કરતી નથી, અને દ્રવ્ય પણ પોતે પર્યાયમાં આવતું નથી; પરંતુ પર્યાયમાં દ્રવ્ય સંબંધીનું દ્રવ્યના સામર્થ્યનું જ્ઞાન – શ્રધ્ધાન આવે છે. ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે એ નિશ્ચય છે. વર્તમાન જ્ઞાનપર્યાયમાં આ જે બધું જણાય છે તે ખરેખર જણાતું નથી, જાણવામાં તો પોતાના જ્ઞાન પર્યાયની તાકાત આવે છે. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાનપર્યાયને જ જાણે છે એ પણ હજી પર્યાયબુધ્ધિ છે. ઝીણી વાત છે ભાઈ ! દ્રવ્ય જેવું છે તેવું પર્યાયમાં જાણવામાં આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

(૨૦) જેને નિત્યાનંદસ્વરૂપ ભગવાન આત્માનાં જ્ઞાન–શ્રધ્ધાન થયાં છે તે ધર્મીને કોઈ વાંછા હોતી નથી. સ્વ અને પરને ઈચ્છાને જાણતી જ્ઞાનની પર્યાય સ્વ પર પ્રકાશકરૂપે સ્વતઃ પરિણમે છે જ્ઞાની રાગને પૃથ્થક સ્વરૂપે જ જાણે છે. ચોથે ગુણસ્થાને જે અનુભૂતિ થાય છે તે શુધ્ધોપયોગમાં જ થાય છે. તે જ સુખની આનંદની સ્થિતિ છે.

## (૨) શ્રી અર્હંતદેવનો નિશ્ચય પોતાના જ્ઞાનમાં થવાનો ઉપાય :

(૧) તમે મંદિરમાં જે પ્રતિમાજી બિરાજે છે તેને જ દેવ જાણી સંતુષ્ટ થઈ રહ્યા છો કે તમને પ્રતિમાજીનો નાનો – મોટો આકાર, વર્ણ વા પદ્માસન – કાર્યોત્સર્ગ આસન આદિ જે દેખાય છે, કે જેની આ પ્રતિમા છે તેનું પણ કાંઈ સ્વરૂપ ભાસ્યું છે ?

(૨) જો નથી ભાસ્યું તો જ્ઞાન – શ્રધ્ધા વિના કોનું સેવન કરો છો ?

(૩) તેથી તમારે જો પોતાનું ભલું કરવું છે તો સર્વ આત્મહિતનું મૂળ કારણ 'આપ્ત' તેનો સાચો સ્વરૂપ નિર્ણય કરી જ્ઞાનમાં લાવો.

(૪) કારણ કે (૧) સર્વ જીવોને સુખ પ્રિય છે (૨) પૂર્ણ સુખ સર્વ કર્મોના નાશથી થાય છે (૩) સર્વ કર્મોનો નાશ સમ્યક્ચારિત્રથી થાય છે. (૪) સમ્યક્ ચારિત્ર સમ્યગ્દર્શન – જ્ઞાનપૂર્વક જ થાય છે અને (૫) સમ્યગ્જ્ઞાન આગમના અભ્યાસથી થાય છે.

(૫) આગમ કોઈ વીતરાગ પુરુષની વાણીથી ઊપજે છે અને એ વાણી કોઈ વીતરાગ પુરુષના આશ્રયે છે, માટે જે સત્પુરુષ છે તેમણે પોતાના કલ્યાણ અર્થે સર્વ સુખનું મૂળ કારણ જે આપ્ત – અર્હંત – સર્વજ્ઞ તેનો યુક્તિપૂર્વક સારી રીતે સર્વ પ્રથમ નિર્ણય કરી (તેમનો) આશ્રય લેવો યોગ્ય છે.

(૬) આ પ્રમાણે રાગાદિ સર્વ દોષ રહિત જે આપ્ત, તેનું નિશ્ચયપણું જ્ઞાનમાં કરવું.

(૭) અર્હંત (૧) અઢાર દોષ રહિત (૨) છેતાલીસ ગુણો સહિત (૩) ધ્યાન મુદ્રાના ધારક (૪) અનંત ચતુષ્ટય સહિત (૫) સમવસરણાદિ લક્ષ્મીથી વિભૂષિત (૬) સ્વર્ગ – મોક્ષ દાતા (૭) દુઃખ વિઘ્નાદિના હર્તા (અર્હંત) છે.

<u>અઢાર દોષ :</u> (૧) જન્મ (૨) મરણ (૩) જરા (૪) રોગ (૫) ક્ષુધા (૬) તૃષા (૭) સ્વેદ (૮) નિદ્રા (૯) વિસ્મય (૧૦) ખેદ (૧૧) શોક (૧૨) ભય (૧૩) ચિંતા (૧૪) આર્ત (૧૫) મદ (૧૬) મોહ (૧૭) રાગ (૧૮) દ્વેષ.

<u>અનંત ચતુષ્ટય :</u> (૧) અનંત જ્ઞાન (૨) અનંત દર્શન (૩) અનંત વીર્ય (૪) અનંત સુખ

(૮) આત્મહિતના મૂળ આધારભૂત અર્હંત દેવ - તેનું સાચું સ્વરૂપ તમને નિર્ણય કરવા યોગ્ય જ્ઞાન પણ ભાગ્યથી પ્રાપ્ત થયું છે, માટે આ અવસર વ્યર્થ ન ગુમાવો.

(૯) પ્રમાદ છોડી ઉપયોગને નિર્ણયમાં લગાવો.

(૧) વસ્તુનું સ્વરૂપ (દ્રવ્ય - ગુણ - પર્યાત્મક)

(૨) જીવાદિનું સ્વરૂપ (સાત તત્ત્વો, છ દ્રવ્યોનું સ્વરૂપ)

(૩) સ્વ પરનું ભેદજ્ઞાન (જીવ-અજીવનું સ્વરૂપ)

(૪) આત્માનું સ્વરૂપ (દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ)

(૫) હેય - ઉપાદેય - જ્ઞેય તત્ત્વો

(૬) શુભ - અશુભ - શુધ્ધ અવસ્થારૂપ પોતાના પદ-અપદનું સ્વરૂપ

(૭) વીતરાગી દેવ - ગુરુ - શાસ્ત્રનું સ્વરૂપ

(૧૦) 'જે જાણતો અર્હંતને દ્રવ્ય - ગુણ - પર્યાયપણે;
તે જાણતો નિજ આત્મને, તસુ મોહ લય ખરે';

અર્થ :

જે દ્રવ્ય - ગુણ - પર્યાયો વડે અર્હંતને જાણે છે તેજ પોતાના આત્માને યથાર્થ જાણે છે અને તેના જ મોહનો નાશ થાય છે. કારણ કે જે અર્હંતનું સ્વરૂપ છે તે જ પોતાનું સ્વરૂપ છે. દ્રવ્ય સ્વભાવથી તો બંનેના સ્વરૂપ એક સરખા જ છે. પર્યાયમાં જે પહેલા અશુધ્ધિ હતી તે રત્નત્રયના સાધનથી, વિભાવોનો નાશ કરી પૂર્ણ શુધ્ધ થયા છે. અને તમને રત્નત્રયનું સાધન નથી થયું તેથી પર્યાયમાં અશુધ્ધતા હોવાથી બહિરાત્મપણું બની રહ્યું છે.

આ પ્રમાણે શ્રીગુરુ પરમ દયાળુ છે. તેથી તમને આ વાતમાં ચિત્ત લગાવવાની પ્રેરણા કરે છે. તમે પણ દર્શનાદિ કરો, જેમાં ચિત્ત સારી રીતે સ્થિર થાય, સુખ પણ વર્તમાનમાં ઉપજે તથા આસ્થા કાયમ રહે. માટે સર્વથી પ્રથમ અર્હંત સર્વજ્ઞનો નિર્ણય કરવારૂપ કાર્ય કરવું એ જ શ્રીગુરુની મૂળ શિક્ષા છે.

<u>(૩) યથાર્થ નિર્ણય :</u>

૧) ત્યાં જે જીવ, પ્રમાણજ્ઞાન દ્વારા અર્હંત દેવના આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ તથા સ્વાનુભવ વડે નિર્ણય કરીને જૈની થશે તે જ મોક્ષમાર્ગરૂપ સાચું ફળ પામશે, તથા સાતિશય પુણ્યબંધ કરશે.

૨) તથા જે આ વાતો દ્વારા નિર્ણય તો નહિ કરે અને કુલક્રમથી, વ્યવહારરૂપ વા બાહ્ય ગુણોના આશ્રયથી, શાસ્ત્રોથી સાંભળીને તેનાથી પોતાનું ભલું થવું જાણીને તથા પંચાયત સંબંધના આશ્રયથી, તેમનો સેવક થઈ અજ્ઞાનવિનયાદિરૂપ પ્રવર્તશે તેને સાચું નિશ્ચયસ્વરૂપ ફળ તો આવશે નહિ પણ માત્ર પુણ્યબંધ થઈ જશે.

(૩) વળી જે કુલાદિ પ્રવૃત્તિ વડે, પંચાયત પધ્ધતિથી, રોગાદિ મટાડવા અર્થે અવિનયાદિરૂપ અયથાર્થ પ્રવર્તે છે વા લૌકિક પ્રયોજનથી વાંછાપૂર્વક યથાર્થ કે અયથાર્થ પ્રવર્તે છે અને આત્મકલ્યાણનું સમર્થન કરે છે તેને તો પાપબંધ જ થાય છે. (૬૦)

(૪) માટે જેને આત્મકલ્યાણ કરવું છે તેણે તો આ દશ વાતો દ્વારા નિર્ણય કરીને જે સાચા દેવ ભાસે તેમના, આસ્તિક્યતા લાવી સેવક થવું યોગ્ય છે. એ દશ વાતો (૧) સત્તા (૨) સ્વરૂપ (૩) સ્થાન (૪) ફળ (૫) પ્રમાણ (૬) નય (૭) નિક્ષેપ – સ્થાપના (૮) અનુયોગ (૯) આકાર – ભેદ (૧૦) વર્ણ ભેદ. તેનું સામાન્ય સ્વરૂપ આ પ્રમાણે છે.

(૫) (૧) સત્તા : અન્ય કોઈ કહે કે અર્હંત દેવ નથી વા પોતાના દિલમાં જ એવો સંદેહ ઊપજી આવે તો યુક્તિ આદિથી વા અન્યના ઉપદેશ આદિથી અર્હંતદેવના અસ્તિત્વની આસ્થા લાવવાનું બળ પોતાના ચિત્તમાં પ્રાપ્ત થવું અથવા અર્હંતના અસ્તિત્વની સ્પષ્ટ ભાવના થઈ જવી તેનું નામ 'સત્તા નિશ્ચય' છે.

(૨) સ્વરૂપ : અર્હંતદેવનું બાહ્ય – અભ્યંતર સ્વરૂપ જેવું છે તેવો જ તેનો સાચો નિશ્ચય થવો તેનું નામ 'સ્વરૂપ નિશ્ચય' છે.

(૩) સ્થાન : વળી સાંખ્ય, બૌધ્ધ, નૈયાયિક, વૈશેષિક, નાસ્તિક, મીમાંસક, ચાર્વાક અને જૈન એ મતોમાં વા વર્તમાન કાળમાં શ્વેતામ્બર, પીતામ્બર, ઢુંઢિયા અને સંવેગી આદિ જૈનાભાસોમાં વા અન્યપણ જેટલા મતો છે તેમાં એવા સર્વજ્ઞ દેવ કયા મતમાં હોય છે ? એવો સત્ય સ્થાનનિર્ણય કરવો તે 'સ્થાન નિર્ણય' છે.

(૪) ફળ : એવા સત્યદેવને સેવન કરવાથી કયા ફળની પ્રાપ્તિ થશે ? તેનો નિર્ણય કરવો તે 'ફળ નિશ્ચય' છે.

(૫) પ્રમાણ : વળી એવા દેવનો નિશ્ચય કઈ જાતિના જ્ઞાનથી થશે તેના નિર્ણય કરવો તે 'પ્રમાણ નિશ્ચય' છે.

(૬) નય : તથા ભગવાનના એકહજાર આઠ નામ છે તે કયા નયની વિવક્ષાથી કહ્યાં છે તેનો નિશ્ચય કરવો તે 'નયનિશ્ચય' છે.

(૭) નિક્ષેપ – સંસ્થાપના : ભાવનાની અપેક્ષા કરીએ કે તેમની પ્રતિમાનાં દર્શનાદિ શા માટે કરવામાં આવે છે કયા પ્રયોજનથી કરવામાં આવે છે ? તેનો નિશ્ચય કરવો તે 'સંસ્થાપના નિશ્ચય' છે.

(૮) અનુયોગ : (૧) પ્રથમાનુયોગ (૨) કરણાનુયોગ (૩) ચરણાનુયોગ (૪) દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કયાં કયાં કહ્યું છે ? તેનો નિશ્ચય કરવો તે 'અનુયોગ નિશ્ચય' છે.

(૯) આકાર: મૂળ ભાવોથી પ્રતિમાજીનો આકાર નાનો – મોટો શા માટે હોય છે? તેનો નિશ્ચય કરવો તે 'આકાર નિશ્ચય' છે.

(૧૦) વર્ણ : મૂળ ભાવોની અપેક્ષાએ પ્રતિમાજીનો વર્ણ અને અનેક પ્રકારની કાય કેવી હોય છે. એનો વિચાર કરવો તે 'વર્ણ નિશ્ચય' છે.

માટે પહેલાં ઉપરની વાતો દ્વારા અવશ્ય નિર્ણય કરવો એ જ ધર્મનું મૂળ છે.

(૪) <u>પ્રમાણ જ્ઞાન :-</u> 

(૧) પ્રમાણ જ્ઞાનથી જ યથાર્થ નિર્ણય થવો કહ્યો છે. જે જ્ઞાન દ્વારા વસ્તુનું સ્વરૂપ અયથાર્થ ભાસે તો જ્ઞાનનું નામ જ અપ્રમાણજ્ઞાન છે. તેના ત્રણ ભેદ છે. (૧) સંશય (૨) વિપર્યય (૩) અનધ્યવસાય.

(૨) <u>સંશય</u> : 'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે' એવું જે પરસ્પર વિરુધ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે. દા.ત. આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી શકતો હશે એવું જાણવું તે સંશય.

<u>વિપર્યય</u> : વસ્તુસ્વરૂપથી વિરુધ્ધતાપૂર્વક 'આ આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે. દા.ત. શરીરને આત્મા જાણવો તે.

<u>અનધ્યવસાય</u> : 'કંઈક છે' એવો નિર્ધાર રહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. જેમકે 'હું કાંઈક છું' એમ માનવું તે અનધ્યવસાય છે.

(૩) શાસ્ત્રોનો શ્રવણ, ધારણ, વિચારણા, આમ્નાય અને અનુપેક્ષા પૂર્વક અભ્યાસ કરે તેથી સર્વ કલ્યાણનું મૂળ કારણ એક આગમનો યથાર્થ અભ્યાસ છે. સમ્યગ્જ્ઞાન જ પ્રમાણજ્ઞાન છે.

પ્રમાણજ્ઞાનના ૧૩ ભેદ છે. (૧) કેવળજ્ઞાન (૨) મનઃપર્યયજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) સ્પર્શન (૫) રસના (૬) ઘ્રાણ (૭) ચક્ષુ (૮) શ્રોત્રજ્ઞાન (૯) સ્મૃતિજ્ઞાન (૧૦) પ્રત્યભિજ્ઞાન (૧૧) તર્કજ્ઞાન (૧૨) અનુમાન (૧૩) આગમજ્ઞાન

(૪) અનુમાન જ્ઞાન : પ્રત્યક્ષ – અનુમાનના આશ્રય સહિત આગમમાં લખેલી પ્રયોજનભૂત રકમની પરીક્ષા કરવી તેનું નામ 'વિચાર' છે.

(૫) જે સર્વજ્ઞનું સ્વરૂપ છે તે તો મૂળ પ્રયોજનભૂત રકમ છે માટે પરીક્ષા કર્યા સિવાય કેવળ આગમના આશ્રયથી જ તેની પ્રતીતિ કરતાં નિયમથી પ્રયોજનની સિધ્ધિ થાય નહિ. માટે જો સર્વજ્ઞદેવનો નિશ્ચય કરવો છે તો પહેલાં તેનાં નામ – લક્ષણાદિક આગમથી સાંભળીને પછી અનુમાનથી નિશ્ચય કરવો યોગ્ય છે. તે કેવી રીતે કરાય તે કહીએ છીએ. પ્રથમ તો 'પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને પ્રમિતિ એનું સ્વરૂપ ઠીક કરીને તમારે સર્વજ્ઞનો નિર્ણય કરવો ઈષ્ટ છે.

(૬) પ્રમાતા : જાણનાર આત્મા

પ્રમાણ : સાચું જ્ઞાન

પ્રમેય : જ્ઞેય, જણાવા યોગ્ય પદાર્થ

પ્રમિતિ : પ્રમાણનું ફળ.

(૭) હવે તમે પ્રમાતા બનો, ત્યાં તેર પ્રમાણોમાં પાંચ ઈન્દ્રિયજ્ઞાન તથા પાંચ પરોક્ષ પ્રમાણ જ્ઞાન એ દશ પ્રમાણ તો તમારે છે. હવે જો તમારે સર્વજ્ઞનો નિશ્ચય કરવો છે તો અનુમાન પ્રમાણરૂપ પોતાના જ્ઞાનને બનાવો તથા તમે પ્રમાતા બની તમારા પ્રમાણરૂપ જ્ઞાનને સર્વજ્ઞના નિર્ણય તરફ લગાવો કે જેથી સાચો નિર્ણય થાય.

(૮) ત્યાં પ્રથમ સાધ્ય – સાધનની વ્યાપ્તિનું જ્ઞાન જે તર્ક પ્રમાણ તે પહેલાં થવું જોઈએ કારણ કે તે થતાં જ સાચું અનુમાન થાય છે. જેના વડે સાધ્ય સિધ્ધ થાય તેનું નામ સાધન છે અને સાધન છે તમારી વર્તમાન જ્ઞાનની પર્યાય–સ્વ તરફ વળેલી.

(૯) વર્તમાન જ્ઞાનની પર્યાય – સ્વભાવ સન્મુખ થતાં નિર્મળ થતી જાય છે અને એ નિર્મળ પર્યાયમાં ભગવાન આત્મા અનુભવથી જણાય છે. ત્યારે સર્વજ્ઞની સાચી શ્રધ્ધા થાય છે. (૬૨)

(૧૦)

| આત્મા | પર્યાય | વિષય | ક્રિયા |
|---|---|---|---|
| પ્રમાતા | પ્રમાણ | પ્રમેય | પ્રમિતિ |
| જ્ઞાતા | જ્ઞાન | જ્ઞેય | જ્ઞપ્તિ |
| ધ્યાતા | ધ્યાન | ધ્યેય | ધ્યામતિ |
| અનુમાતા | અનુમાન | અનુમેય | અનુમતિ |
| શ્રધ્ધાતા | શ્રધ્ધા | શ્રધ્ધેય | અનુભૂતિ |

જ્ઞાનનું સાચું કાર્ય :- પોતાને યથાર્થ, શ્રધ્ધાનપૂર્વક, એકાગ્રતા પૂર્વક, જાણવું અને રમે જાણવાની ક્રિયા જ અનુભૂતિ છે.

## (૫) 'જૈન સનાતન વીતરાગ દર્શન'

**(૧) આત્માનુભૂતિ જ આત્મધર્મ છે.**

- ❖ ધર્મની શરૂઆત આત્માનુભૂતિથી જ થાય છે. તે વખતના ધ્યાનને 'ધર્મ ધ્યાન' કહેવામાં આવે છે. તે જ સમકીત છે.

- ❖ ધર્મની પૂર્ણતા પણ આત્માનુભૂતિની પૂર્ણતામાં છે. તે કેવળજ્ઞાન પ્રગટ થતાં સાધનાની પૂર્ણતા થાય છે. તે વખતના ધ્યાનને 'શુકલ ધ્યાન' કહેવામાં આવે છે.

- ❖ આત્માનુભૂતિ જ આત્મધ્યાન છે.
- ❖ આત્માનુભૂતિ એ જ જૈનશાસન છે.
- ❖ જ્યાં ઉપયોગ પોતાના સ્વભાવમાં છે, જ્ઞાનની પર્યાય પોતે પોતાને જાણવામાં લીન છે તે અનુભૂતિની દશા છે અને તેટલો સમય સુખનું વેદન છે. આત્માનુભૂતિ એજ સુખાનુભૂતિ છે.

**(૬) જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ** (બે અગત્યની વાતો)

**(૧) જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે.**

આબાલ- ગોપાલ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્ત્વપૂર્વક જાણતો - માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી.

જ્ઞાની તો 'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્ત્વપૂર્વક જાણતો - માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (જ્ઞાન કળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

(૨) પ્રશ્ન : અનાદિના અજ્ઞાની જીવને સમ્યગ્દર્શન પામ્યા પહેલાં.... તો એકલો 'શુભ વિકલ્પ' જ હોય ને ?

ઉત્તર : 'ના' એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે 'આત્મ સ્વભાવના મહિમાનું લક્ષ' પણ કામ કરે છે. તે લક્ષના જોરે તે જીવ આત્મા તરફ આગળ વધે છે. કંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધતો. રાગ તરફનું જોર તૂટવા માંડયું, ને સ્વભાવ તરફનું જોર વધવા માંડયું ત્યાં સવિકલ્પ દશા હોવા છતાં, રાગના અવલંબન વગરનો સ્વભાવ તરફના જોર વાળો એક ભાવ ત્યાં કામ કરે છે. અને તેનો જોર આગળ વધતો... વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત તે જીવ સમ્યગ્દર્શન પામી જાય છે.

## (૭) છેવટનો નિર્ણય :

(૧) સનાતન વીતરાગ દિગંબર પરંપરા એ જ સત્યધર્મ છે. સમ્યગ્દર્શન – જ્ઞાન – ચરિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એક જ છે. એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ તેનો સ્વીકાર.

(૨) એ મોક્ષમાર્ગના નિમિત્ત વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર છે. 'સહજ આત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ' (માંગલિક)

(૩) સંપૂર્ણ જીવન ધર્મમય બનવું જોઈએ – સુખ માટે ધર્મ તો તેને જ કહેવાય જેવો વીતરાગ સ્વભાવ છે એવો વીતરાગ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય. જે ગુણો અનંત શક્તિરૂપે સ્વભાવમાં છે તે જ પર્યાયમાં પ્રગટ થાય તેને પરમાત્મા કહેવાય છે.

(૪) આવા ધર્મની શરૂઆત માટે પ્રથમ શ્રદ્ધાનમાં એમ લેવાનું છે કે હવે આ ભવમાં બીજું કાંઈ કરવા જેવું નથી.

માત્ર એક 'નિર્વિકલ્પ અનુભૂતિ' જ કરવા જેવી છે. અનુભૂતિ એ જ જૈન શાસન છે. સુખનો આ જ ઉપાય છે.

(૫) આવી નિર્વિકલ્પ દશા પ્રકટ થાય તે પહેલા કયા વિકલ્પ હોય ?

(૧) સંપૂર્ણ જીવન જ્ઞાયકની જ આરાધના.

(૨) તે માટે આગમના અવલંબનથી તત્ત્વનો યથાર્થ નિર્ણય :
હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને જીવનના પ્રત્યેક સમયે ભેદજ્ઞાન હું સર્વથા સર્વથી ભિન્ન છું. આ પ્રયોગાત્મક પદ્ધતિ છે.

(૩) તે માટે નિયમિત અભ્યાસનો મહાવરો :
વીતરાગી પરમાગમોનો અભ્યાસ.... સત્સંગ અને સ્વાધ્યાય

(૪) બાકીના સમયમાં દેવ–ગુરુ–શાસ્ત્રની આરાધના.

(૫) સંપૂર્ણ જીવન સ્વભાવને અનુરૂપ સંયમીત (મર્યાદીત). અન્યાય, અનીતિ, અભક્ષ્યનો ત્યાગ.... સપ્ત વ્યસનનો ત્યાગ, કંદમૂળ અને રાત્રિ ભોજનનો ત્યાગ.... આટલું જ બસ....

૬/૫ શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે,
જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે,
ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે.
શાસ્ત્રનું તાત્પર્ય 'વીતરાગતા' છે.
ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય જે રાગને ઘટાડે,
ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે.
જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે.
જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે.
વીતરાગતા વધતી જાય છે. એ જ શાસ્ત્રનું તાત્પર્ય છે.

૯ <u>સાર :</u>

એવો જે જ્ઞાયકસ્વભાવ, પ્રભુ ! તેને અનુભવવાનો પ્રયત્ન કર ! આ એક જ કામ આ ભવમાં કરવા જેવું છે.

અહો ! સર્વે અરિહંત ભગવંતોએ સેવેલો, સ્વદ્રવ્ય આશ્રિત શુદ્ધ રત્નત્રય જે આ એક જ મોક્ષમાર્ગ જિન ભગવંતોએ ઉપદેશ્યો, તે જ માર્ગ પોતે સાધીને વીતરાગી સંતોએ જિનાગમમાં પ્રસિદ્ધ કર્યો છે. આ સનાતન વીતરાગ માર્ગની વાત કહેવામાં આવી છે. આવો માર્ગ જાણીને તેનું સેવન કરવું તે પરમાગમનો સાર છે, તેનું ફળ મહાન ઉત્તમ સુખ છે.

**'આ સમય પ્રાભૃત પઠન કરીને, અર્થ તત્ત્વથી જાણીને;**
**ઠરશે અર્થમાં આત્મા, જે સૌખ્ય ઉત્તમ તે થશે.'**

૧૦ <u>અંતિમ ભાવના :</u>

આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઈષ્ટ છે એવા પ્રકાશમાન, આનંદમય સ્વતત્ત્વને હે ! જગતના જીવો જિનભગવાનના સનાતન વીતરાગ શાસનનો આશ્રય કરીને પામો.

સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને હે ! જગતના જીવો પરમાનંદ પરિણામે આજે જ પરિણમો.

આ રીતે અહીંયા ! જેને વીતરાગ સનાતન દર્શન' માટે અતિ દૃઢપણે – પૂર્ણ શ્રદ્ધાપણે જે થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું. (અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય!) તેવી રીતે અનંત મહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તો પણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે.

તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે – ઉગ્રપણે અનુભવો (અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ ઉત્તમ નથી. ચૈતન્ય જ એક પરમ ઉત્તમ તત્ત્વ છે.

**<u>'સનાતન વીતરાગ' શાસન જયવંત વર્તો'</u>**

**આમાં સદા પ્રીતિવંત બન,**
**આમાં સદા સંતુષ્ટ ને,**
**આનાથી બન તું તૃપ્ત,**
**તુજને સુખ અહો ! ઉત્તમ થશે.**

<u>ભાવાર્થ :</u>

જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું. એ જ પરમધ્યાન છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે. અને થોડા જ કાળમાં જ્ઞાન – આનંદ સ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આવું પ્રગટ કરનાર પુરુષ (આત્મા) તે સુખને જાણે છે, બીજાનો એમાં પ્રવેશ નથી.

## (૬) દૃષ્ટિનો વિષય અને સ્વાનુભૂતિ 

(૧) મૂળસૂત્ર:

૧) શુધ્ધ નયનો વિષય આત્મા અનંત શક્તિવાળો, ચૈતન્ય ચમત્કાર નિત્ય, અભેદ, અખંડ એક છે.

૨) અહાહા..! અબદ્ધ-સ્પૃષ્ટ, ચિદાંનંદ પ્રભુ અંદર છે તે સમ્યગ્દર્શનનો વિષય છે - શુધ્ધનયનો વિષય છે.

૩) દૃષ્ટિનો વિષય તો શુધ્ધ, એક, ધ્રુવ, સહજ નિર્વિકલ્પ, ત્રિકાળ અસંખ્યપ્રદેશી વસ્તુ છે જેમાં પર્યાયનો પણ અભાવ છે.

૪) સહજ, શુધ્ધ, આત્મસંપદા એ દૃષ્ટિનો વિષય છે. સહજ ચિદાનંદ !

૫) શુધ્ધ નયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય કહો - તે ચૈતન્યચમત્કાર પ્રભુ, નિત્ય, અભેદ, એક જેને સમયસાર ગાથા ૬માં એક જ્ઞાયકભાવ કહ્યો છે, સમયસર ગાથા ૧૧ માં ભૂતાર્થ કહી તે શુધ્ધ આત્મવસ્તુ છે એમ જણાવ્યું છે.

) અહો ! દૃષ્ટિનો વિષય જેમાં રાગ નહિ, ગુણ-ગુણીના ભેદ નહિ, નિમિત્ત નહિ, અપૂર્ણતા નહિ, અને એક સમયની પર્યાય પણ નહિ, એવી ધ્રુવ નિત્યાનંદ, ચિદાનંદમય એક પૂર્ણ વસ્તુ છે.

૭) અહાહા ! નિર્મળાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એ એકજ સમ્યગ્દર્શનનું ધ્યેય અને વિષય છે.

૮) ત્રિકાળી ધ્રુવ, એકરૂપ, વીતરાગભાવ સ્વરૂપ ચૈતન્યવસ્તુ એ સમ્યગ્દર્શનનો વિષય છે.

૯) ચૈતન્ય, પરમ અદ્ભૂત ચૈતન્ય ચમત્કારી દ્રવ્ય-પરમ પારિણામિકભાવે અંદર સ્થિત છે તે શુધ્ધનયનો વિષય છે.

૧૦) અહાહા... અનંત ગુણોનો પિંડ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ, અનંત પ્રભુતા, અનંત વિભુતા અનંત સ્વચ્છતાનો ધારક એક અભેદ વસ્તુ જેના આશ્રયથી આ બધા ગુણો પર્યાયમાં પ્રગટે છતાં વસ્તુ અંદર એવીને એવી એકરૂપ રહે - એમાંથી કાંઇ વધઘટ થાય નહિ એના ચમત્કારનું શું કહીએ ? આવી ચૈતન્ય ચમત્કાર વસ્તુ પ્રભુ આત્મા શુધ્ધનયનો વિષય છે.

૧૧) ચૈતન્યની સાથે પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા, પ્રકાશ, સર્વજ્ઞતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ઇત્યાદિ અનંત શક્તિઓનો સાગર પ્રભુ આત્મા છે. અનંતશક્તિઓનો સંગ્રહાલય અભેદ એક દળ એવું આત્મદ્રવ્ય તે દૃષ્ટિનો વિષય છે. એને લક્ષમાં લઇ ત્યાં એકાગ્રતા થતાં - અનુભવતાં - આ બધી શક્તિઓ નિર્મળરૂપે પર્યાયમાં પ્રગટ થાય છે. આ છે આત્માનુભૂતિ.

૧૨) આ જગતમાં અનંત આત્માઓ છે, એનાથી અનંતગુણા પુદ્ગલ પરમાણુ છે, તેનાથી અનંતગુણા ત્રણકાળના સમયો છે, તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશો છે, તેનાથી અનંતગુણા એક જીવદ્રવ્યના ગુણો છે, આવો અનંત શક્તિવાળો ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કાર વસ્તુ છે. અહાહા ! જેમાં રાગ નહિ, અલ્પજ્ઞતા નહિ, ભંગ-ભેદ નહિ એવો ચૈતન્ય ચમત્કાર, આનંદ ચમત્કાર, શાંતિ ચમત્કાર, પ્રભુતા ચમત્કાર, વીર્ય ચમત્કાર, એમ અનંત અનંત શક્તિઓનો ચમત્કાર સ્વરૂપ ભગવાન આત્મા દૃષ્ટિનો વિષય છે.

૧૩) તે નિત્ય છે, જેને આદિ નથી, અંત નથી, એવી અનાદિ-અનંત શુધ્ધ, શાશ્વત વસ્તુ છે. શક્તિ અનંત છે છતાં વસ્તુ અભેદ એકરૂપ છે. અહા ! આવી અનંત ગુણમંડીત, અભેદ, એક, શુધ્ધ

ચૈતન્ય ચમત્કાર વસ્તુ આત્મા દૃષ્ટિનો વિષય છે. તેના આશ્રયથી ધર્મનું પ્રથમ સોપાન એવું સમ્યગ્દર્શન પર્યાયમાં પ્રગટ થાય છે.

૧૪) અહા ! તારા સ્વરૂપના મહિમાની શું વાત કરવી પ્રભુ ! સર્વજ્ઞની વાણીમાં પણ જેના પૂર્ણ સ્વરૂપની વાત આવી શકે નહિ, એવો તું ચૈતન્ય ચમત્કાર પ્રભુ છો ! વાણીમાં તો ઇશારા આવે.

૧૫) શુધ્ધ નયથી આત્મા અભેદ, એકાકાર, નિત્ય, શુધ્ધ ચિદ્રુપસ્વરૂપ છે, આત્મા અબધ્ધ-સ્પૃષ્ટ છે, પવિત્રતાનો પિંડ છે, સામાન્ય છે, એકરૂપ છે. સદાય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે. આવા વિકલ્પોથી પર-એ વિકલ્પોને છોડી-વર્તમાન પર્યાયને ધ્રુવ તરફ વાળવી - તેનો અનુભવ કરવો, એમાં અનંતો પુરુષાર્થ છે. તેનું નામ સમ્યગ્દર્શન છે અને તેનું નામ ધર્મ છે અને તે મોક્ષમાર્ગ છે.

૧૬) અરે ભગવાન ! તું જાણનાર સ્વરૂપ છે - જાણનાર એવો તું તને જાણે નહિ એ કેવી વાત! આ દેહ દેવળમાં પોતે સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ, સહજાનંદ સ્વરૂપ પૂર્ણ પ્રભુ બિરાજે છે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદથી અંદર ઠસોઠસ ભરેલો છે, છતાં તું પરમાં સુખ માને છે ! મૂઢ છો કે શું ?

૧૭) દેહ દેવળમાં રહેલો, દેહથી ભિન્ન, ચૈતન્ય દેવ, દેહને પ્રકાશતાં દેહરૂપ થતો નથી - જ્ઞાનસ્વરૂપ જ રહે છે. સદાય જ્ઞાનસ્વરૂપ જ રહીને પ્રકાશમાન છે.

૧૮) અહા... પર્યાયમાં અલ્પજ્ઞતા, વિકાર, રાગ હોવા છતાં એ બધાથી ભિન્ન ભગવાન આત્મા કોઇ દિવસ રાગરૂપ થયો નથી - જ્ઞાનસ્વરૂપ જ રહે છે. સદાય જ્ઞાનસ્વરૂપ જ રહ્યો પ્રકાશી રહ્યો છે. જ્ઞાન ને રાગ ભિન્ન છે.

૧૯) અહાહા..! વસ્તુ અંદર પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ, પ્રજ્ઞા, બ્રહ્મસ્વરૂપ છે. તેમાં નજર કરવાથી પોતાના જ્ઞાન અને આનંદ પ્રગટ થાય છે. સુખી થવાનો આ એક જ ઉપાય છે. બીજો કોઇ ઉપાય નથી. પોતે સમજણનો પિંડ પ્રભુ, પોતે પોતાથી સમજે તો ગુરૂને નિમિત્ત કહીએ. વાસ્તવમાં તો પોતે પોતાનો ગુરુ છે. **સહજ આત્મસ્વરૂપ પરમ ગુરુ !**

૨૦) આત્મા શુધ્ધ એક ચૈતન્યસ્વરૂપ વસ્તુ છે. તેની જેને અંતર્દષ્ટિ થઇ તેને સ્વનું જ્ઞાન થાય છે, ને તેમજ બાહ્ય પદાર્થોનું - પરનું જ્ઞાન થાય છે. જ્ઞાનનો આવો જ સ્વપર પ્રકાશક સ્વભાવ છે. જે વડે તે પોતે પોતાને અને પરને સ્વરૂપથી જ જાણે છે. અંતરંગમાં જ્ઞાનાનંદ, નિત્યાનંદ પ્રભુ આત્માના આશ્રયથી સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામ પ્રગટ થાય છે તે ધર્મ તે નિશ્ચય, અને એવા ધર્મી પુરુષને રાગાદિના વિકલ્પ આવે તેને તે જાણે તે વ્યવહાર. ધર્મી તેને હેય પણે જાણે છે. આવું ધર્મનું સ્વરૂપ છે. આવો દૃષ્ટિનો વિષય છે અને આવી અનુભૂતિની અલૌકિક વિધિ છે.

# સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ અને સ્વાનુભૂતિ

(૨)

૧) આત્મામાં અનંતગુણો ભલે હો, પરંતુ જાણવું એ એનો મુખ્ય ગુણ છે. જ્ઞાન છે તે પોતાને ને પરને જાણે છે.

૨) ત્રિકાળી જ્ઞાનગુણ એનો જેમ સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે, તેમ તેની જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાયનો પણ સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે.

૩) તેથી તે પર્યાયમાં સર્વ જીવોને સદાકાળ જ્ઞાયક જણાતો હોવા છતાં, રાગને વશ થયેલો પ્રાણી તેને જોઇ શકતો નથી. એની નજર પર્યાય ઉપર અને રાગ ઉપર છે એટલે આ જ્ઞાયકને જાણું છું તે ખોઇ બેસે છે. અનાદિ બંધને - રાગને વશ પડ્યો રાગને જોવે છે પણ મને આ મારી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞાયક દેખાય છે - જણાય છે એમ જોતો નથી. ભલે ને તું ના પાડ હું (મને-જ્ઞાયકને) નથી જાણતો છતાં તારી પર્યાયમાં તું અત્યારે જણાય છે હો ! ગજબ વાત કરી છે ને ?

૪) જ્ઞાનની વર્તમાન પર્યાયમાં સ્વ-પર જ્ઞેયને જાણવાની તાકાત છે, સામર્થ્ય છે અને તેથી તે પર્યાય સ્વને - આખા દ્રવ્યને જાણે છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થયું છે. છતાં દૃષ્ટિમાં રાગને પૂજ્ય દેખીને ત્યાં અટકી ગયો છે. આ જાણવામાં આવે છે એને જાણતો નથી અને પરને જાણું છું એવી મિથ્યાબુદ્ધિ થઇ ગઇ છે. (અર્થાત) એકલો પર પ્રકાશક છું એવી બુધ્ધિ થઇ ગઇ છે તે મિથ્યા છે.

૫) સ્વપર પ્રકાશક સ્વભાવના સામર્થ્યવાળો ભગવાન આત્મા ચૈતન્યબિંબ તે જેની એક સમયની જ્ઞાનની પર્યાયમાં જણાયો છે, તેની જ્ઞાનની પર્યાયમાં જેમ આત્મા જણાય છે, પોતાનો જ્ઞાનાકાર જણાય છે, તેમ દૂર રહેલા પદાર્થો પણ એને અડ્યા વિના જણાય છે. જ્ઞેયાકાર જણાય છે. આવી એક જાણવાની વ્યવસ્થિત વ્યવસ્થા છે. જેવો જ્ઞાનાકાર જણાય એવો જ બહાર નિમિત્ત તરીકે જ્ઞેયાકાર હોય જ. હવે જાણવાનો આધાર ઉપયોગ ક્યાં છે એના પર છે, તેથી ઉપયોગ બહાર હોવાથી તે એમ માને છે પર જણાય છે - પણ એ ભ્રમ છે.

૬) અહાહા..! 'જે જણાય છે તે હું જ છું' 'હું જ્ઞાયક છું' એવો જેને અંતરમાં અનુભવ થયો છે એવો જ્ઞાની સ્વને જાણતાં દૂરના પદાર્થોને, પોતાના સ્વપર પ્રકાશક જ્ઞાનના સ્વભાવથી, તે પદાર્થોને અડ્યા વિના જ જાણે છે. તે પોતાના સ્વરૂપમાં રહીને સ્વને જાણે છે. તેમ દૂર કે નજીકના પર પદાર્થોને જાણે છે, એવો જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે.

૭) બીજી રીતે કહીએ તો અજ્ઞાનીની જ્ઞાન પર્યાય હોય એમાં આત્મા જણાય છે. અજ્ઞાનીની પર્યાયનો સ્વભાવ પણ સ્વપર પ્રકાશક હોવાથી પર્યાયમાં સ્વ-જ્ઞાયક ચિદાનંદ ભગવાન પૂરણ જણાય છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે તો એ પર્યાયમાં એકલું પરને જાણે એવું હોઇ શકે નહિ. એ પર્યાય સ્વને જાણે અને પરને જાણે એવો જ એનો સ્વભાવ છે. છતાં અજ્ઞાનીની દૃષ્ટિ એક ઉપર (જ્ઞાયક ભાવપર) જતી નથી. હું રાગને ને પર્યાયને જાણું છું એમ દૃષ્ટિ ત્યાં મિથ્યાત્વમાં રહે છે. સમયસાર ગાથા ૧૭-૧૮ ટીકાનો ત્રીજો પેરેગ્રાફ 'પરંતુ જ્યારે આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા આબાલ-ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે તે હું જ છું' એવું આત્મજ્ઞાન ઉદય પામતું નથી.

૮) અહા ! એકવાર તો એમ (અંદરમાં) આવ્યું હતું કે જાણે જ્ઞાનની પર્યાય જે છે તે એક જ વસ્તુ છે. બીજી કોઇ ચીજ જ નથી. એક જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એ સારા લોકાલોકનું અસ્તિત્વ છે. એક સમયની જાણવા-દેખવાની સ્વ-પર પ્રકાશક પર્યાય એમાં આત્મદ્રવ્ય, એના અનંત ગુણો એમની ત્રણકાળની પર્યાયો તથા છ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાય બધુંય એક સમયમાં જણાય છે. આખું જગત એક સમયમાં જણાય છે છતાં એક સમયની પર્યાયમાં, પોતાના દ્રવ્ય-ગુણ, છ દ્રવ્યો આવતા નથી તેમનું જ્ઞાન પર્યાયમાં આવે છે.

૯) આત્મા જેમ બાહ્ય પદાર્થોની અસમીપમાં પોતાના સ્વરૂપથી જાણે છે તેમ બાહ્ય પદાર્થોની સમીપમાં પણ પોતાના સ્વરૂપથી જાણે છે.

૧૦) જ્ઞાનની પર્યાય એકલા પરને જ જાણે છે એ મિથ્યાજ્ઞાન છે. આત્માનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, તેથી એકલા પરને જાણે અને સ્વને ભૂલી જાય એ તો મિથ્યાજ્ઞાન છે. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી સમજતો નથી, સીધા પુરુષાર્થથી પોતાનું સ્વરૂપ સમજાય તેવું છે.

૧૧) 'જે સ્વરૂપ સમજ્યા વિના - પામ્યો દુઃખ અનંત' આત્મસિધ્ધિ પહેલી લીટી. પર્યાય છે તો પોતાની અવસ્થા, પણ પર્યાયો અને ભેદ પર લક્ષ જતાં અજ્ઞાનીને વિકલ્પ - રાગ થશે, નિર્વિકલ્પતા નહિ થાય.

તેથી અભેદની દૃષ્ટિ કરાવવા પર્યાય અને ભેદોને ગૌણ કરી તેને વ્યવહાર કહી, ત્રિકાળી અભેદ વસ્તુનો આશ્રય કરાવવા તેને મુખ્ય કહ્યો છે અને મુખ્ય તે નિશ્ચય.

૧૨) બધા જ પ્રસંગોમાં દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખતા - એટલે કે જે જ્ઞાનની પર્યાય સ્વ-સન્મુખ વળી એવો નિર્ણય કરે છે, 'જે જણાય છે તે હું જ છું' તે શુદ્ધ સ્વભાવના આશ્રયે જ્ઞાનની પર્યાય સમયે સમયે નિર્મળ થતી જાય છે અને જો બે ઘડી એવી અભિપ્રાયની ધારા રહે તો એ જ્ઞાનની પર્યાય પૂર્ણ શુદ્ધ - જેવો સ્વભાવ છે એ રૂપે પરિણમી જાય છે. એ જ્ઞાનની પર્યાય પોતાને, યર્થાથ, શ્રધ્ધાનપૂર્વક, વીતરાગતા પૂર્વક - અને અપૂર્વ સુખના વેદન સહિત પરિણમી જાય છે - આ દશાને સ્વાનુભૂતિની દશા - આત્માનો અનુભવ કહેવામાં આવે છે. એમાં ભગવાન આત્મા જણાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વિધિ છે. સુખી થવાનો આ જ એક ઉપાય સર્વજ્ઞ ભગવંતોએ બતાવ્યો છે. આચાર્યોએ ગ્રંથોમાં એનું નિરૂપણ કર્યું છે. જ્ઞાનીઓએ આજ વિધિ અનુભવ - પ્રમાણ કરી જિજ્ઞાસુ જીવોને સુખી થવા બતાવી છે. શ્ર .. ગુણનાં નિર્મળ પરિણમનનો ક્રમ ધ્યાન રાખવા જેવો છે. ૧) રૂચી ૨) પ્રતીતિ ૩) જિજ્ઞાસા ૪) લક્ષ ૫) એકાગ્રતા અને ૬) અનુભવ.

## ③ પ્રકાશશક્તિ અને સ્વાનુભૂતિ

૧) ભગવાન આત્મામાં એવી પ્રકાશશક્તિ છે જે સ્વયં એટલે પોતાથી જ પ્રકાશમાન છે, અને સ્પષ્ટ સ્વસંવેદનમયી છે. અહા ! પોતાથી પોતાનું પ્રત્યક્ષ વેદન થાય એવી આત્મામાં ત્રિકાળ પ્રકાશશક્તિ છે.

૨) આમાં મહત્વની બે વાત છે. કે આત્માનો પ્રકાશ સ્વભાવ -

૧) પોતે પોતાથી જ પ્રકાશમાન છે, એને કોઇ પરની અપેક્ષા નથી.

૨) સ્પષ્ટ સ્વસંવેદનમયી છે. સ્વાનુભવમાં આત્મા પ્રત્યક્ષ સ્પષ્ટ જણાય એવો આત્માનો પ્રકાશ સ્વભાવ છે.

૩) અહા ! જેમ દીવો સ્વયં પોતાથી જ પ્રકાશમાન છે, તેને દેખવા - પ્રકાશવા બીજા દીવાની જરૂર નથી. તેમ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું બિંબ પ્રભુ સ્વયં પોતાથી જ પ્રકાશમાન છે.

૪) અહાહા..! સ્વસંવેદનમાં પોતે જ પોતાને પ્રકાશી રહ્યો છે, તેને પ્રકાશવા - જાણવા બીજા કોઇની - રાગની (શુભ ભાવની), વ્યવહારની (વ્રતાદિની) કે નિમિત્તની (દેવ-ગુરૂ-શાસ્ત્રની) અપેક્ષા નથી. એ અપેક્ષા વિના જ સ્વસંવેદનમાં - સ્વાનુભવમય દશામાં પ્રત્યક્ષ થાય એવો આત્માનો પ્રકાશ સ્વભાવ છે.

૫) અહાહા..! આત્મામાં જેમ જ્ઞાન, દર્શન આદિ છે તેમ એક પ્રકાશશક્તિ છે. તેનું કાર્ય શું ? તો કહે છે - સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય તે તેનું કાર્ય છે.

૬) સમ્યગ્દર્શન થતાં મતિ-શ્રુતજ્ઞાનમાં સ્વસંવેદન દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય - અનુભવાય તે આ શક્તિનું કાર્ય છે. કોઇ કહે કે મને અરૂપી આત્મા કેમ જણાય ? તો કહે છે - સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ જણાય એવો એનો સ્વભાવ છે, ભાઇ ! પરોક્ષ રહે એવો આત્માનો સ્વભાવ નથી. હા, પણ એ ઇન્દ્રિય પ્રત્યક્ષ નથી, સ્વરૂપ પ્રત્યક્ષ - સ્વસંવેદન પ્રત્યક્ષ છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સ્વયં પોતાના સ્વભાવથી જ સ્વાનુભૂતિમાં પ્રકાશે છે.

૭) પણ એની વિધિ શું છે ?

વ્યવહારથી કે બાહ્ય નિમિત્તથી આત્મા પ્રત્યક્ષ થાય, વા તેના નિર્મળ જ્ઞાન-શ્રધ્ધાન પ્રગટ થાય - એમ માને તે વિપરીત શ્રધ્ધાન છે. પણ વર્તમાન જ્ઞાનની પર્યાય વ્યવહારનું અને બાહ્ય નિમિત્તનું લક્ષ છોડી (બહારમાં ક્યાંય મારું સુખ છે એવી માન્યતા છોડી) સ્વ-સન્મુખ થતાં એટલે સ્વનું લક્ષ કરતાં, એટલે સ્વ સ્વભાવનો યથાર્થ નિર્ણય કરતાં - શું નિર્ણય ? 'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને સર્વથા સર્વથી ભિન્ન છું' અથવા તો 'જે જણાય છે તે હું જ છું' એવો નિર્ણય - પ્રતીતિ કરતાં, પછી એમાં એકાગ્ર થતાં - અને જો ધારાવાહી બે ઘડી એ અભિપ્રાયની ધારા ટકી રહે (સ્વ સન્મુખ થતાં) તો તે વર્તમાન જ્ઞાનની પર્યાય સમયે સમયે નિર્મળ થતી જાય છે, અભિપ્રાયની ભૂલ ટળતી જાય છે અને એ નિર્મળ વર્તમાન જ્ઞાનની પર્યાય જો પોતાને યથાર્થ, શ્રધ્ધાનપૂર્વક, એકાગ્રતાપૂર્વક, વીતરાગભાવે પરિણમી જઇ આત્માના અતીન્દ્રિય આનંદનું પ્રત્યક્ષ વેદન થયું, સ્વાનુભૂતિ થઇ એ પ્રકાશશક્તિનું કાર્ય છે.

૮) આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. પોતાના સ્વભાવ વડે જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા પ્રભુ આત્મા છે. અહા ! આ પ્રકાશશક્તિમાં એવું અચિન્ત્ય દિવ્ય સામર્થ્ય છે કે કોઇ - પર - નિમિત્તની અપેક્ષા વિના જ તે પોતાના જ સ્વસંવેદન વડે આત્માને પ્રત્યક્ષ કરે છે.

૯) અહા ! આવી દિવ્ય શક્તિ સંપન્ન નિજ આત્માને અંતર્મુખ થઇ દેખે તો દ્રવ્યદૃષ્ટિ ઉઘડી-ખીલી જાય. ભાઇ ! તારા આત્માનો અપાર અનંતો વૈભવ દેખવો હોય તો તારાં દિવ્ય ચક્ષુ યાને દ્રવ્યચક્ષુ ખોલ, આ બહારનાં ચામડાના ચક્ષુ વડે એ નહિ દેખાય, ને અંદર રાગના ચક્ષુ વડે પણ એ નહિ દેખાય, અંતરના સ્વભાવ ચક્ષુ વડે જ તે જણાશે-અનુભવાશે. પોતે પોતાની અનુભૂતિથી પ્રકાશમાન છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સ્વયં પોતાના સ્વભાવથી જ સ્વાનુભૂતિમાં પ્રકાશે છે.

૧૦) અહા ! અનંતકાળથી ચોરાસીના અવતારોમાં રખડતાં-રઝળતાં ભાઇ ! તને માંડ આ મનુષ્યભવ મળ્યો, અને તેમાંય જૈનમાં તારો જન્મ થયો એ કોઇ મહાભાગ્ય છે, અહા ! આ બધું હોવા છતાં કરી તેમાં એકાગ્રતા કરતાં આત્માનો અનુભવ પ્રત્યક્ષ થાય છે. તું આ તત્ત્વજ્ઞાનની-ભેદજ્ઞાનની તારા હિતની વાત ન સમજે તો અંતર અનુભવ ક્યાંથી થાય ? અરે ભાઇ ! તું સાંભળ તો ખરો, પ્રભુ ! તારા સ્વસંવેદનમાં તારો આત્મા પ્રત્યક્ષ થાય એવી પ્રકાશશક્તિથી તું ત્રિકાળ ભરપુર છો.

૧૧) અરે પ્રભુ ! તું કોણ છો ? ને તારું કાર્ય શું છે ? તેની તને ખબર નથી ! અહા ! તું આત્માનું (અંતર-અનુભવનું) કાર્ય કરવાનું છોડી દઇને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિ શુભરાગની ક્રિયામાં ધર્મ માની ત્યાં જ રોકાઇ ગયો ! પણ ભાઇ ! એ તો જગપંથ છે, એ ધર્મપંથ નહિ, ધર્મપંથ તો સ્વાનુભવમયી કોઇ અલૌકિક છે.

૧૨) આત્માનું પ્રત્યક્ષ સ્વસંવેદન તે મોક્ષમાર્ગ છે. અરે જીવ ! એકવાર તારા વીર્યબળને સ્વ તરફ ઉલ્લસાવીને તારા સ્વભાવની હા પાડ... પુરુષાર્થની તીખી ધારાએ અંતરસ્વભાવનો અપૂર્વ પક્ષ કર... તેનો ઉલ્લાસ લાવ. સ્વભાવનો યથાર્થ નિર્ણય કરે તેને સ્વસંવેદન થયા વગર રહે નહિ. આવું સ્વસંવેદન તે ધર્મ છે, તે પરમ આનંદરૂપ છે.

૧૩) ભાઇ ! આ તો તને ત્રિલોકીનાથ કેવળી પરમાત્માનાં વેણ અને કહેણ આવ્યા છે, તેનો નકાર ન કરાય. આ તો કેવળી સર્વજ્ઞ પરમાત્માનાં સર્વોચ્ચ ઘરનાં કહેણ બાપુ ! તેનો ઝટ સ્વીકાર કર, ના ન પાડ પ્રભુ ! મુક્તિ-સુંદરી સાથે તારા સગપણ કરવાનાં કહેણ છે. સ્વભાવસન્મુખ થઇ આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ જાણે ત્યારે સમકિત સાથે સગાઇ થઇ એમ કહેવાય. અહો! આ તો જન્મ-મરણના રોગનું નિવારણ કરનારી ભગવાન કેવળીએ કહેલી પરમ અમૃતમય ઔષધ છે. સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવેલાં આ કહેણ છે.

૧૪) અહા ! આત્માનો પ્રકાશ સ્વભાવ તો એકદમ સ્પષ્ટ સ્વસંવેદનરૂપ કાર્ય બતાવે છે, એમાં જરાય પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાને કે પરને જાણે તેમાં તેને રાગનું, નિમિત્તનું કે બીજા કોઇનું અવલંબન લેવું પડે એવો તેનો સ્વભાવ નથી, કોઇના અવલંબન વગર સ્પષ્ટ પ્રત્યક્ષપણે પ્રકાશે એવો એનો પ્રકાશસ્વભાવ છે. પોતે પોતાથી સ્વયં પ્રકાશનારો છે. પોતાની સ્વાનુભૂતિથી જ પોતે પ્રકાશી રહ્યો છે, તેમાં બીજા કોઇનું અવલંબન નથી.

૧૫) આવું સ્વયંપ્રકાશીપણું એ આત્માનો વૈભવ છે, આત્માની એ સાચી સંપદા છે. આચાર્ય ભગવાન કહે છે, 'સુંદર આનંદની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદન, તેના વડે મારો આત્મવૈભવ પ્રગટ થયો છે, અને મારા સમસ્ત આત્મવૈભવ વડે હું આ સમયસારમાં એકત્વ-વિભક્ત શુધ્ધાત્મા દેખાડું છું, તમે તમારા સ્વાનુભવ-પ્રત્યક્ષ વડે પ્રમાણ કરજો.' જુઓ, સાધકના શ્રુતજ્ઞાનમાં પણ

આત્માને સ્વાનુભવ-પ્રત્યક્ષ કરવાની તાકાત છે. સ્વયંપ્રકાશમાન અને સ્પષ્ટ એવું આત્માનું સ્વસંવેદન શ્રુતજ્ઞાન વડે થઈ શકે છે, ને એવું સ્વસંવેદન કરે ત્યારે જ સાચું આત્મજ્ઞાન થાય છે ને ત્યારે જ ધર્મ થાય છે. એ સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદ ઝરે છે, અનંતગુણની નિર્મળતા તેમાં પરિણમે છે.

૧૬) આત્માને કેમ જાણવો તેની આ વાત છે. અહા, તું પોતે કેવો, ને કેવડો ? તે જાણ્યા વિના તને તારો મહિમા ક્યાંથી આવશે ? મહિમા આવ્યા વગર ભેદજ્ઞાન કરી સ્વસન્મુખતા ક્યાંથી થશે ? ને સ્વસન્મુખતા અને એકાગ્રતા વગર સમ્યગ્દર્શન ક્યાંથી થશે ? સમ્યગદર્શન વગર સુખનો રાહ ક્યાંથી હાથ આવશે ? માટે હે ભાઈ ! તારું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લઈને તેનો મહિમા કર, સ્વ-પરનું ભેદજ્ઞાન થઈને સ્વસન્મુખતા થશે, સ્વ સન્મુખ સ્વસંવેદનમાં તારો આત્મા સ્વયં પ્રકાશમાન થશે એટલે આનંદ સહિત અનુભવમાં આવશે. સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરવાની ને સુખી થવાની આ રીત છે. સુખના રાહ અંદરમાં સમાય છે, બહારમાં કાંઈ નથી.

૧૭) **વર્તે નિજ સ્વભાવનો, અનુભવ, લક્ષ, પ્રતીત, વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત.** આત્મસિધ્ધિ-ગાથા ૧૧૧. આ નિશ્ચય સમકીત, શુદ્ધ સમકીત થવાની વિધિ કૃપાળુદેવે બતાવી છે. અંતર્મુખ ઉપયોગ વડે તો આત્મા પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે, ને એ અનુભવમાં પરમ આનંદ થાય છે. આવો સાક્ષાત્ અનુભવ કરવો તે પ્રકાશશક્તિનું કાર્ય છે.

૧૮) પણ વર્તમાન આ કાળમાં એ સ્વસંવેદન કઠણ થઈ પડ્યું છે ને ? સાંપ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે, ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે. તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન - એવું અનુભવવું બહુ જ કઠણ છે. સાચે જ કઠણ છે, પરંતુ સહજ પુરુષાર્થ વડે વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.

૧૯) ભાઈ ! સ્વભાવનો અનુભવ કરવો કઠણ તો છે, પણ અશક્ય નથી, અસંભવ નથી. ઘણું કઠણ લાગે છે, કેમકે અનંતકાળથી ભેદજ્ઞાનનો અભ્યાસ નથી. પણ વસ્તુ સ્વરૂપ વિચારતાં-ધ્યાવતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે, અશક્ય નથી. ઘણો અંતર પુરુષાર્થ માંગી લે છે. અહા ! પોતાના સ્વભાવની પ્રાપ્તિ પોતાને અશક્ય કેમ હોય ? એ તો ત્યાં સુધી જ પ્રાપ્ત નથી જ્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ કરતો નથી. જ્યાં અંતર-દૃષ્ટિ કરે કે તત્કાળ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ થાય છે. હવે જીવોએ અભ્યાસ કર્યો નથી, પ્રયોગ પદ્ધતિ અપનાવી નથી, તેથી પોતાની ચીજ પ્રાપ્ત થવી કઠણ થઈ પડી છે. પણ મારગ તો આ છે પ્રભુ ! થોડું કહ્યું ઝાઝું કરી જાણવું બાપુ!

૨૦) આવો સ્વાનુભવગમ્ય ભગવાન આત્મા સ્વસંવેદનમાં જ્ઞાનીને અત્યંત સ્પષ્ટપણે સ્વયં પ્રકાશે છે, એવી તેની પ્રકાશશક્તિ છે. પ્રકાશશક્તિનું સાચું કાર્ય ક્યારે પ્રગટે ? કે અંતર્મુખ થઈને સ્વસંવેદન કરે ત્યારે સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રકાશમાન થાય તે પ્રકાશશક્તિનું સાચું કાર્ય છે.

# (૪) આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ અને આત્માનુભૂતિ

૧) ત્રિકાળી ધ્રુવ અખંડ એક જ્ઞાયકસ્વભાવી આત્મદ્રવ્યની દૃષ્ટિ-પ્રતીતિ-લક્ષ-એકાગ્રતા કરતાં અજ્ઞાનજન્ય પરનો મહિમા ઉડી જાય છે, પોતે શુદ્ધ એક જ્ઞાનાનંદ-સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે એમ નિશ્ચય કરી તેમાં એકાગ્ર થતાં મારો સર્વજ્ઞસ્વભાવ છે - એકલો જ્ઞાનસ્વભાવ છે એમ કેવળજ્ઞાન સ્વભાવની શ્રધ્ધા-પ્રતીતિ પ્રગટ થાય છે.

૨) ચોથે ગુણસ્થાને પણ પોતાના શુદ્ધ સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થતાં પર્યાયમાં શક્તિનું પરિણમન થયું, શક્તિ પરિણત થઇ તેને ત્યાં શ્રધ્ધાપણે કેવળજ્ઞાન થયું છે એમ કહેવામાં આવે છે. જ્ઞાનની કેવળજ્ઞાનરૂપ પૂર્ણ દશા તો તેરમાં ગુણસ્થાને થાય છે.

૩) પરિણામ સ્વમાં-સ્વરૂપમાં વિશ્રાંત થાય છે, ઠરે છે ને આત્મામાં દર્શન, જ્ઞાન, શ્રદ્ધા, વીર્ય, સુખ, પ્રભુત્વ, સ્વચ્છત્વ આદિ અનંત શક્તિઓનું નિર્મળ નિર્મળ પરિણમન એક સાથે ઉછળે છે, પ્રગટે છે. આ જ ધર્મ અને આ જ મોક્ષમાર્ગ છે. સાધ્ય આત્માની આ રીતે જ સિદ્ધિ થાય છે. આ સિંવાય વ્રતં પાળવાં, દયા પાળવી ઇત્યાદિ વ્યવહાર - રાગ કાંઇ ધર્મ નથી, ધર્મનું સાધનેય નથી, વાસ્તવમાં તો તે રાગ હોવાથી બંધનસ્વરૂપ જ છે. અરે પ્રભુ ! રાગની મમતાની આડમાં તારા પરમ નિધાન તારી નજરમાં આવ્યાં નહિ !

૪) આત્મામાં વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણત એવી આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ છે. આમાં એકલી શક્તિની વાત નથી. પણ પરિણત થયેલી આત્મજ્ઞાનમયી શક્તિની વાત છે. અંદર સર્વજ્ઞશક્તિ પડી છે તેની પરિણતિ પ્રગટ થઇ છે તે **આત્મજ્ઞાનમયી છે. આત્માને એકને જાણવારૂપે પરિણત થાય એવી સર્વજ્ઞત્ત્વશક્તિ છે.** ભગવાન આત્મા દિવ્ય ચિત્ચમત્કાર પ્રભુ છે. એના નિર્ણયમાં અનંતા કેવળી સિદ્ધ ભગવંતો સહિત સર્વ લોકાલોકના વિશેષ ભાવોનો નિર્ણય સમાઇ જાય છે. સર્વ લોકાલોકના અનંત ભાવોને જાણે પણ તે પ્રતિ ઉપયોગ જોડવો પડે નહિ, અને ક્યાંય પરનો આશ્રય નહિ. આવી મહા આશ્ચર્યકારી સર્વજ્ઞત્વ શક્તિ છે.

૫) તો શું તે (-પરિણતિ) પરને જાણતી નથી ?

પરને જાણતી નથી એમ ક્યાં વાત છે ? પરને જાણવા પ્રતિ તે સાવધાન નથી, પરમાં તે તન્મય નથી. પરમાં તન્મય થઇને પરને જાણતી નથી એમ વાત છે. તેથી પરને જાણે એમ કહીએ તે અસદ્ભૂત વ્યવહારનય છે. જેમાં પર-લોકાલોક ઝળકે છે **એવી પોતાની પર્યાયને પોતામાં તન્મય થઇને જાણે છે.**

૬) ભગવાન કેવળી સ્વાત્માને જાણે છે - દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે અને લોકાલોકને-પરને જાણે છે એ વ્યવહાર-કથન છે. જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચય કથન છે અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહાર કથન છે. આમ આ બંને કથન વિવક્ષાથી બરાબર છે.

૭) પણ આમાં સમજવું શું ?

ભગવાન લોકાલોકને જાણતા નથી એમ વાત નથી. પરંતુ ભગવાનનો ઉપયોગ ખરેખર અંતર્મુખ સ્વરૂપપ્રત્યક્ષ અને સ્વરૂપનિષ્ટ છે, તે લોકાલોકમાં તન્મય નથી, લોકાલોકમાં જોડાઇને ઉપયુક્ત નથી. પરંતુ નિજાનંદરસલીન છે. જો લોકાલોકને, તેમાં તન્મય થઇને જાણે તો નર્કાદિ ક્ષેત્રનું દુઃખનું વેદન તેને થવાનું બને. પણ એમ છે નહિ. તેથી જ કહ્યું કે ભગવાન લોકાલોકને વ્યવહારથી

જાણે છે. આનું નામ તે સર્વજ્ઞત્વશક્તિ પૂર્ણભાવે પરિણત થતાં જે કેવળજ્ઞાન થયું તે **આત્મજ્ઞાનમયી છે, પરજ્ઞાનમય નથી.** ગંભીર સૂક્ષ્મ વાત છે ભાઇ !

સર્વજ્ઞશક્તિની પૂર્ણ પ્રગટતા તે સર્વજ્ઞતા અથવા કેવળજ્ઞાન છે. આ કેવળજ્ઞાન તે સ્વલક્ષે સ્વરૂપની એકાગ્રતાથી ખીલ્યું છે, કાંઇ પરના જેગતના લક્ષે ખીલ્યું છે એમ નથી. એ તો જીવ જ્યારે સ્વમાં એકાગ્ર થઇ, સ્વદ્રવ્યને જ કારણપણે ગ્રહીને સ્વસ્થિત પરિણમે છે ત્યારે કેવળજ્ઞાન થાય છે. અને તેમાં જગત આખું જ્ઞેયપણે ઝળકે છે. ત્યાં શક્તિનું પરિણમન સ્વાશ્રિત છે, પરાશ્રિત નથી. આત્મજ્ઞાનમય છે, પરજ્ઞાનમય નથી. સર્વજ્ઞતા એ તો શક્તિની સ્વ-આશ્રયે પૂરણ પ્રસિદ્ધિ છે. અંતર્લક્ષ થયા વિના સર્વજ્ઞની સાચી પ્રતીતિ થતી નથી.

અહાહા..! ભગવાન આત્માનો સર્વજ્ઞસ્વભાવ છે. અહાહા..! તેનું અંતર્મુહત ધ્યાન કરે તો કેવળજ્ઞાનની ઝળહળતી જ્યોત પ્રગટ થાય છે અને તેની સાથે અનંત અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય છે. દરેક સમયે તે તે પર્યાય ભિન્ન ભિન્ન પ્રગટ થાય છે. બીજા સમયે એવી ને એવી પર્યાય પ્રગટ થાય છે. પણ એની એ નહિ. અહા ! આવા નિજ નિધાનને ઓળખ્યા વિના મિથ્યાત્વનું સેવન કરી પારાવાર દુઃખમય સંસારમાં જીવ પરિણમે છે. એના દુઃખને કોણ કહે ? તે વચન-અગોચર કહી ન શકાય તેવું છે.

અહીં સર્વજ્ઞશક્તિને પરિણત કહેલ છે. પહેલાં પણ આત્માને જ્ઞાનમાત્ર કહ્યો ત્યાં શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે - પ્રભુ ! આત્માને જ્ઞાનમાત્ર કહેતાં તો એકલું જ્ઞાન આવ્યું, તો એકાન્ત થઇ જશે કે કેમ ? ત્યારે ત્યાં શ્રીગુરુએ સમાધાન કર્યું કે - સાંભળ, આત્માને જ્ઞાનમાત્ર કહેતાં એકાંત થઇ જતું નથી, પણ અનેકાન્ત જ સિધ્ધ થાય છે. કેમ કે જ્ઞાનમાત્ર ભાવમાં અનંતા ધર્મો સાથે (ભેગા) આવી જાય છે. જેમકે - જ્ઞાન અસ્તિપણે છે, વસ્તુપણે છે, પ્રમેયપણે છે. જ્ઞાયકપણે છે એમ જ્ઞાનમાત્ર કહેતાં તેમાં અનંતધર્મો ભેગા આવી જાય છે. માટે અહીં એકાંત થતું નથી. જ્ઞાનમાત્ર ભાવનું પરિણમન થતાં જ્ઞાનમાત્રભાવમાં સાથે અનંત શક્તિઓ ઉછળે છે, ભેગી સર્વજ્ઞ શક્તિ પણ **પરિણત** થાય છે. અહા ! એ પરિણામમાં પરનું ને રાગનું કર્તાપણું તો દૂર રહો, હું પરને અને રાગને જાણું, એ મારાં જ્ઞેય છે એમય નથી. ઝીણી વાત છે પ્રભુ! પણ આ પરમાર્થ સત્ય વાત છે. લોકોના સદ્‌ભાગ્યે પરમ સત્ય વાત પ્રસિધ્ધિમાં આવી છે.

અહા ! શક્તિનું પરિણમન એકલું **આત્મજ્ઞાનમયી છે, રાગમયી કે પરજ્ઞાનમયી નથી.** નિશ્ચયથી કેવળી ભગવાન પોતાની પરિણતિને જાણે છે કેમ કે જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય-બધું આત્મા છે. આત્મા જ્ઞાતા અને પરવસ્તુ જ્ઞેય એ વસ્તુ નિશ્ચયથી છે નહિ. સર્વજ્ઞશક્તિની સ્વાશ્રયે સમ્યગ્જ્ઞાનરૂપ પરિણતિ પ્રગટ થઇ તેમાં પૂર્ણ સ્વભાવ અને પૂર્ણ પર્યાયની પ્રતીતિ આવી જ ગઇ છે. આનું નામ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિની પરિણતિ છે.

એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઇ જીવવસ્તુ તેને મારા નમસ્કાર. 'નમો અરિહંતાણં' શુદ્ધ જીવને સારપણું ઘટે છે. સાર અર્થાત હિતકારી, અસાર અર્થાત અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું, કારણ કે અજીવ પદાર્થને-પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને - અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને **સારપણું** ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં-અનુભવતાં જાણનહારને સુખ છે. જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને સારપણું ઘટે છે.

૧૨) કેવળજ્ઞાન શક્તિ મારામાં ત્રિકાળ પડી છે તે અંતઃપુરુષાર્થ વડે અલ્પકાળમાં જ પૂરણ પ્રગટ થઇ જશે. જ્યાં અંદર ત્રિકાળી સ્વદ્રવ્યને જ્ઞેય બનાવ્યું તો સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ થઇ, શ્રધ્ધાનમાં કેવળજ્ઞાન પ્રગટ થયું અને પર્યાયમાં અલ્પકાળમાં જ સાક્ષાત્ કેવળજ્ઞાન પ્રગટ થવાની તૈયારી થઇ ગઇ. હવે આવી સાર-સાર વાત છોડીને લોકો બહારની તકરારમાં પડ્યા છે. શુભભાવથી ધર્મ થાય, પુણ્ય ધર્મનું સાધન છે વગેરે ખોટી માન્યતાઓમાં તે રાચે છે. પણ ભાઇ ! શુભભાવ તારા સ્વરૂપમાં છે નહિ, તારા દ્રવ્ય-ગુણમાં નથી, અને શક્તિનું જે નિર્મળ પરિણમન થાય તેમાંય નથી. સ્વરૂપ લક્ષે સમ્યગ્દર્શનનું પરિણમન થાય તેમાં ક્યાંય શુભભાવ છે નહિ. હા, એટલું છે કે સમ્યગ્દર્શનની સાથે સર્વજ્ઞશક્તિ પરિણત થતાં જે જ્ઞાનની દશા પ્રગટ થઇ તે જ્ઞાન, તે કાળે જેવો રાગ છે તેને જાણે છે, બસ. તે જ્ઞાન તે કાળે સ્વાશ્રિત પ્રગટ થયું છે, કાંઇ રાગને કારણે પ્રગટ થયું છે એમ નથી. અહા ! શક્તિનું પરિણમન એકલું આત્મજ્ઞાનમયી છે.

૧૩) જ્ઞાનીને રાગ આવે છે તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, એટલે કે સ્વપર પ્રકાશી જ્ઞાનની ***પર્યાય સહજ પોતાના સામર્થ્યથી જ તે કાળે પ્રગટ થાય છે***, રાગને લઇને રાગનું જ્ઞાન થાય છે એમ નથી. રાગનો તો જ્ઞાનમાં અભાવ છે. ભાઇ ! ખરેખર તો જ્ઞાન પોતાની પરિણતિને જાણે છે, રાગને જ્ઞાન જાણે છે, રાગને જ્ઞાન જાણે છે એમ કહીએ એ વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતે-પોતાની પરિણતિને જ જાણે છે.

૧૪) શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અને સિદ્ધ પરમાત્મા તે શુદ્ધ જીવ છે. તે બંનેને સુખ પણ છે, જ્ઞાનપણ છે, અને તેમને જાણનાર જીવને પણ સુખ છે. અને જ્ઞાન પણ છે.

૧૫) પરંતુ શુદ્ધ જીવને જાણ્યો ક્યારે કહેવાય ? કે ભગવાન સિદ્ધ પરમાત્મા જેમ શુદ્ધ છે તેમ મારો ભગવાન આત્મા પણ ત્રિકાળ શુદ્ધ છે. આ ત્રિકાળી શુદ્ધની દૃષ્ટિ કરી પરિણમવાથી, તે સ્વદ્રવ્યની સન્મુખ થઇને તેના આશ્રયે પરિણમવાથી સ્વાનુભવની દશા પ્રગટ થાય છે. નિર્મળ શ્રદ્ધાન-જ્ઞાન પ્રગટ થાય છે અને ભેગી અતીન્દ્રિય સુખના આસ્વાદરૂપ દશા પ્રગટે છે. આવી સ્વાનુભવની દશા પ્રગટ કરે ત્યારે શુધ્ધને જાણ્યો કહેવાય.

૧૬) સિદ્ધને જાણતા સુખ છે કે નહિ ?

હા, સિદ્ધને જાણતાં સુખ છે. પણ સિધ્ધને જાણ્યા ક્યારે કહેવાય ? કે પોતાનો સ્વભાવ સદા સિધ્ધ સમાન શુદ્ધ છે એમ નિશ્ચય કરી સ્વભાવ સન્મુખ થઇને તેનો અનુભવ અને પ્રતીત કરે ત્યારે સિધ્ધને જાણ્યા કહેવાય. સાથે તેમાં અતીન્દ્રિય સુખનો આસ્વાદ પણ હોય છે.

૧૭) આમાં સ્વ-દ્રવ્યને જાણવાની શી જરૂર છે ?

અરે ભાઇ ! પરદ્રવ્યને જાણવા જાય એ તો વિકલ્પ છે, અને વિકલ્પ છે એ તો દુઃખ જ છે. સ્વદ્રવ્ય સિવાય ભાઇ ! અન્ય દ્રવ્ય પર તારું લક્ષ જશે તો નિયમથી વિકલ્પ જ ઉત્પન્ન થશે અને તેથી તને દુઃખ જ થશે. સ્વદ્રવ્યનું લક્ષ અને એકાગ્રતા કરતાં જ પર્યાયમાં સુખ પ્રગટ થાય છે.

૧૮) અહા ! સિધ્ધ ભગવાનની પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ છે તે સર્વજ્ઞપણું આવ્યું ક્યાંથી ? પોતાની સર્વજ્ઞસ્વભાવી શક્તિનું લક્ષ કરતાં !

૧૯) એવી જ રીતે પોતાની પર્યાયમાં સર્વજ્ઞશક્તિ ત્રિકાળ પડી છે તેમ નિશ્ચય કરી, નિજ સ્વરૂપનું આલંબન લેવાથી પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થાય છે, પરને જાણતાં પ્રગટ થાય છે એમ નથી. સ્વને જાણ્યા વગર સુખી થવાનો બીજો કોઇ ઉપાય નથી.

૨૦) માટે પરને જાણવાના ક્ષોભથી-આકાંક્ષોથી વિરામ પામી, સ્વસ્વરૂપના આશ્રયે પરિણમવું ને ત્યાંજ રમવું, ઠરવું ને લીન થવું તે જ સર્વજ્ઞ થવાનો માર્ગ છે. તે જ સુખી થવાનો એક જ ઉપાય છે.

## (૫) પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ અને આત્માનુભૂતિ

**કાર્ય-કારણ અને જ્ઞેય-જ્ઞાયક સંબંધ**

૧) આત્માને પરની સાથે કારણ-કાર્યપણાનો જરાય સંબંધ નથી (અકાર્યકારણત્ત્વ શક્તિ). પરની સાથે કારણ-કાર્યપણું ન હોવા છતાં, આત્મા પરને જાણે ને પોતે પરના જ્ઞાનમાં જણાય... એવો જ્ઞેય-જ્ઞાયકપણાનો સંબંધ છે. તે આ શક્તિ બતાડે છે.

૨) પરજ્ઞેયોના જ્ઞાનરૂપે પોતે પરિણમે એવી પરિણમ્ય શક્તિ.... (પ્રમાણ-પ્રમાતા સ્વભાવને લીધે) અને પોતાના જ્ઞાનાકારોને સામાના જ્ઞાનમાં જણાવે (જ્ઞેય કરે) એવી પરિણામક શક્તિ..... (પ્રમેય સ્વભાવને લીધે) આવા સ્વભાવને પરિણમ્ય-પરિણામક શક્તિ કહેવામાં આવે છે.

૩) ૧) **પરિણમ્ય :** આત્માને પરિણમ્ય કહ્યો ત્યાં કાંઇ સામા જ્ઞેયો તેને પરિણમાવતા નથી, પણ સામે જેવો જ્ઞેયો છે તેવું જ્ઞાનનું પરિણમન પોતાના સ્વભાવથી થાય છે. જ્ઞાનમાં તે જાતના પરિણમનની તાકાત છે.

૨) **પારિણામિક :** આત્માને પારિણામિક કહ્યો તેથી કાંઇ સામાના જ્ઞાનને આત્મા પરિણામાવે છે એમ નથી, પણ પોતે જ્ઞેયપણે સામાના પ્રમાણ જ્ઞાનમાં ઝળકે છે એવો તેનો સ્વભાવ છે. એવો જ્ઞેય થવાનો આત્માનો સ્વભાવ છે.

૪) આત્મા પોતે બીજાને જાણે, તેમજ બીજાના જ્ઞાનમાં પોતે જણાય, આવા બંને સ્વભાવ આત્મામાં એકસાથે વર્તે છે, તેનું નામ પરિણમ્ય-પરિણામકત્ત્વ શક્તિ છે.

૫) પરનું જે નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તેને આત્મા જ્ઞાનથી જાણે છે અને આત્મા પોતે જેનું નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનાકારો બીજાના જ્ઞાનમાં પ્રમેય થાય છે.

આવી રીતે પ્રમાતા અને પ્રમેય થવાની આત્માની તાકાત છે.

આવી રીતે જ્ઞાતા અને જ્ઞેય થવાની આત્માની તાકાત છે.

૬) સામા જે અનંત જ્ઞેયો (જ્ઞેય પદાર્થો) તેમના જ્ઞેયાકારો એટલે કે તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયો તેમનું કારણ તે પદાર્થો છે. આત્મા તેનું કારણ નથી, આત્મા તેનો જ્ઞાતા છે.

જ્ઞાન કરવાની અપેક્ષાએ આત્મા પરિણમ્ય છે.

સામાના જ્ઞાનમાં જ્ઞેય થવાની અપેક્ષાએ આત્મા પરિણામક છે.

૭) જગતના બધા જ્ઞેયાકારોને જાણવારૂપે આત્મા પરિણમે છે, ત્યાં તે જ્ઞેય પદાર્થોના આકારોનું કારણ તે પદાર્થો જ છે, ને જ્ઞાનપર્યાયરૂપ પોતાના જ્ઞાનાકારોનું કારણ આત્મા પોતે જ છે. સામાના જ્ઞાનમાં આ આત્મા જણાય, તેથી કાંઇ સામા જીવના જ્ઞાનનું કારણ આ આત્મા નથી.

(૭)

તેમજ સામા પદાર્થો આ જીવના જ્ઞાનમાં જણાય તેથી કાંઇ તે પદાર્થો આ જીવના જ્ઞાનનું કારણ નથી. સ્વતંત્રપણે જ પોતા પોતાના આકારરૂપે બંને પરિણમે છે.

૮) આત્મા સ્વપરને જાણવાના સ્વભાવવાળો છે.
જણાવાનો પ્રમેય થવાનો સ્વભાવ તો જડ અને ચેતન બધાય પદાર્થોમાં છે. પણ જાણવાનો સ્વભાવ તો ચૈતન્યમૂર્તિ આત્મામાં છે. જ્ઞાનનું અને જ્ઞેયનું સ્વતંત્ર, ક્રમબદ્ધ પરિણમન છે.

૯) મારે અને પદાર્થોને જ્ઞાતા જ્ઞેયપણાનો જ સંબંધ છે. એ નિર્દોષ સંબંધમાં વિકાર આવે નહિ. આવા સ્વભાવને જાણતાં જ્ઞાનમૂર્તિ આત્મા પ્રસિદ્ધ થાય છે. આત્મા પ્રમાતા ને પદાર્થો તેમના પ્રમેય તથા આત્મા પ્રમેય ને સામો જ્ઞાની જીવ પ્રમાતા એવો નિર્દોષ સંબંધ છે.

૧૦) જ્ઞાન પોતાની સ્વાધીન તાકાતથી જ જ્ઞાનપણે પરિણમે છે, જ્ઞેયોના કારણે જ્ઞાન પરિણમતું નથી. અહો ! કેવો સ્વતંત્ર અને પવિત્ર સ્વભાવ છે. બસ ! આવા સ્વભાવથી આત્મા શોભે છે. આવા સ્વભાવવાળો જ્ઞાનમાત્ર આત્મા ખરો આત્મા છે - આવા આત્માને શ્રધ્ધે-જાણે-અનુભવે તેનું જ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને તે મોક્ષમાર્ગ છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આવા આત્માને ધ્યેય કરતાં તેનું નિર્મળ પરિણમન થાય છે.

# ઉપસંહાર : જૈન શાસન



## ૧ (સમયસાર દર્શન સારભૂત)

(૧) સમયસાર ગાથા (૫) : આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન, એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વૈભવથી એકત્વ - વિભક્ત શુધ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. પોતાનો અનુભવ પ્રધાન છે. તેનાથી શુધ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો.

(૨) ગાથા (૬) : એવો શુધ્ધ આત્મા કોણ છે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? અહા ! અંદર જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુધ્ધ આત્મા છે, વિકલ્પના વિકારથી જુદો છે અને પોતાના પરિપૂર્ણ સ્વભાવથી એકત્વ અથવા અભેદ છે, તો એવો તે શુધ્ધાત્મા છે કોણ જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? (૧) નથી અપ્રમત કે પ્રમત નથી. (૨) જે એક જ્ઞાયકભાવ છે (૩) એ રીતે શુધ્ધ કહેવાય છે (૪) જે જ્ઞાયકપણે જણાણો તે તો તે જ છે.

(૩) ગાથા (૧૧) : પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો વ્યવહાર પરમાર્થને કહેનાર છે એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? 'વ્યવહારનય અભૂતાર્થ છે અને શુધ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.'

(૪) ગાથા (૧૩) : એ પ્રમાણે શુધ્ધ નયથી જાણવું તે સમ્યક્ત્વ છે. 'ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

શુધ્ધ નયથી જાણવું તે સમ્યક્ત્વ છે. એટલે ત્રિકાળી જ્ઞાયકભાવને જ્ઞાયક, જ્ઞાયક જ્ઞાયક સામાન્યપણે જાણવો એનું નામ સમ્યગ્દર્શન છે.

(૫) ગાથા (૧૪) : શુધ્ધ નય શું છે ?

નિશ્ચયથી અબધ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત - એવા આત્માની જે અનુભૂતિ તે શુધ્ધનય છે અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.

(૬) ગાથા (૧૫) : જે પુરુષ આત્માને અબધ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, નિયત અને અસંયુક્ત દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમજ અભ્યંતર ભાવશ્રુતવાળું છે. સમસ્ત જૈન શાસનનું આ રહસ્યં છે. આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.

## (૨) આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.

(૧) આત્માનું હિત એક મોક્ષ જ છે. મોક્ષ એટલે દુઃખમાંથી છુટકારો. દુઃખ અહિતકારી છે. મોક્ષ હિતકારી છે.

(૨) આવા **અતીન્દ્રિયસુખની** શરૂઆત એક સમયથી થાય છે. તે **મોક્ષમાર્ગની** પ્રથમ સીડી છે. તેને **સમ્યગ્દર્શન** કહેવાય છે. તેનું બીજું નામ **સમકીત** છે. તે **શ્રધ્ધાગુણની નિર્મળ પર્યાય** છે. તેને જ **આત્માનુભૂતિ** કહેવામાં આવે છે. **ધર્મની**

શરૂઆત અહીંથી થાય છે. તે વખતે આત્મા **ચોથા ગુણસ્થાને** આવ્યો એમ કહેવાય છે. તે વખતના ધ્યાનને '**ધર્મ ધ્યાન**' કહેવામાં આવે છે. આ '**નિશ્ચય સમ્યગ્દર્શનની**' વાત છે. અને તે સમયે **વીતરાગી દેવ - ગુરુ - શાસ્ત્ર** અને **સાત તત્ત્વોની શ્રધ્ધાને** '**વ્યવહાર સમ્યગ્દર્શન**' કહે છે.

(૩) ધર્મની પૂર્ણતા પણ **આત્માનુભૂતિ - શુધ્ધોપયોગની** પૂર્ણતામાં થાય છે. **બે ઘડીની** શુધ્ધોપયોગની આત્મામાં **એકાગ્રતાને - પુરુષાર્થપૂર્વક** પ્રગટ થતાં **કેવળજ્ઞાનની દશા -પૂર્ણ સુખની** પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. તે વખતના ધ્યાનને '**શુક્લ ધ્યાન**' કહેવામાં આવે છે. તે સમયે આત્મા **બારમા ગુણસ્થાને** પહોંચ્યો એમ કહેવાય છે.

(૪) આત્માનુભૂતિ જ '**આત્મધ્યાન**' છે, '**આત્મજ્ઞાન**' છે. આત્માનુભૂતિ એ જ **જૈન શાસન** છે. તે પહેલાં '**આર્તધ્યાન**' અને '**રૌદ્ર ધ્યાન**' હોય છે. તે વખતે ઉપયોગ બહારના પદાર્થોમાં લીન છે તે દુઃખની અવસ્થા છે. **કર્મની** અપેક્ષાએ તેને **આસ્રવ** અને બંધ કહેવાય છે. જ્યારે ઉપયોગ પોતાના સ્વભાવમાં છે એટલે જ્ઞાનની **વર્તમાન પર્યાય પોતે પોતાને જ્ઞાયકને જાણવામાં લીન** છે તે **અનુભૂતિની** દશા છે. તે '**શુધ્ધભાવ**' વખતે જ સંવર, **નિર્જરા, મોક્ષની** પર્યાય પ્રગટ થાય છે. તેટલો સમય **સુખનું વેદન** છે. **આત્માનુભૂતિ** એ જ **સુખાનુભૂતિ** છે.

(૫) આવા સુખની (મોક્ષની) પ્રાપ્તિ સત્ય **પુરુષાર્થથી** જ થાય છે. **શરીરની ક્રિયાથી** કે **શુભોપયોગથી,** આત્માનું હિત થાય એમ નથી. આ **સત્યને** સમજવા આપણે ધીમે ધીમે **તત્ત્વજ્ઞાનપૂર્વક** પ્રયત્ન કરીશું. '**ભેદજ્ઞાન**' અને '**તત્ત્વનો નિર્ણય**' આ બે **વિષયો** પર વિશેષ ચિંતવન કરીશું.

## (૩) ચૈતન્ય ચમત્કાર

(૧) ભાઈ ! તારા ચૈતન્યમાં એક ગુપ્ત ચમત્કાર છે.

(૨) શેનો ? કે જ્ઞાનનો, તારી જ્ઞાન શક્તિમાં અચિંત્ય ચમત્કાર છે.

(૩) અહા ! સર્વજ્ઞ સ્વભાવના ચમત્કારની શી વાત ?

(૪) એ, પર સામે જુએ નહિ, છતાં પરને જાણે.

એ, રાગમાં અટકે નહિ, છતાં રાગને જાણે.

એ, નિમિત્તનું અવલંબન લે નહિ, છતાં નિમિત્તને જાણે.

(૫) આવા સર્વજ્ઞસ્વભાવને સ્વજ્ઞેયપણે ઉપાદેય કરતો ધર્મી જીવ રાગાદિ, વ્યવહાર આત્માને સ્વજ્ઞેયપણે જાણતો નથી, ને તેમાં તન્મય થતો નથી; નિર્મળ શક્તિ પણે પરિણમતા આત્માને જ સ્વજ્ઞેયપણે જાણી તેમાં તન્મય થાય છે.

(૬) સ્વસન્મુખ જ્ઞાનપુરુષાર્થ વડે મોક્ષ સધાય છે.

(૭) પૂર્ણતાનું કારણ પોતામાં જ છે, તેનું સાધન પણ પોતામાં છે.

(૮) દરેક આત્મામાં અનંતશક્તિ છે, ને એકેક શક્તિમાં અનંતી તાકાત છે. આવો આત્માનો વૈભવ છે.

(૯) ભાઈ ! આવા આત્મવૈભવને પ્રતીતમાં લેતાં, પરનો મહિમા ઊડી જાય છે એટલે

જ્ઞાન સ્વમાં ઠરે ને આત્મા સ્વસમયરૂપ પરિણમે, રાગથી છૂટીને અનંત શક્તિનું નિર્મળ પરિણમન થવા માંડે એનું નામ ધર્મ.

(૧૦) આ, આત્મા એક સમયમાં, પરિપૂર્ણ અનંત શક્તિનો પિંડ-આમ સ્વમાં લક્ષ અને એકાગ્રતા આવતાં, જ્ઞાનનું, શ્રધ્ધાનું, વીતરાગતાનું, સુખનું એમ અનંતગુણોનું નિર્મળ પરિણમન એકીસાથે ઊછળે છે. નિર્મળતા પ્રગટે છે. તે જ ધર્મ ને તે જ મોક્ષમાર્ગ તેને સાધ્ય આત્માની સિધ્ધિ થઈ.

સાર : સ્વશકિતથી આત્મા પોતે અભેદપણે પોતાની નિર્મળ પર્યાયમાં પરિણમી રહ્યો છે. આનું નામ જૈનદર્શન, આનું નામ વસ્તુ સ્વભાવની પ્રસિધ્ધિ ! જૈનદર્શન એટલે વસ્તુ સ્વભાવનું દર્શન !

## (૪) જૈન ધર્મ એક વીતરાગભાવ સ્વરૂપ છે.

(૧) જૈનધર્મ તો એક વીતરાગભાવ સ્વરૂપ છે, શુધ્ધ ચૈતન્યના પરિણમન સ્વરૂપ છે.

(૨) ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. તે નિશ્ચયના આશ્રયે પ્રગટ થાય છે.

(૩) અંદરમાં પોતાનું પરમ ચૈતન્ય નિધાન પડયું છે. જેમાં અનંત અનંત શકિતઓ પ્રત્યેક પરમ પારિણામિકભાવે સ્થિત છે એવો પરમ પદાર્થ પ્રભુ આત્મા છે. આવી મહાન વસ્તુ પોતે છે. તેનો આશ્રય કરવાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે.

(૪) જેટલો સ્વનો આશ્રય છે તે નિશ્ચય અને જેટલો પરનો આશ્રય છે તે વ્યવહાર. પર જેનો આશ્રય છે તે વ્યવહાર સઘળો છોડવા યોગ્ય છે. અસંખ્યાત લોકપ્રમાણ જેટલા વ્યવહારભાવ છે તે મિથ્યાભાવ છે. આ વ્યવહાર ભલો છે એવી માન્યતામાં જેટલા વિકલ્પ ઊઠે તેટલા મિથ્યાભાવ છે. પર આશ્રિત વ્યવહાર જ બધો છોડાવ્યો છે.

સ્વનો આશ્રય કરવો બસ એ જ એક સુખી થવાનો ધર્મનો પંથ છે.

(૫) 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'

(૬) 'સ્વ-આશ્રિત' માં સ્વનો અર્થ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ લેવો. ત્રિકાળી એક જ્ઞાયક ભાવ પ્રભુ આત્મા જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે એના આશ્રયે જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય છે.

(૭) આત્માશ્રિત અર્થાત્ સ્વઆશ્રિત નિશ્ચયનય છે. નિશ્ચયનય એટલે ત્રિકાળી ધ્રુવ સત્યાર્થ વસ્તુ. અથવા નિશ્ચયનય એટલે જ્ઞાનનો શુધ્ધ અંશ જેનો વિષય ત્રિકાળી ધ્રુવ સ્વ છે. એ ત્રિકાળી સ્વને (અભેદથી) શુધ્ધનય કહે છે.

(૮) ચિદાનંદ ઘન પ્રભુ આત્મા જ પોતાનું પરમસ્વરૂપ છે અને તેને જ અભેદથી શુધ્ધનય કહે છે. તે એકના જ આશ્રયે સમ્યગ્દર્શનાદિ ધર્મ થાય છે.

(૯) નિશ્ચયનય વડે શુધ્ધ નિશ્ચયના ઉગ્ર આશ્રય વડે વ્યવહારનો નિષેધ કરાયો છે.

(૧૦) જ્યાં પોતે સ્વના આશ્રયમાં જાય છે ત્યાં વ્યવહારનો નિષેધ સહજ થઈ જાય છે,

માટે વ્યવહાર નિષેધ કરવાલાયક છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' પરમાર્થનો પંથ, મોક્ષનો પંથ તો આ એક જ વીતરાગભાવ સ્વરૂપ છે.

## (૫) સમ્યગ્દર્શન - આત્માનુભૂતિ શું છે ?

(૧) ચિત્ એટલે ચૈતન્ય દ્રવ્ય. ચેતન - ગુણ, ચેતના પર્યાય.

(૨) ચૈતન્ય દ્રવ્ય, જીવ દ્રવ્ય ચૈતન્ય દ્રવ્યનો એટલે કે ભગવાન આત્માનો તો ચિન્મય જ ભાવ છે.

(૩) અહા ! જાણવું દેખવું બસ એ એક જ આત્માનો સ્વભાવ છે.

(૪) પુણ્ય પાપના ભાવ શુધ્ધ ચૈતન્યના ભાવ નથી, પણ ખરેખર તે પરના ભાવો છે.

(૫) અહાહા! ભગવાન આત્મા શુધ્ધ ચિન્મય એટલે ચેતનામય છે; ચેતનાવાળો છે એમે નહિ, ચેતનાવાળો કહીએ ત્યાં તો ભેદ થઈ જાય. આ તો અભેદ એકરૂપ શુધ્ધ ચિન્મય પ્રભુ આત્મા છે.

(૬) દરેક વસ્તુ સામાન્ય - વિશેષાત્મક છે, દ્રવ્ય - ગુણ - પર્યાયરૂપ છે. સમસ્ત જીવાદિ વસ્તુ સત્ત્વરૂપ છે, તે જ સત્ત્વ પર્યાયરૂપ છે. તેમ 'ચેતના અનાદિ નિ[illegible] સત્તાસ્વરૂપ વસ્તુમાત્ર નિર્વિકલ્પ છે, નિર્ભેદ છે, સર્વથા શુધ્ધ છે.'

(૭) અહા ! આવા અભેદ એકરૂપ શુધ્ધ ચિન્મય પ્રભુ આત્માની દ્રષ્ટિ કરી એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે.

(૮) આવા અનુભવમાં સ્થિરતા ધરવી તે ધર્મ નામ-મોક્ષમાર્ગ -મોક્ષનો ઉપાય છે.

(૯) ખરેખર તો ચેતનાની એક સમયની જાણનક્રિયારૂપ - જાણવા દેખવાની અનુભવરૂપ પર્યાય (નિર્મળ પર્યાય) દ્રવ્યથી કંથચિત્ (નિશ્ચયથી) ભિન્ન છે; અને આ જે રાગાદિ વિકલ્પ ઉઠે છે એ અશુધ્ધ પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. હવે જે સર્વથા ભિન્ન છે એનાથી અંદર નિશ્ચય સ્વરૂપમાં (જ્ઞાયકમાં) કેમ જવાય ? ભિન્ન છે એને તો ભિન્ન રાખીને જ અર્થાત્ એને છોડીને જ અંતરમાં જવાય

(૧૦) નોકર્મ - દ્રવ્યકર્મ - ભાવકર્મ સંબંધી પરિણામો તે જીવના નથી. છ કારકોના ભેદ, અપેક્ષિત ધર્મોના ભેદ, ગુણ - ગુણીના ભેદ, અભેદ આત્મામાં નથી અભેદ [illegible]ક શુધ્ધ અંતઃ તત્ત્વની દ્રષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે.

## (૬) મોક્ષાર્થીનું સ્વરૂપ

(૧) અહા ! મોક્ષ જે અનંતસુખમય, પૂરણસુખમય છે એવો નમૂનો જેના અનુભવમાં આવ્યો છે તે મોક્ષાર્થી છે, સમ્યગ્દ્રષ્ટિ જીવ.

(૨) સકળ કર્મનો ક્ષય થતાં થાય છે અતીન્દ્રિય સુખ, તેને ઉપાદેયરૂપ અનુભવે છે એવા છે જે કોઈ જીવ તેઓ મોક્ષાર્થી છે.

(૩) અહા ! પરમ આનંદરૂપ પ્રગટ દશા તે મોક્ષ છે, અને અતીન્દ્રિય આનંદનો અંશે જેને સ્વાદ આવ્યો છે અને જે પૂરણ આનંદનો અર્થી છે. તે મોક્ષાર્થી છે. મોક્ષાર્થી કહો કે ધર્મી કહો કે જ્ઞાની કહો બધું એકાર્થ છે.

(૪) નિયમસારમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનો આત્મલાભ તેને મોક્ષ કહ્યો છે, અનંત આનંદની દશા અથવા પૂર્ણ આનંદનો લાભ તેનું નામ મોક્ષ છે; અને મોક્ષનો જે અર્થી છે તે મોક્ષાર્થી છે. આવા મોક્ષનો અર્થી કોણ છે ?

(૫) પૂરણ આનંદસ્વરૂપ જે મોક્ષ તેના કારણરૂપ જે માર્ગ, જે અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપ છે તે માર્ગમાં જે સ્થિત છે તે મોક્ષમાર્ગી મોક્ષાર્થી છે.

(૬) મોક્ષ જેનું પ્રયોજન છે અને મોક્ષ માટે જે નિરંતર મથે છે તે સમ્યગ્દષ્ટિ ધર્માત્મા મોક્ષાર્થી છે.

(૭) અનંત દુઃખની દશા તે સંસાર છે, એનાથી વિપરીત અનંત - પૂરણ આનંદની દશા તે મોક્ષ છે. અને જેમાં કિંચિત્ આનંદની દશા અને કંઈક દુઃખની દશા છે એવી સાધક દશા તે મોક્ષાર્થી છે.

(૮) નિજ ભગવાન આત્મા જેમાં જ્ઞાન ને આનંદ પૂર્ણ સ્વભાવ પડયાં છે એની જેને દૃષ્ટિ થઈ છે; વસ્તુ પૂર્ણ શુધ્ધ પૂર્ણાનંદમય છે તેનું જેને જ્ઞાન થયું છે અને અંતરમાં રમણતારૂપ જેને આચરણ પ્રગટ થયું છે તે મોક્ષાર્થી છે.

:) જેના ચિત્તનું ચરિત્ર અર્થાત્ આચરણ ઉદાત્ત, (ઉદાર), ઉચ્ચ, ઉજ્જવળ છે. અહા ! ક્ષણે ક્ષણે એના આનંદની રમણતા વધતી જાય છે તે મોક્ષાર્થી છે.

(૧૦) વસ્તુ ભગવાન આત્મા શુધ્ધ ચેતના સ્વરૂપ છે, તેમાં અંતર - એકાગ્ર થઈ તેમાં રમવું, ચરવું, ઠરવું તે જ્ઞાનનું આચરણ છે. મોક્ષાર્થીને આવું આચરણ છે. જ્ઞાનનું ચારિત્ર એટલે વીતરાગી ચારિત્ર.

## (૭) અપરાધી અને નિરપરાધી

(૧) જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે, તેથી બંધમાં પડે છે.

(૨) પરદ્રવ્ય એટલે વ્રત, તપ, ભક્તિ, દયા, દાન આદિ પરભાવોને જે પોતાના માની ગ્રહણ કરે છે એ અપરાધી એટલે ગુન્હેગાર છે.

3) દેવ - ગુરુ - શાસ્ત્રની શ્રધ્ધાનો રાગ, શાસ્ત્ર ભણતરનો રાગ, પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહાર રત્નત્રયનો રાગ કે જેને ધર્મી પુરુષ પરદ્રવ્ય જાણે છે તેને પોતાનું માનવું તે અપરાધ - ગુન્હો છે, અને એવો અપરાધી જીવ બંધનમાં પડે છે.

(૪) ભાઈ ! જેટલા વ્યવહારના વિકલ્પો ઉત્પન્ન થાય છે તે બધા પરદ્રવ્ય છે. તેને ભલા અને સ્વદ્રવ્ય જાણે છે તે ગુન્હેગાર - ચોર - અપરાધી છે.

(૫) જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે એવો યતિ નિરપરાધી છે, તેથી બંધાતો નથી. જે સ્વદ્રવ્યમાં જ સંતુષ્ઠ થઈ રમે છે તે નિરપરાધી છે. જે પરદ્રવ્ય - પરભાવને વાંછતો નથી પણ નિત્યાનંદ - સહજાનંદ સ્વરૂપ સ્વદ્રવ્યમાં જ ગુપ્ત થઈ તૃપ્ત તૃપ્ત રહે છે તે નિરપરાધી છે.

(૬) કેટલાક કહે છે અત્યારે આ કાળમાં આ ક્ષેત્રમાં શુધ્ધ - ઉપયોગ નથી, માટે પુણ્ય એ જ ધર્મ છે. આટલું જ કરી શકાય એમ છે. અરે ! તું શું કહે છે ભાઈ?

(3)

શુધ્ધ ઉપયોગ નથી તેથી શું પુણ્ય ધર્મ થઈ જાય ? અહીં તો એને પરદ્રવ્ય કહે છે અને એને ગ્રહણ કરવું તે અપરાધ છે, બંધન છે. અરે ભાઈ ! પુણ્ય કરીને તો તું અનંતવાર નવમી ગ્રૈવયક ગયો, પણ ભવભ્રમણ મટ્યું નહિ. અહા ! પરદ્રવ્ય - પુણ્યને પોતાનું માને એ મહા અપરાધ છે અને એની સજા ચાર ગતિની જેલ છે.

(૭) કોઈક કહે આનાથી વ્યવહારનો લોપ થાય છે ? વ્યવહાર છે, આવે છે, તે હો ભલે; પણ તેથી શું ? એ કાંઈ ધર્મ કે ધર્મનું કારણ નથી. જ્ઞાની તો તેને પરદ્રવ્ય જાણે છે, વ્યવહારના વિકલ્પનો તેને આદર નથી. એનાથી લાભ છે વા એ પોતાની ચીજ છે એમ તે માનતા નથી. એવા સંત નિરપરાધી છે અને એમને બંધન નથી. સ્વભાવ દ્રષ્ટિવંતને બંધન નથી.

## (૮ અને ૯) અપરાધ એટલે શું ? તે કેમ ટળે ?

(૧) શુધ્ધ આત્માની સિધ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે.

જે આત્મા રાધ રહિત હોય છે તે આત્મા અપરાધ છે.

(૨) ભાઈ ! પર તરફના લક્ષવાળા ભાવો - ચાહે હિંસાદિ પાપના હો કે અહિંસાદિક પુણ્યના હો - તે સર્વે ભાવો અપરાધ છે. તે ભાવો બંધ - સાધક છે. તે ભાવોનું સેવન કરે તે બંધનું જ સેવન કરે છે, અને તેને સંસારની જ સિધ્ધિ થાય છે. ભાઈ રાગનું સેવન તે સંસારની જ સિધ્ધિ છે.

(૩) અનાદિથી જીવને પુણ્ય - પાપના ભાવ જે વિકાર છે તેની સિધ્ધિ છે. આ વિકાર છે તે હું છું એમ એને મિથ્યાત્વનું - અપરાધનું સેવન છે.

(૪) હવે તે જ આત્માને જ્યારે ગુલાંટ ખાઈને 'હું તો શુધ્ધ ચિદાનંદ પ્રભુ આત્મા છું અને બધા ય પરભાવો - પરદ્રવ્યથી ભિન્ન છું' એમ એમાં જ્ઞાન - શ્રધ્ધાન અને રમણતા થયાં ત્યારે તેને પર્યાયમાં શુધ્ધ આત્માની સિધ્ધિ થઈ. આવો સાધક ભાવ તે 'રાધ' છે, આત્માનું સેવન છે. ત્યારે વસ્તુ ત્રિકાળી શુધ્ધ આ છે એમ સિધ્ધ થયું ત્યારે સાધન થયું. આવી સાધન દશા પ્રગટ થઈ તે 'રાધ' છે. આ 'અપરાધ'ની સામે 'રાધ' છે.

(૫) નિર્મળાનંદનો નાથ ભગવાન આત્મા છે. તેનો આશ્રય કરવાથી જે અંદર સાધકભાવ પ્રગટ થયો, નિર્મળ રત્નત્રય પ્રગટ થયાં કે જેમાં ભગવાન આત્માની સિધ્ધિ થઈ તે સાધક ભાવ 'રાધ' છે, શુધ્ધ આત્માનું સેવન છે. આનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે.

(૬) વીતરાગ પરમેશ્વરની અકષાય કરુણાથી આવેલી આ વાણી સાંભળ તો ખરો પ્રભુ! વ્રત કરવાં ને તપ કરવાં એ બધી ક્રિયા તો રાગ છે, તે અપરાધ છે, ગુન્હો છે, ચોરી છે. અહા ! તે અપવિત્ર, અશુધ્ધ, બાધક ને વિરાધકભાવ છે.

(૭) એક ભગવાન આત્મા જ પરમ પવિત્ર અબંધ છે, એવા ચૈતન્યઘન પ્રભુને દ્રષ્ટિમાં સ્વીકાર કરવો અને તેમાં જ લીનતા કરવી તે આત્માની સિધ્ધિ છે. જેમાં આત્માની સિધ્ધિ - પ્રાપ્તિ થાય તે સાધકભાવ 'રાધ' છે. તે સાધકપણું ભગવાન આત્માની સેવા છે. સમસ્ત પરભાવોથી વિમુખ થઈ, આત્મસન્મુખ થાય છે,

આત્માનાં નિર્મળ જ્ઞાન - શ્રધ્ધાન અને અંતર - રમણતારૂપ ચારિત્ર પ્રગટ કરે છે તેને આત્માની સિધ્ધિ - પ્રાપ્તિ થાય છે.

(૮) ભગવાન ! તું ત્રણ લોકનો નાથ પ્રભુ અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી પૂરણ ભરેલો પરમેશ્વર છો. અને આ પર્યાયમાં જે શુભાશુભ વૃત્તિઓ ઉઠે છે તે અપરાધ છે, દુઃખ છે. માટે તે પરભાવોથી હઠી ઉપયોગને અંતર્મુખ કરી શુધ્ધ આત્માનું - પોતાના પરમેશ્વરનું જ્ઞાન કર અને દૃષ્ટિને તેમાં જ સ્થિર કરી અંતર - રમણતા કર. અહા! શુધ્ધ સ્વરૂપનાં જ્ઞાન-શ્રધ્ધાન ને રમણતા-આચરણ એ જ આત્માની સિધ્ધિ છે અને એ જ સાધકપણું છે, એ જ 'રાધ' નામ આત્માની સેવા છે.

(૯) સમયસાર ગાથા ૧૭-૧૮ ની ટીકામાં આવે છે કે આબાલ ગોપાળ સર્વેને તેમની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આત્મા જાણવામાં આવી રહ્યો છે. તારી જ્ઞાનની પર્યાયમાં (દશામાં) સ્વજ્ઞેય એવો ભગવાન આત્મા જણાઈ રહ્યો છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે ને ? તેથી અજ્ઞાનીને પણ એની જ્ઞાનની પર્યાયમાં આત્મા તો જણાઈ રહ્યો છે. પણ શું થાય ? એની દૃષ્ટિ એના ઉપર નથી. એની દૃષ્ટિ બહાર-પરદ્રવ્યો - રાગ ને નિમિત્તાદિ પર છે. અહા ! એની બહિરાત્મ દૃષ્ટિ છે અને તેથી તેને પરનું રાગાદિનું અસ્તિત્વ ભાસે છે. પણ જ્યારે એ જ ગુલાંટ મારીને અંદરમાં પૂર્ણાનંદના અસ્તિત્વને દેખે છે, ત્યારે હું આવો શુધ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્મા છું - એમ એને આત્માની સિધ્ધિ - પ્રાપ્તિ થાય છે. એ જ સાધકભાવ છે અને એ જ 'રાધ' છે. રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.

(૧૦) અહા ! આત્મા તો શુધ્ધ ચૈતન્યમય પ્રભુ છે, પરંતુ જે આત્મા પોતાના શુધ્ધ ચૈતન્યની સન્મુખતાનો અનાદર કરનાર એવા પુણ્ય-પાપ આદિ રાગભાવમાં વર્તે છે તે સાપરાધ છે, ગુન્હેગાર છે. પ્રત્યેક આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન સ્વરૂપે અંદર સદા બિરાજી રહ્યો છે પણ પોતાના શુધ્ધ અસ્તિત્વનો જેને સ્વીકાર નથી એ વ્યવહાર ભાવોમાં એકરૂપ થઈ વર્તે છે એવો જીવ સાપરાધ છે. પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુધ્ધ આત્માની સિધ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુધ્ધ હોવાથી, અનારાધક જ છે.

## (૧૦) આરાધનાનો બોધ

(૧) ભાઈ ! આ કોઈપણ રીતે ખૂબ શાંતિ ને ધીરજ કેળવીને સમજવું હોં ! આવો યોગ મળવો મહા દુર્લભ છે. અરે ! નિગોદમાંથી નીકળી ત્રસ અવસ્થાને પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. એમાં ય પંચેન્દ્રિય મનુષ્યપણાને પ્રાપ્ત થવું - એની દુર્લભતાની શી વાત ! અને જૈન દર્શન અને વીતરાગ વાણીનો યોગ તો મહા મહા દુર્લભ છે. ભાઈ તને આવો યોગ મળ્યો છે, માટે તત્ત્વની સમજણ કરી ભવનો અભાવ કર. ભવરહિત અંદર ભગવાન આત્મા તું પોતે છો તેનાં જ્ઞાન-શ્રધ્ધાન અને આરાધના પ્રગટ કર. રાગની આરાધનાથી તને શું પ્રયોજન છે ?

(૨) અહા ! જેઓ રાગની સેવામાં પડયા છે ને દયા, દાન, વ્રત, આદિ વ્યવહારના ભાવોથી, તે વ્યવહાર કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ માને છે તેઓ મિથ્યાત્વને જ સેવી રહ્યા છે. એવા જીવો અપરાધી અને અનારાધક છે. ભાઈ !

આત્માનાં નિર્મળ - જ્ઞાન - શ્રધ્ધાન ને આચરણ સિવાય જેટલો પણ બહારનો ક્રિયાકાંડ છે તે સર્વ આત્માનો અનારાધક ભાવ છે.

(૩) અહા ! ધર્મી જીવને તો અંતરંગમાં આ નિશ્ચય થયો છે કે, 'ઉપયોગ લક્ષણ એક શુધ્ધ આત્મા જ હું છું', રાગાદિ વ્યવહાર તે હું નહિ. રાગાદિ તો પરદ્રવ્ય - બંધનું લક્ષણ છે. ભાઈ ! માર્ગ તો આ એક જ છે.

(૪) શુભરાગ - શુભઉપયોગ પણ પરદ્રવ્ય છે અને તેને ગ્રહણ કરવો - સેવવો તે અપરાધ છે, મિથ્યાત્વભાવ છે. અહા ! આઠ વર્ષની કુમારિકા પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે ચોથે ગુણસ્થાને તે એમ માને છે કે હું તો જાણન દેખન - સ્વભાવી સદા ઉપયોગ સ્વરૂપી આત્મા છું અને આ પુણ્ય - પાપના ભાવો મારાથી ભિન્ન છે. આમ વાત છે.

(૫) અહા ! દષ્ટિના વિષયમાં જેને પોતાનો પૂરણ પરમેશ્વર પ્રભુ આત્મા વર્તે છે. તે જીવ આરાધક છે. તેને જ આત્માનું સેવન કરનાર સાધક કહેવામાં આવે છે. શુધ્ધ ઉપયોગમય જ હું છું - એમ જેને અંતરંગમાં દઢ શ્રધ્ધાન થયું છે તે સદાય આરાધક છે. ધર્મીને તો નિરંતર એક શુધ્ધ આત્મદ્રવ્યનો જ આશ્રય હોય છે. ' એક ઉપયોગમય શુધ્ધ આત્મા જ છું' એવી શુધ્ધ આત્માની દષ્ટિપૂર્વક આરાધક થયો છે તે જ્યાં જશે ત્યાં આત્મામાં જ રહેશે. જેને નિર્મળ રત્નત્રય પ્રગટ થયાં છે તે ધર્મી જીવ એકભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક છે.

# ૭. સ્વ પર પ્રકાશક સ્વભાવ

૧. વ્યાખ્યા:

૧. આત્માનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ પોતાનો પોતાથી જ છે, પરને લીધે નથી, આ એક શક્તિ છે.

૨. પર જ્ઞેયને જાણનારું જ્ઞાનનું પરિણમન પોતાનું પોતાથી જ થયું, પર જ્ઞેયના કારણે થયું નથી. જ્ઞાનની વર્તમાન પર્યાયની તે સમયની યોગ્યતા પ્રમાણે જ્ઞાનની પર્યાયનો આકાર થાય છે જેને જ્ઞાનાકાર કહેવામાં આવે છે.

૩. પર જ્ઞેયને જાણવા કાળે ખરેખર પર જ્ઞેય જણાય છે એમ નથી અને એનાથી જ્ઞાન થાય એમ પણ નથી. પણ ખરેખર તત્સંબંધી પોતાનું સ્વ-પર પ્રકાશક જ્ઞાન જ જણાય છે.

૪. પર જ્ઞેયને જાણનારું જ્ઞાન પર જ્ઞેયમાં તદ્રુપ નથી પણ પોતામાં જ તદ્રુપ રહીને, પર જ્ઞેયને ભિન્ન રાખીને જાણે છે માટે અસદ્‌ભૂત વ્યવહારનયથી જાણે છે એમ કહ્યું છે, ત્યાં જાણપણાનો અભાવ છે એમ અર્થ નથી. પરજ્ઞેય જણાઈ જાય છે.

૫. સર્વજ્ઞપણાની સ્વ-પર પ્રકાશકપણાની શક્તિ સ્વની સ્વતઃ છે, પરને લઈને છે એમ નથી. વર્તમાન જ્ઞાનની પર્યાય પરદ્રવ્યથી અને રાગથી ભિન્ન થઈ. સ્વદ્રવ્યનું લક્ષ અને એકાગ્રતા કરતાં પુરુષાર્થ વડે એ શક્તિ પર્યાયમાં પ્રગટ થાય છે. તે સ્વાનુભૂતિની દશા છે. એ શક્તિ પૂર્ણ પ્રગટ થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

૬. જ્ઞાન જાણનાર-જાણનાર-જાણનાર જ છે. પરને જાણાર એમ નહિ, પણ જાણનારે જાણનારો બે જ્ઞાયક છે.
‘હું એકમાત્ર જ્ઞાયકભાવ છું.’

૭. વર્તમાન જ્ઞાનની નિર્મળ પર્યાયમાં જે જ્ઞાયકનું જ્ઞાન થાય છે, તે જ્ઞાનનું નામ ‘જ્ઞાયક’ છે.

૨. હવે જુદી જુદી ભૂમિકામાં સ્વપર પ્રકાશક સ્વભાવ:

૧. સર્વજ્ઞનું સ્વ-પર પ્રકાશક - (અરિહંત અને સિદ્ધ) (પરમાત્મા)
તેમનો ઉપયોગ સ્વમાં જામી ગયો છે-નિર્વિકલ્પ દશા છે.
- ૧. પોતાની જ્ઞાનની પર્યાય પોતાને જાણે છે તે સ્વ.
- ૨. જ્ઞાનની પર્યાય બીજા ગુણોની પર્યાયે જાણે છે તે પર
- ૩. એ કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક સહજ જણાઈ જાય છે પણ ઉપયોગ તો સ્વમાં જ તન્મય તદ્રુપ છે તેથી વ્યવહારથી લોકાલોકને જાણે છે એમ કહેવાય છે. પરંતુ એ જાણવાનું સાચું છે.

૨. જ્ઞાનીનું સ્વ-પર પ્રકાશક - (૪ થી ૧૨ ગુસ્થાન સુધી) (અંતરઆત્મા)
જ્યારે તેમનો ઉપયોગ સ્વમાં છે, એ અનુભૂતિ દશામાં
- ૧. પોતાની જ્ઞાનની પર્યાય પોતાને જાણે છે તે સ્વ.
- ૨. જ્ઞાનની પર્યાય બીજા ગુણોને જાણે છે તે પર.

હવે જ્યારે ઉપયોગ બહાર છે ત્યારે
- ૧. જે જ્ઞાન ચેતના પ્રગટ થઈ ગઈ છે એને જાણે છે તે સ્વ.
- ૨. હવે જે રાગાદિનું જ્ઞાન થાય છે તે પર.

રાગને પરજ્ઞેયરૂપે ભિન્નપણે જાણે છે. તે રાગનું કર્તાપણું તેમજ સ્વામીપણું નથી.

૩. અનાદિના અજ્ઞાની મિથ્યાદષ્ટિની દશા-(બહિરાત્મા)

૧. સ્વ તો જણાયું જ નથી. ઉપયોગ પલટીને ક્યારે સ્વમાં આવ્યો જ નથી.

૨. તે છતાં અંદર જ્ઞાનની પર્યાય સ્વતઃ પોતાની પોતાથી થઈ પોતાને જ જાણે છે.

૩. પરંતુ અજ્ઞાની એમ જાણતો-માનતો નથી-પરમાં અને રાગમાં એકતાબુદ્ધિ કરી તેને જાણે છે. એમ માને છે. એ રાગમાં એકતાબુદ્ધિની માન્યતા એ જ મિથ્યાત્વ છે.

૪. હવે જો એ વિધિ-નિષેધની કળા આવડી જાય અને પરને જાણતો નથી એમ ભેદજ્ઞાન કરી-જાણનારોજ જણાય છે. એમ નિર્ણય કરે. અથવા હું જ્ઞાયક છું એમ નિર્ણય કરે તો જ્ઞાન-શ્રદ્ધા નિર્મળ થવાના સંસ્કાર બનતા જાય છે. અને એ જ્ઞાનની પર્યાય શુદ્ધ થતા તેમાં સ્વ જણાઈ જશે.

૩. સ્વભાવ

૧. નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ.

૨. સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ.

૩. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર, નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ.

૪. નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ.

૫. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે, તેમ તેની સમય સમયની પર્યાય પણ સ્વતંત્ર સ્વતંત્ર પોતાના ષટ્કારકોથી પોતાના કારણે જ થાય છે, પોતાના દ્રવ્ય-ગુણની પણ તેને અપેક્ષા નથી.

૬. દરેક દ્રવ્યની પ્રત્યેક પર્યાયનો જન્મક્ષણ નક્કી છે. એટલે બધી પર્યાયો ક્રમનિયમિત જ છે. એટલે કે જે પર્યાય જે સમયે થવાની એ નિશ્ચિંત જ છે અને તેજ પ્રમાણે થાય છે.

૭. હવે તે સમયે પાંચે સમવાય જેમ કે ૧-સ્વભાવ, ૨-નિયતિ, ૩-કાળલબ્ધિ, ૪-નિમિત્ત, ૫-પુરુષાર્થ સાથે જ હોય છે.

૮. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ પર્યાય આ વસ્તુ વિજ્ઞાન સારના વિષયો ખરેખર ગંભીરતાથી સમજવા જેવા છે.

૯. વસ્તુની નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ તે નિશ્ચય અને તે કાળે જે રાગની મંદતા છે તે વ્યવહાર-નિશ્ચય-વ્યવહાર બંને એક જ કાળમાં સાથે જ હોય છે.

૧૦. કાર્ય કાળે ઉપાદાનની પર્યાય પોતાની યોગ્યતાથી સ્વતંત્ર થાય છે. નિમિત્તી ઉપસ્થિતિનો કાળ હોવા છતાં નિમિત્તથી થઈ નથી.

૪. જ્ઞાયકસ્વભાવો નિર્ણય કરવા જતાં પાંચ સમવાય કેવી રીતે આવે છે?

૧. સ્વભાવ-જ્ઞાયકભાવ પ્રતિ સન્મુખતા થઈ તે સ્વભાવ આવ્યો.

૨. ભવિતવ્ય અથવા નિયતિ-જે ભાવ થવા યોગ્ય હતો તે જ થયો - એમ ભવિતવ્ય આવ્યું.

૩. કાળલબ્ધિ-સ્વભાવ સન્મુખતાની નિયતિનો પર્યાય કાળ છે-તે પર્યાયનો જન્મક્ષણ છે તે કાળલબ્ધિ આવી.

૪. નિમિત્ત-તે સમયે બે રીતે નિમિત્ત છે. અભાવરૂપ અને સદ્દભાવરૂપ
   1. તે સમયે કર્મનો જે અભાવ થયો તે અભાવરૂપ નિમિત્ત છે.
   2. પૂર્વા સંસ્કાર જાગૃત થયા અથવા જ્ઞાની ગુરુ઼ો ઉપદેશ એ સદ્દભાવરૂપ નિમિત્ત છે.

૫. પુરુષાર્થ-જ્ઞાયક સ્વભાવનો લક્ષ (નિર્ણય) અને એકાગ્રતા ઠરી તે પુરુષાર્થ છે. સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર સર્વજ્ઞ સ્વભાવની સન્મુખ થઈને જ થાય છે અને એજ પુરુષાર્થ છે. પોતાને જાણ-દેખે અને પોતામાં આચરે એ જ સાચો પુરુષાર્થ છે. આ તો વસ્તુસ્વરૂપ છે. એમ સર્વજ્ઞની વાણીમાં આવ્યું છે અને એવો જ્ઞાની વીતરાગી ગુરુનો ઉપદેશ છે. આગમમાં પણ એ જ પ્રમાણે આવ્યું છે.

## ૫. સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનની વાત

1. અનાદિ સંસારથી જ્ઞાયક જ્ઞાયકભાવપણે જ રહ્યો છે. અનેક જ્ઞેયને જાણવાપણે પરિણમ્યો હોવા છતાં સહજ અનંત શક્તિવાળા જ્ઞાયક સ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી.
2. અજ્ઞાની જીવોને મોહને લઈને તે અન્યથા અધ્યવસિત થાય છે.
3. અહાહા! ભગવાન આત્મા તો સદાય નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ગોળો ભગવાન આત્મા છે. ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ અનાદિ અનંત જ્ઞાયકભાવ જ્ઞાયકભાવ રૂપે જ છે. પરજ્ઞેયને જાણવા છતાં શુદ્ધ તત્ત્વ પરજ્ઞેયપણે થયું નથી, છે નહિ અને થશે નહિ. જ્ઞાયકભાવ જડ કે રાગરૂપે ક્યારે થયું નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.
4. આત્મા અબદ્ધ-અસ્પૃષ્ટ છે. અહા! રાગથી એ બંધાયેલો નથી તો પછી કર્મથી એ બંધાયેલો છે એ વાત ક્યાં રહી? સુકાયેલા નાળિયેરમાં જેમ ગોળો છૂટો હોય છે તેમ ભગવાન આત્મા રાગ અને કર્મથી છુટ્ટું તત્ત્વ છે.
5. મુક્ત સ્વરૂપ જ્ઞાયકને મુક્તસ્વરૂપે-અબદ્ધસ્વરૂપે દેખવો એ જૈન શાસન છે. (જ્ઞાનની પર્યાયમાં જૈન શાસન પામેલો છે)

આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.

## ૬. વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે જાણે તે આત્મા

1. આ આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનની પર્યાયો મતિ-શ્રુત-અવધિ-મન:પર્યય-કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારની છે.
2. કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય, પોતાની અનંત ગુણોની પર્યાય અને પોતાની પર્યાય જે સમયે સમયે વ્યવસ્થિત છે, તે થવાનો છો અને અનંત કાળ થાય છે તેને...
3. એટલે કે કેવળજ્ઞાનનો પર્યાય, પોતાના ગુણોની પર્યાય અને જ્ઞાનની પર્યાયનું વ્યવસ્થિતપણું અને બીજા દ્રવ્યોની જે સમય સમયની પર્યાય છે તેને બરાબર વ્યવસ્થિતપણે જાણે છે.
4. મતિજ્ઞાન પણ તે જ રીતે વ્યવસ્થિત જાણે અલ્પ-ઓછું જાણે એ અત્યારે પ્રશ્ન નથી. શ્રુતજ્ઞાન પણ એ જ રીતે જાણે.

૫. જ્ઞાનનો વ્યવસ્થિત જાણવાનો ને સામે વ્યવસ્થિત પર્યાય વ્યવહારે છે તેનું જ્ઞાન કરવાનો તેનો સ્વભાવ છે.

૬. ક્રમબદ્ધ પર્યાયના યથાર્થ નિર્ણયમાં ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહારનું પણ યથાર્થ જ્ઞાન આવી જાય છે.

૭. <u>ક્રમબદ્ધ પર્યાય અને પુરુષાર્થ</u>

૧. જે સમયે જે પર્યાય થવાની હોય તે તે પર્યાયની જન્મક્ષણ છે. ભાઈ! આનો સ્વીકાર કરવામાં અનંત પુરુષાર્થ રહેલો છે, કેમ કે પ્રત્યેક પર્યાય પોતાની જન્મક્ષણે થાય છે એવો નિર્ણય દ્રવ્યસ્વભાવના (જ્ઞાયકભાવના) આશ્રયે થાય છે.

૨. એક-એક પર્યાય નિયત છે એમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે. કેમ કે દ્રવ્યના આશ્રયે એ નિર્ણય થતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. તે સમયે વીતરાગતા થવાનો કાળ છે ને થાય છે. કોઈ વ્યવહારને લઈને કે પૂર્વની પર્યાયને લઈને થાય છે એમ નથી. ભાઈ આ તો ભેદજ્ઞાન કરવાની અંતરની જુદી વાત છે.

૩. સર્વજ્ઞે દીઠું એમ જ ક્રમબદ્ધ એટલે જે કાળે જે પર્યાય થવાની તે તે કાળે જ થાય, આઘી-પાછી નહિ-એવો નિર્ણય જેણે કર્યો તેણે પોતાના જ્ઞાયક સ્વભાવ તરફ જઈને કર્યો છે, કેમ કે જ્ઞાયક સ્વભાવમાં સર્વજ્ઞતા છે. જ્ઞાયક સ્વભાવની પ્રતીતિ પર્યાયના આશ્રયે ન થાય. જ્ઞાયક સ્વભાવની પ્રતીતિમાં સર્વજ્ઞની પ્રતીતિ આવે છે અને તેના જ્ઞાનમાં સર્વજ્ઞ સ્વભાવનું જ્ઞાન આવે છે.અહો! જેને આવા સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થઈ, અનુભવ થયો તેને ક્રમબદ્ધનું યથાર્થ જ્ઞાન થયું છે. સર્વજ્ઞ ભગવાન જગતમાં છે અને એણે જે જોયું તે જેમ છે તેમ જ છે અને તે પ્રમાણે જ થાય. એમાં જે શંકા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. છે તો એમ જ, પણ એનો નિર્ણય કોને થાય? આત્માના જ્ઞાન સ્વભાવનો જ્ઞાયક સ્વભાવો જેને અંતદૃષ્ટિ વડે નિશ્ચય થાય છે તેને જ ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય થાય છે.

૪. હવે જ્ઞાયક સ્વભાવનો નિર્ણય કરતાં તેમાં પાંચ સમવાય એક સાથે આવી જાય છે તેમાં એક <u>પુરુષાર્થ</u> પણ છે.

૮. એક ભ્રમ અને તેનો ખુલાસો :

૧. હવે સર્વજ્ઞના માર્ગમાં આવીને અને ક્રબદ્ધ પર્યાય એ સર્વજ્ઞ સ્વભાવની વાત સાંભળી પણ <u>કેટલાક લોકો</u> કહે છે કે, 'સર્વજ્ઞ પુરુષાર્થ કરવાનું કહે નહિ અર્થાત્ તું પુરુષાર્થ કર' એવી આજ્ઞા સર્વજ્ઞ આપે નહિ. કારણ કે સર્વજ્ઞ જાણે છે કે-આ સમયે એને પુરુષાર્થ થશે. પુરુષાર્થ કરી શકાય નહિ, પુરુષાર્થના કાળે પુરુષાર્થ થશે-આપણે નવો કરી શકીએ નહિ.

૨. આવા પ્રકારની માન્યતાવાળો જ્ઞાનીઓ કહે છે-ભાઈ! સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર, સર્વજ્ઞ સ્વભાવની સન્મુખ થઈને જ થાય છે અને એજ પુરુષાર્થ છે.

૩. વીતરાગની વાત નીકળે એ આત્માના સ્વભાવના પુરુષાર્થનો આદેશ કરનારી હોય. તું સ્વભાવ સન્મુખતાનો પુરુષાર્થ કર એવી જ વાણી આવે કેમ કે ભગવાને પણ સ્વભાવના પુરુષાર્થ વડે જ વીતરાગતા પ્રગટ કરી છે અને સ્વભાવના પુરુષાર્થ સિવાય જીવે બીજું કરવા યોગ્ય પણ શું છે?

૪. અહા! જ્ઞાનસ્વભાવી આત્મા કરે શું? બસ જાણે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે, ત્યાં પણ પોતાના સ્વ-પર પ્રકાશકપણાનું પોતાના સ્વભાવનું સામર્થ્ય છે તે વડે

જાણે છે. પર વસ્તુ છે માટે પરને જાણે છે એમ છે નહિ. પોતાને જાણે દેખે અને પોતાને પોતામાં આચરે એ જ સાચો પુરુષાર્થ છે.

૫. સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનમાં ત્રણ લોક ત્રણ કાળને પ્રત્યક્ષ જાણે છે અને સર્વજ્ઞનો નિર્ણય કરનારું વર્તમાન મતિ-શ્રુતજ્ઞાન ત્રણ લોક ત્રણ કાળને પરોક્ષપણે જાણે. બસ જાણે જ! બીજાનું કાંઈ કરે કે બીજામાં ફેરફાર કરે એવું કાંઈ છે નહિ. વસ્તુસ્વરૂપ જ આવું છે. જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્યપુરુષાર્થ! આ જ ઉપદેશ છે.

૯. પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં પુરુષાર્થવાળાને નિર્મળ પર્યાય થાય છે.

૧. આમાં આત્માના જ્ઞાયક સ્વભાવના પુરુષાર્થની વાત છે.

૨. 'ક્રમ બદ્ધ પર્યાય' ને એવો અર્થ નથી કે જીવ ગમે તેવા કુધર્મને માનતો હોય છતાં તેને સમ્યગ્દર્શન થઈ જાય!

૩. અથવા ગમે તેવા વિષયકષાયોમાં વર્તતો હોય કે એકન્દ્રિયાદિ પર્યાયમાં વર્તતો હોવા છતાં તેને પણ ક્રમબદ્ધપણે તે પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ થઈ જાય - એમ કદી બનતું નથી.

૪. જે કુધર્મને માને છે, તીવ્ર-કષાયમાં વર્તે છે કે એકન્દ્રિયાદિમાં પડ્યા છે તેને ક્યાં પોતાના પુરુષાર્થની કે ક્રમબદ્ધ પર્યાયની ખબર છે?

૫. પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં શુદ્ધભાવના પુરુષાર્થ વિના શુદ્ધ પર્યાય કદી પ્રગટ થતી નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતનો અપૂર્વ પુરુષાર્થ કરે તેને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય ક્રમબદ્ધ થાય છે અને જે તેવો પુરુષાર્થ નથી કરતો તેને ક્રમબદ્ધ મલિન પર્યાય થાય છે.

૬. પુરુષાર્થ વગર જ અમને સમ્યગ્દર્શનાદિ નિર્મળ દશા થઈ જશે એમ કોઈ માને તો તે ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો જ નથી.

૭. જે જીવ કુદેવે માને છે, કુગુરુ ને માને છે, કુધર્મને માને છે, સ્વચ્છંદપણે તીવ્ર કષાયોમાં વર્તે છે-એવા જીવને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા જ થઈ નથી.

૮. ભાઈ! તારા જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વગર તે ક્રમબદ્ધપર્યાયે ક્યાંથી જાણી? જ્યાં સુધી કુદેવ-કુધર્મ વગેરેને માને ત્યાં સુધી તેની ક્રમબદ્ધ પર્યાયમાં સમ્યગ્દર્શનની લાયકાત થઈ જાય એમ બને નહિ.

૯. સમ્યગ્દર્શનની લાયકાતવાળા જીવને તેની સાથે જ્ઞાનનો વિકાસ, સ્વભાવનો પુરુષાર્થ વગેરે પણ યોગ્ય જ હોય છે.

૧૦. એકન્દ્રિયપણું વગેરે તે પર્યાયમાં તે પ્રકારના જ્ઞાન, પુરુષાર્થ વગેરે હોતા નથી, એવો જ તે જીવો પર્યાયનો ક્રમ છે.

૧૧. અહીં તો એ વાત છે કે પુરુષાર્થ વડે જેણે તે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેને સમ્યગ્દર્શન થયું એટલે પરનો તેમજ રાગાદિનો તે અકર્તા થયો અને તેણે જ ક્રમબદ્ધ પર્યાયને ખરેખર જાણી છે.

૧૨. હજી તો કુદેવ અને સુદેવનો નિર્ણય કરવાની પણ જેના જ્ઞાનમાં તાકાત નથી તે જીવમાં જ્ઞાયકસ્વભાવનો ને અનંતગુણોની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવાની તાકાત તો ક્યાંથી હોય? તે યથાર્થ નિર્ણય વગર ક્રમબદ્ધમાં શુદ્ધતા થાય-એમ બનતું નથી.

૧૦. જ્ઞાયકસ્વભાવ સમજે તો ક્રમબદ્ધપર્યાય સમજાય-

૧. આમાં જ્ઞાયકસ્વભાવ તરફથી લેવાનું છે. જ્ઞાયક તરફથી લે તો જ આ ક્રમબદ્ધ પર્યાયની વાત યથાર્થ સમજાય તેવી છે.

૨. જે જીવ પાત્ર થઈને પોતાના આત્માને માટે સમજવા માંગતો હોય તેને આ વાત યથાર્થ સમજાય એવી છે.

૩. બીજા ઢીઠાઈવાળા જીવો તો આ સમજ્યા વિના ઉંધુ લે છે ને જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધ પર્યાયના નામે પોતાના સ્વચ્છંદને પોષે છે.

૪. જેને જ્ઞાનની શ્રદ્ધા નથી, કેવળીની પ્રતીત નથી, અંતરમાં વૈરાગ્ય નથી, કષાયની મંદતા પણ નથી, સ્વચ્છંદતા છૂટી નથી ને ક્રમબદ્ધ પર્યાયનું નામ લે છે એવા ધીઠ-સ્વછંદી જીવની અહીં વાત નથી.

૫. આ ક્રમબદ્ધપર્યાય સમજે તેને સ્વછંદ રહે જ નહી, તે તો જ્ઞાયક થઈ જાય.

૬. ભગવાન! ક્રમબદ્ધપર્યાય સમજાવીને અમે તો તને તારા જ્ઞાયક આત્માનો નિર્ણય કરાવવા માંગીએ છીએ અને આત્મા પરનો અકર્તા છે એ બતાવવા માંગીએ છીએ. જો તારા જ્ઞાયક સ્વભાવનો નિર્ણય ન કર તો તું ક્રમબદ્ધ પર્યાય ને સમજ્યો નથી.

૭. જીવ અને અજીવ બધા પદાર્થોની ત્રણ કાળની પર્યાયો ક્રમબદ્ધ છે. તે બધાને જાણ્યું કોણે ?-સર્વજ્ઞદેવે 'સર્વજ્ઞદેવે આમ જાણ્યું' એમ સર્વજ્ઞતાનો નિર્ણય કોણે કર્યો ? પોતાની જ્ઞાન પર્યાયે.

૮. વર્તમાન જ્ઞાનપર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તેણે સર્વજ્ઞતાનો નિર્ણય કોની સામે જોઈને કર્યો ? જ્ઞાનસ્વભાવની સામે જોઈ તે નિર્ણય કર્યો છે.

આ રીતે જે જીવ પોતાના જ્ઞાયક સ્વભાવનો પુરુષાર્થ કરે છે તેને જ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે અને તે જીવ પરનો ને રાગનો અકર્તા થઈ જ્ઞાયકભાવનો જ કર્તા થાય છે. આવા જીવને જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પુરુષાર્થ, સ્વકાળ, નિમિત્ત, વગેરે પાંચ સમવાય એક સાથે આવી જાય છે.

# પૂ. ગુરુદેવશ્રીએ સમજાવેલ મહાસિદ્ધાંત

## જ્ઞેયાકાર અવસ્થા હો કે સ્વરૂપપ્રકાશન અવસ્થા હો જ્ઞાન તો સદાય પોતાના જ્ઞાયકસ્વભાવમાં જ રમે છે- જ્ઞાયકસ્વભાવની જ પ્રસિદ્ધિ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના જીવનકાળ દરમ્યાન હજારોવાર મુમુક્ષસમાજ સમક્ષ-ચાહે તે સોનગઢ હો, રાજકોટ હો, મુંબઈ-મદ્રાસ-અમદાવાદ હો કે કલકત્તા-બાહરિગી હો, હજારોની સંખ્યાની મુમુક્ષસભામાં અત્યંત ઉલ્લાસથી ગાથા 17-18 ના વિષયને વિસ્તૃત ચર્ચા વડે સમજાવતાં કે- "અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી."

(અનુભૂતિ સ્વરૂપ) જેનો સ્વભાવ જ જણાતાં રહેવાનો છે તે (ભગવાન આત્મા) જે હું તે પરમાત્મા અને પરમાત્મા તે હું એવો (આબાળ-ગોપાળ) બાળકથી માંડીને વૃદ્ધ અથવા તો અજ્ઞાનીથી માંડીને સિદ્ધ પર્યંત (સૌને) સર્વે જ્ઞાની-અજ્ઞાની જીવોને (સદાકાળ) સમય સમયની જાણવાની પર્યાય (પોતે જ) જેનો સ્વભાવ સમયે સમયે જાણનારી પર્યાયમાં જણાયા જ કરવાનો છે, તે પોતે (અનુભવમાં આવતો હોવા છતાં) જાણવાની પર્યાયમાં જણાઈ રહ્યો હોવા છતાં— (અનાદિના અધ્યવસાનના કારણે (પર સાથેના એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને) જાણવાની પર્યાયમા નિમિત્ત થતાં પરદ્રવ્યોમાં પોતાપણાની ભ્રમજનિત માન્યતાથી જે અજ્ઞાની થયો છે તેને ('આ અનુભૂતિ છે તે જ હું છું') સમય સમયની પ્રગટ જ્ઞાનપર્યાયમાં જે જણાઈ રહ્યો છે તે જ હું છું (એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી) જાણવાની પર્યાયમાં હું જણાઈ જ રહ્યો છું એવું જાણપણું થવું તે આત્મજ્ઞાન, તે અજ્ઞાનીને પ્રગટ થતું નથી.

ચૈતન્યનો ચમત્કાર ! અજબ-ગજબના તમાશા ! જાણવું...જાણવું...ને જાણવું..એ જેનો સ્વભાવ એવા જ્ઞાન સાથે તન્મય રહેલો જ્ઞાયક...હર સમય જણાયા જ કરે ને ! ગળપણ...ગળપણ જેનો સ્વભાવ અને તેની સાથે તન્મય એવી સાકર...જો ગળપણના સ્વાદમાં સાકર ન અનુભવાય તો તે ગળપણ જ નહી ! જો જ્ઞાનમાં જ્ઞાયક ન જણાય તો તે જ્ઞાન જ ન હોય- જડપણું હોય ! આવું હોવા છતાં અજ્ઞાનીને કેમ જણાતો નથી ! કે-

જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એટલે કે જ્ઞાનમાં સમયે સમયે સ્વને જાણવા ઉપરાંત પર જેમાં નિમિત્તભૂત છે એવા જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકારને જાણવું

એ તેનો સ્વભાવ છે. તેથી જ્ઞાનપર્યાય સ્વ એવા જ્ઞાયકને જાણવા સાથે, પર જેમાં નિમિત્ત થાય છે, એવા પોતાના જ જ્ઞાનાકારને જાણે છે. આમ હોવા છતાં અજ્ઞાનીને અનાદિથી પરદ્રવ્યોમાં એકત્વ-મમત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ અધ્યવસાન હોવાના કારણે, પોતાના જ જ્ઞાનાકારને જાણતી વખતે, તેમાં જે પરદ્રવ્યો નિમિત્ત થવા પામે છે, તે પરદ્રવ્યોને હું જાણું છું, એમ પોતાના જ્ઞાનાકારને ભૂલીને, પરમાં પોતાપણાની માન્યતાને દઢ કરતો થકો, જ્ઞેયાકાર અવસ્થા વખતે પોતાના જ જ્ઞાનાકારમાં જ્ઞાન સાથે તન્મય એવો જ્ઞાયક મને જણાય રહ્યો છે એવું જ્ઞાન અજ્ઞાનીને ઉદિત થતું નથી, અર્થાત 'જાણનારો જણાઈ રહ્યો છે' એમ અજ્ઞાનીને ભાસતું નથી.

હે શ્રોતા ! સ્વપરપ્રકાશક તારો સ્વભાવ છે માટે મુદિત થા ! પ્રસન્ન થા કે તને સદાય સ્વ-શુદ્ધ ચૈતન્માત્ર એવો હું-જણાઈ જ રહ્યો છું ! અને પરપ્રકાશક સ્વભાવને લીધે પર નહીં, પર જેમાં નિમિત્ત બને છે, એવા મારા જ જ્ઞાનાકારને પણ હું જાણું છું. અર્થાત્ પર જેમાં નિમિત્ત છે એવું જ્ઞાનાકાર તે જ્ઞેય, તેને જાણનારું તે જ્ઞાન અને તેમાં તન્મય રહેલો જ્ઞાતા-એમ ત્રણેયની અભેદતાને કારણે હું જ જ્ઞાતા, હું જ્ઞાન ને હું જ જ્ઞેય- એમ તમે અનુભવો.

સ્વપરપ્રકાશક સ્વભાવ છે અને સ્વભાવમાં કદી દોષ ન હોય, છતાં અજ્ઞાનીને સ્વ કેમ જણાતો નથી-જ્ઞાની હો કે અજ્ઞાની હો, સ્વભાવમાં કોઈને દોષ ઉદ્ભવે નહીં પરંતુ અજ્ઞાનીને સ્વ જણાતાં નથી, તેમાં દોષ છે લક્ષનો ! ગુરુ દ્રોણાચાર્યે બાણ ચલાવ્યા વિના અર્જુનને બાણાવલિ જાહેર કર્યો ને અન્યને ન કર્યા, કેમ ? અર્જુને બાણનું લક્ષ્ય સાધવામાં ન તો વૃક્ષને દેખ્યું કે ન તો ડાળીને દેખી ! ન તો પક્ષીને દેખ્યું કે ન તો આંખને દેખી ! એક માત્ર કાળી કીકીને જ દેખી ! લક્ષની જ બધે બોલબાલા છે ! જ્ઞાનીને પર સંબંધી જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાનાકારરૂપ જ્ઞાન જણાય છે અને અજ્ઞાનીને પર સંબંધી જ્ઞેયાકાર અવસ્થામાં પર મને જણાય છે એમ પરનુ લક્ષ બાંધતો થકો પોતાને પરરૂપ માનવા લાગે છે તેથી જાણનારો જણાય છે એમ જાણનારનું લક્ષ કરતો ન હોવાથી અજ્ઞાનીને સ્વ જણાતું નથી. અજ્ઞાની પણ સ્વપરપ્રકાશક સ્વભાવે જ પરિણમી રહ્યો છે તોપણ જ્ઞેયાકાર અવસ્થામાં જે પરરૂપ રાગાદિ નિમિત્ત બને છે તેનું લક્ષ કરતો થકો હું રાગી છું ઈત્યાદિ પરરૂપ પોતાને માનતો થકો, સ્વને જાણવાનું લક્ષ ચૂકી જાય છે.

સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ તો જણાઈ રહ્યો જ છે- ચાહે જ્ઞાની હો કે અજ્ઞાની હો. પરંતુ જ્ઞાનીની પરિણતિની ધારા સ્વસન્મુખ હોવાથી, પરપ્રકાશનમાં નિમિત્તભૂત પરદ્રવ્યોમાં એકત્વરૂપ લક્ષ બાંધતો નથી. તેથી તેને સદાય સ્વ જણાઈ રહ્યું છે. જ્યારે અજ્ઞાનીને અનાદિના પરના એકત્વના અધ્યાસથી પોતાના પર સંબંધી જ્ઞાનાકારમાં જે પરદ્રવ્યો નિમિત્તપણું પામે છે તેમાં જ તે એકત્વ કરી દેતો થકો, હું રાગી ઈત્યાદિ માનતો થકો પર મને જણાય છે ને સ્વ જણાતો નથી એમ અનુભવે છે. અજ્ઞાનીને પણ જણાય છે તો સ્વ, પણ માને છે કે પર મને જણાય છે; માટે તેને સ્વ જણાવા છતાં સ્વને જાણતો નથી.

આચાર્યમહારાજે આ ચૈતન્ય-ચમત્કારને છઠ્ઠી ગાથામાં જ પ્રસિદ્ધ કરતાં કહ્યું હતું કે 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકરૂપે જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ, કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.' અહીં ગજબની વાત તે એ કહી છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે જ સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં જણાય છે. તેમ કહીને સ્વપરપ્રકાશકપણામાં જ્ઞાયકની જ પ્રસિદ્ધિ થઈ રહ્યાનું કહેલ છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે જ્ઞેયાકાર અવસ્થામાં પર જણાય છે તેમ નથી કીધું ! જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જ જણાય છે એમ કહ્યું છે- ગજબ વાત છઠ્ઠી ગાથામાં મૂકી છે ને ! તું કેવો છો ? કે નથી પ્રમત્ત કે નથી અપ્રમત્ત, એક જ્ઞાયકભાવ છો અને તે જ્ઞાયક જ્ઞેયાકાર અવસ્થામાં પણ એવો જણાય રહ્યો છે કે જેવો સ્વરૂપપ્રકાશન અવસ્થામાં જણાય રહ્યો છે ! અર્થાત્ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ જણાય રહ્યો છે, ચાહે તો જ્ઞેયાકાર અવસ્થા હો કે સ્વરૂપ પ્રકાશન અવસ્થા હો ! ચાહે તો અજ્ઞાની હો કે ચાહે તો જ્ઞાની હો! જેમ ઘટપટાદિના પ્રકાશનકાળે ઘટપટાદિ દીપકની પ્રસિદ્ધિ કરે છે તેમ જ્ઞેયાકાર જણાતો હોવાથી, સ્વપરપ્રકાશક સ્વભાવ પોતાના જ્ઞાયકને જ બન્ને અવસ્થામાં પ્રસિદ્ધ કરે છે, નહીં કે પરની પ્રસિદ્ધિ કરે છે.

17- ૪ ગાથાના આ મહાસિદ્ધાંતના સંદર્ભમાં વિચારીએ તો-

આચાર્ય મહારાજે પંદરમી ગાથામાં લવણના દૃષ્ટાંતથી આ જ વાત સિદ્ધ કરી છે કે જ્ઞેયલુબ્ધ અજ્ઞાની જીવ ભિન્નભિન્ન જ્ઞેયોના લક્ષે ઉપજતા જ્ઞાનના વિશેષાકારોને (જ્ઞેયાકારોને) તો અનુભવે છે પરંતુ તે જ્ઞેયોના લક્ષરહિતપણાથી ઉપજતા જ્ઞાનના સામાન્યઆકારોને, જ્ઞાનાકારોને તો તે નથી અનુભવતો. અર્થાત્ અનાદિના પરજ્ઞેયમાં એકત્વ અધ્યાસના કારણે અજ્ઞાની, જ્ઞેયો જેમાં નિમિત્ત થાય છે એવા જ્ઞેયાકાર જ્ઞાનને, પરનું જ્ઞાન હોવાપણે જાણે છે પરંતુ પરના સંગરહિતપણારૂપે અર્થાત્ પોતાના જ્ઞાનાકાર જ્ઞાનરૂપે તેને જાણતો નથી. પરસંબંધી જે જ્ઞેયાકાર જ્ઞાન છે, તેને પોતાનું જ્ઞાનાકાર જ્ઞાન નહીં માનવાથી, તે જ્ઞાનાકાર જ્ઞાનમાં રહેલા સામાન્ય જ્ઞાનને અને તેની સાથે તન્મય એવા જ્ઞાયકને અજ્ઞાની જાણી શકતો નથી.

જેમ છઠ્ઠી ગાથામાં કહ્યું કે જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયક જણાયો, સ્વરૂપપ્રકાશન અવસ્થામાં પણ તે જ્ઞાયક જ જણાય છે; તેમ પંદરમી ગાથામાં કહ્યું કે "પરમાર્થથી વિચારીયે તો તો, જે જ્ઞાન (જ્ઞાન સાથે તન્મય એવો જ્ઞાયક) વિશેષના આવિર્ભાવથી (જ્ઞેયાકાર અવસ્થામાં) અનુભવમાં આવે છે તે જ જ્ઞાન (જ્ઞાન સાથે તન્મય એવો જ્ઞાયક) સામાન્યના આવિર્ભાવથી (સ્વરૂપપ્રકાશન અવસ્થામાં) અનુભવમાં આવે છે." આમ હોવા છતાં, જેમ સ્વાદલોલુપી જીવ ખાટા, તીખા, કડવા વ્યંજનના સંગમાં રહેલા લવણને ખાટું, તીખું, કડવું અનુભવે છે- વ્યંજનરહિતપણારૂપ એકલી ખારાશને જાણતો નથી, તેમ અનાદિના પરજ્ઞેયોના એકત્વના અધ્યવસાનથી અજ્ઞાનીજીવ જ્ઞેયાકાર અવસ્થામાં જે જે જ્ઞેયો જ્ઞાનમાં

નિમિત્ત થાય છે તે તે જ્ઞેયોમાં એકત્વ કરતો થકો, તે જ્ઞેયાકારમાં રહેલા પોતાના એકાકાર જ્ઞાનને નહીં જાણતો થકો, જાણનારો જણાઈ રહ્યો છે એવું જ્ઞાન અજ્ઞાનીને ઉદિત થતું નથી.

33મા કળશમાં આચાર્યદેવ જ્ઞાન કેવું છે ! તે જુદી જુદી વિશેષતાથી સમજાવતા કહે છે કે-'જેમાં અનંત જ્ઞેયોના આકારો આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમા જ રમે છે.' અર્થાત્ જ્ઞેયાકાર અવસ્થા વખતે પણ જ્ઞાન જ્ઞાનાકારપણે જ રહ્યું થકું જ્ઞાયકની જ પ્રસિદ્ધિ કરે છે.

49મી ગાથામાં અવ્યકતના પાંચ બોલમાં કહ્યું કે - 'વ્યકતપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યકતપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે' ત્યાં અવ્યક્તપણું સિદ્ધ કરતાં કહ્યું કે વ્યક્તપણુ અને અવ્યક્તપણું ભેળા મિશ્રિતરૂપે પ્રતિભાસી રહ્યા છે તેનો અર્થ કે વ્યક્ત-પ્રગટ એવો જ્ઞાનાકાર-ચાહે તો પરસંબંધી જ્ઞેયાકાર અવસ્થારૂપે હો કે ચાહે તો સ્વરૂપપ્રકાશનસંબંધી જ્ઞાનાકાર અવસ્થારૂપ હો-તેની સાથે અવ્યકત એવો જ્ઞાયક ભેળો મિશ્રિતરૂપે તેને પ્રતિભાસી જ રહ્યો છે. અર્થાત વ્યક્ત એવી જ્ઞેયાકાર અવસ્થામાં અવ્યકત એવો જ્ઞાયક, જ્ઞાનની સમય સમયની પર્યાયમાં પ્રતિભાસ પામી જ રહ્યો છે, તોપણ જ્ઞેયલુબ્ધપણાને કારણે-પરમાં એકત્વના મુઢપણાને કારણે અજ્ઞાની 'આ પર મને જણાય છે' એમ પરને જાણતો થકો, અવ્યક્ત એવો જ્ઞાયક મને જણાય રહ્યો છે તેવું જ્ઞાન તેને ઉદિત થતું નથી.

270મી ગાથામાં કહ્યું કે જેવી રીતે 'હું પરને હણું છું' તે અધ્યવસાન છે તેવી રીતે 'હું પરદ્રવ્યને જાણું છું' તે પણ અધ્યવસાન છે, કેમકે પરદ્રવ્ય જેમાં નિમિત્ત છે એવું જ્ઞેયાકાર જ્ઞાન તો પોતાનું જ્ઞાનાકાર જ્ઞાન છે અને તે જ્ઞાન તો જ્ઞાયકની પ્રસિદ્ધિ કરે છે, એ રીતે પરજ્ઞેયો તો જ્ઞાનની પ્રસિદ્ધિ કરતા હોવા છતાં અજ્ઞાની માને છે કે હું પરને જાણું છું, તે તેનો અનાદિનો અધ્યવસાન હોવાથી, જાણનારો જણાતો હોવા છતાં તેને જણાતો નથી.

294મી ગાથામાં કહ્યું કે- 'જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે-ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે- રાગાદિપણાને નહિ.'' એટલે કે રાગાદિ પરજ્ઞેયો તને જણાતા નથી, પણ પરજ્ઞેયો તારા જ્ઞાનની જ પ્રસિદ્ધિ કરે છે. તેથી પર સંબંધી જ્ઞેયાકાર અવસ્થામાં જાણનારો જ જણાય રહ્યો છે- એમ છઠ્ઠી તથા 17-18મી ગાથામાં કહેલ માર્મિક વાતને જ ફરીથી અહીં વધુ દ્રઢ કરી છે કે આબાળગોપાળ સૌને સદાકાળ, સ્વરૂપપ્રકાશનઅવસ્થાની જેમ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જ જણાય રહ્યો છે.

214મા કળશના ભાવાર્થમાં પં. જયચંદ્રજી છાબડા કહે છે કે- 'પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી. માટે ''જ્ઞાયક પરદ્રવ્યને જાણે છે' એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.''

સેટિકાની ગાથા 356-365મા આ જ મર્મને આચાર્ય મહારાજે ઘુંટાવ્યો છે કે-

અહીં બહુ પ્રયોજનભૂત વાત આચાર્યદેવ સમજાવી છે કે ખડી ભીંતને સફેદ કરે છે એમ વ્યવહારે કહેવાય છે છતાં પરમાર્થથી વિચારતાં ખડી ભીંતને સ્પર્શતી જ નથી ત્યાં સફેદ કરે શી રીતે ? ભીંત ભીંતમાં છે ને સફેદાય તો ખડીમય છે. ત્યાં સ્વ-સ્વામીરૂપ અંશોના ભેદનું લક્ષ છોડી ઘો તો ખડી ખડી જ છે.

આ દ્દષ્ટાંતથી એમ સમજાવાયું છે કે જ્ઞાયક પરજ્ઞેયને જાણે છે એમ વ્યવહારે કહેવાય છે તોપણ પરમાર્થે વિચારતાં જ્ઞાયક પરજ્ઞેયને સ્પર્શતો જ નથી ને ! પરજ્ઞેય તો પરજ્ઞેયમાં છે ને તેને જાણતું જ્ઞાન તો જ્ઞાયકમય છે. એટલે કે પરસંબંધીનું જે જ્ઞેયાકાર જ્ઞાન છે તે ખરેખર તો જ્ઞાનાકાર જ્ઞાન છે તે જ્ઞાયકનું જ જ્ઞાન છે. અર્થાત જ્ઞાયક પરજ્ઞેયને જાણે છે તેમ કહેવાનો વ્યવહાર હોવા છતાં, ખરેખર જ્ઞાયક પરદ્રવ્યને જાણતો જ નથી. તે જ્ઞેયાકાર જ્ઞાન વાસ્તવમાં જ્ઞાનાકાર જ્ઞાનરૂપ હોવાથી જ્ઞાયકનું જ જ્ઞાન છે. અને એ બે અંશોના ભેદરૂપ વ્યવહારનું લક્ષ છોડી ઘો તો જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે; પરમાર્થ છે.

ખડીની સફેદાય વડે સફેદરૂપે દેખવામાં આવતી ભીંત અને સફેદાય બન્ને ભિન્ન-ભિન્ન પદાર્થો હોવાથી, સફેદાય કદી ભીંતરૂપ થતી જ નથી, સફેદાય તો હંમેશા ખડીરૂપ જ રહેલ છે. તેથી જાણકાર પુરુષોને સફેદાય દેખતાં ખડી જ જણાય છે, ભીંત નહીં. તેવી રીતે જ્ઞાન વડે જાણવામાં આવતા પરજ્ઞેયો અને જ્ઞાન બંને ભિન્ન-ભિન્ન તત્ત્વો હોવાથી, જ્ઞાન કદી પરજ્ઞેયરૂપ થતું જ નથી. જ્ઞાન તો હંમેશા જ્ઞાયકરૂપ જ રહેલ છે. તેથી જ્ઞેયાકાર જ્ઞાનને જાણતાં તે જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકમય હોવાથી જ્ઞાયકની પ્રસિદ્ધિ કરતું પ્રગટ થાય છે, નહીં કે પરદ્રવ્યની પ્રસિદ્ધિ કરે છે ! જેમ ઘટપટાદિ દીવાને જાહેર કરે છે તેમ જ્ઞેયાકાર કહેવાતું જ્ઞાનાકાર જ્ઞાન, જ્ઞાયકને જાહેર કરે છે.

એ રીતે અહીં આચાર્યદેવે સ્પષ્ટ કર્યું છે કે આત્મા પરદ્રવ્યને જાણે છે એ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારકથન છે, આત્મા પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ ઉપચરિત સદ્ભૂત વ્યવહાર છે; જ્ઞાયક જ્ઞાયક જ છે એ નિશ્ચય છે.

વધુ વિચારતાં, આત્મા પોતાને જાણે છે-એમ લક્ષ કરતાં પણ ભેદ ઊભો થતાં

અભેદનું લક્ષ થતું જ ન હોય ત્યાં પરને જાણું છું- એ વાતથી શું સિદ્ધિ ? આત્મા પોતાને જાણે છે એટલો ભેદ પણ અભેદના લક્ષમાં બાધક છે ત્યાં હું પરને જાણું છું, પરને જાણવું એ મારો સ્વભાવ છે- એમ પરને જાણવાનો જે લોભ છે તે જીવને અભેદનું લક્ષ થવામાં સ્થૂળ બાધકપણું છે, તેમ આ ગાથાઓથી સમજી શકાય છે.

વળી સફેદ ભીંતને દેખતાં ખરેખર તો ભીંત જણાઈ જ નથી, સફેદાય જ જણાય છે; તોપણ તે સફેદાયની વર્તમાન સ્થિતિ ભીંતરૂપે છે ? દરવાજારૂપે છે ? કે મોટરગાડીરૂપે છે ? તેમ જાણવું હોય તો સફેદાય ભીંતરૂપે છે તેમ વ્યવહારકથન હોય છે. ખરેખર તો તે વખતે પણ સફેદાય ભીંતરૂપે હોતી જ નથી. સફેદાય તો ખડીરૂપ જ હોય છે, તેથી તેમ લક્ષ કરવા જતાં સફેદાય ને દેખતાં ખડી જ લક્ષમાં આવે છે અને ભીંત દેખવામાં જ નથી આવતી. તેવી રીતે પરને જાણવાને કાળે ખરેખર તો પર જણાતું જ નથી, પરસંબંધી જે જ્ઞાન છે, તે જ્ઞાન જ જણાય છે; તોપણ તે જ્ઞાનની વર્તમાન સ્થિતિ શું છે ? જ્ઞાનનો વર્તમાન આકાર શું છે; તેમ જાણવું હોય તો તે જ્ઞાનને જ્ઞેયાકાર વડે કહેવાનો વ્યવહાર છે. ખરેખર તો તે વખતે પણ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકારરૂપ જ રહ્યું થકું જ્ઞાનમય જ છે તેમ લક્ષ કરવા જતાં જ્ઞાનાકાર જ્ઞાન વડે જ્ઞાયક તરફ જ લક્ષ જાય છે, આમ, તે જ્ઞાયકને પ્રસિદ્ધ કરતું જ્ઞાનાકાર જ્ઞાન છે, નહીં કે પરને જાણતું જ્ઞેયાકાર જ્ઞાન છે ! તેમ છતાં અજ્ઞાનીને જ્ઞેય-જ્ઞાયકના ભેદજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયાકાર જ્ઞાનને જાણતાં જ્ઞાનને જ્ઞેયરૂપ માનતો થકો પરજ્ઞેય જણાય છે, એવી ભ્રાંતિ ઊભી થાય છે.

શ્રી કળશટીકામાં 271માં કળશમાં જે કહ્યું છે કે પર જ્ઞેય અને હું જ્ઞાતા એવી અનાદિની જીવને ભ્રાંતિ છે; પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ જ્ઞાતા છે. એ વાત અહીં આચાર્યદેવે ખડીના દૃષ્ટાંતથી સમજાવી છે. સફેદાઈ દેખતાં એવો ભ્રમ ન કરો કે ભીંત દેખાય છે; સફેદાઈ દેખતાં ખડીને દેખો. તેથી પરજ્ઞેય જણાતાં એવો ભ્રમ ન કરશો કે પરને જાણું છું; પણ પરજ્ઞેય સંબંધી જે જ્ઞાનાકાર થયો તેને જાણું છું અર્થાત જ્ઞાનાકાર જ્ઞાન જણાય છે ને તે જ્ઞાન જ્ઞાયકનું હોવાથી જ્ઞાયક જ જણાઈ રહ્યો છે એમ લક્ષ કરો. જેમ સફેદાઈ દેખતાં સફેદાઈનું પણ લક્ષ છોડીને ખડીને દેખવાની છે, તેમ, પરજ્ઞેય સંબંધી જે જ્ઞાનાકાર જ્ઞાન જણાયું, તેનું પણ લક્ષ છોડીને જ્ઞાયક જ જણાઈ રહ્યો છે-તેમ જ્ઞાયકનું લક્ષ કરો.-આમ, હું પરને જાણું છું એવા વ્યવહારકથનનો આશ્રય છોડીને, જ્ઞાનાકાર જ્ઞાનને જાણ્યું છે એવા અંશરૂપ વ્યવહારનું લક્ષ છોડીને જ્ઞાયક જ જણાય છે એમ જ્ઞાયકનું લક્ષ કરો-એમ અદ્ભુત પ્રયોજનભૂત વાત અહીં સમજાવી છે જે પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પુણ્ય પ્રતાપે આત્માર્થીને લક્ષમાં આવી છે.

અનાદિથી પરજ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવના કારણે, પરજ્ઞેયને જાણવાના કાળે થતું જ્ઞાન કે જે ખરેખર જ્ઞાનાકારરૂપ હોવા છતાં અજ્ઞાની તેને જ્ઞેયાકારરૂપ માનતો થકો, જ્ઞાન પોતાના જ્ઞાનકલ્લોલને જાણે છે તેમ તે નહીં

માનતો થકો, જ્ઞેયને જાણું છું તેમ અજ્ઞાનીને ભ્રમ ઊભો થાય છે. તેથી તે વાતનું અહીં ખંડન કર્યું છે કે પરજ્ઞેયને જાણવાકાળે "જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે-એમ વ્યવહારથી જ માનવામાં આવે છે, નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે."- શ્લોક 214.

તો...પર જણાય છે કે નહિ ?

અરેરે ! જ્ઞેયલુબ્ધ જીવોને પર સંબંધી જ્ઞેયાકાર જ્ઞાન તે તારૂ પોતાનું જ જ્ઞાનાકાર જ્ઞાન હોવાથી જ્ઞાન જણાય છે તેમ સમજાવવા છતાં પરની એકતાબુદ્ધિવશ, પરની સામે જોવાની મીઠાસબુદ્ધિની હોંશમાં જાણનારો જણાઈ રહ્યો છે તેમ સ્વસન્મુખતા થતી નથી. હવે વાત રહી પર જણાય છે કે નહિ-તેની.

સૌ પ્રથમ વિચારીએ કે પાણી ગરમ થાય છે તે પોતાથી થાય છે કે અગ્નિથી! પાણી પોતાની યોગ્યતાથી ભલે ગરમ થાય પણ એ કહો કે પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે કે નહીં ! અરે ભાઈ ! પોતાથી જ ઉષ્ણ થાય છે અને તે વખતે નિમિત્ત તરીકે અગ્નિ હોય જ; અગ્નિ હાજર ન હોય અને પાણી પોતાથી ગરમ થાય એમ પણ ન હોય. થાય પોતાથી જ છતાં અકિંચિત્કરપણે અગ્નિની હાજરી અવશ્ય હોય.

તેવી રીતે જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાનાકાર છે તેને જ્ઞાન જાણે છે, પરને જાણતું નથી તોપણ જ્ઞેયાકાર અવસ્થામાં પરજ્ઞેય નિમિત્તરૂપે હોય જ. તેથી પરને જાણે છે એવું વ્યવહાર કથન છે, જેમ અગ્નિથી પાણી ગરમ થાય એવું વ્યવહારકથન છે તેમ. વળી જેમ અરીસામાં જેવું પ્રતિબિંબ પડે છે તેવું જ સામે બિંબ નિમિત્તરૂપ હોય જ છતાં પ્રતિબિંબ એ માત્ર અરીસાની સ્વચ્છતાનું કાર્ય છે; બિંબ અરીસામાં જણાતું જ નથી, પ્રતિબિંબ જ અરીસામાં જણાય છે. ખરેખર તો પ્રતિબિંબ અરીસાની જ પ્રસિદ્ધિ કરે છે પરંતુ અનાદિના અજ્ઞાનવશ પ્રતિબિંબ બિંબને પ્રસિદ્ધ કરે છે એવો ભ્રમ ઉપજે છે. બે ભિન્ન-ભિન્ન દ્રવ્યો હોવાના કારણે બિંબ પ્રતિબિંબનું કાંઈ કરી શકતા ન હોવાથી બિંબનું પ્રતિબિંબ છે એવું માત્ર વ્યવહારકથન છેઃ-

આવું જ પરને જાણવાના સંબંધમાં સમજવું, એટલે કે જ્ઞાન-અરિસામાં જે જ્ઞેયાકાર-પ્રતિબિંબ ઉપજે છે તે જ્ઞાન-અરીસાની જ પ્રસિદ્ધિ કરતું હોવા છતાં તેમાં નિમિત્તભૂત જ્ઞેય-બિંબની ઉપસ્થિતિ દેખીને જ્ઞેય જણાય છે તેવું વ્યવહારકથન છે.

આમ, જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાનની જ પ્રસિદ્ધિ થતી હોવાથી અને જ્ઞાનમાં જ્ઞાયક તન્મય હોવાથી, જ્ઞાયકની જ પ્રસિદ્ધિ થઈ રહી હોવાથી, આબાળગોપાળ સર્વને સદાકાળ ભગવાન આત્મા પોતે જ જણાઈ રહ્યો છે એ અદ્‌ભુત ચૈતન્ય-ચમત્કાર છે.

પરને જાણતો નથી- એ શબ્દ આગમદ્રષ્ટિએ અપ્રમાણિક હોય તેવું લાગે. તેથી પરસંબંધી પોતાના જ્ઞાનાકારને જ્ઞાન જાણે છે તેમ કહેવાથી તે પ્રમાણિક શબ્દપ્રયોગ લાગે. અરે ભાઈ ! વિજ્ઞાન કહે છે કે આંખ વડે જે પદાર્થ દેખવામાં આવે છે તેને આંખ સીધેસીધી દેખતી જ નથી, તે પદાર્થનું પ્રતિબિંબ આંખના પડદા ઉપર પડે છે અને તેને આંખ જાણે છે. તેમ પરને જાણવા કાળે જ્ઞાન પોતાના જ્ઞેયાકારરૂપ પ્રતિબિંબને જાણે છે, અને તે વખતે તેમાં નિમિત્તે તરીકે તેવું જ પરદ્રવ્ય ઉપસ્થિત હોય છે. તો તો કોઈ સમયે એવું બને કે જ્ઞાન પોતાના જ્ઞેયાકારને જે રૂપે જાણે તેવું પરજ્ઞેય નિમિત્ત તરીકે ન પણ હોય !

અરે ભાઈ ! અરીસાની સ્વચ્છતામાં આકાર બને મોરનો ને સામે નિમિત્ત તરીકે હોય ઢેલ એવું બને ખરું! જડ-અરીસાની સ્વચ્છતાનો જો આવો ચમત્કાર હોય તો જ્ઞાન-અરીસાના અદ્ભુત ચમત્કારની શું વાત !

કેવળી લોકાલોકપ્રકાશક છે કે નહીં !- 'છે'-એ વ્યવહારકથન છે. વાસ્તવિકતા તો એ છે કે કેવળજ્ઞાનની દિવ્ય-શક્તિના કારણે તેમાં છદ્રવ્યસ્વરૂપ લોકસંબંધી જ્ઞાનના અદ્ભુત તરંગો-જ્ઞાનાકારો બન્યા જ કરે છે ને તેને જ્ઞાન જાણે છે અને તે તે સમયે નિયમથી તેમા નિમિત્તરૂપે છદ્રવ્યસ્વરૂપ એવો જ લોક હોય જેવો કેવળજ્ઞાનના જ્ઞાનાકારમાં કેવળીને જણાયો હોય !

અરે ! કેવળીએ પોતાના જેવા જેવા જ્ઞાનાકારોને જાણ્યા હોય તેવું જ કથન તેમની દિવ્યધ્વનિમાં આવે ! કેવળી જાણે કાંઈક ને કથનમાં આવે કાંઈક અન્યથા- એવું ત્રણકાળમાં ન બને. તેમ કેવળી જેવા પોતાના જ્ઞાનાકારોને જાણે સામે નિમિત્ત તરીકે છદ્રવ્યસ્વરૂપ તેવું જ લોકાલોક હોય, અન્યથા ન હોય; છતાં કેવળીના જ્ઞાનમાં જણાતા જ્ઞાનાકારો લોકાલોકના કારણે નથી. જો લોકાલોકને કારણે એ જ્ઞાનાકારો થતા હોય તો અનંતકાળ પછીના ભવિષ્યના ચિતરામણને વર્તમાનમાં પ્રત્યક્ષવત્ જાણે શી રીતે ? જે, ભવિષ્યમાં થનાર છે તેને વર્તમાનમાં જાણે એનો અર્થ જ એ થયો કે પોતાના જ્ઞાનાકારોને જ કેવળી જાણે છે, પરને નહિ; કેમકે વર્તમાનમાં તે પરજ્ઞેય તો છે પણ નહીં !

મારિચના ભવમાં મહાવીરને જાણે તે જ્ઞાન કોને જાણે છે ! પોતાના દિવ્ય જ્ઞાનાકારને જાણે છે કે જેની હજુ હયાતી જ નથી એવા મહાવીરને જાણે છે ! પણ જો આમ જ હોય તો પ્રમેયત્વગુણનું શું ? પૂજ્ય ગુરુદેવશ્રીએ કળશટીકાના 271માં કળશના પ્રવચનમાં કહ્યું કે પ્રમેયત્વ... એ બધું વ્યવહારની વાતો છે તાત્પર્ય એ કે પ્રમેય પોતે, પ્રમાણ પણ પોતે અર્થાત જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા બધું પોતે જ છે એ નિશ્ચય છે. ખરેખર તો બે દ્રવ્યો વચ્ચે અત્યંત અભાવ હોવાથી જ્ઞાન પોતાનામાં રહીને નિશ્ચિતક્રમમાં સમયે સમયે ઉપજતા જ્ઞાનાકારોને જાણતું પ્રવર્તે છે- એવો નિર્ણય થતાં જાણનારો જણાઈ રહ્યો છે એવું જ્ઞાન ઉદિત થઈ જાય છે.

- ગુરુદેવનો અંતેવાસી શિષ્ય

## પર્યાયમાં અનન્યપણું હોવાથી પર્યાય પલટતાં દ્રવ્ય પણ પલટે છે.।

૧. અહીં એમ કહ્યું કે ક્રમબદ્ધ પરિણામપણે દ્રવ્ય ઊપજે છે-'दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्ण'

૨. દ્રવ્ય પોતાના જે ગુણોથી જે ક્રમબદ્ધ પરિણામપણે ઊપજે છે તેમાં તેને અનન્ય જાણ. એટલે...

૩. એકલી પર્યાય જ પલટે છે ને દ્રવ્ય-ગુણ તો 'ઘંટીના નીચલા પડની જેમ' સર્વથા કૂટસ્થ જ રહે થે-એમ નથી. તો કેમ છે?

૪. પર્યાય પલટતાં તે તે પર્યાયપણે દ્રવ્ય-ગુણ ઉપજે છે પહેલા સમયની પર્યાયમાં જે દ્રવ્ય ગુણ અનન્ય હતા તે બીજા સમયે પલટીને બીજા સમયની પર્યાયમાં અનન્ય છે.

૫. પહેલાં સમયે પહેલી પર્યાયનો જે કર્તા હતો તે પલટીને બીજા સમયે બીજા પર્યાયનો કર્તા થયો છે.

૬. એ જ પ્રમાણે કર્તાની માફક કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ એ બધા કારકોમાં સમયે-સમયે પલટો થાય છે. પહેલા સમયે જેવું કર્તાપણું હતું તેવું જ કર્તાપણું બીજા સમયે તે રહ્યું નથી, પર્યાય બદલતાં કર્તાપણું વગેરે પણ બદલ્યું છે.

૭. કર્તા-કર્મ વગેરે છે કારકો જેવા સ્વરૂપે પહેલા સમયે હતા તેવા જ સ્વરૂપે બીજા સમયે નથી રહ્યા. પહેલા સમયે પહેલી પર્યાય સાથે તદ્રુપ થઈને તેનું કર્તાપણું હતું ને બીજા સમયે બીજી પર્યાય સાથે તદ્રુપ થઈને તે બીજી પર્યાયનું કર્તાપણું થયું.

૮. આમ, પર્યાય અપેક્ષાએ નવી નવી પર્યાયો સાથે તદ્રુપ થતું-થતું આખું દ્રવ્ય સમયે સમયે પલટી રહ્યું છે, દ્રવ્ય અપેક્ષાએ ધ્રુવતા છે. આ જરાક સૂક્ષ્મ વાત છે.

૯. પ્રવચનસારની ૯૩મી ગાથામાં પણ કહ્યું કે, 'तेहिं गुणा पजाया' એટલે દ્રવ્ય તથા ગુણોથી પર્યાયો થાય છે. દ્રવ્ય પરિણમતાં તેના અનંત ગુણો પણ ક્રમબદ્ધપર્યાયપણે ભેગા પરિણમી જાય છે. પર્યાયમાં અનન્યપણે દ્રવ્ય ઊપજે છે એમ કહેતાં પર્યાય પરિણમતાં દ્રવ્ય પણ પરિણમ્યું છએ-એ વાત સિદ્ધ થાય છે.

૧૦. કેમ કે જો દ્રવ્ય સર્વથા ન જ પરિણમે તો પહેલી પર્યાયથી છૂટીને બીજી પર્યાય સાથે તે કઈ રીતે તદ્રુપ થાય?

૧૧. પર્યાય પલટતાં જો દ્રવ્ય ન પલટે તો તે જુદું પડ્યું રહે! એટલે બીજી પર્યાય સાથે તેને તદ્રુપપણું થઈ શકે જ નહિ, પરંતુ એમ બનતું નથી. પર્યાય પરિણમ્યે જાય ને દ્રવ્ય જુદું રહી જાય-એમ બનતું નથી.

૧૨. કોઈ એમ કહે કે ''પહેલાં સમયની જે પર્યાય છે તે પર્યાય પોતે જ બીજા સમયની પર્યાયરૂપ પરિણમી જાય છે, દ્રવ્ય નથી પરિણમતું'' તો એ વાત જૂઠી છે.

૧૩. પહેલી પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી. પર્યાયમાંથી પર્યાય આવે એમ માનનારને 'પર્યાયમૂઢ' કહ્યો છે.

૧૪. પર્યાય પલટતાં તેની સાથે દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ પણ (પર્યાય અપેક્ષાએ) પલટી ગયાં છે.

૧૫. જો એમ ન હોય તો સમય સમયની નવી પર્યાય સાથે દ્રવ્યનું તદ્રુપપણું સિદ્ધ થઈ શકે નહિ.

૧૬. 'સર્વ દ્રવ્યોને પોતાનાં પરિણામો તાદાત્મ્ય છે' એમ કહીને આચાર્યદેવે અલૌકિક નિયમ દીધો છે.

૧૭. જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામપણે ઊપજતો થકો તેમાં તન્મયપણે જીવ જ છે, અજીવ નથી. અજીવના કે રાગના આશ્રયે ઊપજે એવું જીવનું ખરું સ્વરૂપ નથી.

૧૮. પાણીના લોઢો જે પ્રવાહ છે તે આડોઅવળો થતો નથી પહેલાંનો પ્રવાહ પાછળ અને પાછળનો પ્રવાહ આગળ એમ બનતું નથી.

૧૯. તેમ દ્રવ્ય પોતાના અનાદિ-અનંત પર્યાયોના પ્રવાહ ક્રમને દ્રવે છે-પ્રવહે છે, તે પ્રવાહ ક્રમમાં જે જે પર્યાયને તે દ્રવે છે તે તે પર્યાયની સાથે તે અનન્ય છે.

૨૦. જ્ઞાયક સ્વભાવ પર જેની દૃષ્ટિ છે તે જ્ઞાતા છે-અકર્તા છએ. અને નિર્મળ ક્રમબદ્ધ પર્યાયપણે તે ઊપજે છે. જ્ઞાતા સ્વભાવ પર જેની દૃષ્ટિ નથી તેને ઊંધી દૃષ્ટિમાં ક્રમબદ્ધ પર્યાય અશુદ્ધ થાય છે. ધર્મીને સ્વભાવ દૃષ્ટિમાં જ્ઞાપકભાવનો પુરુષાર્થ ચાલુ જ છે, તે તો ક્રમબદ્ધ પોતાના જ્ઞાતાભાવપણે ઊપજતો થકો તેમાં તદ્રૂપ છે.!!!!!

## ૯. જ્ઞાનસ્વભાવ

**'જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી'**

૧. ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે એ નિશ્ચય છે. વર્તમાન જ્ઞાન પર્યાયમાં આ જે બધું જણાય છે તે ખરેખર જણાતું નથી, જાણવામાં તો પોતાની જ્ઞાનપર્યાયની તાકાત આવે છે.

૨. આ દેહ તો જડ-માટી-ધૂળ છે. જે જાણનાર છે તે આત્મા છે. આત્મા પરને જાણે છે એમ અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે.

૩. વાત સૂક્ષ્મ છે ભાઈ! ધર્મ એ કોઈ બહારની ચીજ નથી. ધર્મ તો અંતરની કોઈ અપૂર્વ ચીજ છે. ધર્મ બહુ સૂક્ષ્મ છે.

૪. એક સમયમાં પોતાની વર્તમાન દશામાં આ..આ..આ..જણાય છે. એમ કહેવું એ તો વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાની જ્ઞાનપર્યાય પોતાથી પ્રગટ થઈ છે તે પોતાને જ જાણે છે. કેમ કે, જેમાં તન્મય થઈને જાણે તે જાણવાને જ નિશ્ચય કહેવામાં આવે છે. પરનું જાણવું કાંઈ પરમાં તન્મય થઈને થતું નથી માટે પરને જાણવું તે વ્યવહાર છે. પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે તેને જ્ઞાન જાણે છે એ નિશ્ચય છે.

૫. આહાહા! સર્વજ્ઞ એટલે પૂરણ પૂરણ એકલું જ્ઞાન, દ્રવ્યમાં પૂરું, ગુણમાં પૂરું, પર્યાયમાં પૂરણ પ્રગટ જ્ઞાન; જ્ઞાન એટલે અપૂર્ણતા નહીં, રાગ નહીં એકલો જ્ઞાનનો જ પૂરણ પ્રકાશ-આમ શ્રધ્ધા કરવા જાય ત્યાં અંતરમાં એકલા જ્ઞાનની અનુભવમાં પ્રતીત થઈ જાય છે. આમાં બીજું કાંઈ કરવાનું નથી. બસ, એકલો જ્ઞાન-આનંદનો રસ જ છે, જ્ઞાનનું ચોસલું છે, એમાં ઇન્દ્રિય, રાગ કે અલ્પસત્તા છે જ નહીં.

૬. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાનપર્યાયને જ જાણે છે એ પણ હજી પર્યાયબુદ્ધિ છે. ઝીણી વાત છે ભાઈ! હવે એક સમયની પર્યાય પોતાને જાણે છે એ પણ પર્યાયની વાત થઈ. દ્રવ્ય જેવું છે તેવું પર્યાયમાં જાણવામાં આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

૭. આત્મા જેવો છે તેવો વર્તમાન પર્યાયમાં પ્રતીતિમાં આવે છે ત્યારે પરિપૂર્ણ શુધ્ધ એવી મોક્ષદશાનો ઉપાય શરૂ થાય છે.

૮. જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ જ એવું છે કે પર સંબંધીનું પોતાનું જ્ઞાન અને સ્વ સંબંધીનું પોતાનું જ્ઞાન એમ એકરૂપતાને પોતે જાણે છે. અરે! પર્યાયને જાણવું એ પણ વ્યવહાર છે.

૯. જ્ઞાનની જે એક સમયની વર્તમાન પર્યાય છે તે પરને નથી જાણતી, એ વર્તમાન પર્યાય પોતાની પર્યાયમાં જ તન્મય છે તો તેને જાણે છે. હવે એક સમયની પર્યાય પોતે પોતાને જ જાણે છે ત્યાં સુધી જીવની પર્યાયબુધ્ધિ-અંશબુધ્ધિ થઈ. આહાહા! આમાં વળી પરને જાણે છે એ તો ક્યાંય રહી ગયું ભાઈ! ત્રિલોકીનાથ જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્માએ જે ધર્મ કહ્યો એ કોઈ અલૌકિક ચીજ છે. એ વિના જન્મ-મરણનો અંત ક્યારેય આવ્યો નથી.

૧૦. એક સમયની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પર જણાતું નથી કારણ કે પરમાં તન્મય થતો નથી. કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે એમ કહેવું એ પણ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન

છે. એક સમયની જ્ઞાનની વર્તમાન પર્યાય પર રૂપે ન થતાં-તેમાં તન્મય ન થતાં પોતાની પર્યાયરૂપે પોતાની પર્યાયમાં તન્મય થાય છે માટે પોતાને જ જાણે છે.

૧૧. જ્ઞાની હો કે અજ્ઞાની પોતાના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પરને તન્મય થઈને જાણતા નથી, તે પર સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં તન્મય થઈને જાણે છે તેથી પર્યાય પર્યાયને જ જાણે છે. અહીં તો એનાથી પણ આગળ લઈ જવું છે.

૧૨. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પરને જાણવાની પર્યાયની જે તાકાત માની છે તેને બદલે તે પર્યાયમાં સ્વને જાણવાની તાકાત છે એમ જાણીને તે પર્યાય સ્વને-ત્રિકાળીને જાણે ત્યારે તેને મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય. પૂર્ણ શુધ્ધ પર્યાય આત્માની પૂર્ણ શુધ્ધ દશા છે. તો શુધ્ધ પરિણામનું કારણ પણ આત્માનું શુધ્ધ પરિણામ જ હોવું જોઈએ. હોવું જોઈએ એટલે એમ જ છે. વર્તમાન પર્યાયમાં, અંદરમાં જેવો હતો એવી પ્રતીતિ અનુભવમાં આવી ત્યારે તેને મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. મોક્ષ જે પૂર્ણ શુધ્ધ દશા છે, પૂર્ણ પવિત્ર અનંત આનંદની દશા છે તેનું કારણ અંદર જે અપૂર્ણ શુધ્ધ પરિણામ તે છે. પર્યાયમાં આત્મદ્રવ્ય જેવું છે તેવી શ્રધ્ધા થવાથી મોક્ષનો માર્ગ શરૂ થાય છે.

'પરને જાણે છે તે પોતાના અસ્તિત્વને જાણતો નથી'

૧૩. જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સ્વને જાણવાનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતા જતા જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહ સમૂળ નાશ પામે છે માટે જ્ઞાનથી જ આત્માની સિધ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિધ્ધિનું સાધન નથી.

૧૪. છ દ્રવ્ય જણાય છે- એમ નહીં, છ દ્રવ્ય સંબંધી જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે. જ્ઞાનની પર્યાય છ દ્રવ્યને જાણવાપણે થઈ તેમાં પરજ્ઞેય જણાયા? ના. છ દ્રવ્યને જાણવાપણે પોતાની પર્યાય પરિણમી છે તેને જ્ઞાન જાણે છે. પરને કરવાનું તો રહ્યું નહીં, પરથી પોતામાં કાંઈ થવાપણું રહ્યું નહીં અને પરને જાણવાનું પણ રહ્યું નહીં! આત્મા પરને કરે કે રાગને કરે એવું સ્વરૂપ છે જ નહીં! પણ પરને જાણે છે એવું પણ એનામાં નથી.

૧૫. બે-પાંચ લાખનું ફર્નિચર હોય તે તને જણાય છે કે જ્ઞાનની પર્યાય જણાય છે? તે વખતના તારા જ્ઞાનના પરિણમનમાં તારા અસ્તિત્વનું જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે? તારા અસ્તિત્વનું જ્ઞાન છે. આ જ્ઞાન તે જ હું છું એમ જ્ઞાન એને જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞાન કલ્લોલો જ જ્ઞાનવડે જણાય છે, તેના બદલે પરને જાણે છે એમ કહે છે તે પોતાના અસ્તિત્વને જાણતો નથી માટે તેની દૃષ્ટિ મિથ્યા થઈ.

૧૬. જ્ઞાનમાત્રભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાન કલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે, આ રીતે પોતે જ પોતાથી જાણવા યોગ્ય હોવાથી જ્ઞાનમાત્રભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્રભાવ-જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા આ ત્રણેય

ભાવોયુક્ત સામાન્ય વિશેષરૂપ વસ્તુ છે. આવો જ્ઞાનમાત્ર-ભાવ હું છું, એમ અનુભવ કરનાર જ્ઞાની પુરુષ અનુભવે છે.

૧૭. આ આત્મા જાણવાનું કામ કરે છે તે કાંઈ પરજ્ઞેય છે માટે જાણે છે એમ નથી અને પરજ્ઞેયને જાણે છે માટે આત્મા જાણનાર છે એમ પણ નથી. જાણવાની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે તે છ દ્રવ્યનું જ્ઞાન પોતાની જ્ઞાનની પર્યાયરૂપ છે. તે પર્યાય છ દ્રવ્યના આકારે ભલે કહેવાય, પણ છે તો એ જ્ઞાનની પર્યાય. છ દ્રવ્ય જણાય છે-એમ નહી. છ દ્રવ્ય સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે. એ જ્ઞાન પોતે જ્ઞેય છે, પોતે જ્ઞાન છે અને પોતે જ જ્ઞાન દ્વારા જાણનારો જ્ઞાતા છે. ધર્મની દૃષ્ટિવંતને ત્રણે ભિન્ન ભાસતાં નથી.

૧૮. આત્માની જ્ઞાનક્રિયા જાણવાની અવસ્થારૂપ છે તે જ્ઞાનસ્વરૂપ છે, પરને જાણે છે માટે તે જ્ઞેયસ્વરૂપ છે-એમ નથી.વળી પોતે જ જ્ઞેયસ્વરૂપ છે. જાણનક્રિયા પોતે જ પોતાનું જ્ઞેય છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. જાણવાની પર્યાયમાં બાહ્યજ્ઞેયો જેવા સ્વરૂપે છે તેવું સ્વરૂપ જણાય છે છતાં બાહ્ય જ્ઞેયો આ જ્ઞાન પર્યાયથી તદ્દન જુદાં છે.

૧૯. આ શરીર, વાણી, મન આદિ જ્ઞાનની પર્યાયમાં જણાય છે તો શું એ જ્ઞેય જણાય છે? 'ના' એ તો જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની જાણનક્રિયા જ પોતે પોતાને જાણે છે. પોતે જ અભેદ વસ્તુ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. બાહ્ય પદાર્થો જાણવામાં આવ્યા છે? 'ના' એ સંબંધીનું જ્ઞાન પોતાપણે થયું છે, તે પોતે જ્ઞેય છે અને પોતાને જાણે છે.

૨૦. વસ્તુનુ સ્વરૂપ એવું છે. તારા જ્ઞાનની પર્યાય પરિણમે છે તે જ્ઞેયને લઈને નથી. ખરેખર જ્ઞેયને જાણનારી પર્યાય જ્ઞેયરૂપે નથી-જ્ઞેય તો જ્ઞાનથી જુદાં રહી ગયા છે. તારી જ્ઞાન પર્યાયનો ધર્મ તારાથી થયો તે તને જણાય છે, પર વસ્તુ નહિ. પણ આ રાગને જ્ઞાન જાણે છે ને? ના રાગ સંબંધીના જ્ઞાનપણે પરિણમેલી પોતાની જ્ઞાનપર્યાય-જ્ઞાનનો કલ્લોલ ઊઠે છે તેને જ્ઞાન જાણે છે. આત્માપરને કરે કે રાગને કરે એવું તો એનું સ્વરૂપ છે જ નહિ, પણ પરને જાણે છે એવું પણ એનામાં નથી. ભગવાન જ્ઞાન સ્વરૂપ ચૈતન્યજ્યોત-વસ્તુ પરમાં ફેરફાર કરે એ વાત છે જ નહિ. પણ પરને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે.

૨૧. એક વાત :- બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે.
બીજી વાત:- જ્ઞેયો જ્ઞાનમાં પેસતાં નથી. જ્ઞેયોની આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞેયને જાણ્યાં એમ કહેવું તે વ્યવહાર છે.
ત્રીજી વાત:- માટે જ્ઞેયો જ્ઞાનમાં આવે છે એમ માનનારા પોતાની જ્ઞાનની અવસ્થા પોતાના અસ્તિત્વમાં પોતાથી પરિણમે છે એમ માનતાં નથી.
ચોથી વાત:- જ્ઞેયો જ્ઞાનમાં આવે છે એમ માનનારા પોતાની જ્ઞાનની નિર્મળ સ્વચ્છ અવસ્થા આવડી મોટી છે તેને જ હું જાણનાર છું એમ ન માનતાં, પરના અસ્તિત્ત્વને લઈને મને જ્ઞાન થયું એમ માનનારે સ્વના અસ્તિત્ત્વની મહત્તાની ખબર નથી.

૨૨. છ દ્રવ્યના જ્ઞાનનું પરિણમન પોતાના જ્ઞાનના કલ્લોલમાં થયું તે તો પોતાના અસ્તિત્વમાં જ્ઞાનની પર્યાયનું પરિણમન થયું છે; છ દ્રવ્યનું પરિણમન અહીં આવ્યું નથી. તારા જ્ઞાનની પર્યાયનું અસ્તિત્ત્વ એવડું મોટું છે કે તે જ્ઞેયને લઈને નહિ. અહીં તો એના સંબંધીના

પોતાના જ્ઞાનનું અસ્તિત્ત્વ છે. પોતાના જ્ઞાનની પર્યાય જ એવડી મોટી છે તેને પોતે જાણે છે.

૨૩. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતા એટલે જ્ઞાનમાં કાંઈ આવી જતું નથી પણ બતાવે છે કે જ્ઞાનનો આકાર એવો થાય છે કે જેવી પર ચીજ છે એવા જ્ઞાનરૂપે પરિણમવાનું પર્યાયનું અસ્તિત્ત્વ પોતાના સ્વભાવથી પોતાના કારણે થાય છે. કેટલી સૂક્ષ્મતા અને કેટલી વાસ્તવિકતા ? અને કેટલી અસ્તિત્ત્વની મહત્તા !

૨૪. અનંત શક્તિમાંથી એકરૂપ વસ્તુને લાવ્યા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચારમાંથી એકમાં લાવ્યા. ત્રણ ભેદમાંથી એક અભેદમાં લાવ્યા, કે જાણનારો પણ હું, જ્ઞાન વડે જાણુ પણ હું અને જણાય તે પણ હું, ત્રણેયમાં હું નો હું છું. જ્ઞાન-જ્ઞેય અને જ્ઞાતા ત્રણમાં કોઈ બીજી ચીજ નથી. એક પોતે જ છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવજ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણેય ભાવો યુક્ત સામાન્ય-વિશેષરૂપ વસ્તુ છે. સામાન્ય એટલે ધ્રુવ અને જાણવાની પર્યાય એ વિશેષ-એ બધું પોતે છે. આવો જ્ઞાનમાત્ર જ્ઞાયકભાવ તે હું છું એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.

વસ્તુ સ્વરૂપની મર્યાદા

૨૫. વસ્તુની મર્યાદા-હદ એટલી છે કે જ્ઞાન દ્વાર જ્ઞાન જ્ઞાનને જ જાણે છે એટલે કે હું તે જ્ઞાન, મારા દ્વારા એટલે કે જ્ઞાન દ્વારા મને જ એટલે જ્ઞાનને જ જાણું છું.

૨૬. શ્રોતાઃ સ્વની પર્યાયને જ જાણે છે તો આ રાગ-દ્વેષ કેમ થાય છે? સમાધાનઃ- રાગ-દ્વેષ છે જ ક્યાં ? રાગ-દ્વેષ છે જ નહીં-એમ કહે છે. પોતાની પર્યાયને જાણે એમાં રાગ-દ્વેષ કરવાનું રહેતું જ નથી અને રાગ-દ્વેષ છે જ નહી એમ કહે છે. જુઓ, આ સર્વજ્ઞે કહેલું વીતરાગી તત્ત્વ!

૨૭. એક સમયની જ્ઞાનની પર્યાય છ દ્રવ્યને જાણવાપણે પરિણમી એ એને જાણવાપણે પરિણમી નથી પણ પોતાની પર્યાય એટલી મોટી છે તેજ જાણવાપણે પરીણમે છે. 'જ્ઞેયાના આકારની ઝલક...' એ ઝલક એટલે કાંઈ તે પર્યાયમાં ઘુસી જતા નથી. જ્ઞાનનો પર્યાય જ સાકાર એવો થાય છે કે જેવી પર ચીજ છે એ પણે પરિણમવાની પોતાની પર્યાયનું અસ્તિત્ત્વ પોતાના સ્વભાવથી પોતાના અસ્તિત્ત્વમાં પોતાના કારણે થાય છે.

૨૮. તે જ્ઞાન કલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. વસ્તુસ્થિતિની હદ-મર્યાદા આવડી છે. ભગવાન આત્મા પોતે જ પોતાથી જણાવા યોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી, પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ રીતે એક જ છે. જ્ઞેય પણ પોતે, જ્ઞાન દ્વારા જાણે પણ પોતે અને જ્ઞાતા પણ પોતે. આમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા એક જ છે.

૨૯. વસ્તુનું હોવાપણું પરને લઈને નથી. એ જ્ઞાનની પર્યાય પોતે જ્ઞેયપણે પરિણમી છે-એ અસ્તિત્ત્વ પોતાને લઈને પોતાનું છે, એને બદલે પરને કારણે પોતાનું અસ્તિત્ત્વ માનવું એ મિથ્યાત્વ છે. આમ, જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન- જ્ઞેય- જ્ઞાતા એમ ત્રણે ભાવોયુક્ત સામાન્ય-વિશેષરૂપ વસ્તુ છે. આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું એમ અનુભવી જીવ અનુભવે છે.

૩૦. તારું જ્ઞાન તારા કારણે તે ક્ષણે તે પ્રકારનું પરિણમન કરે તેને આત્મા જ્ઞેય તરીકે જાણે છે. સામાન્ય જ્ઞાન તે ધ્રુવ છે અને વિશેષ તે પલટતી પર્યાય છે. આ સામાન્ય જ્ઞાન અને વિશેષ બંને જ્ઞેય છે. આવો જ્ઞાનમાત્ર ભાવ તે હું છું. જ્ઞેય પણ પોતે અને જ્ઞાન પણ પોતે છે. તેમાં પરની સાથે કાંઈ સંબંધ છે જ નહી.

એક જ્ઞાયક ભાવ તે જ નિશ્ચય આત્મા

૩૧. એક જ્ઞાયકભાવ તે જ નિશ્ચય આત્મા અને તે જ્ઞાયક ભાવમાં મુનિની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય અને સિધ્ધની પર્યાયનો અભાવ! મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાયને કરે નહીં તે જ્ઞાયકભાવ! આહાહા! પર્યાય પર્યાયને કરે! કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે કે સિધ્ધની પર્યાય ઉત્પન્ન થાય છે. એ પર્યાય ષટ્કારકથી પરિણમતી પોતાથી ઉત્પન્ન થાય છે. જેને દ્રવ્યની અપેક્ષા નથી.

૩૨. જાણનાર : જાણવાની પર્યાયનો પણ અકર્તા : ધર્મી શુભાશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે, ત્યારે વિચારક જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન થયો કે નીચલી ભૂમિકામાં તો જ્ઞાનીને રાગ અને રાગનું ફળ પર્યાયમાં હોય છે છતાં આપે તેને અકારક-અવેદક કહ્યો તે કઈ રીતે ? આચાર્યદેવ દ્રષ્ટાંતપૂર્વક સમજાવે છે કે જેમ આંખ અગ્નિને સળગાવતી નથી કે લોખંડના ગોળાની જેમ આંખ ઉષ્ણતાને ભોગવતી નથી. માત્ર દ્રશ્ય પદાર્થને દેખવારૂપ સંબંધ છે પણ કરવા ભોગવવા સંબંધ નથી. તેમ આત્મા પણ પોતાને જાણવા-દેખવાના સ્વભાવને લીધે પોતાથી અત્યંત ભિન્નપણાને લીધે રાગાદિને જાણે જ છે, પરંતુ કરતો ભોગવતો નથી. બંધને મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે જ પર્યાય થવાની જ છે તે થાય છે, થાય જ છે તેને કરવી એટલે શું ? જે થાય જ છે અથવા તો તે કાળે જે પર્યાય છે જ તેને કરવી એટલે શું ? દ્રવ્યદ્રષ્ટિ થવાથી ભાવ નામના ગુણને લીધે નિર્મળ પરિણતિ તે તે કાળે થાય જ છે તો તેને કરવી શું ? જે છે તેને માત્ર જાણે જ છે! અરે નિર્જરાને જાણનાર પર્યાયને પણ ક્યાં કરવી છે ? જાણવાની પર્યાય પણ તે કાળે સત્ છે, તે તે સમયે જાણવાની પર્યાય છે જ, તેને કરવી શું ? જાણવાની તે કાળે તે પર્યાય એ રીતે જ છે. તેને પણ કરવી નથી! આહાહા! અકર્તાપણાની ઉત્કૃષ્ટ આ વાત છે. જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્ય-ગુણ પણ એના કર્તા નહિ-એમ કહીને એકલી સર્વજ્ઞતા સિધ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિધ્ધ કર્યું છે.

'જે જ્ઞેયાકાર થાય છે તે જ્ઞાનાકાર પોતાનો જ છે.'

૩૩. નમઃ સમયસારાય, સ્વાનુભૂત્યા ચકાસતે;
ચિત્ સ્વભાવાય ભાવાય, સર્વ ભાવાંતરચ્છિદે ........... સમયસાર કળશ નં. ૧

૩૪. નથી અપ્રમત્ત કે પ્રમત નથી, જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીતે 'શુધ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ........... સમયસાર ગાથા ૬

૩૫. બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુધ્ધતા તેને નથી...અગ્નિ જાણે પરને બાળતો હોય એમ લાગે છે તેથી તેને દહન

કહેવાય છે. અગ્નિ બળવા યોગ્ય પદાર્થને આકારે થાય છે તે બળવા યોગ્ય પદાર્થના કારણે થઈ નથી. અગ્નિ પોતેજ પોતાના સ્વભાવથી તે આકારે થઈ છે. તેમાં તેને પર પદાર્થની પરાધીનતા નથી.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને 'જ્ઞાયકપણું' પ્રસિધ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુધ્ધતા તેને નથી. જ્ઞેયાકાર થાય છે તે જ્ઞાનાકાર પોતાનો છે. જે જ્ઞાયક છે તે પોતાને જાણે છે અને બીજી ચીજને પણ જાણે છે માટે તે જ્ઞાયકપણે પ્રસિધ્ધ છે, તે જ્ઞાયકપણું તેના પોતાના સ્વભાવથી જ છે, પરથી નથી. જણાવાયોગ્ય પદાર્થના કારણે જાણનારનું જ્ઞાન નથી. સ્વનું જ્ઞાન તો પોતાથી થાય છે પણ પરનું જ્ઞાન પણ પોતાથી થાય છે. રાગ થાય છે તે સંબંધીનું જ્ઞાન પણ પોતાથી થાય છે, રાગને કારણે નહિ. સ્વના પ્રકાશપણાની શક્તિના કારણે જ્ઞાન સર્વેને પ્રકાશે છે તેથી જ્ઞેયને જાણતાં જ્ઞાનમાં અશુધ્ધતા કે પરાધીનતા થઈ છે-એમ નથી.

૩૬. રાગનું જ્ઞાન થાય છે તેને રાગનું કહેવું એ વ્યવહાર છે કારણ કે જ્ઞાન તો પોતાનું છે, જ્ઞાન કાંઈ રાગનું થઈ ગયું નથી. રાગને જાણવાથી જ્ઞાનમાં કાંઈ અશુધ્ધિ આવી જતી નથી. સ્વને જાણનાર જ્ઞાન અને પરને જાણનાર જ્ઞાન એ જ્ઞાયકનું સ્વ-પર પ્રકાશન જ્ઞાન છે તે કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે.

૩૭. જ્યારે જ્ઞાયક જ્ઞાયકપણે જણાયો ત્યારે જાણનારને તો જાણ્યો અને 'જાણનાર' છે માટે તેણે પરને પણ જાણ્યા-એમ કહેવાય. પણ ખરેખર તો પર છે તેને જીવે જાણ્યા-એમ નથી. રાગાદિ થાય છે તેને જાણે છે પણ તે રાગના કારણે નહિ. જ્ઞાનની પર્યાયનું સ્વ-પર પ્રકાશક સામર્થ્ય જ એવું એ કે તે પોતાથી જ બધાને પ્રકાશે છે. જ્ઞાયક જ્ઞાયકને તો જાણે છે અને પર્યાયને પણ જાણે છે તેમાં પર સંબધીનું જ્ઞાન પોતાથી પોતામાં થઈ જાય છે.

૩૮. 'જાણનારો' કહેતાં એ પરને જાણે છે એમ થાય છે પણ તે જ્ઞાન પરને લઈને પરના આકારે થતું નથી. તેમ જ રાગનું જ્ઞાન થાય છે તે પણ રાગના કારણે થતું નથી. રાગ માત્ર જાણેલો પ્રયોજવાન છે.

૩૯. પ્રશ્ન તો ઊઠે તેવો છે કે જાણનાર છે તે સ્વ-પર પ્રકાશક છે માટે પરને જાણતાં તેનું જ્ઞાન પરના આકારે થાય છે તો એટલી તો જ્ઞાનમાં અશુધ્ધતા આવી ને? ઉત્તર આમ છે કે 'ના'. પરને જાણતી જ્ઞાનની પર્યાય કે રાગને જાણતી જ્ઞાનપર્યાયને અમે પરથી કે રાગથી તે પર્યાય થઈ છે એમ જાણતાં નથી. તે જ્ઞાનપર્યાય પરની કે રાગની નથી. દ્રવ્ય સ્વભાવનું સામર્થ્ય તો મહાન છે પણ તેની પર્યાય પણ પોતાના સામર્થ્યથી થયેલ છે તેમાં તેને પરની કે રાગની અપેક્ષા નથી. સ્વને જાણતાં કે પરને જાણતાં મારી જ્ઞાનપર્યાય મારા પોતાથી થઈ છે એમ અમે જાણીએ છીએ. જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાય છે. પરની પર્યાયપણે જણાતો નથી.

૪૦. સામે પુસ્તક છે ને! જ્ઞેયાકાર અવસ્થામાં પણ તે જ્ઞાયકપણે જણાય છે એમ કહ્યું છે. જ્ઞેયકૃત અશુધ્ધતા જ્ઞાનમાં આવતી નથી એટલે કે જેવું જેવું જ્ઞેયનું-રાગનું પરિણમન થાય એવું એવું જ્ઞાન જાણવાપણે પરિણમે છે પણ જ્ઞાનને તે જ્ઞેયની પરાધીનતા નથી.

જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાનનું પરિણમન જ્ઞાયકપણે જણાય છે માટે જે જણાય છે તે ચીજ નહિ પણ તેમાં જાણનારો જણાય છે.

૪૧. જ્ઞાયકને જાણનારનુ જ્ઞાન રાગના જાણવા કાળે રાગ આકારે થાય છે પણ તેમાં તેને રાગનું અવલંબન નથી-પરાધીનતા નથી. જ્ઞાનની પર્યાયનો જ પોતાનો એ કાળે એ રૂપે પરિણમવાનો સ્વભાવ છે માટે તે કાળે રાગ જણાયો નથી પણ જાણનારની પર્યાય જણાઈ છે. જ્ઞેયાકારના કાળે પણ તે પોતાને જાણે છે અને સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ તે પોતાને જ જાણે છે.

૪૨. દીવાનું દ્દષ્ટાંત આપ્યું છે કે દીપક ઘટ-પટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી. તેમ જ્ઞાયક પોતાને જાણે કે પરને કે રાગને જાણે તે દરેક વખતે જ્ઞાયક જ્ઞાયકપણે જ રહે છે. પોતે જાણનારો છે માટે કર્તા છે અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ છે. આમ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથીજ્ઞાયક જ છે. આ પર્યાયની વાત છે હો! જાણનારને જાણ્યો અને જ્ઞેયને જાણ્યા તે બંને કાર્ય એક જ્ઞાયકના જ છે.

૪૩. હવે જ્યારે જીવે પોતાના સર્વજ્ઞ સ્વભાવને જાણ્યો ત્યારે તો તે સ્વને જાણે છે પણ પરને જાણે છે એ વખતે પણ તે જાણનારપણે જ જણાય છે. પરને કે રાગને જાણતાં તે પર કે રાગપણે થયો નથી, જાણનારપણે જ રહ્યો છે અને જાણનારપણે જ જણાય છે. હું કોણ છું ? હું જ્ઞાયક છું અને હું મારી પર્યાયને જાણનારો છું. માટે જ્ઞાનની પર્યાય મારું કર્મ છે અને હું કર્તા છું. ખરેખર તો પર્યાય જ કર્તા છે અને પર્યાય જ કર્મ છે, દ્રવ્ય તો ધ્રુવ છે પણ અહીં જ્ઞાયકને કર્તા તરીકે રાખીને કર્તા-કર્મ પણું સિધ્ધ કર્યું છે. રાગના જ્ઞાનકાળે રાગ કર્તા અને જ્ઞાનની પર્યાય કાર્ય-એમ નથી.

૪૪. તું મહાપ્રભુ છો તો તારી પર્યાય પણ મહાપ્રભુની છે. જે જણાયો છે તેની એ પર્યાય છે-રાગની નથી. જ્ઞાનમાં જ્યાં સ્વ જણાય છે ત્યાં પરનું જાણવું પણ થાય છે ને! હા, થાય છે, પણ તે પરના કારણે થતું નથી. જાણનાર પર્યાય પોતાની સ્વ-પર પ્રકાશકપણે પરિણમવાની તાકાતથી પરિણમી છે માટે તે પર્યાય કર્મ છે અને આત્મા કર્તા છે-પરદ્રવ્ય તેનો કર્તા નથી.

૪૫. ખરેખર ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે, દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ છે પણ પરિણમન નથી. વ્યવહારનો વિકલ્પ ઊઠે છે તેનું જ્ઞાન થાય છે તે વ્યવહારથી થતું નથી, જ્ઞાન પોતે પોતાથી થાય છે. રાગમાં જ્ઞાન જ ક્યાં છે કે તેનાથી જ્ઞાન થાય! દીવાની જેમ જ્ઞાયકમાં કર્તા-કર્મનું અનન્યપણું છે, અનેરાપણું નથી. જ્ઞાયક પોતે કર્તા છે અને જ્ઞાન તેનું કર્મ છે, બંને જુદાં નથી એક જ છે. રાગ સંબંધીનું જ્ઞાન થાય છે તે જ્ઞાનને કર્તા પોતે છે, રાગ કર્તા નથી અને રાગને કારણે તે જ્ઞાન થયું નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ- પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે.

ઘટ-પટ ને પ્રકાશવાકાળે દીવો કાંઈ ઘટ-પટ પણે થતો નથી અને ઘટ-પટ છે માટે તે પ્રકાશે છે એમ પણ નથી. દીવો તો પોતાના પ્રકાશપણાના કારણે પ્રકાશે છે. તેમ જ્ઞાયક પોતાને પ્રકાશવાકાળે જ્ઞાયક જ છે અને જ્ઞાયક પરને પ્રકાશવા કાળે પણ જ્ઞાયક જ છે,

તે કાળે તે પરરૂપ થતો નથી. જ્ઞાનની પર્યાય પોતાને પ્રકાશે છે કે પરને પ્રકાશે કે રાગને પ્રકાશે પણ તે તો જ્ઞાનની પર્યાયપણે રહીને જ સર્વને પોતાના સ્વભાવથી પ્રકાશે છે. પરકે રાગના કારણે તે તેને પ્રકાશે છે-એમ નથી.

૪૬. જ્ઞાનની પર્યાયમાં સ્વને જાણ્યો એવી જ જ્ઞાનની પર્યાયમાં પરને પણ જાણ્યાં તે જ્ઞાનપર્યાય પરથી થઈ નથી, પોતાથી થઈ છે એટલે ખરેખર તો તો તેણે પોતાની પર્યાયને જ જાણી છે કારણે કે તે પર્યાયમાં જ્ઞેયો આવ્યા નથી. દીવાના પ્રકાશમાં ઘટ-પટ પ્રકાશે છે તે ઘટ-પટ કાંઈ દીવાના પ્રકાશમાં આવી જતાં નથી, તેમ જ્ઞેયો જ્ઞાનમાં આવી જતાં નથી. ચૈતન્યચંદ્ર ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે એમ જ્યાં પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞપણાનું જ્ઞાન થયું તે સ્વનું જ્ઞાન અને તે જ જ્ઞાન પરને અને રાગ થાય તેને જાણે છે તે બધું જ્ઞાન પોતાનું જ છે. જ્ઞાનમાં કોઈ પરદ્રવ્ય કે રાગનો પ્રવેશ નથી અને જ્ઞાનની પર્યાય પર કે રાગના કારણે થતી નથી. સ્વ અને પર એમ બે જ્ઞેય છે તેને જાણવાકાળે જ્ઞાન પોતે પોતાથી પરિણમે છે-એ અહીં સિધ્ધ કરવું છે.

૪૭. "આત્મા પરદ્રવ્યને જાણે છે"-એ વ્યવહાર કથન છે, "આત્મા પોતાને જાણે છે", એમ કહેવામાં પણ સ્વસ્વામી અંશરૂપ વ્યવહાર છે. 'જ્ઞાયક જ્ઞાયક જ છે' એ નિશ્ચય છે.

૪૮. આત્મા ચાલે, બોલે, પરને મદદ કરે, પરથી મદદ લે એ વસ્તુ સ્વરૂપમાં નથી. જ્ઞાન છે એમ બંધને તો શું પણ મોક્ષને પણ કરતું નથી! આહાહા...! બંધને ભલે ન કરે પણ મોક્ષ-પૂર્ણ દશાને તો કરે ને? તો કહે છે કે 'ના' તે કાળે તો પર્યાય થાય જ છે તેને કરે શું? ન હોય તેને કરવાનું હોય. જેની સ્થિતિ ન હોય તેને કરે તો કાંઈક કર્યું કહેવાય, પણ જાણનાર જ્ઞાની 'મોક્ષની પર્યાય છે' એમ જાણે છે એને જાણે બસ!

મોક્ષની પર્યાયને પણ જ્ઞાન-આત્મા કરે નહીં કેમ કે તેનામાં એક 'ભાવ' નામનો ગુણ છે. એ ભાવ ગુણને લઈને દૃષ્ટિ જે દ્રવ્ય ઊપર પડી અને દ્રવ્યનો સ્વીકાર થયો ત્યાં જે બંધ છે તેનો પણ કર્તા નથી રહેતો. તે ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય એને પણ કરતો નથી. આ છેલ્લી હદ છે! ખૂબ જ ખેંચી ને કહીએ તો જાણે-દેખ એમ કહીએ પણ ખરેખર તો પરનું જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે. પરને જાણે એ પણ વ્યવહાર છે. પોતે પોતાને જ જાણે છે તે નિશ્ચય છે.

<u>સમયસાર ગાથા ૩૨૦-સાર</u>

૪૯. પર્યાય એમ જાણે છે કે 'સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુધ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મા દ્રવ્ય તે હું છું, પર તો નહીં, રાગ પણ નહીં અને પર્યાય પણ નહીં. પર્યાય-તે પર્યાય તે હું પર્યાય છું.' એમ નથી માનતી.

૫૦. a) ''પોતાના સ્વભાવનો મહિમા મૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે.''

b) ભાઈ! જેમ સર્વજ્ઞ જાણે છે તેમ આત્મા પણ માત્ર જાણે છે. જે જે સમયે જે જે થાય તેને તે તે સમયે તે જ પ્રકારે જ્ઞાન પોતાથી જાણે છે. ત્યાં રાગથી કાર્ય થાય એમ રહેતું નથી અને આડું અવળું થઈ શકે એ વાત પણ રહેતી નથી અને વ્યવહારથી નિશ્ચય થાય તે વાત પણ રહેતી નથી.

c) તું જ્ઞાયક જ છો. એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું...કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય પર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દશા જ પલટી જાય છે.

d) જ્ઞાન તેને જ કહેવાય જેનાથી આકુળતા મટે!

e) વીતરાગ સ્વસંવેદન જ્ઞાન વિના મુક્તિ નથી.

f) આત્માનુભૂતિ એ જૈન શાસન છે.

g) પુણ્ય-પાપના ભાવોનો સ્વામી પુદ્દગલ છે.

h) શુધ્ધ ચૈતન્યનો અનુભવ સહજ સાધ્ય છે, યત્ન સાધ્ય નથી. એકલો પુરુષાર્થ જ કરું એમ નહીં એની સાથે આત્માની સ્વભાવની બધી શક્તિઓની પ્રતીતિ આવવી જોઈએ, એમ લેવું. અનંતગુણનો પિંડ પ્રભુ છે એને અનંતગુણોની પર્યાયને અંદરવાળીને જાણવો.

## જ્ઞાનનું કાર્ય

૧. જુઓ! એક વાત એવી છે કે, આ ત્રિકાળ જ્ઞાન છે ને, તેની વર્તમાન પર્યાય છે ને - અવસ્થા ! દરેક સમયે...

૨. એમાં આ જે (પર) જણાય છે, એમ જણાતું નથી, જ્ઞાનની પર્યાય જણાય છે, કારણ કે જ્ઞાનની પર્યાય અહીં જ્ઞાનમાં છે અને જે જ્ઞેયો જણાય છે તે જુદાં છે.

૩. તેથી તે જ્ઞેયોનું જે જ્ઞાન થાય છે એ (ખરેખર તો) જ્ઞાનનું જ્ઞાન થાય છે. શું કીધું ઈ ?

૪. જે આ કપડાં ને લૂગડાં ને દાગીના ને ઠીકણાં ને ફીકણાં ને બાયડી ને છોકરાં ને... એનું જે આમ જ્ઞાન થાય છે, તે જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં પોતાથી પોતાનું થાય છે, એનું નહિ.

૫. એના સંબંધીનું જ્ઞાન પોતાને, પોતાથી, પોતા વડે, પોતામાં થાય છે, પણ અજ્ઞાનીને એમ લાગે છે કે, એ વસ્તુ છે તેથી મને જ્ઞાન થાય છે. પણ એ વસ્તુમાં આ જ્ઞાન ક્યાં છે? અને એ વસ્તુનું જ્ઞાન ક્યાં છે ?

૬. આહા! પર વસ્તુમાં આ જ્ઞાન નથી, છતાં એને એમ લાગે છે કે, 'આ પર વસ્તુ દેખું છું ને તેથી જ તે જણાય છે, તેથી મને જ્ઞાન થાય છે.' આ માન્યતા જૂઠી છે.

૭. 'ગોળ છે (તેને) જાણું છું માટે ગોળને લઈને ગળપણનું જ્ઞાન થાય છે ' પણ અહીં પર્યાયમાં ગળપણનું જે જ્ઞાન (થયું, તે) ગોળની અપેક્ષા વિના થયું છે.

૮. પોતાને કારણે થવાનો (જ્ઞાનનો) સ્વભાવ છે તેને અજ્ઞાની ભૂલી જાય છે અને એમ માને છે પરનું જ્ઞાન પરથી થાય છે.

૯. આ વર્તમાન જ્ઞાનની પર્યાયની તે સમયે જેટલી જાણવાની યોગ્યતા છે તે પ્રમાણે જ્ઞાનની પર્યાયનો જ્ઞાનાકાર થાય છે અને એ જ્ઞાનની પર્યાય ખરેખર પોતાને જાણી રહી છે-તે વખતે નિમિત્ત તરીકે એવો જ જ્ઞેયનો જ્ઞેયાકાર હોય છે. આ જ્ઞાન સ્વભાવની આવી અદ્દભૂત વ્યવસ્થા છે. જે જાણે તે જ્ઞાની છે.

'જ્ઞાન આત્માને જ જાણે છે, પરને જાણતું જ નથી-અશક્ય છે.'

૧. એક તો જ્ઞાનની પર્યાય સ્વ-પર પ્રકાશક છે એ આગમનું વચન છે.

૨. બીજું સ્વ પરનો પ્રતિભાસ થાય છે એ પણ આગમ વચન પ્રસિધ્ધ છે.

૩. હવે આ બે વાતમાં તફાવત ક્યાં છે? અર્થમાં કાંઈ ફેર છે કે એક છે? આ સમજવા પ્રયત્ન કરીએ.

૪. સવિકલ્પ નિર્ણયની ભૂમિકામાં પરનું અને રાગાદિની કર્તૃત્ત્વબુધ્ધિ તો છૂટી ગઈ-આત્મા જ્ઞાનમય છે એટલે આત્મામાં જાણવું...જાણવું...જાણવું થાય પણ એમાં કાંઈ પરને કરે કે ભોગવે એ આત્માના સ્વભાવમાં નથી.

૫. એક જ્ઞાનનો સ્વચ્છ એવો સ્વભાવ છે એટલે કે...

   ૧. અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં સ્વ પરનો પ્રતિભાસ થાય છે.

   ૨. સાધક દશામાં પણ જ્ઞાનની પર્યાયમાં સ્વ પરનો પ્રતિભાસ થાય છે.

   ૩. કેવળજ્ઞાનની પર્યાયમાં પણ સ્વ પરનો પ્રતિભાસ થાય છે.

   ૪. આઠેય જ્ઞાનમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે.

૬. હવે પ્રશ્ન આ રહ્યો? ૧) સ્વ પરનો પ્રતિભાસ થાય છે એક વાત ૨) સ્વ પર બેયને જાણે છે એ બીજી વાત.

૭. કર્તૃત્ત્વ તો છોડ્યું પણ જ્ઞાનનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે તો સ્વને જાણવું અને પરને જાણવું...આ ભ્રમ ક્યાંથી આવ્યો?

૮. ભૂતાર્થને આશ્રયે-સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર-નિર્વિકલ્પ અનુભૂતિ ધ્યાનમાં થાય છે એ બરાબર ત્યારે તો ઉપયોગ સ્વને જ જાણે છે. હવે જ્યારે જ્ઞાની સવિકલ્પ દશામાં આવે ત્યારે એ જે રાગ જાણવામાં આવે છે તે વ્યવહાર જાણેલો પ્રયોજવાન છે એમ કહ્યું છે. તો સ્વને જાણતા જાણતા પરને જાણે છે જ્ઞાન તો એને સ્વ પર પ્રકાશક કહેવામાં આવે છે. સ્વને પણ જાણે અને ભેદને પણ જાણે. અભેદ ઉપર લક્ષ છે જ તેથી અભેદનું જાણવું તો છૂટતું નથી અને ભેદને જાણે છે. હવે પ્રશ્ન આ છે કે ભેદને જાણનાર કયું જ્ઞાન છે? પ્રતિભાસ થાય છે બેયનો અને બેને જાણે છે કે એકને જાણે છે અને બીજાને જાણતો નથી, ઇ શું છે?

૯. વીતરાગી પર્યાય એના સ્વકાળે પ્રગટ થાય ત્યારે લક્ષ આત્મા ઊપર છે તેથી આત્માને આશ્રયે થઈ એ વાત બરાબર છે, પરના લક્ષે થતી નથી અને એ પર્યાયનો કર્તા આત્મા નથી-સ્વયં એના ષટ્કારથી ક્ષણિક ઉપાદાનથી થાય છે.

૧૦. 'અભેદને જાણે તે નિશ્ચય અને ભેદને જાણે તે વ્યવહાર' સવિકલ્પ દશામાં શુધ્ધોપયોગ તો છે નહિ અને પરિણતિ આત્મામાં અભેદ છે એ ત્યાંથી છૂટીને આને જાણે તો પરિણતિ રહેતી નથી, અભેદમાં પરિણતી છે. અતીન્દ્રિયજ્ઞાન અભેદમાં છે. તો છે શું?

૧૧. ઇન્દ્રિય જ્ઞાન એને જાણે છે એક અપેક્ષાએ, આચાર્ય ભગવાને ૩૭૩ થી ૩૮૨ સમયસાર ગાથામાં કહ્યું છે-બુધ્ધિનો વિષય છે. ભેદ બધા બુધ્ધિના વિષયમાં જાય છે. બુદ્ધિ એટલે મન, મન એટલે ઇન્દ્રિયજ્ઞાન. એક એ અપેક્ષાએ વ્યવહાર કહેવાય. હવે એ સમ્યક્જ્ઞાન છે.

એની પ્રગટ થતી પર્યાયમાં એનો પ્રતિભાસ દેખીને જ્ઞાન એને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે.

૧૨. ભેદની સન્મુખ જ્ઞાન એક સમય માત્ર પણ નહીં થાય. કોઈ કાળે આત્માનું જ્ઞાન પરસન્મુખ તો થતું જ નથી, તારી બુદ્ધિ બગડી જશે તો પણ પરની સન્મુખ, જ્ઞાન આત્માને છોડીને પરની સન્મુખ થઈને પરને જાણે એ આત્માનો સ્વભાવ નથી. એ તો અજ્ઞાન થઈ જશે. ઇન્દ્રિયજ્ઞાન થશે. પર સન્મુખ થાય એ તો ઇન્દ્રિયજ્ઞાન હોય. આત્મજ્ઞાન પર સન્મુખ ન થાય ભાઈ! આત્માનું જ્ઞાન તો નિરંતર પોતાને આત્માને જાણવાનું છોડતું નથી એનું નામ સમ્યક્જ્ઞાન છે. હવે એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહ્યો એના બે પ્રકાર કહ્યા, પ્રતિભાસની અપેક્ષાએ, એ જાણે છે તો જ્ઞાન જ્ઞાનને, જ્ઞેયના પ્રતિભાસ વખતે જ્ઞાન જાણે છે તો જ્ઞાનને, પણ એનું નિમિત્ત દેખીને એ એને જાણે છે એવો ઉપચાર કરવામાં આવે છે એમાં કાંઈ વાંધો નથી. ઉપચારનું કથન છે. બે પ્રકારના અસદ્‌ભૂત વ્યવહાર અને બે પ્રકારના સદ્‌ભૂત વ્યવહાર. બે પ્રકારના સદ્‌ભૂત વ્યવહાર શું છે?

૧૩. ૧) પોતાના આત્માને જાણતાં જાણતા પરને જાણે છે એ હેતુવશ, છે તો એ જ્ઞાન નિર્વિકલ્પ, નિરાલંબી છે છતાં પણ બીજાનું અવલંબન લઈ બીજાને સમજાવે છે જ્ઞાન કોને કહેવાય? કે સ્વ-પરને જાણે તે જ્ઞાન કહેવાય. આ ઉપચરીત સદ્‌ભૂત વ્યવહાર કહેવાય છે.

૨) હવે ઉપચારને મૂકીને જ્ઞાન આત્મામાં આવે છે. આત્મા આત્માને જાણે છે એમાં ય સાધ્યની સિદ્ધિ થતી નથી. આત્મા આત્માને જાણે છે એ અનઉપચરીત સદ્‌ભૂત વ્યવહાર છે. પરને જાણે છે એ ઉપચારને કાઢી નાખ્યો. આત્મા આત્માને જાણે છે એવા ભેદરૂપ સ્વસ્વામી અંશના સંબંધમાં ભેદથી કોઈ સાધ્યની સિદ્ધિ નહીં થાય. જ્ઞાયક તો જ્ઞાયક જ છે-ત્યાં આવી જા. ભેદ નીકળી જશે.

૧૪. ભેદના લક્ષે જે વિકલ્પ ઊઠે છે અથવા ભેદના લક્ષે ઇન્દ્રિય જ્ઞાનનો જન્મ થયો હતો-આત્માને છોડે છે ત્યારે ઇન્દ્રિયજ્ઞાન ઊભું થાય છે. ઇન્દ્રિય જ્ઞાન એ જ્ઞાન નથી-એ તો જ્ઞેય છે. જગત આખું એને જ્ઞાન માને છે. શાસ્ત્ર જ્ઞાન એ જ્ઞાન નથી. બાર અંગનો ઉઘાડ એ ઇન્દ્રિયજ્ઞાન છે એ દ્રવ્યશ્રુતજ્ઞાન છે. ભાવશ્રુત તો એને કહીએ જે આત્મા સાથએ અભેદ હોય.

૧૫. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાત સાચી છે-એનાથી આગળ વધીને આત્મા આત્માને જાણે છે એ પણ વ્યવહાર છે એ પણ અભૂતાર્થ છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે એમાં સાધ્યની સિદ્ધિ છે.

૧૬. જ્ઞાન અર્થવિકલ્પાત્મક હોય છે ત્રણે કાળ અર્થાત જ્ઞાન સ્વ-પર પદાર્થને વિષય કરે છે. એટલો બે નો પ્રતિભાસ થાય છે. બેયના પ્રતિભાસમાં આવીશું તો જ્ઞાનમાં આવી જશું અને સ્વ-પર બેયને જાણે છે એમ લેવાથી જ્ઞેય સન્મુખ થઈ જશું. સ્વ-પર પ્રકાશમાં દોષ ઉત્પન્ન થશે. અને સ્વ-પરના પ્રતિભાસમાં અપેક્ષિત ગુણ પ્રગટ થશે અને નિરપેક્ષ અનુભવ થઈ જશે. બેય વાત આગમમાં છે. સ્વ-પર પ્રકાશક આગમમાં છે અને સ્વ-પરનો પ્રતિભાસ પણ આગમમાં છે. બસ એનો ભેદ સમજવાની જરૂર છે.

૧૭. જ્ઞાન સામાન્ય...જ્ઞાન એક જ છે. સામાન્યની અપેક્ષાએ જ્ઞાનના કોઈ ભેદ નથી. જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન...જાણવું...જાણવું...જાણવું... કોને જાણવું અને કોને ન જાણવું એમ વિવિક્ષા નહીં. વિવિક્ષાનો અભાવ છે તેને સામાન્ય જ્ઞાન કહે છે. જ્ઞાનમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે-જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે અને રાગાદિ-દેહાદિનો પ્રતિભાસ થાય છે. ત્યાં પૂર્ણ વિરામ કરી નાખવું. બેને જાણે છે એમ ન લેવું. પ્રતિભાસમાં પ્રતિભાસ છે. પછી કોને જાણે છે એનો આધાર પુરુષાર્થ ઉપર છે.

પરનું વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ એક જ જ્ઞાન સામાન્યજ્ઞાનના બે ભેદ થઈ જાય છે. વિષય ભેદે ભેદ છે એ જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરનો પ્રતિભાસ તો થાય છે. કોઈ એ જ્ઞાનના સ્વ-પરના પ્રતિભાસમાંથી જ્ઞાયકના પ્રતિભાસ તરફ જ્ઞાન વળી જાય છે તો સમ્યક્જ્ઞાન થઈ જાય છે. કોઈ એને કરતું નથી. બદલી જાય છે. અને પરના પ્રતિભાસ તરફ વળી જાય છે તો મિથ્યાજ્ઞાન થઈ જાય છે. કાં તો જ્ઞાનનું જ્ઞાનત્ત્વ પ્રગટે કાં તો જ્ઞાનનું અજ્ઞાનત્ત્વ થઈ જાય છે એ પોતાના પુરુષાર્થની વાત છે.

હું પરને જાણું છું, સ્વ-પરને જાણું છું એ તો ભ્રાંતિ છે. પણ સ્વ-પરને જાણું છું એ વ્યવહાર છે માટે ભ્રાંતિ તો મારે કરવી નથી. હોશીયાર બહુ છે-ડહાપણ બહુ કરે છે-એકલા પરને જાણે તો તો ભ્રાંતિ છે-સ્વ-પર બેયને જાણે કે બેયનો પ્રતિભાસ થાય છે? મોટો તફાવત છે. પૂર્વ પશ્ચિમ જેટલો તફાવત છે.અસાધારણ વાત છે. સ્વને જાણે તે નિશ્ચય, પરને જાણે તે વ્યવહાર. પણ જાણ્યું રાખ્યું ને પરનું. નિશ્ચયથી સ્વને જાણે અને વ્યવહારથી પરને જાણે થઈ ગયું સ્વ-પર પ્રકાશક! અરે ભાઈ! નિશ્ચયથી સ્વને જાણે અને વ્યવહારે પરને જાણે એ તું રહેવા દે થોડીવાર. જ્ઞાન આત્માને જાણે છે, પરને જાણતું જ નથી. તેમાં કથંચિત લાગુ ન પડે. સ્વભાવમાં કથંચિત લાગુ ન પડે. જ્ઞાનનો સ્વભાવ, જ્ઞાન જેનું હોય તેને જ જાણે છે, જેનું જ્ઞાન નથી તેને જાણતું નથી જે જેનું હોય તે જ હોય.

૧૮. કોઈ જીવને અત્યાર સુધી દેહનું કે રાગનું જ્ઞાન થયું જનથી. જો એમ થાય તો જ્ઞાન દેહ કે રાગરૂપે થઈ જાય. 'હું પરને જાણતો જ નથી' ત્યાં આવી જા. 'પરને જાણું છું' એ રહેવા દે ભાઈ!

અસ્તિમાં આવ્યો-આત્મા આત્માને જાણે છે એટલે આખા લોકાલોકની નાસ્તિ મારામાં છે. અસ્તિના જ્ઞાનમાં નાસ્તિનું જ્ઞાન આવી જાય છે. નાસ્તિની સન્મુખ થવું નથી પડતું. જે આત્મામાં નથી તેને સિદ્ધ કરવા માટે જ્ઞાનનો ઉપયોગ ત્યાં મૂકવો પડતો નથી.

૧૯. પર સન્મુખ થાય અને જાણે એને ભગવાન જ્ઞાન કહેતા જ નથી,એ તો ઈન્દ્રિયજ્ઞાન છે-અજ્ઞાન છે. 'જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી.' પરને જાણવાનો નિષેધ કરે છે. હવે જ્યાં પ્રતિભાસની વાત આવી ત્યાં ઉપયોગ ક્યાં જાય છે સ્વ સન્મુખ કે પર સન્મુખ તેના પર આધાર છે. સ્વ-પરનો પ્રતિભાસ થાય છે માટે પરનું લક્ષ કરવું એવું અનિવાર્ય નથી અને જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે માટે જ્ઞાયકને જાણવું જોઈએ એવો ય પ્રતિબંધ નથી. પરને જાણવામાં રોકાવાની જરૂર નથી-પ્રતિભાસ થાય પણ જણાય નહીં. રાગનો પ્રતિભાસ થાય પણ રાગ જણાય નહિ. લોકાલોકનો પ્રતિભાસ થાય પણ લોકાલોક જણાય નહિ. એવી અપૂર્વ વાત છે.

૨૦. જ્ઞાયકને જ્ઞાન અભિન્ન છે. જ્ઞાયકને રાગ સર્વથા ભિન્ન છે. અંતર્મુખ થઈને આત્માના દર્શન કેમ થાય એની આ વાત છે. સાધકને બેય જ્ઞેયનું જ્ઞાન થાય છે એક સાથે. એક સ્વજ્ઞેય અને બીજું પરજ્ઞેય. જેમ જ્ઞાનના બે ભેદ પડે છે તેમ ચારિત્રના બે ભેદ પડી જાય છે. બે ધારા. કર્મ ધારા અને જ્ઞાનધારા એમ જ્ઞેયના બે ભેદ પડી જાય છે. પરાશ્રિત પરિણામ એ પરજ્ઞેયને જાણે છે, સ્વાશ્રિત આત્મામાં અભેદ થતાં પ્રગટ થાય છે. પછી એક જ્ઞેય ઘટતું જાય છે અને બીજું જ્ઞેય વધતું જાય છે-ઘટતાં ઘટતાં આ પૂર્ણ થઈ જાય છે એને ધ્યેયપૂર્વક જ્ઞેય થઈ ગયું એમ કહેવામાં આવે છે. આવી સમજણની વાત જરા વિચારવા જેવી છે- સમજાઈ જશે તો કલ્યાણ થઈ જશે.

**પ્રતિભાસ (વિશેષ ચિંતવન)**

૧. પ્રતિભાસ એટલે વિશેષ ઉપયોગ-સામાન્ય ઉપયોગ નહીં. જેવા જ્ઞેયો હોય એવા જ્ઞેયોનું જ્ઞાનાકારે જણાવું એને પ્રતિભાસ કહે છે.

૨. આ પ્રતિભાસ છે એ જાણનક્રિયારૂપે જ છે. એ અખંડ પ્રતિભાસરૂપ એક જ પર્યાય છે. એમાં બે ભેદ નથી. પ્રતિભાસવું એ જ્ઞાનની પર્યાયમાં છે અને પ્રતિભાસમય જે છે એ ત્રિકાળ છે.

૩. એ જ્ઞેય જેવા આકારો પોતાના જ્ઞાન વડે જણાય છે ત્યારે એ પોતાની શક્તિથી, પોતાના સામર્થ્યથી, પોતાની સ્વ-પર પ્રકાશક શક્તિથી જણાય છે એને પ્રતિભાસ કહેવાય છે.

૪. પ્રતિભાસ તો દરેક સમયે રહેવાનો જ છે. નિગોદથી લઈને કેવળજ્ઞાન સુધી પ્રતિભાસ તો જ્ઞાનમાં રહેશે જ.

૫. પ્રતિભાસ છે તે જ્ઞાન છે અને જ્ઞાન તે હું છું (જ્ઞાયક છું), તો પ્રતિભાસરૂપ જ્ઞાન નિશ્ચય થઈ ગયો. જ્ઞેયાકાર જેવા આકારો જણાય છે એને ગૌણ કર્યા તો વ્યવહાર થઈ ગયો.

૬. જ્ઞાન જ્ઞાનની મર્યાદામાં રહેતું નથી, એટલે જેવું એનું ખરેખર જણાવવું થઈ રહ્યું છે એ જાણવાને એ ગૌણ કરે છે, જેવું પોતાનું સ્વરૂપ છે, જેવી વ્યવસ્થા છે એને ન જાણતાં, પ્રતિભાસને જોઈને ભ્રાંતિ કરે છે. આવી ભ્રાંતિ મિથ્યાત્વ છે.-જે અનંત સંસારનું કારણ છે.

૭. જાણવાની વ્યવસ્થામાં જો એટલું સમજાય કે જ્ઞાયક અને જ્ઞાન એવો ભેદ જ્ઞાયકમાં નથી, જ્ઞાયક અને જાણવું એવો ભેદ જ્ઞેયમાં નથી તો આખી વાત સ્પષ્ટપણે સમજાતાં એ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરતો જ પરિણમે છે. પોતાના જ્ઞાન પરિણામની અંદર જ્ઞાયક સમજાવો જોઈએ.

૮. સ્વભાવના પ્રતિભાસને મુખ્ય કરે અને પર્યાયમાં થતાં પરનાં પ્રતિભાસને ગૌણ કરે તો એ જ્ઞાનનું એકાંત થઈ જાય-એને જાણવાની પ્રક્રિયામાં જ્ઞાયક જ જણાય છે.

૯. કેવળજ્ઞાનમાં બધા પ્રતિભાસો ગૌણ થઈ જાય છે, આખું લોકાલોક પર્યાયમાં પ્રકાશે છે પણ ગૌણ પણ જણાય છે અને એક માત્ર જ્ઞાન એટલે 'હું જ છું' એટલું રહી જાય છે. આ ધ્યેયપૂર્વક જ્ઞેય થઈ ગયું.

''દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ'' બોલ નં ૨૫૦

("આત્મ પ્રાપ્તિ કેમ થાય" આ વિષયમાં જિજ્ઞાસાપૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે)

૧. રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહી. ચોવીસે કલાક ચિંતવનમાં-વગરચિંતવનમાં એક આ જ (સ્વરૂપનું ઘોલન) ચાલતું રહે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે-તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.

૨. વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિને ટાંકી દો, "હું તો આ જ છું" સુખ-દુઃખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. "હું તો આ જ છું" વિચાર ચાલે, તેની ગૌણતા રાખો. "હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું." બસ આ જ દઢતા કરતા રહો.

૩. સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ. એકાંતો વધુ અભ્યાસ રહેવો જોઈએ (જેથી સ્વરૂપ-ઘોલન વધે)

૪. આ સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું તો જીવ નિગોદમાં ચાલ્યો જશે. એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે, (જે યથાર્થ નથી.) પરંતુ અભિપ્રાયમાં નિગોદની અવસ્થા હો કે સિદ્ધની, મારો કાંઈ બગાડ-સુધાર નથી. (હું અવસ્થારૂપ નથી.) એવી 'હું અચલિત વસ્તુ છું' -એવી શ્રધ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.

૫. પરદ્રવ્યની સાથે તો કોઈ સંબંધ જ નથી. એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ- પછી વસ્તુ ત્રિકાળી ધ્રુવ અને પરિણામ (ઉત્પાદ-વ્યય) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દેવો. ચોવીસે કલાક બસ આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ જ એકની જ મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ.

**વિશેષ દઢતા માટે નીચેના બોલ વિચારો :**

૧. એક જ (MASTER KEY) છે, બધી વાતોમાં, બધા શાસ્ત્રોમાં એક જ સાર છે. 'ત્રિકાળીપણામાં અહંપણું જોડી દેવાનું છે.' (૯૦)

૨. હું જ પુરુષાર્થની ખાણ છું ને! દૃષ્ટિ એ પુરુષાર્થની ખાણનો કબજો લઈ લીધો પછી પર્યાયમાં પુરુષાર્થ, સુખ વગેરે સહજ થાય જ છે. (૨૫૫)

૩. વર્તમાન અંશમાં જ બધી રમત છે. તે અંતરમાં દેખશે તો (અનંત) શક્તિઓ દેખાશે, અને બહિર્મુખ થશે તો સંસાર દેખાશે. બસ, અંશથી (કોઈ જીવ) બહાર તો જતો નથી. આટલી મર્યાદામાં રમત છે. (૫૪૭)

૪. સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા ધ્રુવ, અભેદ, એકરૂપ, શુદ્ધ, અખંડ કૂટસ્થ, અપરિણામી છે. (૨૮૬)

૫. પુરુષાર્થના ધામમાં પુરુષાર્થ જામી ગયો-તેજ પુરુષાર્થ છે. જ્ઞાન ધામમાં જ્ઞાન જામી ગયો-તે જ જ્ઞાન છે સુખ ધામમાં સુખ જામી ગયો-તે જ સુખ છે. (૫૦૫)

૬. (પોતાના સુખ માટે) આખા જગતમાં બસ હું જ એક વસ્તુ છું અને કોઈ બીજી વસ્તુ છે જ નહિ. અરે! બીજી કોઈ વસ્તુ છે કે નથી, એવો વિકલ્પ પણ શા માટે ? (૫૭૮)

૭. વિકલ્પ સહજ થાય છે, નિર્વિકલ્પતા પણ સહજ થાય છે અને હું પણ સહજ છું. (૫૫૫)

**(જ્ઞેયાકાર અને જ્ઞાનાકાર) / આત્માની અનુભૂતિ એ જ જૈન શાસન છે.**

૧. વળી પરમાર્થથી વિચારીએ તો...જે જ્ઞાન જ્ઞેયાકાર દ્વારા જાણવામાં આવતું હતું તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. જ્ઞાન તો એનું એ જ છે. જ્ઞેયાકારમાં જે જ્ઞાન રોકાતું હતું, તે જ્ઞાન આ બાજુ જોતાં, તે જ જ્ઞાન પરથી જુદું પડી જાય છે. જે જ્ઞેયાકારથી જ્ઞાન જાણવામાં આવતું, તે જ જ્ઞાન જ્ઞાનાકારથી જાણવામાં આવે તો, જ્ઞાન તો તે જ છે.

૨. સંયોગી ચીજથી લક્ષ છોડી અને અંદરમાં દયા, દાન કે વ્રત, ભક્તિ, કામ, ક્રોધ તેનું પણ લક્ષ છોડી, એક સમયની વર્તમાન જ્ઞાનની પર્યાયને ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તરફ ઝુકાવતાં, પર્યાયમાં સામાન્ય જ્ઞાન એટલે કે પર જ્ઞેયના આકારનો મિશ્ર ભાવ ન આવતાં, એકલો જ્ઞાનનો ભાવ આવે, એને અહીંયા સામાન્ય જ્ઞાન કહે છે. આવું, જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. આત્મા ચૈતન્યસ્વરૂપદ્રવ્ય છે, તેના તરફનો અનુભવ કરતાં પર્યાયમાં સામાન્યપણું એટલે જ્ઞેયોના આકારના ભેદથી ખંડ થાય છે, તે ખંડ નથતાં, જ્ઞાનાકારનો જ્ઞાન સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય, તેને જ્ઞાનનો અનુભવ, તેને જૈન શાસન, તેને સમકિત અને સમ્યગ્જ્ઞાન કહે છે. સામાન્ય જ્ઞાનનો અનુભવ આવવો એનું નામ જૈન શાસન, જૈન ધર્મ, અનુભૂતિ અને મોક્ષમાર્ગની શરૂઆત ત્યાંથી થાય છે.

૩. ત્રિકાળી ભગવાન છે, અબદ્ધસ્પૃષ્ટ જે પાંચભાવસ્વરૂપ કહો, એનું લક્ષ થતાં તે સામાન્ય પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. અનુભવમાં આવ્યું એટલે પ્રગટ્યું એમ કહેવામાં આવ્યું અને તે અનુભવમાં આવતાં જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેય આકાર થઈને (જ્ઞાન) પરાધીન થઈને રોકાઈ જતું એ જ્ઞેયાકાર ત્યાં નાશ થઈ ગયું. જ્ઞાનાકાર જ્ઞાન થતાં જ્ઞેયાકારનો નાશ થઈ ગયો. તે શુદ્ધનય છે.

આ શુદ્ધનય એ આત્માનુભૂતિ છે. અને આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે. વર્તમાન જ્ઞાનની નિર્મળ પર્યાયમાં શુધ્ધ આત્મા જણાયો એ આત્માનુભૂતિ છે. અને જૈન દર્શન એટલે આત્માનુભૂતિ!

## જ્ઞાન સ્વભાવ-વિશેષ

શ્રુતજ્ઞાનની પર્યાયને અનંત ધર્મ હોય છે. તેનું સ્વરૂપઃ-

૧. જાણવું :- જાણરૂપ જ્ઞાન
૨. વેદવું:- અનુભવ કરવો
૩. સ્વચ્છતા :- જ્ઞેયના પ્રતિબિંબને ઝીલવું
૪. ઊર્ધ્વતા :- મુખ્ય રહેવું
૫. સૂક્ષ્મતા :- તીક્ષ્ણતા
૬. નિર્લેપતા :- ભિન્ન રહેવું - વિરક્તતા
૭. નિ:શંકતા :- શંકા રહિતા
૮. સહજતા :- સ્વાભાવિકપણું
૯. નિર્વિકારતા :- શુધ્ધતા
૧૦. નિરાકુળતા :- આકુળતા રહિત
૧૧. નિરપેક્ષતા :- ઉપેક્ષા, ઉદાસીનતા
૧૨. નિર્ભ્રાંતતા :- ભ્રમરહિત
૧૩. સાદૃશતા :- એકરૂપતા
૧૪. ધારણા :- સ્મૃતિ
૧૫. સંસ્કાર :- ઊંડે ઊંડે છાપ રહી જવી
૧૬. જ્ઞેયત્વ :- જણાવા યોગ્ય
૧૭. પ્રમેયત્વ :- પ્રમાણ થવાને યોગ્ય
૧૮. ઓળખવું :- ભાવ ભાસવો
૧૯. પરીક્ષા :- ચારે બાજુ જાણીને નિર્ણય પર આવવું
૨૦. મુખ્ય ગૌણ કરવું :- અનેક બાબતો જાણવા છતાં પ્રયોજનભૂત વિષય મુખ્ય થવો - બાકી બધું ગૌણ થઈ જવું
૨૧. લક્ષ :- પ્રાપ્તિ અને આશ્રયનું સ્થાન જ્ઞાનમાંથી ન છૂટવું
૨૨. વિવેક :- સંતુલન જાણવવું
૨૩. વિશ્વાસ કરવો :- પ્રતીતિ કરવી
૨૪. રસ-પ્રગાઢતા :- જેમ જેમ જ્ઞાન સ્વભાવને વેદતું જાય તેમ તેમ વિજ્ઞાનઘન થતું જાય છે- તે જ્ઞાન રસની પ્રગાઢતા છે.

૧. જ્ઞાન સર્વ જ્ઞેયને પ્રકાશે છે.
૨. જ્ઞાન પોતે જ સ્વસંવેદ્યમાન છે.
૩. જ્ઞાનમાં અન્ય જ્ઞેયને વેદવાનો ગુણ નથી.
૪. તથાપિ, "જ્ઞાન પરને જાણતું નથી " એવું જે કથન આધ્યાત્મિક પ્રકરણમાં છે, તેમાં રહેલા અર્થ ગાંભીર્યને આત્માર્થી જીવોએ સ્વહિતના લક્ષે પૂરેપૂરી ગંભીરતાથી અવધારવું યોગ્ય છે, અન્યથા એ વિષે વિપર્યાસ ઉત્પન્ન થવાની સંભાવના અવશ્ય છે.
૫. અતઃ " જ્ઞાન પરને જાણતું નથી" -ત્યાં જ્ઞાનની શક્તિ જે નિશ્ચયથી સ્વ-પર પ્રકાશક છે, તે સર્વે જ્ઞેયને પ્રકાશે છે, તેનો નિષેધ કરવાનો હેતુ અહીં નથી. પરંતુ અધ્યાત્મના દૃષ્ટિકોણથી - પ્રયોજનની સિદ્ધિ માટે નિમ્ન ત્રણ ન્યાયો અહીં વિચારી શકાય છે.
૬. યથાઃ
   ૧. જે જ્ઞાનરસના રસીલા જ્ઞાનીઓ છે, એવા જ્ઞાનીઓ જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરતા થકા, જ્ઞાનને જ્ઞાન સામાન્યમાં એકાકાર કરતા થકા, તે પ્રકારની મસ્તીમાં પરજ્ઞેયને અત્યંત ગૌણ કરતા આવા વચનામૃતને પ્રકાશે છે.
   ૨. જ્ઞાન પરને વેદતું નથી અર્થાત વેદી શકતું પણ નથી એવો ભાવ સૂચવવા પણ ઉક્ત વચનામૃત ન્યાય સંપન્ન છે.
   ૩. જ્ઞાન પરમાં તન્મય થઈને જાણતું નથી, પરંતુ સ્વચ્છતાને લીધે જ્ઞેયનું પ્રતિબિંબ જ્ઞાનમાં ઝળકતું હોવા છતાં જ્ઞાન જ્ઞેયમાં એકત્ત્વભાવને પ્રાપ્ત થતું નથી, પરંતુ જ્ઞાનનું જ્ઞાનમાં એકત્ત્વ અનુભવરૂપે સ્પષ્ટપણે રહે છે, તેવા આશયથી પણ યુક્ત વચન નિર્દોષ છે.
૭. ઉપરના ન્યાયો અવધાર્યા વિના, "જ્ઞાન પરને જાણતું નથી" એવા વચનથી જ્ઞાનના સ્વ પર પ્રકાશક શક્તિનો અજ્ઞાનભાવે નિષેધ થઈ જાય તો તેમાં આત્મસ્વરૂપનો નિષેધ રહેલો છે અને તે સ્પષ્ટપણે ગૃહીત મિથ્યાત્ત્વને ઉત્પન્ન કરનારો ભાવ છે.

૧૧૮

વર્ષ-૨
અંક-૧

સંવત
૨૦૬૩
September
A.D. 2007




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જ્ઞાનસ્વભાવની સ્વાધીનતા ને અંશમાં પૂર્ણની પ્રત્યક્ષતા

જ્ઞાનસ્વભાવી આત્મા છે તે જ્ઞાન અત્યારે પણ ઇન્દ્રિયના અવલંબનથી જાણે કે ઇન્દ્રિય વગર? જો વર્તમાન જ્ઞાન ઇન્દ્રિયથી જાણે તો સામાન્યજ્ઞાનસ્વભાવના વર્તમાન વિશેષનો અભાવ થાય. જો જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું હોય તો તે વખતે (જે) સામાન્યજ્ઞાન છે તેનું વિશેષ શું? આત્માનું જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું નથી પણ સામાન્યજ્ઞાનની વિશેષ અવસ્થાથી જાણે છે. જો વર્તમાનમાં વિશેષજ્ઞાનથી જીવ ન જાણતો હોય અને ઇન્દ્રિયથી જાણતો હોય તો વિશેષજ્ઞાને શું કાર્ય કર્યું? ઇન્દ્રિયથી આત્મા જ્ઞાનનું કાર્ય કરતો જ નથી. જ્ઞાન પોતાથી જ વિશેષરૂપ જાણવાનું કાર્ય કરે છે.

નીચલી દશામાં પણ જડઇન્દ્રિય અને જ્ઞાન ભેગા થઈને જાણવાનું કાર્ય કરતા નથી પણ સામાન્યજ્ઞાન જે આત્માનો ત્રિકાળ સ્વભાવ છે તેનું જ વિશેષરૂપ જ્ઞાન વર્તમાન જાણવાનું કાર્ય કરે છે.

શ્રોતા :—જો જ્ઞાનનું વિશેષ જ જાણવાનું કાર્ય કરે છે તો ઇન્દ્રિય વગર કેમ જાણવાનું કાર્ય થતું નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાનની તેવા પ્રકારની વિશેષતાની લાયકાત ન હોય, ત્યારે ઇન્દ્રિય ન હોય. ઇન્દ્રિય હોય ત્યારે પણ જ્ઞાન જાણવાનું કાર્ય તો પોતાથી જ કરે છે; કેમકે જ્ઞાન પરના અવલંબન વગરનું છે.

"નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું જ્ઞાન કરવું જોઈએ"—એમ શ્રી 'મોક્ષમાર્ગપ્રકાશ'માં

(૧૨૦)

કહ્યું છે તેનું આ વિવરણ ચાલે છે. ઇન્દ્રિય હાજર છે પણ જ્ઞાન સ્વતંત્રપણે પોતાની અવસ્થાથી જાણે છે. જો 'જ્ઞાન ઇન્દ્રિયથી જાણે છે' એમ માનવામાં આવે, તો જ્ઞાનનો વિશેષસ્વભાવ કામ નથી કરતો' એમ થાય; અને વિશેષ વગર સામાન્યજ્ઞાનનો જ અભાવ આવે; માટે જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું નથી. અધૂરું જ્ઞાન પોતાથી જાણવાનું કાર્ય કરે છે, ત્યારે અનુકૂળ ઇન્દ્રિયો હાજરરૂપ છે; પણ તે ઇન્દ્રિયના અવલંબને જ્ઞાન જાણતું નથી—આમ સમજવું તે જ નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું જ્ઞાન છે પણ 'જ્ઞાન ઇન્દ્રિયથી જાણે'—એમ માને તો તે જ્ઞાન ખોટું છે; કેમકે તે માન્યતામાં નિમિત્ત-ઉપાદાન એક થઈ જાય છે.

શ્રી આચાર્યદેવ શિષ્યને પૂછે છે કે જો જીવે ઇન્દ્રિયથી જ્ઞાન કર્યું તો સામાન્યજ્ઞાને શું કાર્ય કર્યું? તેનો તે વખતે અભાવ થયો?

શિષ્યે ઉત્તરમાં કહ્યું કે ભલે જ્ઞાનવિશેષ ન હોય, તોપણ જ્ઞાનસામાન્ય તો ત્રિકાળ રહેશે અને જાણવાનું કામ ઇન્દ્રિયોથી થશે. આમ થવાથી જ્ઞાનનો નાશ નહિ થાય અર્થાત્ અભાવ નહિ થાય.

શ્રી આચાર્યદેવનો ઉત્તર : વિશેષ [–પર્યાય] વિનાનું સામાન્ય [–દ્રવ્ય] તો સસલાના શીંગ સમાન [અભાવરૂપ] છે. વિશેષ વગર સામાન્ય ન હોઈ શકે. માટે, વિશેષ વગરનું સામાન્યજ્ઞાન માનવાથી સામાન્યનો નાશ થાય—અભાવ થાય છે. માટે, 'વિશેષજ્ઞાનથી જ જાણવાનું કાર્ય થાય છે'—એમ માનવામાં આવે તો જ સામાન્યજ્ઞાનની અસ્તિ રહે છે.

જ્ઞાનસ્વભાવ રાગ અને નિમિત્તના અવલંબન રહિત છે તથા વિશેષજ્ઞાન સામાન્યજ્ઞાનમાંથી જ આવે છે એમ જાણીને તેની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવી તે જ ધર્મ છે.

જો જ્ઞાન ઇન્દ્રિયથી જાણે તો જ્ઞાનનું વર્તમાન કાર્ય ક્યાં ગયું? ઇન્દ્રિયની હાજરી વખતે જો જ્ઞાન ઇન્દ્રિયના કારણે જાણતું હોય, તો તે વખતે સામાન્યજ્ઞાન વિશેષ વગરનું [એટલે કે પર્યાય વગરનું] થયું. વિશેષ વગર તો સામાન્ય હોય જ નહિ. જ્યાં સામાન્ય હોય, ત્યાં તેનું વિશેષ હોય જ.

હવે, તે વિશેષ સામાન્યજ્ઞાનથી થાય છે કે નિમિત્તથી થાય છે? વિશેષજ્ઞાન નિમિત્તને લઈને થયું નથી પણ સામાન્યસ્વભાવથી થયું છે. વિશેષનું કારણ સામાન્ય છે, નિમિત્ત તેનું કારણ નથી. કેમકે જો તે કાર્ય નિમિત્તનું અંશે કે પૂર્ણપણે હોય તો નિમિત્ત જે પરદ્રવ્ય છે તે પરદ્રવ્યરૂપ જ્ઞાન થઈ જાય.

આત્માનો જ્ઞાનસ્વભાવ કાયમ છે તે સામાન્ય (છે) અને વર્તમાન કાર્યરૂપ જે જ્ઞાન તે તેનું વિશેષ છે. સામાન્યજ્ઞાનનું વિશેષ કહો કે કાયમના જ્ઞાનસ્વભાવનું પરિણમન કહો કે જ્ઞાનની વર્તમાન દશા-હાલત-પર્યાય કહો—તે એક જ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાન એકલું જાણવાનું જ કાર્ય કરે છે. શબ્દને કે રૂપને—ગમે તેને જાણવામાં જ્ઞાન એક જ છે. જ્ઞાનમાં ફેર પડી જતો નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ પોતાથી છે. તે કોઈના નિમિત્તથી નથી. આત્માનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ છે, તે જ્ઞાન પોતાથી જ વિશેષરૂપ કાર્ય કરે છે. આત્મા ઈન્દ્રિયથી જાણતો જ નથી તે તો પોતાના જ્ઞાનની વિશેષ અવસ્થાથી જ જાણે છે. સામાન્યજ્ઞાન પોતે પરિણમીને વિશેષરૂપ થાય છે, ે વિશેષજ્ઞાન જાણવાનું કાર્ય કરે છે.

'જ્ઞાન પરના અવલંબનથી જાણે'—એમ માનવું તે અધર્મ છે. 'જ્ઞાન સ્વાવલંબનથી જાણે'—એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે ધર્મ છે.

અહીં, આ શ્રી 'જયધવલા' શાસ્ત્રની ખાસ વિશેષતા છે કે પરાવલંબનરહિત જ્ઞાનની સ્વાધીનતા બતાવી છે. બીજી પણ અનેક વાતો છે, તેમાં આ એક વિશેષ છે.

મારા જ્ઞાનનું પરિણામરૂપ વર્તન, તે વર્તનરૂપ વિશેષ–વ્યાપાર (–ઉપયોગ) મારાથી થાય છે, તેને કોઈ પરના નિમિત્તની કે પરદ્રવ્યની જરૂર નથી એટલે કે જ્ઞાન સ્વાધીનતાથી કદી ખસીને પરાવલંબનમાં જતું નથી, તેથી તે જ્ઞાન પોતે સ્વાધીન અને સુખરૂપ છે

સ્વાધીન જ્ઞાનસ્વભાવે જ નિગોદથી સિદ્ધ સુધી બધા જીવોમાં જ્ઞાન થાય છે; પણ જેમ થઈ રહ્યું છે તેમ અજ્ઞાની નથી માનતો, તેથી જ તેની માન્યતામાં વિરોધ આવે છે.

સર્વે જીવોને સામાન્યજ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનનું વિશેષ–કાર્ય પોતાના સ ાન્યસ્વભાવના અવલંબને જ થાય છે. એટલે 'જ્ઞાન' રાગ કે પરનિમિત્તના અવલંબન વગર જ કાર્ય કરે છે. તેથી 'જ્ઞાન' રાગ કે સંયોગ રહિત છે.

જ્ઞાન ઈન્દ્રિયથી જાણતું નથી. જો જ્ઞાન કાર્ય વગરનું રહે અર્થાત્ વિશેષ વગરનું રહે તો વર્તમાન વિશેષ વગર સામાન્ય જાણે કોને? વિશેષ ન હોય તો સામાન્યજ્ઞાન જ ક્યાં રહ્યું? જો વર્તમાન પર્યાયરૂપ વિશેષ ન માનો, તો 'સામાન્યજ્ઞાન છે' તેનો વિશેષ વગર કોણ નિર્ણય કરશે? નિર્ણય તો વિશેષજ્ઞાન કરે છે.

વર્તમાન વિશેષજ્ઞાન દ્વારા પરાવલંબનરહિત સામાન્યજ્ઞાનસ્વભાવ જેમ છે તેમ જાણવો તેમાં જ ધર્મ સમાઈ જાય છે.

રાગ થાય તેને જાણે, પરને જાણે, ઇન્દ્રિયને જાણે પણ તે કોઈને પોતાનું ન માને— એવો જ્ઞાનનો સ્વભાવ છે.

વિકાર કે પરને પોતાનું ન માને તેને દુઃખ ન જ હોય. 'મારા જ્ઞાનને કોઈ પરાવલંબન નથી'—એવા સ્વાધીન સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરે તો તે સ્વભાવમાં શંકા કે દુઃખ ન જ હોય કેમકે જ્ઞાનસ્વભાવ પોતે સુખરૂપ છે.

નિગોદથી માંડીને સર્વજીવોમાં કોઈપણ જીવ ઇન્દ્રિયથી જાણતા નથી. નિગોદનો જીવ કે જેને સૌથી ઓછું જ્ઞાન છે, તે પણ સ્પર્શઇન્દ્રિયથી જાણતો નથી પરંતુ પોતાના સામાન્યજ્ઞાનના પરિણમનથી થતા વિશેષજ્ઞાન વડે જાણે છે; પણ તે એમ માને છે કે 'ઇન્દ્રિયથી મને જ્ઞાન થયું!'

પણ, જ્યારે જીવને સામાન્યજ્ઞાનસ્વભાવના અવલંબને [—સામાન્ય તરફની એકાગ્રતાથી] વિશેષજ્ઞાન થાય છે, ત્યારે તે સમ્યક્‌મતિરૂપ થાય છે; તે મતિજ્ઞાનરૂપ અંશમાં, પરાવલંબન વગર નિરાવલંબી જ્ઞાનસ્વભાવની પૂર્ણતાની પ્રત્યક્ષતા આવી જાય છે.

❑ ❑ ❑

* નિમિત્ત અને રાગ તો ક્યાંય રહ્યા પણ એક સમયની શુદ્ધપર્યાય પણ અવિદ્યમાન અસત્યાર્થ અભૂતાર્થ હોવાથી જૂઠી છે. એકરૂપ ધ્રુવસ્વભાવ જ વિદ્યમાન છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે. એકરૂપ સ્વભાવમાં ગુણભેદ કે પર્યાયભેદ છે જ નહિ તેથી તે જૂઠા છે.
* ક્ષાયિક સમ્યક્‌દર્શન પર્યાયનું પણ માહાત્મ્ય નથી. એકલા ત્રિકાળી સ્વભાવનું જ માહાત્મ્ય છે.
* સજ્જનનો મહિમા દુશ્મન પાસે કરાવવામાં આવે તો એ દુશ્મન સજ્જનનો મહિમા-વખાણ કરી કરીને કેટલા કરે? તેમ આત્મા–ચૈતન્યનો જડરૂપ વાણી મહિમા કરી કરીને કેટલો કરે?...ઝાડ ઉપર ને ડાળી ઉપર ચંદ્ર બતાવતાં ડાળી ઉપરથી પણ દૂર દૂર દૃષ્ટિ ચાલી જાય તો ચંદ્ર દેખે, તેમ ન્યાય-યુક્તિ આદિથી વસ્તુ બતાવતાં એનાથી પાર દૃષ્ટિ અંતરમાં અભેદ ચાલી જાય તો વસ્તુનો અપાર મહિમા અનુભવમાં આવે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

વર્ષ-૩
અંક-૧




સંવત ૨૦૬૪
September A.D. 2008

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે

(શ્રી સમયસાર ગાથા ૨૬૮-૨૬૯ ટીકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(૧) આ આત્માને બંધન કેમ થાય છે? તેનો અધિકાર ચાલે છે. આત્માનો સ્વભાવ તો ત્રિકાળ જ્ઞાનાનંદ શુદ્ધ છે છતાં પર્યાયમાં પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે તેને અહીં બંધન કહ્યું છે. મિથ્યાત્વના બંધનને જ અહીં મુખ્યપણે બંધન ગણ્યું છે. પરપદાર્થની ક્રિયા મારાથી થાય અને પરપદાર્થની ક્રિયાથી મારામાં લાભ-નુકશાન થાય એમ બે પદાર્થની એકત્વબુદ્ધિ કરવી તે જ બંધન છે.

(૨) હું પરની હિંસા કરી શકું છું તે અધ્યવસાન મિથ્યા છે કેમ કે પરજીવની હિંસા આત્મા કરી શકતો નથી. તે જીવનો તેના દેહ સાથેનો સંયોગ એના કારણે છૂટે છે, તેને બદલે હું તે કરી શકું છું એ મિથ્યા અભિપ્રાય છે. હું પર જીવને બચાવી શકું છું, પર આત્મા અને તેના શરીરનો સંયોગ હું રાખી શકું છું તે મિથ્યા અધ્યવસાન છે. નારકીનું શરીર મળતાં હું નારકી છું એવો અધ્યવસાન કરે છે પણ હું જીવ છું એમ અજ્ઞાની માનતો નથી. આત્મા કદી નારકીના શરીરવાળો છે જ નહિ છતાં તેને પોતાનું કરે છે તે મિથ્યા અધ્યવસાન છે. તિર્યંચ એટલે ઢોરના ભવમાં ગાયનું શરીર મળે તો હું ગાય છું, કૂતરાનું શરીર મળે તો હું કૂતરો છું પણ હું ચૈતન્ય છું એમ અજ્ઞાની માનતો નથી તેથી તેને મિથ્યા અધ્યવસાન કહ્યું છે. હું મનુષ્ય છું, મનુષ્યના દેહની ક્રિયા હું કરી શકું છું હું હતો તો શરીર ચાલ્યું એવી એકત્વબુદ્ધિ કરે છે તે જ બંધ છે. હું દેવ છું, સ્વર્ગમાં ઉત્પન્ન થનારો

(૧૨૨)

હું છું એમ માનનારની દૃષ્ટિ શરીર ઉપર છે પણ આત્મા ઉપર નથી. પરની સાથેની એકત્વબુદ્ધિનો તેનો આ અધ્યવસાય મિથ્યાત્વને પામે છે. હું પુણ્યરૂપે ઉત્પન્ન થાઉં છું એ બંધપર્યાયમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે, તે પર્યાયને આખો આત્મા માને છે, સ્વભાવને માનતો નથી. આત્મા પાપભાવરૂપે થનારો છે પણ જ્ઞાતાપણે રહેનારો છે એમ જે માનતો નથી તે પાપ વિકારમાં એકત્વબુદ્ધિ કરનાર મિથ્યાદૃષ્ટિ છે.

હું પુણ્ય-પાપરૂપે કે મનુષ્યાદિરૂપે છું એવો જેને આભાસા છે તેને હું ચૈતન્ય જ્ઞાતા ત્રિકાળ શુદ્ધ સ્વભાવી છું એવો ભાસ થતો નથી. આ દૃષ્ટિના વિષયની વાત છે. સવારમાં પ્રવચનસારમાં નયોની વાત ચાલે છે. એ જ્ઞાન પ્રધાનથી વાત છે. એમાં તો વિકારનો કરનાર આત્મા છે એમ કહ્યું છે અને અહીં તો કહે છે કે વિકારનો અંશ પણ આત્માનો નથી. એમ અહીં દૃષ્ટિનો વિષય વર્ણવ્યો છે. તેથી સવાર કરતાં જુદી વાત છે.

## (૩) ધર્મદ્રવ્ય જ્ઞાનનું જ્ઞેય છે. તે જ્ઞેયના વિચારથી જ્ઞાન ખીલે છે એમ માનનાર ધર્મદ્રવ્યને પોતારૂપ કરે છે

હવે જ્ઞાનમાં આવતા ધર્માસ્તિકાયની વાત કરે છે. ચૌદ રાજલોક પ્રમાણે ધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે તે જ્ઞાનનું જ્ઞેય છે. તે જ્ઞેયનો વિચાર કરતાં જે વૃત્તિ ઊઠી તેનાથી મારા સ્વભાવને લાભ થશે અને તે પદાર્થથી મારો જ્ઞાનપ્રકાશ ખીલશે તે મિથ્યાબુદ્ધિ છે. ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ અનાદિનો છે તેને ભૂલીને ધર્માસ્તિકાય સંબંધીના શુભ વિકલ્પથી આત્માનું જ્ઞાન ખીલે છે એમ જે માને તે ધર્માસ્તિકાયને પોતારૂપ કરે છે. સ્વભાવની અરુચિ કરીને ધર્મદ્રવ્યની રુચિ કરી તે જ મિથ્યાત્વનું પાપ છે.

આત્માનો સ્વભાવ ધર્માસ્તિકાયને જાણવાનો છે, તેને બદલે તેનો વિકલ્પ ઉઠાવી લાભ માનવો તે જ મિથ્યા અધ્યવસાન છે. ધર્મદ્રવ્યને જૈન સિવાય અન્ય કોઈ માનતા નથી પણ અહીં તો ધર્મદ્રવ્યને માનીને તેનાથી લાભ માને છે તેની વાત ચાલે છે. પોતાની સન્મુખતા છોડીને પરથી લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે. પોતે જ્ઞાતા ચૈતન્ય સ્વભાવી છે, તેનો જ્ઞાનસ્વભાવ આત્મામાં છે એને બદલે પરનો વિચાર કરવાથી પોતાને જ્ઞાનપ્રકાશ ખીલે એમ માનનાર મૂઢ છે. અહીં કોઈની હિંસા કરવાનો તો ભાવ કર્યો નથી પણ પરથી લાભ માનતાં પોતાની હિંસા તેને થઈ રહી છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે તે નિમિત્ત કે સંયોગના આશ્રયે પ્રગટ થતો નથી એમ ન જાણતાં ધર્માસ્તિકાયના વિચારથી પ્રગટ થાય એમ માનવું તે મિથ્યા અધ્યવસાન છે.

**(૪) જાણવામાં આવતા અધર્મદ્રવ્યના અધ્યવસાનથી પોતાને અધર્મ દ્રવ્યરૂપ કરે છે.**

પુદ્ગલ અને ચેતન સ્વયં ગતિપૂર્વક સ્થિતિ કરે છે ત્યારે તેને નિમિત્ત એક અધર્માસ્તિકાય દ્રવ્ય છે. તે લોકાકાશ પ્રમાણ છે. તે અધર્માસ્તિકાયનો વિચાર કરતાં મારું જ્ઞાન ખીલે છે એમ માનનાર પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તે પોતાથી ખીલે છે એમ માનતો નથી, તે પોતાને અધર્માસ્તિકાયરૂપ કરે છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અધર્મદ્રવ્ય અજીવ પદાર્થ છે છતાં તેનાથી આત્માનું જ્ઞાન ખીલે છે એમ માને છે તે જીવ અજીવને એકત્વ કરનારો અધ્યવસાન છે, તે જ બંધન છે, સંસાર છે.

**(૫) જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્ય જીવરૂપ કરે છે.**

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ ભગવાન છે એના તરફના વલણથી આત્માને જ્ઞાન પ્રગટ થશે અને ધર્મ થશે એમ માનનાર સર્વજ્ઞદેવમાં એકત્વબુદ્ધિ કરે છે. જાણવામાં આવે છે કે આ સર્વજ્ઞદેવ છે તે જ્ઞાનનું જ્ઞેય છે, છતાં તેને જ્ઞેયપણે ન રાખતાં તેના તરફનો રાગ કરું તો મને લાભ થશે એમ માનનાર સર્વજ્ઞદેવને પોતારૂપ કરે છે. જ્ઞાનની મૂડી તો આત્મામાં છે તેને ભૂલીને જ્ઞાન સર્વજ્ઞથી ખીલે એમ જે માને છે તે સર્વજ્ઞના આત્માને અને પોતાના આત્માને એક માને છે. સ્ત્રી, કુટુંબ આદિની શ્રદ્ધા તો છોડી હોય પણ સુદેવાદિની શ્રદ્ધા કરું તો તેનાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે સર્વજ્ઞદેવ કે જે પોતાથી અન્ય જીવ છે તેને પોતારૂપ કરે છે તે અધ્યવસાન મિથ્યા છે.

**(૬) જ્ઞાનમાં ગુરુ જણાતાં એનાથી મને લાભ થશે એમ માનનાર અન્ય જીવને પોતારૂપ કરે છે.**

આત્માના જ્ઞાનમાં જણાય કે આ ગુરુ છે પણ તેને જાણતાં મારું જ્ઞાન એનાથી ખીલશે અને એની ઉપાસના કરવાથી મને લાભ થશે એમ જે માને છે તે સ્વસન્મુખ થવાથી જ્ઞાન પ્રગટ થાય એમ માનતો નથી. દેવગુરુથી મારું કલ્યાણ થશે, તેનાથી મને લાભ થશે એમ માનનાર બહિર્મુખ દૃષ્ટિવાળો છે. દેવગુરુનું બહુમાન કરતાં મારું કલ્યાણ એનાથી થશે એમ માને છે પણ પોતાની ચૈતન્ય શક્તિથી કલ્યાણ થશે એમ જે માનતો નથી તે અન્ય જીવને પોતારૂપ કરે છે.

(૭) **સ્ત્રી કુટુંબાદિની અનુકૂળતા હોય તો ધર્મ થાય એમ માનનાર**
**(૭) અન્ય જીવને પોતારૂપ કરે છે.**

સ્ત્રી, પુત્ર વગેરે કુટુંબીજનો મને અનૂકૂળ છે માટે મને ધર્મ થશે એ માન્યતા મૂઢ જીવની છે. તે જીવ પોતાની શાંતિ અને સ્વભાવ પરમાંથી આવશે એમ માને છે તેથી મિથ્યાદૃષ્ટિ છે. તેણે ખરેખર આત્મધર્મને અનંતકાળથી એક ક્ષણ પણ સાંભળવાની દરકાર કરી નથી. મિથ્યાદૃષ્ટિજીવ આ રીતે અન્ય જીવને પોતાનું સ્વરૂપ માની રહ્યો છે. જે પરથી લાભ માને છે તે પોતાથી લાભ થાય એમ માનતો નથી. બહાર અનુકૂળ સામગ્રી હોય તો ધર્મ થાય અને પ્રતિકૂળ હોય તો ધર્મ ન થાય તે પરને અને આત્માને એક માને છે તે જ સંસાર છે.

કુગુરુનો આશીર્વાદ મળે તો પછી ધર્મ થાય એમ માનનાર પર જીવને પોતારૂપ કરે છે. પર જીવ પોતામાં પ્રવેશ કરી શકતો નથી છતાં આ રીતે અનંત જીવોને તે પોતાના કરે છે. ભગવાને નિગોદના શરીરમાં અનંતા જીવો કહ્યા છે એવી કબૂલાત તો કરી પણ સર્વજ્ઞે અનંતા જીવો જોયા છે અને કહ્યા છે માટે અનંતા જીવો છે એમ નથી અને જીવો છે માટે જ્ઞાન છે એમ પણ નથી છતાં તે જીવો છે માટે મારું જ્ઞાન છે એમ અજ્ઞાની માને છે તે પર અનંતા જીવોને પોતારૂપ કરે છે. આત્માની સ્વ–પરપ્રકાશક શક્તિ છે તે પોતાથી પ્રગટ થાય છે તેને તે જાણતો નથી. અહીં અનંતા જીવો છે માટે તેની દયા પાળવી એ વાત કહેવી નથી પણ તે અનંતા જીવો છે તો જ્ઞાન છે એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહેવું છે. જ્ઞેયની અનંતતા વડે જ્ઞાનની અનંતતા છે એમ નથી પણ જ્ઞાનની અનંત જ્ઞેયને જાણવાની શક્તિ છે છતાં જે જીવ જ્ઞેયથી જ્ઞાન થાય એમ માને તે અન્ય જીવને અને આત્માને એક કરે છે.

(૮) **જેવું જ્ઞેય હોય તે પ્રમાણે જ્ઞાન થાય છે છતાં જ્ઞેયથી જ્ઞાન છે એમ નથી.**

ત્રાજવાના એક પલ્લામાં પાંચ મણ ચોખાની ગુણ હોય અને સામેના પલ્લામાં પાંચ મણ તોલા મૂક્યાં હોય. બંને સરખાં હોવા છતાં તોલાના કારણે માલ નથી અને માલના કારણે તોલા નથી. તેમ જ્ઞેય પ્રમાણે જ્ઞાન હોય છતાં જ્ઞેયના કારણે જ્ઞાન થતું નથી. જો *કોઈ જ્ઞેયના કારણે જ્ઞાન* માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. જે લોકો નિગોદના શરીરમાં અનંતા જીવો છે એમ માનતા નથી તેની તો અહીં વાત નથી પણ તે અનંતા જીવો છે માટે મને તે અનંતા જીવોનું જ્ઞાન થયું છે એટલે કે તેની અનંતતાથી મારી અનંતતા છે એમ જે માને છે તે પોતાની અનંતતાને ચૂકે છે. મારો જ્ઞાનસ્વભાવ પરને લીધે નથી એમ તે માનતો

(૧૨૭)

નથી. તે પોતાના આત્માનો અનાદર કરીને પર જીવને પોતાના માને છે તેથી તેને મિથ્યાત્વનું પાપ લાગે છે.

(૯) નિશ્ચયથી જ્ઞાન સ્વને જાણે છે ને એમાં પર જણાઈ જાય છે એટલે પરને જાણવું તે વ્યવહાર છે. છતાં પર જ્ઞેયથી જ્ઞાન થાય છે એમ જે માને છે તે આત્માને પરરૂપ કરે છે. જે એમ માને છે કે શ્રોતા ઘણા હોય તો જ્ઞાન વધારે ખીલે તે જીવ મૂઢ છે કેમ કે તે શ્રોતાના કારણે પોતાનું જ્ઞાન ખીલવવા માગે છે પણ અંતરના અવલંબને મારું જ્ઞાન ખીલે એમ તે માનતો નથી. વળી તે કહે છે કે પૈસા વગેરે તો દાનમાં દેવાથી ખૂટી જાય પણ જ્ઞાનદાન તો પરને દેવાથી વધે છે. જેમ જેમ બીજાની સાથે વધારે ચર્ચા કરીએ તેમ તેમ જ્ઞાન વધે એમ તે પરથી મારું જ્ઞાન ખીલે છે એમ માને છે. તે પણ અન્ય જીવને પોતારૂપ કરે છે.

(૧૦) આ વિષય શાંતિથી વિચારવા જેવો છે. અનંતકાળથી પરનું કરી કરીને પરથી શાંતિ લેવા માગે છે પણ તે તો રાગ છે, તેનાથી આત્માની શાંતિ થાય એમ માને છે તે પોતાના સ્વભાવનો ખૂની છે, પરથી ત્રણકાળમાં લાભ થતો નથી. અજ્ઞાની કહે છે કે મેં તમોને ઉપદેશ આપ્યો તેનાથી તમોને જે લાભ થયો તેમાં મારો હિસ્સો છે અને તમો સમજ્યા તો અમને કાંઈક ભાતું આપો એટલે કે કાંઈક બાધા લ્યો તો અમોને લાભ થાય એમ મૂર્ખાઈ કરીને પરથી લાભ માને છે, તે પર જીવને અને પોતાના આત્માને એક કરે છે, આત્માની પૃથક્તાને તે જાણતો નથી. પર ચીજ હોય છે ખરી પણ જો તેના સામું જોવાથી જ્ઞાન પ્રગટે તે પોતા સામું જોવાનું રહેતું નથી. માટે જે વિધિ છે અને જે વસ્તુસ્થિતિ છે તે ખ્યાલમાં ન આવે તો લાભ થાય નહિ. વસ્તુસ્થિતિ ફરે એમ નથી માટે પ્રથમ વસ્તુસ્થિતિ ખ્યાલમાં લેવી જોઈએ. અહીં તો જ્ઞાનને જ્ઞાનરૂપ કરવાની વાત છે. પોતા સિવાય અન્ય દેવ, ગુરુ કે સ્ત્રી, પુત્રાદિથી આત્માને લાભ થાય એમ માનનાર અન્ય જીવોને અને પોતાના આત્માને એક કરે છે. બન્ને પૃથક્ છે એને તે માનતો નથી માટે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે.

(૧૧) **જાણવામાં આવતા પુદ્‌ગલના અધ્યવસાનથી પોતાને પુદ્‌ગલરૂપ કરે છે.**

ભગવાનની પ્રતિમા અચેતન–જડ છે, પુદ્‌ગલ છે તેને જોવાથી મને જ્ઞાન થશે એમ જે માને છે તે જડને આત્મા માને છે. જ્ઞાની તે પ્રતિમાને પોતારૂપ કરતો નથી કેમ કે જ્ઞાનીને ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ છે. સ્વભાવદૃષ્ટિ હોવા છતાં હજુ રાગ છે ત્યાં સુધી પ્રતિમાદિ ઉપર લક્ષ ગયા વગર રહે નહિ. પણ તે રાગ પ્રતિમાના કારણે થાય છે એમ

૧૨૬

જ્ઞાની માનતો નથી. પ્રતિમા છે માટે રાગ થાય છે અને પ્રમોદ આવે છે એમ જે માને છે તે પુદ્ગલદ્રવ્યને પોતારૂપ કરે છે.

રાગ હોય ત્યારે એવું નિમિત્ત હોય છે પણ એ ચીજને લઈને રાગ થાય છે એમ જ્ઞાની માનતો નથી. કોઈ કહે કે દેવદર્શનથી સમ્યગ્દર્શન થાય છે એમ શાસ્ત્રમાં આવે છે ને?– તેનો અર્થ એવો છે કે સમ્યગ્દર્શન આત્મા પ્રગટ કરે છે તે પહેલાં તેનું લક્ષ ક્યા નિમિત્ત ઉપર હતું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવામાં આવે છે કે દેવદર્શનથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે પણ ખરેખર તેનાથી આત્માને સમ્યગ્દર્શન થાય છે એમ નથી. પ્રતિમાથી લાભ માને તે પુદ્ગલદ્રવ્યને અને આત્માને એક કરે છે.

**(12) સમ્મેદશિખરાદિની જાત્રાથી જ્ઞાન ખીલે અને ધર્મ થાય એમ જે માને છે તે પુદ્ગલને પોતારૂપ કરે છે.**

સમ્મેદશિખર, શત્રુંજય અને ગિરનાર તે પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. તેનાથી મારા ચૈતન્યની અવસ્થા ખીલે અથવા શાંતિ મળે એમ માનનાર પુદ્ગલદ્રવ્યને અને આત્માને એક કરે છે. જ્ઞાનીને અલ્પ રાગ છે ત્યાં સુધી તેવા પ્રકારના રાગના પરિણામ હોય છે ખરા, પણ તે જાણે છે કે આત્માનો સ્વ–પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાથી છે, તે જાત્રા કરવાથી ખીલતો નથી પણ તે મારા જ્ઞાનનું જ્ઞેય છે. એ વખતની જ્ઞાનની લાયકાત તે જ જ્ઞેયને જાણવામાં છે ત્યારે તેવું નિમિત્ત હોય છે. અજ્ઞાની તે નિમિત્તના કારણે પોતાનું જ્ઞાન માને છે તે આત્માના સ્વભાવને ભૂલે છે, તે મોટું શલ્ય છે.

**(13) દિવ્યધ્વનિ સાંભળવાથી આત્મામાં જ્ઞાન થાય એમ માનનાર પુદ્ગલદ્રવ્યને પોતારૂપ કરે છે.**

સાક્ષાત્ ત્રિલોકીનાથ તીર્થંકરનો દિવ્યધ્વનિ પણ આત્માના સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરતો નથી. છતાં અજ્ઞાની તે દિવ્યધ્વનિથી અથવા તો ગુરુની વાણી સાંભળવાથી જ્ઞાન ખીલે અને આત્માનો વિકાસ થાય એમ માને છે તે પુદ્ગલદ્રવ્યને પોતારૂપ કરે છે. તે સાંભળવાથી જ્ઞાન થયું એમ કહેવાય છે તે તો વ્યવહારનયનું કથન છે. ભગવાનની વાણી પણ પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. તે પુદ્ગલથી આત્માને લાભ થતો નથી. અજ્ઞાની એમ કહે કે વાણીમાં લાભ થતો નથી તો વાણી સાંભળવા શા માટે જાય છે?–કે ખરેખર તો વાણી સાંભળવા કોઈ જતું નથી અને કોઈ આવતું નથી પણ તે પ્રકારનો રાગ હોય છે તે વખતે વાણીનું નિમિત્ત હોય છે પણ વાણીથી જ્ઞાન થતું નથી.

૧૨૫

(14) શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. સમયસાર વાંચવાથી જ્ઞાન વધી ગયું એમ માનનાર પુદ્‌ગલને પોતારૂપ કરે છે કેમ કે શાસ્ત્ર પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. કોઈ કહે કે જો શાસ્ત્રથી જ્ઞાન થતું નથી તો સમયસાર કેમ વાંચો છો? પદ્મપુરાણાદિ કેમ વાંચતા નથી? તેને કહે છે કે શાસ્ત્ર તો તેના સ્વકાળે આવવાનું હોય તે આવે છે, તેને કોઈ લાવતું નથી. જ્ઞાનીને તે વાંચવાનો રાગ હોય છે તે વખતે શાસ્ત્ર નિમિત્ત હોય છે પણ તેનાથી જ્ઞાન થાય તેમ તે માનતા નથી. અજ્ઞાની પર ચીજ ઉપર જોર આપે છે તે યથાર્થ નથી. સ્વ ઉપર જોર આપવું જોઈએ અને તેથી જ્ઞાન ખીલે છે, શાસ્ત્રથી જ્ઞાન ખીલતું નથી.

(15) અજ્ઞાની એમ માને છે કે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ માથું મૂંડાવ્યું હતું તો કેવળજ્ઞાન થયું કેમ કે માથા ઉપર હાથ મૂકતાં તેને ખ્યાલ આવ્યો કે હું મુનિ છું પણ મસ્તક મૂંડાવ્યાથી કેવળજ્ઞાન થયું નથી. શરીરની નગ્નદશા વગેરે પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે, તેનાથી જીવની પર્યાય ઊઘડે એમ માનનાર પુદ્‌ગલદ્રવ્યને પોતારૂપ કરે છે. પોતે આત્મા નક્કોર ભૂમિકાવાળો છે. અંદર સ્વભાવનો ખજાનો ખૂટે એવો નથી. તેને મૂઢ જોતો નથી. તે મૂઢ પુદ્‌ગલથી આત્માની પર્યાય ખીલે એમ માને છે. સાત્ત્વિક ખોરાક લેવામાં આવે તો સાત્ત્વિક બુદ્ધિ થાય અને પછી તેનાથી ધર્મ થાય. સાત્ત્વિક દૂધ કે બદામની પર્યાય પુદ્‌ગલની છે તેનાથી લાભ માનનાર તેને અને આત્માને એકરૂપ કરે છે. 'અન્ન તેવું મન' એમ કહેવાય છે તે નિમિત્તનું કથન છે.

(16) પુદ્‌ગલ તો જ્ઞાનનો વિષય છે પણ તે છે માટે જ્ઞાન ખીલે છે એમ નથી. શરીર મજબુત હોય તો ધર્મ થાય એમ નથી. જો શરીરને કારણે ધર્મ થતો હોય તો સમુદ્રમાં હજાર જોજનનાં માછલાં થાય છે તેને કેવળજ્ઞાન થવું જોઈએ પણ એમ બનતું નથી. માટે શરીર સાધન નથી પણ અંતરસન્મુખ થવું તે સાધન છે. આત્મા પોતે પોતાના સ્વભાવને ચૂકીને જીવાદિ છ દ્રવ્યોને પોતારૂપ કરે છે તે બંધ છે. આવું બંધનું સ્વરૂપ જાણે તો પર્યાયબુદ્ધિ ટાળી સ્વભાવબુદ્ધિ કરે એને ધર્મ થાય છે.



# શુદ્ધનયનો વિષય-જ્ઞાયકભાવ

પરમાગમના સારરૂપ-જ્ઞાયકભાવ તથા તેનો અનુભવ કેમ થાય ? તે સંબંધી વિચાર:-

પરમાગમના રહસ્યોનો ઉકેલ કોઈ પણ કથન તે કઈ અપેક્ષાનું છે તે જાણી, નીચે મુજબ ચાર પ્રકારથી થઈ શકે.

(૧) દૃષ્ટિપ્રધાન-દૃષ્ટિનો વિષય (સમયસાર ગા.૧૧)
(૨) જ્ઞાનપ્રધાન-દૃષ્ટિનો વિષય (પ્રવચનસાર ગા.૧૯૨,૨૦૦)
(૩) દૃષ્ટિપ્રધાન-જ્ઞાનનો વિષય (સમયસાર ૪૭ શક્તિ)
(૪) જ્ઞાનપ્રધાન-જ્ઞાનનો વિષય (પ્રવચનસાર ૪૭ નય)

વિશેષ રહિત સામાન્ય શુદ્ધાત્મા-દૃષ્ટિ (શુદ્ધનય) નો વિષય
સામાન્ય વિશેષાત્મક આત્મા-જ્ઞાન (પ્રમાણજ્ઞાન) નો વિષય

* વિશેષ બે પ્રકારના છે :-

(૧) સામાન્યની બહાર રહેલા કર્મ (દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ), ઇન્દ્રિયો (દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો), કર્મ સાપેક્ષ પરિણામો (રંગ-રાગ-ભેદ) થી ભેદજ્ઞાન કરવાનું છે.
(૨) સામાન્ય સ્વરૂપ, તેની અંદર રહેલા ક્રમરૂપ તથા અક્રમરૂપ અનંત નિરપેક્ષ વિશેષોથી રચાયેલુ છે. તે ભેદોનો વિસ્તાર કરી, તેનું સ્વરૂપ સારી રીતે સમજી, પછી તે ભેદોનું લક્ષ છોડી અભેદનો અનુભવ કરવાનો છે. ભેદોને અભેદમાં સમાવી લેવાના છે.

* દૃષ્ટિ સ્વભાવથી જ એકાંતિક અને નિર્વિકલ્પ હોય છે. તેથી દૃષ્ટિ તેના વિષયને અભેદ પણે જ ગ્રહણ કરે છે.
* જ્ઞાન સ્વભાવથી જ અનેકાંતિક અને સવિકલ્પ હોય છે. તેથી જ્ઞાન તેના વિષયને અનંત ભેદાત્મક અભેદ ગ્રહણ કરે છે.

જ્ઞાયકભાવ અખંડ અભેદ એકરૂપ હોવા છતાં તેમાં નીચે મુજબ વિશેષો ગર્ભિત છે.

(૧) અસંખ્ય પ્રદેશમાં વ્યાપક ત્રિકાળી અનંત ગુણો. દરેક ગુણમાં ક્રમે ઉત્પન્ન થવાવાળી અનાદિ અનંત વિશેષ પર્યાયો નિમગ્ન છે.
(૨) દરેક ગુણની વર્તમાન વર્તતી ધ્રુવ પરિણતિરૂપ કારણ શુદ્ધ પર્યાય છે-જે ત્રિકાળીને વર્તમાનમાં વ્યક્ત કરે છે તથા વર્તમાન કાર્યનું કારણ થાય છે. -દ્રવ્યની ધ્રુવ પરિણમન શક્તિ.

ભેદથી પૂજિત પંચમભાવની પરિણતિ-પર્યાયરૂપ હોવા છતાં અભેદથી પરમભાવગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે-કારણ પરમાત્મા ધ્રુવ પરિણમનરૂપ છે.

આધાર: નિયમસારની અનેક ગાથાઓ, સમયસાર-૪૭ શક્તિઓની વ્યાખ્યા
પ્રયોજન: ધ્રુવમાં ધ્રુવનો પ્રતિભાસ-સ્વરૂપ પ્રત્યક્ષ વગેરે ભાવોથી દ્રવ્યનું (દ્રવ્ય-ગુણ-પર્યાયથી) પૂર્ણપણું ભાસે છે, ઉત્પાદ પર્યાયની દૃષ્ટિ સહેજે જ છુટી જાય છે.
દૃષ્ટાંત: સમુદ્રની હીલોળા મારતી સપાટી.

(૩) ઉપયોગ સામાન્ય:- ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ-જે અનાદિ અનંત પર્યાયાર્થિકનયના પારિણામિકભાવરૂપે હોવા છતાં સદૃશ સામાન્ય ધ્રુવ પ્રવાહ રૂપે છે. ચૈતન્યમાંથી પ્રગટ થઈ, ચૈતન્યને

તન્મયપણે પ્રસિદ્ધ કરી ( અનુભવી ), ચૈતન્યમાં જ વિલીન થઈ જાય છે. ચૈતન્યની જાત હોવાથી, દરેકને સ્વાનુભવ પ્રસિદ્ધ તથા સ્વપર પ્રકાશક હોવાથી લક્ષણરૂપે છે. ભેદથી પર્યાયરૂપે હોવા છતાં અભેદથી અભેદ દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે.

આધારઃ સમયસાર કળશ. ૪૨, પરિશિષ્ટઃ– લક્ષ્ય–લક્ષણ ભેદ, દ્રવ્ય સંગ્રહ ગા. ૪, પ્રવચનસાર ગા. ૧૨૭

પ્રયોજનઃ અનાદિથી પર્યાયમાં માત્ર રાગાદિ ભાવો જ નથી, જ્ઞાનનું પરિણમન પણ છે. રાગાદિને ભેદજ્ઞાન કરી પુદ્‌ગલના કહેવામાં આવે છે, જ્ઞાન આત્માથી અભિન્ન છે.

દૃષ્ટાંતઃ સમુદ્રનાં મોઝાંને સમુદ્રનાં પાણીરૂપે જોવા.

ઉપરોક્ત ત્રણેનું વર્તમાન અખંડપણું સામાન્ય સ્વરૂપે ક્ષણીક ઉત્પાદ વ્યયરૂપે પરિણમતાં સાપેક્ષ વિશેષ પર્યાયરૂપે પરિણમતું નહીં હોવાથી ધ્રુવરૂપે પણ કહેવાય છે. તેમાં સામાન્ય ચૈતન્યમય પરિણમન, તેનું કર્તૃત્વ, ભોકતૃત્વ તથા સ્વપરનું જ્ઞાતૃત્વ રહેલું છે.

શુદ્ધનયનો વિષય જ્ઞાયક બે રૂપવાળો છે.

ધ્યેયઃ દ્રવ્ય, ગુણ, કારણશુદ્ધપર્યાયમય–દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય.
આશ્રય કરવા યોગ્ય–નિત્ય સ્વરૂપ–અપરિણામી.

જ્ઞેયઃ દ્રવ્ય, ગુણ, કા. શુ. પર્યાય, ઉપયોગ સામાન્યમય–જ્ઞાનપ્રધાન દૃષ્ટિનો વિષય.
આવિર્ભાવ કરવા યોગ્ય–નિરંતર સ્વરૂપ–પરિણામી–અનુભવનો વિષય.

આ બે રૂપમાંથી કોઈપણ એક રૂપને ઉપયોગ વિશેષ વડે તન્મયપણે ગ્રહણ કરતાં આત્માનો પ્રથમ અનુભવ થાય છે. સાધક દશામાં થતાં અનેક નિર્વિકલ્પ અનુભવ ક્યારેક ધ્યેયરૂપને તથા ક્યારેક જ્ઞેયરૂપને ગ્રહણ કરતાં થાય છે.

* ધ્યેયને ગ્રહણ કરતી વખતે સામાન્ય ઉપયોગ ગૌણ હોય છે.
* જ્ઞેયને ગ્રહણ કરતી વખતે સામાન્ય ઉપયોગમયી સ્વરૂપનું અભેદ ગ્રહણ હોય છે.

આધારઃ ધ્યેયઃ- સમયસાર ગા. ૬ ( ૧ લો પેરેગ્રાફ ), ગા. ૧૪ નિયમસાર ગા. ૩૮,૫૦.
જ્ઞેયઃ- સમયસાર ગા. ૨ ( સમય ), ગા. ૬ ( ૨જો પેરેગ્રાફ ), ગા. ૧૫, પરિશિષ્ટ–જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ, પ્રવચનસાર ગા. ૧૯૨,૨૦૦.

પૂ. ગુરુદેવશ્રી. સમ્યગ્દર્શનનું નિરૂપણ બે પ્રકારે–દૃષ્ટિપ્રધાન ( સમયસાર ગા. ૧૧ ) તથા જ્ઞાનપ્રધાન ( પ્રવચનસાર ગા. ૨૪૨ ) / ( પ્રવચન રત્નાકર ભા–૧૧ પા. ૫૬, પ્રવચન નવનીત ભા–૪ પા. ૧૨૨, સમયસારસિદ્ધિ ભા–૩ પા. ૧૪૧ )

ધ્યેય જ્ઞેયના બે ભેદ કરવાથી જ્ઞાયક બે નથી થઈ જતાં. એક જ્ઞાયકના જ બે રૂપ છે–દ્વિરૂપ એકરૂપ છે.

માત્ર એક રૂપથી એક રૂપની સિદ્ધિ થતી નથી, બીજા રૂપથી પહેલાં રૂપની સિદ્ધિ થાય છે– બન્ને રૂપથી પૂરા સ્વરૂપની સિદ્ધિ થાય છે. જેમકે ધ્યેયને ગ્રહણ કરતાં, ગ્રહણ કરવાવાળી પર્યાય અભેદપણે ગ્રહણ કરતી હોવાથી, જ્ઞેયની સિદ્ધિ થાય છે તથા જ્ઞેયનું અભેદ જ્ઞાન અથવા અનુભવ, ધ્યેયના ધ્યાન પૂર્વક જ થાય છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા એ ધ્યેયરૂપ છે તથા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે એ જ્ઞેયરૂપ છે.

* ધ્યેયની દૃષ્ટિ વગર જ્ઞેયનું અભિન્નપણું યથાર્થપણે ભાસતુ નથી. પર્યાયથી સર્વથા અભિન્નપણું ભાસે છે એટલે કે પર્યાય દૃષ્ટિ છે, જે મિથ્યાદૃષ્ટિ છે. તે દૃષ્ટિ અશુદ્ધતામાં તથા પરમાં લંબાય છે.
* જ્ઞેયના અનુભવ વગર ધ્યેયની દૃષ્ટિ યથાર્થ નથી. પર્યાયથી સર્વથા ભિન્નપણું ભાસે છે, જે નિશ્ચયાભાસ છે, મિથ્યાદૃષ્ટિ છે. તેમાં નિશ્ચયનો અભાવ થાય છે, દૃષ્ટિમાં આવતો નથી.
* ધ્યેયની દૃષ્ટિપૂર્વક જ જ્ઞેયનો અનુભવ થાય છે, નહીં તો જ્ઞેયનો પક્ષ છે.
* જ્ઞેયના અનુભવમાં જ ધ્યેયની દૃષ્ટિ સમ્યક્ છે, નહીં તો ધ્યેયનો પક્ષ છે.
* જ્યારે આશ્રય વિવક્ષિત હોય ત્યારે ધ્યેયરૂપની મુખ્યતા હોય છે.
* જ્યારે અનુભવ અથવા પ્રકાશકપણું વિવક્ષિત હોય ત્યારે જ્ઞેયરૂપની મુખ્યતા હોય છે.
* ધ્યેયને ગ્રહણની મુખ્યતામાં દૃષ્ટિ સમ્યક્ થાય, જ્ઞાન સમ્યક્ થાય, સ્વરૂપની પ્રાપ્તિ થાય.
* જ્ઞેયને ગ્રહણની મુખ્યતામાં જ્ઞાન સમ્યક્ થાય, દૃષ્ટિ સમ્યક્ થાય, સ્વરૂપની પ્રપ્તિ થાય.

અહીં તો દૃષ્ટિપ્રધાનથી સ્વરૂપની પ્રપ્તિના પ્રકારની ચર્ચા છે. જ્ઞાનપ્રધાનથી સ્વરૂપની પ્રપ્તિનો પ્રકાર અલગ છે. જેમ કે પ્રવચનસાર ગા. ૧૨૬,૧૮૯, પરિશિષ્ટ,૯૩, સમયસાર ગા.૩

આ રીતે સામાન્ય શુદ્ધાત્માના બન્ને રૂપને જાણવાથી તેનું સ્વરૂપ સર્વાંગે સ્પષ્ટ થઈ તેનો વિશેષ મહીમા આવે છે તથા સ્વરૂપમાં જ ટકી જવાનું કારણ બને છે.

આવા મારા ધ્યેય જ્ઞેયરૂપ સામાન્ય અસ્તિત્વમાં પરિપૂર્ણપણું હોવાથી અને તે વિશેષ પર્યાયોરૂપે નહીં થતો હોવાથી, હું તે ઉત્પાદ વ્યયરૂપ સાપેક્ષ પર્યાયનો કર્તા નથી, કારયિતા નથી તથા પુદ્‌ગલકર્મરૂપ કર્તાનો અનુમોદક નથી.

* હું અપરિણામી ધ્રુવ જ્ઞાયક રૂપે છું. મારામાં જ નિરપેક્ષ ઉપયોગનું સ્વસંવેદન પ્રત્યક્ષપણું તથા સમસ્ત સ્વપર જ્ઞેયાકારપણું હોવાથી, કોઈ પણ વિશેષ પર્યાયની મારે અપેક્ષા નથી.

આમ દ્રવ્ય તો દ્રવ્યરૂપે છે જ. પર્યાય વિશેષ પણ એવો અનુભવ કરે છે કે હું દ્રવ્ય છું. દ્રવ્યના અવલંબને જીવ સુદૃષ્ટિ થાય છે.

પ્રશ્નઃ- ઉપયોગ સામાન્યમાં ઉત્પાદ વ્યય હોવાથી તેનાથી દ્રવ્યનું અભિન્નપણું પ્રમાણજ્ઞાનનો વિષય બને. તેનાથી રહિતપણું જ દૃષ્ટિનો વિષય બની શકે.

ઉત્તરઃ- બરાબર છે. દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય ઉત્પાદ વ્યયથી રહિત ધ્યેયરૂપ જ્ઞાયક જ છે અને તે જ આશ્રય કરવા યોગ્ય છે. ઉપયોગમય જ્ઞેયરૂપ જ્ઞાયક જ્ઞાનપ્રધાન દૃષ્ટિનો વિષય બને છે એટલે કે અનુભવનો વિષય બને છે. તેમાં ઉત્પાદ વ્યયનાં વ્યતિરેકને જોવાના નથી કારણકે જ્યાં સુધી દ્રવ્ય પર્યાયનો ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થઈ શકતો નથી.

પ્રશ્નઃ- ઉપયોગમયી જ્ઞેયને જ દૃષ્ટિનો વિષય બનાવીએ તો ?

ઉત્તરઃ- ઉપયોગ એક સમયનો હોવાથી કાળથી ખંડિત છે તથા તેના જ વિશેષમાં અનેક ભેદો પડે છે. તેથી તે દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય બની શકે નહિ.

આધારઃ પૂ. બહેનશ્રીઃ દૃષ્ટિ દ્રવ્યની હોય છે, વેદન ( ભેદથી ) પર્યાયનું હોય છે.

( ૪ ) ઉપયોગ વિશેષઃ- હવે ઉત્પાદ વ્યયરૂપ ઉપયોગ સામાન્ય અનાદિ અનંત કાળમાં નીચે મુજબ વિશેષતાઓ સહિત હોય છે. તે દરેક અવસ્થાઓ ક્ષણિક સ્વતંત્ર ઉપાદાનરૂપે અથવા કર્મ સાપેક્ષ નૈમિત્તિકરૂપે બે રીતે જોઈ શકાય છે.

આધારઃ પ્રવચનસાર ગા. ૧૫૫, સમયસાર ગા. ૨ ( સ્વસમય-પરસમય ), ગા. ૯૨,૯૩, દ્રવ્યસંગ્રહ ગા. ૪,૫

દૃષ્ટાંતઃ સમુદ્રનાં મલિન તથા વધઘટવાળા મોઝાં.

(a) અજ્ઞાન અવસ્થા–

ઉપાદાનઃ– દ્રવ્ય સ્વભાવ તથા ઉપયોગ સામાન્યના તીરોભાવરૂપ.
સ્વભાવના અજ્ઞાન, પરભાવોના એકત્વ તથા જ્ઞેયાકારના આવિર્ભાવ–ખંડજ્ઞાનરૂપ

નૈમિત્તિકઃ– કુમતિ વગેરે, આશ્રવ–બંધ, ઔદયિક–ક્ષયોપશમિકભાવ વગેરે રૂપ

(b) સાધક અવસ્થા–

ઉપાદાન– દ્રવ્ય સ્વભાવ તથા ઉપયોગ સામાન્યના અંશે આવિર્ભાવરૂપ.
જ્ઞાનધારા તથા કર્મધારા એવા બે ભેદવાળી.

નૈમિત્તિક– સુમતિ વગેરે, આશ્રવ–બંધ–સંવર–નિર્જરા, ઉપશમ–ક્ષયોપશમ વગેરેરૂપ.

* પ્રગટ થયેલી શુદ્ધતા ભેદથી, વિશેષરૂપે અથવા નૈમિત્તિકરૂપે જણાય છે. અભેદથી આત્માપણે–સામાન્યપણે અનુભવાય છે. વિશેષ પર્યાય સામાન્યરૂપે થઈને સામાન્યને અનુભવે છે–એક જ્ઞાનમાત્રની અનુભૂતિ થાય છે.

આધારઃ સમયસાર ગા. ૫૦ થી ૫૫.

(c) સાધ્ય અવસ્થા–

ઉપાદાન–દ્રવ્ય સ્વભાવ તથા ઉપયોગ સામાન્યના પૂર્ણ આવિર્ભાવરૂપ

નૈમિત્તિક–કેવળજ્ઞાન, મોક્ષ, ક્ષાયિકભાવ.

### સાધક અવસ્થા

સાધક અવસ્થામાં–નિર્વિકલ્પ તથા સવિકલ્પ બે અવસ્થાઓ આવે છે.

નિર્વિકલ્પ અવસ્થાઃ દૃષ્ટિમાંથી ગુણભેદ છુટે તથા જ્ઞાનમાંથી પર્યાયભેદ છુટે ત્યારે નિર્વિકલ્પતા આવે છે.

પરમ પારિણામિકભાવે સ્થિત નિત્ય ધ્યેયનું ધ્યાન અથવા નિરંતર સામાન્ય જ્ઞેયનો અનુભવ કરી, પર્યાય વિશેષમાં અભેદપણાનો અનુભવ થવો તેને પર્યાયનો નિશ્ચય કહે છે. તેમાં જ સાધ્યની સિદ્ધિ છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

આધારઃ સમયસારઃ– સેટીકાની ગાથા.

શુદ્ધાત્મદ્રવ્યના નિર્વિકલ્પ અનુભવમાં ત્રિકાળી દ્રવ્ય સામાન્ય ધ્યેય તરીકે ઉપાદેયપણે જણાય છે (પરમ શુદ્ધ નિશ્ચયનય). પ્રગટ થયેલી શુદ્ધ પર્યાયથી અભેદ આત્મા જ્ઞેય અથવા સાધ્ય તરીકે ઉપાદેયપણે જણાય છે (અભેદનય). દ્રવ્ય પર્યાયનું ભિન્ન ભિન્ન જ્ઞાન (પ્રમાણ જ્ઞાન) થતું હોવા છતાં દ્રવ્યનું મુખ્યપણું તથા પર્યાયનું ગૌણપણું–ઉદાસીનપણું (વ્યવહારનય) રહે છે. છદ્મસ્થ હોવાથી જ્ઞાનમાત્રમાં એક તરફ એકાગ્ર હોવાથી આ બધું જ્ઞાન ઉપયોગાત્મક થાય છે. અશુદ્ધ પર્યાયોનું કથંચિત અભિન્નપણું તથા પરદ્રવ્યોનું જ્ઞાન (મુખ્યતાએ) લબ્ધમાં હોય છે. –તેની સાથેના વ્યવહારો આગમ પદ્ધતિમાં હોય છે.

આધારઃ માઈલધવલ કૃત નયચક્ર : નય તથા પ્રમાણઃ– સવિકલ્પ તથા નિર્વિકલ્પ પા. ૯૯,
વિકલાદેશી નયથી સકલાદેશી પ્રમાણ પૂજ્ય છે પા. ૨૨૯

શ્રદ્ધામાં જ્ઞાનનું રૂપ હોવાથી જેટલું જ્ઞાનમાં જણાય છે તેનું પણ શ્રદ્ધાન થાય છે. જ્ઞાનમાં શ્રદ્ધાનું રૂપ હોવાથી જ્ઞાનમાં બધું ભિન્ન ભિન્નપણે તેના સાકાર સ્વભાવમાં જણાતું હોવાથી દ્રવ્યસામાન્યનું મુખ્યપણું–ઉપાદેયપણું રહે છે. માટે શ્રદ્ધા તેને અખંડિત પણે પકડી રાખે છે.

કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ,
અકતૃત્વ શક્તિ અખંડ રીતિ ધરે હૈ.
યાહીં કે ગવેષી હોય જ્ઞાનમાંહિ લખિ લીજૈ,
જ્ઞાનકી લખની યા અનંત સુખ ભરે હૈ.

આ રીતે નિર્વિકલ્પ અનુભવ વખતે ઉપયોગમાં દ્રવ્યનું મુખ્યપણું તથા પર્યાયનું ગૌણપણું ચાલુ રહે ત્યાં સુધી નિર્વિકલ્પતા ટકે છે. જ્યારે ત્રિકાળી અભેદ દ્રવ્યનું મુખ્યપણું છુટવા માંડી ભેદનું ( ગુણ, પર્યાય અથવા તેમાં થતાં જ્ઞેયા કારોનું ) મુખ્યપણું થાય ત્યારે ઉપયોગ સવિકલ્પ થઈ જાય છે. દૃષ્ટિમાં ભેદનું મુખ્યપણું થઈ જાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય. દૃષ્ટિ ચાલુ રહે ત્યારે ફરી ભેદને ગૌણ કરી, અભેદને મુખ્ય કરતાં જ અભેદનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. અભેદની મુખ્યતા ન હોય અથવા જ્ઞાનનાં સાકાર સ્વભાવમાં ભેદોનું જ્ઞાન સહેજે થતું હોવા છતાં તેનાથી અશુદ્ધપણું આવશે તેવા ભ્રમથી તેને જાણવાનો સર્વથા નિષેધ હોય તો, જ્ઞાનનો દ્રોહ થતો હોવાથી, અનુભવ થઈ શકતો નથી.

આ રીતે નિર્વિકલ્પમાં નિશ્ચય વ્યવહારનો મેળ હોય છે. બે નયના સ્વરૂપને જાણે છે.

આધારઃ દેવસેનઆચાર્ય કૃત નયચક્રઃ પ્રમાણ પૂજ્ય નથી, સમયસાર ગા. ૭ નો ભાવાર્થ, ગા. ૧૪૩

સવિકલ્પ અવસ્થાઃ- દ્રવ્યની દૃષ્ટિ તથા અનુભવનું મુખ્યપણું ( નિશ્ચય ) ચાલુ રહે છે. વિશેષ પર્યાયનું ગૌણપણે ( વ્યવહાર ) જ્ઞાન થાય છે. નિશ્ચય શુદ્ધતાને અનુકૂળ અશુભ વંચનાર્થે ( વ્રત તપ વગેરે ) તથા સ્વભાવ સન્મુખાર્થે ( સ્વાધ્યાય, ચીંતન વગેરે ) વ્યવહાર-શુભભાવ આવે છે-હોય છે, તે જાણેલા પ્રયોજનવાન છે. છતાં તેને સાવધાની પૂર્વક કરવા, તે સાધન તથા કારણ છે તેમ પણ વ્યવહારથી કહેવાય છે.

શ્રદ્ધા શુભભાવને સ્વીકારતી નથી, ચારિત્રમાં તેનું વેદન તથા હેયપણું હોય છે, જ્ઞાન તેને સર્વપ્રકારે જાણે છે.

* નિશ્ચયમાં ખેંચાય- વ્યવહારને સર્વથા ઉડાડે તો નિશ્ચયાભાસપણું થઈજાય.
* વ્યવહારમાં ખેંચાય તો વ્યવહારનો પક્ષ થઈ જાય-નિશ્ચયની દૃષ્ટિ છુટી જાય.

નિર્વિકલ્પ અવસ્થામાંજ નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે ( દ્રવ્ય સંગ્રહ ગા. ૪૭ )

**જ્ઞાન સ્વભાવ**

પર્યાયને એક જ પ્રકારે ન જાણવી-બે પ્રકારે જાણવી.

સાપેક્ષ તથા નિરપેક્ષ

આધારઃ નિયમસાર ગા. ૧૪,૧૫, આલાપ પદ્ધતિ / નયચક્ર ( કર્મ ઉપાધિ સાપેક્ષ અશુદ્ધ પર્યાયર્થિકનય, કર્મ ઉપાધિ નિરપેક્ષ શુદ્ધ પર્યાયર્થિકનય-સિદ્ધ સમાન. )

ચૈતન્ય અનુવિધાયિ ઉપયોગ-નિરપેક્ષ પર્યાય બે પ્રકારનીઃ-

* કારણ સ્વભાવ જ્ઞાન ઉપયોગ પોતાના સ્વરૂપોને યુગપત્ જાણવા સમર્થ હોવાથી સ્વરૂપ પ્રત્યક્ષ છે.
* સામાન્ય ઉપયોગનો સ્વભાવ અખંડપણે સમસ્ત સ્વપર પ્રકાશક છે.

આવી શક્તિ કર્મ આવરણના કારણે અવરાયેલી છે. જ્ઞાનની પર્યાય જેટલી પ્રગટ છે તેટલી ક્ષયોપશમ-સ્વભાવના અંશરૂપ છે. આ પ્રગટ પર્યાયમાં પણ સ્વ-પર પ્રકાશકપણું ( પ્રતિભાસ ) છે.

આધારઃ ધવલ ( મંગલ ) / જયધવલ ( જ્ઞાનના ભેદ ), દ્રવ્યસંગ્રહ ગા. ૪,૫, પ્રવચનસાર ગા. ૨૦૦

પૂ. ગુરુદેવશ્રી પ્રવચનઃ કારણ શુદ્ધ પર્યાય પા. ૭૬

જ્ઞાનના આવા અખંડ સ્વપર પ્રકાશક સ્વભાવને ન જાણતો હોય ત્યારે અજ્ઞાની પરની અથવા ભેદની સન્મુખ થઈ એક એક જ્ઞેયને ઇન્દ્રિય જ્ઞાનથી અમૂક પ્રદેશેથી જ ખંડ ખંડ પણે જાણે છે ત્યારે અખંડ જ્ઞાનનો ઘાત થાય છે.

ઇન્દ્રિયજ્ઞાનને અધ્યાત્મશાસ્ત્રોમાં જડ-અચેતન, ઇન્દ્રિય-પરજ્ઞેય, બંધનું કારણ વગેરે ભાવ દ્વારા ખરેખર જ્ઞાન જ નથી એમ દર્શાવ્યું છે.

જ્યારે પર સન્મુખતા છોડી, સ્વસન્મુખ થાય ત્યારે સામાન્યનો અંશે આવિર્ભાવ થઈ સાધકપણું પ્રગટે છે. જ્ઞાનમાં પર સાથે એકત્વપણું છુટી જવાનાં કારણે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાતું હોવા છતાં તેમાં સ્વલક્ષી અખંડ અતીન્દ્રિય તથા પરલક્ષી ખંડ ઇન્દ્રિયજ્ઞાન એવા બે ભેદ પડી જાય છે. અતીન્દ્રિય જ્ઞાન જ્ઞાનધારામાં ભળે છે, ઇન્દ્રિયજ્ઞાન કર્મધારામાં જાય છે.

આચાર્ય કહે છે-શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારિણી છે.

વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ તથા સામાન્યનો આર્વિભાવ કરતાં કરતાં જ્યારે પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન પ્રગટે ત્યારે આવરણનો પણ અભાવ થઈ પૂર્ણ પર્યાય શક્તિ વ્યક્ત થાય છે, સામાન્યનો પૂર્ણ આવિર્ભાવ થાય છે.

સામાન્ય ઉપયોગમાં સમસ્ત સ્વપરનો પ્રતિભાસ અનાદિથી થાય છે. તેનો જ્યારે પૂર્ણ આવિર્ભાવ થાય છે ત્યારે જાણવાની અપેક્ષાએ, જેવું સ્વનું પ્રત્યક્ષ જાણવું થાય છે તેવું જ પરનું પણ પ્રત્યક્ષ જાણવું થાય છે. સ્વપર સંબંધી પોતાના જ્ઞાનમાં થતાં જ્ઞેયાકારોને નિશ્ચયથી જાણે છે, તેથી પરને પણ અસદ્ભૂત વ્યવહારનયથી જાણે છે એમ ઉપચાર કરવામાં આવે છે.

આમ જે જ્ઞાનને લક્ષ અથવા તન્મયપણાની અપેક્ષાએ સ્વપ્રકાશક કહેવાય છે, તે જ જ્ઞાનને વિવક્ષા ભેદે જાણવાની અપેક્ષાએ સ્વપર પ્રકાશક કહેવાય છે.

વિશ્વવિશ્વ વિશેષભાવ પરિણત આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.<br>
સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન-ભેદ ભ્રમ ભારી,<br>
જ્ઞેય દશા દુવિધા પરગાસી, નિજરૂપા પરરૂપા ભાસી.

❀

પૂ. ગુરુદેશ્રીને અંતરમાંથી આવેલી અને ખૂબ જ ઉલ્લસીતભાવે રજૂ કરેલી કારણ શુદ્ધ પર્યાયની વાત સમાજ ન ઝીલી શક્યો. તેથી તેઓશ્રીએ તે વાત ભારે હૃદયે બંધ કરી, તેને અભેદપણે ગુણમાં સમાવી દીધી. અત્યારે બહારમાં પ્રસિદ્ધ રીતે ધ્રુવસામાન્ય તથા ઉત્પાદ વિશેષની જ ચર્ચા ચાલે છે. ધ્રુવ વિશેષ ( કારણ શુદ્ધ પર્યાય ) તથા ઉત્પાદ સામાન્યની ચર્ચા ચાલતી નથી. દ્રવ્ય-પર્યાયની સંધિ કરવા માટે આ બંનેના સ્વરૂપ સમજવા અત્યંત ઉપયોગી છે કારણકે પ્રથમ સમજણમાં જ ભવિષ્યના સમ્યક્ પુરુષાર્થો ગર્ભિત છે.

સ્વતંત્ર ષટ્કારકથી ક્રમબદ્ધ ઉત્પન્ન થતાં કર્મ સાપેક્ષ પર્યાય વિશેષોની ઉપેક્ષા કરી, બન્ને પ્રકારની કર્મ નિરપેક્ષ સ્વાભાવિક પર્યાયને સારી રીતે સમજી, તેનો પણ ભેદ છોડી, દ્રવ્યસામાન્યમાં અભેદ કરી, તેમાં જ સાદિ અનંત મગ્ન થઈ જઈએ એ જ ભાવના.

## પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન પ્રવચનોદધિમાં તણાતા અમૃતરત્નો....

*** સુખના શોધકને :** રે જીવ ! તું વિચાર તો કર કે જે સુખને તું શોધી રહ્યો છે, તે સુખ તો તારામાં હોય કે બહારમાં ? પોતાનું સુખ તો પોતાથી જુદી કોઈપણ વસ્તુમાં ન હોય. બહારમાં ક્યાંય તારું સુખ નથી, તારું સુખ તારામાં જ ભર્યું છે; તે સુખના અનુભવ માટે તારા વાસ્તવિક સ્વરૂપને તું ઓળખ.

*** સમ્યગ્દષ્ટિ નિઃશંક અને નિર્ભય છે :** જ્ઞાનીનું સમ્યગ્દર્શન કોઈ સંયોગના અવલંબને નથી થયું, પણ સ્વભાવના અવલંબને જ થયું છે; તેથી કોઈપણ સંયોગના ભયથી તેઓ સમ્યક્ત્વથી ચ્યુત થતા જ નથી; જે સ્વરૂપના અવલંબને સમ્યક્ત્વ થયું છે તે સ્વરૂપના અવલંબને પોતાના સમ્યક્ત્વમાં તે નિઃશંક અને નિર્ભયપણે પરિણમે છે. માટે સમ્યગ્દષ્ટિ નિઃશંક અને નિર્ભય છે.

*** અહો ! મારું આનંદ-ધામ :** જગતના જીવોએ 'દુનિયા રાજી કેમ થાય અને દુનિયાને ગમતું કેમ થાય' એવું તો અનંતવાર કર્યું છે. પણ 'હું – આત્મા વાસ્તવિક રીતે 'રાજી' થાઉં ને મારા આત્માને ખરેખર ગમતું શું છે' એનો કોઈ વાર વિચાર પણ નથી કર્યો, એની દરકાર પણ નથી કરી. જેને આત્માને ખરેખર રાજી કરવાની ખરેખર ધગશ જાગી, તે આત્માને રાજી કર્યે જ છૂટકો કરશે અને તેને 'રાજી' એટલે 'આનંદ-ધામ'માં પહોંચ્યે જ છૂટકો છે.

*** એક...દો... તીન :**

(૧) સ્વભાવ સુખરૂપ છે, (૨) વિભાવ દુઃખરૂપ છે, (૩) સંયોગ જ્ઞેયરૂપ છે. – આ ત્રણેયને યથાર્થ જાણે, તો સ્વભાવના આશ્રયે સુખ પ્રગટે ને દુઃખ ટળે.

(૧) સ્વભાવનું સામર્થ્ય છે, (૨) વિભાવનું વિપરીતપણું છે, (૩) સંયોગનું પૃથક્પણું છે. – આ ત્રણેયને યથાર્થ જાણે, તો સ્વભાવના સામર્થ્યના આશ્રયથી પર્યાયમાં નિર્મળતારૂપ સામર્થ્ય પ્રગટે ને વિભાવ ટળે.

(૧) સ્વભાવ ઉપાદેય છે, (૨) વિભાવ હેય છે, (૩) સંયોગ જ્ઞેય છે. – આમ ઉપાદેય, હેય અને જ્ઞેય એ ત્રણેયને જાણીને, ઉપાદેયરૂપ સ્વભાવનો આદર કરતાં નિર્મળતા પ્રગટી જાય છે, હેયરૂપ વિભાવો છૂટી જાય છે ને જ્ઞાન-સામર્થ્યમાં બધું જ્ઞેય થઈ જાય છે.

(૧) સ્વભાવ શાશ્વત છે, (૨) વિભાવ ક્ષણિક છે, (૩) સંયોગ પોતામાં અભાવરૂપ છે.—આમ જાણે તો, સંયોગનું લક્ષ છોડીને શાશ્વત સ્વભાવના લક્ષે પર્યાયનો ક્ષણિક વિકાર ટળે, ને શુદ્ધતા પ્રગટે.

(૧) જ્ઞાયક સ્વભાવ કદી મટે નહીં, (૨) રાગ સદા રહે નહીં, (૩) પરચીજ સાથે આવે નહીં.—આમ જાણે તો, નિત્ય ટકતા એવા જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરે, ને રાગ ટળીને અસંયોગી સિદ્ધ-પદ પ્રગટે.

*** રત્નત્રયનો ભક્ત :** ....પોતાના જ્ઞાનાનંદસ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા, તે સાચી ભક્તિ છે. પોતાના ચિદાનંદસ્વભાવની દષ્ટિ અને સ્વસંવેદન કરીને તેમાં લીન થવું, તે જ રત્નત્રયની પરમભક્તિ છે, ને તેને જ ભગવાન ધર્મ કહે છે.

ભવ-ભયના હરનાર એવા સમ્યક્ત્વની, શુદ્ધજ્ઞાનની અને ચારિત્રની ભવ-છેદક અતુલ ભક્તિ નિરંતર જે જીવ કરે છે, તે કામ–ક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપ સમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ, શ્રાવક હો કે સંયમી હો, નિરંતર ભક્ત છે... ભક્ત છે.

અહો ! શ્રમણને કે શ્રાવકને દ્રવ્યદષ્ટિની મુખ્યતામાં ક્ષણે ને ક્ષણે રત્નત્રયની આરાધના વર્તે છે... તેના રોમે રોમે રત્નત્રયની ભક્તિ પરિણમી ગઈ છે, તેથી તે ભક્ત છે... ભક્ત છે.

જુઓ ! આ સમકિતીનું ભજન !! પોતાના શુદ્ધપરમાત્માનો આશ્રય કરીને, તેને જ સમકિતી ભજે છે. પરમાત્મતત્ત્વના ભજનથી જે શુદ્ધશ્રદ્ધાજ્ઞાનચારિત્ર પ્રગટે, તે જ ભવ-ભયનો નાશ કરનારી ભક્તિ છે. શ્રી સર્વજ્ઞના માર્ગમાં જે શુદ્ધરત્નત્રયને ભજે તેને જ ભક્ત કહ્યો છે. જીવ રત્નત્રયરૂપે પરિણમ્યો છે, તે રત્નત્રયનો ભક્ત છે. ને એવા જીવને રત્નત્રયના આરાધક બીજા જીવો પ્રત્યે વાત્સલ્ય ને બહુમાનનો ભાવ આવે છે.

Vol.179 ☐ March, 2008 * ATMA-JAGRATI * Postal Regd. No. BVHO/199/2006-2008
Renewed upto 31-12-2008 ☐ RNI Registration No. 69717/93
સહસ્પતા શુલ્ક : વાર્ષિક રૂ. ૩૫ * બારવર્ષીય રૂ. ૩૫૦



...જીવ સ્વાભાવિક છે. પરમાણુ સ્વાભાવિક છે. જીવ અનંત છે. પરમાણુ અનંત છે. જીવ અને પુદ્ગલનો સંયોગ અનાદિ છે. જ્યાં સુધી જીવને પુદ્ગલસંબંધ છે, ત્યાં સુધી સકર્મ જીવ કહેવાય.

ભાવકર્મનો કર્તા જીવ છે. ભાવકર્મનું બીજું નામ વિભાવ કહેવાય છે. ભાવકર્મના હેતુથી જીવ પુદ્ગલ ગ્રહે છે. તેથી તૈજસાદિ શરીર અને ઔદારિકાદિ શરીરનો યોગ થાય છે.

ભાવકર્મથી વિમુખ થાય તો નિજભાવપરિણામી થાય.

સમ્યગ્દર્શન વિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે.

સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્ત્વાર્થપ્રતીતિ થવી તે છે.

હું કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજ નિજ અનુભવસ્વરૂપ છું.
વ્યવહારદૃષ્ટિથી માત્ર આ વચનની વક્તા છું.
પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યંજિત મૂળ અર્થરૂપ છું.
તમારાથી જગત ભિન્ન છે, અભિન્ન છે, ભિન્નાભિન્ન છે ?
ભિન્ન, અભિન્ન, ભિન્નાભિન્ન, એવી અવકાશ સ્વરૂપમાં નથી.
વ્યવહારદૃષ્ટિથી તેનું નિરૂપણ કરીએ છીએ.

—જગત મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગતસ્વરૂપે છે, હું સ્વસ્વરૂપે છું. તેથી જગત મારાથી કેવળ ભિન્ન છે. તે બંને દૃષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે.

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય.

—'શ્રીમદ્ રાજચંદ્ર' / આભ્યંતર હાથનોંધ : ૩/૬-૭.

## * પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે *

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય—એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે. —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આત્માનો ઉપાદેય કોણ ?

[redacted]

મોટા લાખોપતિના છોકરા સ્કૂલમાં શીખવામાં હથોડા આદિ ઉપાડતાં હોય છે ને ! તેના ઉપરથી વિચાર આવ્યો કે : આ અનંત જ્ઞાન, આનંદ આદિ લક્ષ્મીનો સ્વામી આત્મા પુણ્ય-પાપના વિકલ્પના હથોડા ઉપાડે છે ! પોતે અનંત લક્ષ્મીવાન છે છતાં ભાન વગર વિકલ્પના બોજા ઉપાડે છે ! પોતે જ પોતાના આત્મા ઉપર ઘણના ઘા મારે છે કે 'હું રાગી, દ્વેષી, મોહી, શરીરવાળો સંસારી છું.' છતાં દ્રવ્ય કદી વિકાર કે સંસાર રૂપ થયું નથી, થતું નથી અને થશે નહીં. પુણ્ય-પાપના હથોડા અચેતન છે, ચૈતન્યનું મૂળ સ્વરૂપ નથી. ભગવાન (આત્મા) તો મહિમાવંત પદાર્થ છે ! ....નવ તત્ત્વોમાં એક આ આત્મ-તત્ત્વ છે, તે પુણ્ય, પાપ, આસ્રવાદિ તત્ત્વ રૂપે કદી થતો જ નથી. એ તો નિજ ભાવ-સંપન્ન અનંત જ્ઞાનાદિ લક્ષ્મીનો સ્વામી પૂર્ણ... પૂર્ણ પરમભાવ રૂપ પ્રભુ છે, તે કદી આવા નિજ ભાવને છોડીને અજીવ તથા આસ્રવ ભાવ રૂપે થયો જ નથી...

'હું તો શુદ્ધ જ્ઞાનાદિ નિજ ભાવ રૂપ છું, હું કદી શરીર, કર્માદિ રૂપ થયો નથી'—એવી દૃષ્ટિ કરવી, તેનું નામ મુક્તિ છે. મહાપ્રભુને વિપરીત એવા રાગાદિ રૂપ માનવો—એ જ ભ્રમ છે, મિથ્યાત્વ છે, સંસાર છે...

આત્મા ક્રોધાદિક રૂપે થતો નથી, નિજ ભાવ રૂપ જ છે... પરમભાવસ્વરૂપ આત્મા પોતે જ પરમાત્મા છે. તે પરમાત્મા ત્રણકાળમાં કદી વિકારપણે થયો નથી. અહો ! અનંત ગુણના ભાવથી ભરેલું જેનું રૂપ-સ્વરૂપ છે, તે કદી રાગ, દ્વેષ અને ઇચ્છા રૂપે થયો નથી, થતો નથી અને થશે નહિ. આત્માએ કદી નિજ ભાવને છોડ્યો નથી, છોડતો નથી અને છોડવાનો નથી.

આત્મા અતીન્દ્રિયસુખથી તન્મય છે, એકરૂપ છે. ક્યારે ?—અત્યારે. આત્મા અતીન્દ્રિયઆનંદના ભાવથી તન્મય છે, અને કામ-ક્રોધાદિથી અર્થાત્ વિકલ્પમાત્રથી ભિન્ન છે. આત્મા અતીન્દ્રિય-ભાવ-સ્વરૂપ છે અને ઇચ્છા તથા રાગાદિકથી ભિન્ન એવો શુદ્ધાત્મા છે, તે જ ઉપાદેય છે, તે જ દૃષ્ટિમાં લેવા લાયક છે.—આવો આ શ્લોકનો અભિપ્રાય છે.

—શ્રી પરમાત્મપ્રકાશ-પ્રવચન / ભાગ ૧ / ગાથા ૬૭ના પ્રવચનમાંથી સાભાર ઉદ્‌ધૃત અંશ.

---

# જ્ઞાનીની ભાવના

(... [redacted])

શ્રીગુરુ કહે છે—આ રીતે પર તરફનું વલણ રહે ત્યાં સુધી પણ વિકલ્પ છે. અંતર્મુખ વળીને સ્વસંવેદન કરે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. તેમાં શ્રીગુરુની દેશના અને તે તરફના બહુમાનનો ભાવ, તે નિમિત્તરૂપ છે; તેને અહીં ક્રિયાકાંડ કહ્યો છે. પણ તે વિકલ્પમાં જ રોકાઈ રહે, તો કાંઈ તે ક્રિયાકાંડ વડે જ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પહેલાં આત્મા તરફનો વિકલ્પ હતો, તે તોડીને, અંતરમાં ચૈતન્યસ્વભાવને પકડીને કેવળ આત્મ-ભાવનાથી સમ્યગ્જ્ઞાન થયું, ત્યાં પૂર્વના વિકલ્પને ક્રિયાકાંડ ગણીને તેના દ્વારા જ્ઞાન થવાનું કહ્યું. પરિણતિને અંતરમાં એકાગ્ર કરી, ત્યારે સમ્યગ્જ્ઞાન થયું, ને આનંદમય આત્માની પ્રાપ્તિ થઈ.

'હું જે આનંદ શોધતો હતો, તે આનંદ મારા અંતર્-સ્વરૂપમાં જ છે' એમ પ્રતીત કરીને, જે જ્ઞાન અંતરમાં એકાગ્ર થયું, તે જ્ઞાન પ્રતિષ્ઠિત છે, સ્થિર છે. અને એ રીતે જેનું જ્ઞાન સ્થિર થયું, તે જીવ રાગ-દ્વેષાદિરૂપે પરિણમતો નથી...

અંતર્મુખ એકાગ્ર થઈને પોતાના જ્ઞાનાનંદ-સ્વરૂપ આત્માને પ્રાપ્ત કરીને શ્રી આચાર્યદેવ કહે છે કે : અહો ! જગત પણ આવા જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને આજે જ પ્રાપ્ત કરો ! 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું' એવી શ્રદ્ધા તો જરૂર કરો ! આત્માના પરમાનંદના જમણનું સાગમટે નોતરું દીધું છે : જગતના બધાય જીવો આત્માના આનંદને આજે જ અવશ્ય પ્રાપ્ત કરો !

(... [redacted])

## ભેદજ્ઞાન-પ્રશ્નોત્તર

**વિકાર સાથેના કર્તાકર્મપણાની પ્રવૃત્તિ ટાળીને જેઓ જ્ઞાનમય થયા ને મુક્તિ પામ્યા એવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.**

❒ **પ્રશ્ન :** મોક્ષનું અને સંસારનું કારણ શું છે ?

**ઉત્તર :** આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે કર્તા થઈને પોતાનું જ્ઞાન-કાર્ય કરે, તે જ જ્ઞાનીનું ખરું કર્મ છે ને તે મોક્ષનું કારણ છે.

તેને બદલે, અજ્ઞાનીને એવી જે વિકાર સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ છે કે 'હું જ્ઞાનસ્વભાવી આત્મા કર્તા છું ને આ ક્રોધાદિક ભાવો મારાં કર્મ છે', તેનું ફળ સંસાર છે; પોતાના ત્રિકાળી જ્ઞાનાનંદસ્વભાવ સાથે પર્યાયની એકતા કરતો નથી ને 'વિકાર તે જ હું છું' એમ વિકારમાં એકતા-બુદ્ધિ કરીને અજ્ઞાની તેનો કર્તા થાય છે, એ જ સંસારનું કારણ છે.

જ્ઞાની તો ચૈતન્યસ્વભાવમાં એકતા કરીને જે નિર્મળ પર્યાય થઈ, તેના જ કર્તા થાય છે, ને ક્રોધાદિકથી પોતાને ભિન્ન જાણે છે,—એ રીતે ભેદજ્ઞાન વડે તે મુક્તિ પામે છે.

❒ **પ્રશ્ન :** શ્રી આચાર્યદેવે ['સમયસાર'ના] આ કર્તાકર્મ અધિકારનું મંગલાચરણ કઈ રીતે કર્યું છે ?

**ઉત્તર :** સમ્યગ્જ્ઞાનનો મહિમા કરીને મંગલાચરણ કર્યું છે; કેમકે સમ્યગ્જ્ઞાન પોતે મંગળ સ્વરૂપ છે, તેથી શ્રી આચાર્યદેવે મંગલાચરણમાં તેનો જ મહિમા કર્યો છે.

❒ **પ્રશ્ન :** સમ્યગ્જ્ઞાન કેવું છે ?

**ઉત્તર :** અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિને સર્વ તરફથી શમાવી દેનારું છે અને જીવને મુક્તિ પમાડનારું છે.

❒ **પ્રશ્ન :** કર્તાકર્મની પ્રવૃત્તિ એટલે શું ?

**ઉત્તર :** 'હું કર્તા છું ને આ ક્રોધાદિક ભાવો મારાં કર્મ છે'—એવી મિથ્યાબુદ્ધિથી અજ્ઞાની ક્રોધાદિક સાથે એકત્વપણે પરિણમે છે, તેનું નામ કર્તાકર્મની પ્રવૃત્તિ છે; તે કર્તાકર્મની પ્રવૃત્તિનું ફળ સંસાર છે, અને સમ્યગ્જ્ઞાન-જ્યોતિ વડે તેનો નાશ થતાં મોક્ષ થાય છે.

❒ **પ્રશ્ન :** સમ્યગ્જ્ઞાનરૂપ જ્યોતિ કેવી છે ?

**ઉત્તર :** સમ્યગ્જ્ઞાનરૂપ જ્યોતિ એવી છે કે : જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થઈને, અજ્ઞાન વડે ઊપજેલી એવી કર્તાકર્મની પ્રવૃત્તિને બધી તરફથી દાબી દે છે, વિકારના એક અંશને પણ પોતાના ચૈતન્યસ્વભાવના કાર્યપણે તે સ્વીકારતી નથી; વિકારના કર્તૃત્વને સર્વ તરફથી છેદી નાંખતી, ભેદજ્ઞાન-જ્યોતિ ઝળઝળાટ કરતી સ્ફુરાયમાન થાય છે. તે જ્ઞાન-જ્યોતિ એવી પરમ ઉદાત્ત છે કે : રાગને આધીન જરાપણ થતી નથી, વળી તે અત્યંત ધીર છે—અંદરના ચૈતન્ય-સ્વરૂપમાં તે ઠરતી જાય છે, આકુળતારહિત થઈને શાંત-રસમાં તે લીન થતી જાય છે અને ચૈતન્યતત્ત્વને સમસ્ત પરભાવોથી તે ભિન્ન દેખે છે તથા વિશ્વને જાણવાનો તેનો સ્વભાવ છે.—આવી ભેદજ્ઞાન-જ્યોતિ જગતને મંગળરૂપ છે. તે જ્ઞાન-જ્યોતિનો મહિમા કરવો, તે માંગળિક છે.

જે જ્ઞાન-જ્યોતિ પ્રગટી, તે ચૈતન્યના આનંદમાં લીન થયેલી છે, તેથી અનાકુળ છે; તેનામાં એવી આકુળતા નથી કે : અરે ! પૂરું ચૈતન્ય સ્વરૂપ ક્યારે પ્રાપ્ત થશે ? ક્યારે મુક્તિ થશે ?

❒ **પ્રશ્ન :** 'હું ક્યારે આ સંસારથી છૂટું ને ક્યારે મુક્તિ પામું ?'—એવો આકુળતાનો વિકલ્પ તો ધર્મીને ય આવે છે !

**ઉત્તર :** ધર્મીને ય એવો વિકલ્પ આવે પણ તે જ્ઞાન-જ્યોતિથી ભિન્ન છે, જ્ઞાન-જ્યોતિમાં તે વિકલ્પ નથી. ધર્માત્મા તે વિકલ્પને પોતાની જ્ઞાન-જ્યોતિના કાર્યપણે સ્વીકારતા નથી એટલે કે વિકલ્પ સાથે જ્ઞાનની

એકતા માનતા નથી. જ્ઞાન-જ્યોતિ તો વિકલ્પથી જુદી જ છે, તે તો અંતરમાં ઠરતી જાય છે ને જેમ જેમ અંતરમાં ઠરતી જાય છે તેમ તેમ અનાકુળ શાંતિનું વેદન વધતું જાય છે, તે જ જ્ઞાન-જ્યોતિનું કાર્ય છે.

અહો ! માર્ગ તો અંતરની શાંતિનો છે... આકુળતાવાળો માર્ગ નથી. જ્ઞાન તો શાંત થઈને અંદર ઠરે કે આકુળતા કરે ?—આકુળતા તે જ્ઞાનનું કાર્ય નથી.

❑ પ્રશ્ન : સમ્યગ્જ્ઞાન-જ્યોત ક્યારે પ્રગટી ?

ઉત્તર : પહેલાં અજ્ઞાનદશામાં જ્ઞાનને અને ક્રોધાદિકને ભિન્ન જાણતો ન હતો એટલે ક્રોધાદિકમાં તન્મય થઈને તેને પોતાનું કાર્ય માનતો ને તેના કર્તાપણે પરિણમતો હતો, ત્યારે જીવને જ્ઞાન-જ્યોત પ્રગટી ન હતી; પણ જ્યારે 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું ને ક્રોધાદિક મારા સ્વરૂપથી ભિન્ન પરભાવો છે, તેમની સાથે મારે એકતા નથી'—એવું ભેદજ્ઞાન કરીને જીવ પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ એકતાપણે પરિણમ્યો, ત્યારે તેને અપૂર્વ જ્ઞાન-જ્યોત પ્રગટી. તે જ્ઞાન-જ્યોત ધીર છે, ગંભીર છે, ઉદાર છે અને તેણે અજ્ઞાન-અંધકારનો નાશ કર્યો છે.

❑ પ્રશ્ન : જીવને શરણભૂત કોણ છે ?

ઉત્તર : આ જ્ઞાન-જ્યોત જ જગતના જીવોને શરણરૂપ છે. અરે ! આ સંસારરૂપી રણ–જંગલમાં આમતેમ ભટકતા જીવોને આ ભેદજ્ઞાન-જ્યોતિ સિવાય બીજું કોઈ શરણરૂપ નથી. બહારના શુભાશુભ કાર્યોમાં ઉત્સાહમાં ક્ષણિક મોજાં તો ક્ષણમાં ઠરી જશે, તેમાં ક્યાંય શરણ નથી. અહો ! આ જ્ઞાન-જ્યોતિ પરમ શાંત અમૃત-રસની ધારાથી ભરેલી છે, તે જ એક આત્માને શરણરૂપ છે.

❑ પ્રશ્ન : આ જીવને શું કરવા જેવું છે ?

ઉત્તર : જીવનું સ્વરૂપ જ્ઞાન છે, ને જ્ઞાન જ તેનું કાર્ય છે. તે જ્ઞાનસ્વભાવને ક્રોધાદિક પરભાવોથી ભિન્ન જાણીને, તેમાં જ્ઞાનની એકતા કરવી, તે જ કરવા જેવું છે. આ સિવાય દયા–દાનાદિક શુભભાવો કરે, તે કાંઈ આત્માનું ખરું કાર્ય નથી, તેમાં ક્યાંય આત્માને શરણું મળે તેમ નથી. માટે તે રાગાદિથી આત્માનું ભેદજ્ઞાન કરવું, તે જ પહેલાં કરવા જેવું છે.

❑ પ્રશ્ન : ભેદજ્ઞાનની પ્રવૃત્તિ શું છે ?

ઉત્તર : 'હું જ્ઞાનસ્વભાવ છું, ને ક્રોધાદિક તે હું નથી' એમ જાણીને, જ્ઞાનસ્વભાવમાં જ નિઃશંકપણે પોતાપણે વર્તવું ને ક્રોધાદિકમાં એકપણે–પોતાપણે ન વર્તવું પણ તેનાથી ભિન્નપણે વર્તવું—તે જ ભેદજ્ઞાનની પ્રવૃત્તિ છે.

❑ પ્રશ્ન : કઈ રીતે ભેદજ્ઞાન થાય છે ?

ઉત્તર : જેમ જ્ઞાન સાથે આત્માને એકતા છે, તેમ ક્રોધાદિક સાથે આત્માને એકતા નથી પણ ભિન્નતા છે, માટે તે ક્રોધાદિકમાં એકતા-બુદ્ધિ છોડવી ને જ્ઞાનસ્વભાવમાં એકતા કરવી.—આ રીતે ભેદજ્ઞાન થાય છે.

❑ પ્રશ્ન : જીવની સ્વભાવભૂત ક્રિયા કઈ છે ?

ઉત્તર : જીવ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાનક્રિયા જ તેની સ્વભાવભૂત ક્રિયા છે.

❑ પ્રશ્ન : પરભાવભૂત ક્રિયા કઈ છે ?

ઉત્તર : ક્રોધાદિક તે જીવના સ્વભાવરૂપ નહિ હોવાથી ક્રોધાદિક ક્રિયા તે પરભાવભૂત ક્રિયા છે.

❑ પ્રશ્ન : ભગવાને કઈ ક્રિયાનો નિષેધ નથી કર્યો ?

ઉત્તર : જ્ઞાન-ક્રિયા તે જીવના સ્વભાવભૂત હોવાથી ભગવાને તે ક્રિયાનો નિષેધ નથી કર્યો; અર્થાત્ 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવું ભાન કરીને, તેમાં જ્ઞાનની લીનતારૂપ જ જ્ઞાન-ક્રિયા છે, તે ક્રિયા તો મોક્ષનું કારણ છે, તેથી તે ક્રિયા નિષેધવામાં નથી આવી.

❑ પ્રશ્ન : તો કઈ ક્રિયા નિષેધવામાં આવી છે ?

ઉત્તર : ક્રોધાદિક ક્રિયાઓ પરભાવભૂત હોવાથી તે ક્રિયાનો ભગવાને નિષેધ કર્યો છે; અર્થાત્ જ્ઞાનની જેમ ક્રોધાદિક પરભાવો સાથે પણ એકતા

માનીને અજ્ઞાનીજીવ નિઃશંકપણે તે ક્રોધાદિકમાં પોતાપણે પ્રવર્તે છે, તે ક્રિયા સંસારનું કારણ છે, તેથી તે ક્રિયા નિષેધવામાં આવી છે.

❐ પ્રશ્ન : કઈ ક્રિયાથી ધર્મ થાય ?

ઉત્તર : જ્ઞાન-ક્રિયા આત્માના સ્વભાવભૂત હોવાથી તે ધર્મ છે.

❐ પ્રશ્ન : કઈ ક્રિયાથી અધર્મ થાય ?

ઉત્તર : ક્રોધાદિક ક્રિયા પરભાવરૂપ હોવાથી તે બંધનનું કારણ છે અને તેથી તે અધર્મ છે.

❐ પ્રશ્ન : શરીરની ક્રિયાથી ધર્મ કે અધર્મ છે કે નહિ ?

ઉત્તર : ના; શરીરની ક્રિયા તો જડની ક્રિયા છે, તેનાથી જીવને ધર્મ કે અધર્મ થતો નથી.

❐ પ્રશ્ન : જ્ઞાન-ક્રિયા એટલે શું ?

ઉત્તર : 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, ક્રોધાદિકથી હું ભિન્ન છું' એમ જાણીને, જ્ઞાનસ્વરૂપના શ્રદ્ધાજ્ઞાન-આચરણરૂપે પરિણમવું, તે જ્ઞાન-ક્રિયા છે; તે ક્રિયા મોક્ષનું કારણ છે, તેથી જ્ઞાનીઓ તે ક્રિયાનો નિષેધ કરતા નથી.

❐ પ્રશ્ન : ક્રોધાદિ-ક્રિયા એટલે શું ?

ઉત્તર : જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ચૂકીને 'ક્રોધાદિક તે જ હું' એવી એકતા-બુદ્ધિથી ક્રોધાદિકમાં પરિણમવું, તે ક્રોધાદિ-ક્રિયા છે, તે જીવનો સ્વ-ભાવ નથી, તેથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે, માટે જ્ઞાનીઓ તેનો નિષેધ કરે છે.

❐ પ્રશ્ન : જ્ઞાન-ક્રિયાનો નિષેધ કેમ નથી ?

ઉત્તર : કેમકે તે ક્રિયા તો જીવના સ્વભાવભૂત જ છે, તેને તો આત્માની સાથે એકતા જ છે, તેથી તેનો નિષેધ થઈ શકે જ નહિ. જ્ઞાન-ક્રિયાનો નિષેધ કરવાથી તો આત્માનો જ નિષેધ થઈ જાય.

જેમ અગ્નિની ઉષ્ણતાનો નિષેધ થઈ શકે નહિ, કેમકે તે તેના સ્વભાવભૂત છે, પણ અગ્નિમાંથી ધુમાડાનો નિષેધ થઈ શકે કેમકે તે પર-ભાવરૂપ છે; તેમ આત્માની જ્ઞાન-ક્રિયાનો નિષેધ થઈ શકે નહિ કેમકે તે તો આત્માના સ્વભાવ સાથે એકમેક હોવાથી સ્વભાવભૂત જ છે, પણ ક્રોધાદિક વિકારી ક્રિયાનો આત્મામાંથી નિષેધ થઈ શકે, કેમકે તે આત્માના સ્વભાવ સાથે એકમેક નથી પણ પર-ભાવરૂપ છે. આત્મા સાથે અભેદ થઈને એકતારૂપે પરિણમેલું જ્ઞાન આત્માથી જુદું પડી શકતું નથી, માટે તે જ્ઞાન-ક્રિયાનો નિષેધ નથી. પણ જ્ઞાન સાથે એકતારૂપ પરિણમતાં ક્રોધાદિકની રુચિ છૂટી જાય છે, માટે તે ક્રોધાદિ-ક્રિયાનો નિષેધ છે.

❐ પ્રશ્ન : ક્રિયાની કેટલી જાત ?

ઉત્તર : ક્રિયાની ત્રણ જાત—(૧) જ્ઞાન-ક્રિયા, (૨) ક્રોધાદિ-ક્રિયા અને (૩) જડ-ક્રિયા.

❐ પ્રશ્ન : બંધ-મોક્ષનો સંબંધ કઈ ક્રિયા સાથે છે ?

ઉત્તર : જ્ઞાન-ક્રિયા અને ક્રોધાદિ-ક્રિયા એ બંને અરૂપી છે, જીવમાં થાય છે; તેમાંથી જ્ઞાન-ક્રિયા તો મોક્ષનું કારણ હોવાથી તે ધર્મ છે, ક્રોધાદિ-ક્રિયા બંધનું કારણ હોવાથી તે અધર્મ છે. અને શરીરાદિ જડની ક્રિયા તો જીવથી ભિન્ન હોવાથી તે બંધનું કે મોક્ષનું કારણ નથી, તેથી તેનાથી ધર્મ કે અધર્મ નથી.

❐ પ્રશ્ન : મોક્ષ કેમ થાય ?

ઉત્તર : જ્ઞાન-ક્રિયા અને ક્રોધાદિ-ક્રિયા એ બંનેને ભિન્ન ભિન્ન જાણીને, જ્ઞાન સાથે જ અભેદતારૂપ પ્રવૃત્તિ કરવી ને ક્રોધાદિક સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ છોડવી,—આમ કરવાથી મોક્ષ થાય છે.

❐ પ્રશ્ન : આત્માને જ્ઞાન સાથે કેવો સંબંધ છે ?

ઉત્તર : જ્ઞાન સાથે આત્માને એકતારૂપ તાદાત્મ્ય સંબંધ છે.

❐ પ્રશ્ન : ક્રોધાદિક સાથે આત્માને કેવો સંબંધ છે ?

ઉત્તર : ક્રોધાદિક ભાવો સાથે આત્માને સંયોગ સંબંધ છે.

❒ પ્રશ્ન : ક્રોધાદિક ભાવો આત્માની જ પર્યાયમાં થતા હોવા છતાં તેની સાથે સંયોગ સંબંધ કેમ કહ્યો ?

ઉત્તર : તે ક્રોધાદિકને જીવના શુદ્ધ સ્વરૂપ સાથે એકતા નથી પણ ભિન્નતા છે, તેથી ત્રિકાળી શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ જીવને ક્રોધાદિક સાથે માત્ર સંયોગ સંબંધ છે.

જીવ જ્યાં પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકતા રૂપે પરિણમ્યો ત્યાં તે ક્રોધાદિકનો સંબંધ છૂટી જાય છે, માટે તેને આત્મા સાથે સંયોગ સંબંધ જ કહ્યો.

❒ પ્રશ્ન : આત્મા અને ક્રોધાદિકનું ભેદજ્ઞાન કઈ રીતે છે ?

ઉત્તર : આત્માને જેવો સંબંધ જ્ઞાન સાથે છે તેવો સંબંધ ક્રોધાદિક સાથે નથી; જ્ઞાન સાથે તો આત્માને ગુણ–ગુણીરૂપ એકતાનો સંબંધ છે, જ્યારે ક્રોધાદિક સાથે આત્મ-સ્વભાવની એકતા નથી પણ ભિન્નતા છે, તેથી તેની સાથે માત્ર સંયોગ સંબંધ છે,—આ રીતે ક્રોધાદિકથી જ્ઞાનની અધિકતા (—ભિન્નતા) જાણીને, આત્મા જ્ઞાનરૂપે પરિણમ્યો, તે જ આત્મા અને ક્રોધાદિકનું ભેદજ્ઞાન થયું.

❒ પ્રશ્ન : ભેદજ્ઞાન થતાં શું થાય છે ?

ઉત્તર : ભેદજ્ઞાન થતાં આત્મા ક્રોધાદિકરૂપે પરિણમતો નથી, તેથી તેને બંધન થતું નથી, એટલે તે મુક્તિ પામે છે.

❒ પ્રશ્ન : જેને એવું ભેદજ્ઞાન નથી, તેને શું થાય છે ?

ઉત્તર : જેને આત્મા અને ક્રોધાદિકનું ભેદજ્ઞાન નથી, તે અજ્ઞાનીજીવ ક્રોધાદિકનો કર્તા થઈને પરિણમે છે, તેથી તેને બંધન થાય છે.

—શ્રી 'સમયસાર' કર્તાકર્મ અધિકાર ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાંથી

—શ્રી આત્મધર્મ / અંક ૧૫૫માંથી સાભાર ઉદ્ધૃત.

(... પૃ. ૧૩નો શેષાંશ)

આત્માની પ્રાપ્તિનો અમે જે ઉપાય કહ્યો, તે ઉપાયથી જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની જરૂર પ્રાપ્તિ થાય છે, માટે આ રીતે જગત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને આજે જ પ્રાપ્ત કરો !—એમ શ્રી આચાર્યદેવનું આમંત્રણ, આદેશ અને ઉપદેશ છે.

જ્ઞાનાનંદથી ભરેલું સ્વ-તત્ત્વ જ ઇષ્ટ છે. જ્ઞાન અને આનંદમાં ડૂબેલું એવું આ સ્વ-તત્ત્વ જ ઇષ્ટ છે. અતીન્દ્રિયઆનંદ અને જ્ઞાન જેમાં ઉલ્લસી રહ્યાં છે, એવું આ સ્વ-તત્ત્વ જ ઇષ્ટ છે.

સ્યાત્કાર લક્ષણવાળું જિનશાસન, આવા આનંદમય સ્વ-તત્ત્વને દેખાડે છે. હે જગતના જીવો ! સ્યાત્કાર લક્ષણ જિનશાસનના વશે આવા જ્ઞાન-આનંદથી ઉલ્લસતા સ્વ-તત્ત્વને તમે દેખો; અંતર્મુખ થઈને આજે જ તેની પ્રાપ્તિ કરો !

કેવળ જ્ઞાનરૂપી સરિતા આનંદના અમૃતથી ભરેલી છે ને તેમાં આ સ્વ-તત્ત્વ ડૂબેલું છે, લીન છે. જગતને જોવાને સમર્થ એવા મહા સંવેદનરૂપી જ્ઞાન-લક્ષ્મી તેમાં મુખ્ય છે; ઉત્તમ રત્નના કિરણ જેવું તે સ્પષ્ટ પ્રકાશમાન છે, અને પરમ ઇષ્ટ છે.—આવું સ્વ-તત્ત્વ ઉલ્લસી રહ્યું છે, તેને જિનશાસનના આશ્રયે હે જીવો ! તમે પ્રાપ્ત કરો !—એમ શ્રી આચાર્યદેવની પ્રેરણા છે.

[—શ્રી 'પ્રવચનસાર-પરિશિષ્ટ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનના અંશ]

—શ્રી આત્મધર્મ / અંક ૧૫૨માંથી સાભાર ઉદ્ધૃત અંશ.

'સહજ આત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ'

(263)

Vol.183 ❑ July, 2008 * ATMA-JAGRATI * Postal Regd. No. BVHO/199/2006-2008
Renewed upto 31-12-2008 ❑ RNI Registration No. 69717/93
સદસ્યતા શુલ્ક : વાર્ષિક રૂ. ૩૫ * બારહવર્ષીય રૂ. ૩૫૦

## પાર્શ્વનાથ પરમાત્માને નમસ્કાર



...જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે... ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો...

[આ મુરબ્બી... અર્થાત્ કૃપાળુદેવની] .... ઇચ્છામાત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાની જ છે; તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતું-વળગતું કે લેવા-દેવા નથી. એટલે તેમાંથી તેને માટે મને તે વિચારો બંધાય કે બોલાય તે ભણી હવે જવા ઇચ્છા નથી...

કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે કે : જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે. તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.

જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; ... તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તો માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે; તે પણ કહી જઉં છું.

આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઈપણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમશાંતિ-પદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભૂલશો નહીં.

દેહ જેનો ધર્મોપયોગ માટે છે, તે દેહ રાખવા જે પ્રયત્ન કરે છે, તે પણ ધર્મને માટે જ છે...

—'શ્રીમદ્ રાજચંદ્ર' / પત્રાંશ : ૩૭.

Printed & Published by Chiranjilal Jain

## 卐 હું સ્વભાવથી જ જ્ઞાયક છું 卐

① હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પરંતુ કર્તા-કર્મ, સ્વ-સ્વામી આદિ સંબંધો જ નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ-નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક-અઠીકરૂપ નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું. અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. ત્રણ લોકના નાથ તે વિનય કરવાયોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણ લોકના નાથ પણ વિશ્વમાં-જ્ઞેયમાં આવે છે અને હું જ્ઞાયક છું. આખું વિશ્વ તે જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ અને હું તેનો સ્વામિ એવો સ્વ-સ્વામી સંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા-કર્મ સંબંધ પણ વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે અને
② તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય છું, તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## સમ્યક્ત્વ-મહિમા

❒ **પ્રશ્ન :** મિથ્યાદૃષ્ટિ મુનિ કરતાં કયો ગૃહસ્થ શ્રેષ્ઠ છે ?

**ઉત્તર :** સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં રહેલો છે; પરંતુ મિથ્યાદૃષ્ટિમુનિ મોક્ષમાર્ગી નથી; માટે મિથ્યાદૃષ્ટિ મુનિ કરતાં સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે.

—શ્રી રત્નકરંડ શ્રાવકાચાર ૩૩.

❒ **પ્રશ્ન :** જીવને કલ્યાણકારી કોણ છે ?

**ઉત્તર :** ત્રણકાળ અને ત્રણલોકમાં પણ પ્રાણીઓને સમ્યક્ત્વ સમાન બીજું કોઈ શ્રેષ્ઠરૂપ નથી.

❒ **પ્રશ્ન :** જીવને અહિતકારી કોણ છે ?

**ઉત્તર :** ત્રણકાળ—ત્રણલોકમાં જીવને મિથ્યાત્વ સમાન બીજું કોઈ અહિતકારી નથી.

—શ્રી રત્નકરંડ શ્રાવકાચાર/૩૪.

❒ **પ્રશ્ન :** જગતમાં કોણ સાચો પંડિત છે ?

**ઉત્તર :** સિદ્ધિ કરનાર એવા સમ્યક્ત્વને જેણે સ્વપ્નમાં પણ મલિન કર્યું નથી, તે જ સાચો પંડિત છે.

—શ્રી મોક્ષપાહુડ/૮૯.

❒ **પ્રશ્ન :** શ્રી જિનવરદેવે ગણધરાદિ શિષ્યોને ધર્મ ઉપદેશ્યો, તે ધર્મનું મૂળ શું છે ?

**ઉત્તર :** શ્રી ભગવાને ઉપદેશેલા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે—'दंसणमूलो धम्मो.'

—શ્રી દર્શનપાહુડ/૨.

❒ **પ્રશ્ન :** જીવે શેની ભાવના પૂર્વે નથી ભાવી ?

**ઉત્તર :** જીવે પૂર્વે મિથ્યાત્વાદિક ભાવોની જ ભાવના ભાવી છે, પણ સમ્યક્ત્વાદિક ભાવોને પૂર્વે કદી ભાવ્યા નથી.

મિથ્યાત્વાદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વાદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે.

—શ્રી નિયમસાર/૯૦.

❒ **પ્રશ્ન :** જ્ઞાન વગેરે સર્વે ગુણોની શોભા શેનાથી છે ?

**ઉત્તર :** જેવી રીતે નગરની શોભા દરવાજાથી છે, મુખની શોભા ચક્ષુથી છે અને વૃક્ષની સ્થિરતા મૂળથી છે; તેવી રીતે જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યની શોભા સમ્યગ્દર્શનથી છે. —ભગવતી આરાધના/૭૪૦.

❒ **પ્રશ્ન :** જીવને તપ વગેરે પથ્થરના બોજા સમાન ક્યારે છે ?

**ઉત્તર :** શાંતભાવ, જ્ઞાન, ચારિત્ર અને તપ એ બધાં જો સમ્યગ્દર્શન વગર હોય તો પુરુષને પથ્થર જેમ બોજા સમાન છે.

❒ **પ્રશ્ન :** ઉપર જે ભાવોને પથ્થરના બોજા સમાન કહ્યા તેઓ મહામણિ સમાન પૂજ્ય ક્યારે થાય ?

**ઉત્તર :** જો તે જ્ઞાનાદિ ભાવોની સાથે સમ્યગ્દર્શન હોય, તો તેઓ મહામણિ સમાન પૂજનીક છે. —શ્રી આત્માનુશાસન/૧૫

❒ **પ્રશ્ન :** અનંતકાળથી ચોરાશીલાખ યોનિમાં રખડતા જીવે શું પ્રાપ્ત નથી કર્યું ?

**ઉત્તર :** હે જીવ ! ચોરાશીલાખ યોનિમાં અનાદિકાળથી ભમતાં તું કદી પણ સમ્યક્ત્વ પામ્યો નથી—એમ ચોક્કસ જાણ.

**લક્ષ ચોરાશી યોનિમાં, ભમિયો કાળ અનંત;**
**પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાંત.**

❒ **પ્રશ્ન :** આત્મસ્વરૂપને જાણ્યા વિના પુણ્ય કરે, તો શું થાય ?

**ઉત્તર :** હે જીવ ! જો તું આત્માને નહિ જાણ અને બસ ! પુણ્ય-પુણ્ય જ કર્યા કરીશ, તોપણ તું સિદ્ધિસુખ પામી શકીશ નહિ, પરંતુ ફરી ફરીને સંસારમાં જ ભટકીશ. કેમકે—

નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ ! પુણ્ય;
ભમે તોય સંસારમાં, શિવસુખ કદી ન થાય.

❒ **પ્રશ્ન :** મોક્ષનું કારણ શું ?

**ઉત્તર :** હે યોગી ? એક પરમ આત્મ-દર્શન જ

મોક્ષનું કારણ છે, એ સિવાય બીજું કાંઈ પણ મોક્ષનું કારણ નથી—એમ તું નિશ્ચયથી સમજ.

**નિજદર્શન બસ ! શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;**
**હે યોગી ! શિવહેતુએ નિશ્ચયથી તું જાણ**

❒ **પ્રશ્ન :** જગતમાં ઉત્તમ રત્ન કયું છે ?

**ઉત્તર :** સમ્યક્ત્વ-રત્ન જગતમાં સૌથી ઉત્તમ છે.

❒ **પ્રશ્ન :** મોક્ષ પ્રાપ્ત કરવા માટે શું કરવું ?

**ઉત્તર :** મોક્ષ પ્રાપ્ત કરવા માટે હે યોગી ! તારા શુદ્ધાત્મામાં અને જિનભગવાનમાં જરા પણ ફેર ન સમજ—આ પ્રમાણે નિશ્ચયથી તું માન.

**જિનવર ને શુદ્ધાત્મામાં, કિંચિત્ ભેદ ન જાણ;**
**મોક્ષાર્થે હે યોગીજન ! નિશ્ચયથી એ માન.**

❒ **પ્રશ્ન :** કોને ધન્ય છે ?

**ઉત્તર :** અહો ! તે ભગવાન જ્ઞાનીઓને ધન્ય છે કે જેઓ પરભાવનો ત્યાગ કરે છે અને લોકાલોક-પ્રકાશક એવા નિર્મળ આત્માને જાણે છે.

**ધન્ય અહો ! ભગવંત બુધ જે ત્યાગે પરભાવ;**
**લોકાલોક પ્રકાશકર જાણે વિમલ સ્વભાવ.**

❒ **પ્રશ્ન :** કયું કાર્ય કરનાર જીવો જગતમાં વિરલા છે ?

**ઉત્તર :** તત્ત્વને જાણનાર જ્ઞાનીજનો વિરલા જ છે, વળી વિરલા જીવો જ તત્ત્વનું શ્રવણ કરે છે, વિરલા જીવો જ તત્ત્વનું ધ્યાન કરે છે, અને વિરલા જીવો જ તત્ત્વને અંતરમાં ધારણ કરે છે.

**વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;**
**વિરલા ધ્યાયે તત્ત્વને, વિરલા ધારે કોઈ.**

❒ **પ્રશ્ન :** શેનાથી સિદ્ધિ પમાય છે ?

**ઉત્તર :** પૂર્વે જેઓ સિદ્ધ થયા, ભવિષ્યમાં સિદ્ધ થશે અને વર્તમાનમાં સિદ્ધ થયા છે—તે બધા નિશ્ચયથી આત્મ-દર્શન (સમ્યગ્દર્શન) વડે જ સિદ્ધ થાય છે, એમ નિઃશંકપણે જાણો.

**જે સિદ્ધયાને સિદ્ધશે સિદ્ધ થતા ભગવાન;**
**તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાંત.**

—શ્રી યોગસાર/૨૫, ૧૫, ૧૬, ૨૦, ૬૪, ૬૬, ૧૦૭.

❒ **પ્રશ્ન :** ભગવાને શેને મુક્તિમાર્ગ કહ્યો છે ?

**ઉત્તર :** સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः''

—શ્રી મોક્ષશાસ્ત્ર/૧/૧.

❒ **પ્રશ્ન :** બધાય દુઃખ મટાડવાનું પરમ ઔષધ શું છે ?

**ઉત્તર :** જે પુરુષ કષાયના આતાપથી તપ્ત છે, ઇન્દ્રિય-વિષયરૂપી રોગથી જે મૂર્છિત છે અને ઇષ્ટ-વિયોગ તથા અનિષ્ટ-સંયોગથી જે ખેદખિન્ન છે—તે બધાયને માટે સમ્યક્ત્વ પરમ હિતકારી ઔષધિ છે.

—શ્રી સારસમુચ્ચય/૩૮.

❒ **પ્રશ્ન :** પરમધર્મરૂપ ક્રિયા અફળ છે કે સફળ ? **ઉત્તર :** અફળ.

❒ **પ્રશ્ન :** કઈ રીતે ?

**ઉત્તર :** તે 'પરમધર્મ'રૂપ ક્રિયા ચારગતિરૂપ ફળ નથી આપતી, તેથી તે અફળ છે.

દ્રવ્યના પરમસ્વભાવભૂત હોવાને લીધે 'પરમધર્મ' નામથી ઓળખાતી તે ક્રિયાને મોહ સાથે મિલનનો નાશ થયો હોવાથી તે મનુષ્યાદિ કાર્યને ઊપજાવતી નથી, તેથી તે અફળ છે.

❒ **પ્રશ્ન :** તો કઈ ક્રિયા સફળ છે ?

**ઉત્તર :** ચેતન-પરિણામસ્વરૂપ જે ક્રિયા મોહની સાથે મિલિત છે, તે જ ક્રિયા મનુષ્યાદિ કાર્યની નિષ્પાદક હોવાથી સફળ છે, અર્થાત્ જીવની મોહસહિત ક્રિયા ચારગતિરૂપ ફળને આપતી હોવાથી તે સફળ છે.

* આત્માના 'પરમધર્મ' રૂપ જે ક્રિયા છે, તે મોક્ષને માટે સફળ છે, ને સંસારને માટે અફળ છે. અને મોહ સાથે મિલનરૂપ જે ક્રિયા છે, તે સંસારમાં રખડવા માટે સફળ છે, ને મોક્ષને માટે અફળ છે.

[—સંદર્ભ : પ્રવચનસાર/ગાથા ૧૧૬.]

## "યોગ્યતા"

**[શ્લોકાર્થ :] તે વસ્તુને વિશે રહેલી પરિણમનરૂપ જે યોગ્યતા, તે અંતરંગ નિમિત્ત છે, અને તે પરિણમનમાં નિશ્ચયકાળ બાહ્ય નિમિત્ત છે એમ તત્ત્વદર્શીઓ વડે નિશ્ચય કરવામાં આવ્યો છે.**

—જુઓ ! શ્રી ગોમ્મટસાર/જીવકાંડ/ગા. ૫૮૦

નોંધ : (૧) અહીં <u>અંતરંગ નિમિત્ત</u> કહેતાં ક્ષણિક ઉપાદાન કારણ સમજવું; અને <u>બાહ્ય નિમિત્ત</u> એટલે નિમિત્ત કારણ સમજવું.

(૨) અહીં 'પરિણમનરૂપ યોગ્યતા' કહી, તે વસ્તુની પર્યાયનો સ્વકાળ છે; અને તેમાં બાહ્ય નિમિત્ત કહ્યું, તે પરકાળ છે.

(૩) અહીં 'પરિણમનરૂપ યોગ્યતા' એમ કહ્યું છે એટલે આ વસ્તુની ત્રિકાળી યોગ્યતાની વાત નથી પણ તેની સમય સમયની પર્યાયની યોગ્યતાની વાત છે, એ ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે.

(૪) દરેક વસ્તુની પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે, નિમિત્તને લીધે કંઈ પણ થતું નથી, એવો જે યોગ્યતાનો સ્પષ્ટ સિદ્ધાંત પૂજ્ય ગુરુદેવ સમજાવે છે, તે સાંભળીને અનેક વિદ્વાનો કહે છે કે 'યોગ્યતા માટે કાંઈ શાસ્ત્રાધાર છે ?'—તેથી અહીં શ્રી 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી એક મુખ્ય અને સ્પષ્ટ આધાર આપ્યો છે; બીજા પણ અનેક શાસ્ત્રોમાં આ સંબંધી સ્પષ્ટ કથન આવે છે.

—શ્રી આત્મધર્મ/અંક ૧૪૭માંથી સાભાર ઉદ્ધૃત.

## છુટકારો પામતા જીવની પરિણતિ

વૈશાખ સુદ બીજે રાત્રિચર્ચામાં પુજ્ય ગુરુદેવે આત્માના છુટકારાની ઉલ્લાસભરી વાર્તા કીધી : અહો ! જે આત્મા છુટકારાના માર્ગે ચડ્યો તેના પરિણામ ઉલ્લાસરૂપે હોય છે...ને તેને છુટકારાના જ વિકલ્પો આવે છે...સ્વપ્નાં પણ એનાં આવે. છુટકારાના પ્રસંગ પ્રત્યે જ તેનું વલણ જાય...તેના વિકલ્પમાં નિમિત્તપણે પણ છુટકારાના જ નિમિત્તો હોય. છૂટેલા દેવ, છુટકારો પામતા ગુરુ અને છૂટવાનું બતાવનારા શાસ્ત્રો, એવા છુટકારાના નિમિત્તો પ્રત્યે જ તેના વિકલ્પો ઊઠે...તેમાંય છુટકારાનું સાધન તો નિજ સ્વરૂપનું અવલંબન છે, ને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એ જ કરવાનું બતાવે છે, એટલે તે સ્વરૂપ-સાધનની પ્રધાનતા છૂટતી નથી. આવી છુટકારો પામતા જીવની પરિણતિ હોય છે. છુટકારાના માર્ગથી વિરુદ્ધ વિકલ્પ ઊઠતા નથી.

અહો ! ખેતરના કામના બંધનથી છૂટીને પોતાના ઘરે પાછા ફરતાં બળદ પણ ઉમંગભેર દોડતા દોડતા ઘરે આવે છે; દોરડાનાં બંધનથી છૂટવાનો પ્રસંગ આવતાં નાનું વાછરડું પણ હર્ષથી કુદાકુદ કરી મૂકે છે. તો પછી અનાદિના ભવ-બંધનથી છુટકારાનો અપૂર્વ પ્રસંગ આવતાં કયા મોક્ષાર્થીની પરિણતિ આનંદથી ઉલ્લાસિત ન બને !! છુટકારાનો માર્ગ સાધતા જીવના પરિણામ જરૂર ઉલ્લાસરૂપ હોય છે, અને ઉલ્લાસિત વીર્યવાળો જીવ જ છુટકારાનો માર્ગ પામે છે.

**આત્મ-ઉલ્લાસી સંતોની નમસ્કાર !**

'જે ભેદને પ્રાપ્ત થાય તે પર્યાય છે.'

ઉલ્લસિત વીર્યવાળો જીવ જ છુટકારાનો માર્ગ પામે છે.

(૧૭૯)

Vol.177 ☐ January, 2008 · * ATMA-JAGRATI * Postal Regd. No. BVHO/199/2006-2008
Renewed upto 31-12-2008 ☐ RNI Registration No. 69717/93
સદસ્યતા શુલ્ક : વાર્ષિક રૂ. ૩૫ * બારહવર્ષીય રૂ. ૩૫૦

## ઉત્તમ ગૃહસ્થ



સંસારમાં રહ્યા છતાં પણ ઉત્તમ શ્રાવકો ગૃહસ્થાશ્રમથી આત્મસાધનને સાધે છે; તેઓનો ગૃહસ્થાશ્રમ પણ વખણાય છે.

* તે ઉત્તમ પુરુષ સામાયિક, ક્ષમાપના, ચોવિહાર, પ્રત્યાખ્યાન ઈ. યમનિયમને સેવે છે. * પરપત્ની ભણી માતાબહેનની દૃષ્ટિ રાખે છે. * યથાશક્તિ સત્પાત્રે દાન દે છે. * શાંત, મધુરી અને કોમળ ભાષા બોલે છે. * સત્યશાસ્ત્રનું મનન કરે છે. * બને ત્યાં સુધી ઉપજીવિકામાં પણ માયા, કપટ ઇ. કરતો નથી. * સ્ત્રી, પુત્ર, માત, તાત, મુનિ અને ગુરુ એ સઘળાને યથાયોગ્ય સન્માન આપે છે. * માબાપને ધર્મનો બોધ આપે છે. * યત્નાથી ઘરની સ્વચ્છતા, રાંધવું, સીંધવું, શયન ઇ. રખાવે છે. * પોતે વિચક્ષણતાથી વર્તી સ્ત્રીપુત્રને વિનયી અને ધર્મી કરે છે. * સઘળા કુટુંબમાં સંપની વૃદ્ધિ કરે છે. * આવેલા અતિથિનું યથાયોગ્ય સન્માન કરે છે. * યાચકને ક્ષુધાતુર રાખતો નથી. * સત્પુરુષોના સમાગમ અને તેઓનો બોધ ધારણ કરે છે. * સમર્યાદ અને સંતોષયુક્ત નિરંતર વર્તે છે. * યથાશક્તિ શાસ્ત્રસંચય જેના ઘરમાં રહ્યો છે. * અલ્પ આરંભથી જે વ્યવહાર ચલાવે છે.

—આવો ગૃહસ્થાવાસ ઉત્તમ ગતિનું કારણ થાય એમ જ્ઞાનીઓ કહે છે.

—'શ્રીમદ્ રાજચંદ્ર'/ શિક્ષાપાઠ ૧૨.

❀

## તત્ત્વનિર્ણયનો ઉદ્યમ અને પ્રતિકૂળતા

**પ્રશ્ન :** અમે તત્ત્વનિર્ણય કરવાનો ઉદ્યમ તો કરીએ, પણ ત્યાં વચ્ચે પ્રતિકૂળતા આવી પડે તો ?

**ઉત્તર :** જેને તત્ત્વનિર્ણય કરવો છે તેને તત્ત્વનિર્ણયમાં પ્રતિકૂળતા કાંઈ છે જ નહિ. પ્રથમ તો સંયોગ આત્મામાં આવતો જ નથી, સંયોગ તો આત્માથી જુદો જ છે, માટે પ્રતિકૂળસંયોગ ખરેખર આત્મામાં છે જ નહિ. વળી બાહ્યસંયોગ તો સાતમી નરકમાં અનંતો પ્રતિકૂળ છે, છતાં ત્યાં પણ અનાદિનો મિથ્યાદૃષ્ટિજીવ તત્ત્વનિર્ણય કરીને સમ્યગ્દર્શન પામી જાય છે. માટે પ્રતિકૂળતા આત્માને નડતી નથી.

જેને આત્માની જિજ્ઞાસા જાગી છે ને સાચા દેવ–ગુરુ નિમિત્તપણે મળ્યા છે તેને તત્ત્વનિર્ણયની અનુકૂળતા જ છે. સાચા દેવ–ગુરુ જેને મળ્યા છે તેને બધી અનુકૂળતા જ છે. તેને કાંઈ પ્રતિકૂળતા છે જ નહિ. તત્ત્વનિર્ણય કરવા માટે સાચા દેવ–ગુરુ અનુકૂળ છે, ને અંતરમાં પોતાનો આત્મા અનુકૂળ છે. જેને સાચા દેવ–ગુરુ નિમિત્ત તરીકે મળ્યા ને અંતરમાં આત્માની રુચિ થઈ તેને બધું અનુકૂળ જ છે. તેને બીજી કોઈ પ્રતિકૂળતા નડતી જ નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનાંશ.

Shree Veer-Kundkund-Kahan-Nihal
Sogani Trust, 1004-B (1st floor), Dawn,
BHAVNAGAR-364001 (India)

To

**'એકવાર વંદે જો કોઈ, તેને ચતુર્ગતિ-ભ્રમણ ન હોઈ'-કો'ને વંદે ? કે : સિદ્ધભગવાનને !**

[illegible]

૧ ✻ સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને આચાર્યદેવે અપૂર્વ અપ્રતિહત મંગળ કર્યું છે.

૨ ✻ મોક્ષ-લક્ષ્મીને વરવા જતાં સાધક પોતાના હૃદયમાં સિદ્ધભગવાનને સાથે રાખે છે.

૩ ✻ સિદ્ધ-દશાને સાધવા નીકળેલા સંતો પોતાના મોક્ષના માંડવે સિદ્ધભગવાનને ઉતારે છે.

૪ ✻ અહો સિદ્ધભગવંતો ! સાધકપણાના મહોત્સવમાં મારા હૃદયે પધારો.

૫ ✻ હે ભગવંતો ! મારા જ્ઞાનમાંથી રાગાદિને કાઢી નાખીને હું આપને સ્થાપું છું.

૬ ✻ સિદ્ધભગવાનરૂપી દર્પણમાં જોતાં તેમાં પોતાના શુદ્ધાત્માનું જ પ્રતિબિંબ દેખાય છે.

૭ ✻ 'સિદ્ધ સમાન સદા પદ મેરો'—એવો વિશ્વાસ આવ્યા વિના, સાધક-દશા શરૂ થાય નહીં.

૮ ✻ આત્મામાં સિદ્ધભગવાન જેવી તાકાત છે, તે દેખીને તેનામાં સિદ્ધપણું સ્થાપીએ છીએ.

૯ ✻ અમે સ્વ-સન્મુખ લક્ષ ફેરવેલા, તને સ્વ-સન્મુખ લક્ષ ફેરવાવીએ છીએ.

૧૦ ✻ અમે પ્રભુતાના પંથે પડેલા સંતો, તારી(—શ્રોતાની) પર્યાયમાં પણ પ્રભુતા સ્થાપીએ છીએ.

૧૧ ✻ હે જીવ ! અંતર્દષ્ટિથી જો, તો સિદ્ધભગવાન જેવા નિધાન તને તારામાં દેખાશે.

૧૨ ✻ સમકિતીજીવે સિદ્ધભગવાનના આનંદનો નમૂનો પોતાના આત્મામાં ચાખી લીધો છે.

૧૩ ✻ જેણે પોતાના આત્મામાં સિદ્ધોને સ્થાપ્યા, તેનું પરિણમન સિદ્ધ-દશા તરફ વળ્યું.

૧૪ ✻ આત્મામાં સિદ્ધભગવાનને સ્થાપ્યા. હવે (તેની) સિદ્ધ-દશાને રોકવા કોઈ સમર્થ નથી.

૧૫ ✻ આત્મામાં જેણે સિદ્ધભગવાનની સ્થાપના કરી, તેને સિદ્ધના સંદેશા આવી ગયા.

૧૬ ✻ જેણે આત્માના ઉલ્લાસથી સિદ્ધપણાની હા પાડી, તે પણ સિદ્ધની જાતમાં ભળી જશે.

૧૭ ✻ હે જીવ ! 'આ' વાતની હા પાડ ! હા જ પાડજે, ના પાડીશ નહીં.

'હું સિદ્ધ, તું પણ સિદ્ધ'—એવો હકાર આવતાં જ લક્ષ પલટી જાય છે.

૧૮ ✻ આત્મામાં જેણે સિદ્ધભગવાનની સ્થાપના કરી, તેને ભવની શંકા ટળી ગઈ.

૧૯ ✻ આત્મામાં જેણે સિદ્ધભગવાનની સ્થાપના કરી, તેને અલ્પકાળમાં મોક્ષની નિઃસંદેહતા થઈ.

૨૦ ✻ સિદ્ધનું બહુમાન કરનારને સંસારનું કે સંસારના કારણનું બહુમાન છૂટી ગયું છે.

૨૧ ✻ સિદ્ધનું બહુમાન કરનાર શુદ્ધાત્માને જ આદરે છે – તે તરફ જ નમે છે.

૨૨ ✻ સિદ્ધનું બહુમાન કર્યું તેનું વલણ વિભાવથી છૂટીને સ્વભાવ તરફ વળ્યું.

૨૩ ✻ સિદ્ધભગવંતોને વંદન કરનાર જીવ વિભાવથી વિમુખ થઈને સ્વભાવની સન્મુખ જાય છે.

૨૪ ✻ સિદ્ધને નમસ્કાર કરનાર જીવ સાધક તો છે ને અલ્પકાળે સિદ્ધ થઈ જશે.

૨૫ ✻ પર્યાય અંતર્મુખ થઈને શુદ્ધસ્વભાવ સાથે જેટલી એકતા થઈ, તેટલા સિદ્ધને ભાવનમસ્કાર છે.

૨૬ ✻ શુદ્ધાત્માના લક્ષે સિદ્ધભગવાનના બહુમાનનો વિકલ્પ, તે દ્રવ્યનમસ્કાર છે.

૨૭ ✻ અરે જીવ ! આત્મામાં જ રહેલી પરમાત્મ-શક્તિની પ્રતીત કરીને તારા આત્મિક શૌર્યને ઉછાળ.

—પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી.

Vol.176 ❑ December, 2007 ✱ ATMA-JAGRATI ✱ Postal Regd. No. BVHO/199/2006-2008
Renewed upto 31-12-2008 ❑ RNI Registration No. 69717/93
સદસ્યતા શુલ્ક : વાર્ષિક રૂ. ૩૫ ✱ બારહવર્ષીય રૂ. ૩૫૦



અનંતકાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઈ ગયો છે. દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્યભાવની સાધારણતા ટળે છે, અર્થાત્ અન્યભાવથી ઉદાસીનપણું પ્રાપ્ત હોય છે. આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે; તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન તે તન્મયતા આપે એમાં સંદેહ નથી થતો.

જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે !

—'શ્રીમદ્ રાજચંદ્ર'/પત્રાંક : ૩૧૯.

"ચોતરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે, અને એ વાત તો પરમજ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે.

આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, નિશ્ચલ રહે છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે.

સમ્યક્દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ; અને તેવો અનુભવ છે."

—શ્રીમદ્ રાજચંદ્રજી.

## * જ્ઞાનમાત્ર ભાવ હું છું *

બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતા નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા —એ ત્રણે ભાવોયુક્ત સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. આવો 'જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર જ્ઞાની પુરુષ અનુભવે છે. —*પુરુષાર્થમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

BHAVNAGAR-364001 (India)

## શુદ્ધાત્મા (દૃષ્ટિનો વિષય)

1. હું પરિપૂર્ણ છું.
2. હું કૃતકૃત્ય છું.
3. હું નિષ્ક્રિય છું.
4. હું નિર્વિકલ્પ સ્વરૂપ છું.
5. હું અજરૂરિઆત વાળો છું.
6. હું ચૈતન્યધામ છું.
7. હું સુખધામ છું.
8. હું ધ્રુવધામ છું.
9. હું વિજ્ઞાનઘન છું.
10. હું નિત્ય છું.
11. હું અપરિણામી છું.
12. હું એકરૂપ છું.
13. હું વીતરાગ સ્વરૂપ છું.
14. હું અનંત પુરુષાર્થ નો ધામ છું.
15. હું જ્ઞાનધામ છું.
16. હું ત્રિકાળી ધ્રુવ છું.
17. હું ચિન્માત્ર વસ્તુ છું.
18. હું એક જ્ઞાયક ભાવ છું.
19. હું કારણ પરમાત્મા છું.
20. હું નિરાવલંબન છું.
21. હું નિરાવરણ છું.
22. હું નિરાકુળ છું.
23. હું સહજ (અકૃત્રિમ) છું.
24. હું શાંતરસ—શીતળતાની પાટ છું.
25. હું જ એક વસ્તુ છું—સ્વયં પુંજ છું.
26. હું અનાદિ અનંત છું.
27. હું અજર—અમર—અવિનાશી છું.
28. હું અભેદ છું.
29. હું અખંડ છું.
30. હું સ્વરૂપ નિષ્ટ છું.
31. હું નિત્ય સદૃશ છું.
32. હું શુદ્ધ સ્વરૂપ છું.
33. હું મોક્ષ સ્વરૂપ છું.
34. હું સાવધાન સ્વરૂપ છું.
35. હું સદા પ્રસિદ્ધ છું.
36. હું પર્યાય નિરપેક્ષ દ્રવ્ય છું.
37. હું અવ્યક્ત છું.
38. હું ત્રિકાળી સત્ છું.
39. હું અકષાયી છું.
40. હું ધ્યેય સ્વરૂપ છું.
41. હું ધ્યાન સ્વરૂપ છું.
42. હું શ્રદ્ધેય સ્વરૂપ છું.
43. હું અનંત શકિતઓનો પિંડ છું.
44. હું પરિણામોથી શૂન્ય છું.
45. હું સદા અંતર્મુખ છું.
46. હું નિષ્કંપ છું.
47. હું નિર્ભય છું.
48. હું અચળ, અડગ છું.
49. હું સિદ્ધ સ્વરૂપ છું.
50. હું અનંત વીર્યનો પિંડ છું.
51. હું અનંત ગુણ સ્વરૂપ છું.
52. હું પરમ ગુરુ છું, પ્રભુ છું.
53. હું ધ્રુવતત્વ છું.
54. હું પ્રાપ્ત જ છું.
55. હું સ્વરૂપ પ્રત્યક્ષ છું.
56. હું સૂક્ષ્મ છું.
57. હું સ્વાશ્રિત છું.
58. હું ઉપયોગ સ્વરૂપ છું.
59. હું સમજણનો પિંડ છું.
60. હું અનુભૂતિ સ્વરૂપ છું.

સાર : આવા ધ્રુવપણામાં અહંપણું સ્થાપવાની વાત છે.

ધ્રુવ સ્વભાવમાંજ અધિકપણું — એનો મહિમા — એની મુખ્યતા વર્તમાન જ્ઞાનની પર્યાય આવો જ્ઞાન—શ્રદ્ધાન રૂપે પરિણામે એજ સાધના છે.

# ૧૦. ભેદજ્ઞાન (II)

૧. ચિદ્રુપતા ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ-એ બંનેનો અંતરંગમાં દારુણ વિદારણ વડે ચોતરફથી વિભાગ કરીને આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે (કળશ ૧૨૬)

૨. ચિદ્રુપતા ધરતું જ્ઞાન એટલે જ્ઞાનપણે, શ્રદ્ધાપણે, વીતરાગપણે, આનંદપણે પરિણમતો આત્મા છે. અને જડરૂપતા ધરતો રાગ છે. રાગ જડ છે. એ બંનેના ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે ચોતરફથી વિભાગ કરીને નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે.

૩. પરલક્ષે થતો રાગ એનાથી ભિન્ન પડીને સ્વલક્ષે થતા શુદ્ધ ઉપયોગને પ્રગટ કરી સમસ્ત પ્રકારે રાગ અને જ્ઞાનને જુદા કરીને ભેદજ્ઞાન પ્રગટ થયું છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એમ સમસ્ત.

૪. ભેદ વિજ્ઞાન થતાં વિભાવનો કોઈ અંશ સ્વપણે ભાસતો નથી. ચૈતન્યની મૂળ પુંજી ગ્રહણ કરવામાં ચૈતન્યનું પરિણામ કાર્ય કરે, એમાં રાગ કાર્ય ન કરે.

૫. અનાદિથી રાગમાં સ્થિત હતો તે પર્યાયબુદ્ધિ હતી. અજ્ઞાનભાવ હતો. હવે રાગથી ભિન્ન પડીને ભગવાન જ્ઞાનપુંજમાં સ્થિત થયો તે વીતરાગવિજ્ઞાનરૂપ ભેદજ્ઞાન છે, મોક્ષમાર્ગ છે. આવું ભેદજ્ઞાન જ્ઞાનના લક્ષે થાય છે. સ્વનું-જ્ઞાનપુંજ એવા આત્માનું લક્ષ થતાં ભેદવિજ્ઞાનનું પરિણમન થાય છે.

૬. શુદ્ધ જ્ઞાનઘન આત્માની દૃષ્ટિ અને એકાગ્રતા થતાં રાગની-પર્યાયની દૃષ્ટિ ઉડી ગઈ અને અતીન્દ્રિય આનંદની લહેર ઊઠી માટે કહે છે ભેદજ્ઞાનના અભ્યાસ વડે આનંદિત થાઓ. આત્માનો અનુભવ થવો આનું નામ ભેદજ્ઞાન છે. ત્યારે જણાય છે કે "પોતે સદાય જ્ઞાનરૂપ જ રહ્યો છે, રાગાદિરૂપ થયો નથી." અહો હું તો સદાય જ્ઞાયક જ રહ્યો છું. રાગરૂપી કદી થયો જ નથી.

૭. હે સત્પુરુષો! જે કાળ ગયો તે ગયો, પણ હવે રાગથી ભેદના ઉગ્ર અભ્યાસ વડે ભેદજ્ઞાન પ્રગટ કરીને આનંદને પામો, મુદિત થાઓ.

<u>દ્રવ્ય અને પર્યાયની ભિન્નતા</u>

<u>મુમુક્ષુ</u> : દ્રવ્યથી પર્યાય જુદી છે?

<u>સમાધાન</u>: જુદી છે! દ્રવ્યથી પર્યાય જુદી છે. એક થઈ નથી. એક થાય તો આખું દ્રવ્ય મલિન થઈ જાય. મલિન થાય એટલે દ્રવ્ય રહે જ નહિ. દ્રવ્ય જો વિકાર રૂપે થાય તો દ્રવ્ય વસ્તુ રહે જ નહિ. આત્મા રહે જ નહિ. આહાહા...! આવું સમજવા વખત કાઢવો પડે. મારગ તો આવો છે પ્રભુ!

ત્રિકાળી વસ્તુ એ શુદ્ધ છે અને વર્તમાન પર્યાય એટલે અવસ્થા તે અશુદ્ધ છે, તે શુદ્ધ થઈ શકે છે. બંને એના ધર્મ છે. મલિનતા થવાની પર્યાયમાં સ્વયં યોગ્યતા છે. પરને લઈને છે નહિ. પર તો નિમિત્ત માત્ર છે. પોતાના દ્રવ્ય-ગુણ ને લીધે પણ નહિ.

હવે વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. સ્વભાવ તો નિર્મળ જ છે. આ રીતે નિર્મળ દ્રવ્ય સ્વભાવ અને મલિન પર્યાય બંને વસ્તુ છે.

બંને વસ્તુને જ્ઞાનપણે (જ્ઞાનમાં) જાણી અને પર્યાયની દૃષ્ટિ છોડીને, દ્રવ્યદૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન છે.

ત્રિકાળ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! એ અભેદને જેણે વિષય નથી કર્યો એ ચોરાશીમાં ખોવાઈ જશે. કેમ કે શુદ્ધનયનો વિષય તો અભેદ છે. અભેદ એટલે એમાં પર્યાય પણ ન આવે, રાગ ન આવે પણ ગુણી આત્મા અને જ્ઞાનગુણ એવો ભેદ પણ એમાં ન આવે, આહાહા...! ગુણી એટલે ગુણનો ધરનાર પ્રભુ અને એનો આ જ્ઞાન અને આનંદ ગુણ, એવો ભેદ પણ સમ્યગ્દર્શન નો વિષય નહી. આહાહા...! એને આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. તેથી શુદ્ધનયનો વિષય અભેદ છે. આહાહા...! માલ-માલ છે આ તો એકલો!! તથા તેના અનંત ગુણ દ્રવ્યથી છૂટા પડી વિખરાઈ જતા નથી, તેમ જ દ્રવ્યની-આત્માની કોઈ પર્યાય અન્ય પર્યાયરૂપે થઈ જતી નથી. સૌ પોતપોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અહો! સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેવારૂપ આત્માનો આ કોઈ અલૌકિક સ્વભાવ છે. સ્વરૂપ વધે નહિ, ઘટે નહિ, સ્વરૂપનો કોઈ ગુણ અન્યરૂપ થાય નહિ ને નવું તેમાં કોઈ આવે નહિ. આવો અગુરૂ લઘુ સ્વભાવી ભગવાન આત્મા છે.

**શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ**

જ્ઞાનની પર્યાયમાં અનંતગુણી પર્યાય ખીલે કે ઓછી ખીલે એ બધા પર્યાયના ભેદો છે. 'અવિભાગ પ્રતિચ્છેદ એટલે ?' ઝીણી વાત છે, જ્ઞાનની જે પર્યાય છે, એની એટલી તાકાત છે કે, એના અવિભાગ (એટલે) જેના ભાગ ન પડે એવા અંશ જો ગણો, તો એ જ્ઞાનની પર્યાયના અંશો અનંત છે. એ ઝીણી વાત છે! જ્ઞાનની એક સમયની પર્યાયમાં, એ પર્યાય અનંતને જાણે છે માટે તે પર્યાયમાં અવિભાગ નામ ભાગ ન પડે એવા પ્રતિચ્છેદ અંશો જુઓ તો અનંત છે. પર્યાયદષ્ટિથી જુઓ તો એ અંશો છે. છે? એ વસ્તુ નો સ્વભાવ છે. તેથી તે નિત્ય—નિયત એકરૂપ દેખાતો નથી એ વસ્તુનો સ્વભાવ છે એમ કીધું! શું કિધું ? પર્યાયમાં અનંત પ્રતિચ્છેદ અવિભાગ અંશો દેખાય છે એ વસ્તુ નો-પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો! એનો કોઈ ખોટી રીતે નિષેધ કરે, એમ પણ નહિ. એ પર્યાયમાં એ ભાગ છે. 'છે' કીધું ? ''શક્તિના અવિભાગ પ્રતિચ્છે (અંશ) ઘટે પણ છે, વધે પણ છે' પર્યાયમાં વધે અને ઘટે એવું થયા જ કરે છે. એ વસ્તુનો સ્વભાવ છે. 'તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી.'

તથા તેના અનંત ગુણ દ્રવ્યથી છૂટા પડી વિખરાઈ જતા નથી, તેમજ દ્રવ્યની આત્માની કોઈ પર્યાય અન્ય પર્યાય રૂપે થઈ જતી નથી. સૌ પોત પોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અચે! સ્વરૂપમાં પ્રિતિષ્ઠિત રહેવા રૂપ આત્માને આ કોઈ અલૈકિક સ્વભાવ છે.સ્વરૂપ વધે નહી, ઘટે નહિ. સ્વરૂપનો કોઈ ગુણ અન્ય રૂપ થાય નહિ ને નવું તેમાં કાંઈ આવે નહિ. આવો અગુરુલઘુ સ્વભાવી ભગવાન આત્મા છે.

એક સમયની પર્યાયમાં ષટ્ગુણ વૃદ્ધિહાની થાય છે તે આ પ્રમાણે છે :-

૧. અનંતગુણ વૃદ્ધિ

૨. અસંખ્યગુણ વૃદ્ધિ

૩. સંખ્યાતગુણ વૃદ્ધિ

૪. અનંતભાગ વૃદ્ધિ

૫. અસંખ્યભાગ વૃદ્ધિ

૬. સંખ્યાતભાગ વૃદ્ધિ

ભલે એક સમયની ક્ષાયિક સમકિતની કે ક્ષાયિકજ્ઞાનની પર્યાય હો, તો પણ તેમાં એક સમયમાં આ ષટ્ગુણ વૃદ્ધિહાનિ થાય છે એવો જીવનો કોઈ અચિન્ત્ય 'અગુરુલઘુત્વ' સ્વભાવ છે. આ સૂક્ષ્મ પરિણમન થાય છે અને તે કેવળી ગમ્ય છે. આગમ ગમ્ય છે. આગમથી પ્રમાણ કરવા યોગ્ય છે.

અહાહા! ષટ્‌સ્થાનપતિત વૃદ્ધહાનીરૂપે પરિણમિત છે છતાં દ્રવ્યના સ્વરૂપ પ્રતિ કારણરૂપ આ શક્તિ વિશેષગુણરૂપ છે. એટલે શું? કે ભગવાન આત્મા-અનંત ગુણ નિર્મળ પ્રભુ સદાય પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે, ટકી રહે છે, તે પોતાના સ્વરૂપથી પડીને કદીય પરરૂપ-જડરૂપ થઈ જતો નથી-તેનો કોઈ ગુણ અન્ય ગુણ રૂપ થઈ જતો નથી.

તથા તેના અનંતગુણ દ્રવ્યથી છૂટા પડી વિખરાઈ જતા નથી, તેમજ દ્રવ્યની - આત્માની કોઈ પર્યાય અન્ય પર્યાયરૂપે થઈ જતી નથી. સૌ પોતપોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અહો! સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેવારૂપ આત્માનો આ કોઈ અલૈકિક સ્વભાવ છે. સ્વરૂપ વધે નહિ, ઘટે નહિ - સ્વરૂપનો કોઈ ગુણ અન્યરૂપ થાય નહિ ને નવું તેમાં કાંઈ આવે નહિ. આવો અગુરૂલઘુ સ્વભાવી ભગવાન આત્મા છે.

<u>જ્ઞેયાકારજ્ઞાન તે અજ્ઞાન છે.</u>

ભગવાન! તારી વાત છેને, નાથ! તારા અંતરની વાત છે ને પ્રભુ! આહાહા..! એ ભગવાન (છે) છતાં કેમ હાથ આવતો નથી. તો કહે છે-આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા જાણનક્રિયા દ્વારા અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જ જણાઈ રહ્યો છે. જાણનક્રિયા દ્વારા સૌને જાણનાર જ જણાય છે. છતાં તેના તરફનું લક્ષ નથી પણ તેની પર્યાયમાં જ્ઞેય જે પૈસા, આબરૂ, કીર્તિ, લક્ષ્મી, શરીર, પુણ્ય અને પાપના પરિણામ, તેના પર લક્ષ જતાં તે જ્ઞેયાકાર એટલે તે જાણવા યોગ્ય ચીજ છે તેને આકારે જ્ઞાન થઈ જાય છે અને એને આકારે જ્ઞાન થતાં જ્ઞાન સ્વભાવનો આકાર છૂટી જાય છે. તેથી તે જ્ઞેયાકાર જ્ઞાન તે અજ્ઞાન છે.

અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં પોતાનો જ્ઞાનમય આત્મા મુખ્યપણે જણાઈ રહ્યો છે, જાણપણું નિજ આત્માનું છે છતાં 'એ છે તે હું છું' એમ અજ્ઞાનીને થતું નથી. પરની રૂચિની આડે જ્ઞાનમાં પોતાના જ્ઞાન સ્વભાવ જણાતો હોવા છતાં એનો તિરોભાવ કરે છે અને જ્ઞાનમાં ખરેખર જે જણાતા નથી એવા રાગાદિ પર જ્ઞેયોને આવિર્ભાવ કરે છે.

ભગવાન આત્મા સ્વજ્ઞેય છે. તેની વર્તમાન જ્ઞાનદશાને (વર્તમાન જ્ઞાનની પર્યાયને) સ્વજ્ઞેયમાં વાળતાં, પરના જ્ઞેયાકારની જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી દઈ, અંતર જ્ઞાન સ્વભાવમાં આવતાં એને જ્ઞાનનો જે અનુભવ થાય એ સામાન્યનો અનુભવ છે. એટલે જ્ઞેયના આકાર વિનાનો, એકલા જ્ઞાનના આકારનો અનુભવ તે સામાન્યનો અનુભવ છે. તેને જૈન ધર્મ કહે છે.

કર્મની હયાતિ છતાં, વિકારની હયાતિ છતાં, અલ્પજ્ઞતાની હયાતિ છતાં, જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં જ્ઞાન-શ્રધ્ધામાં તેને છતો કર્યો, એનું નામ જ સમ્યગ્દર્શન છે. આ જૈન ધર્મ છે. આ સુખી થવાનો ઉપાય છે.

૧. પ્રશ્ન : રાગને જ્ઞાનનું જ્ઞેય તો બનાવવું ને?

ઉત્તર : રાગને જ્ઞાનનું જ્ઞેય 'બનાવવા જાય' છે તે દૃષ્ટિ જૂઠી છે. સ્વયંને જ્ઞેય બનાવો, તો રાગ તેમાં (જુદો) જણાય છે. સ્વાનુભૂતિ પછી સાધક દશામાં (હજી પૂર્ણ વીતરાગતા થઈ નથી) તેમાં 'રાગ' જાણેલો પ્રયોજવાન છે એનો આ અર્થ છે.

૨. પ્રશ્ન : 'રાગ' જ્ઞેય છે કે દુ:ખરૂપ છે?

ઉત્તર : અહીં સ્વભાવ આવ્યો તેને રાગ જ્ઞાનમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે અને વેદનમાં દુ:ખરૂપ લાગે છે.

૩. ત્રિકાળીમાં એકત્ત્વ થતાં રાગ એવો ભિન્ન દેખાય છે કે જેમ બીજી ચીજ પ્રત્યક્ષ ભિન્ન દેખાય છે.

૪. 'રાગ' પણ એક સમય પૂરતો સત્ છે. વીતરાગ ચારિત્ર સ્વરૂપ ગુણની તે ક્ષણિક વિકારી પર્યાય છે. તેને ઉખાડવા જઈશ તો તું પોતે ઉખડી જઈશ. તેને તેમાં રહેવા દે. તું તારામાં રહે, તે સ્વયં ચાલ્યો જશે.

૫. આ તરફ (અંતરમાં) દૃષ્ટિ થયા વિના જ્ઞાન યથાર્થ થતું નથી અને દૃષ્ટિ થતાં (સ્વાનુભૂતિ થતાં) ઉત્પન્ન થયેલું જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) પોતાને પરમાં હજી કેટલો અટકાવ છે, કેટલી જમાવટ છે, કેટલો રસ છે તે બધું સહજ જાણી લે છે.

૬. અપરિણામીમાં દૃષ્ટિ જમાવીને, તેમાં તાદાત્મ્ય કરીને પ્રસરીને, અહંપણું થતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. તે વખતે અપરિણામી અને પરિણામ બંનેનો એક સાથે અનુભવ થાય છે.

૭. શુધ્ધાત્માની દૃષ્ટિ વિના, શાસ્ત્રમાં જે કથન આવે છે, તેની કેટલી હદ સુધી મર્યાદા છે, તે સમજમાં આવે નહિ. અને દૃષ્ટિ થતાં જ્ઞાનમાં સહજ બધી વાતો સમજમાં આવી જાય છે.

૮. જ્યારે દૃષ્ટિ પોતાના સ્વભાવમાં પ્રસરી જાય છે, ત્યારે પાંચ સમવાય પોતાના જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય છે.

૯. દૃષ્ટિ એવી પ્રધાન ચીજ છે કે સ્વભાવમાં દૃષ્ટિ જામતાં જ બધા જ પરિણામ ખીલતા જાય છે.

<u>શુધ્ધ આત્માના અનુભવને જ આત્મા કહ્યો છે.</u>

સ્વાનુભાવ એ જ આત્મા છે! પર્યાયમાં વેદન થાય, અતીન્દ્રિય આનંદનું વેદન આવે તે આત્મા! જો કે તેનો વિષય ભલે ધ્રુવ દ્રવ્ય છે-ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. ઝીણી વાત છે ભગવાન! પણ એ દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ, કેમ કે દ્રવ્ય એ ધ્રુવ છે. ધ્રુવ છે એનો અનુભવ ન હોઈ શકે. ધ્રુવના લક્ષે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે, અને તેથી એ આનંદની વેદન દશા તે દ્રવ્યને અડતી નથી, એ આનંદની વેદન દશા તે દ્રવ્યને સ્પર્શતી નથી. ત્રિકાળી દ્રવ્યને સ્પર્શતી નથી. એને અહીંયા 'આત્મા' કહેવામાં આવે છે.

દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકીને જે અનુભવ થયો...આહાહા...! ઝીણી વાત પ્રભુ! ત્રિકાળી દ્રવ્ય-જ્ઞાયક સ્વરૂપને ધ્યેય બનાવી અને જે અનુભવ થયો, એ અનુભવ દ્રવ્યને અડતો નથી. કારણ કે, દ્રવ્ય એ ધ્રુવ છે. ધ્રુવનું વેદન હોઈ શકે નહિ, આહાહા... આ અનુભવે છે એ પર્યાયની વાત છે.

આત્મા! અંદર આત્મ દ્રવ્ય અને પર્યાય બે થઈને આત્મા છે. પ્રમાણનો વિષય! ત્રિકાળી! દ્રવ્ય-ધ્રુવ અને વર્તમાન જ્ઞાન ની પર્યાય - બે પ્રમાણનો વિષય છે. પણ એમાંથી નિશ્ચયનય નો વિષય ધ્રુવ છે — ત્રિકાળી ધ્રુવ! નિત્યાનંદ પૂર્ણાનંદ પ્રભુ! તેને ધ્યેય બનાવીને જે પર્યાયમાં રાગનું વેદન અનાદિથી હતું, વિકારનું વેદન હતું એના સ્થાનમાં દ્રવ્યને ધ્યેય બનાવીને, આનંદનું વેદન પર્યાયમાં આવ્યું, એ આનંદનું વેદન તે આત્મા છે એમ કહ્યું. ધ્રુવ આત્મા છે એને એક કોર રાખી દીધું. ભૂતાર્થથી જાણેલ જીવ... વાત જીણી બાપુ! અગિયારમી ગાથા જૈન દર્શનનો પ્રાણ છે.

<u>પરમાગમના અમૂલ્ય ૧૧ સિધ્ધાંત</u>

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ નથી કરતું (સમયસાર ગાથા ૩)

૨. પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. (સમયસાર ગાથા ૩૦૮-૩૧૧)

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યય અથવા ધ્રુવથી નથી. (પ્રવચન સાર ગાથા ૧૦૧)

૪. પ્રત્યેક પર્યાય પોતાના જન્મક્ષણમાં જ થાય છે. (પ્રવચન સાર ગાથા ૧૦૨)

૫. પ્રત્યેક પર્યાય પોતાના ષટ્કારથી જ થાય છે તેને પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. (પંચારિસ્તકાય ગાથા ૬૨)

૬. પર્યાય અને ધ્રુવના પ્રદેશ ભિન્ન ભિન્ન છે. (સમયસાર ગાથા ૧૮૧-૧૮૩)

૭. ભાવશક્તિના કારણે પર્યાય થાય છે કરવી પડતી નથી. (સમયસાર-૩૩ મી શક્તિ)

૮. નિજ ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. (સમયસાર ગાથા ૧૧)

૯. ચારે અનુયોગોનું તાત્પર્ય માત્ર વીતરાગતા છે. (પંચાસ્તિકાય ગાથા ૧૭૨)

૧૦. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો વિચાર કરવો આ અન્યવશપણું છે. ( નિયમસાર ગાથા ૧૪૫)

૧૧. ધ્રુવનું આલંબન છે, વેદન નથી અને પર્યાયનું વેદન છે પણ આલંબન નથી (પરમાગમ વચનામૃત ૩૭૨).

(૧) દ્રષ્ટિના વિષયની અંદરમાં પર્યાય અને દ્રવ્યને સર્વથા ભિન્ન માને છે. પર્યાયથી રહિત દ્રવ્ય તે દ્રષ્ટિનો વિષય છે એવો સ્વીકાર કરે છે પણ લક્ષ તો પર્યાય કરે છે, આનંદ તો પર્યાયમાં આવે છે. એ પર્યાય સ્વભાવની સામું લક્ષ કરતાં સમ્યગ્દર્શનનો જન્મ થાય છે, ઇત્યાદિ પર્યાયને એ એટલી બધી મુખ્ય રાખે છે કે એના જ્ઞાનની અંદરમાં દ્રવ્ય અને દ્રવ્યની વ્યવસ્થા જેમ છે તેમ ભાસતી જ નથી, એને ઊંડે ઊંડે એવો ભાવ પડયો છે કે બધું પર્યાયમાં થાય છે, કાર્ય પર્યાયમાં થાય છે અનુભવ પર્યાયમાં થાય છે, આનંદ પર્યાયમાં આવે છે આ તો દ્રષ્ટિના વિષયની અંદરમાં પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. એટલે કોઈ અપેક્ષાએ એણે પર્યાયને દ્રવ્યથી ભિન્ન રાખી લીધી એટલે એના ઊંડાણની અંદરમાં જોવામાં આવે તો ખરેખર મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. મિથ્યાત્વની પ્રગાઢતા થાય છે એ વાત કરે છે. હું જ્ઞાયક છું એમ પણ હું જ્ઞાયક છું એમ કહીને પણ મિથ્યાત્વને પુષ્ટ કરે છે કારણકે એના ઊંડાણની અંદરમાં પર્યાય પ્રત્યેની પ્રીતિ, પર્યાય પ્રત્યેનો પ્રેમ, પર્યાય પ્રત્યેનું એકત્વ ક્યાંય પણ છૂટયું નથી, અને જ્યારે પર્યાય પ્રત્યેનું એકત્વ ન છૂટે ત્યારે એ દ્રવ્યની ગમે તેટલી વાત કરે.....

(૨) હમણાં ગુરુદેવશ્રીનું એક પ્રવચન સાંભળ્યું હતું કે માત્ર હું જ્ઞાયક છું, અબધ્ધ છું, હું અસ્પષ્ટ છું, એમ કહેવાથી નરક નિગોદનો અંત નથી આવતો, પણ આવે કેવી રીતે ? કે હું જ્ઞાયક છું એ તો ધારણા જ્ઞાનનો વિષય થઈ ગયો, બુદ્ધિનો વિષય થઈ ગયો અને જ્યારે હું જ્ઞાયક છું એવું બુદ્ધિપૂર્વક એ કે છે પણ એના ભાવની અંદરમાં, એના અભિપ્રાયની અંદરમાં, એના વિશ્વાસની અંદરમાં, એની માન્યતાની અંદરમાં તો એમ પડયું છે કે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે અને દ્રવ્યના લક્ષે સમ્યક્દર્શનનો જન્મ થાય છે, અને એ આનંદ પર્યાયની અંદરમાં દ્રવ્યનાં લક્ષે આવે છે. પરંતુ દ્રષ્ટિનો વિષય તો પર્યાયથી ભિન્ન છે, એ'બધું પર્યાયમાં થાય છે. એ બધી ઈ પર્યાયને આગળ કરે છે અને દ્રવ્યને ઈ પાછળ કરે છે એટલે એના જ્ઞાનની અંદરમાં દ્રવ્યની અને પર્યાયની જે ભિન્નતા જે છે એ જેમની તેમ એને ભાસી નથી, જેમની તેમ એને જામી નથી, જેમની તેમ એને રુચી નથી, અને જેના જ્ઞાનની અંદરમાં દ્રવ્યની અને પર્યાયની ભિન્નતા જેમ છે તેમ આવતી નથી ત્યારે શ્રદ્ધાને જે બળ મળવું જોઈએ ( તે મળતું નથી. ) કારણે જ્ઞાન તો શ્રદ્ધા પોષક જ્ઞાન હોવું જોઈએ અને એ જ્ઞાનની અંદરમાં શ્રદ્ધાનું પોષણ નથી થતું એવા જ્ઞાનની અંદરમાં શું થાય છે? એવા જ્ઞાનની અંદરમાં શું થાય છે? જે જ્ઞાનની અંદરમાં પર્યાયની મુખ્યતા છે, પર્યાયની કિંમત છે, પર્યાયનું મહત્ત્વ છે, એવી સ્થિતિમાં હું જ્ઞાયક છું એવા ભાવની અંદરમાં પણ જ્ઞાયક પ્રત્યેનું જ્ઞાન બિડાય છે, એને એવું લાગે છે કે હું જ્ઞાયકનું ચિંતન કરું છું જ્ઞાયકનું ઘોલન કરું છું પરંતુ ખરેખર એનું જ્ઞાન જ્ઞાયક પ્રત્યે બિડાતું જાય છે. જે પરિણામની અંદરમાં પર્યાય આગળ થાય છે તે પરિણામની અંદરમાં જ્ઞાયકનું જ્ઞાન બિડાઈ છે. અને જે પરિણામની અંદરમાં જ્ઞાન આગળ થાય છે ત્યાં જ્ઞાયક ઓજલ થાય છે. પર્યાય આગળ થાય છે તો જ્ઞાન બિડાય છે. અને જ્ઞાન આગળ થાય છે, તો જ્ઞાયક ઓજલ થાય છે.

(૩) આ અંતરંગની સ્થિતિ એવી ઘટે છે. હું જ્ઞાયક છું એવું બોલી દેવું કે એવું વિચારી લેવું તે મહત્ત્વનું નથી પણ અભિપ્રાયની અંદરમાં દ્રવ્ય અને પર્યાયની ભિન્નતા જેવી છે તેવી જ્ઞાનની અંદરમાં ભાસવી, સમજાવી એ અત્યંત મહત્ત્વનું છે. એને શું લાગે છે કે ઈ ખરેખર તો દ્રષ્ટિના વિષયની અંદરમાં પર્યાય સર્વથા ભિન્ન છે પણ છે તો પર્યાય કથંચિત ભિન્નને. કથંચિત ભિન્ન છે, અને કથંચિત અભિન્ન છે. એટલે એની દરેક વાત પર્યાયમા ઊભા રહીને છે, એની એક પણ વાત દ્રવ્યમાં ઊભા રહીને નથી. જો ઈ દ્રવ્યમાં ઊભો રહીને જુએ તો ત્યાં ક્યાં પર્યાય છે. એ દ્રવ્યના સત્વની અંદરમાં દ્રવ્યની સતાની અંદરમાં દ્રવ્યના અસ્તિત્વની અંદરમાં પર્યાય છે જ નહિ. હવે જે વાત પર્યાયની મુખ્યતાથી છે. તે વાત એણે દ્રવ્યની સમજી લીધી અને જ્યારે દ્રવ્યની એ વાત સમજી લીધી ત્યારે એનો અભિપ્રાય પણ એવો ઘડાઈ ગયો, અભિપ્રાય પણ એવો બની ગયો જે અભિપ્રાયની અંદરમાં આત્મા સમજાતો જ નથી. કોઈ પણ હિસાબે તે આત્માની વાત કરે છે પણ તે આત્માની વાતમાં આત્મા નથી, એ આત્માની વાતમાં અનાત્મા છે. એ આત્મા છે એવી એની ભ્રાંતિ છે અને આ વાત આપણે ગુરુદેવશ્રીના વચનો દ્વારા જ આ વાતને વધારે દૃઢ કરીએ. આ શુદ્ધ અંતઃતત્ત્વની અંદરમાં એકત્રીસ બોલ છે. ( પ્રદેશભેદના પૂ. ગુરૂદેવશ્રીના ) દ્રવ્ય અને પર્યાયની વ્યવસ્થાના એક વખત એ ધીરો પણે

દ્રવ્યમાં ઉભા રહીને દ્રવ્યને જોવાનો પ્રયત્ન કરે તો એને સમજાશે કે પર્યાય શું ચીજ છે અને પર્યાયને જો ગુરુદેવ અશુદ્ધ પારિણામિક કહે છે તો ખરેખર તો ખરેખર પર્યાયની સાથેની કેટલી ભિન્નતા છે કે ક્ષેત્રથી ભિન્નતા કાળથી ભિન્નતા ભાવથી ભિન્નતા અને ખરેખર જોઈએ તો દ્રવ્યથી પણ ભિન્નતા. એને શું દેખાય છે કે વસ્તુ એક છે એના સત્ત્ બે છે હવે ઈ વસ્તુ એક અને એના સત્ત્ બે જે પ્રમાણની ચર્ચા હતી. તે અધ્યાત્મની અંદરમાં પણ પ્રમાણને એ ખેંચી લાવ્યો. ખરેખર અધ્યાત્મની અંદરમાં એક જ વસ્તુ બસ એ સત્તા છે અને બીજી વસ્તુ બીજી સત્તા છે. આત્મા જે છે ઈ આત્મા માત્ર સત્તા છે અને જો પછી પર્યાયની વાત છે તો પર્યાયની સત્તા ભિન્ન છે, પર્યાય સત્ત છે અને ભિન્ન છે એમ નહિ. જ્યાં સુધી એને એ પર્યાય કોઈપણ અપેક્ષાએ આત્માનો અંશ સમજાય છે ત્યાં સુધી એને વસ્તુ પરિપૂર્ણ નથી સમજાતી, અને જ્યાં સુધી આત્મા પરિપૂર્ણ નથી સમજાતો એટલે કે ઈ પર્યાય એનો એક અંશ છે એવું પણ સમજાય છે ત્યાં સુધી એને આત્મા અપૂર્ણ સમજાય છે. અને આત્મા અપૂર્ણ સમજાતા એની જે પરિપૂર્ણતા જે છે એના જ્ઞાનની અંદરમાં વસતી જ નથી, ભાસતી જ નથી.

(૪) વસ્તુ પરિપુર્ણ છે અને પરિપૂર્ણ છે તો ઈ પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે અને જે પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે તો એનાથી જે દૂર છે એ દૂર, દૂર શા માટે? કે દ્રવ્ય છે ઈ નિષ્ક્રિય છે અને પર્યાય છે ઈ સક્રિય છે તો બન્નેની વચ્ચે દૂરિતા આપોઆપ એના સ્વભાવથી થઈ ગઈ. એક નિષ્ક્રિય છે અને એક સક્રિય છે બન્નેની અંદરમાં એક સમાનતા હોઈ ન શકે. કેવી રીતે એક સમાનતા હોય, દ્રવ્ય નિષ્ક્રિય છે અને પર્યાય સક્રિય છે.

(૫) હવે એ કેવી રીતે છે? એ ગુરુદેવશ્રીના શબ્દોની અંદરમાં જોઈએ. નવ નંબરનો પોઈન્ટ છે. પેઈજ નં. ૧૦ છે. શરૂઆતમાં રોમન લેટરમાં ૧૦ લખ્યું છે. પહેલો પ્રશ્ન છે. પર્યાય દ્રવ્યથી કેટલી દૂર છે? પ્રશ્ન ગુરુદેવશ્રીનેપૂછવામાં આવ્યો કે પર્યાય દ્રવ્યથી કેટલી દૂર છે? તો ઉત્તરઃ "કહ્યું ને દૂર છે" ગુરુદેવશ્રીએ આના અનુસંધાનમાં ઉપરમાં એમ કીધું હશે કે પર્યાય દ્રવ્યથી દૂર છે એમ, એટલે સામે પ્રશ્ન પૂછે છે કે- સાહેબ કેટલી દૂર છે? તો ગુરુદેવ કહે છે કહ્યું ને દૂર છે એટલું એમ પણ નહિ પરંતુ ક્ષેત્રથી દૂર છે, બહુ લાંબુ જશે તો હવે કહીએ તમારે સાંભળવું છે ને કેટલું દૂર છે? તો હવે સાંભળો.

(૬) "પર્યાય ક્ષેત્રથી દૂર છે, કાળથી દૂર છે, ભાવથી દૂરછે, કહો કેટલું દૂર છે"? ક્ષેત્રથી દૂર છે. કાળથી દૂર છે, ભાવથી દૂર છે, જે ક્ષેત્રમાં વિકાર થાય છે તે ક્ષેત્ર આત્માનું છે? નથી. અને જે ક્ષેત્રમાં વિકાર થાય છે, એ ક્ષેત્રમાં વીતરાગતા થાય છે કે બીજા કોઈ ક્ષેત્રમાં થાય છે? જે ક્ષેત્રમાં રાગ થાય છે તે જ ક્ષેત્રમાં વીતરાગતા થાય છે. રાગનું ક્ષેત્ર ભિન્ન છે. તો વીતરાગતાનું ક્ષેત્ર એક કેવી રીતે હોય? જેમ રાગનું ક્ષેત્ર ભિન્ન છે તેમ વીતરાગતાનું ક્ષેત્ર ભિન્ન છે એ પણ વાત ગુરુદેવે કહી છે. એમાં જ નીચેનો છેલ્લો પ્રશ્ન છે. ક્રોધાદિના પ્રદેશ ભિન્ન કહ્યા છે પણ સંવર, નિર્જરાના પણ ભિન્ન. સાહેબ ક્રોધાદિના પ્રદેશ તો ભિન્ન છે પણ સંવર, નિર્જરાના પણ ભિન્ન. એ તો ભિન્ન છે જ અને આ યે ભિન્ન. આહાહાહા! ક્રોધના સ્થાનમાં ક્ષમા ઉત્પન્ન થાય ને, ક્ષમા ક્યાં ઉત્પન્ન થાય છે? જ્યાં ક્રોધ છે ત્યાં ક્ષમા ઉત્પન્ન થાય છે. હવે ક્રોધનું ક્ષેત્ર ભિન્ન છે તો ક્ષમાનું ક્ષેત્ર ભિન્ન છે. સ્થાન તો એક છે જે ક્રોધનું સ્થાન છે તે ક્ષમાનું સ્થાન છે. એ બન્ને ક્ષેત્ર એક કેમ હોઈ શકે? એ એક વખત શાંતિથી વિચાર કરે ને તો એને સમજાય તેવું છે. કે જે આપણે રાગના પ્રદેશોને ભિન્ન કહીએ છીએ તો વીતરાગતાના પ્રદેશો એક કેમ કહીએ? જે પ્રદેશમાં રાગનો જન્મ થાય છે તે પ્રદેશમાં વીતરાગતાનો જન્મ થાય છે જ્યાં ક્રોધ થાય છે ત્યાં ક્ષમા થાય છે. ક્રોધના ક્ષેત્ર ભિન્ન છે તો ક્ષમાનું ક્ષેત્ર ભિન્ન છે.

(૭) આગળ ૧૦ નંબરનો પોઈન્ટ દૂરનો અર્થ, હવે અહીંયા જે દૂર છે એમ કીધું ને તો સામે દૂરનો અર્થ કરે છે, ક્ષેત્રથી ભિન્ન, એનું ક્ષેત્ર અને આનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે, જેટલામાં પર્યાય ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર અને ધ્રુવનું ક્ષેત્ર બેય ભિન્ન છે એનું નામ દૂર છે. એને એટલું સમજાય કે પર્યાયનું અસ્તિત્વ છે કે નહિ પર્યાયનું અસિતત્ત્વછે અને દ્રવ્યનું અસ્તિત્વ છે. હવે જો બન્નેના અસ્તિત્વ હોય તો દ્રવ્યનું અસ્તિત્વ ત્રિકાળ અને પર્યાયનું અસ્તિત્વ ક્ષણિક, તો જો બન્નેના અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોય તો બન્નેનું સત્ત્વ એક કેમ હોય? એકનું ક્ષણિક અસ્તિત્વ છે તો એનું જે સત્ત્વ, જે છે એ અને એકનું

ત્રિકાળ અસ્તિત્વ છે તો તેનું સત્ત્વ એ બન્ને એક કેવી રીતે હોઈ શકે? બન્નેના સત્ત્વ ભિન્નભિન્ન છે.
એટલે કે દ્રવ્યનો પારિણામિકભાવ અને પર્યાયનો પારિણામિકભાવ ભિન્ન ભિન્ન છે. સત્ત્વ એટલે પારિણામિકભાવ અને આ વાત ગુરુદેવે કીધી છે હો. જો તે પણ એકવાર સાથે સાથે જોઈ લઈએ. ૨૮ નંબરનો પોઈન્ટ છે. ૧૮ મા પાનાની છેલ્લી બે લીટી છે. એક પ્રગટ પર્યાય અને વસ્તુ એટલે આત્મ દ્રવ્ય બેની સત્તા, પ્રદેશ ભિન્ન છે. બેની સત્તા ભિન્ન છે. પ્રદેશ ભિન્ન છે એમ નહિ. બેની સત્તા ભિન્ન છે, તેથી તેની બન્નેની સત્તા ભિન્ન છે. પ્રદેશ ભિન્ન છે તો સત્તાની ભિન્નતા તો આપોઆપ થઈ ગઈ. એને એક વખત આ વાત સમજાય કે પર્યાયનું ક્ષેત્ર અને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. કારણકે પર્યાય ક્ષણિકછે અને દ્રવ્ય ત્રિકાળ છે. ઈ ત્રિકાળ ક્ષણિકનું કારણ ન હોઈ શકે. ત્રિકાળ ક્ષણિકનું જન્મ સ્થળ ન હોઈ શકે. પર્યાયનો પારિણામિકભાવ જુદો અને દ્રવ્યનો પારિણામિકભાવ જુદો, જ્યાં સુધી એને એ વાત નથી સમજાતી ત્યાં સુધી ખરેખર શું થાય છે? ઊંડે, ઊંડે, ઊંડે, ઊંડે, ઊંડે, એને પર્યાયની એકતા રહે છે. અને આ પર્યાયની એકતા રહે છે એ દ્રવ્ય તે હું છું એવું વજન આવવા દેતી નથી અને જેને દ્રવ્ય ઉપર વજન નથી આવતું શતપ્રતિશત ૧૦૦% ત્યારે એની સંપૂર્ણ મહેનત જે મહેનતની અંદરમાં એ ભગવાન આત્મા સુધી પહોંચી ગયો છે તે મહેનત પણ એની નિષ્ફળ જાય છે.

(૮) હવે ૨૫ નંબરનો પોઈન્ટઃ पर्याय का प्रदेशत्व पर्याय का कारण है, પર્યાયનું કારણ કોણ? તો ગુરુદેવ જવાબ આપે છે કે पर्याय का प्रदेशत्व पर्याय का कारण है, आहाहा..!, सम्यकदर्शन आदि धर्मकी निर्मल पर्याय उत्पन्न हुइ उसका प्रदेश भिन्न है, असंख्य प्रदेशमें ध्रुव का प्रदेश भिन्न और पर्याय का प्रदेश भिन्न है, आहाहा..!, जितने क्षेत्रमें से निर्मल पर्याय उत्पन्न होती है,, ईतने प्रदेश भिन्न गिननेमें आये है। पर्यायका कारण वह प्रदेश है ध्रुव प्रदेश पर्यायका कारण नहीं। ऐसा कहेते है। क्या कहते है कि ध्रुव का जो प्रदेश है वो पर्याय का कारण नहि। आहाहा..! समज में आया, ध्रुव का प्रदेश सूक्ष्म है, पर्यायकी उत्पत्तिमें ध्रुव का क्षेत्र कारण नहि, पर्याय का क्षेत्र पर्याय का कारण है। जो पर्यायका जन्म हुआ उसका कारण पर्यायका क्षेत्र है। द्रव्यका क्षेत्र पर्यायकी उत्पतिका कारण नहीं। गजब बात करते है ने। પર્યાયનો જે ઉત્પાદ થાય છે તેનું કારણ પર્યાયના પ્રદેશો છે. દ્રવ્યના પ્રદેશો એની ઉત્પત્તિનું કારણ નથી. અને જ્યાં સુધી તેને પર્યાયની ઉત્પત્તિનું કારણ દ્રવ્ય દેખાય છે ત્યાં સુધી ખરેખર ન તો એને દ્રવ્યને અકર્તા માન્યો છે ન તો એને દ્રવ્યને અકારણ માન્યું છે. પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે એટલે સમ્યગ્દર્શન થાય છે એવી માન્યતાવાળાને દ્રવ્ય કારણ દેખાય છે અને જેને દ્રવ્ય કારણ દેખાય છે તેને પારિણામિક ભાવ અકારણ હોય છે તે વાતનો સ્પષ્ટ ઈન્કાર છે. પર્યાયમાં દ્રવ્ય ઉપર લક્ષ કરવાથી સમ્યગ્દર્શન થાય છે એવો જેનો અભિપ્રાય છે તે કાલે દ્રવ્યને કર્તા માનશે. દ્રવ્ય પર્યાયની અંદર કર્તાકર્મ સંબંધ સ્થાપશે. એક તરફથી એ કહે છે કે દ્રવ્ય જે છે તે પર્યાયનો કર્તા પણ નથી. પર્યાયનો કારયિતા પણ નથી. પર્યાયનો અનુમોદક પણ નથી. એક તરફથી એમ કહે અને બીજી તરફથી જ્યારે એને Implimentationનો પ્રશ્ન આવે ઈ જે એનો અભિપ્રાય છે ઈ લાગુ કરવાનો પ્રશ્ન આવે ત્યારે ઈ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે. તેનાથી સમ્યગ્દર્શન થાય છે એવો ઈ અભિપ્રાય લઈને ચાલે તો આની અંદરમાં દ્રવ્ય પર્યાયની વ્યવસ્થા રહી ક્યાં? દ્રવ્ય દ્રવ્યભાવે ન રહ્યું ને પર્યાય પર્યાય ભાવે ન રહી, ન પર્યાય તેના દ્રવ્યથી સત રહી, ન દ્રવ્ય તેના સત્વથી સત રહ્યું. એ તો દ્રવ્યપર્યાયની વચ્ચે એણે કર્તાકર્મ સંબંધ અથવા કાર્યકારણ સંબંધ અથવા આધાર આધેય સંબંધ એણે સ્થાપી દીધા એટલે એની અભિપ્રાયની અંદરમાં એની જે વિપરીતતા જે છે એ એની બોલવાની અંદરમાં વચનની અંદરમાં કથનની અંદરમાં એ કાંઈક કહે છે અને માનવાની અંદરમાં એને કાંઈક પડયું છે. વાસ્તવિકતા તો એ છે કે ઈ એમ સમજે કે ઈ અકારણ ઈ ત્રિકાળ અકારણ છે. પર્યાયની અંદરમાં જે કાંઈ પણ થઈ રહ્યું છે તેનું કારણ પર્યાય સ્વયં પોતે છે. તથા પર્યાયની અંદરમાં જે કાંઈપણ થઈ રહ્યું છે તેનું કારણ ત્રિકાળ પરમપારિણામિકભાવ તો નથી પણ પર્યાયનો પારિણામિકભાવ પણ તેનું કારણ નથી. કેમ કે પારિણામિકભાવ ચાહે દ્રવ્યનો હોય ચાહે પર્યાયનો હોય તે સદાય અકારણ હોય. એક વાત, બીજી વાત દ્રવ્ય જે છે તે દ્રવ્યની અંદરમાં જોવામાં આવે તો ખરેખર એમાં અનંતગુણો શક્તિભાવે છે – શકિતઓ છે ને? હવે જે શક્તિઓ છે ને અનંતી એ શક્તિની વ્યકિત હોય જ ન શકે, જો શક્તિની વ્યકિત થાય તો શક્તિ ન રહે. આત્માના અનંતગુણો

છે. એ અનંત ગુણાત્મક એક આત્મભાવે છે.

૯ હવે એ જે શક્તિઓ જે છે – આપણે કહીએ છીએને કે એ શક્તિની વ્યકિત છે. જો શક્તિની વ્યકિત હોય તો એટલે શક્તિ શક્તિ જ ન રહી. એ તો વ્યક્તિ થઈ ગઈ. એમ તો છે નહિ. શક્તિ તો ત્રિકાળ શક્તિભાવે રહે છે, ત્રિકાળ ધ્રુવભાવે રહે છે, તો ઈ જે વ્યક્તિ થાય છે, એને શક્તિની અપેક્ષા જ નથી એટલે તું વસ્તુની અંદરમાં શક્તિ જોવી રહેવા દે. વસ્તુની અંદરમાં જો તું શક્તિ જોઈશ તો વસ્તુ નહિ સમજાય. અને શક્તિ જોઈશ તો તને શક્તિની વ્યકિત દેખાયા કરશે તો તને ન વ્યક્તિ સમજાશે, ન શક્તિ સમજાશે. જેમ પર્યાયને જોવાથી અથવા પર્યાયમાં રહેવાથી પર્યાયનું સાચું જ્ઞાન થઈ શકતું નથી. પર્યાયમાં રહેવાથી, અથવા પર્યાયને જોયા કરવાથી, પર્યાયની મર્યાદામાં રહેવાથી પર્યાયનું જ્ઞાન નથી થઈ શકતું.

૧૦ એવી રીતે શક્તિને જોવાથી શક્તિવાનનું જ્ઞાન નથી થઈ શકતું. કારણકે જે શક્તિ છે તે ત્રિકાળ શક્તિભાવે છે. ત્રિકાળ ધ્રુવ ભાવે છે. તો ઈ જે ત્રિકાળ ધ્રુવ ભાવે છે તેને તું એક ભાવે જો, શક્તિભાવે નહિ જો. અને શક્તિની વ્યકિત છે જ નહિં તે તો જે યોગ્યતારૂપ વ્યકિત છે બસ ઈ જ વ્યકિતની વ્યક્તા છે. શક્તિની વ્યક્તતા કોઈ દિવસ ત્રણકાળમાં થતી જ નથી. હવે પારિણામિકભાવમાં યોગ્યતા પડી હતી. કોના ? પર્યાયના પારિણામિકભાવમાં. તેનો સમય પાકે છે ત્યારે એ પારિણામિકભાવને કારણ બનાવ્યા વિના જે વર્તમાન પર્યાય ઉત્પન્ન થઈ તે પોતાના ષટ્કારથી – કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાનને અધિકરણથી – તે પરિણમી જાય છે. તેનું કારણ ત્રિકાળી દ્રવ્ય નહિ, તેનું કારણ પર્યાયનો પારિણામિક ( ભાવ ) નહિ, તેનું કારણ ( વિશ્વ નહીં ).

૧૧ બસ તેનું કારણ એ પર્યાયનું તત્ સમયનું ક્ષણિક ઊપાદાન એનું કારણ છે. એ પર્યાયનું જે કાંઈ છે તે પર્યાયનું ક્ષણિક સત તત્ સમયે છે, આગળ પાછળ નથી, તો હવે ઈ ક્ષણિક પર્યાયે કોનું લક્ષ કર્યું ? પર્યાયની અંદરમાં જે કાંઈપણ પ્રગટ થયું તે પર્યાયનો ગુણ છે તે ગુણની પર્યાય નથી. અત્યાર સુધી એની જે સમજ હતી કે પર્યાયનું જે પરિણમન છે તે ગુણની પર્યાયનું પરિણમન છે. પણ ગુણ તો દ્રવ્યભાવે છે જે ગુણ દ્રવ્ય ભાવે છે એના પરિણમનનો પ્રશ્ન નથી. પર્યાયની અંદરમાં જે કાંઈપણ પરિણમન થઈ રહ્યું છે તે પર્યાયનો ગુણ છે તે પર્યાયનો વૈભવ છે. હવે જે પર્યાયનો ગુણ છે વૈભવ છે તે પોતાથી છે અને તે પોતાથી છે એને તે દ્રવ્યની અપેક્ષા નથી કારણકે દ્રવ્ય નિરપેક્ષ, પર્યાય નિરપેક્ષ, એકબીજાને એકબીજાની અપેક્ષા નથી. અને પર્યાયનો જે પારિણામિકભાવ જે છે તે છે પર્યાયનું દ્રવ્ય. પર્યાયનું સત્ત્વ છે કે નહિ. અને જો પર્યાયનું સત્ત્વ છે તો એ પર્યાયની સત્તા છે કે નહિ ? એનું અસ્તિત્વ છે તો સત્તા વિના અસ્તિત્વ હોય શકે ખરું ? એ પર્યાયનું અસ્તિત્વ છે તે પર્યાયની સત્તા છે. પર્યાયની સત્તાને દ્રવ્યની સત્તાની અપેક્ષા નથી જો એની અપેક્ષા નથી ત્યારે જ તે નિરપેક્ષ કહેવાય છે.

૧૨ જો પર્યાયનો સદ્ભાવ કે પર્યાયના અભાવની સાપેક્ષતા જો ધ્રુવને લાગશે તો એ નિરપેક્ષ જ નહિ કહેવાય. એને તમે નિરપેક્ષ કહો અને તેને તમે અપેક્ષાથી જોડો. ભાઈ ! દ્રવ્યના ગુણ નથી પહેલી વાત. ગુણની પર્યાય નથી બીજી વાત, દ્રવ્ય અને ગુણ ત્રિકાળ ધ્રુવભાવે છે ત્રીજી વાત. અને પર્યાયની અંદરમાં જે કાંઈપણ વૈભવ છે, એ પર્યાયના ગુણો છે અને એ પર્યાયનો પારિણામિકભાવ એ પર્યાયનું દ્રવ્ય છે.

૧૩ વસ્તુને જોવાનો તારો જે અભિપ્રાય જે છે, અભિગમ જે છે તેને ફેરવી નાખ. જ્ઞાનને એટલી હદે ચોખ્ખું કરી નાખ કે દ્રવ્ય-પર્યાયના બે ટુકડા કરવાના છે એવું ન દેખાય. એ બન્ને ભિન્ન ભિન્ન છે. જ્યાં સુધી ટુકડા કરવાનો અભિપ્રાય છે ત્યાં સુધી એણે બેને એક માન્યાં છે એક વાત. એના ટુકડા કરવા છે એ કર્તૃત્વને લઈને છે એ બીજી વાત. વસ્તુ એને જ્ઞાનની અંદરમાં જેમ છે તેમ ભાસી નથી. તો તેને વસ્તુ જેમ છે તેમ ભાસવા માટે શું છે ? તેને દ્રવ્ય અને પર્યાય જેમ છે તેમ અસંખ્ય પ્રદેશની અંદરમાં તે દ્રવ્ય અસંખ્ય પ્રદેશી છે. એના પ્રદેશ અને પર્યાયના પ્રદેશ ભિન્ન ભિન્ન છે. ક્ષેત્રથી ભિન્ન છે કાળથી ભિન્ન છે, ભાવથી ભિન્ન છે, ક્ષેત્ર અને કાળ ભાવથી ભિન્ન છે. એનું કારણ એ છે કે એ સત્ત્વથી ભિન્ન છે, સત્તાથી ભિન્ન છે, દ્રવ્યથી ભિન્ન છે. માટે એના ક્ષેત્ર, કાળ અને ભાવ સદા ભિન્ન રહ્યાં છે અને ભિન્ન રહેશે. એ ક્યારેય પણ એક નહીં થાય. એ અભેદ કહેવાશે પણ અભેદ છે નહિ. શું

કામ કરેવાશે? કારણકે જેની સ્વભાવથી ભિન્નતા છે, અસ્તિત્વથી જેની ભિન્નતા છે, પોતાના વૈભવથી જેની ભિન્નતા છે, તે ક્યારેય પણ એક ન થઈ શકે. એણે વસ્તુને જોવાનું વિધાન જે છે એ ફેરવવું પડશે. એના જ્ઞાનની અંદરમાં એટલી સ્પષ્ટતા રહે કે જેમ છે તેમ એનું જ્ઞાન જાણે. જેમ છે તેમ જો જ્ઞાન જાણે તો શ્રદ્ધાને ચોખ્ખો વિષય મળશે. કારણકે શ્રદ્ધા વિષય ગોતનારી નથી, વિષય આપનારું જ્ઞાન છે. શ્રદ્ધા તો એનું અહમ્ કરે છે બસ. જ્ઞાન જે વિષય આપે છે તેમાં શ્રદ્ધા અહમ્ કરે છે પછી શ્રદ્ધાનું કર્તવ્ય છે. પણ એ શ્રદ્ધાને વિષય આપનારું જ્ઞાન છે. જ્ઞાનની અંદરમાં દ્વૈતપણું છે, કથંચિત્ ભિન્નતા–અભિન્નતા છે. તો હું જ્ઞાયક છું એવો અભિપ્રાય પણ નિગોદમાં લઈ જનારો છે. કારણકે હું જ્ઞાયક છું એમ બોલવાથી થોડો જ્ઞાયક અનુભવાય છે? અનંતકાળની અંદરમાં અગિયાર અંગના પાઠી થઈને હું જ્ઞાયક છું એવું ગોખવામાં, એવું ચિંતવન કરવામાં એણે બાકી કાંઈ થોડું રાખ્યું છે? અને હું જ્ઞાયક છું એવો એણે બુદ્ધિપૂર્વક સ્વીકાર પણ ન કર્યો હોય એવું તો છે નહિ.

(૯૪) આજને દિવસે પણ એ સ્થિતિ ચાલુ છે. શું કામ? કારણકે ઊંડે ઊંડે પર્યાયમાં ઊભો રહીને દ્રવ્યને જુએ છે. દ્રવ્યમાં ઊભો રહીને એ દ્રવ્યને જોતો જ નથી. અને જ્યાં સુધી દ્રવ્યમાં ઉભા રહીને દ્રવ્યને જોવામાં આવતું નથી ત્યાં સુધી દ્રવ્યમાં અહમ્ થઈ શકાતું નથી. દ્રવ્યમાં તમે ઉભા ક્યારે રહી શકો કે જ્યારે જ્ઞાનમાં માત્ર દ્રવ્ય જ હોય. જ્ઞાનની અંદરમાં માત્ર દ્રવ્ય હોય ત્યારે જ શ્રદ્ધા તેમાં હું પણું કરે છે. જો જ્ઞાનની અંદરમાં બન્ને હોય તો શ્રદ્ધાનું અહમ્ ઓટોમેટીક કીધા વગર, સમજાવ્યા વગર, બોલ્યા વગર એનું અહં પર્યાયમાં જ છે. જે જ્ઞાનમાં બેપણું હોય તેનું અહમ્ નિયમથી પર્યાય હોય. જ્ઞાનમાં પણ એક અને શ્રદ્ધામાં પણ એક ત્યારે તે યુગપદે પરિણમે છે. જ્ઞાનમાં બે અને શ્રદ્ધામાં એક. શ્રદ્ધા એમ કહે છે, હું જ્ઞાયક અને જ્ઞાન કહે કે દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે, એક સત્તાના બે સત્ છે. તે કથંચિત્ ભિન્ન–અભિન્ન છે. એ શતપ્રતિશત પર્યાયનું એકત્વ છે. એ કથન ગમે તેટલું સાચું હોય પર્યાયથી એ દ્રવ્યથી એ કથન શતપ્રતિશત ખોટું છે. જે પર્યાય એમ કહે છે, કથંચિત્ ભિન્ન અભિન્ન છે ત્યાં દ્રવ્ય એમ કહે છે સર્વથા ભિન્ન છે. એ બંને વચ્ચેમાં મેળ ક્યાં છે? જે દ્રવ્ય એમ કહે છે, મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા છે. જે દ્રવ્ય એમ કહે છે, તું પરદ્રવ્ય છો. પર્યાયને કહે છે તું પરદ્રવ્ય છો. પર્યાયને કહે છે, તું અદ્રવ્ય છો. હવે એને તમે કહો કે કાંઈક તો છે ને? એ પર્યાય દ્રવ્યનું લક્ષ તો કરે છે ને? તે પર્યાય દ્રવ્યનું ત્રિકાળ અલક્ષ કરે છે. ઈ જેને લક્ષ સમજે છે એ અલક્ષ છે. જ્યાં સુધી જ્ઞાનમાં એક પરમપારિણામિકભાવ માત્ર પરમભાવમાત્ર બસ એટલું એના જ્ઞાનમાં વસ્તું નથી ત્યાં સુધી તેના બધા પ્રયત્નો – પ્રયોગ નિષ્ફળ અને નિરર્થક છે. આજ દિવસ સુધી તેને સફળતા નથી મળી તેનું કારણ આ છે.

(૯૫) એક વખત પણ એણે પોતાના સ્વભાવને અને પર્યાયને એવી રીતે નથી જોયા, કેવી રીતે? કે સ્વભાવ શબ્દ પડે – સ્વભાવ ત્યાં દ્રવ્ય બસ. સ્વભાવ કહેતા તેને દ્રવ્ય છોડીને બીજું કાંઈ સમજાય જ નહિ, અને સંયોગ કહેતાં પર્યાય. દ્રવ્ય કહેતા સ્વભાવ અને સંયોગ કહેતા પર્યાય. પર્યાય એને સંયોગિકભાવ લાગવો જોઈએ. તેને તો એ પર્યાયનો પણ સ્વભાવ છે ને – એ પર્યાયનો પણ સ્વભાવ છે ને! એ દ્રવ્ય સ્વભાવનો અનાદર છે. સ્વ... ભાવ એક હોય શકે. સ્વભાવ એક હોય, તે દ્રવ્યસ્વભાવ પણ પોતાનો અને પર્યાય સ્વભાવ પણ પોતાનો. એક ભાવ – સ્વ... ભાવ એક ભાવ.

(૯૬) પર્યાય એટલે સંયોગ. જો પર્યાયમાત્ર સંયોગ હોય તો ઈ પર્યાયની, અંદર ઉત્પન્ન થતાં ભેદો ચાહે આસ્ત્રવ–બંધના હોય ચાહે સંવર, નિર્જરા, મોક્ષના હોય તેની સામે જોવાનો કોઈ પ્રશ્ન જ ઉત્પન્ન નથી થતો. એણે ક્યારેય પણ પોતાના સ્વભાવને આ ભાવથી જોયો જ નથી. હંમેશાં એને આત્મા કેવો દેખાણો છે? દ્રષ્ટિની અપેક્ષાએ આત્મા શુદ્ધ અથવા પર્યાયથી રહિત, અને જ્ઞાન અપેક્ષાએ પર્યાયથી સહિત. હવે આ એની સમજણ છે એ શતપ્રતિશત ખોટી છે તેનું કારણકે આખી ચર્ચા પર્યાયમાં ઊભા રહીને છે. કારણકે પર્યાય પર્યાયમાં ઊભી રહીને કાંઈ કહે તે પર્યાયથી જોવામાં આવે છે તો સત્ છે. ગુણથી જોવામાં આવે તો જ્ઞાન તે આત્મા હવે જ્ઞાનમાં ઊભા રહીને, જ્ઞાન તે આત્મા કહે તો તે સત્ છે. દર્શન તે આત્મા ચારિત્ર તે આત્મા તે સત્ છે. પણ આત્મામાં ઉભા રહીને જોવામાં આવે તો આત્મામાં જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી, સુખ નથી. આત્મામાં ઉભા રહેશે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી, જ્ઞાનમાં ઊભો રહેશે તો જ્ઞાન તે આત્મા દર્શન તે આત્મા છે. આ વિધાન એ સાતમી ગાથાના

માધ્યમથી અત્યંત સ્પષ્ટ છે. તો એવી રીતે પર્યાયથી જુએ છે ત્યારે તેને કથંચિત્ ભિન્ન-અભિન્ન કહે છે. પણ જ્યારે દ્રવ્યથી દ્રવ્યને જોવે છે. ત્યારે પર સત્તા છે, પરદ્રવ્ય છે, અદ્રવ્ય છે.

(૧૭) જ્યાં સુધી એને એ પરદ્રવ્ય અને અદ્રવ્ય નથી દેખાતું ત્યાં સુધી તેને તે સ્વદ્રવ્યનો અંશ દેખાય છે. અને સ્વદ્રવ્યનો અંશ દેખાય છે એટલે સ્વદ્રવ્ય અપૂર્ણ દેખાય છે. એના વિના અને જ્યારે સ્વદ્રવ્ય એના વિના અપૂર્ણ દેખાય છે ત્યારે એના અહમ્ નો પ્રશ્ન ઉત્પન્ન નથી થતો. જ્યાં તેના જ્ઞાની અંદરમાં વસ્તુ જ અપૂર્ણ રહે તો તેનો અહમ્ તો અપૂર્ણમાં થયું અને અપૂર્ણમાં અહં તો થતું નથી. અપૂર્ણમાં અહં એટલે પર્યાયમાં અહં. પૂર્ણમાં અહં એટલે દ્રવ્યમાં અહં. કારણ કે પર્યાય અપૂર્ણ છે અપૂર્ણમાં અહં એટલે પર્યાયમાં અહં. અને પૂર્ણમાં અહં એટલે દ્રવ્યમાં અહમ્. એણે બેઝિક પરિભાષાઓ બધી બદલી નાંખવી પડશે. દ્રવ્ય સ્વભાવથી એણે દરેક પરિભાષાઓ બાંધવી પડશે.

(૧૮) આજે સ્વાધ્યાય અત્યારે આપણે કરીએ છીએ તે ફક્ત જેને ગુરુદેવશ્રીનો લાંબા સમયનો પરિચય છે. અને આ લાંબા સમયની પરિચયની અંદરમાં તત્ત્વના લાંબા અભ્યાસ પછી, શાસ્ત્રના પ્રકાંડ સ્વાધ્યાય પછી પણ એને જ્યારે આત્મા મળ્યો નથી એનું કારણ શું છે એ જ્ઞાનને ચોખ્ખું કરવા અર્થે આ સ્વાધ્યાય છે. આની અંદરમાં બીજી કોઈ વાત, બીજી કોઈ અપેક્ષાએ, બીજી કોઈ અપેક્ષા, બીજી કોઈ જગ્યાએ કહેવામાં આવે છે તેનું ખંડન-મંડન નથી. આ વાત પ્યોરલી પ્રયોજનને લક્ષમાં ઉત્કૃષ્ટ મુમુક્ષુઓને અંદરમાં જે અટકાવ આવે છે, શુદ્ધ આત્મા જેમ છે તેમ સમજાતો નથી તેનું જે કારણ જે છે તે વાતને લક્ષમાં રાખીને આ સ્વાધ્યાય છે. બાકી ખરેખર જોવામાં આવે તો સમયસાર કલશટીકાની અંદરમાં બસો બાવન કલશમાં સ્વ દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ-પર દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવની શું ચર્ચા કરી છે તે ખબર છે? અભેદ આત્મા એ સ્વદ્રવ્ય અને એના ભેદ તે પરદ્રવ્ય બસ એટલું જ. અભેદ તે સ્વ અને ભેદ તે પર. એટલે વાસ્તવિકતાથી જોવામાં આવે તો એ દ્રવ્ય પર્યાય એવા જ્યારે વિભાગ પાડે છે ત્યારે આ ચર્ચા ઊભી થાય છે. એક માત્ર દ્રવ્યને જ જુએ છે તો કોઈ પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. એટલે એક વખત એ ધીરો શાંત થઈને જ્ઞાનની અંદરમાં જેવો સ્વભાવ છે તેવો સ્પષ્ટ વિષય ઈ શ્રદ્ધાને આપે. એ ધુંધળો વિષય ક્યાંક પર્યાયનો છેડી દ્રવ્યને અડતો વિષય, શ્રદ્ધા એ વિષયને લેતી જ નથી. કારણકે વિષય આપવાનું કામ જ્ઞાનનું છે. અને એને તો જ્ઞાનમાં એવું ઉલટું-સુલટું સમજાણું છે કે જ્ઞાન એટલે કાંઈકનું કાંઈક એણે માની લીધું છે.

(૧૯) જે જ્ઞાન સ્વભાવથી અભેદગ્રાહ્ય છે તે જ્ઞાનને તેણે ભેદ પ્રધાન જ માન્યું છે. હવે અનેકાંત એટલે શું? અસ્તિ-નાસ્તિ અનેકાંતને! હેં. એટલે એક છે અને બીજું નથી. હવે બીજું નથી એનો શો અર્થ? નથી ઈ નથી. નથી એનું છે માં શું કામ છે. તારી અસ્તિમાં રહે ને! ભાઈ! હું દ્રવ્ય છું અને પર્યાય તે હું નથી. બસ એ જ છે ને અસ્તિ નાસ્તિ અનેકાંત. પર્યાય તે હું નથી એની ચર્ચાનું તારે કામ શું છે? એકની અસ્તિમાં બીજાની નાસ્તિની ચર્ચાનું પ્રયોજન શું છે? હું એક છું એટલી વાત રાખને. જ્ઞાનની અંદરમાં હું એક છું એટલે કે વસ્તુ આખી એક ભાવે છે એવું જ્યારે જ્ઞાન સ્પષ્ટ થાય છે ત્યારે શ્રદ્ધા તેમાં પોતાની અંજલિ અર્પિત કરી દે છે. પોતાનો હાર તેને સમર્પિત કરી દે છે. ફક્ત જ્ઞાનની અંદરમાં ભેદ-પ્રભેદવાળી વાત ભિન્નતાવાળી વાત તો આપણે ઘણી આગળ છોડી દીધી છે. પણ ભેદપ્રભેદવાળી જે વાત છે તે મારા અભેદ સ્વભાવમાં સમાતી નથી. મારા એક સ્વભાવમાં સમાતી નથી. એમ સમજીને એમ લક્ષમાં લઈને એમ જ્ઞાનની અંદરમાં લઈને જો એક વખત એ વિશ્વાસમાં લે આ વિશ્વાસ એને આવવો જોઈએ.

(૨૦) જ્યાં સુધી આવો વિશ્વાસ તેને નથી આવતો ત્યાં સુધી શ્રદ્ધા ભૂસકો જ નથી મારતી. કારણકે વિશ્વાસ ઊપરથી ભૂસકો હોય છે. જેવો સ્વભાવ છે એવો વિશ્વાસ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને ખરેખર પોતાના સ્વભાવની અપૂર્વતા અને મહિમા એના જ્ઞાનમાં વસી જ નથી. પર્યાય અને દ્રવ્યની વચ્ચે વ્યાપ્ય-વ્યાપક નથી, આધાર આધેય નથી, કર્તા-કર્મ નથી, કારણ કાર્ય નથી. માને કોઈપણ પ્રકારના સંબંધો દ્રવ્ય-પર્યાય વચ્ચે છે જ નહિ. કારણકે બંનેનું સત્ત્વ ભિન્ન છે. બંનેના પારિણામિકભાવ ભિન્ન છે, બંનેનું અસ્તિત્વ ભિન્ન છે, બંનેના સ્વભાવ ભિન્ન છે.

(૨૧) એક અપરિણામી છે, એક પરિણમતું છે. એટલે સર્વ એંગલથી જોવામાં આવે તો એ બન્નેની

વચ્ચે કોઈ મેળ ખાય એવું જ નથી. એની અંદરથી સાકાર છે. એની અંદરમાં પણ આ બધા પ્રશ્નના જવાબ એની પાસે છે, પણ ખરેખર એની જે સમજણ છે એ સમજણ કેવા પ્રકારની છે. ઈ એને ખબર નથી. એટલે એને જે વાત સમજાણી છે. તે ખરેખર કેવી રીતે છે? ભાષાની અંદરમાં તો એને સમજમાં આવી ગયેલ છે પણ ભાવની અંદરમાં જેમ છે તેમ તેને ભાસી નથી. અને જેમ છે તેમ તેને નહિ ભાસી હોવાના કારણે વસ્તુ ઉપયોગ સ્વરૂપ છે એમ છે જ નહિ. ગુરૂદેવ કહે છે સાકાર ઉપયોગમયી– ઉપયોગમયી ઉપયોગ સ્વરૂપ એવો ભેદ પણ નહિ. વસ્તુને જોવાનું વિધાન એક વખત એ ફેરવી નાંખે – પાયામાંથી – જડમૂળમાંથી ફેર કરે. કારણ કે આ જે ભૂલ છે તે પાયાની અંદરમાં છે. એને શું છે? એને શેમાં મજા આવે છે? તમે હમણાં કારણશુદ્ધ પર્યાયની વાત કરો તો જલસો આવી જાય, કારણપરમાત્માની વાત કરો તો મઝા આવી જાય.

(૨૨) પણ કારણશુદ્ધ પર્યાય અને કાર્યશુદ્ધ પર્યાય, કારણ પરમાત્મા અને કાર્ય પરમાત્મા એ બધા પર્યાયનયના વિષયો છે. અપ્રયોજનભૂત વિષયો છે અને એની અંદરમાં આખો પ્રયોજનભૂત ત્રિકાળ અકારણ પરમ પારિણામિકભાવ છૂટી જાય છે. એનો એને અંદાજ જ આવતો નથી. કાર્યની અપેક્ષાએ કારણનો ઉપચાર આપ્યો છે. હવે જે વસ્તુ, અનુપચાર સ્વરૂપી છે તેને ક્યો ઉપચાર લાગુ પડે? જે અકારણ છે એને કયું કારણ લાગુ પડે? તમે તેને કારણ આપો છો તેનું અકારણપણું મટી જાય છે. સમજાય છે તમે એને કારણ કહો છો તો એનું કારણપણું મટી જાય છે.

(૨૩) જે સ્પષ્ટ પર્યાયનયના વિષય છે તેમાં તેને મજા આવે છે કારણકે એમાં એને ઊંડે ઊંડે પોતાનો પર્યાયની મીઠાશવાળો ભાવ પોષાય છે, એટલે એ વાતની અંદરમાં મીઠાશ લાગે છે. પર્યાય તો આવીને, એ ભાવે પણ એની મીઠાશને એ પોષે છે. ભાઈ એ નિશ્ચયમાં તો છે જ નહિ પણ વ્યવહારમાં પણ નથી. નિશ્ચયમાં એટલે નથી કે જેવો ત્રિકાળ પરમપારિણામિકભાવ શુદ્ધ છે એવો ભાવ એ જાણતો નથી અને માનતો નથી અને વ્યવહારમાં એટલે નથી, જેવો ભાવ છે એવો ભાવ એ કહેતી નથી. છે ને એવી એક સમજણ છે કે વ્યવહાર એટલે જેવું ન હોય તેવું કહેવું. પણ તે કોઈ અપેક્ષાએ વાત છે. વ્યવહાર તો એને કહીએ કે જેવું હોય તેવું કહે તે વ્યવહાર અને જેવું છે તેવું છે તે નિશ્ચય, જેવું છે તેવું કહેવું તે વ્યવહાર વિપરીત કહેવાની વાત જ નથી. જ્યાં સુધી જેવું છે તેવું છે નિશ્ચય અને જેવું છે તેવું કહે તે વ્યવહાર. આ જેને નથી સમજાતું તેને 'આત્મસિદ્ધિ' પણ નથી સમજાતી. આત્મસિદ્ધિમાં છે "એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ, પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સંમત" ક્યો વ્યવહાર સંમત – પરમાર્થ કેવો હોય છે કે ત્રણકાળમાં એક પરમાર્થનો પંથ હોય છે. તે પરમાર્થને જે પ્રેરે તે વ્યવહાર સંમત. જેવો પરમાર્થ છે તેવો બતાવે તે વ્યવહાર સંમત. પરમાર્થ જેવો છે તેવો ન બતાવે ને વ્યવહાર પણ નથી. *જેવો પરમાર્થ છે તેવો બતાવે તે વ્યવહાર. હવે આ તો વ્યવહારમાં પણ નથી કહેવાનો અર્થ* તો એ છે કે નિશ્ચયમાં તો નથી જ નથી જ પણ જેવું સ્વરૂપ છે તેવું તેના જ્ઞાનમાં આવ્યું નથી. તે વ્યવહારમાં પણ નથી જ નથી. એટલે ખરેખર તો નિશ્ચયપૂર્વકનો જ વ્યવહાર હોય છે પણ કહેવાતો વ્યવહાર પણ કે જેવું સ્વરૂપ છે એવું સ્વરૂપ તો કમસે કમ કહે દ્રવ્યનો પારિણામિક અને પર્યાયનો પારિણામિક ભિન્ન ભિન્ન છે. એમ તો એ જાણે ત્યારે પર્યાયનો ઉત્પાદ ધ્રુવમાંથી નથી થાતો એમ તો એ જાણે. પર્યાયનો ઉત્પાદ પર્યાયના પારિણામિકભાવમાંથી થાય છે એમ તો એ માને, તો તેના જ્ઞાનમાં સ્પષ્ટતા થતાં વસ્તુ જેમ છે તેમ ભાસતા શ્રદ્ધા તેનું કામ કરી લે છે. માટે ગુરુદેવશ્રીએ જેવું વસ્તુ સ્વરૂપ બતાવેલું છે, જેવું વસ્તુસ્વરૂપનું સ્પષ્ટીકરણ જે રીતે કર્યું છે તે રીતે વસ્તુને સમજીને વસ્તુનો સ્વીકાર કરીને જગતને સર્વ ભવ્ય આત્માઓ તેમ જાણે અને માને તેવી મંગલ ભાવના.

પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનના આધાર :-

(૧) નિશ્ચયથી તો પર્યાયનું દ્રવ્ય ભિન્ન, ક્ષેત્રભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન. શું કહ્યું ?

જેટલામાંથી પર્યાય ઉત્પન્ન થાય છે એટલા પ્રદેશ ભિન્ન છે. દ્રવ્યના પ્રદેશથી એ (પર્યાયના) પ્રદેશનો અંશ ભિન્ન છે. છે તો અસંખ્ય પ્રદેશ પણ અસંખ્ય પ્રદેશમાંથી બે પ્રકાર: જેટલામાંથી મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ છે તે ક્ષેત્ર ભિન્ન છે, અને જેટલામાં ધ્રુવ રહે છે તે ક્ષેત્ર ભિન્ન છે.

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૧ પેઈજ નં. ૨૮૩)

(૨) નહીંતર તો પ્રદેશેય ખરેખર ભિન્ન છે. (દ્રવ્ય-પર્યાયના)

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૧ પેઈજ નં. ૩૦૭)

(૩) એ અસંખ્ય પ્રદેશમાં જેટલા ક્ષેત્રમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે એટલું ક્ષેત્ર; અને આ બાજુનું ક્ષેત્ર એનાથી દૂર છે. પર્યાયનું ક્ષેત્ર પણ દ્રવ્યના ક્ષેત્રથી ભિન્ન છે! આહા... હા! ઝીણી વાત છે!

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૨ પેઈજ નં. ૩૨)

(૪) એ પર્યાય છે તો અસંખ્યપ્રદેશી પણ એ અસંખ્ય પ્રદેશમાં જેટલામાં છેલ્લા અંશમાં વિકૃત કે અવિકૃત-નિર્વિકારી અવસ્થા ઉત્પન્ન થાય છે-એ બેયનું ક્ષેત્ર ભિન્ન છે. આહાહા! સમજાય છે કાંઈ ?

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૨ પેઈજ નં. ૩૨)

(૫) એક સમયની પર્યાય અને ધ્રુવ છે તો સમીપ. એના અસંખ્ય પ્રદેશમાં જેટલા પ્રદેશમાંથી પર્યાય ઊઠે છે તેટલું ક્ષેત્ર અને તેટલો ભાવ; અને ધ્રુવ ક્ષેત્ર અને ધ્રુવક્ષેત્રનો ભાવ-તે બન્ને ભિન્ન-ભિન્ન છે.

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૨ પેઈજ નં. ૩૫)

(૬) એ નિર્મળ પર્યાય છે તેનું ક્ષેત્ર પણ દ્રવ્ય-ગુણથી ભિન્ન છે. આહાહા...! પર્યાય જેટલા ક્ષેત્રમાંથી ઊઠે છે એ પર્યાયનું ક્ષેત્ર પર્યાય છે. એ પર્યાયનું ક્ષેત્ર (જુદું છે) જે ગુણનું ક્ષેત્ર છે તે પર્યાયનું ક્ષેત્ર નથી. આવી વાતો હવે! સમજાણું કાંઈ ?

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૩ પેઈજ નં. ૨૯૩)

(૭) આત્માના અસંખ્ય પ્રદેશ છે, એમાં આખિરમાંથી-જેમાંથી પર્યાય ઊઠે છે એટલું ક્ષેત્ર ભિન્ન ગણવામાં આવેલ છે. આહા... હા! આકરી વાત છે. આ ચિદ્‌વિલાસમાં છે ભાઈ!

છે અસંખ્ય પ્રદેશ... એમાંના આખિરની ઉત્પત્તિ, જે ઉત્પત્તિ છે તેનું ક્ષેત્ર, ધ્રુવ ક્ષેત્રથી ભિન્ન ગણવામાં આવ્યું છે. આહા... હા! ઝીણી વાત છે પ્રભુ! છેલ્લામાં છેલ્લી સાર.

(શ્રી પ્રવચન રત્નો ભાગ-૪ પ્રથમ આવૃત્તિ પેઈજ નં. ૨૫૩-૨૫૪)

(શ્રી પ્રવચન રત્નો ભાગ-૪ દ્વીતિય આવૃત્તિ પેઈજ નં. ૨૬૪-૨૬૫)

(૮) દૂરનો અર્થ-ક્ષેત્રથી ભિન્ન. એનું ક્ષેત્ર અને આનું ક્ષેત્ર ભિન્ન-ભિન્ન છે. જેટલામાં પર્યાય ઉત્પન્ન થાય છે એ ક્ષેત્ર અને ધ્રુવનું ક્ષેત્ર બેય ભિન્ન છે.

(શ્રી પ્રવચન રત્નો ભાગ-૪ પ્રથમ આવૃત્તિ પેઈજ નં. ૨૫૮)

(શ્રી પ્રવચન રત્નો ભાગ-૪ દ્વીતિય આવૃત્તિ પેઈજ નં. ૨૬૯)

(૯) ખરેખર તો તે બન્નેના ક્ષેત્ર પણ ભિન્ન છે. નિશ્ચયથી પર્યાયનું ક્ષેત્ર ત્રિકાળી દ્રવ્યથી ભિન્ન છે. તે બન્નેના ભાવ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે ને બધું સત્ત્વ પણ ભિન્ન છે. એવી વાત છે.

(પ્રવચન રત્નચિંતામણી ભાગ-૨ પેઈજ નં. ૪૭)

(૧૦) નિશ્ચયથી જોઈએ તો જે વીતરાગી પરિણામનું સત્ત્વ છે તે ચૈતન્ય સત્ત્વથી ભિન્ન છે. ચૈતન્ય સત્ત્વના પ્રદેશથી પર્યાયની સત્તાના પ્રદેશ ભિન્ન છે.

(કલશામૃત ભાગ-૨ પ્ર. નં. ૬૧ તા. ૮-૮-૭૭)

(૧૧) ચિદ્વિલાસમાં તો એમ લીધું છે કે- નિર્મળ પર્યાયના પ્રદેશ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશ મળેલાં છે પણ તેનાં બે ભાગ છે.

આહાહા! જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ તે ચૈતન્ય સ્વભાવે જ છે. ક્ષેત્ર ભિન્ન અને ભાવ ભિન્ન તેમ બન્ને પ્રકારે લીધું છે.

(કલશામૃત ભાગ-૨ શ્લોક નં. ૫૦ તા. ૯-૮-૭૭)

(૧૨) પરક્ષેત્ર ભિન્ન અને ભગવાન આત્માની પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે. પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે અને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે. જુઓ! સ્યાદ્વાદ વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર તેમાં જે દ્રવ્યરૂપ ભાવ તે સ્વક્ષેત્ર અને પર્યાયરૂપનું ક્ષેત્ર તે પરક્ષેત્ર.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ તો તે ક્ષેત્રથી ભિન્ન છે. આહાહા! આણે તો બહુ લીધું! પર્યાયનું ક્ષેત્ર જ ભિન્ન છે સમજાણું કાંઈ? ઈ... પર્યાયનું ક્ષેત્ર તે જ પરક્ષેત્ર છે.

(નાટક સમયસાર પ્ર. નં. ૧૫૫ તા. ૭-૯-૭૧)

(૧૩) અસંખ્ય પ્રદેશમાં બે ભાગ પડે છે- દ્રવ્ય એ પર્યાય નહીં અને પર્યાય તે દ્રવ્ય નહીં. ખરેખર તો નિર્મળ પર્યાયના પ્રદેશો (અંશો) પણ (ધ્રુવ આત્માથી) જુદા છે.

(પ્રવચન રત્નાકર ભાગ-૬ પેઈજ નં. ૩૭૧)

(૧૪) દ્રવ્ય-ગુણ ને પર્યાય વચ્ચે પ્રદેશભેદ હોતો નથી... એમ જે શાસ્ત્રમાં કહેવામાં આવે છે તેનો અર્થ એવો છે કે- બીજા દ્રવ્યોના પ્રદેશથી તેના પ્રદેશો જુદા પાડવા હોય ત્યારે તેઓના પ્રદેશો એકરૂપ જ છે એમ કહેવામાં આવે છે.

(પૂ. ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તત્ત્વચર્ચા પેઈજ નં. ૧૭)

(૧૫) શકિત ઔર શકિતવાન કોઈ ભિન્ન-ભિન્ન નહીં હૈ, ઉસકે પ્રદેશ ભિન્ન નહીં. શકિત ઔર દ્રવ્ય-જો શકિતવાન ઉસકે પ્રદેશ ભિન્ન નહીં. આહાહા!

યે પર્યાય કે પ્રદેશ ભી દ્રવ્ય-ગુણસે ભિન્ન હૈ.

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૪ / પેઈજ નં. ૫૫-૫૬)

(૧૬) નિશ્ચયસે તો જો મોક્ષમાર્ગકી નિર્મલ પર્યાય હૈ વો દ્રવ્ય કે આલંબનસે (પ્રગટ હોતી હૈ ઉસકા ક્ષેત્ર ભિન્ન હૈ). સૂક્ષ્મ હૈ ભગવાન!

યહ અનુભવ કી જો પર્યાય હૈ ઉસ પર્યાયકા ક્ષેત્ર ઔર દ્રવ્ય, ગુણ કા ક્ષેત્ર વહ દોનોં ભિન્ન હૈ. અરે.. ઐસી બાત હૈ! સમજમેં આયા? ભેદવિજ્ઞાનકી બાત બહુત સૂક્ષ્મ હૈ, ભાઈ!

એક સમયમેં અનંત ગુણકી પર્યાય ઉછલતી હૈ નામ ઉત્પન્ન હોતી હૈ. વહ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસકા ક્ષેત્ર ઔર દ્રવ્ય ગુણકા ક્ષેત્ર દોનોં ભિન્ન ગિનનેમેં આયા હૈ. આહાહા! પર્યાય કા ક્ષેત્ર પર્યાય હૈ, પર્યાય કી શક્તિ પર્યાય હૈ, પર્યાય પર્યાય કે કારણસે હૈ-દ્રવ્ય ગુણ સે ભી નહીં. ભેદજ્ઞાન સૂક્ષ્મ (હૈ) બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર કે અલાવા યહ બાત કિસીને દેખી નહીં ઔર કલ્પિત બાતેં સબ બનાઈ. આહાહા! યહ તો સર્વજ્ઞ પરમેશ્વરને વીતરાગ દેવને જો આત્મા દેખા વહ કહતે હૈ.

(શ્રી પ્રવચન નવનીત ભાગ-૪ પેઈજ નં-૯૨)

(૧૭) અસંખ્ય પ્રદેશમેં અનંતગુણ ( હૈ ). પ્રત્યેક ( ગુણકી ) પર્યાય ભિન્ન-ભિન્ન હૈ. ઈસ પર્યાયકા લક્ષ છોડકર, ( માત્ર ) ઉપરકી ( પર્યાયકા ) લક્ષ છોડના ઐસા નહીં. અંદર કે પ્રદેશમેં પર્યાય હૈ, ઉન સબકા લક્ષ છોડકર, અંદર ધ્રુવ ભગવાન હૈ, ધ્રુવકી ધારા હૈ ( ઉસકા લક્ષ કરના ). આહાહા !

ભગવાન આત્મા ધ્રુવરૂપ જો અંદર વસ્તુ હૈ, એક સમયકી પર્યાય અસંખ્ય પ્રદેશમેં ઉપર હૈ, ઉસસે અંદર ધ્રુવપના ભિન્ન હૈ. ઉસ ધ્રુવકી ઔર પર્યાયકો વર્તમાનમેં ગહરાઈમેં લે જાના. આહાહા !

એકતાકા અર્થ ? ધ્રુવ ઔર પર્યાય એક હો જાતી હૈ ઐસા એકતાકા અર્થ નહીં. પર્યાય ઉસ ઔર ઝુકતી હૈ તો એકતા કહને મેં આતી હૈ.

( પ્રવચન નવનીત ભાગ-૪ પેઈજ નં-૩૩૬ )

(૧૮) ( આત્મા કે ) અસંખ્ય પ્રદેશ હૈ. પ્રત્યેક પ્રદેશમેં પર્યાય ભિન્ન ઉપર હૈ. સમજમેં આયા ?

એક પોઈન્ટમેં પર્યાયકા ક્ષેત્ર ભિન્ન હૈ ( ઔર ) ધ્રુવકા ક્ષેત્ર ભિન્ન હૈ. આહાહા ! યહ તો અલૌકિક બાતેં હૈ. ભગવાન !

( પ્રવચન નવનીત ભાગ-૪ પેઈજ નં. ૩૩૫ )

(૧૯) "પર્યાયકા પ્રદેશત્વ પર્યાયકા કારણ હૈ." આહાહા ! સમ્યગ્દર્શન આદિ ધર્મકી નિર્મલ પર્યાય ઉત્પન્ન હુઈ, ઉસકા પ્રદેશ ભિન્ન હૈ. અસંખ્ય પ્રદેશમેં ધ્રુવકા પ્રદેશ ભિન્ન ( ઔર ) પર્યાયકા પ્રદેશ ભિન્ન હૈ. આહાહા ! જિતને ક્ષેત્રમેંસે નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ, ઈતને પ્રદેશ ભિન્ન ગિનનેમેં આયે હૈ. પર્યાયકા કારણ વહ પ્રદેશ હૈ. ધ્રુવ પ્રદેશ ( પર્યાયકા કારણ ) નહીં ઐસા કહતે હૈ. આહાહા ! સમજમેં આયા ? ધ્રવકા પ્રદેશ સૂક્ષ્મ હૈ, પર્યાય કી ઉત્પત્તિમેં ધ્રુવકા ક્ષેત્ર કારણ નહીં. પર્યાયકા ક્ષેત્ર પર્યાયકા કારણ હૈ, આહાહા ! ગજબ બાત કરતે હૈ ન ! યહ ગૃહસ્થ પંડિતકા લિખા હુઆ હૈ. આહાહા !

( પ્રવચન નવનીત ભાગ-૪ પેઈજ નં. ૪૯૨ )

(૨૦) પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો જુદાં છે જ, પણ એની પર્યાયનો અંશ જે ઊઠે જેટલા અંશમાંથી એટલા પ્રદેશો પણ, દ્રવ્ય-આત્માની અપેક્ષાએ જુદા છે.

( શ્રી પ્રવચન રત્નો ભાગ-૫ પેઈજ નં. ૨૧૧ )

(૨૧) એ પ્રગટ પર્યાય અને વસ્તુ ( આત્મદ્રવ્ય ) બેની સત્તા-પ્રદેશ ભિન્ન છે તેથી તેની ( બન્નેની ) સત્તા ભિન્ન છે. આહા...! હા...! આવી વાત છે.

( શ્રી પ્રવચન રત્નો ભાગ-૫ પેઈજ નં. ૨૧૨ )

(૨૨) આંહી તો વિકારમાં લીધું છે... પણ નિર્વિકારી પરિણતિ થાય, એનાય પ્રદેશ જુદા છે. કેમ કે બે ભાવ થયા ને ! એક ધ્રુવ ભાવ છે અને એક પરિણતિ ભાવ છે. બે ભાવ થયા માટે બેય ભાવના પ્રદેશ જુદા છે. શુદ્ધ પરિણતિનાય પ્રદેશ જુદા છે.

( શ્રી પ્રવચન રત્નો ભાગ-૫ પેઈજ નં. ૧૯૧ )

(૨૩) એ "ચિદ્‌વિલાસ" માં આવે છે. "ચિદ્‌વિલાસ" માં એમ કહ્યું કે નિર્મળ પરિણતિના પ્રદેશ ભિન્ન છે ને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. નિર્મળ પરિણતી તે પર્યાય છે અને દ્રવ્ય છે તે ધ્રુવ છે. સમજાણું કાંઈ...

( શ્રી પ્રવચન રત્નો ભાગ-૫ પેઈજ નં. ૧૮૨ )

(૧૨) 'સ્વરૂપ પ્રત્યક્ષ' (૧૬૬)


વર્ષ-૨
અંક-૨




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૩
October
A.D. 2007


અને

# કારણશુદ્ધપર્યાય

## જ્ઞાનોપયોગનાં પ્રકારો; તેમાં ઉપાદેયરૂપ સ્વરૂપ પ્રત્યક્ષ સહજજ્ઞાનનું વર્ણન

[શ્રી 'નિયમસાર' ગાથા ૧૧-૧૨ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૬)

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે રચેલું આ 'નિયમસાર' મહા અલૌકિક શાસ્ત્ર છે. તેમાં અધ્યાત્મના ઘણા ઊંડા ભાવો ભર્યા છે અને ટીકાકાર શ્રી પદ્મપ્રભ મુનિરાજે પણ સૂક્ષ્મ રહસ્યો ખોલીને આત્માના પરમસ્વભાવને પ્રકાશિત કર્યો છે.

દસમી ગાથામાં આત્માના ઉપયોગ લક્ષણનું વર્ણન કરતાં સ્વભાવજ્ઞાનોપયોગના 'કારણ' અને 'કાર્ય' એવા બે પ્રકાર બતાવ્યા અને તેમાંથી કારણસ્વભાવજ્ઞાનોપયોગને 'પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરૂપાધિરૂપ સહજજ્ઞાન' કહીને અલૌકિક વર્ણન કર્યું. તેનું ઘણું વિવેચન થઈ ગયું છે.

હવે, વળી ૧૧-૧૨મી ગાથામાં ઉપયોગના ભેદોનું વર્ણન કરતાં આ સહજજ્ઞાનને જ (–કારણસ્વભાવજ્ઞાનોપયોગને જ) 'સ્વરૂપપ્રત્યક્ષ' તરીકે વર્ણવશે, તેમજ તેને 'મોક્ષનું મૂળ' અને 'ઉપાદેય' કહીને તે સહજજ્ઞાનના વિલાસરૂપે આત્માની ભાવના કરવાનું કહેશે. આમાં પણ અદ્‌ભુત વાત આવશે. જુઓ! મૂળ ગાથા–

केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।
सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं ॥११॥

सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव॥१२॥

*અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વાભાવિક જ્ઞાન છે;* સુજ્ઞાન ને અજ્ઞાન-એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય-ભેદ છે સુજ્ઞાનના; કુમતિ, કુશ્રુત કુઅવધિ-એ ત્રણ ભેદ છે અજ્ઞાનના.

**અન્વયાર્થ :** જે (જ્ઞાન) કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે તે સ્વભાવજ્ઞાન છે; સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં વિભાવજ્ઞાન બે પ્રકારનું છે.

(અહીં વિભાવજ્ઞાનને જેમ બે પ્રકારનું કહ્યું છે, તેમ સ્વભાવજ્ઞાનને પણ કારણ અને કાર્ય-એવા બે પ્રકારનું વર્ણવીને ટીકાકાર અદ્‌ભુત વાત સમજાવશે.)

"સમ્યગ્જ્ઞાન ચાર ભેદોવાળું છે : મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (-મિથ્યાજ્ઞાન) મતિ આદિ (-કુમતિ, કુશ્રુત અને વિભંગ)ના ભેદથી ત્રણ ભેદવાળું છે."

મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય-ચાર જ્ઞાન સમ્યક્ હોવા છતાં હજી અધૂરા છે ને આવરણ સહિત છે, તેથી તેમને વિભાવજ્ઞાન કહેલ છે અને કુમતિ, કુશ્રુત અને વિભંગ-ત્રણ જ્ઞાન તો વિપરીતરૂપ જ છે, તેથી તેમને વિભાવજ્ઞાન કહેલ છે.

જેમાં ઇન્દ્રિયોનું અવલંબન નથી, કર્મોનું આવરણ નથી, પરની સહાય નથી એવું એકલું અસહાય-નિરપેક્ષ જ્ઞાન તે સ્વભાવજ્ઞાન છે.

આ સ્વભાવજ્ઞાન પરમ મહિમાવંત છે! તેનું વર્ણન કરતાં 'કારણ' અને 'કાર્ય' બંને સાથે ને સાથે જ રાખીને ટીકાકાર અદ્‌ભુત વાત કરે છે :

"જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવથી કેવળ(-એકલું; નિર્મળ; શુદ્ધ) છે, આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ, ઇન્દ્રિય અને (દેશ-કાળાદિ) વ્યવધાન (-આડ; પડદો; અંતર; આંતરું; વિઘ્ન) રહિત છે, એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (-સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી અર્થાત્ સમસ્ત વસ્તુઓને એક સાથે જાણતું હોવાથી) અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છે. કારણજ્ઞાન પણ તેવું જ છે."

જીવનું લક્ષણ ઉપયોગ છે. તેના ભેદોનું આ વર્ણન છે.

આ દેહથી જુદો ચૈતન્યમૂર્તિ અરૂપી આત્મા અનાદિ-અનંત વસ્તુ છે. તેનું ઉપયોગ લક્ષણ પણ અનાદિ-અનંત છે. તે ઉપયોગનો 'કારણસ્વભાવજ્ઞાન' નામનો એક પ્રકાર છે.

તે પણ અનાદિ-અનંત છે. તે આત્મા સાથે ત્રિકાળ એકરૂપ વર્તે છે. તેના આધારે કેવળજ્ઞાનરૂપ 'કાર્યસ્વભાવજ્ઞાન' પ્રગટે છે. તે સાદિ-અનંત છે.

અહીં કહે છે કે જેવું કાર્યસ્વભાવજ્ઞાન છે, તેવું જ કારણસ્વભાવજ્ઞાન છે. જોકે કાર્યજ્ઞાન તે સાદિ-અનંત છે ને કારણજ્ઞાન તો અનાદિ-અનંત છે. એ રીતે તેમાં ફેર છે છતાં જેવું 'શુદ્ધકાર્ય' પ્રગટ્યું તેવું જ તેનું 'શુદ્ધકારણ' ત્રિકાળ વર્તે છે-એમ ઓળખવા માટે અહીં 'કાર્યસ્વભાવજ્ઞાન જેવું જ કારણસ્વભાવજ્ઞાન છે'-એમ કહ્યું છે. એ રીતે શુદ્ધકાર્ય ઉપરથી તેના કારણની ઓળખાણ કરાવી છે.

કેવળજ્ઞાન તે તો કાર્યસ્વભાવજ્ઞાન છે. તે નવું પ્રગટે છે. તે કેવળજ્ઞાનરૂપ કાર્ય શેમાંથી પ્રગટ્યું?-તો કહે છે કે તે કાર્ય જેવું જ એક કારણસ્વભાવજ્ઞાન છે, તેમાંથી જ તે કાર્ય પ્રગટે છે.

જુઓ! આ આત્માના સ્વભાવકાર્યનું કારણ! કેવળજ્ઞાનરૂપ જે સ્વભાવકાર્ય થયું તેનું કારણ કોઈ નિમિત્ત તો નહિ, વ્યવહારરત્નત્રયનો રાગ તે પણ કારણ નહિ અને મતિ-શ્રુતજ્ઞાનરૂપ જે પૂર્વ પર્યાય તે પણ પરમાર્થ કારણ નહિ; પણ આત્માની સાથે ત્રિકાળ વર્તતું એવું જે કારણસ્વભાવજ્ઞાન તે જ કેવળજ્ઞાનનું પરમાર્થ કારણ છે. તેમાં જ લીનતાથી કેવળજ્ઞાન થાય છે. માટે કહ્યું કે જેવું કારણસ્વભાવજ્ઞાન છે તેવું જ કારણજ્ઞાન છે.

જુઓ! અહીં 'કારણ જેવું કાર્ય છે' એમ ન કહેતાં 'કાર્ય જેવું કારણ છે' એમ કહ્યું કેમકે કાર્ય વ્યક્ત-પ્રગટ છે, તે પ્રગટ દ્વારા અપ્રગટ-શક્તિરૂપ કારણ ઓળખાવવું છે. કાર્ય ઉપરથી કારણ ઓળખાવે છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે....તો સમજ કે અંદરમાં તેવા જ સામર્થ્યવાળું કારણ પડ્યું છે! જેવું કાર્ય પ્રગટ્યું તેવું જ તેનું કારણ આત્મામાં વર્તે છે. તારા આત્મામાં કેવળજ્ઞાનનું કારણ અત્યારે પણ વર્તે છે. તે કારણનું અવલંબન લેવાથી કાર્ય પ્રગટી જાય છે.

સામાન્યરૂપે લોકોને કેવળજ્ઞાનરૂપ કાર્યનો તો મહિમા આવે છે પણ તે કેવળજ્ઞાનરૂપ કાર્ય થવાનું કારણ અત્યારે પોતામાં પડ્યું છે, તે તેમના લક્ષમાં આવતું નથી, તેથી બાહ્યકારણોમાં વ્યર્થ ફાંફા મારે છે!

જો અંતરમાં ધ્રુવ ઉપયોગરૂપ કારણસ્વભાવજ્ઞાનને લક્ષમાં લઈને તેને જ કારણપણે સ્વીકારે તો તે કારણના અવલંબને કાર્ય થયા વિના રહે નહિ.

આ 'કારણ' ત્રિકાળ છે, પણ તે કારણને કારણપણે સ્વીકારનારું 'કાર્ય' તો સાદિ છે. કારણની સિદ્ધિ કાર્યથી છે એટલે કે કાર્ય થતાં કારણની સિદ્ધિ થાય છે. કારણ નવું

નથી થતું પણ તે 'કારણની સિદ્ધિ' નવી થાય છે, કારણની પ્રસિદ્ધિ–ઓળખાણ નવી થાય છે. જ્યાં સુધી કારણના આશ્રયે કાર્ય પ્રગટ કર્યું નથી, ત્યાં સુધી કારણની ઓળખાણ (–પ્રસિદ્ધિ) થઈ નથી. કારણના અવલંબને જેણે કાર્ય પ્રગટ કર્યું તેને જ કારણની ખરી ઓળખાણ અને પ્રસિદ્ધિ થઈ.

'કારણ' શબ્દ જ 'કાર્ય'ને સૂચવે છે અર્થાત્ 'કારણ' એવું નામ 'કાર્ય'ની અપેક્ષા રાખે છે. એટલે જ્યાં કાર્ય થયું છે, ત્યાં જ કારણની સિદ્ધિ થઈ છે.

અહીં 'કાર્ય' કહેતાં એકલું કેવળજ્ઞાન ન લેવું પણ સ્વભાવના આશ્રયે જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં જ કાર્યની શરૂઆત થઈ ગઈ છે. સમ્યગ્જ્ઞાનરૂપ કાર્ય થતાં જ ધર્મીને ભાન થયું કે અહો! મારું કારણ તો મારામાં જ છે. પહેલાં પણ મારામાં આવો કારણરૂપ સ્વભાવ તો હતો પણ મને તેનું ભાન ન હતું ને મેં તેનું અવલંબન ન લીધું તેથી કાર્ય ન થયું. હવે મને ભાન થતાં આ કારણના મહિમાની ખબર પડી....અહો! કેવળજ્ઞાનનું કારણ થાય એવી અચિંત્ય શક્તિ આત્મામાં સદાય વર્તી જ રહી છે. આત્માનો કોઈ અચિંત્ય મહિમા છે! શુદ્ધ ચૈતન્યતરંગ મારા સ્વભાવમાં સદા ઊછળી રહ્યા છે! આ રીતે આત્માનો અચિંત્ય મહિમા સમજતાં તેમાં એકાગ્રતાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થઈ જાય છે, તે અપૂર્વ ધર્મ છે.

આત્મા અનાદિ–અનંત વસ્તુ છે. ઉપયોગ તેનું લક્ષણ છે, તે પણ અનાદિ–અનંત છે તથા તે ઉપયોગ શુદ્ધ તરંગપણે સદાય વર્તમાન વર્તે છે, તેનું નામ કારણસ્વભાવ-જ્ઞાનોપયોગ છે. તેમાંથી જે કેવળજ્ઞાન પ્રગટે છે તે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ છે. 'ઉપયોગ જે જીવનું લક્ષણ છે' એમ કહેતાં આ બંને ઉપયોગ તેમાં આવી જાય છે.

અહીં ટીકાકાર કહે છે કે 'જેવું કાર્યજ્ઞાન છે, તેવું જ કારણજ્ઞાન છે'—આમ કહીને કાર્ય–કારણની અદ્ભુત સંધિ બતાવી છે.

'કાર્યજ્ઞાન' એટલે 'કેવળજ્ઞાન'. તે કેવું છે?–કે તે કાર્યસ્વભાવજ્ઞાનમાં ક્રમ નથી ઇન્દ્રિયોનું અવલંબન નથી, અંતરાય કે આવરણ નથી તથા અલ્પજ્ઞતા નથી. અહો! કેવળજ્ઞાનના સામર્થ્યની શી વાત!! એક પછી એક પદાર્થોને જાણે એવો ક્રમ તેનામાં નથી. તે બધું એક સાથે–અક્રમે જાણે છે. તેને ઇન્દ્રિયોની સહાય નથી તે અતીન્દ્રિય છે. તે કોઈપણ બીજાની સહાય વગર સ્વયં જ જાણતું હોવાથી અસહાય છે—સ્વાધીન છે. તેને કોઈ કર્મોનું આવરણ કે અંતરાય નથી. તેનામાં રાગાદિ વિભાવ નથી તેમજ અમુકને જાણે ને અમુકને ન જાણે—એવી અલ્પજ્ઞતા પણ તેનામાં નથી. આવું અચિંત્ય મહિમાવંત કાર્યસ્વભાવજ્ઞાન છે અને કારણજ્ઞાન પણ તેવું જ છે.

કેવળજ્ઞાનરૂપી કાર્ય થયું તે અતીન્દ્રિય છે; તો તેનું કારણ પણ તેવું જ-અતીન્દ્રિય છે. કેવળજ્ઞાન આવરણ વિનાનું છે તો કારણજ્ઞાન પણ ત્રિકાળ આવરણ વિનાનું છે. કેવળજ્ઞાનનો કદી (-પ્રગટ્યા પછી) વિરહ નથી તેમ કારણજ્ઞાનનો કદી (-ત્રણ કાળમાં) વિરહ નથી. કેવળજ્ઞાનમાં ક્રમ નથી તેમ કારણજ્ઞાનમાં પણ ક્રમ નથી. કેવળજ્ઞાનમાં ઇન્દ્રિયોનું અવલંબન કે પરની સહાય નથી તેમ કારણજ્ઞાનમાં પણ કોઈનું અવલંબન કે સહાય નથી. કેવળજ્ઞાન એક સાથે સર્વને જાણે છે તેમ કારણજ્ઞાનમાં પણ તેવું જ સામર્થ્ય છે. આ રીતે, કેવળજ્ઞાનરૂપ કાર્યસ્વભાવજ્ઞાનનું જેવું સામર્થ્ય છે તેવું જ અચિંત્ય સામર્થ્ય કારણસ્વભાવજ્ઞાનમાં ત્રિકાળ છે ને તે કારણજ્ઞાન આત્મામાં ત્રિકાળ છે.

અહો! જ્યાં કાર્યની વાત આવે ત્યાં કારણ પણ આવું જ બતાવતા જાય છે.

જેણે આવા અચિંત્ય મહિમાવંત અતીન્દ્રિય અસહાય શુદ્ધ કારણસ્વભાવજ્ઞાનનો નિર્ણય કર્યો-સ્વીકાર કર્યો તેને બીજા કોઈ પરના આશ્રયે પોતાનું જ્ઞાનકાર્ય થવાની મિથ્યાબુદ્ધિ રહેતી નથી.

કેવળજ્ઞાન તે કાર્યસ્વભાવજ્ઞાન છે, તેનો અચિંત્ય મહિમા છે અને કારણજ્ઞાન પણ તેવું જ છે. કેવળજ્ઞાનરૂપ કાર્ય તો નવું પ્રગટશે પણ તે કેવળજ્ઞાન પ્રગટ્યા પહેલાં જ તેના કારણરૂપ સ્વભાવજ્ઞાન અત્યારે જ મારામાં વર્તી રહ્યું છે-એમ ધર્મી જાણે છે.

- કેવળજ્ઞાન પ્રગટશે.....તે શેમાંથી આવશે? શું નિમિત્ત કારણોમાંથી આવશે? ના; માટે તે ખરેખર કારણ નથી.
- શું વ્યવહારરત્નત્રયના રાગમાંથી કેવળજ્ઞાન આવશે? ના; માટે તે પણ ખરું કારણ નથી.
- શું પૂર્વની અલ્પજ્ઞ પર્યાયમાંથી કેવળજ્ઞાન આવશે? ના; માટે તે પણ ખરું કારણ નથી.
- કારણસ્વભાવજ્ઞાન આત્મામાં ત્રિકાળ છે, તેમાંથી જ કેવળજ્ઞાનરૂપ કાર્ય આવવાની તાકાત છે, તે કારણના અવલંબને જ કાર્ય થાય છે. માટે, તે જ ખરું કારણ છે.

આવા સામર્થ્યસ્વરૂપે આત્માને દૃષ્ટિમાં-શ્રદ્ધામાં લેવો તે સમ્યગ્દર્શન છે; તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે ને તેમાં લીનતા, તે સમ્યક્ચારિત્ર છે, આ જ મુક્તિનો પંથ છે.

આ સિવાય બહારના બીજા કોઈ કારણથી મુક્તિ થવાનું જેઓ માને છે, તેઓ સંસારના જ માર્ગમાં ઊભા છે; તેઓ મુક્તિના પંથને જાણતા પણ નથી.

આત્માનો ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો છે. તેમાંથી જ્ઞાનના પ્રકારોનું વર્ણન ચાલે છે.

જે સ્વભાવરૂપજ્ઞાન છે તે કાર્ય અને કારણ—એમ બે પ્રકારનું છે. કાર્યસ્વભાવજ્ઞાન તે તો કેવળજ્ઞાન છે, તે જ્ઞાન ઉપાધિ વિનાનું છે, એકલું શુદ્ધ એકરૂપ છે, કર્મના આવરણ વિનાનું છે, ક્રમ વગર જાણનારું છે, ઇન્દ્રિયોનું નિમિત્ત તેમાં નથી, દેશ-કાળનો અંતરાય તેને નથી, કોઈની તેને સહાય નથી અને કારણજ્ઞાન પણ તેવા જ સામર્થ્યવાળું છે.

[કારણજ્ઞાન પણ તેવું જ છે.] "શાથી?—નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે."

કાર્યજ્ઞાન તો તે (ઉક્ત) સહજચતુષ્ટને જાણે છે ને કારણજ્ઞાનમાં તેને જાણવાનું સામર્થ્ય છે; માટે તે કારણજ્ઞાન પણ કાર્યજ્ઞાન જેવું જ છે.

જોકે કાર્યજ્ઞાનની જેમ કારણજ્ઞાન પણ જાણવાનું પ્રગટ કાર્ય નથી કરતું પરંતુ તેનામાં તેવું કાર્ય પ્રગટવાની તાકાત ભરેલી છે, તે બતાવવા માટે અહીં તેને 'કાર્યજ્ઞાન જેવું' કહી દીધું છે.

શ્રોતા :—છદ્મસ્થનું જ્ઞાન તો આવરણવાળું ને ક્રમવાળું જ હોય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—છદ્મસ્થને જે આવરણ છે તે કાર્યજ્ઞાનમાં (-વિભાવરૂપ કાર્યજ્ઞાનમાં) છે, તેને કારણજ્ઞાનમાં આવરણ નથી. એ જ પ્રમાણે જે ક્રમ છે તે કાર્યમાં છે, કારણજ્ઞાનમાં ક્રમ નથી. ઇન્દ્રિયોનું નિમિત્ત, પરોક્ષપણું વગેરે પણ કાર્યજ્ઞાનમાં છે. કારણજ્ઞાનમાં ઇન્દ્રિયોનું નિમિત્ત કે પરોક્ષપણું વગેરે નથી.

અહો! છદ્મસ્થદશા વખતે પણ કેવળજ્ઞાન જેવું જ સામર્થ્ય કારણસ્વભાવજ્ઞાનમાં છે. આવા સામર્થ્યની પ્રતીત કરીને, તેની સન્મુખ પરિણમતાં પરિણમતાં જેવું કારણ છે તેવું જ કાર્ય પ્રગટી જાય છે એટલે કે કેવળજ્ઞાન થાય છે.

સંસારદશા વખતે પણ કારણસ્વભાવજ્ઞાનને કોઈ વિઘ્ન નથી અને જેણે આવા કારણનું અવલંબન લીધું તેને કેવળજ્ઞાનરૂપ કાર્ય થવામાં વચ્ચે વિઘ્ન આવતું નથી.

"આમ [કારણરૂપ તથા કાર્યરૂપ એવા] શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું."

તેમાં જે કારણસ્વભાવજ્ઞાન છે તે નિશ્ચયનયનો વિષય છે, દ્રવ્યદૃષ્ટિનો વિષય છે અને કાર્યજ્ઞાન છે તે વ્યવહારનયનો વિષય છે.

જેને કાર્યસ્વભાવજ્ઞાન ઊઘડી ગયું છે તેને પોતાને કાંઈ વ્યવહારનય હોતો નથી;

પણ બીજો જીવ જ્યારે તે કાર્યને લક્ષમાં લ્યે ત્યારે તેને વ્યવહારનય હોય છે અને જ્યારે પોતાના કારણસ્વભાવજ્ઞાનને લક્ષમાં લ્યે ત્યારે તેનું જ્ઞાન અંતર્સ્વભાવ તરફ વળેલું હોય છે એટલે તેને નિશ્ચયનય હોય છે.

નિશ્ચયનયનું જે જ્ઞેય છે તે જ ખરેખર કેવળજ્ઞાનનું કારણ છે અને જે વ્યવહારનયનું જ્ઞેય છે તે ખરેખર કેવળજ્ઞાનનું (કે સમ્યગ્દર્શનાદિનું પણ) કારણ નથી.

કારણસ્વભાવજ્ઞાનના અવલંબને જ્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું, ત્યાં કારણ અને કાર્ય બંને સરખા થયા અર્થાત્ કારણમાં જેવું સામર્થ્ય હતું તેવું પરિપૂર્ણ સામર્થ્ય કાર્યમાં પણ પ્રગટી ગયું.

આવા કારણસ્વભાવની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. સમકિતીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત આવા કારણસ્વભાવની પ્રતીતિ થઈ ગઈ છે. પછી તે કારણમાં જેમ જેમ એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ આનંદનું વેદન પણ વધતું જાય છે.

એ રીતે કારણની સન્મુખ થઈને ઘણા આનંદમાં ઝૂલતા ઝૂલતા મહામુનિભગવાને આ રચના કરી છે. વાહ! વીતરાગી મુનિઓના મુખમાંથી અમૃત ઝર્યા છે!! જુઓ! આ શ્રી ગણધરાદિ સંતોની પરંપરાથી આવેલી વાત!! સંતોએ અંતરના કોઈ અચિંત્ય સૂક્ષ્મ રહસ્યો ખોલ્યાં છે.

કોઈને વિશેષ ન સમજાય...તો સામાન્યપણે એમ મહિમા કરવો કે 'અહો! મારા સ્વભાવના કોઈ અચિંત્ય મહિમાની આ વાત છે. મારા આત્મસ્વભાવનો અચિંત્ય મહિમા સંતો સમજાવી રહ્યા છે!' આ રીતે સાંભળતાં સ્વભાવનું બહુમાન લાવશે....તે પણ ન્યાલ થઈ જશે.

અહો! આત્માનો સ્વભાવ એકેક સમયમાં પૂરો...પૂરો ને પૂરો! દરેક સમયે આત્મા પોતાના સ્વભાવ-સામર્થ્યથી પરિપૂર્ણ બિરાજી રહ્યો છે! આવા નિજસ્વભાવના સામર્થ્યનો વિશ્વાસ કરીને તેનો ઉલ્લાસ કરવો તે મોક્ષનું કારણ છે. જીવને જ્યાં સ્વભાવ તરફનો ઉલ્લાસ જાગ્યો ત્યાં વિકાર તરફનો ઉલ્લાસ રહેતો નથી એટલે વિકારના ઉછાળા શમી જાય છે. સંસાર તરફનો ઉત્સાહ તૂટી જાય છે ને સ્વભાવ તરફ તેના ઉત્સાહનો વેગ વળી જાય છે. આવો ઉલ્લસિત વીર્યવાન જીવ અલ્પકાળમાં જ મોક્ષ પામે છે.

અહો! કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટવાના આધારભૂત કારણસ્વભાવજ્ઞાન આત્મામાં સદાય સ્વરૂપપ્રત્યક્ષપણે વર્તી જ રહ્યું છે.

આ વાત ક્યાંથી નીકળી? કારણના આશ્રયે સિદ્ધદશારૂપ કાર્યને સાધતાં-સાધતાં સાધક સંતોના આત્મામાંથી આ વાત નીકળી છે. જંગલમાં વસતા ને આત્માના આનંદમાં ઝૂલતા મુનિના અંતરમાંથી આ રહસ્ય નીકળ્યાં છે. અંતરના અધ્યાત્મના ઊંડાણમાંથી આ પ્રવાહ વહ્યો છે. અંતર્સ્વરૂપના અનુભવને મુનિઓએ પ્રસિદ્ધ કર્યો છે. તદ્દન નિકટપણે કેવળજ્ઞાન સધાઈ રહ્યું છે, ત્યાં તે કાર્યને સાધતાં-સાધતાં તેના કારણનો અચિંત્ય મહિમા કર્યો છે કે અહો! આ અમારા કેવળજ્ઞાનનું કારણ!! અંતરમાં શક્તિ સાથે વ્યક્તિની સંધિ કરીને, કારણ સાથે કાર્યની સંધિ કરીને મુનિઓના આત્મામાંથી સિદ્ધપદને સાધતાં-સાધતાં આ રણકાર ઊઠ્યા છે! અહો! સિદ્ધપદના સાધક મુનિઓની શી વાત!! અલૌકિક અધ્યાત્મનાં ઘણાં રહસ્યો તેમના અનુભવના ઊંડાણમાં ભર્યાં છે! બહાર તો અમુક આવે. અંતરના ઊંડાણમાંથી અલૌકિક રહસ્યો મુનિઓએ બહાર કાઢ્યાં છે. આ અંતરની અદ્‌ભુત વાત છે!!

ત્રિકાળ કારણસ્વભાવરૂપ જ્ઞાનની પ્રતીત કરતાં સાધકદશારૂપ કાર્ય પ્રગટી જાય છે અને તેનું પૂરું કાર્ય તો કેવળજ્ઞાન છે. ત્રિકાળ વર્તતું સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન છે તે જ કેવળજ્ઞાનનું અભેદકારણ છે. તે 'બ્રહ્મસ્વરૂપ' છે ને તેમાં અંતર્મુખ થવાનો આ ઉપદેશ છે, તેથી આ 'બ્રહ્મોપદેશ' છે.

કેવો છે આ 'બ્રહ્મોપદેશ'?-કે સંસારનું મૂળ છેદી નાંખનાર છે. જે જીવ આ બ્રહ્મસ્વરૂપ આત્મસ્વભાવને જાણીને તેમાં અંતર્મુખ થાય છે, તેનો સંસાર છેદાઈ જાય છે.

વેદાંતવાળા જે 'અદ્વૈતબ્રહ્મ' કહે છે તેની આ વાત નથી. વિશેષ વગરનું એકાંત અદ્વૈતસામાન્ય તે તો સસલાના શીંગડાની જેમ અસત્ હોવાથી મિથ્યા છે. અહીં તો પર્યાયને અંતર્મુખ કરીને વિશેષ સહિતના સામાન્યની કોઈ અચિંત્ય વાત છે. જે કાર્ય થયું તે વિશેષ છે ને તેનું જે એકરૂપ કારણ છે તે સામાન્ય છે. એ રીતે સામાન્ય-વિશેષની એકતારૂપ અનેકાંત વસ્તુસ્વરૂપ છે.

કેવળજ્ઞાનના આધારભૂત જે કારણસ્વભાવજ્ઞાન છે તેને 'પરમપારિણામિકભાવમાં સ્થિત' કહ્યું છે. કેવળજ્ઞાન તે ક્ષાયિકભાવમાં સાદિ-અનંત સ્થિત છે ને આ કારણસ્વભાવજ્ઞાન પરમપારિણામિકભાવમાં અનાદિ-અનંત સ્થિત છે.

અહીં કોઈ એમ કહે કે જેમ ક્રોધાદિકને કર્મના ઉદયની અપેક્ષાએ તો ઔદયિકભાવે કહ્યા અને બીજાની અપેક્ષા વિના તેને પારિણામિકભાવે કહ્યા તેમ અહીં પણ કર્મના ક્ષયની અપેક્ષાએ તો 'કેવળજ્ઞાન'ને ક્ષાયિકભાવે કહ્યું ને નિરપેક્ષદૃષ્ટિથી તેને જ 'પારિણામિકભાવે

સ્થિત સહજજ્ઞાન કહ્યું—એમ તો નથી ને? તેનો ખુલાસો—ના; જે સહજકારણસ્વભાવરૂપ જ્ઞાન છે તે તો ત્રિકાળનિરુપાધિરૂપ છે ને તે તો પારિણામિકભાવે સદાય વર્તે છે, તેનો કદી વિરહ નથી અને કેવળજ્ઞાન તો નવું પ્રગટે છે, પહેલાં તેનો વિરહ હતો. કારણસ્વભાવજ્ઞાનનું પહેલાં ભાન ન હતું, તે અપેક્ષાએ તેનો વિરહ કહેવાય છતાં ત્યારે પણ તેનો કાંઈ અભાવ ન હતો. કારણજ્ઞાનને તો સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છે. કેવળજ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ નથી કહ્યું પણ સકલપ્રત્યક્ષ કહ્યું છે. આ રીતે 'કેવળજ્ઞાન' તે જ 'કારણસ્વભાવજ્ઞાન' નથી એમ સમજવું. જ્ઞાનનો જે ત્રિકાળપ્રત્યક્ષસ્વભાવ છે તેને અહીં સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન અથવા કારણસ્વભાવજ્ઞાન કહીને ઓળખાવ્યો છે. આ 'કારણસ્વભાવજ્ઞાન' તો બધાય જીવોમાં ત્રિકાળ વર્તી જ રહ્યું છે.

જેવા શ્રી સિદ્ધભગવંતો લોકાગ્ર બિરાજમાન છે તેવા જ ભવ–લીન સંસારીજીવો છે અર્થાત્ "સર્વ જીવ છે સિદ્ધ-સમ"—એમ કહ્યું છે. તેમાં તો શક્તિ અપેક્ષાએ કહ્યું છે. કાંઈ સિદ્ધભગવંતોની માફક પૂર્ણ જ્ઞાન–આનંદરૂપ સિદ્ધદશા સંસારીજીવોને પ્રગટ નથી. પરંતુ આ જે 'કારણસ્વભાવજ્ઞાન' છે તે તો બધાય જીવોને સદાય વર્તી જ રહ્યું છે, તે કાંઈ નવું નથી થતું; પણ તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન નવું પ્રગટે છે.

ત્રિકાળજ્ઞાનસ્વભાવ શુદ્ધ છે ને તેના આશ્રયે થતું કેવળજ્ઞાન પણ શુદ્ધ છે. એક કારણરૂપે શુદ્ધ છે ને બીજું કાર્યરૂપે શુદ્ધ છે.

આ શુદ્ધ જ્ઞાનો કેવાં છે?–કે આનંદ-દાતા છે. તેમાં કાર્યરૂપ કેવળજ્ઞાન તે તો સાદિ–અનંત આનંદ-દાતા છે ને અનંતચતુષ્ટયને સાદિ–અનંત ભોગવનારું છે તથા કારણરૂપ જ્ઞાન અનાદિ–અનંત આનંદદાતા છે, (અર્થાત્) ત્રિકાળ આનંદ સાથે એકમેક છે, સહજચતુષ્ટય સહિત જ સદા શોભી રહ્યું છે.

જે અનંત આનંદ-દાતાર કેવળજ્ઞાન પ્રગટ્યું તે તો મહિમાવંત છે પણ તે કેવળજ્ઞાન ક્યાંથી પ્રગટ્યું?–કે કારણસ્વભાવજ્ઞાનમાંથી. માટે, ખરો મહિમા કારણનો છે.

નીચલી દશામાં કેવળજ્ઞાન તો હોતું નથી પણ કારણજ્ઞાન હોય છે, ને તે કારણનો મહિમા કરીને તેમાં લીન થતાં કેવળજ્ઞાન ખીલી જાય છે.

અજ્ઞાની એકલી પર્યાયનો મહિમા કરીને બાહ્ય કારણોની શોધમાં રોકાય છે; પણ કેવળજ્ઞાન પ્રગટવાના આધારરૂપ જે ત્રિકાળી કારણજ્ઞાન પોતાના સ્વભાવમાં વર્તી રહ્યું છે તેના મહિમાની તેને ખબર નથી. જો પોતાના કારણસ્વભાવનો મહિમા આવે તો તેના જોરે શુદ્ધકાર્ય પ્રગટે ને બાહ્યકારણોની દૃષ્ટિ છૂટી જાય.

કેવળજ્ઞાન થયા પહેલાં પણ પોતામાં જે ધ્રુવ કારણરૂપ સ્વભાવ છે તેની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે; ને પછી તે કારણનો મહિમા કરીને તેમાં એકાગ્રતાનું જોર દેતાં કેવળજ્ઞાન ખીલી જાય છે.

આત્માના સ્વભાવને ઓળખે તો જ તેનો ખરો મહિમા આવે. ઓળખાણ વગર આત્માનું બહુ માહાત્મ્ય પ્રથમ તો શું આવે?? આત્મા શું? તેના ગુણ શું? તેનો સ્વભાવ શું? એની જેમ-જેમ ઓળખાણ થાય, તેમ-તેમ તેનો મહિમા આવે.

જેમ ભરવાડના હાથમાં સવાલાખની કિંમતનો ચકચકતો હીરો આવે પણ ઓળખાણ વગર તો તેને તેનો શું મહિમા આવે? તે તો તેને સારો-મજાનો કાચનો કટકો માનીને બકરીની ડોકે બાંધી દે. પણ જ્યાં ઝવેરી બતાવે કે અરે! આ તો ઊંચી જાતનો સવાલાખનો હીરો છે! તો એની કિંમત જાણતાં તેને તેનો મહિમા આવે છે. તેમ અહીં ભરવાડ એટલે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિજીવ, તેની પાસે મહાકિંમતી ચૈતન્ય-રત્ન છે, પણ ઓળખાણ વગરે તેનો યથાર્થ મહિમા આવતો નથી એટલે તે તો બકરીની ડોકની માફક શુભાશુભરાગમાં જ ચૈતન્ય-રત્નને બાંધે છે. પણ, ભેદજ્ઞાની-ઝવેરી તેને સમજાવે છે કે અરે મૂઢ! ભરવાડ જેવા! આ તારું ચૈતન્ય-રત્ન શુભાશુભરાગ જેટલું નથી. તારું ચૈતન્ય-રત્ન તો જ્ઞાન, આનંદ, પ્રભુતા વગેરે અનંત ઋદ્ધિથી ભરેલું છે, ઉપશાંત-રસનાં મોજા તેમાં ઊછળે છે, ચૈતન્યની પ્રભા તેમાં ચમકે છે, તેમાંથી અતીન્દ્રિય-પ્રકાશના કિરણો છૂટે છે! આવું જ્યાં ભાન થયું ત્યાં તેનો અપાર મહિમા આવ્યો કે અહો! આવું મારું ચૈતન્ય-રત્ન!! આવો મહિમા આવતાં તે પોતાના ચૈતન્ય-રત્નને રાગ સાથે બાંધતો નથી એટલે કે રાગમાં એકાગ્રતા કરતો નથી પણ પોતે પોતાના સ્વભાવમાં જ એકાગ્ર થાય છે. આ રીતે આત્માનું સ્વરૂપ જાણે તો તેનો ખરો મહિમા આવે ને તેમાં એકાગ્ર થઈને મુક્તિ પામે.

આત્મા વર્તમાન પણ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો છે તેનો મહિમા આવ્યા વગર કોઈ જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે મોક્ષરૂપી કાર્ય પ્રગટે નહિ.

માટે, અહીં સંતો આત્માનું સ્વરૂપ ઓળખાવે છે કે હે ભાઈ! તારા આત્માનો સ્વભાવ કોઈ સમયે અધૂરો નથી, વર્તમાન પણ પરિપૂર્ણ સ્વભાવ છે, માટે તેનો જ મહિમા લાવીને તેમાં અંતર્મુખ થા! તેના ઉપર જોર આપ એટલે કે તેની જ પ્રધાનતા કર, તેને જ મુખ્ય કર, તેનું જ અવલંબન કર, તેનો જ આદર કર, તેનો જ આશ્રય કર, તેમાં જ ઉત્સાહ કર, એમાં જ તત્પર થા, તેની જ આરાધના કર, તેનું જ ધ્યાન કર! તારો આ સ્વભાવ સર્વશક્તિમાન પ્રભુ છે, તેને કોઈ દબાવનાર નથી, તેમાં કોઈ નડતર નથી,

તેને કાળ કે કર્મો આવરી શકતા નથી, અનાદિ–અનંત જ્યારે જો ત્યારે વર્તમાન જ તે પૂરો છે, કોઈ સમયે વર્તમાનમાં તે પૂરો નથી—એમ નથી. તું જે સમયે અંતર્મુખ થઈને આવા તારા આત્મસ્વભાવને પકડ તે સમય તારો પોતાનો છે, તે સ્વ-સમય છે! આત્મામાં દરેક સમયે પરિપૂર્ણતા પડી છે. પુરું કાર્ય પ્રગટાવવા માટે આત્મામાં વર્તમાન પૂરું કારણ નથી–એવું કોઈ ક્ષણે બનતું નથી. 'પૂરું કારણ' દરેક સમયે વિદ્યમાન છે, તે કારણના સ્વીકારથી કાર્ય પ્રગટી જાય છે.

જુઓ! આ અંતરના કારણ-કાર્યની સૃષ્ટિ!! આત્માના કારણસ્વભાવમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્યની સૃષ્ટિ–ઉત્પત્તિ થાય છે. આમાં 'કાર્ય' તે તો ઉત્પાદવ્યયરૂપ પરિણામ છે, તે પહેલાં નથી હોતું ને પછી પ્રગટે છે અને 'કારણસ્વભાવ' તે ધ્રુવરૂપ પરિણામ છે, તે સદા વિદ્યમાન છે, તેનામાં ઉત્પાદવ્યય નથી. કેવળજ્ઞાનના કારણરૂપ જે ધ્રુવ જ્ઞાનપરિણામ છે તેને સહજસ્વભાવજ્ઞાન અથવા સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન કહે છે. તેનામાં આત્માના સહજચતુષ્ટયને યુગપત્ જાણવાનું સામર્થ્ય ત્રિકાળ છે. તે ત્રિકાળની સાથે વર્તમાનની એકતા થતાં તે વર્તમાન પર્યાય પણ પૂરા સામર્થ્યરૂપે પરિણમી જાય છે.

(1) ☞ ત્રિકાળ સામર્થ્યમાંથી વર્તમાન આવે છે.

(2) ☞ દ્રવ્યમાંથી પર્યાય આવે છે.

(3) ☞ ધ્રુવના આશ્રયે જ ઉત્પાદ થાય છે.

(4) ☞ કારણના આશ્રયે જ કાર્ય થાય છે.

(5) ☞ શક્તિમાંથી વ્યક્તિ થાય છે.

(6) ☞ 'પ્રાપ્ત'ની પ્રાપ્તિ થાય છે.

(7) ☞ નિશ્ચયના આશ્રયે મુક્તિ થાય છે.

(8) ☞ જ્ઞાયકસ્વભાવી આત્મા વિકારનો અકર્તા છે.

(9) ☞ આત્માની શક્તિઓ બાહ્યકારણોથી અત્યંત નિરપેક્ષ છે.

(10) ☞ આત્મા અને પર દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે.

આમાંથી કોઈ પણ બોલનો નિર્ણય કરતાં બધાય બોલનો નિર્ણય થઈ જાય છે ને આ જૈનશાસનની મૂળ વાત છે. આ વસ્તુ સમજ્યા વગર જૈનધર્મનું રહસ્ય સમજાય નહિ ને અંતર્મુખ વળ્યા વગર આ વાત સમજાય નહિ.

આત્મા પોતે પરમ સ્વરૂપ હોવાથી પરમાત્મા છે. તેનામાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિ ત્રિકાળી રહેલી છે, તે 'કારણસમયસાર'નું સ્વરૂપ છે. અહીં, આ સહજ ચતુષ્ટયને કારણસમયસાર કહે છે, તે જ કારણપરમાત્મા છે ને તે ત્રિકાળ એકરૂપ છે; તેના આશ્રયે અનંતચતુષ્ટયરૂપ કાર્યસમયસારપણું પ્રગટે છે. શ્રી 'સમયસાર' વગેરેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલા આત્માને 'કારણસમયસાર' કહે છે, તે જુદી વાત છે. તેમાં તો મોક્ષમાર્ગની વાત છે. મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગપણે આત્મા પરિણમ્યો, તેથી તેને 'કારણસમયસાર' કહ્યો.

ખરેખર જે ધ્રુવરૂપ 'કારણસમયસાર' છે તે જ મોક્ષનું નિશ્ચય કારણ છે. જે આ મોક્ષમાર્ગરૂપ કારણસમયસાર છે તે મોક્ષનું કારણ વ્યવહારે છે. મોક્ષમાર્ગ તરીકે તો તે નિશ્ચય છે, પરંતુ મોક્ષના કારણ તરીકે તે વ્યવહાર છે.

જુઓ! અહીં નિશ્ચયમોક્ષમાર્ગને પણ મોક્ષનું કારણ કહેવું તેને વ્યવહાર કહ્યો કેમકે મોક્ષમાર્ગની પર્યાય કાંઈ મોક્ષદશા નથી લાવતી એક પર્યાયના આશ્રયે બીજી પર્યાય નથી.

'મોક્ષમાર્ગની પૂર્ણતા થતાં મોક્ષ થાય છે' એ નિયમ છે. પણ તે 'મોક્ષ' કોના આશ્રયે થાય છે?—તે અહીં બતાવવું છે. પૂર્વનો સાધકભાવ કાંઈ સાધ્યને પરાણે–બળજોરીથી નથી પરિણમાવતો પણ સાધ્યપર્યાય પોતે સ્વભાવનો આશ્રય કરીને સ્વતઃ પરિણમે છે.

શ્રોતા :—જો સાધકભાવ છે તે સાધ્યભાવને નથી પરિણમાવતો....તો પછી તે પૂર્વ ભાવને 'સાધક' કેમ કહ્યો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કેમકે પૂર્વ એવા સાધકભાવપૂર્વક જ સાધ્યભાવ પ્રગટે છે, તેથી પૂર્વ ભાવને સાધક કહ્યો છે. જેમકે, સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાનપૂર્વક જ કેવળજ્ઞાન થાય છે, આવો પૂર્વ–ઉત્તરભાવ બતાવવા માટે મતિ–શ્રુતને કેવળજ્ઞાનના સાધક કહ્યા છે પણ કેવળજ્ઞાન કાંઈ મતિ–શ્રુતજ્ઞાનને આધીન નથી.

મતિ–શ્રુતજ્ઞાન વગેરે સાધકભાવ પણ બળજોરીથી કેવળજ્ઞાનાદિ સાધ્યભાવોને નથી પરિણમાવતા, તો પછી વ્યવહાર–રાગ કે નિમિત્ત વગેરેની તો શી વાત?

અહીં તો એકદમ અંતર્મુખની વાત કરે છે કે અરે જીવ! તારા કેવળજ્ઞાનના કારણને તારા સ્વભાવમાં જ શોધ... તારો કારણસ્વભાવ જ કેવળજ્ઞાનનું કારણ છે. જ્યાં, અંતર્મુખ થઈને આવા કારણમાં લીન થયો ત્યાં, 'આ મારું કારણ ને આ કાર્ય'—એવા કારણ–કાર્યના ભેદના વિકલ્પો પણ નથી. ત્યાં તો કારણ–કાર્યની એકતારૂપ આનંદનું જ વેદન છે.

❑ ❑ ❑

(ક્રમશઃ)

# પૂજિત પંચમભાવપરિણતિ—
# કારણશુદ્ધપર્યાય : વિશેષ સ્પષ્ટીકરણ

**એક ખાસ મહત્ત્વનો વિષય; સમુદ્રના દૃષ્ટાંતે તેની સમજણ :**

(૧) ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ કે ક્ષાયિકભાવ—એ ચારે ભાવો સાપેક્ષ છે, ઉત્પાદ-વ્યયવાળી પર્યાયરૂપ છે.

* જેમ સમુદ્રમાં મોજા હોય છે તેમ આત્મામાં રાગાદિ વિકારીભાવો અથવા તો તેના અભાવથી પ્રગટતી નિર્મળપર્યાયો છે, તે બધા અપેક્ષિતભાવો છે, ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ છે. તેથી, તે ભાવો સમ્યગ્દર્શનના આશ્રયભૂત નથી.

(૨) આત્મામાં એક 'કારણશુદ્ધપર્યાય' અથવા 'વિશેષ પારિણામિકભાવ' છે તે નિરપેક્ષ છે, તેમાં ઉદયાદિની અપેક્ષા નથી. તેને નિરપેક્ષપર્યાય અથવા ધ્રુવપર્યાય પણ કહેવાય છે.

* જેમ સમુદ્રમાં પાણીના દળની સપાટી એક સરખી હોય છે તેમ આત્મામાં 'કારણશુદ્ધપર્યાય' છે તે સદા એકસરખી છે. તેને ઉદયાદિની અપેક્ષા લાગતી નથી. તે વિશેષ પારિણામિકભાવરૂપ છે, આત્મામાં સદા સદૃશપણે વર્તે છે. આ કારણશુદ્ધપર્યાય દરેક ગુણમાં પણ વર્તે છે.

(૩) આત્માના ત્રિકાળી દ્રવ્ય-ગુણ સામાન્ય પારિણામિકભાવ અને વર્તમાન કારણશુદ્ધપર્યાય વિશેષ પારિણામિકભાવ—એ બંને થઈને પારિણામિકભાવની પૂર્ણતા છે. તેને નિરપેક્ષ સ્વભાવભાવ અથવા શુદ્ધ નિરપેક્ષ એકરૂપ અનાદિનિધનભાવ પણ કહેવાય છે.

* જેમ સમુદ્રમાં પાણીનું દળ, પાણીનો શીતળ સ્વભાવ અને પાણીની સપાટી—એ ત્રણે અભેદરૂપ તે સમુદ્ર છે તે ત્રણે હંમેશા એવા ને એવા જ રહે છે તેમ આત્મામાં આત્મદ્રવ્ય તેના જ્ઞાનાદિગુણો અને તેનું સદૃશરૂપ ધ્રુવ વર્તમાન અર્થાત્ કારણશુદ્ધપર્યાય—એ ત્રણે થઈને વસ્તુસ્વરૂપની પૂર્ણતા છે તે જ પરમપારિણામિકભાવ છે અને તે જ સમ્યગ્દર્શનના આશ્રયભૂત છે.

જેમ "સમુદ્રની સપાટી" એમ બોલાય છતાં સમુદ્રનું પાણી, તેની શીતળતા અને તેની

વર્તમાન એકરૂપ સપાટી—એ ત્રણે જુદાં નથી; તેમ આત્મામાં દ્રવ્ય-ગુણ તે સામાન્ય પારિણામિક એમ કહેવાય છતાં, દ્રવ્ય, ગુણ અને તેનું ધ્રુવરૂપ વર્તમાન—એ ત્રણે (અર્થાત્ સામાન્ય પારિણામિક અને વિશેષ પારિણામિક) ખરેખર જુદા નથી પણ અભેદ છે તે જ વસ્તુસ્વરૂપની પૂર્ણતા છે, તેના જ આશ્રયે સમ્યગ્દર્શનાદિ થાય છે.

**વિશેષ સ્પષ્ટીકરણ :**

(૧) વસ્તુસ્વરૂપમાં દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા જુદા નથી.

(૨) જે દ્રવ્ય-ગુણ તથા તેની નિરપેક્ષ કારણશુદ્ધપર્યાય છે તે ત્રિકાળ એકરૂપ છે તેમાં સદાય સદેશ પરિણમન છે.

અપેક્ષિત પર્યાયમાં ઉત્પાદ-વ્યયરૂપ વિસદેશ પરિણમન છે; સંસાર કે મોક્ષ-બંને પર્યાયનો સમાવેશ અપેક્ષિત પર્યાયમાં થાય છે.

(૩) જ્યારે તે અપેક્ષિત પર્યાયનું વલણ ધ્રુવ વસ્તુ તરફ-પારિણામિકભાવ તરફ—જાય ત્યારે તે ધ્રુવ વસ્તુ એકરૂપ સંપૂર્ણ હોવાથી, ત્યાં તે પર્યાયનો ઉપયોગ સ્થિર રહી શકે છે અને જેમ જેમ તે સ્થિર રહે છે તેમ તેમ તે પર્યાયની નિર્મળતા વધતી જાય છે.

(૪) આ પરમપારિણામિકભાવના સ્વરૂપને માનવું—શ્રદ્ધામાં લેવું તે જ સમ્યગ્દર્શન છે.

(૫) સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ પરમપારિણામિકભાવ ધ્રુવ છે અને તેની સાથે ત્રિકાળ અભેદરૂપ રહેલી કારણશુદ્ધપર્યાય છે તેને 'પૂજિત પંચમભાવપરિણતિ' કહેવામાં આવી છે.

(૬) દ્રવ્યદૃષ્ટિમાં જે પર્યાય ગૌણ કરવાની વાત આવે છે તે તો ઔદયિકાદિ ચાર ભાવોની પર્યાય સમજવી.

આ પંચમભાવપરિણતિ અર્થાત્ કારણશુદ્ધપર્યાય ગૌણ થઈ શકે નહિ કેમકે તે તો વસ્તુ સાથે ત્રિકાળ અભેદ છે.

સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાયોને દ્રવ્ય-ગુણ અને કારણશુદ્ધપર્યાય—એ ત્રણેની અભેદતાનું જ અવલંબન છે, ત્રણનું જુદું જુદું અવલંબન નથી.

(૭) ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યોની પર્યાય સદા એકરૂપ પારિણામિકભાવે જ વર્તે છે તેનો જ્ઞાતા તો જીવ છે; જીવની પર્યાયમાં તો સંસાર-મોક્ષ વગેરે વિસદેશતા છે પણ તે સિવાયની એક સદેશ એકરૂપ નિરપેક્ષ 'કારણશુદ્ધપર્યાય' સદા પારિણામિક-

ભાવે વર્તે છે, તે ઉપાધિરહિત છે અને સર્વે નિર્મળપર્યાયો પ્રગટવાનું કારણ છે, દ્રવ્યની સાથે તે સદા અભેદપણે વર્તે છે. આ કારણશુદ્ધપર્યાયને 'પરમપારિણામિકભાવની પરિણતિ' કહીને એમ બતાવ્યું છે કે જેવી ત્રિકાળી સામાન્ય વસ્તુ છે એવું જ તેનું વિશેષ પણ સદૃશપણે વર્તે છે.

(૮) આ કારણશુદ્ધપર્યાયનો વ્યક્ત ભોગવટો હોતો નથી; ભોગવટો તો કાર્યપર્યાયનો હોય છે. સંસાર કે મોક્ષ તે બંને કાર્યપર્યાય છે.

(૯) જગતમાં સંસાર-પર્યાય, સાધક-પર્યાય કે સિદ્ધ-પર્યાય સામાન્યપણે અનાદિ-અનંત છે...તેમ આ કારણશુદ્ધપર્યાય તો એકેક જીવને અનાદિ-અનંત સદૃશપણે છે, તેનો કદી વિરહ નથી.

આ કારણશુદ્ધપર્યાય નવી પ્રગટતી નથી પણ તેનું ભાન કરનાર જીવને સમ્યગ્દર્શનાદિ કાર્ય નવું પ્રગટે છે.... * * *

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધ-પર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ. જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય–પર્યાય ક્રમબદ્ધ થાય–એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

## અનાદિની જીવની ભૂલ | પર્યાયમાં એકત્વ

૧. અશુભમાં રસ પડવો :- પંચેન્દ્રિયના વિષયભૂત પર્યાયોમાં ઇષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિપૂર્વક રસપૂર્વક તે ભાવોમાં તન્મયતા

૨. રાગમાં દુઃખ ન લાગવું :- મંદકષાયની કૃત્રિમ શાંતિમાં સુખની કલ્પના સુખસ્વભાવની સ્વભાવબુદ્ધિના અભાવને લીધે

૩. પર્યાયની મુખ્યતા :- તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર જીવને પ્રાયઃ એવો અભિપ્રાય થઈ જાય છે, પહેલાં તો વિકલ્પ હોય ને! અમુક પર્યાય કરવી જોઈએ એ પર્યાયબુદ્ધિનો વિપર્યાસ છે.

૪. પર્યાયમાં સંતુષ્ટપણું :- જ્ઞાનના ક્ષયોપશમ અને મંદકષાયના પરિણામમાં ઠીકપણું રહે છે-તે પર્યાયના એકત્વને દૃઢ કરે છે.

૫. પર્યાયનું અવલંબન :- " હું સમજું છું " આદિ ઉઘાડમાં રસ હોવાથી પર્યાયનું એકત્વ છૂટતું નથી.

૬. પર્યાયનો આશ્રય :- બધું જ પ્રયોજનભૂત કાર્ય પર્યાયમાં જ થાય છે એટલે પર્યાયના આધારે પર્યાયનું કાર્ય સાધવાનો પર્યાય-આશ્રિત કૃત્રિમ પુરુષાર્થનો વિકલ્પ રહ્યા કરે છે.

૭. પર્યાયનો રસ :- વેદન પર્યાયમાં હોવાથી, પર્યાયમાં રસ સહજ ઉત્પન્ન થાય છે, પર્યાયના રસમાં ખેંચાઈને અટકી જવાય છે.

૮. પર્યાયનું લક્ષ :- અજાણપણે પર્યાયનું લક્ષ રહી જાય છે. પર્યાયમાં વિવેક રહેવો જોઈએ એ પ્રકારે પર્યાય પર લક્ષ રહેવાથી ત્રિકોળીમાં અહંપણું સ્થાપતું નથી.

૯. પર્યાયમાં સાવધાની :- નિજ પરમાત્મા તત્ત્વના લક્ષના અભાવમાં પર્યાયની સાવધાની રહ્યા કરે છે. પર્યાયને અંતર્મુખ વાળવાની ઇચ્છાથી પણ પર્યાય પ્રત્યે સાવધાની રહે છે.

૧૦. પર્યાય પર જોર :- સ્વરૂપનું ચિંતન-મનન-ઘૂંટણના બહાને પર્યાય ઉપર જોર રહે છે. સહજ અંતર્મુખી પુરુષાર્થના અભાવને લીધે.

૧૧. પર્યાયનું કર્તૃત્ત્વ :- પર્યાયના કર્તૃત્ત્વને લીધે જીવ રાગાદિ ભાવોનો કર્તા થઈને પરિણમે છે. પોતે રાગાદિ ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

૧૨. પર્યાયમાત્રનું હું પણે અવધારણ :- વર્તમાન પર્યાયમાં હું પણાને લીધે ત્રિકાળી સ્વભાવમાં હું પણું થઈ શકતું નથી.

# (૧૩) 'દૃષ્ટિના નિધાન' આધારે સ્વાધ્યાય

૧. **મિથ્યાત્વ**

૧. આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ. ઘણી અંદરમાં પાત્રતા જોઈએ. બધેથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ. એની પાત્રતા ઘણી જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. (૬૩)

૨. દયા-દાન-પૂજા ભક્તિ, શાસ્ત્ર વાંચવા, સાંભળવા, સંભળાવવા આદિના શુભભાવો અને ધંધા, સ્ત્રી-પુત્ર, ખાવા-પીવા આદિના અશુભ ભાવો-તે બધા ભાવોથી આત્મા ત્રણે કાળ રહિત હોવા છતાં. એનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું - નરક નિગોદનું મહાબીજ છે. (૭૮)

૩. કોઈપણ જીવ પોતાની હયાતિ વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન..જ્ઞાન..જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતા બુદ્ધિથી જાણે છે-માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. (૧૮૫)

૪. અહો! ભગવાનના વિરહ અહીં પડ્યા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા! ભાઈ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ, એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરાં છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે, એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે. તેથી અમને સમભાવ છે. (૩૫૪)

૫. અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છે. તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે! અનાદાર નથી આવતો, ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ-મિથ્યાત્વ-સંસાર! અરે! ક્યાં લીંબડાના અવતાર! તારો વિરોધ નથી પ્રભુ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય, એનો દીકરો વેશ્યામાં જાય-એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય, પ્રભુ! શરમ આવે છે.(૯)

૬. મિથ્યા શ્રદ્ધામાં અનંતા નિગોદના અને નરકના ભવ કરવાની તાકાત છે.(૪૧)

૨. **સ્વભાવનો મહિમા**

૧. અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડાં પડ્યા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ...કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતા હોય કે આવો...આવો...ચૈતન્યધામમાં આવો! આહાહાહા! ચૈતન્યનો એટલો આહ્લાદ અને પ્રહ્લાદ હોય! ચૈતન્યમાં એકલો આહ્લાદ જ ભર્યો છે એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ.(૪)

૨. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા, સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતાં હતાં કે, "તું પરમાત્મા છો એમ નક્કી કર," ભગવાન! તમે પરમાત્મા છો એટલું તો અમને

નક્કી કરવા દ્યો! ત્યાં પ્રતિધ્વનિ આવ્યો, 'કે એ ક્યારે નક્કી થશે ?-કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે.' નિશ્ચયનું નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ. (૧)

૩. ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્ય ધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો! શું આવ્યો ? કે હે જીવ! ''તું સચ્ચિદાનંદ પરમાત્મા સ્વરૂપ છો. પ્રભુ!'' તું પોતે પરમાત્માસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાનાં ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ! (૧૫)

૪. પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે-એમ સંસારમાં બધી ચીજોનો જીવ વિશ્વાસ કરે છે. અને વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે. તેમ આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદ સ્વરૂપ છું. હું પોતે જ પરમાત્મા સ્વરૂપ જ છું અને રાગાદિ સ્વરૂપે નથી-એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ...વિશ્વાસ...વિશ્વાસ...એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે.(૨૧)

૫. આત્માના વિકલ્પસહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે ? સાધારણ મહિમા ધારણા અને માહાત્મ્ય તો અનંતીવાર આવ્યો પણ ખરેખરું માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને! પહેલાં માહાત્મ્ય આવે છે પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. (૨૩૮)

૩. <u>ભેદજ્ઞાન</u>

૧. પરદ્રવ્ય અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે. પરંતુ અધ્યાત્મદષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટોજ પડ્યો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપરને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે. ચૈતન્યદળમાં પેસતો નથી.(૭૪)

૨. જેમ છોકરો રોતો હોય તેને તેનો બાપુ કહે કે ભાઈ ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવોને એવો જ છે, જો ખુશી થા! તેમ આચાર્ય દેવ ભવ્યને કહે છે કે હે આત્મા ! તું પ્રસન્ન થા! ખુશી થા! જો તારો આત્મા ત્રણે કાળ એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી, સ્પર્શયા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ! તું ખુશી થા! ને પ્રસન્ન થઈને જો! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. (૧૯)

૩. રાગથી જુદો છુ...રાગથી જુદો છું...સ્વભાવથી એકમેક છું...સ્વભાવથી એકમેક છું...એવા સંસ્કાર તો પાડ! એવા દઢ સંસ્કાર વડે ભેદવિજ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ થાય છે. (૧૨૧)

૪. દેરાણી-જેઠાણી વિગેરે જુદા પડવાના હોય તે પહેલાં એક બીજાના વાંકા બોલવા લાગે છે, તે તેના જુદા પડવાના લક્ષણ છે. તેમ જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનુ એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદાર ભાવ જાગે છે. તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી, રાગના જેટલા વિકલ્પો ઉઠે છે તેમાં બળું છું, તેમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. (૧૭૦)

૫. એક બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગ ને પુણ્યનો અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરંત જ આત્મા અને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે. (૩૬૪)

૬. પરથી એકત્વ એ જ અનાદિનો એક જ રોગ છે અને એનું જ એને દુ:ખ છે, પરથી વિભક્ત-ભેદવિજ્ઞાન એ એક જ ઉપાય છે. બસ આખા સમયસરમાં પહેલેથી ઠેઠ સુધી આ એક જ વાત છે.(૪૬૮)

## ૪. સંસ્કાર

૧. ભાઈ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ, ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. (૩૮૧)

૨. જેમ માટીના કોરા વાસણમાં પાણીનાં ટીપાં પડતાં પાણી ચૂસાય જાય છે, પાણી દેખાતું નથી, પણ વધું પાણી પડતાં પાણી બહાર દેખાય છે, તેમ આ પરમાત્માતત્ત્વની વાત સાંભળતા સાંભળતા, હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વનો રસ મંદ પડતો જાય છે હજી ભૂમિકા મિથ્યાત્વની છે પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતીવાર મંદ પડ્યો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વભાવનો અભાવ થાય છે. (૩૩)

૩. ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમા મંથનનો સાર છે, આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમક્તિ પામશે.(૧૧૨)

૪. વારંવાર આ નિર્વિકલ્પ આત્મા નિર્વિકલ્પ આત્મા એમ વારંવાર સાંભળે છે એનો અર્થ જ એ કે ઇ એ રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના. ઇ નિર્વિકલ્પ થશે જ. શાસ્ત્રમાં કહ્યું છે ને! સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે. (૨૨૬)

૫. આત્મા અને રાગની સંધિ અતિ સૂક્ષ્મ છે, ઘણી જ દુર્લભ છે, દુર્લભ છે તો પણ અશક્ય નથી. જ્ઞાન ઉપયોગને અતિ સૂક્ષ્મ કરતાં-ઝીણો કરતાં લક્ષમાં આવી શકે છે, પંચમહાવ્રતના પરિણામો કે શુક્લલેશ્યાના કષાયની મંદતાના પરિણામો તે અતિ સૂક્ષ્મ કે દુર્લભ નથી પણ આત્મા અતિ સક્ષ્મ છે. તેથી ઉપયોગ અતિ સૂક્ષ્મ કરવાથી આત્મા જાણવામાં આવે છે.(૩૪૩)

## ૫. હકાર

૧. આનંદનો નાથ એવા શુદ્ધાત્માની વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતાં દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને

પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી. સાંભળીને હા પાડતાં હકાર આવતાં અંદર સંસ્કાર પડતા જાય છે. (૨૩)

૨. હે ભવ્ય! તું શરીરને ન જો! રાગ ને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે પૂર્ણાનંદ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે? એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી-ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર અને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો. (૬)

૩. આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ! એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું...આ હું... એ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પે પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.(૧૬૭)

૪. જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદય-પલટો થાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય. આંધળામાંથી દેખતો થાય, અંતરની જ્યોત જાગે, તેની દશાની દિશા આખી ફરી જાય, જેને અંતરપલટો થાય તેણે કોઈને પૂછવા જવું ન પડે. તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ. સિદ્ધના સંદેશા આવી ચૂક્યા છે. હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો. તેમાં બીજું કાંઈ થાય નહિ. ફેર પડે નહિ. (૧૧૬)

૫. આની આ વાત બબ્બે ચચ્ચાર કલાક સુધી સાંભળે છે અને હકાર-હકાર આવે છે, રાગનો નિષેધ આવે છે, આનું આ જ ઘૂંટણ ચાલે છે, એ શું કોઈ ક્રિયા નથી? જડની અને રાગની ક્રિયા એ જ ક્રિયા હશે? એનું (જ્ઞાનનું) માહાત્મ્ય આવતું નથી. આ સત્યનો જ હકાર આવે છે અને રાગનો-નિષેધ-નકાર આવે છે. આ જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે. (૩૨૭)

૬. **વિકલ્પાત્મક નિર્ણય:**

૧. પ્રશ્ન:- શુદ્ધનિશ્ચયનો પક્ષ તો કરવો ને?

ઉત્તર:- પક્ષ કરવો એટલે શું? અનુભવમાં જતાં પહેલાં આવો પક્ષ આવે છે કે "હું શુદ્ધ ચૈતન્યમૂર્તિજ છું, પુણ્ય-પાપ ભાવ તે હું નહિ" એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલાં આવે છે. પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલાં શુદ્ધ નિશ્ચયનયનો પક્ષ આવે છે, હોય છે, પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. (૧૦૭)

૨. સમ્યગ્દર્શન કરવા માટે વારંવાર આની ને આની વારંવાર સ્વાધ્યાય કરવી, મંથન કરવું, વિચાર કરવા. આની ને આની વારંવાર સ્વાધ્યાય કરવાથી નિર્ણય થાય છે અને નિર્ણય થતાં સમ્યગ્દર્શન થાય છે. (૨૧૮)

૩. જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું (સ્વને) જાણવાનું સામર્થ્ય વધતું જાય છે. અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કાંઈ આત્મસિદ્ધિનું સાધન નથી. (૬૮)

૪. જેટલા વિકલ્પો ઊઠે ઈ બધામાં કાંઈ માલ નથી. ઈ બધા દુ:ખના પંથ છે, બધા વિકલ્પો હેરાન કરનારા છે એમ એને નિર્ણય થાય તો આત્મા તરફ પ્રયત્ન કરે. (૨૫૦)

૫. વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી-એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે. વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે. રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભાવમાં જતાં નિર્ણય સમ્યક્રૂપે થાય છે. (૩૦૯)

૬. એક બાજુ એક સમયની ભૂલ છે અને એક બાજુ ત્રિકાળી આખો ભગવાન છે. વસ્તુમાં અનંત અનંત ગુણનું મહાન અસ્તિત્ત્વ પડ્યું છે તેની દષ્ટિ કરતાં વિકલ્પ તૂટી જાય છે. પરંતુ વિકલ્પને તોડવાં જતાં મિથ્યાત્વ થાય છે. (૭૬)

૭. <u>વૈરાગ્ય</u>

૧. <u>વૈરાગ્ય</u> તો તેને કહીએ કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે, <u>પુણ્ય</u>-પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી. (૨૪૧)

૨. અહાહા! આકરું કામ છે બાપુ! અંદરમાં <u>વૈરાગ્ય</u>! <u>વૈરાગ્ય</u>! આ બધું વિખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને <u>આવ્યું નથી</u>. <u>તારામાં</u> ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. (૨૬૦)

૩. તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ જેવા પુણ્યના ધણી કે જેની દેવો સેવા કરતાં હતાં તથા કોઈ વાતની કમી ન હતી, લોકો જેને ભગવાન સમાન માનતા હતાં-એવા પુણ્ય અને વૈભવો હોવા છતાં, મારે એ કાંઈ જોઈતું નથી. એમ સર્વની ઉપેક્ષા કરીને એક આત્માને સાધવા વન જંગલમાં ચાલી નીકળ્યા! અહાહા! એમને એ આત્મા કેવો આશ્ચર્યકારી અને વિસ્મયકારી લાગ્યો હશે! (૩૮)

૪. ''હું શુદ્ધ છું, રાગ પણ મારું સ્વરૂપ નથી'' એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે, અને વૈરાગ્યભાવનાઓના શ્રવણમાં, ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્યભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધ સ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં, વૈરાગ્યભાવનાઓ આવે છે. (૧૧૮)

૫. શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે ક્રમબંધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે, ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી એ શાસ્ત્રનું તાત્પર્ય છે. (૩૫૯)

૬. તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઈન્દ્રો જેની સેવા કરવા આવે તેવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે? વૈરાગ્ય વૈરાગ્ય...સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય...! (૩૪૮)

૮. પુરુષાર્થ

૧. બાપુ! તારે બહુ પુરુષાર્થ કરવાનો છે. હરિહરાદિ પણ પાછા પડ્યા, પૂરા પહોંચી શક્યા નહિ, તારે તો શરૂઆત કરવાની છે, તારે પ્રભુના ઘરે પહોંચવાનું છે, તેથી તારે તો બહુ પુરુષાર્થ જોઈએ. (૧૭૬)

૨. જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે, તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે, તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે. આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનાદિકાળથી ચડી ગઈ છે. તો એકવાર આત્માની ધૂન તો જગાડ! અને છ માસ તો પ્રયત્ન કર. વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે. (૧૩)

૩. સ્વવીર્યનો ઉલ્લાસ જોસબંધ એવો કાઢ કે જેવું છે એવું સ્વરૂપ પ્રગટ કર્યે જ છૂટકો. આત્માનું સ્વરૂપ પ્રગટ કરવામાં એક સમય માત્રનો પણ પ્રમાદ ન કર. આહાહા! આ અવસર વારંવાર નહીં મળે, માટે જલ્દી પહોંચી વળ. (૧૩૭)

૪. સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. (૧૭૮)

૫. મેરુ પર્વત ઉપાડવો સહેલો છે પરંતુ આ પુરુષાર્થ ઉપાડવો દુર્લભ છે. તેથી જ શાસ્ત્રમાં આ પુરુષાર્થને દુર્લભ કહ્યો છે. સહજ સ્વભાવે સુગમ છે પણ અનાદિ અણ-અભ્યાસને લઈને દુર્લભ છે. (૩૦૦)

૬. હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... જ્ઞાયક છું-એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માંગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં-ભરોસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ! (૩૫૧)

૭. દ્રવ્ય પોતે જ અકારણીય છે, પોતે જ અનંત પુરુષાર્થરૂપ છે. તેના વિશ્વાસની બલિહારી છે. (૨૯૨)

૮. આત્મા વીરનો પુત્ર છે. મોળી વાત કરનારની વાત સાંભળીશ નહીં. આ કાળે કેવળજ્ઞાન નથી-એ વાત સાંભળીશ નહીં. કેવળજ્ઞાન કેમ થાય એ વાત (રીત) જાણી (ભાન થયું) એટલે કેવળજ્ઞાન થશે જ. (૨૭૩)

૯. કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો! પણ હું ભવિષ્યમાં એવો હોઈશ (થઈશ) કે પુરુષાર્થ લાગુ પડી ગયો, તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ.(૪૭)

૯. સહજતા

૧. કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રમાં કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના

મહાન યોગ્ય કાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં (સહજ) ન આવે એ અજબ તમાશા છે! (૩૮૪)

૨. યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે છે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ નથી. (૬૨)

૩. જીવ આત્માના ગુણ ગાતાં ગાતાં (સહજ) ભગવાન થઈ જાય છે. કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં ભગવાન થવાતું નથી. પણ ગુણી એવા ભગવાનના ગુણ ગાતાં ગાતાં મહિમા કરતાં કરતાં (સહજ) ભગવાન થઈ જાય છે. અનંત ગુણોનો મહિમા કરતાં કરતાં જીવો કેવળી થઈ ગયા. અનંત ગુણ રત્નોના ઓરડાં ખુલ્લા થઈ ગયા. ભાઈ! તું પામર નથી પણ ભગવાન છો, એના સ્વરૂપના ગુણગાન કર! (૨૦)

૪. ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી પણ અકર્તાપણાનો છંછેડાટ છે. જ્ઞાન સ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે. (૪૧૦)

૫. રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ, ઈન્દ્ર ઉપરથી ઉતરે તો પણ થયા વિના રહેશે જ નહિ લે! અને રાગના કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે ક્યાં નજર કરવી છે? સહજ સ્વભાવ ઉપર નજર કરતાં પર્યાયમાં સહજ શાંતિ અને સંતોષ ઉપજે છે. (૪૭૧)

૬. આ શરીરના ચાળા જુઓ! નિરોગ શરીર ક્ષણમાં રોગરૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે? શરીરના પરમાણુંને કેમ રહેવું એનું તારે શું કામ છે? તારે (સહજ) કેમ રહેવું તેને તું સંભાળને! (૯૪)

૭. આ ચૈતન્ય તો લંગડો છે, હાલતો નથી, ચાલતો નથી, બોલતો નથી, વિકલ્પ કરતો નથી, થાય તેને માત્ર સહજપણે જાણવાના સ્વભાવવાળો જ્ઞાતાદૃષ્ટા જ છે. (૧૮૭)

## ૧૦. આત્માનુભૂતિ

૧. દર્શન મોહ મંદ કર્યા વિના, વસ્તુ સ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહના અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. (૧૫૮)

૨. આત્મ-અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધા મીંડા છે. અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તે બધું આવડે છે. જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. (૨૪૩)

૩. તિર્યંચને સમ્યક્ થાય છે, ત્યાં કોઈએ પૂર્વે આત્મા શુદ્ધ છે એમ સાંભળ્યું હોય છે તે સ્મરણમાં આવતાં પછી વિચારમાં ઉતરે છે અને જેમ વીજળી ઉપરથી નીચે ઉતરી જાય એમ વીર્ય અંતરમાં ઉતરી જાય છે. બસ કરવાનું તો આટલું જ છે. પછી એમાં ઠરવાનું છે. (૨૭૧)

૪. કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞાનની હયાતી છતાં જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો. છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો એનું નામ જ સમ્યગ્દર્શન છે. (૨૭૮)

૫. પર્યાય જો દશ્યહૈ ઉસકો અદશ્ય કરકે, ઔર ગુણ-ભેદ જો દશ્ય હૈ ઉસકો અદશ્ય કરકે ઔર દ્રવ્યકો દશ્ય કરકે પૂર્વે અનંતા તીર્થંકરોને સમ્યગ્દર્શન પાયા હૈ, યહી એક હી માર્ગ હૈ.(૪૭૫)

૬. પ્રશ્ન: રુચિ થાય અને અહીં સમ્યગ્દર્શન ન થાય તો બીજા ભવમાં સમ્યગ્દર્શન થાય એવું કાંઈ ખરુ?
ઉત્તર: રુચિ થાય એને થાય જ...થાય જ...થાય...થાય...ને...થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણ કાળમાં બંને જ નહીં. વીર્યમાં હીણપ-હત્-ઉત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ-નિ:શંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ એમ થવું જોઈએ. (૪૮૦)

૭. આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છે! ''ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર'' જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને સંસ્કાર ઊંડા ઉતરશે.(૩૦)

૮. ભગવાન આત્મા વ્યવહારથી જન્મ-મરણ સહિત દેખાતો હોવા છતાં, પરમાર્થથી જુઓ તો ભગવાન આત્મા જન્મ-મરણ રહિત જ્ઞાનમયી, અતીન્દ્રિય આંનદમયી દેખાય છે માટે તારી દષ્ટિમાં જે છતી છે તે પર્યાયને અછતી કર અને જે અછતો છે એવા ત્રિકાળી સ્વભાવને છતો કર! એક સમયની પર્યાયમાં સંસાર છતો-વિદ્યમાન દેખાય છે તે દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ એમ તેને અછતો કર! અને પર્યાયમાં જે દેખાતી નથી એવી મહાસત્તા છતી-પ્રગટ ...પ્રગટ...વ્યક્ત છે.....મોજૂદ છે તેને છતી કર. એક સમયની પર્યાય જે મોજૂદ છે તેને ગૌણ કરી, ત્રિકાળ કે જે પર્યાયમાં મોજૂદ નથી તેને દષ્ટિમાં મોજૂદ કરવો.

૯. શ્રોતા : વાંચન-શ્રાવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી?
ગુરૂદેવ: વાંચન આદિ તો બધું બહિર્મુખ છે, ને આત્મ વસ્તુ આખી અંતર્મુખ છે. તેથી એને અંતર્મુખ થવું જેઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂળ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઉંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક ---- જ્ઞાયક ------.જ્ઞાયક ----છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થાયને અનુભવ થાય. ૩૮૩

## ૧૪. ગુરુદેવશ્રીનાં વચનામૃત -આધારે સ્વાધ્યાય

૧. **પર્યાયદષ્ટિનું ફળ સંસાર, દ્રવ્યદષ્ટિનું ફળ વીતરાગતા-મોક્ષ છે.**

૧. ભગવાને કહ્યું છે કે પર્યાયદષ્ટિનું ફળ સંસાર છે અને દ્રવ્યદષ્ટિનું ફળ વીતરાગતા - મોક્ષ છે. (૧૫)

૨. નિશ્ચયદષ્ટિથી દરેક જીવ પરમાત્માસ્વરૂપ જ છે. જિનવરમાં ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. આત્મવસ્તુસ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દષ્ટિ થઈ છે તે તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ જ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્માસ્વરૂપ દેખે છે. સમ્યગ્દષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દષ્ટિ! અરે! આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતે રોકનારા ખોટી માન્યતારૂપ ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે બાર અંગનો સાર એ છે કે આત્માને જિનવર સમાન દષ્ટિમાં લેવો, કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મા જેવું છે. (૨)

૩. વળી શાસ્ત્રમાં 'આત્મા નિત્ય છે' એમ જે કહ્યું છે તે દ્રવ્યદષ્ટિની અપેક્ષાનું કથન અને 'આત્મા અનિત્ય છે' એવું જે કથન છે તે પર્યાય અપેક્ષાએ અવસ્થાદષ્ટિથી કહ્યું છે. તે બંને કથન અપેક્ષાપૂર્વક છે તે જાણે અને આત્માને સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય માની લે તો તે અજ્ઞાની છે. એકાન્તદષ્ટિ છે. બંને પડખાંને જેમ છે તેમ બરાબર સમજી, ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા પર ને વિભાવથી જુદો શુદ્ધ જ્ઞાયક છે એવી જે દષ્ટિ તે પરમાર્થ દષ્ટિ-ધ્રૌવ્યદષ્ટિ છે. ક્ષણે ક્ષણે બદલતી જે અવસ્થા તેના ઉપર જે દષ્ટિ તે વ્યવહારદષ્ટિ-ભંગદષ્ટિ-ભેદદષ્ટિ છે. (૪૦)

૪. સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસમૃદ્ધિથી ભરપૂર જે નિજ જ્ઞાયક તત્ત્વ છે તેને અધૂરા, વિકારીને પૂરા પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવું તે દ્રવ્યદષ્ટિ છે, તે જ યથાર્થ દષ્ટિ છે. શ્રુતજ્ઞાનના બળ વડે પ્રથમ જ્ઞાનસ્વભાવ આત્માનો બરાબર નિર્ણય કરીને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વ્યાપારને આત્મસન્મુખ કર્યો તે વ્યવહાર છે-પ્રયત્ન કરવો તે વ્યવહાર છે. ઇન્દ્રિયો ને મન તરફ રોકાતું તથા ઓછા ઉઘાડવાળું જે જ્ઞાન તેના વ્યાપારને સ્વ તરફ વાળવો તે વ્યવહાર છે. સહજ શુદ્ધ પારિણામિક ભાવ તો પરિપૂર્ણ એકરૂપ છે, પર્યાયમાં અધૂરાશ છે, વિકાર છે માટે પ્રયાસ કરવાનું રહે છે. પર્યાયદષ્ટિએ સાધ્ય સાધકના ભેદ પડે છે. પર્યાયદષ્ટિએ વિકાર ને અધૂરાશ છે, તેને તત્ત્વદષ્ટિના જોરપૂર્વક ટાળીને સાધક જીવ અનુક્રમે પૂર્ણ નિર્મળતા પ્રગટ કરે છે. યથાર્થ દષ્ટિ થયા પછી સાધક અવસ્થા વચ્ચે આવ્યા વગર રહેતી નથી. આત્માનું ભાન કરીને સ્વભાવમાં એકાગ્ર થાય છે ત્યારે જ પરમાત્માસ્વરૂપ સમયસારને અનુભવે છે. આત્માના અપૂર્વ ને અનુપમ આનંદને અનુભવે છે, આનંદના ઝરણાં ઝરે છે.(૫૦)

૫. પર્યાયદષ્ટિ કાઢી નાખી ને દ્રવ્યદષ્ટિ પ્રગટ કરી તે બીજાને પણ દ્રવ્યદષ્ટિ એ પૂર્ણાનંદ પ્રભુ જ જુએ છે. પર્યાયનું જ્ઞાન કરે, પણ આદરણીય તરીકે-દષ્ટિના આશ્રયરૂપે-તો તેને ત્રિકાળી ધ્રુવ શુદ્ધ દ્રવ્ય જ છે.(૧૦૯)

૬. વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં થાય છે તે વાત સ્વભાવદષ્ટિ એ ગૌણ છે. પર્યાય દષ્ટિ એ તે વિકારી પર્યાય આત્માની છે પણ સ્વભાવદષ્ટિએ તો જેટલા

પરવલણવાળા ભાવ થાય તે બધા પૌદ્ગલિક છે. સ્વભાવદૃષ્ટિએ તે આત્માનો સ્વભાવ નથી માટે પૌદ્ગલિક છે.(૧૫૦)

૭. વ્રત-તપ-જપથી આત્મપ્રાપ્તિ થશે-એ માન્યતા જેમ શલ્ય છે, તેમ શાસ્ત્રભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જે માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મ વસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.(૧૬૦)

૮. પરાવલંબનદૃષ્ટિ તે બંધભાવ છે ને સ્વાશ્રયદૃષ્ટિ તે જ મુક્તિનો ભાવ છે. સ્વસન્મુખ દૃષ્ટિ રહેવી તેમાં જ મુક્તિ છે અને બહિર્મુખદૃષ્ટિ થતાં જે વ્રત-દાન-ભક્તિના ભાવ આવે તે બધા પરાશ્રિત હોવાથી બંધભાવો છે. તે બધા શુભ પરિણામ આવે તે જુદી વાત છે. પણ તેને રાખવા જેવા કે લાભરૂપ માનવા તે પરશ્રયદૃષ્ટિ છે-મિથ્યાદૃષ્ટિ છે.(૧૬૮)

૯. ત્રિકાળી સત્ ચૈતન્યપ્રભુ - તારું ધ્રુવ તત્ત્વ-એની દૃષ્ટિ કદી કરી નથી. વર્તમાન રાગાદિની કે ઓછા જાણપણા વગેરેની જે હાલત છે, દશા છે, તે ક્ષણિક અવસ્થા ઉપર તારી દૃષ્ટિ છે. પરને પોતાનું માને તે તો મોટી ભ્રમણા છે જ, પરંતુ જાણવા-દેખવાની વર્તમાન દશાજ તારી કરેલી છે તારી છે તારામાં છે, તારા દ્રવ્યનો વર્તમાન અંશ-અવસ્થા છે, તેના પર દૃષ્ટિ-પર્યાયદૃષ્ટિ-તે પણ મિથ્યાતત્ત્વ છે. એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે. પર્યાય પરની દૃષ્ટિ છોડી ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર તારી દૃષ્ટિ કદી આવી નથી. મિથ્યાત્ત્વ અને રાગાદિ દુઃખથી છૂટવાનો-વિકલ્પ તોડવાનો બીજો કોઈ ઉપાય નથી, અંતર ત્રિકાળી ધ્રુવ સ્વભાવની-શુદ્ધ જ્ઞાયક પરમભાવની-દૃષ્ટિ કરવી તે એક જ ઉપાય છે.(૧૭૪)

'દૃષ્ટિના નિધાન' માંથી

૧૦. માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવુ છે! પામરપણું સ્વીકારે પામરપણું કદિ નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા હું-પોતે, દ્રવ્યે પરમેશ્વર સ્વરૂપે જ છું-એમ જ્યાં દ્રવ્યદૃષ્ટિ થતાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ.(૩)

૧૧. પર્યાયનો ફેર ભાંગવા માટે દ્રવ્ય-ગુણમાં ફેર નથી એવી દૃષ્ટિ કરતાં પર્યાયનો ફેર ભાંગીને પરમાત્મા થાય છે.(૮૬)

૧૨. આત્મશક્તિમાં-સ્વભાવમાં ભૂલની (વિપરીતતા) ગંધ જ નથી અને પર્યાયની ભૂલને અમે જોતાં નથી. સદોષ દશાને અમે નથી જોતાં, અમે તો પવિત્ર સ્વભાવને જે જોઈએ છીએ. (૨૦૦)

૧૩. આ આત્મા એ જ જિનવર છે, અનાદિ કાલથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે. એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે. તેને સમ્યગ્દર્શન કહે છે.(૨૦૫)

૧૪. જીવ જિનવર છે ને જિનવર જીવ છે, એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાક ગઢ ઓળગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા...આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. (૩૬૬)

૧૫. બધી વાત કરીને કહેવું કે એક જ દ્રવ્ય સન્મુખ થા, પહેલાં રુચિથી અને પછી પુરુષાર્થથી આ બધી એની ટીકા છે.(૪૫૩)

૧૬. શ્રોતાઃ- આપણી વાણી પણ એવી છે કે તત્કાળ મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવઃ- મોક્ષ જ છે. તું મોક્ષ સ્વરૂપ જ છો. દ્રષ્ટિ અંદરમાં કરી એટલે મોક્ષ છે. અંદરમાં મોક્ષ પડ્યો છે ને દૃષ્ટિ કરી એટલે મોક્ષ જ છે. પછી થોડી વાર લાગે તેનું કાંઈ નહિ. (૪૨૧)

૧૭. શ્રોતાઃ- આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાઓ છો.
પુજ્ય ગુરુદેવઃ- વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર ને દ્રવ્ય ઊંડુ..ઊંડુ છે. અનંત..અનંત ઊંડપ છે. ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. દ્રવ્યદૃષ્ટિ થતાં, ત્યાં જ્ઞાન પર્યાયને ધીરજથી લઈ જતાં પર્યાયમાં ભગવાનનો ભેટો થાય છે. (૧૧૦)

## ૨. બહિર્મુખતા અને અંતર્મુખતા : ગુરૂદેવશ્રીના વચનામૃતના અધારે

૧. આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. શ્રીમદે કહ્યું છે ને! 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલપ થતાં નહિ વાર.' જ્ઞાની એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે.(૭)

૨. ચૈતન્યપરિણતિનો વેગ બહાર-નિમિત્ત તરફ ઢળે તે બંધનભાવ છે, ચૈતન્યપરિણતિનો વેગ અંદર-સ્વ-તરફ વળે તે અબંધભાવ છે. સ્વાશ્રયભાવથી બંધન અને પરાશ્રયભાવથી મુક્તિ ત્રણ કાળમાં નથી. વિકલ્પનો એક અંશ પણ મારો નથી, હું તો નિર્વિકલ્પ ચિદાનંદમૂર્તિ છું એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે, વિકલ્પનો એક અંશ પણ મને આશ્રયરૂપ છે એવો પરાશ્રયભાવ રહે તે બંધનનું કારણ છે. પરાશ્રયભાવમાં મોક્ષમાર્ગની અને મોક્ષપર્યાયની ઉત્પત્તિ થતી નથી, અને સ્વાશ્રયભાવમાં મોક્ષમાર્ગ તેમ જ મોક્ષપર્યાય બંનેની ઉત્પત્તિ થાય છે. ધ્રૌવ્ય તો એકરૂપ પરિપૂર્ણ છે. મોક્ષપર્યાયનો ઉત્પાદ ને સંસારપર્યાયનો વ્યય થાય છે.સ્વભાવની શુદ્ધિને રોકનારો તે બંધનભાવ છે, સ્વભાવનો વિકાસ અટકી જવો અને વિકારમાં રોકાઈ જવું તે બંધ ભાવ છે.(૪૮)

૩. જ્ઞાનીનું આંતરિક જીવન સમજવા અંતરની પાત્રતા જોઈએ. પૂર્વ પ્રારબ્ધના યોગે બાહ્ય સંયોગમાં ઊભા હોવા છતાં ધર્માત્માની પરિણતિ અંદર કંઈક જુદું જ કામ કરતી હોય છે. સયોગ દૃષ્ટિથી તને સ્વભાવ ન સમજાય.એવી દૃષ્ટિવાળા ધર્માત્માનું આંતરિક જીવન અંતરની દૃષ્ટિથી,ધર્મની દૃષ્ટિ સયોગ ઉપર નહિ પણ આત્માનુ સ્વપર પ્રકાશ સ્વભાવ શું છે તેના હોય છે સમજાય એવું છે, બાહ્ય સંયોગ ઉપરથી તેનું માપ થતું નથી.(૭૬)

૪. હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...જ્ઞાયક છું-એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. અહાહા! પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયક તળમાં પર્યાય પહોંચી, અહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદ પ્રભુ એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં-ભરોસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ.(૮૯)

૫. જિજ્ઞાસુ વિચારે છે કે-અરેરે! પૂર્વે મેં અનંતીવાર મોટાં મોટાં શાસ્ત્રો વાંચ્યા, સત્સમાગે સાંભળ્યા અને તેનાં પર વ્યાખ્યાનો કર્યા, પણ શુદ્ધ ચિદ્રુપ આત્માને મેં કદી જાણ્યાં નહિ, તેથી મારું ભવપરિભ્રમણ દૂર ન થયું. બહારમાં મે આત્માને શોધ્યો પણ અંતર્મુખ થઈને કદી મેં મારા આત્માને શોધ્યો નહિ. આત્મામાં જ

પોતાની સ્વભાવ સાધનાનું સાધન થવાની તાકાત છે. એ સિવાય બહારનાં શાસ્ત્રોમાં પણ એવી તાકાત નથી કે આત્મસાધનાનું સાધન થાય.(૧૯૯)

૬. 'આત્મા જ આનંદનું ધામ છે, તેમાં અંતર્મુખ થયે જ સુખ છે.' આવી વાણીના રણકાર જ્યાં કાને પડે ત્યાં આત્માર્થી જીવનો આત્મા અંદરથી ઝણઝણી ઉઠે છે કે વાહ! આ ભવરહિત વીતરાગી પુરુષની વાણી! આત્માના પરમ શાંતરસને બતાવનારી આ વાણી ખરેખર અદ્દભૂત છે, અશ્રુતપૂર્વ છે. વીતરાગી સંતોની વાણી પરમ અમૃત છે ભવરોગો નાશ કરનાર અમોઘ ઔષધ છે.(૨૫૭)

૭. રે જીવ! તું બાહ્ય વિષયોમાં સુખ માનીને ત્યાં જ આસકત થાય છે, પરંતુ 'આત્મા' પણ એક વિષય છે તેને તું કેમ ભૂલી જાય છે? જેને લક્ષમાં લેતાં અતીન્દ્રિય આનંદનું વેદન થાય એવા પરમશાંત આનંદસ્વરૂપ સ્વવિષયને છોડીને દુ:ખદાયી એવા પરવિષયોમાં જ તું કાં રાચી રહ્યો છે? રે ભાઈ! હવે તારા સ્વવિષયની સામે જો. આવા મહાન વિષયને ભુલી ન જા. મંગલ, ઉત્તમ અને સુખદાયી એવા સ્વવિષયને છોડીને અધ્રુવ, અશરણ અને દુખદાયી એવા પરિવિષયને કોણ આદરે? આ સ્વવિષયમાં એકાકાર થતાં જ તને એમ થશે કે 'અહો, આવો મારો આત્મા!' અને પછી આ સ્વવિષયના અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે જગતના બધા વિષયો તને અત્યંત તુચ્છ લાગશે.(૧૯૫)

૮. આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને આત્મામાં નિશ્ચલસ્થિતિ તે સમ્યગ્ચારિત્ર:- આવાં રત્નત્રય તે મોક્ષમાર્ગ છે અને તે આત્માનો સ્વભાવ જ છે, તેનાથી બંધન થતું નથી. બંધન તો રાગથી થાય; રત્નત્રય તો રાગ રહિત છે, તેનાથી કર્મ બંધાતા નથી, તે તો મોક્ષનાં જ કારણ છે. માટે મુમુક્ષુઓ અંતર્મુખ થઈને આવા મોક્ષમાર્ગને સેવોને આનંદરૂપે પરિણમો. આજે જ આત્મા અનંતગુણ ધામ એવા પોતાનો અનુભવ કરો.(૧૮)

'દ્દષ્ટિના નિધાન માંથી'

૯. પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે-એમ સંસારમાં બધી ચીજો નો જીવ વિશ્વાસ કરે છે. એ વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે. તેમ આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદ સ્વરૂપ છું. હું પોતે જ પરમાત્મા સ્વરૂપ જ છું. અને રાગાદિ સ્વરૂપે નથી-એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ...વિશ્વાસ... એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે.(૨૧)

૧૦. આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદ કુંદ આચાર્ય દેવ અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલી વાત છે. અદ્ધરો-અદ્ધરની વાતો નથી. એ...આ વાતુ ક્રોડો અને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી. ચક્રવર્તીના રાજ ડુલે તો પણ મળે એવી નથી.(૪૫)

૧૧. શ્રોતા: વાંચન-શ્રવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી?
પુજ્ય ગુરૂદેવ શ્રી: વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂળ છે. તેને સૂક્ષ્મ કરીને અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક છું. ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય.(૩૮૩)

૧૨. અંતર્મુખ અને બહિર્મુખ એ બે જ મોટી વાત છે. આ વાત જૈન શાસન સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. વસ્તુ આખી અંતર્મુખ પડી છે તેમાં અંતર્મુખ થવું એ વાત જૈન દર્શન સિવાય બીજે હોઈ શકે નહિ. કારણ કે આ વસ્તુ સ્થિતિ છે. તેથી જ્યાં વસ્તુસ્થિતિ હોય ત્યાં જ આ વાત હોય.(૪૨૫)

૧૩. લાખ શાસ્ત્ર અને ચારે અનુયોગમાં એક જ વાત કરી છે કે તારી બહિર્મુખ દૃષ્ટિ જ તને અંતર્મુખ થવામાં વિઘ્નરૂપ છે. ઉપાય પણ એક છે, વિઘ્ન કરનાર પણ એક જ છે. અંતર્મુખ થઈ આત્મજ્ઞાન એક જ ઉપાય છે અને બહિર્મોહ દૃષ્ટિ એક જ વિઘ્નરૂપ છે.(૪૪૬)

૧૪. અંતરમાં દૃષ્ટિ લગાવવી એ જ આત્માનો ખોરાક. શ્રદ્ધા-જ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવો એજ આત્માનો ખોરાક છે.(૪૪૯)

૧૫. ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઉછળતો, પરના કામ અને રાગના કામ મારા જ્ઞાતાદૃષ્ટાના નહી, એમ અંતરદૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે.(૨૬૧)

## ૩. જ્ઞાન અને રાગની ભિન્નતા : (ગુરુદેવશ્રીના વચનામૃતના આધારે)

૧. ક્રોધાદિ થવા કાળે, કોઈ પણ જીવ, પોતાની હયાતિ વિના 'આ ક્રોધાદિ છે' એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ તે ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ 'જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન' એમ મુખ્યપણે જણાવા છતાં 'જ્ઞાન તે હું' એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતાં 'રાગાદિ તે હું' એમ રાગમાં એકતા બુદ્ધિથી, જાણે છે-માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.(૪૭)

૨. જ્ઞાન અને રાગને લક્ષણભેદે સર્વથા જુદા પાડો તો જ સર્વજ્ઞસ્વભાવી શુદ્ધ જીવ લક્ષમાં આવી શકે. જેમ જે સંપૂર્ણ વીતરાગ થાય તે જ સર્વજ્ઞ થઈ શકે. તેમ જે સર્વ પ્રકારના રાગથી જ્ઞાયકની ભિન્નતા સમજે તે જ સર્વજ્ઞસ્વભાવી આત્માને ઓળખી અનુભવી શકે. એવી સાનુભવ ઓળખાણ કરનાર જીવો વિરલા જ છે. જેમ પાપભાવો શુદ્ધાત્માની સ્વાનુભૂતિ બહાર છે, તેમ પુણ્યભાવો પણ બહાર જ રહે છે, સ્વાનનુભૂતિમાં નથી પ્રવેશતા, અને તેથી જ તેમને 'અભૂતાર્થ' કહ્યા છે. પુણ્ય-પાપ રહિત નિજ શુદ્ધ આત્માની ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવની અંતરમાં દૃષ્ટિ થતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, અને તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.(૫૬)

૩. અહાહા! આખી દુનિયા ભુલાઈ જાય એવું તારુ પરમાત્માતત્ત્વ છે. અરેરે! ત્રણ લોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે! રાગને તું ભૂલી જા! તારા પરમાત્માતત્ત્વને પર્યાય સ્વીકારે છે, પણ એ પર્યાયરૂપ હું છુ એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયનાં મૂલ્ય શાં ? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગને દેહની વાત ક્યાં રહી ? અહાહા! એક વાર તો મડદાં ઊભા થઈ જાય એવી વાત છે, એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જા એવી વાત છે.(૯૯)

૪. જ્ઞાતાપણાને લીધે નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલાં કર્મને માત્ર જાણી જ લે છે. ભોગોપભોગમાં ઉદયમાં આવેલાં હોવા છતાં જ્ઞાની રાગની અને શરીરાદિની ક્રિયા બધી પર છે એમ જાણે છે. પોતે જ્ઞાતાપણે પરિણમી રહ્યો છે ને!(૧૯૪)

૫. જે નિજ શુદ્ધ જ્ઞાયક વસ્તુમાં મિથ્યાત્ત્વ કે રાગાદિ વિભાવો છે જ નહિ. તેમાં રુચિના પરિણામ તન્મય થતાં મિથ્યાત્ત્વ ટળે છે, બીજા કોઈ ઉપાય થી મિથ્યાત્ત્વ ટળે નહિ. ગુણભેદનો વિકલ્પ પણ શું શુદ્ધ વસ્તુમાં છે?-નથી. તો તે શુદ્ધવસ્તુની પ્રતીતિ ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. શુદ્ધ વસ્તુમાં વિકલ્પ નથી, ને વિકલ્પમાં શુદ્ધ વસ્તુ નથી. બન્નેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પોથી ખસીને સ્વભાવમાં આવી ત્યાં સમ્યક્ત્વ થયું ને મિથ્યાત્ત્વ ટળ્યુ.-આ મિથ્યાત્ત્વ ટાળવાની રીત છે. તે માટે, અંદર ચિદાનંદ સ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ, એમ કરવાથી પરિણામ તેમાં તન્મય થાય છે.(૨૫૮)

૬. રાગમાં શુભ અને અશુભ એવા બે ભેદ ભલે પાડો, તેનો વિવેક ભલે કરો, પણ તે બંને ભાવ આસ્રવ છે ને બંધમાર્ગમાં સમાય છે, સંવર-નિર્જરામાં નહિ, તે એકે ભેદ મોક્ષ કે મોક્ષના કારણમાં નથી આવતો. શુભ અને અશુભ બંને પ્રકારના રાગમાં કષાયનો સ્વાદ છે, આકુળતા છે, ચૈતન્યની શાંતીનો સ્વાદ, નિરાકુળતા તે બેમાંથી એકમાં નથી.
'તેથી ન કરવો રાગ જરીએ ક્યાંય પણ મોક્ષેચ્છુ એ, વીતરાગ થઈને એ રીતે ભવ્ય ભવસાગર તરે.'
આ જાણીને શું કરવું? કે સર્વ પ્રકારના રાગરહિત પોતાના ચિદાનંદતત્ત્વને બરાબર લક્ષમાં લઈ તેને જ ધ્યાવું. શુભાશુભ રાગને એટલે કે પુણ્ય-પાપને મોક્ષ કે મોક્ષમાર્ગમાં સહાયકારી ન જાણવા પણ વિઘ્નકારી લુટારા સમજવા અહા, વીતરાગ થવાની વીતરાગી પરમાત્માની આ વાત કાયર જીવો ઝીલી શકતા નથી. પુણ્યથી ધર્મ થાય નહિ એ વાત સાંભળતા જ ચોકી ઊઠે છે. તેમનાં કાળજાં કંપી ઊઠે છે. જ્ઞાનીઓ તો મોક્ષને અર્થે એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે, રાગના કણિયાને તેમાં ભેળવતા નથી, શુભ અને અશુભ બંનેથી વિરક્ત થઈને વીતરાગી શુદ્ધોપયોગને જ મોક્ષના સાધન તરીકે સ્વીકારે છે.(૫૭)

૭. આત્મા તદ્દન જ્ઞાયક છે-હવે ક્રોધ, માન, માયા, લોભની વ્યાખ્યા
   ૧. ક્રોધઃ- અખંડ ચૈતન્ય સ્વભાવ તે હું નહિ એમ સ્વભાવનો અણગમો તે અનંતાનુબંધી ક્રોધ છે.
   ૨. માનઃ- પર પદાર્થ પ્રત્યે અહંબુદ્ધિ તે અનંતાનુબંધી માન છે.
   ૩. માયાઃ- વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો નહિ માનતા આડ મારીને બીજી રીતે ખતવવું તેનું નામ અનંતાનુબંધી માયા છે.
   ૪. લોભઃ- સ્વભાવની ભાવના મૂકીને વિકારની ઇચ્છા કરવી તે અનંતાનુબંધી લોભ છે. (૨૬૮)

'દૃષ્ટિના નિધાન' આધારે

૮. બહારથી મરી જાય એને માટે આ ધર્મ છે. બહારથી મારુ જીવન નથી, રાગથી અને પરથી જીવન ઇ તો મારું મરણ છે. જે પરથી અને રાગથી મરી જાય તેને માટે આ ધર્મ છે.(૪૪)

૯. પરદ્રવ્ય અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે. પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યનો ગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ! જેમ તેલ

પાણીના પ્રવાહમાં ઉપરને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપરને ઉપર તરે છે, ચૈતન્યના દળમાં પેસતો નથી.(૭૪)

૧૦. કરુણાથી કહ્યું છે કે અરે મૂઢમતિ! અમે જે પુણ્યપાપ ભાવને અચેતન કહીએ છીએ, જડ કહીએ છીએ, પુદગલ કહીએ છીએ, રૂપી કહીએ છીએ તેને તું આત્મા માને છે તો મોટો અપરાધી છે; જા નરક નિગોદમાં! જા પુદગલની ખાણમાં! ચૈતન્યની ખાણમાં નહીં જવાય.(૩૮૯)

૧૧. અરે બહારના સંગમાં કોના સાથે સંબંધ અને કોના ખોટા લગાડવા! અને કેટલું રહેવું! અરે! વિકારનો સંગ પણ ક્યાં વસ્તુને છે! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનો ય સંગ નથી.(૩૯૬)

૧૨. હઠવું છે ક્યાં ? પુણ્ય-પાપ રૂપ હું થઈ ગયો છું એમ એણે માન્યું છે પણ એ હું નહીં, બસ એટલી વાત છે. માન્યતા ફેરવવાની છે. તારી દૃષ્ટિ ફેરે સંસાર છે અને હું પુણ્ય-પાપરૂપ થયો જ નથી-એવી દૃષ્ટિને અનુભવ કરવો એ જ મુક્તિ છે. એવો અંતર સ્વીકાર કરવો એ જ મુક્તિ કહો કે મુક્તિનો પંથ કહો.(૪૦૫)

૧૩. અહો! અંતરના અભિપ્રાયની અને મિથ્યા-અભિપ્રાયની શું કિંમત છે એની જગતને ખબર નથી. રાગના કણથી લાભ થાય એમ માન્યું એણે ચૈતન્યને લૂંટી લીધો.(૪૦૭)

૧૪. મારા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરનો અભાવ છે એમ નિર્ણય કરો અને પછી મારા સ્વભાવમાં વિભાવનો પણ અભાવ છે એમ નિર્ણય કરો.(૪૦૧)

૧૫. જેમ લાકડાની અગ્નિમાં ઉપર છારી વળી જાય છે ને અંદર સળગતું હોય છે અગ્નિ ઉપરની છારીરૂપ રાખ અગ્નિથી જુદી જ છે. તેમ રાગ પણ ચૈતન્યની છારી સમાન હોવાથી ચૈતન્યથી જુદે જુદો જ છે. ઉષ્ણતા એ અગ્નિ એકરૂપ છે તેમ જ્ઞાન અને આત્મા એકરૂપ છે.(૪૦૦)

## ૪. સ્વભાવના સામર્થ્યનો મહિમા : (ગુરુદેવશ્રીના વચનામૃતના આધારે)

૧. ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છુ, મારા હિસાબે બીજી વસ્તુ છે જ નહિ. કેવળી હો, સિદ્ધ હો. તે તેમના હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તે નથી. સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ-ધન-સ્ત્રી-પુત્ર આદિ તો મારાં છે જ નહિ પણ રાગ પણ મારો નથી. 'જ્ઞાનસ્વરૂપ' એકલો હું જ છું-એમ જોર આવવું જોઈએ.

પ્રશ્નઃ- હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે ?

ઉત્તરઃ- જોર પોતે કરતો નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે? એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ.(૧૦૦)

૨. આત્મચિંતનમાં ક્યાંય ગુણભેદની કે રાગની મુખ્યતા નથી, વિકલ્પનું જોર નથી, પણ જ્ઞાનમાં પરમ જ્ઞાયક સ્વભાવના કોઈ અચિંત્ય મહિમાનું જોર છે, અને તેના જ જોરે નિર્વિકલ્પ થઈને મુમુક્ષુ જીવ આત્માને સાક્ષાત્ અનુભવમાં લઈ લે છે, ત્યાં કોઈ વિકલ્પ રહેતાં થી. આ રીતે ભેદ-વિકલ્પ વચ્ચે આવતા હોવા છતાં સ્વભાવના મહિમાના જોરે મુમુક્ષુ જીવ તેને ઓળંગી જઈને સ્વાનુભૂતિમાં પહોંચી જાય છે.(૨૭૯)

૩. એક તરફ વિકારની ધારા અનાદિથી છે ને બીજી તરફ સ્વભાવ સામર્થ્યની ધારા પણ અનાદિથી સાથે ને સાથે જ ચાલી રહી છે, વિકારની ધારા વખતે સ્વભાવ

સામર્થ્યની ધારા કાંઈ તૂટી નથી ગઈ, સ્વભાવ સામર્થ્યનો કાંઈ અભાવ નથી થયો. પરિણતિ જ્યાં સ્વભાવ સામર્થ્ય તરફ વળી ત્યાં જ વિકારની પરંપરાનો પ્રવાહ તૂટ્યો ને અધ્યાત્મપરિણતિની પરંપરા શરૂ થઈ, જે પૂરી થઈને સાદિ-અનંત કાળ રહેશે.(૧૧૧)

૪. એક વાર પરને માટે તો મૃતકવત્ થઈ જવું જોઈએ. પરમાં તારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને તથા રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદ્રષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનીદૃષ્ટિ કર. ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા.(૧૧૨)

૫. પરમપારિણામિક ભાવ છું, કારણ પરમાત્મા છું, કારણ-જીવ છું, શુદ્ધોપયોગોહં, નિર્વિકલ્પોહં.(૧૧૦)

૬. જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીસ કલાક એનું જ ચિંતન, ઘોલન ને ખટક રહ્યા કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય તે વખતે પણ, પૂર્વે સત્ સાંભળ્યુ હોય તેનું સ્મરણ કરી, ફટાક દઈને અંતરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! સ્વર્ગનો જીવ સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તો પણ તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે. અહીં જરાક પ્રતિકૂળતા હોય તો 'અરેરે! મારે આમ છે ને તેમ છે'-એમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો. હવે એનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આ વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.(૨૭૮)

૭. હે ભાઈ! અનંત ગુણોનો વૈભવ જેમાં વસેલો છે એવી ચૈતન્ય વસ્તુ તું પોતે છે. અરે ચૈતન્ય રાજા! તારા અચિંત્ય વૈભવને તે કદી જાણ્યો-જોયો-અનુભવ્યો નથી, તારા સ્વઘરમાં તે વાસ કર્યો નથી. સ્વઘરને ભૂલી રાગાદિ વિભાવને પોતાનું ઘર માની તેમાં તું વસ્યો છે. પણ શ્રી ગુરુ તને સ્વઘરમાં વાસ્તુ કરાવે છે. કે હે જીવ! તું તારા આત્માને ચૈતન્યસ્વરૂપ જાણીને તેની સેવા કર. તેનાથી તારું કલ્યાણ થશે. અહા! સ્વઘરમાં આવવાનો ઉમંગ કોને ન આવે ?(૨૫૯)

૮. હે જીવ ? એક વાર હરખ તો લાવ કે, 'અહો મારો આત્મા આવો!' કેવો ? કે સિદ્ધ ભગવાન જેવો. સિદ્ધ ભગવાન જેવી જ્ઞાન-આનંદની પરિપૂર્ણ તાકાત મારા આત્મામાં ભરી પડી જ છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. 'અરેરે! હું દબાઈ ગયો, વિકારી થઈ ગયો, હવે મારું શું થશે ?-એમ ડર નહિ, હતાશ ન થા' એક વાર સ્વભાવનો હરખ લાવ, સ્વરૂપો ઉત્સાહ કર, તેનો મહિમા લાવીને તારા પુરુષાર્થને ઉછાળ, તો તને તારા અપૂર્વ આહલાદો અનુભવ થશે, અને તું સિદ્ધ પદને પામીશ.(૨૩૪)

૯. એકલા વિકલ્પથી તત્ત્વ વિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્ય સ્વભાવનો મહિમા કરીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શ છે.(૨૧૮)

૧૦. અનંત ગુણસ્વરૂપ આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ, તેને (આત્માને) એકને ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલા માં પહેલો શાંતી-સુખનો ઉપાય છે.(૧૭)

'દૃષ્ટિના નિધાનના' આધારે

૧૧. અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી જાતના ને નાતના પૂર્ણ પ્રભુ છો તેને તે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો!(૨૯)

૧૨. આત્મા જ્યાં અંદરથી ઊછળ્યો પછી મન મોળું પડે તો પણ ઊછળવું બંધ ન પડે. ઇન્દ્રિયો શિથિલ થાય તો પણ ઊછળવું બંધ ન પડે, શરીર મોળું પડે તો પણ ઊછળવું બંધ ન પડે. આત્મા જ્યાં મધ્યબિંદુમાંથી ઊછળ્યો પછી તેને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી.(૩૬)

૧૩. જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદિ અપૂર્ણતા થઈ નથી. જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે તેની ઉપર નજરબંધી થવી જોઈએ દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈ આશ્રય નથી-એમ ધ્રુવ ઉપર નજરબંધી થવી જોઈએ.(૧૧૩)

૧૪. આત્મા જ્યાં પોતાના સ્વભાવના બળે ચડ્યો, ત્યાં અજ્ઞાનનો રાગ-દ્વેષનો, ઊધઈ જેમ તડકામાં ધાણીની માફક સડીસડીને સળગી જાય તેમ સળગી જાય છે(ટળી જાય છે) બળી જાય છે.(૨૯૮)

૧૫. શ્રોતાઃ સાહેબ! અનુભવ થયો નથી તો અમારો શું દોષ છે?
પૂજ્ય ગુરુદેવ શ્રી : એ-આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમા આ દોષ છે.(૩૯૫)

૧૬. જેને ચૈતન્યું લક્ષ બંધાણું છે. એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે આ જ સ્વભાવ છે-એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ? મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે.(૩૯૮)

૧૭. એને રાગનું ને નિમિત્તનું માહાત્મ્ય આવ્યું છે કે કાં તો એક સમયની પ્રગટ પર્યાયનું માહાત્મ્ય આવ્યું છે પણ વસ્તુ આખી અંદર પડી છે એનું માહાત્મ્ય આવતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ને કે જગતને સૃષ્ટિનો ગુપ્ત ચમત્કાર ભાસતો નથી એટલે કે અંદરમાં આખી શક્તિ પડી છે તે ભાસતી નથી. (૪૧૬)

૫. સમ્યક્ત્વ-નિર્વિકલ્પ સમ્યગ્દર્શન: (ગુરુદેવશ્રીના વચનામૃતના આધારે)

૧. દર્શન શુદ્ધિથી જ આત્મસિદ્ધિ (૪)

૨. ભવ્ય ભ્રમણનો અંત લાવવાનો ઉપાય શો?
'દ્રવ્ય સંયમસે ગ્રીવેક પાયો, ફિર પીછો પટક્યો' ત્યાં શું કરવું બાકી રહ્યું? માર્ગ કોઈ જુદો જ છે, આ ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, પારમાર્થિક આત્મા તથા સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ નક્કી કરી સ્વાનુભવ કરવો તે માર્ગ છે, અનુભવમાં વિશેષ લીનતા તે શ્રાવક માર્ગ છે અને તેનાથી પણ વિશેષ સ્વરૂપ રમણતા તે મુનિમાર્ગ છે. સાથે વર્તતા બાહ્ય વ્રત-નિયમો તો અધૂરાશની-કચાશની પ્રગટતા છે. અરેરે! મોક્ષમાર્ગની મૂળ વાતમાં આટલો બધો ફેર પડી ગયો.(૫)

૩. અહા! આત્માનું સુંદર એકત્વ-વિભક્ત સ્વરૂપ સંતો બતાવે છે. અપૂર્વ પ્રીતિ લાવીને તે શ્રવણ કરવા જેવું છે. જગતનો પરિચય છોડી પ્રેમથી આત્માનો

પરીચય કરી અંદર તેનો અનુભવ કરવા જેવો છે. આવા અનુભવમાં પરમ શાંતી પ્રગટે છે, ને અનાદિની અશાંતી મટે છે. આત્માના આવા સ્વભાવનું શ્રવણ-પરિચય-અનુભવ દુર્લભ છે. પણ અત્યારે તેની પ્રાપ્તિનો સુલભ અવસર આવ્યો છે. માટે હે.જીવ! બીજું બધું ભૂલીને તારા શુદ્ધસ્વરૂપને લક્ષમાં લે, તે તેમાં વસ. એ જ કરવા જેવું છે.(૨૪)

૪. સમ્યગ્દર્શન કોઈના કહેવાથી કે આપવાથી મળતું નથી. આત્મા પોતે અનંતગુણોનો પિંડ-સર્વજ્ઞ ભગવાને જેવો કહ્યો તેવો છે-તેને સર્વજ્ઞના ન્યાય અનુસાર સત્સમાગમ વડે બરાબર ઓળખે અને અંદર અખંડ ધ્રુવ જ્ઞાયક સ્વભાવનો અભેદ નિશ્ચય કરે તે જ સમ્યગ્દર્શન-આત્મસાક્ષાત્કાર છે. તેમાં કોઈ પરવસ્તુની જરૂર પડતી નથી. ધર્મ તો આત્માનો સહજ સુખદાયક સ્વભાવ છે.(૧૦૨)

૫. પહેલાં સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય-આનંદનું વેદન થાય, ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય. તે સિવાય પ્રતીતિ યથાર્થ કહેવાય નહિ. પહેલાં તત્ત્વવિચાર કરીને દઢ નિર્ણય કરે, પછી અનુભૂતિ થાય. એકલા વિકલ્પથી જ તત્ત્વવિચાર કર્યા કરે તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્ય સ્વભાવનો મહિમા લાવીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે.(૧૫૬)

૬. તત્ત્વવિચારમાં ચતુર ને નિર્મળ ચિત્તવાળો જીવ, ગુણોમાં મહાન એવા સદ્ગુરુ ચરણકમળની સેવાના પ્રસાદથી અંતરમાં ચૈતન્ય પરમ તત્ત્વો અનુભવ કરે છે. રત્નત્રય આદિ ગુણોથી મહાન એવા ગુરુ શિષ્યને કહે છે કે-પરમભાવને જાણ, પરથી ભલું-બૂરું માનવું છોડીને, દેહમાં રહેલું હોવા છતાં પણ દેહ અને શુભાશુભ રાગથી ભિન્ન નિજ અસંગ ચૈતન્ય પરમાત્માતત્ત્વે અંતરમાં દેખ. 'આ જ હું છું' એવા ભાવભાસન દ્વારા ચૈતન્યનો અનુભવ થાય છે. શ્રી ગુરુનાં આવા વચનો દઢતાથી સાંભળીને નિર્મળ ચિત્તવાળો શિષ્ય અંતરમાં તદ્રુપ પરિણમી જાય છે. આવી સેવા ઉપાસનાના પ્રસાદથી પાત્ર જીવ આત્માનુભૂતિ પ્રાપ્ત કરે છે.(૧૮૨)

૭. અહો! સમ્યગ્દર્શન મહારત્ન છે. શુદ્ધ આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ તે જ સર્વ રત્નોમાં મહારત્ન છે. લૌકિક રત્નો તો જડ છે, પણ દેહથી ભિન્ન કેવળ શુદ્ધ ચૈતન્યનું ભાન કરીને જે સ્વાનુભવયુક્ત દઢ શ્રદ્ધા પ્રગટ છે તે જ સમ્યગ્દર્શન મહારત્ન છે.

૮. જેને જેની રુચિ હોય તે તેની વારંવાર ભાવના ભાવે છે, અને ભાવનાની અનુસાર ભવન થાય છે. જેવી ભાવના તેવું ભવન. શુદ્ધાત્મસ્વભાવની વારંવાર ભાવના કરવાથી તેનું ભવન-પરિણમન થઈ જાય છે. માટે જ્યાં સુધી આત્માની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ ન થાય ત્યાં સુધી સત્સમાગમે વારંવાર પ્રીતિપૂર્વક તેનું શ્રવણ, મનન અને ભાવના કર્યા જ કરવી. એ ભાવનાથી ભવનો નાશ થાય છે.(૨૩૬)

૯. સ્વાનુભૂતિની પ્રાપ્તિ કરવા માટે જ્ઞાન સ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ દઢ નિર્ણય કરવો. આ નિર્ણય દઢ કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો ૧-દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું અને સ્વતંત્રતા, ૨-દ્રવ્ય-ગુણ પર્યાય, ૩-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, ૪-નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, ૫-જીવ અને શરીરની તદ્દન ભિન્ન ભિન્ન ક્રિયાઓ, ૬-પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, ૭-નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો અભ્યાસ કરવો. આવા અભ્યાસની સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો

શિરમોર મુગટમણિ જે શુદ્ધ દ્રવ્યસામાન્ય અર્થાત્ પરમપારિણામિક ભાવ એટલે જ્ઞાયકસ્વભાવી શુદ્ધ દ્રવ્ય સામાન્ય-જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે અંકિત કરવા યોગ્ય છે. તે જ નિજ શુદ્ધ આત્મ દ્રવ્યનો આશ્રય કરવાથી જ અતીન્દ્રિય આનંદમય સ્વાનુભૂતિ પ્રાપ્ત થાય છે.(૨૦૫)

'દષ્ટિના નિધાનના' આધારે

૧૦. સમ્યગ્દર્શન થાય તેને તો પર્યાયમાં મહા પામરતા ભાસે છે. સમ્યગ્દર્શન થતાં તો નરમાશ...નરમાશ...આવી જાય, મને બંધ થતો નથી એવું તેને હોય નહિ.(૩૦૪)

૧૧. સમકિતીએ બધાથી આત્માને છૂટો પાડીને છૂટી લીધી છે. અંદર દષ્ટિનું વલણ આખું ફેરવી નાખ્યું છે. રાગનું સ્વામીત્વ ટળી ગયું છે, હું જ્ઞાનાનંદ છું એવું સ્વામિત્વ થઈ ગયું છે. સમકિતીના ભરોસે આવ્યો ભગવાન! રાગના અને પરના ભરોસા છૂટી ગયા. આ તો કાંઈ થોડી વાત છે? (૩૦૭)

૧૨. અહો! પ્રભુપદમાં ખતવવાની ચીજ તેણે રાંકામાં ખતવી નાખી. હું અત્યારે જ પૂર્ણ પ્રભુ છું એમ એકવાર શ્રદ્ધામાં લાવ! પૂર્ણ પ્રભુપણે સ્વીકાર કરતાં એ તો ભગવાનનો દીકરો થઈ ગયો, સમ્યગ્દર્શન થયું એટલે એમાં ગર્ભિતપણે કેવળજ્ઞાન જ આવી ગયું.(૩૧૦)

૧૩. રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘુટાય છે, વાંચનમાં શ્રાવણમાં આવ્યા કરે, ચોવીસે કલાક આ દેહના કામ તે મારા નહિ, રાગના કામ તે મારા નહિ એમ ઘૂંટાયા કરે, એ શ્રદ્ધા જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો? એ શું જ્ઞાનની ક્રિયા નથી? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહવાળાને અંતરના શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે. તે ક્રમે કરીને ફટાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભવરૂપે થઈ જશે.(૩૬૧)

૧૪. શ્રોતા: આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું?
પૂજ્ય ગુરુદેવશ્રી: આખો દિવસ, ૧-શાસ્ત્રો અભ્યાસ કરવો ૨-વિચાર મનન કરીને તત્ત્વો નિર્ણય કરવો, ૩-શરીરાદિથી રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો, ૪-રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે.(૩૮૦)

૧૫. આહાહા! પ્રભુ તું પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી? તું કોઈ ગુણે અધૂરો નથી. પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે? આહાહા! એને એવી ધૂન ચડવી જોઈએ. પહેલાં આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ પછી દષ્ટિ અને અનુભવ થાય.(૨૬)

(૭) જાણપણું કોને કહેવું? જ્ઞાનનું સાચું કાર્ય શું? (ગુરુદેવના વચનામૃતના આધારે)

૧. જાણપણું તે જ્ઞાન નથી. સમકિત સહિત જાણપણું તે જ્ઞાન છે. અગિયાર અંગ કંઠાગ્રે હોય પણ સમકિત ન હોય તો તે અજ્ઞાન છે. આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત અતીન્દ્રિય સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. તે વાનગી મોક્ષના અંનતમાં ભાગે હોવા છતાં અનંત છે.(૬૨)

૨. જેને જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયોનું જે જ્ઞાન થાય છે તે જ્ઞેયને લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભ ભાવોથી ભિન્ન પડીને જેને ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરનું જે જ્ઞાન થયું તે, પરજ્ઞેય છે માટે પર સંબંધી જ્ઞાન થયું છે-એમ નથી, જ્ઞાનના સ્વ-પર પ્રકાશપણાને લઈને જ્ઞાન થયું છે. તેથી રાગને-જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી, પણ જ્ઞાનકૃત જ્ઞાન છે.(૧૨૮)

૩. સ્વ-પર પ્રકાશક જ્ઞાનપુંજ-જ્ઞાયક પ્રભુ તો શુદ્ધ જ છે, પણ રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે 'શુદ્ધ' છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં જે શુદ્ધતા પ્રગટે છે તેને તે 'શુદ્ધ' છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં જેને પર્યાયમાં શુદ્ધતાનો નમુનો આવ્યો તેને તે 'શુદ્ધ' છે એમ પ્રતીતિમાં આવે છે, રાગના પ્રેમીને તે 'શુદ્ધ' છે એમ પ્રતીતિમાં આવતો નથી.(૧૨૯)

૪. સ્વભાવ સન્મુખનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. એકલા પર સન્મુખનું જ્ઞાન તે અજ્ઞાન છે, કારણ કે સ્વસ્વભાવની સંપૂર્ણતાના ભાન વિના, એક સમયની પર્યાયની અપૂર્ણતામાં પૂર્ણતા માની છે. તેથી પૂર્ણ સ્વભાવને લક્ષમાં લઈ, પૂર્ણ સાધ્યને સાધવું.(૧૭૮)

૫. જ્ઞાતાપણાને લીધે નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલાં કર્મને માત્ર જાણી લે છે. ભોગોપયોગમાં હોવાં છતાં જ્ઞાની રાગની અને શરીરાદિની ક્રિયા બધી પર છે એમ જાણે છે. પોતે જ્ઞાતાપણે પરિણમી રહ્યો છે ને !(૧૯૪)

૬. જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી, પણ અજ્ઞાન છે.(૨૫૩)

૭. અંતરમાં સ્વસંવેદન જ્ઞાન ખીલ્યું ત્યાં પોતાને તેનું વેદન થયું પછી તેને કોઈ જ્ઞાનને બીજા જાણે કે નજાણે તેની કઈ જ્ઞાનીને અપેક્ષા નથી. જેમ સુગંધી ફૂલ ખીલે છે તેની સુગંધ બીજા કોઈ લે કે ન લે તેની અપેક્ષા ફૂલને નથી, તે તો પોતે પોતાનામાં જ સુગંધ થી ખીલ્યું છે. તેમ ધર્માત્માને પોતાનું આંનદમય સ્વસંવેદન થયું છે તે કોઈ બીજાને દેખાડવા માટે નથી, બીજા જાણે તો પોતાને શાંતિ થાય-એવું કાંઈ ધર્મીને નથી, તે તો પોતે અંદર એકલો પોતાના એકત્વમાં આનંદરૂપે પરિણમી જ રહ્યો છે. (૧૮૬)

૮. દુનિયામાં મારું જ્ઞાન પ્રસિદ્ધ થાઓ, દુનિયા મારી પ્રશંસા કરે અને હું જે કરું છું તેનાથી દુનિયા રાજી થાય-એમ અંદર અભિમાનનું જેને પ્રયોજન હોય તેનું, ધારણા રૂપ જ્ઞાન ભલે સાચું હોય તો પણ, ખરેખર અજ્ઞાન છે-મિથ્યાજ્ઞાન છે. ભાષા બહુ મલાવે તો વસ્તુ અંદર આવી જાય એમ નથી. અંદર સ્વભાવની દૃષ્ટિ કરે, તેનું લક્ષ કરે, તેનો આશ્રય કરે, તેની સન્મુખ જાય, ત્યારે અતીન્દ્રિય શાંતિ અને આનંદ મળે છે.(૧૮૪)

૯. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. જ્ઞાનમાં કાળભેદ નથી, જ્ઞાનને વજન નથી અને જ્ઞાનમાં વિકાર નથી.

 ૧. કાળને ખાઈ જાય એવો અરૂપી જ્ઞાનમૂર્તિ આત્મા છે. જ્ઞાનમાં પચાસ વર્ષ પહેલાંની વાત યાદ કરવા માટે વચલાં ઓગણપચ્ચાસ વર્ષની વાતને સંભારવી પડતી નથી. જે રીતે ગઈ કાલની વાત યાદ આવે છે તે જ રીતે પચાસ વર્ષ પહેલાંની વાત પણ ઝટ યાદ આવી જાય છે માટે જ્ઞાનમાં કાળભેદ પડતો નથી.

૨. જ્ઞાન અરૂપી છે તેથી જ્ઞાન ગમે તેટલું વધી જાય તો પણ તેનું વજન લાગતું નથી. ઘણા પુસ્તકો જાણ્યાં તેથી જ્ઞાનમાં ભાર વધી જતો નથી. એ રીતે જ્ઞાનને વજન નથી માટે તે અરૂપી છે.

૩. જ્ઞાન શુદ્ધ અવિકારી છે, જ્ઞાનમાં વિકાર નથી. આત્મા પોતે શુદ્ધ અવસ્થામાં રહીને વિકારનું જ્ઞાન કરી શકે છે. અવસ્થામાં પરના અવલંબનથી ક્ષણિક વિકાર થાય છે તેને અવિકારી સ્વભાવના ભાન વડે સર્વથા તોડી શકાય છે. નાશ થઈ શકે તે આત્માનો સ્વભાવ હોય નહિ, તેથી વિકાર આત્માનો સ્વભાવ નથી.(૨૯૬)

'દ્રષ્ટિના નિધાનના' આધારે

૧૦. જ્ઞાનની વર્તમાન પર્યાય અંદરમાં વળે એનું નામ જાણપણું છે. ધારણા થઈ ગઈ એ જાણપણું નથી. આત્મા અનુભવમાં લેવો એનું નામ ખરુ જાણપણું છે.(૩૩૦)

૧૧. વિષય-કષાયની રુચિ તો છૂટી નથી અને માત્ર જાણપણું છે ઈ જાણપણાને નામે આત્માને છેતરે છે, ઠગે છે. ઈ જાણપણું નથી. સાચું જાણપણું થતાં વિષય-કષાયની રુચિ છૂટી જાય.(૩૩૨)

૧૨. વર્તમાન-વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાન પર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે, તેને અંતરમાં વાળતાં ''ચૈતન્ય હીરો'' જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જોવે તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે. તેનો પ્રકાશ તને દેખાશે.(૮૧)

૧૩. જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે, તેમ તેમ જ્ઞાનનું સ્વને જાણવાનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.(૯૮)

૧૪. એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે, તો ચૈતન્યમહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હયાતિ નથી તેને હયાત જાણે! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે, તેને જાણને ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ.(૧૧૧)

૧૫. **જ્ઞાનનું સાચું કાર્ય શું? ૧-જાણવું, ૨-પોતાને, ૩-યથાર્થ, ૪-શ્રદ્ધાનપૂર્વક, ૫-વીતરાગતાપૂર્વક, ૬-અતીન્દ્રિય સુખના વેદન સહિત. આ રીતે જાણે એ જ્ઞાનનું ખરુ જાણપણું છે. બાકી અજ્ઞાન છે.**

(૭) **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ : (ગુરૂદેવશ્રીના વચનામૃતના આધારે)**

૧. બહુ બોલવાથી શું ઈષ્ટ છે? માટે ચૂપ રહેવું જ ભલું છે. જેટલું પ્રયોજન હોય એટલાં જ ઉત્તમ વચન બોલવાં. શાસ્ત્ર તરફના અભ્યાસમાં પણ જે અનેક વિકલ્પો છે તેમનાથી કાર્ય સિદ્ધિ થતી નથી. માટે વચનનો બકવાદ (જડ ક્રિયા) અને વિકલ્પોની જાળ છોડીને વિકલ્પથી જુદી જ્ઞાનચેતના વડે શુદ્ધ પરમાત્માને અનુભવનો અભ્યાસ કરવો તે જ ઈષ્ટ છે, તે જ મોક્ષનો પંથ છે, તે જ પરમાર્થ છે. બીજું કાંઈ પરમાર્થ નથી એટલે કે મોક્ષનું કારણ નથી. શુદ્ધાત્માના અનુભવરૂપ જે ક્રિયા છે તે જ શુદ્ધ જ્ઞાન, દર્શન ને ચારિત્ર છે, તે જ મોક્ષપંથ છે. તે સિવાય બધી વિકલ્પ જાળ છે. જેને આવા આત્માનો અનુભવ કરતાં આવડી ગયું તેને બધું આવડી ગયું.(૧૩૦)

૨. જિનવાણીમાં મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. ૧-અખંડ આત્મસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો તે સાચો (નિશ્ચય) મોક્ષમાર્ગ છે અને તે ભૂમિકામાં જે મહાવ્રતાદિના રાગ-વિકલ્પ છે તે મોક્ષમાર્ગ નથી, પણ તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેલ છે. આત્મામાં વીતરાગ શુદ્ધિરૂપ જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થયો તે સાચો, અનુપચાર, શુદ્ધ, ઉપાદાન અને યથાર્થ મોક્ષમાર્ગ છે અને તે વખતે વર્તતા અઠ્યાવીસ મૂળ ગુણ વગેરેના શુભ રાગને-તે સહચર તેમ જ નિમિત્ત હોવાથી મોક્ષમાર્ગ કહ્યો છે તે ઉપચાર છે, વ્યવહાર છે. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. પરંતુ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે-એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.(૧૭૧)

૩. 'જ્ઞાનસ્વરૂપ આત્મા છે' એવા ગુણ ગુણીના ભેદનો વિકલ્પ, આત્માનો અનુભવ કરવા જતાં વચ્ચે આવશે ખરો, પણ તેનો આશ્રય સમ્યગ્દર્શનમાં નથી. સમ્યગ્દષ્ટિ તે વિકલ્પરૂપ વ્યવહારનું શરણ લઈને અટકતા નથી, પણ તેને છોડવા જેવો સમજીને અંતરમાં શુદ્ધાત્માને તે વિકલ્પથી જુદો અનુભવે છે. આવો અનુભવ તે વીતરાગનો માર્ગ છે. મોક્ષમહેલ માટે આત્મામાં સમ્યગ્દર્શનાદિરૂપી શિલાન્યાસ કરવાની વાત છે. (૧૭૩)

૪. શુદ્ધ પરિણામ તે આત્માનો ધર્મ છે. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે, પણ વ્રતાદિનો રાગ તેમાં આવતો નથી. આ શુદ્ધ રત્નત્રયરૂપ જે વીતરાગભાવ તે જ બધા શાસ્ત્રોનું તાત્પર્ય છે, તે જ જિન શાસન છે, તે સર્વજ્ઞ જિનનાથની આજ્ઞા છે, ને તે જ વીતરાગી સંતોનું ફરમાન છે. માટે તેને શ્રેયરૂપ જાણીને તેની આરાધના કરો.(૨૩૩)

૫. હે મોક્ષના અભિલાષી! મોક્ષનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે. તે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવરૂપ મોક્ષમાર્ગ અંતર્મુખ પ્રયત્ન વડે સધાય છે. એમ ભગવાને ઉપદેશ્યું છે. ભગવાને પોતે પ્રયત્ન વડે મોક્ષમાર્ગને સાધ્યો છે ને ઉપદેશમાં પણ એમ જ કહ્યું છે કે મોક્ષનો માર્ગ પ્રયત્ન સાધ્ય છે. માટે તું સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવોને જે મોક્ષનો માર્ગ જાણીને સર્વ ઉદ્યમ વડે તેને અંગીકાર કર. હે ભાઈ! સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોથી રહિત એવા દ્રવ્યલિંગથી તારે શું સાધ્ય છે? મોક્ષ તો સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોથી જ સાધ્ય છે માટે તેનો પ્રયત્ન કર.(૧૮૧)

૬. સાચી તત્ત્વદષ્ટિ થયા પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ વગેરેના શુભ ભાવમાં જ્ઞાની જોડાય, પણ તેનાથી ધર્મ થશે એમ તે માને નહિ. સમ્યગ્દર્શન થયા પછી

સ્થિરતામાં આગળ વધતાં વ્રતાદિના પરિણામ આવે, પરંતુ તેનાથી ધર્મ ન માને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિર્મળ શુદ્ધ પર્યાય જેટલે જેટલે અંશે પ્રગટ તેને જ ધર્મ માને. દયા-પૂજા-ભક્તિ વગેરેના શુભ પરિણામ તો વિકારી ભાવ છે, તેનાથી પુણ્યબંધ થાય પણ ધર્મ ન થાય.(૧૯૩)

૭. અહો! જુઓ, આ પરમ સત્ય માર્ગ, ભગવાન સીમંધર પરમાત્મા પૂર્વ વિદેહક્ષેત્રે અત્યારે બિરાજી રહ્યા છે, ત્યાં જઈને શ્રી કુંદકુંદ આચાર્ય દેવ ભગવાન પાસેથી દિવ્ય ધ્વનિ સાંભળી આવ્યા, ને પછી તેમણે આ શાસ્ત્રોમાં પરમ સત્યમાર્ગની ચોખવટ કરી. અહા! કેવો સત્ય માર્ગ! કેવો ચોખ્ખો માર્ગ! કેવો પ્રસિદ્ધ માર્ગ! પણ અત્યારે લોકો શાસ્ત્રના નામે પણ માર્ગમાં મોટી ગરબડ ઊભી કરી રહ્યા છે. શું થાય? કાળ એવો છે. પણ સત્યમાર્ગ તો જે છે તે જ રહેવાનો છે. શુદ્ધોપયોગરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગ ત્રણે કાળે જયવંત છે, તે જ અભિનંદનીય છે.(૨૧૨)

૮. આત્માનું પ્રયોજન સુખ છે. દરેક જીવ સુખ ઇચ્છે છે ને સુખને માટે ઝાવાં નાખે છે, હે જીવ! તારા આત્મામાં સુખ નામની શક્તિ હોવાથી આત્મા જ સ્વયં સુખરૂપ છે. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-એ ત્રણે સુખરૂપ છે, આત્માનો ધર્મ સુખરૂપ છે, દુઃખરૂપ નથી. હે જીવ! તારી સુખશક્તિમાંથી જ તને સુખ મળશે, બીજે ક્યાંયથી તે સુખ નહિ મળે, કેમ કે તું જ્યાં છો ત્યાં જ તારું સુખ છે, જ્યાં દુઃખ પ્રવેશી શકતું નથી. માટે આત્મામાં ડૂબકી મારીને તારી સુખ શક્તિને ઉછાળ-ઉછાળ!! એટલે કે પર્યાયમાં પરિણમાવ. જેથી તારા સુખનો પ્રગટ અનુભવ થાય.(૨૮૬)

અધ્યાત્મશાસ્ત્રના ભાવ કોઈ ગમે તેની પાસેથી સાંભળી લે અથવા તો પોતાની મેળે વાંચી લે તો સ્વચ્છંદે અપૂર્વ આત્મબોધ પ્રગટે નહિ. ગુરુગમરૂપે એક વાર જ્ઞાની પાસે સાક્ષાત્ સીધું સાંભળવું જોઈએ. 'દીવે દીવો પ્રગટે.' સત્ ઝીલવા માટે પોતાનું ઉપાદાન તૈયાર હોય ત્યાં જ્ઞાનીના નિમિત્તપણાનો યોગ સહજ હોય જ. શ્રીમદે કહ્યું છે:

બૂઝી ચહત જો પ્યાસકોં, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.
—૧૧૮.

❀

❀

શુદ્ધતા ને અશુદ્ધતા બંને હોવા છતાં જો શુદ્ધસ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ કરે તો અશુદ્ધતાને જાણશે કોણ? ઉપાદાન ને નિમિત્ત બન્ને હોવા છતાં, ઉપાદાન તરફ વળ્યા વગર નિમિત્તનું યથાર્થ જ્ઞાન કરશે કોણ? શુદ્ધસ્વભાવ ને રાગ, અથવા નિશ્ચય અને વ્યવહાર—બન્ને હોવા છતાં, નિશ્ચય દ્રવ્યસ્વભાવ તરફ દૃષ્ટિ કર્યા વગર વ્યવહાર કહેશે કોણ? નિર્મળ જ્ઞાયકસ્વભાવ તરફના વલણ વગર સ્વ-પરને જાણવાનો વિવેક ઊઘડશે નહિ. અભેદ સ્વભાવ તરફ ઢળવું તે જ અનેકાન્તનું પ્રયોજન છે. ૧૨૦.

❀

ઘણા એમ માને છે કે આત્મા તો બુદ્ધિપૂર્વક પુરુષાર્થ કરે પણ કર્મ નાશ થાય કે ન પણ થાય; પરંતુ એમ નથી. આત્મા પુરુષાર્થ કરે અને કર્મનો નાશ ન થાય એમ બને જ નહિ; અને આત્માએ પુરુષાર્થ કર્યો છે માટે પુરુષાર્થથી કર્મનો નાશ થયો છે—એમ પણ નથી. આત્માનો સમ્યગ્દર્શનનો કાળ છે તે વખતે દર્શનમોહનીયના નાશ વગેરેનો કાળ છે, જ્ઞાનના ઉઘાડનો કાળ છે તે વખતે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમનો કાળ છે અને રાગાદિના અભાવનો કાળ છે.

## ૧૫ 'દ્રવ્ય દષ્ટિ પ્રકાશ' આધારે અભ્યાસ

૧. **મિથ્યાત્વ**

૧. જ્ઞાનની પર્યાય આવે છે અંદરથી, અને અજ્ઞાનીને બહારનું લક્ષ હોવાથી દેખાય છે કે બહારથી આવે છે. તેથી અજ્ઞાનીને પરથી જ્ઞાન થઈ જાય છે એવો ભ્રમ થઈ જાય છે.(૫૮)

૨. (અજ્ઞાનીને) કષાયની મંદતામાં થોડા વિષયો છૂટતાં તેમાં ઠીક માનવા લાગે છે, પરંતુ તે પણ તીવ્ર કષાય જ છે, તેમાં કષાય ભર્યો પડ્યો છે.(૬૯)

૩. (અજ્ઞાની) પરિણામમાં બેસીને શક્તિને જુએ છેઃ ''શક્તિ આવી છે,'' તેમાં તો જોવાવાળો અને શક્તિ બે અલગ ચીજ થઈ જાય છે. જેમ બીજો બીજાની વાત કરે છે તેમ તે થઈ જાય છે.(૭૭)

૪. આ અપેક્ષાથી નિત્ય છું, આ અપેક્ષાથી અનિત્ય છું, એ રીતે બન્નેય ઠીક છે, એમ (અજ્ઞાની) કહે છે. અરે! હું નિત્ય જ છું એવું જોર દેવું તો ભૂલી ગયો-તો શું રહ્યું? અનાદિથી જે (મિથ્યાત્વ) હતું તે જ રહ્યું!(૯૭)

૫. અહીં તો દાતાર થઈ જવાની વાત છે. અહીંથી (બીજા ઉપદેશદાતાથી) લઈ લઉં, એવી વાત જ નથી. એક વખત લાભ મળ્યો તો બીજી વખત પણ લાભ મળી જશે, આ પ્રત્યક્ષ લાભ મળી રહ્યો છે ને! એમને એમ કરીને તેમાં જ (અજ્ઞાની) રોકાઈ જાય છે. અંદરના દાતારની વાત તો રહી નામ માત્ર, અને બહારના દાતારની મુખ્યતા!(૧૦૫)

૬. ત્રિકાળીનું જોર નથી તેથી ક્ષણિક શુભાશુભ ભાવમાં આખે આખો ચાલ્યો જાય છે. ક્ષણિક દુઃખ આવ્યું ત્યાં ત્રિકાળી દુઃખ માનવા લાગે, ક્ષણિક સુખ આવ્યું ત્યાં ત્રિકાળી સુખ માનવા લાગે. અને જો ત્રિકાળીમાં અહંપણું થયું તો ક્ષણિક પર્યાય જે યોગ્યતાનુસાર થવાવાળી છે, તે થાઓ; હું તેમાં ખસતો નથી. (૧૧૦)

૭ ખરેખર તો (મિથ્યાત્વમાં) તીવ્ર દુઃખ લાગવું જોઈએ. જો તીવ્ર દુઃખ લાગે તો સાચા સુખ વિના સંતોષ થઈ શકે નહિ. તેમ જ દુઃખની વેદના સુખને શોધ્યા વિના રહે જ નહિ. (૧૨૨)

૮. એક સમયની પર્યાયમાં જ વેદન તો આવે છે. શક્તિમાં તો વેદન નથી. તેથી આ વેદન જ પ્રસિદ્ધ હોવાથી તેને જ અજ્ઞાની 'આત્મા' માની લે છે. ખરેખર તો આત્મા ક્ષણિક પર્યાયમાં જતો જ નથી, એવો ને એવો જ ત્રિકાળ રહે છે. તેમાં અહંપણું થયા વિના સુખ શાંતિ થઈ શકતી નથી. (૧૩૧)

૨. **સ્વભાવનો મહિમા**

૧. સિદ્ધ પર્યાયથી પણ હું અધિક છું. કારણ કે સિદ્ધ (દશા) તો એક સમયની પર્યાય છે અને હું તો એવી એવી અનંતપર્યાયોનો પિંડ છું.(૭)

૨. જેમ મેરૂ પર્વત અડગ છે, હું પણ (સ્વભાવથી) એવો જ અડગ છું. મેરૂમાં તો પરમાણું આવે જાય છે, પરંતુ મારામાં તો કાંઈ આવતું જતું નથી, એવો હું અડગ છું.(૮)

૩. હું વર્તમાનમાં જ મુક્ત છું, આનંદની મૂર્તિ છું, આનંદથી ભરચક સમુદ્ર જ છું, એવી દૃષ્ટિ થાય, તો પછી મોક્ષથી પણ પ્રયોજન નથી, મોક્ષ થાઓ તો થાઓ, ન થાઓ તો પણ શું? (પર્યાયની આટલી ગૌણતા દ્રવ્યદષ્ટિમાં થઈ જાય છે) મને

તો વર્તમાનમાં પણ આનંદ આવી રહ્યો છે, પછી પરિણતિમાં તો મોક્ષ થશેજ.(૯)

૪. પર્યાયમાં તીવ્ર અશુભ પરિણામ હો, અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હો, મારામાં (એકરૂપ દ્રવ્ય સ્વભાવમાં કાંઈપણ બગાડ સુધાર થતો નથી. હું તો જેવો ને તેવો જ છું.(૧૨)

૫. હું ખુદ જ વર્તમાનમાં ભગવાન છું. (તેમાં) ભગવાન થવું પણ ક્યાં છે? પોતાના સ્વભાવમાં દૃષ્ટિનો પ્રસાર થતાં, પર્યાય પોતાની તરફ ઝૂકતાં ઝૂકતાં પર્યાયમાં કેવળજ્ઞાન-સિદ્ધ દશા આદિ થશે જ.(૨૩)

૬. હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કાંઈ કરવું-ધરવું છે જ નહિ, એવી દૃષ્ટિ થતાં, પરિણામમાં આનંદનો અંશ પ્રગટ થાય છે, અને વધતાં વધતાં પૂર્ણતા થઈ જાય છે.(૩૦)

૭. હું તો ક્યારે પણ ખસું નહિ, એવો ખૂટો છું. પરિણામ આવે છે અને જાય છે. પરંતુ હું તો ખૂટાંની જેમ અચલિત જ રહું છું.(૪૦)

૮. હું વર્તમાનમાં જ સમજણનો પિંડ છું.(૫૪)

૯. ગમે તેવી પણ વાત કહેવામાં આવે, પરંતુ ત્રિકાળીની અધિકતા ક્યારેય પણ છૂટવી ન જોઈએ, કથન ગમે તેવાં આવે પરંતુ તે વાત કાયમ રાખીને બીજી બધી વાત છે. ત્રિકાળીની અધિકતા ક્યારેય છૂટવી જોઈએ નહિ.(૧૬૩)

૧૦. "હું અધિક છું." તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાં-વિકલ્પમાં ખસતો જ નથી-તણાતો જ નથી. એવો ને એવો જ હર સમય રહું છું. વિકલ્પની સાથે - પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું.(૧૯૯)

૩. <u>ભેદજ્ઞાન</u>

૧. હર સમય વિકલ્પથી ભેદજ્ઞાન કરવું નથી પડતું, સહજરૂપ થઈ જાય છે.

૨. નિર્વિકલ્પ અનુભવ થતાં જ જ્ઞાતાદૃષ્ટા થઈ શકાય છે. એમ વિકલ્પથી જ જ્ઞાતા માનીને - થવાવાળું હતું તે થયું એમ માનીને સમાધાનમાં સુખ માને છે તે તો માંસ ખાવામાં અઘોરી અને ભૂંડ વિષ્ટા ખાવામાં, પતંગિયું દીપકમાં સુખ માને છે, તેવું તે સુખ છે. નિર્વિકલ્પ અનુભવ વિના ધારણામાં ઠીક માને-સુખ માને, તે તો કલ્પનામાત્ર છે, વાસ્તવિક સુખ નથી.(૧૧૧)

૩. સ્વદ્રવ્યમાં એકત્વ કર્યા વિના રાગથી અને શરીરથી ભિન્નતા થઈ શકતી નથી, ભલે ભિન્ન છે એમ કહે. અને પોતાના દ્રવ્યમાં એકત્વ થતાં સહજ જ ભિન્નતા થઈ જાય છે. વિકલ્પ ઉઠાવવો પડતો નથી, સહજ જ ભિન્નતા રહે છે.(૧૫૨)

૪. પહેલાં વિકલ્પ ઉઠે છે. પાછળથી સમાધાન કરે કે તે સ્વતંત્ર છે- તો તે યથાર્થ નથી. વિકલ્પની સાથોસાથ જ તે જ ક્ષણે તેનાથી ભિન્નતા થવી જોઈએ.(૧૮૪)

૫. અજ્ઞાનીને એકલું પરિણામનું જ વેદન આવે છે. પરિણામની સાથે આખો અપરિણામી પડ્યો છે, તેનું વેદન આવતું નથી. પરંતુ અપરિણામીમાં દૃષ્ટિ જમાવીને, તેમાં તાદાત્મ્ય કરીને, પ્રસરીને, અહંપણું થતાં એક જ ક્ષણમાં અપરિણામી અને પરિણામ બંનેનો એક સાથએ અનુભવ થાય છે. એકલા પરિણામનું વેદન મિથ્યાદૃષ્ટિને જ થાય છે. જ્ઞાનીને એક સાથે બંને (દ્રવ્યને પર્યાય) નો અનુભવ રહે છે.(૨૦૪)

૬. બહારના સંગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ પર્યાયની સાથે છે, મારી સાથે નથી. વળી જેને પર્યાયમાં જ એકત્ત્વબુદ્ધિ છે તેને તો નિમિત્તની સાથે પણ એકત્વ બુધ્ધિ લંબાય છે. જ્ઞાનીને પર્યાયમાં નિમિત્તની સાથે પણ એકત્ત્વબુદ્ધિ નથી.(૩૦૭)

૭. પ્રશ્ન: રાગ જ્ઞેય છે કે દુ:ખરૂપ છે?
ઉત્તર: સ્વભાવમાં આવ્યો તો રાગ જ્ઞાનમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે અને વેદનમાં દુ:ખરૂપ લાગે છે.(૩૩૨)

૮. આખું જગત જ્ઞાનનું જ્ઞેય છે-અનુકૂળ પ્રતિકૂળ કાંઈ નથી. આ અભિપ્રાયમાં દૃષ્ટિ અભેદ હોવી જોઈએ. અભિપ્રાયમાં પરથી લાભ-નુકસાનીની માન્યતા નથી. અભિપ્રાયમાં ઈચ્છા અને હીનતા નહિ હોવાં જોઈએ.(૫૯૩)

૪. સંસ્કાર

૧. વિચાર મંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય, ત્યારે અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા એકદમ તીવ્ર ધગશથી અંદરમાં ઉતરી જવું જોઈએ.(૭૨)

૨. બસ એક જ વાત છે કે ''હું ત્રિકાળી છું'' એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી થાઓ-યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ.(૮૧)

૩. ખરેખર વાત તો એમ છે કે સાંભળવાથી જે મહિમા આવે છે, તે નહિ, પણ અંદરથી સહજરૂપે (સ્વનું) માહાત્મ્ય આવવું જોઈએ. બહારમાં તીવ્ર થાક લાગે તો અંદરથી જ આવે છે.(૧૦૨)

૪. પ્રશ્ન: પર્યાયથી છૂટું કેવી રીતે થવું?
ઉત્તર: પર્યાયથી તો છૂટો જ છે. ત્રિકાળી તો પર્યાયમાં આવતો જ નથી. પરંતુ પર્યાયમાં એકતા કરી રાખી છે તે એકતા ત્રિકાળીમાં સ્થાપવાની છે.(૧૨૭)

૫. જ્ઞાનીને તો ત્રિકાળીમાં જ અહંપણું હોવાથી, વાંચન, શ્રવણ, પૂજન આદિમાં પણ અંદરથી વૃદ્ધિ થતી રહે છે.(૧૨૮)

૬. થોડું આ તો કરી લઉં, આ તો જાણી લઉં, સાંભળી તો લઉં, તે બધા અટકવાના રસ્તા છે. પોતાના અસંખ્ય પ્રદેશમાં પ્રસરીને પૂરેપૂરા વ્યાપક થઈને સ્થિર રહો ને! સુખ શાંતિ વધતી જશે. વિકલ્પાદિ તૂટતા જશે.(૧૪૦)

૭. પહેલાં વિકલ્પાત્મકમાં તો આ નિર્ણય કરી લ્યો કે પરિણામની અપેક્ષાએ અહીં (અંતરમાં) જ જામવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. વળી તે વિકલ્પાત્મક નિર્ણયનું કરવાનું પણ અવલંબન ન હોવું જોઈએ, અને હું તો અપરિણામી છું-પરિણામમાં જતો નથી એવો અભ્યાસ થતાં દૃષ્ટિ જામી જશે.(૧૬૦)

૮. સ્વાર્થસિદ્ધિના દેવો ૩૩-૩૩ સાગર સુધી ચિંતન, મનન કરે છે. તોપણ કેવળજ્ઞાન નથી થતું, અને અહીં અંતર્મુહુર્ત એકાગ્રતા થતાં કેવળજ્ઞાન થઈ જાય છે. જાણપણાથી પ્રયોજનની સિદ્ધિ થતી નથી, લીનતાથી સિદ્ધિ થાય છે.(૧૬૭)

૫. હકાર (સ્વરૂપ સંબંધી)

૧. આપણે તો આપણું સમજવું. બીજો કેવી રીતે સમજે છે, કેવી રીતે નહિ, તેનું શું પ્રયોજન? બીજામા રોકાશે તો પોતાનો કાળ વ્યર્થ ચાલ્યો જશે.(૩૦૨)

૨. પ્રશ્ન: પ્રયાસ તો કરવો જોઈને ને?

ઉત્તર: અરે ભાઈ! કૃત્રિમ પ્રયાસથી શું થશે? તેના ઉપર વજન નહિ આવવું જોઈએ. હું વર્તમાનમાં જ નિષ્ક્રિય ચૈતન્ય છું. ત્યાં (સ્વરૂપમાં) આવ્યો તો પર્યાયમાં સહજ પ્રયત્ન ઉઠેજ છે. હું તો અનંત પુરુષાર્થની ખાણ છું ને! એક સમયની પ્રયાસમાં થોડો આવી જઉં છું.(૩૨૪)

૩. પોતાના ત્રિકાળ સ્વભાવને પકડ્યા વિના જીવને નિશ્ચય પ્રતીતિ આવશે જ નહિ.(૩૬૧)

૪. ઘરવાળાની બધી જાતની પ્રતિકૂળતા હોવાથી પોતાનું કામ કેમ કરવું? પોતાની અંદરમાં બેસીને પોતાનું કામ કરો. તે પોતાનું કામ અંદરમાં બેસીને કરવામાં ન ઘરવાળા જાણશે, ન બહારવાળા જાણશે. આપણે શું કરીએ છીએ અને ક્યાં છીએ, તે પણ કોઈ નહિ જાણે. એ રીતે અંદરમાં પોતાનું કામ થઈ શકે છે.૩૮૬)

૫. બંધનરહિત સ્વભાવ માટે વાંચન, મનન, ઘૂંટણ કરું તો પક્કડમાં આવે, તે વાત જ નથી. તે તો હું ત્રિકાળી જ છું-એમ વર્તમાનમાં જ તેમાં થંભી જાઓ! (૩૯૪)

૬. ખરેખર તો બળવાન વસ્તુનું બળ આવવું જોઈએ. અંદરથી.(૪૧૬)

૭. પોતાથી જ કામ થશે, તે તો પહેલાં પાકું થઈ જવું જોઈએ. પોતાનું બળ આવ્યા વિના તો કોઈ આધાર જ નથી.(૪૨૬)

૮. ''પહેલાં હું સમજી લઉં. પછી પ્રયાસ કરીશ'' એમ તો કાર્ય થશે જ નહિ. અંતર પ્રયાસ તો સાંભળતાં જ ચાલુ થઈ જવો જોઈએ.(૪૨૮)

૯. સાંભળવાનો અભિપ્રાય જ ન હોવો જોઈએ. સાંભળવાનો રાગ થવો અને અભિપ્રાય થવો બંનેમાં બહુ જ ફરક છે. સાંભળતા જ આ તરફનો (અંતર્મુખપણાો) પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ.(૪૩૯)

૧૦. વિકલ્પાત્મક નિર્ણય છૂટીને સ્વ-આશ્રિત જ્ઞાન ઉઘડે છે. જે જ્ઞાન સુખને આપે છે- તે જ જ્ઞાન છે.(૪૬૨)

૬. **વિકલ્પાત્મક નિર્ણય**

૧. જ્ઞાનનો વિષય દૃષ્ટિના વિષયને સાધવા પુરતો લક્ષમાં લેવો ઠીક છે, બાકી તેનું (તેનાથી વધારે) પ્રયોજન નથી. (૧૪)

૨. વિકલ્પથી અને મનથી કરેલો નિર્ણય સાચો નથી. પોતાની તરફ દૃષ્ટિનું તાદાત્મ્ય કરવાથી જ, પોતાથી કરેલો નિર્ણય જ સાચો નિર્ણય છે. પહેલા વિકલ્પથી, અનુમાનથી નિર્ણય થાય, તેમાં પણ લક્ષ તો અંતરમાં ઢળવાનું જ હોવું જોઈએ.(૪૯)

૩. પ્રશ્ન: અનુભવ માટે વિચાર, મનન, ઘૂંટણમાં રહેવું જોઈએ?
ઉત્તર: પર્યાયમાં બેસીને ઘૂંટણ, મનન કરવામાં પર્યાયમાં ઠીકપણું રહે છે અને દ્રવ્યમાં બેસવાથી ઘૂંટણ મનન સહજ થાય છે. ઘૂંટણ આદિ પર જોર નથી, સહજ થાય છે. જોર તો અહીં (અંતર તત્ત્વનું) રહે છે. પર્યાયમાં બેસીને ઘૂંટણ કરવાથી અંદરમાં આવી શકાતું નથી.(૬૫)

૪. પ્રશ્ન: પાકા નિર્ણય વિના, હું શુદ્ધ છું, ત્રિકાળી છું, ધ્રુવ છું, એમ અનુભવનો અભ્યાસ કરે તો, અનુભવ થઈ શકે કે કેમ?
ઉત્તર: નહીં. પાકો નિર્ણય નહીં પરંતુ યથાર્થ નિર્ણય કહો. યથાર્થ નિર્ણય થયા બાદ નિર્ણયમાં પાકાપણું થાય છે. પછી અનુભવ થાય છે.(૯૨)

૫. વિકલ્પની ભૂમિકામાં પણ જેને નિર્ણય થતો નથી તેને નિર્વિકલ્પ નિર્ણય થવાનો અવકાશ જ ક્યાં છે?

૬. પર્યાયને જ્યાં (અંતરમાં) જવું છે તે તો નિવૃત્તિ-પ્રવૃત્તિ બંનેથી રહિત છે. તો પણ જવાવાળાને નિવૃત્તિનો જ વિકલ્પ વચ્ચે આવે છે. પ્રવૃત્તિથી ખસવાનો જ ભાવ આવે છે. આ નિયમ છે. નિયમ હોવા છતાં પણ તેના પર વજન નથી. એવો જ ભાવ વચ્ચે આવી જાય છે.(૨૧૨)

૭. ધ્રુવતત્ત્વને સમજવા માટે પર્યાય સિવાય કોઈ બીજો ઉપાય નથી. તેથી પર્યાયથી જ બધી વાત કહેવામાં (સમજાવવમાં) આવે છે.(૪૬૬)

૮. જેને પોતાનું સુખ જોઈએ છે તેને, જેને પોતાનું સુખ પ્રગટ્યું છે તેની પાસે જવાનો ભાવ આવે છે.(૫૦૧)

૯. પ્રત્યેક પરિણામ સત્ છે. તેમાં ફેરફાર કરવાનો વિકલ્પ જુઠો છે. ધ્રુવ સદા ધ્રુવરૂપ જ છે. તે ઉત્પાદ-વ્યયને શું કરે? હું તો વિકલ્પમાત્ર અને પરિણામમાત્રથી રહિત છું.(૫૮૪-૫૮૫)

૭. <u>પુરુષાર્થ :</u>

૧. <u>પુરુષાર્થની વ્યાખ્યા</u>: સહજ ઉધમ. હું તો અનાદિ અનંત મારા સ્વરૂપમાં સ્થિત છું-<u>નિર્વિકલ્પ છું-જે</u> સુખરૂપ છે. વિકલ્પવાળો કૃત્રિમ ઉધમ ખોટો પુરુષાર્થ છે, દુ:ખરૂપ છે. (૫૮૨)

૨. પુરુષાર્થ કરૂં, પુરુષાર્થ કરૂ-તે વાત પણ થી-સહજ પુરુષાર્થનું એવું સ્વરૂપ નથી. હું વર્તમાનમાં જ અનંત પુરુષાર્થનો પિંડ છું. એવા સ્વ આશ્રયમાં પર્યાય દ્રવ્ય તરફ ઢળી જાય છે. તેથી ઉપદેશમાં પર્યાયની અપેક્ષાએ પુરુષાર્થ કરવાનું કહેવામાં આવે છે.(૨૨)

૩. યોગ્યતા હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઉતરી જાય છે. તેથી તો કહે છે કે "તેવી તેની કાળલબ્ધિ" ત્યાં અજ્ઞાની કહે અરે, પુરુષાર્થને તો ઉડાડી દીધો! અરે ભાઈ! પુરુષાર્થ તેનાથી જુદો થોડો છે? કોઈ સ્વચ્છંદતા કરી લે, તેથી પુરુષાર્થ કરવો તેમ કહ્યું છે, પરંતુ ત્રિકાળીમાં અહંપણું થાય તેમાં પુરુષાર્થ તો હોય જ છે પરંતુ આ પુરુષાર્થની પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દળ જ છું પુરુષાર્થનો પિંડ જ છું, પુરુષાર્થનો ધામ જ છું.(૧૧૩)

૪. (વિકલ્પાત્મક) કૃત્રિમ પુરુષાર્થની તો વાત જ શું? પરંતુ અક્રિય (ચદૃબિંબની) દષ્ટિમાં તો સહજ પુરુષાર્થની પણ ગૌણતા છે. કારણ કે તે પણ ક્રિયા (એક સમયની પર્યાય) છે. અને અક્રિય (સ્વરૂપ) દષ્ટિમાં ક્રિયામાત્રની ગૌણતા છે.

૫. હું જ પુરુષાર્થની ખાણ છું ને! દષ્ટિએ પુરુષાર્થની ખાણનો કબજો લઈ લીધો પછી પર્યાયમાં પુરુષાર્થ, સુખ વગેરે સહજ થાય જ છે.(૨૫૫)

૬. સંસારમાં બધા વિષયમાં પ્રયત્ન કરો છો તો અહીં (અંતર સ્વરૂપનો) પ્રયાસ પણ કરો ને! આ પ્રયાસમાં તો ઉત્કૃષ્ટ શુભ ભાવ છે કે જે બીજી કોઈ જગ્યાએ થતો નથી. આ પણ છે તો કૃત્રિમ પ્રયાસ, પરંતુ અકૃત્રિમ પ્રયાસ પહેલાં તે પણ આવ્યા વિના રહેતો નથી.(૩૦૮)

૭. સ્વદ્રવ્યમાં જામી જવું એક જ કર્તવ્ય છે, તે પણ પરિણામની અપેક્ષાથી. મારી અપેક્ષાએ, હું તે કૃતકૃત્ય જ છું-કાંઈ કર્તવ્ય નથી. હું તો અનંતવીર્યની ખાણ છું.(૩૧૮)

૮. કૃત્રિમ પ્રયાસ પર વજન નહિ આવવું જોઈએ. હું વર્તમાનમાં જ નિષ્ક્રિય ચૈતન્ય છું. ત્યાં સ્વરૂપમાં આવ્યો તો પર્યાયમાં સહજ પ્રયત્ન ઉઠે છે. હું તો અનંત પુરુષાર્થની ખાણ છું ને!(૩૨૪)

૮. <u>વૈરાગ્ય</u>

૧. પોતાના પરિણામ સુધી જ પોતાની (કાર્ય) સીમા છે. તેનાથી આગળ કોઈ દ્રવ્ય જઈ શકતું નથી.(૧૮)

૨. જ્યાં એક વાર આનંદની ઘૂંટ પી લીધી, ત્યાં તો વારંવાર તે જ ઘૂંટ પીવા માટે પોતાની તરફ આવવું પડશે. બીજી કોઈ જગ્યાએ પરિણતિને રસ જ નહિ પડે. વારંવાર પોતાની તરફ આવવાનું જ લક્ષ રહેશે. બીજો બધો રસ ઉડી જશે.(૨૧)

૩. જ્યારે દૃષ્ટિ પોતાના સ્વરૂપમાં તાદાત્મ્ય થાય છે, તો પણ થોડો કાળ રાગ આવે તો છે. પરંતુ રાગ લંગડો થઈ જાય છે, તેને આધાર નથી રહેતો.(૩૯)

૪. અહીં પોતાના (ચૈતન્ય) ગોળામાં એવો લીન થઈ જાય કે તેના રસથી પરિણતિ બીજી જગ્યાએ જાય જ હીં. તેને વૈરાગ્ય કહે છે.(૨૦૮)

૫. આનંદના અનુભવમાં તો રાગથી પણ ભિન્ન ચૈતન્યગોળો છૂટો એકલો અનુભવમાં આવે છે. તેના આનંદની શું વાત કરીએ! એ તો અંદરથી નીકળવું જ ગમે નહિ, બહારમાં આવતાં જ ભઠ્ઠી ભઠ્ઠી લાગે.(૯૧)

૬. <u>પ્રશ્ન</u>: પરિણામ અંદર જામતા નથી, બહાર કેમ દોડે છે?
<u>ઉત્તર</u>: વાછરડાને બાંધીએ નહિ તો બહાર ચરવા લાગે છે. જો ખૂંટે બાંધી દઈએ તો ફર્યા કરે પણ ત્યાંથી બહાર ન જઈ શકે. તેમ ધ્રુવમાં પર્યાયને બાંધી દેવાય તો પર્યાય ધ્રુવમાં જ ફરશે. બહાર નહિ જાય. ફરવું તો તેનો સ્વભાવ છે. પરંતુ ધ્રુવ ખૂંટામાં જ ફરશે, અને સુખ મળતું રહેશે.(૧૪૫)

૭. ઉપયોગ પોતાથી બહાર નીકળે તો જમનો દૂત જ આવ્યો, એમ દેખો! (બહારમાં) ચાહે ભગવાન પણ ભલે હોય. ઉપયોગ બહારમાં જાય તેમાં પોતાનું મરણ થઈ રહ્યું છએ. બહારના પદાર્થથી તો મારો કોઈ સંબંધ જ નથી. પછી ઉપયોગને બહારમાં લંબાવવો શા માટે?(૨૪૩)

૮. આખરે તો સિદ્ધ દશામાં એકાંત (એકલા) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ એકાંતનો અભ્યાસ બે, ચાર, પાંચ કલાક હોવો જોઈએ.(૨૯૮)

૯. <u>સહજતા</u>

૧. <u>પ્રશ્ન</u>: શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છેને?
<u>ઉત્તર</u>: પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય! હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું. પ્રયત્ન શું કરું! સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું, હું ત્રિકાળી છું, એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે.(૭૧)

૨. સ્વદ્રવ્યમાં એકત્ત્વ કર્યા વિના રાગથી અને શરીરથી ભિન્નતા થઈ શકતી નથી, ભલે ભિન્ન છે, ભિન્ન છે એમ કહે અને પોતાના દ્રવ્યમાં એકત્ત્વ થતાં સહજ જ ભિન્નતા થઈ જાય છે, વિકલ્પ ઉઠાવવો પડતો નથી, સહજ જ ભિન્નતા રહે છે.(૧૫૨)

૩. શુદ્ધ જીવાસ્તિકાયની દૃષ્ટિ વિના, શાસ્ત્રમાં જે કથન આવે છે, તેની કેટલી હદ સુધી મર્યાદા છે, તે સમજમાં આવે નહિ અને દૃષ્ટિ થતાં જ્ઞાનમાં સહજ જ બધી વાતો સમજમાં આવી જાય છે.(૧૬૬)
૪. પરિણામનું કાર્ય પરિણામ કરશે. તમે તેની દરકાર છોડો. તમે તો પોતાના નિત્ય ઘરમાં જ બેસી રહો. પોતાના ઘરમાં (દ્રવ્ય સ્વભાવમાં) બેસે તો બધું સહજ જ સહજ છે.(૧૯૮)
૫. ધ્રુવતત્ત્વ પર પગ રાખો તો પર્યાયમાં બધું કાર્ય સહજ જ થશે.(૨૩૦)
૬. બહારથી તો આપણે કાંઈ પ્રયોજન છે જ નહિ. તેથી બાહ્ય પદાર્થોથી તો સહજ ઉદાસીનપણું રહે જ.(૨૮૩)
૭. સહજ પુરુષાર્થથી થાક લાગશે નહિ. સૂવા વગેરેના ભાવમાં પણ દુઃખ લાગશે. નિદ્રામાં પણ થાક લાગશે.(૩૬૨)
૮. સ્વચ્છંદથી ડરો નહિ. અત્યાર સુધી (સ્વરૂપના અભાનમાં) સ્વચ્છંદ જ ચાલતો આવ્યો છે. હવે તો ''સહજ સ્વચ્છંદ (સ્વમાં પ્રવૃત્તિરૂપ) દશા'' પ્રગટ કરો. વિવેક આપોઆપ આવી જશે.(૪૯૫)
૯. વિકલ્પ સહજ થાય છે, નિર્વિકલ્પતા પણ સહજ થાય છે, અને હું પણ સહજ છું.(૫૫૫)
૧૦. ધારણા સહજ થાય છે. હું આ ધારણા કરી લઉં એ તો બોજો ઉપાડવાનો છે. વળી ધારણા ઉપર વજન નહિ આવવું જોઈએ. ધારણા હોવી તો જોઈએ ને! એવું વજન નહિ હોવું જોઈએ. સહજ હોં.(૧૭૭)

૧૧. <u>અનુભૂતિ</u>:
૧. <u>પ્રશ્ન</u>: શરૂઆતવાળાએ અનુભવનો પ્રયત્ન કઈ રીતે કરવો? <u>ઉત્તર</u>: હું પરિણામમાત્ર નથી, ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપી દેવું તે જ ઉપાય છે.(૭૦)
૨. અનુભૂતિ માટે એક જ માસ્ટર કી (ચાવી) છે, બધી વાતોમાં (શાસ્ત્રો માં) એક જ સાર છે. ''ત્રિકાળીપણામાં અહંપણું જોડી દેવાનું છે.''(૯૦)
૩. હું શુદ્ધ છું, એવો છું, એવા વિકલ્પ કરવાની વાત નથી. અને વિચાર પણ એક સમયની પર્યાયમાં થાય છે.અહીં તો 'હું આવો જ છું' એવા ત્રિકાળી માં અહંપણું થઈને અનુભવપૂર્વક એવું પરિણમન થઈ જવું જોઈએ. વિચારાદિ તો પર્યાયનો સ્વભાવ હોવાથી ચાલે જ છે, પરંતુ જોર ધ્યેય સ્વભાવની તરફ રહે છે, તો પરિણતિ ત્રિકાળની તરફ ઢળી જાય છે.(૯૩)
૪. અનુભવની વાત તો શું કહેવી! એકવાર વિજળીના કરંટની જેમ અંદરમાં ઉતરી જવું જોઈએ. જેમ કરંટનો કાળ થોડો, તો પણ આખું શરીર ઝણઝણી ઉઠે છે, તેમ અસંખ્ય પ્રદેશમાં આનંદ આનંદ થઈ જાય છે. પછી શુભાશુભ વિકલ્પ આવે છે. પણ અનુભવથી છૂટવા ઇચ્છે નહિ, તો પણ છૂટી જાય છે. છૂટી જાય તો છૂટો, પણ હું તો આ ત્રિકાળી આત્મા જ છું.(૧૦૮)
૫. <u>પ્રશ્ન</u>: આત્મા તો દેખાતો નથી તો પ્રત્યક્ષ કેમ થાય? <u>ઉત્તર</u>: પરિણામ તો દેખાય છે ને? તો પરિણામ જેમાંથી આવે છે એ ચીજનું પહેલાં અનુમાન કરવામાં આવે છે, પછી પ્રત્યક્ષ (વેદનથી) કરવો.(૫૦૬)
૬. પરિણામથી અહંપણું ખસવું અને ત્રિકાળી સ્વભાવમાં અહંપણું થવું તે શુદ્ધ જીવનું સ્વરૂપ છે.(૫૬૯)

૭. હું ત્રિકાળી તત્ત્વ છું એમાં અહંપણું કરવું એ જ બાર અંગ ચૌદ પૂર્વનો સાર છે. અંગ પૂર્વમાં આ જ કહેવું છે.(૫૭૧)

૮. હર સમયે દ્રવ્યસ્વભાવની અધિકતા રહેવી જોઈએ. તરણાની ઓથે ડુંગર દેખાતો નથી, તે રીતે દૃષ્ટિ પરિણામ ઉપર રોકવાથી પરિણામી ઢંકાઈ જાય છે. હું તો અપરિણામી છું.(૫૯૯)

# (૧૬) શ્રી સમયસાર ભાવાનુવાદ

## ૧. જીવાજીવ અધિકાર

૧. ધ્રુવ, અચલ, અનુપમગતિને પ્રાપ્ત એવા સર્વ સિદ્ધોને વંદીને હું અહો! શ્રુત-કેવલીઓએ ભાષિત આ સમયપ્રાભૃત (સમયસાર) કહીશ.
૨. ચરિત્ર-દર્શન-જ્ઞાન સ્થિત જીવ તે જ સ્વસમય જાણ. અને પુદ્ગલ કર્મપ્રદેશ સ્થિત (જીવ) તે પરસમય જાણ.
૩. સર્વત્ર લોકમાં એકત્વ નિશ્ચયગત સમય સુંદર છે. તેથી એકત્વમાં બંધકથા વિસંવાદિની હોય છે.
૪. સર્વને કામભોગ-બંધનકથા શ્રુત. પરિચિત અનુભૂત છે, પણ વિભક્ત એવા કેવલ એકત્વનો ઉપલંભ (પ્રાપ્તિ-અનુભવ) સુલભ નથી.
૫. એકત્વથી વિભક્ત એવો તે આત્મા હું આત્માના સ્વવિભવથી દર્શાવું છું. જે દર્શાવું તે પ્રમાણ કરજો. ચૂકીને છલ ગ્રહણ ન કરજો.
૬. જ્ઞાયક એવો જે ભાવ નથી હોતો અપ્રમત્ત. નથી હોતો પ્રમત્ત. શુદ્ધનય એને 'શુદ્ધ' કહે છે; અને જે જ્ઞાત તે તો તે જ છે.
૭. વ્યવહારથી જ્ઞાનીને જ્ઞાન-દર્શનન-ચારિત્ર છે. નિશ્ચયથી જ્ઞાન પણ નથી. દર્શન પણ નથી. ચારિત્ર પણ નથી. તે શુદ્ધ જ્ઞાયક જ છે.
૮. જેમ અનાર્ય ભાષા વિના અનાર્યને સમજાવવો શક્ય નથી; તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે.
૯. (૯ અને ૧૦) જે શ્રુતથી નિશ્ચયે કરીને આ કેવલ શુદ્ધ એવા આત્માને જાણે છે. તેને લોકપ્રદીપકર ઋષિઓ 'શ્રુતકેવલી' કહે છે. જે શ્રુતજ્ઞાન સર્વને જાણે છે તેને જિનો 'શ્રુતકેવલી' કહે છે. કારણ કે જ્ઞાન સર્વ આત્મા છે. તેથી તે 'શ્રુતકેવલી' છે.
૧૧. વ્યવહાર અભૂતાર્થ અને શુદ્ધનય ભૂતાર્થ દર્શાવવામાં આવ્યો છે. ભૂતાર્થને આશ્રિત જીવ નિશ્ચયે કરીને સમ્યગ્દષ્ટિ હોય છે.
૧૨. શુદ્ધ આદેશવાળો શુદ્ધનય પરમભાવદર્શીઓએ જાણવો યોગ્ય છે. પણ જેઓ અપરમભાવમાં સ્થિત છે. તેઓ તો વ્યવહારથી ઉપદેશિત છે.
૧૩. ભૂતાર્થથી જાણવામાં આવેલા જીવ. અજીવ. પુણ્ય. પાપ. આસ્રવ. સંવર. નિર્જરા. બંધ અને મોક્ષ - એ સમ્યક્ત્વ છે.
૧૪. જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ. અનન્ય. નિયત. અવિશેષ. અસંયુક્ત એવો દેખે છે. તે શુદ્ધનય જાણ!
૧૫. જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ. અનન્ય. અવિશેષ એવો દેખે છે. તે સર્વ જિનસાશનને દેખે છે. - કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.
૧૬. દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધુએ નિત્ય સેવવા યોગ્ય છે. અને તે ત્રણેય નિશ્ચયથી આત્મા જ જાણ.
૧૭. (૧૭ અને ૧૮) જેમ કોઈ પુરુષ રાજાને જાણીને સદ્દહે (શ્રદ્ધે) છે. પછી અર્થાર્થી એવો તે તેને પ્રયત્નથી અનુચરે છે. તેમ જીવ-રાજા જાણવો યોગ્ય છે. પછી શ્રદ્ધવો યોગ્ય છે અને મોક્ષકામીએ પુનઃ તે જ અનુચરવો યોગ્ય છે.
૧૯. કર્મ અને નોકર્મમાં 'હું' એવી અને હું કર્મ-નોકર્મ એવી જે ખરેખર! આ બુદ્ધિ જ્યાં લગી હોય છે. ત્યાં લગી આત્મા અપ્રતિબુદ્ધ હોય છે.
૨૦. (૨૦ થી ૨૨) સચિત્, અચિત્ વા મિશ્ર એવું અન્ય જે પરદ્રવ્ય તે આ હું છું. આ દ્રવ્ય મુજ સ્વરૂપ છે. હું આનો જ હોઉં છું. આ મારું છે. આ પૂર્વે મારું હતું. હું પણ આ પૂર્વકાળે હતો. આ પુનઃ પણ મારું હશે. અને હું પણ આ હોઈશ. - આ અસદ્ભૂત આત્મવિકલ્પ સંમૂઢ કરે છે. પણ ભૂતાર્થને જાણતો અસંમૂઢ તેમ કરતો નથી.
૨૩. (૨૩ થી ૨૫) અજ્ઞાનથી જેની મતિ મોહિત થઈ છે. એવો બહુભાવ સંયુક્ત જીવ. બદ્ધ અને અબદ્ધ એવું આ પુદ્ગલ દ્રવ્ય 'આ મારું' એમ કહે છે. સર્વજ્ઞ જ્ઞાનથી દૃષ્ટ એવો જીવ નિત્ય ઉપયોગ લક્ષણવાળો છે. તે વળી પુદ્ગલ દ્રવ્યરૂપ કેવી રીતે થઈ ગયો? કે જેથી 'આ મારું' એમ કહે છે. જો તે (જીવ) પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયો. તો ઈતર (પુદ્ગલ) જીવત્વ પામી ગયું! તો જ તું કહી શકે કે આ પુદ્ગલદ્રવ્ય મારું છે.
૨૬. જીવ જો શરીર નથી. તો તીર્થંકર આચાર્યની સ્તુતિ તે સર્વ પણ મિથ્યા હોય છે. તેથી આત્મા તે દેહ હોય છે.

૨૭. (૨૭ થી ૩૦) વ્યવહારનય ભાખે છે કે – જીવ અને દેહ ખરેખર એક છે, પણ નિશ્ચયનયના અભિપ્રાયે તો જીવ અને દેહ કદાપિ એક અર્થ નથી. જીવથી અન્ય એવા આ પુદ્દગલમય દેહને સ્તવી મુનિ માને છે કે મારાથી કેવલી ભગવાન સ્તવાયા અને વંદાયા. તે નિશ્ચયમાં યુક્ત નથી, કારણકે શરીરગુણો કેવલીના હોતા નથી. જે કેવલી ગુણોને સ્તવે છે, તે કેવલીતત્વને સ્તવે છે. નગરનું વર્ણન કરવામાં આવ્યે, જેમ રાજાનું વર્ણન થતું નથી, તેમ દેહગુણ સ્તવવામાં આવતાં કેવલીગુણોની સ્તવના થતી નથી.

૩૧. જે ઇંદ્રિયોને જીતિને જ્ઞાન સ્વભાવથી અધિક એવા આત્માને જાણે છે, તેને જ નિશ્ચયે કરીને જિતેન્દ્રિય તેઓ કહે છે. કે જે સાધુઓ નિશ્ચયવંત છે.

૩૨. જે મોહને જીતીને જ્ઞાન સ્વભાવથી અધિક એવા આત્માને જાણે છે, તેને 'જિતમોહ' સાધુ પરમાર્થ વિજ્ઞાયકો કહે છે.

૩૩. જીતમોહ સાધુનો ક્ષીણમોહ જ્યારે હોય, ત્યારે જ નિશ્ચયે કરીને તે નિશ્ચયવિદોથી 'ક્ષીણમોહ' કહેવાય છે.

૩૪. કારણકે સર્વ ભાવોને 'પર' એમ જાણીને ત્યજે (પચ્ચખે) છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન નિયમથી જાણવું.

૩૫. જેમ ખરેખર! સ્ફુટપણે કોઈપણ પુરુષ 'આ પરદ્રવ્ય છે' એમ જાણી ત્યજી દે છે, તેમ સર્વ પરભાવોને જાણીને જ્ઞાની છોડી દે છે.

૩૬. મારે કોઈપણ મોહ છે નહિ, ઉપયોગ જ જણાય છે, હું એક છું, તેને મોહ નિર્મમત્વ સમયના વિજ્ઞાયકો જાણે છે.

૩૭. ધર્મ આદિ મારાં નથી, જે ઉપયોગ છે તે હું છું, એમ ધર્મ નિર્મમત્વ સિદ્ધાંતના જ્ઞાયકો કહે છે.

૩૮. હું નિશ્ચયથી એક, શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું; અન્ય કંઈ પણ પરમાણુ માત્ર મારું નથી જ.

## અજીવ અધિકાર

૩૯. (૩૯ થી ૪૩) આત્માને નહિ જાણતા એવા મૂઢ પરમાત્વવાદીઓ કોઈ અધ્યવસાન જીવ છે એમ પ્રરૂપે છે. તથા કર્મ જીવ છે એમ પ્રરૂપે છે. બીજાઓ અધ્યવસાનમાં તીવ્ર-મંદ અનુભાગને જીવ માને છે, તથા બીજા વળી નોકર્મને જીવ માને છે. બીજા કર્મના ઉદયને જીવ કહે છે, તો વળી બીજા તીવ્રત્વ-મંદત્વ ગુણથી કર્માનુભાગને જીવ કહે છે. કોઈ જીવ કર્મ-ઉભય એ બંનેને જીવ કહે છે; અને બીજા કર્મોના સંયોગથી જીવ હોય છે એમ કહે છે. એમ બહુ પ્રકારના અલ્પમતિઓ (મિથ્યાત્વિઓ - દુર્બુદ્ધિઓ) પરને આત્મા કહે છે, પણ તે નિશ્ચયવાદીઓથી 'પરમાત્મવાદી' નિર્દિષ્ટ નથી અથવા પરમાર્થવાદી નિર્દિષ્ટ નથી અથવા પરમાર્થવાદી નથી એમ નિર્દિષ્ટ છે.

૪૪. આ સર્વ ભાવો કેવલી જિનોથી પુદ્દગલ દ્રવ્યના પરિણામોથી નિષ્પન્ન થયેલા કહેવામાં આવ્યા છે, તે 'જીવ' એમ કેમ કહેવાય?

૪૫. આઠ પ્રકારનું પણ કર્મ સર્વ પુદ્દગલમય જિનો કહે છે, જે વિપાક પામી રહેલનું ફળ 'દુઃખ' એમ કહેવાય છે.

૪૬. આ સર્વ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ છે એવો જિનવરોએ જે ઉપદેશ વર્ણવ્યો છે તે વ્યવહારનય દર્શાવ્યો છે.

૪૭. (૪૭ અને ૪૮) (જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં) 'આ રાજા નીકળ્યો' એમ આ જે સેનાના સમુદાયને કહેવામાં આવે છે તે વ્યવહારથી કહેવામાં આવે છે, તે સેનામાં (વાસ્તવિકપણે) રાજા તો એક જ નીકળ્યો છે; તેવી જ રીતે અધ્યવસાન આદિ અન્યભાવોને '(આ) જીવ છે' એમ પરમાગમમાં કહ્યું છે તે વ્યવહાર કર્યો છે, નિશ્ચયથી વિચારવામાં આવે તો તેમનામાં જીવ તો એક જ છે.

૪૯. હે ભવ્ય! તું જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, અવ્યક્ત (ઇંદ્રિયોથી અગોચર) એવો, ચેતના જેનો ગુણ છે એવો, શબ્દરહિત કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી અને જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો જાણ.

૫૦. (૫૦ થી ૫૫) જીવને વર્ણ નથી, ગંધ પણ નથી, રસ પણ નથી, સ્પર્શ પણ નથી, રૂપ પણ નથી, શરીર પણ નથી, સંસ્થાન પણ નથી, સંહનન પણ નથી, જીવને રાગ પણ નથી, દ્વેષ પણ નથી, મોહ પણ વિદ્યમાન નથી, પ્રત્યયો પણ નથી, કર્મ પણ નથી અને નોકર્મ પણ તેને નથી, જીવને વર્ગ નથી, વર્ગણા નથી, કોઈ સ્પર્ધકો પણ નથી, અધ્યાત્મસ્થાનો પણ નથી અને અનુભાગસ્થાનો પણ નથી, જીવને કોઈ યોગસ્થાનો પણ નથી અથવા બંધસ્થાનો પણ નથી, વળી ઉદયસ્થાનો પણ નથી, કોઈ માર્ગણાસ્થાનો પણ નથી, જીવને સ્થિતિબંધસ્થાનો પણ નથી અથવા સંક્લેશસ્થાનો પણ નથી, વિશુદ્ધિસ્થાનો પણ નથી અથવા સંયમલબ્ધિસ્થાનો પણ નથી; વળી જીવને જીવસ્થાનો પણ નથી અથવા ગુણસ્થાનો પણ નથી; કારણ કે આ બધા પુદ્દગલદ્રવ્યના પરિણામ છે.

૫૬. આ વર્ણથી ગુણસ્થાન સુધીના ભાવો કહેવામાં આવ્યા છે તે વ્યવહારનયથી તો જીવના છે, પરંતુ નિશ્ચયનયના મતમાં તે કોઈ પણ જીવના નથી.

૫૭. આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો જાણવો. અને તેઓ તે જીવના નથી કારણ કે જીવ તેમનાથી ઉપયોગગુણે અધિક છે.

૫૮. (૫૮ થી ૬૦) જેમ માર્ગ ચાલનારને લૂંટાતો દેખીને 'આ માર્ગ લૂંટાય છે' એમ વ્યવહારથી લોકો કહે છે; ત્યાં પરમાર્થે તો તે માર્ગ નથી લૂંટાતો, તે માર્ગ ચાલનાર લુંટાય છે. તેવી રીતે જીવમાં કર્મોનો અને નોકર્મોનો વર્ણ દેખીને 'જીવનો આ વર્ણ છે' એમ જિનદેવોએ વ્યવહારથી કહ્યું છે. એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, દેહ, સંસ્થાન આદિ જે સર્વ છે, તે સર્વ વ્યવહારથી નિશ્ચયના દેખનારા કહે છે.

૬૧. વર્ણાદિક છે તે સંસારમાં સ્થિત જીવોને તે સંસારમાં હોય છે અને સંસારથી મુક્ત થયેલા જીવોને નિશ્ચયથી વર્ણાદિક કોઈપણ ભાવો નથી.

૬૨. જો તું એમ માને કે આ વર્ણાદિક સર્વ ભાવો જીવ જ છે, તો તારા મતમાં જીવ અને અજીવનો કાંઈ ભેદ રહેતો નથી.

૬૩. (૬૩ થી ૬૪) અથવા જો તારો મત એમ હોય કે સંસારમાં સ્થિત જીવોને જ વર્ણાદિ (તાદાત્મ્યસ્વરૂપે) છે, તો તે કારણે સંસારમાં સ્થિત જીવો રૂપીપણાને પામ્યા; એમ થતાં, તેવું લક્ષણ તો (રૂપીપણું) પુદ્‌ગલદ્રવ્યનું હોવાથી, હે મૂઢબુદ્ધિ! પુદ્‌ગલદ્રવ્ય તે જ જીવ ઠર્યું અને (માત્ર સંસારાવસ્થામાં જ નહિ પણ) નિર્વાણ પામ્યે પણ પુદ્‌ગલ જ જીવપણાને પામ્યું!

૬૫. (૬૫ અને ૬૬) એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવો – એ નામકર્મની પ્રકૃતિઓ કે જેઓ પુદ્‌ગલમય તરીકે પ્રસિદ્ધ છે તેમના વડે કરણસ્વરૂપ થઈને રચાયેલાં જે જીવસ્થાનો છે તેઓ જીવ કેમ કહેવાય?

૬૭. જે પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ, અને બાદર આદિ (સાત) જેટલી દેહને જીવસંજ્ઞા કહી છે તે બધી સૂત્રમાં વ્યવહારથી કહી છે.

૬૮. જે આ ગુણસ્થાનો છે તે મોહકર્મના ઉદયથી થાય છે એમ (સર્વજ્ઞનાં આગમમાં) વર્ણવવામાં આવ્યું છે; એઓ જીવ કેમ હોઈ શકે કે જેઓ સદા અચેતન કહેવામાં આવ્યાં છે?

## ૨. કર્તાકર્મ અધિકાર

૬૯. (૬૯ અને ૭૦) જીવ જ્યાં સુધી આત્મા અને આસ્રવ – એ બન્નેના તફાવત અને ભેદને જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની રહી ક્રોધાદિ આસ્રવોમાં પ્રવર્તે છે; ક્રોધાદિકમાં વર્તતા તેને કર્મનો સંચય થાય છે. ખરેખર આ રીતે જીવને કર્મોનો બંધ સર્વજ્ઞદેવોએ કહ્યો છે.

૭૧. જ્યારે આ જીવ આત્માના અને આસ્રવોના તફાવત અને ભેદને જાણે ત્યારે બંધ થતો નથી.

૭૨. આસ્રવોનું અશુચિપણું અને વિપરીતપણું તથા તેઓ દુઃખના કારણ છે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે.

૭૩. (જ્ઞાની સમજે છે કે) નિશ્ચયથી હું એક શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાનદર્શનપૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં (ચૈતન્યમાં) લીન થતો (હું) આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય કરું છું.

૭૪. આ આસ્રવો જીવની સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે તેમ જ અશરણ છે, વળી તેઓ દુઃખરૂપ છે, દુઃખ જ જેમનું ફળ છે એવા છે, – એવું જાણીને જ્ઞાની તેમનાથી નિવૃત્તિ કરે છે.

૭૫. જે આત્મા આ કર્મના પરિણામને તેમ જ નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે.

૭૬. (૭૬ થી ૭૮) જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને જાણતો હોવા છતાં નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે રૂપે ઉપજતો નથી. જ્ઞાની અનેક પ્રકારના પોતાના પરિણામને જાણતો હોવા છતાં નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઉપજતો નથી. જ્ઞાની પુદ્‌ગલકર્મનું ફળ કે જે અનંત છે તેને જાણતો હોવા છતાં પરમાર્થે પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપ ઉપજતો નથી.

૭૯. એવી રીતે પુદ્‌ગલદ્રવ્ય પણ પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતું નથી, તેને ગ્રહણ કરતું નથી અને (તે-રૂપ) ઉપજતું નથી; કારણ કે તે પોતાના જ ભાવોથી (ભાવોરૂપ) પરિણમે છે.

૮૦. (૮૦ થી ૮૨) પુદ્‌ગલો જીવના પરિણામના નિમિત્તથી કર્મપણે પરિણમે છે, તેમ જ જીવ પણ પુદ્‌ગલકર્મના નિમિત્તથી પરિણમે છે. જીવ કર્મના ગુણોને કરતો નથી તેમ જ કર્મ જીવના ગુણોને કરતું નથી; પરંતુ પરસ્પર નિમિત્તથી બન્નેના પરિણામ જાણો. આ કારણે આત્મા પોતાના જ ભાવથી કર્તા (કહેવાય) છે પરંતુ પુદ્‌ગલકર્મથી કરવામાં આવેલા સર્વ ભાવોનો કર્તા નથી.

૮૩. નિશ્ચયનો એમ મત છે કે આત્મા પોતાને જ કરે છે અને વળી આત્મા પોતાને જ ભોગવે છે એમ (હે શિષ્ય!) તું જાણ.

૮૪. વ્યવહારનયનો એ મત છે કે આત્મા અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને કરે છે અને વળી તે જ અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને ભોગવે છે.

૮૫. જો આત્મા આ પુદ્‌ગલકર્મને કરે અને તેને જ ભોગવે તો તે આત્મા બે ક્રિયાથી અભિન્ન ઠરે એવો પ્રસંગ આવે છે. જે જિનમતથી પ્રમાણ નથી.

૮૬. જે થી આત્માના ભાવને અને પુદ્‌ગલના અભાવને – બન્નેને આત્મા કરે છે એમ તેઓ માને છે. તેથી એક દ્રવ્યને બે ક્રિયાહોવાનું માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

૮૭. વળી જે મિથ્યાત્વ કહ્યું તે બે પ્રકારે છે – એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ; અને એવી જ રીતે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને ક્રોધાદિ કષાયો – આ સર્વ ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.

૮૮. જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે તે તો પુદ્‌ગલકર્મ છે; અને જે અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ જીવ છે તે તો ઉપયોગ છે.

૮૯. અનાદિથી મોહયુક્ત હોવાથી ઉપયોગના અનાદિથી માંડીને ત્રણ પરિણામ છે; તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિભાવ એ ત્રણ જાણવા.

૯૦. અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો હોવાથી, આત્માનો ઉપયોગ – જોકે (શુદ્ધનયથી) તે શુદ્ધ, નિરંજન (એક) ભાવ છે તો પણ – ત્રણ પ્રકારનો થઈ તે ઉપયોગ જે (વિકારી) ભાવને પોતે કરે છે તે ભાવનો તે કર્તા થાય છે.

૯૧. આત્મા જે ભાવને કરે છે તે ભાવનો તે કર્તા થાય છે; તે કર્તા થતાં પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મપણે પરિણમે છે.

૯૨. જે પરને પોતારૂપ કરે છે અને પોતાને પણ પર કરે છે તે અજ્ઞાનમય જીવ કર્મનો કર્તા થાય છે.

૯૩. જે પરને પોતારૂપ કરતો નથી અને પોતાને પણ પર કરતો નથી તે જ્ઞાનમય જીવ કર્મનો અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

૯૪. ત્રણ પ્રકારનો આ ઉપયોગ 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ કરે છે; તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

૯૫. ત્રણ પ્રકારનો આ ઉપયોગ 'હું ધર્માસ્તિકાય આદિ છું' એવો પોતાનો વિકલ્પ કરે છે, તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

૯૬. આ રીતે મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની અજ્ઞાન ભાવથી પર દ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પર કરે છે.

૯૭. આ (પૂર્વોક્ત) કારણથી નિશ્ચયના જાણનાર જ્ઞાનીઓએ તે આત્માને કર્તા કહ્યો છે – આવું નિશ્ચયથી જે જાણે છે તે (જ્ઞાની થઈ) કર્તૃત્વને છોડે છે.

૯૮. વ્યવહારથી જગતમાં આત્મા ઘડો, કપડું, રથ, ઈત્યાદિ વસ્તુઓને, વળી ઇંદ્રિયોને, અનેક પ્રકારનાં ક્રોધાદિ દ્રવ્યકર્મો અને શરીરાદિ નોકર્મોને કરે છે.

૯૯. જો આત્મા પરદ્રવ્યોને કરે તો તે નિયમથી તે તન્મય અર્થાત્ પરદ્રવ્યમય થઈ જાય; પરંતુ તન્મય નથી તેથી તે તેમનો કર્તા નથી.

૧૦૦. જીવ ઘટને કરતો નથી, પટને કરતો નથી, બાકીનાં કોઈ દ્રવ્યોને (વસ્તુઓને) કરતો નથી; પરંતુ જીવના યોગ અને ઉપયોગ ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે, તેથી તેમનો કર્તા જીવ કહેવાય છે.

૧૦૧. જે જ્ઞાનાવરણાદિક પુદ્‌ગલદ્રવ્યોના પરિણામ છે તેમને જે આત્મા કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે.

૧૦૨. આત્મા જે શુભ કે અશુભ (પોતાના) ભાવને કરે છે તે ભાવનો તે ખરેખર કર્તા થાય છે, તે (ભાવ) તેનું કર્મ થાય છે અને તે આત્મા તેનો (તે ભાવરૂપ કર્મનો) ભોક્તા થાય છે.

૧૦૩. જે વસ્તુ (દ્રવ્ય) જે દ્રવ્યમાં અને ગુણમાં વર્તે છે તે અન્ય દ્રવ્યમાં તથા ગુણમાં સંક્રમણ પામતી નથી (બદલાઈ કે અન્યમાં ભળી જતી નથી); અન્યરૂપે સંક્રમણ ન પામતી તે (વસ્તુ) બીજી વસ્તુને કેમ પરિણમાવી શકે?

૧૦૪. આત્મા પુદ્‌ગલમય કર્મમાં દ્રવ્યને અને ગુણને કરતો નથી; તેમાં તે બન્નેને કરતો નથી તે તેનો કર્તા કેમ હોય?

૧૦૫. જીવ નિમિત્તભૂત બનતાં કર્મબંધનું પરિણામ થતું દેખીને, 'જીવે કર્મ કર્યું' એમ ઉપચાર માત્રથી કહેવાય છે.

૧૦૬. યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, 'રાજાએ યુદ્ધ કર્યું' એમ લોક (વ્યવહારથી) કહે છે તેવી રીતે 'જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યું' એમ વ્યવહારથી કહેવાય છે.

૧૦૭. આત્મા પુદ્‌ગલદ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમાવે છે અને ગ્રહણ કરે છે – એ વ્યવહારનયનું કથન છે.

૧૦૮. જેમ રાજાને પ્રજાના દોષ અને ગુણને ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે, તેમ જીવને પુદ્‌ગલદ્રવ્યના દ્રવ્ય-ગુણનો ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે.

૧૦૯. (૧૦૯ થી ૧૧૨) ચાર સામાન્ય પ્રત્યયો નિશ્ચયથી બંધના કર્તા કહેવામાં આવે છે – મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ (એ ચાર) જાણવા. અને વળી તેમનો, આ તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે – મિથ્યાદૃષ્ટિ (ગુણસ્થાન)થી માંડીને સયોગીકેવળી (ગુણસ્થાન) ના ચરમ સમય સુધીનો. આ (પ્રત્યયો અથવા ગુણસ્થાનો) કે જેઓ નિશ્ચયથી અચેતન છે કારણ કે પુદ્‌ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે તેઓ જો કર્મ કરે તો ભલે કરે; તેમનો (કર્મોનો) ભોક્તા પણ આત્મા નથી. જેથી આ 'ગુણ' નામના પ્રત્યયો કર્મ કરે છે તેથી જીવ તો કર્મનો અકર્તા છે અને 'ગુણો' જ કર્મોને કરે છે.

૧૧૩.(૧૧૩ થી ૧૧૫) જેમ જીવને ઉપયોગ અનન્ય અર્થાત્ એકરૂપ છે તેમ જો ક્રોધ પણ અનન્ય હોય તો એ રીતે જીવને અને અજીવને અનન્યપણું આવી પડયું. એમ થતાં આ જગતમાં જે જીવ છે તે જ નિયમથી તેવી જ રીતે અજીવ ઠર્યો; (બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો;) પ્રત્યય, નોકર્મ અને કર્મના એકપણામાં પણ આ જ દોષ આવે છે. હવે જો (આ દોષના ભયથી) તારા મતમાં ક્રોધ અન્ય છે અને ઉપયોગસ્વરૂપ આત્મા અન્ય છે; તો જેમ ક્રોધ તેમ પ્રત્યયો, કર્મ અને નોકર્મ પણ આત્માથી અન્ય જ છે.

૧૧૬. (૧૧૬ થી ૧૨૦) આ પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં બંધાયું નથી અને કર્મભાવે સ્વયં પરિણમતું નથી એમ જો માનવામાં આવે તો તે અપરિણામી ઠરે છે અને કાર્મણવર્ગણાઓ કર્મભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે. વળી જીવ પુદ્‌ગલદ્રવ્યોને કર્મભાવે પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય કે સ્વયં નહિ પરિણમતી એવી તે વર્ગણાઓને ચેતન આત્મા કેમ પરિણમાવી શકે? અથવા જો પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મભાવે પરિણમે છે એમ માનવામાં આવે, તો જીવ કર્મને અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને કર્મપણે પરિણમાવે છે એમ કહેવું મિથ્યા ઠરે છે. માટે જેમ નિયમથી કર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય કર્મ જ છે તેવી રીતે જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ જ જાણો.

૧૨૧. (૧૨૧ થી ૧૨૫) આ જીવ કર્મમાં સ્વયં બંધાયો નથી અને ક્રોધાદિભાવે સ્વયં પરિણમતો નથી એમ જો તારો મત હોય તો તે (જીવ) અપરિણામી ઠરે છે; અને જીવ પોતે ક્રોધાદિભાવે નહિ પરિણમતાં સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે. વળી પુદ્‌ગલકર્મ જે ક્રોધ તે જીવને ક્રોધપણે પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતા એવા જીવને ક્રોધ કેમ પરિણમાવી શકે? અથવા જો આત્મા પોતાની મેળે ક્રોધભાવે પરિણમે છે એમ તારી બુદ્ધિ હોય, તો ક્રોધ જીવને ક્રોધપણે પરિણમાવે છે એમ કહેવું મિથ્યા ઠરે છે. માટે એ સિદ્ધાંત છે કે ક્રોધમાં ઉપયુક્ત (જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો) ક્રોધ જ છે, માનમાં ઉપયુક્ત આત્મા માન જ છે, માયામાં ઉપયુક્ત આત્મા માયા જ છે અને લોભમાં યુક્ત આત્મા લોભ જ છે.

૧૨૬. આત્મા જે ભાવને કરે છે તે ભાવરૂપ કર્મનો કર્તા થાય છે; જ્ઞાનીને તો તે ભાવ જ્ઞાનમય છે અને અજ્ઞાનીને અજ્ઞાનમય છે.

૧૨૭. અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવ છે તેથી અજ્ઞાની કર્મોને કરે છે, અને જ્ઞાનીને તો જ્ઞાનમય (ભાવ) છે, તેથી જ્ઞાની કર્મોને કરતો નથી.

૧૨૮.(૧૨૮ અને ૧૨૯) કારણ કે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનીના સર્વ ભાવો ખરેખર જ્ઞાનમય જ હોય છે. તેમ અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય જ હોય છે.

૧૩૦. (૧૩૦ અને ૧૩૧) જેમ સુવર્ણમય ભાવમાંથી સુવર્ણમય કુંડળ વગેરે ભાવો થાય છે અને લોહમય ભાવમાંથી લોહમય કડાં વગેરે ભાવો થાય છે, તેમ અજ્ઞાનીને (અજ્ઞાનમય ભાવમાંથી) અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો થાય છે અને જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) સર્વ જ્ઞાનમય ભાવો થાય છે.

૧૩૨. (૧૩૨ થી ૧૩૬) જીવોને જે તત્વનું અજ્ઞાન (અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ-વિપરીત જ્ઞાન) છે તે અજ્ઞાનનો ઉદય છે અને જીવને જે (તત્વનું) અશ્રદ્ધાન છે તે મિથ્યાત્વનો ઉદય છે; વળી જીવોને જે અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે અસંયમનો ઉદય છે અને જીવોને જે મલિન (જાણપણાની સ્વચ્છતા રહિત) ઉપયોગ છે તે કષાયનો ઉદય છે; વળી જીવોને જે શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ (મનવચનકાયા-આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે તે યોગનો ઉદય જાણ. આ ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણારૂપ પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે પરિણમે છે, તે કાર્મણવર્ગણારૂપ પુદ્ગલદ્રવ્ય જ્યારે ખરેખર જીવમાં બંધાય છે ત્યારે જીવ (પોતાના અજ્ઞાનમય) પરિણામભાવોનો હેતુ થાય છે.

૧૩૭. (૧૩૭ અને ૧૩૮) જો પુદ્ગલ દ્રવ્યને જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે (બંને ભેળાં થઈને જ કર્મરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો એ રીતે પુદ્ગલ અને જીવ બન્ને ખરેખર કર્મપણાને પામે. પરંતુ કર્મભાવે પરિણામ તો પુદ્ગલદ્રવ્યને એકને જ થાય છે તેથી જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ કર્મનું પરિણામ છે.

૧૩૯. (૧૩૯ અને ૧૪૦) જો જીવને કર્મની સાથે જ રાગાદિ પરિણામો થાય છે (બંને ભેળાં થઈને પરિણમે છે) એમ માનવામાં આવે તો એ રીતે જીવ અને કર્મ બન્ને રાગાદિપણાને પામે. પરંતુ રાગાદિભાવે પરિણામ તો જીવને એકને જ થાય છે તેથી કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ જીવનું પરિણામ છે.

૧૪૧. જીવમાં કર્મ (તેના પ્રદેશો સાથે) બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે એવું શુદ્ધનયનું કથન છે.

૧૪૨. જીવમાં કર્મ બદ્ધ છે અથવા અબદ્ધ છે – એ પ્રકારે તો નયપક્ષ જાણ; પણ જે પક્ષાતિક્રાંત (પક્ષને ઓળંગી ગયેલો) કહેવાય છે તે સમયસાર (અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્વ) છે.

૧૪૩. નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થઈ (ચિત્સ્વરૂપ આત્માને અનુભવીને) બન્ને નયોના કથનને કેવળ જાણે જ છે, પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી.

૧૪૪. જે સર્વનયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે તે સમયસાર છે; આને (સમયસારને) જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા (નામ) મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)

## ૩. પુણ્યપાપ અધિકાર

૧૪૫. અશુભ કર્મ કુશીલ છે અને શુભ કર્મ શુશીલ છે એમ તમે જાણો છો! તે સુશીલ કેમ હોય કે જે જીવને સંસારમાં પ્રવેશ કરાવે છે?

૧૪૬. (૧૪૬ અને ૧૪૭) જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની પણ બાંધે છે, તેવી રીતે શુભ તેમ જ અશુભ કરેલું કર્મ જીવને બાંધે છે. માટે એ બન્ને કુશીલો સાથે રાગ ન કરો અથવા સંસર્ગ પણ ન કરો કારણ કે કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે.

૧૪૮. (૧૪૮ થી ૧૪૯) જેમ કોઈ પુરુષ કુત્સિત શીલવાળા (ખરાબ સ્વભાવવાળા) પુરુષને જાણીને તેની સાથે સંસર્ગ અને રાગ કરવો છોડી દે છે, તેવી જ રીતે સ્વભાવમાં રત પુરુષો કર્મપ્રકૃતિના શીલ-સ્વભાવને કુત્સિત (ખરાબ) જાણીને તેની સાથે સંસર્ગ છોડી દે છે અને રાગ છોડી દે છે.

૧૫૦. રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલા કર્મથી છૂટે છે – આ જિન ભગવાનનો ઉપદેશ છે; માટે (હે ભવ્ય જીવ!) તું કર્મોમાં પ્રીતિ-રાગ ન કર.

૧૫૧. નિશ્ચયથી જે પરમાર્થ છે, સમય છે, શુદ્ધ છે, કેવળી છે, મુનિ છે, જ્ઞાની છે તે સ્વભાવમાં સ્થિત મુનિઓ નિર્વાણને પામે છે.

૧૫૨. પરમાર્થમાં અસ્થિત એવો જે જીવ તપ કરે છે તથા વ્રત ધારણ કરે છે, તેનાં તે સર્વ તપ અને વ્રતને સર્વજ્ઞો બાળતપ અને બાળવ્રત કહે છે.

૧૫૩. વ્રત અને નિયમો ધારણ કરતા હોય છતાં, તેમ જ શીલ અને તપ કરતા હોવા છતાં, જેઓ પરમાર્થથી બાહ્ય છે (જેને આત્માની શ્રદ્ધા નથી) તેઓ નિર્વાણને પામતા નથી.

૧૫૪. જેઓ પરમાર્થથી બાહ્ય છે તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા – જો કે પુણ્ય સંસારગમનનો હેતુ છે તો પણ – અજ્ઞાનથી (પુણ્યને મોક્ષનો હેતુ જાણી) ઇચ્છે છે.

૧૫૫. જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે, તે જીવાદિ પદાર્થોનો અધિગમ જ્ઞાન છે અને રાગાદિનો ત્યાગ ચારિત્ર છે; – આ જ મોક્ષનો માર્ગ છે.

૧૫૬. નિશ્ચયનયના વિષયને છોડીને વિદ્વાનો વ્યવહાર વડે પ્રવર્તે છે; પરંતુ પરમાર્થને (આત્મસ્વરૂપને) આશ્રિત યતીશ્વરોને જ કર્મનો નાશ આગમમાં કહ્યો છે (કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મનો ક્ષય થતો નથી).

૧૫૭. (૧૫૭ થી ૧૫૯) જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી તેથી આચ્છાદિત થાય છે – તિરોભૂત થાય છે, તેવી રીતે મિથ્યાત્વરૂપી મેલથી આચ્છાદિત થઈ સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે એમ જાણવું. જેમ વસ્ત્રનો સ્વેતભાવ મેલના મળવાથી તેથી આચ્છાદિત થાય છે – તિરોભૂત થાય છે, તેવી રીતે અજ્ઞાનરૂપી મેલથી આચ્છાદિત થઈ જ્ઞાન તિરોભૂત થાય છે એમ જાણવું. જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી તેથી આચ્છાદિત થાય છે – તિરોભૂત થાય છે, તેવી રીતે કષાયરૂપી મેલથી આચ્છાદિત થઈ ચારિત્ર પણ તિરોભૂત થાય છે એમ જાણવું.

૧૬૦. તે આત્મા (સ્વભાવથી) સર્વને જાણનારો તથા દેખનારો છે તો પણ પોતાના કર્મમળથી આચ્છાદિત થઈ સંસારને વ્યાપ્ત થયેલો તે સર્વ પ્રકારે સર્વને જાણતો નથી.

૧૬૧. (૧૬૧ થી ૧૬૩) સમ્યક્ત્વને રોકનારું મિથ્યાત્વ છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે એમ જાણવું. જ્ઞાને રોકનારું અજ્ઞાન છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ અજ્ઞાની થાય છે એમ જાણવું. ચારિત્રને રોકનાર કષાય છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ અચારિત્રી થાય છે એ જાણવું.

## ૪. આસ્રવ અધિકાર

૧૬૪. (૧૬૪ અને ૧૬૫) મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ – એ આસ્રવો સંજ્ઞ(ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (પુદ્ગલના વિકાર) પણ છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આશ્રવો – કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ – જીવના જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞી આસ્રવો જ્ઞાનાવરણ આદિ કર્મનું કારણ (નિમિત્ત) થાય છે અને તેમને પણ (અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનનું નિમિત્ત થવામાં) રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ કારણ (નિમિત્ત) થાય છે.

૧૬૬. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ નથી. (કારણ કે) આસ્રવોને (ભાવાસ્રવનો) નિરોધ છે; નવાં કર્મોને નહિ બાંધતો તે, સત્તામાં રહેલાં પૂર્વે બંધાયેલાં કર્મોને જાણે છે.

૧૬૭. જીવે કરેલો રાગાદિયુક્ત ભાવ બંધક (નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. રાગાદિ વિમુક્ત ભાવ બંધક નથી, કેવળ જ્ઞાયક જ છે.

૧૬૮. જેમ પાકું ફળ ખરી પડતાં ફરીને ફળ ડીંટા સાથે જોડાતું નથી, તેમ જીવને કર્મભાવ ખરી જતાં ફરીને ઉત્પન્ન થતો નથી.

૧૬૯. તે જ્ઞાનીને પૂર્વે બંધાયેલા સમસ્ત પ્રત્યયો માટીનાં ઢેફાં સમાન છે અને તે (માત્ર) કાર્મણ શરીર સાથે બંધાયેલ છે.

૧૭૦. કારણ કે ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો જ્ઞાનદર્શનગુણો વડે સમયે સમયે અનેક પ્રકારનું પુદ્ગલકર્મ બાંધે છે, છતાં તેથી જ્ઞાની તો અબંધ છે.

૧૭૧. કારણ કે જ્ઞાનગુણ, જઘન્ય જ્ઞાનગુણને લીધે ફરીને પણ અન્યપણે પરિણમે છે, તેથી તે (જ્ઞાનગુણ) કર્મનો બંધક કહેવામાં આવ્યો છે.

૧૭૨. કારણ કે દર્શન–જ્ઞાન–ચારિત્ર જઘન્ય ભાવે પરિણમે છે તેથી જ્ઞાની અનેક પ્રકારના પુદ્ગલકર્મથી બંધાય છે.

૧૭૩. (૧૭૩ થી ૧૭૬) સમ્યગ્દૃષ્ટિને બધા પૂર્વે બંધાયેલા પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) સત્તારૂપે મોજૂદ છે તેઓ ઉપયોગના પ્રયોગ અનુસાર, કર્મભાવ વડે (રાગાદિ વડે) નવો બંધ કરે છે. તે પ્રત્યયો, નિરુપભોગ્ય રહીને પછી જે રીતે ઉપભોગ્ય થાય છે તે રીતે, જ્ઞાનાવરણાદિ ભાવે સાત–આઠ પ્રકારનાં થયેલાં એવાં કર્મોને બાંધે છે. સત્તા–

અવસ્થામાં તેઓ નિરુપભોગ્ય છે (ભોગવવા યોગ્ય નથી) – જેમ જગતમાં બાળ સ્ત્રી પુરુષને નિરુપભોગ્ય છે તેમ; તે ભોગવવા યોગ્ય થતાં બંધન કરે છે – જેમ તરુણ સ્ત્રી પુરુષને બાંધે છે તેમ. આ કારણથી સમ્યગ્દષ્ટિને અબંધક કહ્યો છે, કારણ કે આસ્રવભાવના અભાવમાં પ્રત્યયોને (કર્મના) બંધક કહ્યા નથી.

૧૭૭. (૧૭૭ અને ૧૭૮) રાગ, દ્વેષ અને મોહ – એ આસ્રવો સમ્યગ્દષ્ટિને નથી તેથી આસ્રવભાવ વિના દ્રવ્યપ્રત્યયો કર્મબંધનાં કારણ થતાં નથી. ચાર પ્રકારનાં હેતુઓ (મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ) આઠ પ્રકારનાં કર્મોનાં કારણ કહેવામાં આવ્યાં છે. અને તેમને પણ (જીવના) રાગાદિ ભાવો કારણ છે; તેથી રાગાદિ ભાવોના અભાવમાં કર્મ બંધાતાં નથી (માટે સમ્યગ્દષ્ટિને બંધ નથી).

૧૭૯. (૧૭૯ અને ૧૮૦) જેમ પુરુષ વડે ગ્રહાયેલો આહાર તે ઉદરાગ્નિથી સંયુક્ત થઈ અનેક પ્રકારે માંસ, વસા, રુધિરાદિ ભાવોરૂપે પરિણમે છે, તેમ શુદ્ધનયથી ચ્યુત થયેલા જ્ઞાનીને પૂર્વે બંધાયેલા દ્રવ્યાસ્રવોથી બહુ પ્રકારનાં કર્મ બંધાય છે.

## ૫. સંવર અધિકાર

૧૮૧. (૧૮૧ થી ૧૮૩) ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિમાં કોઈ ઉપયોગ નથી; વળી ક્રોધ ક્રોધમાં જ છે, ઉપયોગમાં નિશ્ચયથી ક્રોધ નથી. આઠ પ્રકારનાં કર્મ તેમજ નોકર્મમાં ઉપયોગ નથી અને ઉપયોગમાં કર્મ તેમ જ નોકર્મ નથી. આવું અવિપરીત જ્ઞાન જ્યારે જીવને થાય છે, ત્યારે તે ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મા ઉપયોગ સિવાય અન્ય કોઈપણ ભાવને કરતો નથી.

૧૮૪. (૧૮૪ અને ૧૮૫) જેમ સુવર્ણ અગ્નિથી તપ્ત થતાં પણ તેના સુવર્ણપણાને છોડતું નથી તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત થઈને પણ જ્ઞાનીપણાને છોડતો નથી. – આવું જ્ઞાની જાણે છે, અને અજ્ઞાની અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી આત્માના સ્વભાવને નહિ જાણતો તે રાગને જ આત્મા માને છે.

૧૮૬. શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.

૧૮૭. (૧૮૭ થી ૧૮૯) આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી રોકીને દર્શનજ્ઞાનમાં સ્થિત થઈ અન્યની ઈચ્છાથી વિરમીને, જે આત્મા, (ઈચ્છારહિત થવાથી) સર્વસંગથી રહિત થઈ, (પોતાના) આત્માને આત્મા વડે ધ્યાવે છે – કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, (પોતે) ચેતયિતા (ચેતનાર – જાણનાર અને જોનાર હોવાથી) એકત્વને જ ચિંતવે છે – ચેતે છે – અનુભવે છે, તે (આત્મા) આત્માને ધ્યાતો, દર્શનજ્ઞાનમય અને અનન્યમય થઈ અલ્પ કાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.

૧૯૦. (૧૯૦ થી ૧૯૨) તેમના(આસ્રવોના) હેતુઓ (પ્રત્યયો) સર્વદર્શીઓએ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિભાવ અને યોગ – એ ચાર અધ્યવસાન કહ્યા છે. જ્ઞાનીને હેતુઓના અભાવે નિયમથી આસ્રવનો નિરોધ થાય છે, આસ્રવભાવ વિના કર્મનો પણ નિરોધ થાય છે, વળી કર્મના અભાવથી નોકર્મોનો પણ નિરોધ થાય છે, અને નોકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.

## ૬. નિર્જરા અધિકાર

૧૯૩. સમ્યગ્દષ્ટિ જીવ જે ઇંદ્રિયો વડે અચેતન તથા ચેતનદ્રવ્યોનો ઉપભોગ કરે છે તે સર્વ નિર્જરાનું નિમિત્ત છે.

૧૯૪. વસ્તુ ભોગવવામાં આવતાં, સુખ અથવા દુઃખ નિયમથી ઉત્પન્ન થાય છે; ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા તે સુખદુઃખને અનુભવે છે, પછી તે (સુખદુઃખરૂપ ભાવ) નિર્જરી જાય છે.

૧૯૫. જેમ વૈદ્ય પુરુષ વિષને ભોગવતો (ખાતો) છતાં મરણ પામતો નથી, તેમ જ્ઞાની પુદ્ગલકર્મના ઉદયને ભોગવે છે તો પણ બંધાતો નથી.

૧૯૬. જેમ કોઈ પુરુષ અવિરતભાવે મદિરા પીતાં મત્ત થતો નથી તેમ જ્ઞાની પણ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે અરત વર્તતાં (કર્મોથી) બંધાતો નથી.

૧૯૭. કોઈ તો વિષયોને સેવતો છતાં નથી સેવતો અને કોઈ નહિ સેવતો છતાં સેવનારો છે –જેમ કોઈ પુરુષને પ્રકરણની (કાર્યની) ચેષ્ટા વર્તે છે તો પણ તે પ્રાકરણિક (કાર્ય કરનારો) નથી.

૧૯૮. કર્મોના ઉદયનો વિપાક જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું.

૧૯૯. રાગ પુદ્‌ગલકર્મ છે, તેનો વિપાકરૂપ ઉદય આ છે, આ મારો ભાવ નથી; હું તો નિશ્ચયથી એક જ્ઞાયકભાવ છું.

૨૦૦. આ રીતે સમ્યગ્દષ્ટિ આત્માને (પોતાને) જ્ઞાયકસ્વભાવ જાણે છે અને તત્વને અર્થાત યથાર્થ સ્વરૂપને જાણીને કર્મના વિપાકરૂપ ઉદયને છોડે છે.

૨૦૧. (૨૦૧ થી ૨૦૨) ખરેખર જે જીવને પરમાણુમાત્ર – લેશમાત્ર – પણ રાગાદિક વર્તે છે તે જીવ ભલે સર્વ આગમ ભણેલો હોય તો પણ આત્માને નથી જાણતો; અને આત્માને નહિ જાણતાં તે અનાત્માને (પરને) પણ નથી જાણતો; એ રીતે જે જીવ અને અજીવને નથી જાણતો તે સમ્યગ્દષ્ટિ કેમ હોઈ શકે?

૨૦૩. આત્મામાં અપદભૂત દ્રવ્ય-ભાવોને છોડીને નિશ્ચિત, સ્થિર, એક આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ભાવને કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને – (હે ભવ્ય!) જેવો છે તેવો ગ્રહણ કર. (તે તારું પદ છે).

૨૦૪. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ – તે એક જ પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે); તે આ પરમાર્થ છે, કે જેને પામીને આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.

૨૦૫. જ્ઞાનગુણથી રહિત ઘણાય લોકો (ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં) આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી; માટે હે ભવ્ય! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઈચ્છતો હો તો નિયત એવા આને (જ્ઞાનને) ગ્રહણ કર.

૨૦૬. (હે ભવ્ય પ્રાણી!) તું આમાં (જ્ઞાનમાં) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા, અને આનાથી તૃપ્ત થા; (આમ કરવાથી તને) ઉત્તમ સુખ થશે (મોક્ષ મળશે).

૨૦૭. (૨૦૭ અને ૨૦૮) પોતાના આત્માને જ નિયમથી પોતાનો પરિગ્રહ જાણીને કયો જ્ઞાની એમ કહે કે આ પરદ્રવ્ય મારું દ્રવ્ય છે? જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. કારણ કે હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.

૨૦૯. છેદાઈ જાઓ અથવા ભેદાઈ જાઓ અથવા કોઈ લઈ જાઓ અથવા નષ્ટ થઈ જાઓ અથવા તો ગમે તે રીતે જાઓ, તો પણ ખરેખર પરિગ્રહ મારો નથી.

૨૧૦.(૨૧૦ થી ૨૧૩) અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની ધર્મને (પુણ્યને) ઈચ્છતો નથી, તેથી તે ધર્મનો પરિગ્રહી નથી, (ધર્મનો) જ્ઞાયક જ છે. અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની અધર્મને (પાપને) ઈચ્છતો નથી, તેથી તે અધર્મનો પરિગ્રહી નથી, (અધર્મનો) જ્ઞાયક જ છે. અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની અશનને (ભોજનને) ઈચ્છતો નથી, તેથી તે અશનનો પરિગ્રહી નથી, (અશનનો) જ્ઞાયક જ છે. અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની પાનને ઈચ્છતો નથી, તેથી તે પાનનો પરિગ્રહી નથી, (પાનનો) જ્ઞાયક જ છે.

૨૧૪. એ આદિ અનેક પ્રકારના સર્વ ભાવોને જ્ઞાની ઈચ્છતો નથી; સર્વત્ર (બધામાં) નિરાલંબ એવો તે નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે.

૨૧૫. જે ઉત્પન્ન (અર્થાત્ વર્તમાન કાળના) ઉદયનો ભોગ તે, જ્ઞાનીને સદા વિયોગબુદ્ધિએ હોય છે અને આગામી (અર્થાત ભવિષ્ય કાળના) ઉદયની જ્ઞાની વાંછા કરતો નથી.

૨૧૬. જે ભાવ વેદે (વેદકભાવ) છે અને જે ભાવ વેદાય (વેદ્યભાવ) છે તે બન્ને ભાવો સમયે સમયે વિનાશ પામે છે – એવું જાણનાર જ્ઞાની તે બન્ને ભાવોને કદાપિ વાંછતો નથી.

૨૧૭. બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા સંસારસંબંધી અને દેહસંબંધી અધ્યવસાનના ઉદયોમાં જ્ઞાનીને રાગ ઊપજતો નથી.

૨૧૮.(૨૧૮ અને ૨૧૯) જ્ઞાની કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે રાગ છોડનારો છે તે કર્મ મધ્યે રહેલો હોય તો પણ કર્મરૂપી રજથી લેપાતો નથી – જેમ સોનું કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. અને અજ્ઞાની કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે રાગી છે તે કર્મ મધ્યે રહી, કર્મરજથી લેપાય છે – જેમ લોખંડ કાદવ મધ્યે રહ્યું લેપાય છે.

૨૨૦. (૨૨૦ થી ૨૨૩) જેમ શંખ અનેક પ્રકારનાં સચિત, અચિત અને મિશ્ર દ્રવ્યોને ભોગવે છે – ખાય છે તો પણ તેનું શ્વેતપણું કૃષ્ણ કરી શકાતું નથી, તેમ જ્ઞાની પણ અનેક પ્રકારનાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ભોગવે તો પણ તેનું જ્ઞાન (કોઈથી) અજ્ઞાન કરી શકાતું નથી. જ્યારે તે જ શંખ પોતે તે શ્વેતસ્વભાવને છોડીને કૃષ્ણભાવને પામે ત્યારે શ્વેતપણાને છોડે, તેવી રીતે ખરેખર જ્ઞાની પણ જ્યારે તે જ્ઞાનસ્વભાવને છોડીને અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાનપણાને પામે.

૨૨૪. (૨૨૪ થી ૨૨૭) જેમ આ જગતમાં કોઈ પુરુષ આજીવિકા અર્થે રાજાને સેવે છે તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે, તેવી જ રીતે જીવપુરુષ સુખ અર્થે કર્મરજને સેવે છે તો તે કર્મ પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે. વળી જેમ તે જ પુરુષ આજીવિકા અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો નથી આપતો, તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ વિષય અર્થે કર્મરજને નથી સેવતો તો તે કર્મ પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો નથી આપતું.

૨૨૮. સમ્યગ્દષ્ટિ જીવો નિઃશંક હોય છે તેથી નિર્ભય હોય છે; કારણ કે તે સાત પ્રકારના ભયથી રહિત હોય છે, તેથી નિઃશંક હોય છે.

૨૨૯. જે ચેતયિતા (આત્મા), કર્મબંધ સંબંધી મોહ કરનારા (જીવ નિશ્ચયથી કર્મથી બદ્ધ છે એવા ભ્રમ વાળા) મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને છેદે છે, તે નિઃશંક સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૦. જે ચેતયિતા કર્મોનાં ફળો પ્રત્યે તથા સર્વ ધર્મો પ્રત્યે કાંક્ષા કરતો નથી, તે નિષ્કાંક્ષ સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૧. જે ચેતયિતા બધાય ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે જુગુપ્સા (ગ્લાનિ) કરતો નથી, તે નિશ્ચયથી નિર્વિચિકિત્સક સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૨. જે ચેતયિતા સર્વ ભાવોમાં અમૂઢ છે – યથાર્થ દષ્ટિવાળો છે, તે ખરેખર અમૂઢદષ્ટિ સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૩. જે (ચેતયિતા) સિદ્ધની ભક્તિ સહિત છે અને પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે, તે ઉપગૂહનકારી સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૪. જે ચેતયિતા ઉન્માર્ગે જતા પોતાના આત્માને પણ માર્ગમાં સ્થાપે છે, તે સ્થિતિકરણયુક્ત સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૫. જે (ચેતયિતા) મોક્ષમાર્ગમાં રહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો – સાધકો પ્રત્યે વાત્સલ્ય રાખે છે તે વત્સલભાવયુક્ત સમ્યગ્દષ્ટિ જાણવો.

૨૩૬. જે ચેતયિતા વિદ્યારૂપી રથમાં આરૂઢ થઈ મનરૂપીરથ-પંથમાં ભ્રમણ કરે છે, તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો સમ્યગ્દષ્ટિ જાણવો.

## ૭. બંધ અધિકાર

૨૩૭. (૨૩૭ થી ૨૪૧) જેવી રીતે કોઈ પુરુષ તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને અને બહુ રજવાળી જગ્યામાં રહીને શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્તદ્રવ્યોનો ઉપઘાત કરે છે; એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ ખરેખર કયા કારણે થાય છે તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચિકાશભાવ છે તેનાથી તેને રજનો બંધ થાય છે, એમ નિશ્ચયથી જાણવું. શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. એવી રીતે બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદષ્ટિ ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતાં, કર્મરૂપી રજથી લેપાય છે – બંધાય છે.

૨૪૨. (૨૪૨ થી ૨૪૬) વળી જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થને દૂર કરવામાં આવતાં, બહુ રજવાળી જગ્યામાં શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્તદ્રવ્યોનો ઉપઘાત કરે છે; એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ ખરેખર કયા કારણે નથી થતો તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચિકાશભાવ હોય તેનાથી તેને રજનો બંધ થાય છે, એમ નિશ્ચયથી જાણવું. શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. એવી રીતે બહુ પ્રકારના યોગોમાં વર્તતો સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં રાગાદિકને નહિ કરતાં, કર્મરૂપી રજથી લેપાતો નથી.

૨૪૭. (૨૪૭ થી ૨૫૨) જે એમ માને છે કે 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે', તે મૂઢ છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત તે જ્ઞાની છે. જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; તું પર જીવોનું આયુકર્મ તો હરતો નથી, તો તેં તેમનું મરણ કઈ રીતે કર્યું? જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; પર જીવો તારું આયુકર્મ તો હરતા નથી, તો તેમણે તારું મરણ કઈ રીતે કર્યું? જે જીવ એમ માને છે કે હું પર જીવોને જીવાડું છું અને પર જીવો મને જીવાડે છે, તે મૂઢ છે, અજ્ઞાની છે અને આનાથી વિપરીત તે જ્ઞાની છે. જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો તેં તેમનું જીવિત કઈ રીતે કર્યું? જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; પર જીવો તને આયુકર્મ તો દેતા નથી તો તેમણે તારું જીવિત કઈ રીતે કર્યું?

૨૫૩. (૨૫૩ થી ૨૫૬) જે એમ માને છે કે મારા પોતાથી હું (પર) જીવોને દુઃખીસુખી કરું છું, તે મૂઢ (મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત તે જ્ઞાની છે. જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખીસુખી થાય છે, અને તું તેમને કર્મ તો દેતો નથી, તો તેં તેમને દુઃખીસુખી કઈ રીતે કર્યા? જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખીસુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો તેમણે તને દુઃખી કઈ રીતે કર્યો? જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખીસુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો તેમણે તને સુખી કઈ રીતે કર્યો?

૨૫૭. (૨૫૭ અને ૨૫૮) જે મરે છે અને દુઃખી થાય છે તે સૌ કર્મના ઉદયથી થાય છે; તેથી 'મેં માર્યો, મેં દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી? જે નથી મરતો અને નથી દુઃખી થતો તે પણ ખરેખર કર્મના ઉદયથી થાય છે; તેથી 'મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી?

૨૫૯. તારી જે આ બુદ્ધિ છે કે હું જીવોને દુઃખીસુખી કરું છું, તે આ તારી મૂઢ બુદ્ધિ જ શુભાશુભ કર્મને બાંધે છે.

૨૬૦. (૨૬૦ અને ૨૬૧) 'હું જીવોને દુઃખીસુખી કરું છું' આવું જે તારું અધ્યવસાન (વૈભાવિક પરિણમન) તે જ પાપનું બંધક અથવા પુણ્યનું બંધક થાય છે. 'હું જીવોને મારું છું અને જિવાડું છું' આવું જે તારું અધ્યવસાન (વૈભાવિક પરિણમન) તે જ પાપનું બંધક અથવા પુણ્યનું બંધક થાય છે.

૨૬૨. જીવોને મારો અથવા ન મારો – કર્મબંધ અધ્યવસાનથી જ થાય છે. આ નિશ્ચયનયે, જીવોના બંધનો સંક્ષેપ છે.

૨૬૩. (૨૬૩ અને ૨૬૪) એ રીતે અસત્યમાં, અદત્તમાં, અબ્રહ્મચર્યમાં અને પરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે છે તેનાથી પાપનો બંધ થાય છે અને તેવી જ રીતે સત્યમાં, દત્તમાં, બ્રહ્મચર્યમાં અને અપરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે તેનાથી પુણ્યનો બંધ થાય છે.

૨૬૫. વળી, જીવોને જે અધ્યવસાન થાય છે તે વસ્તુને અવલંબીને થાય છે તોપણ વસ્તુથી બંધ નથી, અધ્યવસાનથી જ બંધ છે.

૨૬૬. હું જીવોને દુઃખીસુખી કરું છું, બંધાવું છું તથા મુકાવું છું, એવી જે આ તારી મૂઢ મતિ છે તે નિરર્થક હોવાથી ખરેખર મિથ્યા છે.

૨૬૭. જો ખરેખર અધ્યવસાનના નિમિત્તે જીવો કર્મબંધથી બંધાય છે અને મોક્ષમાર્ગમાં સ્થિત મુકાય છે, તો તું શું કરે છે?

૨૬૮. (૨૬૮ અને ૨૬૯) જીવ અધ્યવસાનથી તિર્યંચ, નારક, દેવ અને મનુષ્ય એ સર્વ પર્યાયો, તથા અનેક પ્રકારનાં પુણ્ય અને પાપ – એ બધારૂપ પોતાને કરે છે. વળી તેવી રીતે જીવ અધ્યવસાનથી ધર્મ-અધર્મ, જીવ-અજીવ અને લોક-અલોક – એ બધારૂપ પોતાને કરે છે.

૨૭૦. આ તથા આવા બીજા પણ અધ્યવસાન જેમને નથી, તે મુનિઓ અશુભ કે શુભ કર્મથી લેપાતા નથી.

૨૭૧. બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ – એ બધા એકાર્થ જ છે.

૨૭૨. એ રીતે વ્યવહારનય (પર આશ્રિત) નિશ્ચય (સ્વઆશ્રિત) વડે નિષિદ્ધ જાણ; નિશ્ચયનયને આશ્રિત મુનિઓ નિર્વાણને પામે છે.

૨૭૩. (૨૭૩ થી ૨૭૫) જિનવરોએ કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરતાં છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ છે. મોક્ષને નહિ શ્રદ્ધતો એવો જે અભવ્યજીવ છે તે શાસ્ત્રો તો ભણે છે, પરંતુ જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને શાસ્ત્રપઠન ગુણ કરતું નથી. જે ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે, તેની જ પ્રતીતિ કરે છે, તેની જ રૂચિ કરે છે અને તેને જ સ્પર્શે છે, પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ.

૨૭૬. (૨૭૬ અને ૨૭૭) આચારાંગ આદિ શાસ્ત્રો તે જ્ઞાન છે, જીવ આદિ તત્વો તે દર્શન જાણવું અને છ જીવ-નિકાય તે ચારિત્ર છે – એમ તો વ્યવહારનય કહે છે. નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે, મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ (ધ્યાન, સમાધિ) છે.

૨૭૮. (૨૭૮ અને ૨૭૯) જેમ સ્ફટિકમણિ શુદ્ધ હોવાથી રાગાદિરૂપે પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે તે રક્ત આદિ કરાય છે, તેમ જ્ઞાની અર્થાત્ આત્મા શુદ્ધ હોવાથી રાગાદિરૂપે પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રાગાદિ દોષો વડે તે રાગી આદિ કરાય છે.

૨૮૦. જ્ઞાની રાગદ્વેષમોહને કે કષાયભાવને પોતાની મેળે પોતામાં કરતો નથી તેથી તે, તે ભાવોનો કારક (કર્તા) નથી.

૨૮૧.રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (તે ઉદય થતાં) જે ભાવો થાય છે તે-રૂપે પરિણમતો અજ્ઞાની રાગાદિક ફરીને પણ બાંધે છે.

૨૮૨. રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (તે ઉદય થતાં) જે ભાવો થાય છે તે-રૂપે પરિણમતો આત્મા રાગાદિક બાંધે છે.

૨૮૩. (૨૮૩ થી ૨૮૫) અપ્રતિક્રમણ બે પ્રકારનું તેમ જ અપ્રત્યાખ્યાન બે પ્રકારનું જાણવું; આ ઉપદેશથી આત્મા અકારક વર્ણવવામાં આવ્યો છે. અપ્રતિક્રમણ બે પ્રકારનું છે – દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે – દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; આ ઉપદેશથી આત્મા અકારક વર્ણવવામાં આવ્યો છે. (દ્રવ્ય નિમિત્તે ભાવ થાય છે તેથી આત્મા કારક નથી).

૨૮૬. (૨૮૬ અને ૨૮૭) અધઃકર્મ (પાપ કર્મથી તૈયાર કરેલા આહારથી, મુનિને લાગે તે) આદિ જે આ પુદ્‌ગલદ્રવ્યના દોષો છે તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કેમ કરે કે જે સદા પરદ્રવ્યના ગુણો છે? માટે અધઃકર્મ અને ઉદ્દેશિક (મુનિ માટે જ તૈયાર કરેલ આહાર) એવું આ પુદ્‌ગલમય દ્રવ્ય છે તે મારું કર્યું કેમ થાય કે જે સદા અચેતન કહેવામાં આવ્યું છે?

## ૮. મોક્ષ અધિકાર

૨૮૮.(૨૮૮ થી ૨૯૦) જેવી રીતે બંધનમાં ઘણા કાળથી બંધાયેલો કોઈ પુરુષ તે બંધનના તીવ્ર–મંદ સ્વભાવને અને કાળને જાણે છે, પરંતુ જો તે બંધનને કાપતો નથી તો તેનાથી છૂટતો નથી. બંધનવશ રહેતાં ઘણા કાળે પણ તે પુરુષ બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; તેવી રીતે જીવ કર્મ–બંધનોનાં પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમજ અનુભાગને જાણતાં છતાં પણ (કર્મ બંધનથી) છૂટતો નથી, પણ જો પોતે (રાગાદિ દૂર કરે) શુદ્ધ થાય તો જ છૂટે.

૨૯૧. જેમ બંધનથી બંધાયેલો પુરુષ બંધોના વિચાર કરવાથી મોક્ષ પામતો નથી તેમ જીવ પણ બંધોના વિચાર કરવાથી મોક્ષ પામતો નથી.

૨૯૨. જેમ બંધનથી બંધાયેલો પુરુષ બંધોને છેદીને બંધથી છૂટે છે, તેમ જીવ પણ કર્મ–બંધોને છેદીને મોક્ષ પામે છે.

૨૯૩. બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે, તે કર્મોથી મુકાય છે.

૨૯૪. જીવ તથા બંધ નિયત સ્વલક્ષણોથી (પોત પોતાનાં નિશ્ચિત લક્ષણોથી) છેદાય છે; પ્રજ્ઞારૂપી છીણી વડે છેદવામાં આવતાં તેઓ નાનાપણાને પામે છે (જુદાં પડી જાય છે).

૨૯૫. એ રીતે જીવ અને બંધ નિયત સ્વલક્ષણોથી (પોત પોતાનાં નિશ્ચિત લક્ષણોથી) છેદાય છે; ત્યાં બંધને છેદવો અને શુદ્ધ આત્માને ગ્રહણ કરવો.

૨૯૬. તે (શુદ્ધ) આત્મા કઈ રીતે ગ્રહણ કરાય? પ્રજ્ઞા વડે તે ગ્રહણ કરાય છે. જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો, તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

૨૯૭. પ્રજ્ઞા વડે આત્માને એમ ગ્રહણ કરવો કે – જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું.

૨૯૮. (૨૯૮ અને ૨૯૯) પ્રજ્ઞા વડે આત્માને એમ ગ્રહણ કરવો કે – જે દેખનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું. પ્રજ્ઞા વડે આત્માને એમ ગ્રહણ કરવો કે – જે જાણનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું.

૩૦૦. સર્વ ભાવોને પારકા જાણીને કોણ જ્ઞાની, પોતાને શુદ્ધ જાણી; 'આ મારું છે' એવું વચન બોલે?

૩૦૧. (૩૦૧ અને ૩૦૩) જે પુરુષ ચોરી આદિ અપરાધો કરે છે તે 'લોકમાં ફરતાં રખે મને કોઈ ચોર જાણીને બાંધશે' એમ શંકિત ફરે છે; જે પુરુષ અપરાધ કરતો નથી તે લોકમાં નિઃશંક ફરે છે, કારણ કે તેને બંધાવાની ચિંતા કદાપિ ઊપજતી નથી. એવી રીતે અપરાધી આત્મા 'હું અપરાધી છું તેથી હું બંધાઈશ' એમ શંકિત હોય છે, અને જો નિરપરાધી (આત્મા) હોય તો હું નહિ બંધાઉં' એમ નિઃશંક હોય છે.

૩૦૪. (૩૦૪ અને ૩૦૫) સંસિદ્ધિ, રાધ – શુદ્ધ આત્માનું આરાધન, સિદ્ધ, સાધિત અને આરાધિત – એ શબ્દો એકાર્થ છે, જે આત્મા 'અપગતરાધ' અર્થાત રાધથી રહિત છે તે આત્મા અપરાધ છે. વળી જે આત્મા નિરપરાધ છે તે નિઃશંક હોય છે; 'શુદ્ધ આત્મા તે જ હું છું' એમ જાણતો થકો આરાધનાથી સદા વર્તે છે.

૩૦૬. (૩૦૬ અને ૩૦૭) પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ – એ આઠ પ્રકારનો વિષકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ છે). અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ – એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ નથી).

## ૯. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

૩૦૮. (૩૦૮ થી ૩૧૧) જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે છે તે ગુણોથી તેને અનન્ય જાણ; જગતમાં કડાં આદિ પર્યાયોથી સુવર્ણ અનન્ય છે તેમ. જીવ અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યા છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ. કારણ કે કોઈથી ઉત્પન્ન થયો નથી તેથી તે આત્મા કોઈનું કાર્ય નથી, અને કોઈને ઉપજાવતો નથી તેથી તે કોઈનું કારણ પણ નથી. નિયમથી કર્મના આશ્રયે કર્તા હોય છે; તેમ જ કર્તાના આશ્રયે કર્મો ઉત્પન્ન થાય છે; બીજી કોઈ રીતે કર્તાકર્મની સિદ્ધિ જોવામાં આવતી નથી.

૩૧૨. (૩૧૨ અને ૩૧૩) ચેતક (આત્મા) પ્રકૃતિના નિમિત્તે ઊપજે છે તથા વિણસે છે, અને પ્રકૃતિ પણ ચેતકના નિમિત્તે ઊપજે છે તથા વિણસે છે. એ રીતે પરસ્પર નિમિત્તથી બન્નેનો – આત્માનો ને પ્રકૃતિનો – બંધ થાય છે, અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.

૩૧૪. (૩૧૪ અને ૩૧૫) જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું છોડતો નથી, ત્યાં સુધી તે અજ્ઞાયક છે, મિથ્યાદૃષ્ટિ છે, અસંયત છે. જ્યારે આત્મા અનંત કર્મફળને છોડે છે, ત્યારે તે જ્ઞાયક છે, દર્શક છે, મુનિ છે, વિમુક્ત છે.

૩૧૬. અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહી કર્મફળને વેદે છે અને જ્ઞાની તો ઉદિત કર્મફળને જાણે છે, વેદતો નથી.

૩૧૭. સારી રીતે શાસ્ત્રો ભણીને પણ અભવ્ય પ્રકૃતિને છોડતો નથી, જેમ સાકરવાળું દૂધ પીવા છતાં સર્પો નિર્વિષ થતા નથી.

૩૧૮. નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્ય પામેલો) જ્ઞાની મીઠા-કડવા બહુવિધ કર્મફળને જાણે છે તેથી તે અવેદક છે.

૩૧૯. જ્ઞાની બહુ પ્રકારનાં કર્મોને કરતો પણ નથી, વેદતો પણ નથી; પરંતુ પુણ્ય અને પાપરૂપ કર્મબંધને તથા કર્મફળને જાણે છે.

૩૨૦. નેત્રની જેમ (નેત્ર દૃશ્ય પદાર્થોને કરતું નથી – ભોગવતું નથી, દેખે છે) જ્ઞાન પણ અકારક તથા અવેદક છે, અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે.

૩૨૧. (૩૨૧ થી ૩૨૩) લોકના મતમાં દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય – પ્રાણીઓને વિષ્ણુ કરે છે; અને જો શ્રમણોના મંતવ્યમાં પણ છ કાયના જીવોને આત્મા કરતો હોય તો લોક અને શ્રમણોનો એક સિદ્ધાંત થાય છે, કાંઈ ફેર દેખાતો નથી; કેમ કે લોકના મતમાં વિષ્ણુ કરે છે અને શ્રમણોના મતમાં પણ આત્મા કરે છે. એ રીતે દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને સદાય કરતા એવા તે લોક તેમ જ શ્રમણ – બન્નેનો કોઈ મોક્ષ દેખાતો નથી.

૩૨૪. (૩૨૪ થી ૩૨૭) જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો વ્યવહારનાં વચનોને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે, પરંતુ જ્ઞાનીઓ નિશ્ચય વડે જાણે છે કે 'પરમાણુ માત્ર પણ મારું નથી'. જેવી રીતે કોઈ પુરુષ 'અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર' એમ કહે છે, પરંતુ તે તેનાં નથી, મોહથી તે આત્મા 'મારાં' કહે છે; તેવી જ રીતે જે જ્ઞાની પણ 'પરદ્રવ્ય મારું છે' એમ જાણી પરદ્રવ્યને પોતારૂપ કરે છે, તે નિઃસંદેહ મિથ્યાદૃષ્ટિ થાય છે. માટે તત્ત્વજ્ઞો 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, આ બન્નેનો (લોકનો અને શ્રમણનો) પરદ્રવ્યમાં કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, એમ જાણે છે કે આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે.

૩૨૮. (૩૨૮ થી ૩૩૧) જો મિથ્યાત્વ નામની પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે, એમ માનવામાં આવે, તો તારા મતમાં અચેતન પ્રકૃતિ (મિથ્યાત્વભાવની) કર્તા બની! (તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો!) અથવા આ જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને કરે છે એમ માનવામાં આવે, તો પુદ્ગલદ્રવ્ય મિથ્યાદૃષ્ટિ ઠરે! જીવ નહિ! અથવા જો જીવ તેમ જ પ્રકૃતિ બન્ને પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ કરે છે એમ માનવામાં આવે, તો જે બન્ને વડે કરવામાં આવ્યું તેનું ફળ બન્ને ભોગવે! અથવા જો પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ નથી પ્રકૃતિ કરતી કે નથી જીવ કરતો, એમ માનવામાં આવે, તો પુદ્ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે! તે શું ખરેખર મિથ્યા નથી?

૩૩૨. (૩૩૨ થી ૩૪૪) કર્મો (જીવને) અજ્ઞાની કરે છે તેમ જ કર્મો (જીવને) જ્ઞાની કરે છે, કર્મો સુંવાડે છે તેમ જ કર્મો જગાડે છે, કર્મો સુખી કરે છે તેમ જ કર્મો દુઃખી કરે છે, કર્મો મિથ્યાત્વ પમાડે છે તેમ જ કર્મો અસંયમ પમાડે છે, કર્મો ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં ભમાવે છે, જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું કર્મો જ કરે છે. જેથી કર્મ કરે છે, કર્મ આપે છે; કર્મ હરી લે છે – એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે. તેથી સર્વ જીવો અકારક ઠરે છે. વળી પુરુષવેદકર્મ સ્ત્રીનું-અભિલાષી છે અને સ્ત્રીવેદકર્મ પુરુષની અભિલાષા કરે છે – એવી આ આચાર્યની પરંપરા ઉતરી આવેલી શ્રુતિ છે; માટે અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી, કારણ કે કર્મ જ કર્મની અભિલાષા કરે છે એમ કહ્યું છે. વળી જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પ્રકૃતિ છે – એ અર્થમાં પરઘાતમાનકર્મ કહેવામાં આવે છે, તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ ઉપઘાતક નથી કારણ કે કર્મ જ કર્મને હણે છે એમ કહ્યું છે. આ પ્રમાણે આવો સાંખ્યમતનો ઉપદેશ જે શ્રમણો પ્રરૂપે છે તેમના મતમાં પ્રકૃતિ જ કરે છે અને આત્માઓ તો સર્વે અકારક છે એમ ઠરે છે. અથવા જો તું એમ માને કે 'મારો આત્મા પોતાના (દ્રવ્યરૂપ) આત્માને કરે છે' તો એવું જાણનારો તારો એ મિથ્યાસ્વભાવ છે, કારણ કે સિદ્ધાંતમાં આત્માને નિત્ય, અસંખ્યાત-પ્રદેશી બતાવ્યો છે, તેનાથી તેને હીન-અધિક કરી શકાતો નથી; વળી વિસ્તારથી પણ જીવનું જીવરૂપ નિશ્ચયથી લોકમાત્ર જાણ; તેનાથી શું તે હીન અથવા અધિક થાય છે? તો પછી (આત્મા) દ્રવ્યને (દ્રવ્યરૂપ આત્મા) કઈ રીતે કરે? અથવા જો 'જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે' એમ માનવામાં આવે, તો એમ પણ આત્મા પોતે પોતાના આત્માને કરતો નથી એમ ઠરે છે!

૩૪૫. (૩૪૫ થી ૩૪૮) કારણ કે જીવ કેટલાક પર્યાયોથી નાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી નાશ પામતો, તેથી '(જે ભોગવે છે) તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે' એવો એકાંત નથી. કારણ કે જીવ કેટલાક પર્યાયોથી નાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી નાશ પામતો, તેથી '(જે કરે છે) તે જ ભોગવે છે' અથવા 'બીજો જ ભોગવે છે' એવો એકાંત નથી. 'જે કરે છે તે જ નથી ભોગવતો' એવો જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ, અનાર્હત (અર્હતના મતને નહિ માનનારો) જાણવો. 'બીજો કરે છે અને બીજો ભોગવે છે' એવો જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ, અનાર્હત (અર્હતના મતને નહિ માનનારો) જાણવો.

૩૪૯. (૩૪૯ થી ૩૫૫) જેમ શિલ્પી કુંડળ આદિ કર્મ કરે છે પરંતુ તે તન્મય થતો નથી, તેમ જીવ પણ પુણ્યપાપ આદિ પુદ્ગલકર્મ કરે છે પરંતુ તન્મય થતો નથી. જેમ શિલ્પી હથોડા આદિ કરણો વડે કરે છે પરંતુ તે તન્મય થતો નથી, તેમ જીવ પણ કરણો (મનવચનકાયારૂપ) વડે કરે છે પરંતુ તે તન્મય થતો નથી. જેમ શિલ્પી કરણોને ગ્રહણ કરે છે પરંતુ તે તન્મય થતો નથી, તેમ જીવ કરણોને ગ્રહણ કરે છે પરંતુ તન્મય થતો નથી. જેમ શિલ્પી કુંડળ આદિ કર્મના ફળને ભોગવે છે પરંતુ તે તન્મય થતો નથી, તેમ જીવ પુણ્યપાપાદિ પુદ્ગલકર્મના ફળને ભોગવે છે પરંતુ તન્મય થતો નથી. એ રીતે તો વ્યવહારનો મત સંક્ષેપથી કહેવાયોગ્ય છે. હવે નિશ્ચયનું વચન સાંભળ કે જે પરિણામ વિષયક છે. જેમ શિલ્પી ચેષ્ટારૂપ કર્મને કરે છે અને તેનાથી અનન્ય છે, તેમ જીવ પણ કર્મને કરે છે અને તેનાથી અનન્ય છે. જેમ ચેષ્ટારૂપ કર્મ કરતો શિલ્પી નિત્ય દુઃખી થાય છે અને તેનાથી તે અનન્ય છે, તેમ ચેષ્ટા કરતો જીવ દુઃખી થાય છે (અને અનન્ય છે).

૩૫૬. (૩૫૬ થી ૩૬૫) જેમ ખડી પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ જ્ઞાયક (જાણનારો આત્મા) પરનો (પરદ્રવ્યનો) નથી, જ્ઞાયક તે તો જ્ઞાયક જ છે. જેમ ખડી પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ દર્શક (જોનારો આત્મા) પરનો નથી, દર્શક તે તો દર્શક જ છે. જેમ ખડી પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ સંયત (સંયમી આત્મા) પરનો નથી, સંયત તે તો સંયત જ છે. જેમ ખડી પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ દર્શન (શ્રદ્ધા) પરનું નથી, દર્શન તે તો દર્શન જ છે. એ પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે નિશ્ચયનયનું કથન છે. વળી તે વિષે સંક્ષેપથી વ્યવહારનયનું કથન સાંભળ. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ જ્ઞાતા પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને જાણે છે. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ જીવ પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને જુએ છે. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ જ્ઞાતા પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને ત્યાગે છે. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને શ્રદ્ધે છે. આ પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે વ્યવહારનયનો નિર્ણય કહ્યો; બીજા પર્યાયો વિષે પણ એ રીતે જ જાણવો.

૩૬૬. (૩૬૬ થી ૩૭૧) જ્ઞાન-દર્શન-ચારિત્ર અચેતન વિષયમાં જરા પણ નથી, તેથી આત્મા તે વિષયોમાં શું હણે (શાનો ઘાત કરે)? જ્ઞાન-દર્શન-ચારિત્ર અચેતન કર્મમાં જરા પણ નથી, તેથી આત્મા તે કર્મમાં શું હણે? જ્ઞાન-

દર્શન-ચારિત્ર અચેતન કાયામાં જરા પણ નથી, તેથી આત્મા તે કાયાઓમાં શું હણે? જ્ઞાનનો, દર્શનનો તથા ચારિત્રનો ઘાત કહ્યો છે, ત્યાં પુદ્ગલદ્રવ્યનો ઘાત જરા પણ કહ્યો નથી. (જ્ઞાન-દર્શન-ચારિત્ર હણાતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી). આમ જે કોઈ જીવના ગુણો છે, તે ખરેખર પરદ્રવ્યોમાં નથી; તેથી સમ્યગ્દષ્ટિને વિષયો પ્રત્યે રાગ નથી. વળી રાગ, દ્વેષ અને મોહ જીવના જ અનન્ય પરિણામ છે, તે કારણે રાગાદિક શબ્દાદિ વિષયોમાં નથી.

૩૭૨. અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઉપજે છે.

૩૭૩. (૩૭૩ થી ૩૮૨) બહુ પ્રકારનાં નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપ પુદ્ગલો પરિણમે છે; તેમને સાંભળીને અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને રોષ તથા તોષ કરે છે. પુદ્ગલદ્રવ્ય શબ્દપણે પરિણમ્યું છે; તેનો ગુણ જો અન્ય છે, તો હે અજ્ઞાનની જીવ! તને કાંઈપણ કહ્યું નથી; તું અજ્ઞાની બની રોષ શા માટે કરે છે? અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતું કે 'તું મને સાંભળ'; અને આત્મા પણ શ્રોતેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને ગ્રહવા જતો નથી. અશુભ અથવા શુભ રૂપ તને એમ નથી કહેતું કે 'તું મને જો'; અને આત્મા પણ ચક્ષુ-ઈન્દ્રિયના વિષયમાં આવેલા રૂપને ગ્રહવા જતો નથી. અશુભ અથવા શુભ ગંધ તને એમ નથી કહેતી કે 'તું મને સુંઘ'. અને આત્મા પણ ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આવેલી ગંધને ગ્રહવા જતો નથી. અશુભ અથવા શુભ રસ તને એમ નથી કહેતો કે 'તું મને ચાખ'; અને આત્મા પણ રસના-ઈન્દ્રિયના વિષયમાં આવેલા રસને ગ્રહવા જતો નથી. અશુભ અથવા શુભ સ્પર્શ તને એમ નથી કહેતું કે 'તું મને સ્પર્શ'; અને આત્મા પણ કાયાના વિષયમાં આવેલા સ્પર્શને ગ્રહવા જતો નથી. અશુભ અથવા શુભ ગુણ તને એમ નથી કહેતું કે 'તું મને જાણ'; અને આત્મા પણ બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને ગ્રહવા જતો નથી. અશુભ અથવા શુભ દ્રવ્ય તને એમ નથી કહેતું કે 'તું મને જાણ'; અને આત્મા પણ બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને ગ્રહવા જતો નથી. આવું જાણીને પણ મૂઢ જીવ ઉપશમને પામતો નથી; અને શિવ બુદ્ધિને નહિ પામેલો પોતે પરને ગ્રહવાનું મન કરે છે.

૩૮૩. (૩૮૩ થી ૩૮૬) પૂર્વે કરેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું શુભાશુભ કર્મ તેનાથી જે આત્મા પોતાને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે. ભવિષ્યકાળનું જે શુભ-અશુભ કર્મ તે જે ભાવમાં બંધાય છે તે ભાવથી જે આત્મા નિવર્તે છે, તે આત્મા પ્રત્યાખ્યાન છે. વર્તમાનકાળે ઉદયમાં આવેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું શુભ-અશુભ કર્મ તે દોષને જે આત્મા ચેતે છે – અનુભવે છે– જ્ઞાતાભાવે જાણી લે છે, તે આત્મા ખરેખર આલોચના છે. જે સદા પ્રત્યાખ્યાન કરે છે, સદા પ્રતિક્રમણ કરે છે અને સદા આલોચના કરે છે, તે આત્મા ખરેખર ચારિત્ર છે.

૩૮૭. (૩૮૭ થી ૩૮૯) કર્મના ફળને વેદતાં જે આત્મા કર્મફળને પોતારૂપ કરે છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને – દુઃખના બીજને – બાંધે છે. કર્મના ફળને વેદતાં જે આત્મા 'કર્મફળને મેં કર્યું' એમ જાણે છે તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને – દુઃખના બીજને – બાંધે છે. કર્મના ફળને વેદતાં જે આત્મા સુખી અને દુઃખી થાય છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને – દુઃખના બીજને – બાંધે છે.

૩૯૦. (૩૯૦ થી ૪૦૪) શાસ્ત્ર જ્ઞાન નથી કારણ કે શાસ્ત્ર કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, શાસ્ત્ર અન્ય છે – એમ જિનદેવો કહે છે. શબ્દ જ્ઞાન નથી કારણ કે શબ્દ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, શબ્દ અન્ય છે – એમ જિનદેવો કહે છે. રૂપ જ્ઞાન નથી કારણ કે રૂપ કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, રૂપ અન્ય છે – એમ જિનદેવો કહે છે. વર્ણ જ્ઞાન નથી કારણ કે વર્ણ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, વર્ણ અન્ય છે – એમ જિનદેવો કહે છે. ગંધ જ્ઞાન નથી કારણ કે ગંધ કાંઈ જાણતી નથી, માટે જ્ઞાન અન્ય છે, ગંધ અન્ય છે – એમ જિનદેવો કહે છે. રસ જ્ઞાન નથી કારણ કે રસ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, રસ અન્ય છે – એમ જિનદેવો કહે છે. સ્પર્શ જ્ઞાન નથી કારણ કે સ્પર્શ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, સ્પર્શ અન્ય છે – એમ જિનદેવો કહે છે. કર્મ જ્ઞાન નથી કારણ કે કર્મ કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, કર્મ અન્ય છે – એમ જિનદેવો કહે છે. ધર્મ (ધર્માસ્તિકાય) જ્ઞાન નથી કારણ કે ધર્મ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, ધર્મ અન્ય છે – એમ જિનદેવો કહે છે. અધર્મ (અધર્માસ્તિકાય) જ્ઞાન નથી કારણ કે અધર્મ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, અધર્મ અન્ય છે – એમ જિનદેવો કહે છે. કાળ જ્ઞાન નથી કારણ કે કાળ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, કાળ અન્ય છે – એમ જિનદેવો કહે છે. આકાશ જ્ઞાન નથી કારણ કે આકાશ કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, આકાશ અન્ય છે – એમ જિનદેવો કહે છે. અધ્યવસાન જ્ઞાન નથી કારણ કે અધ્યવસાન કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, અધ્યવસાન અન્ય છે – એમ જિનદેવો કહે છે. કારણ કે જીવ નિરંતર જાણે છે

માટે જ્ઞાયક એવો જીવ જ્ઞાની છે. અને જ્ઞાન જ્ઞાયકથી અવ્ય એમ જાણવું. બુધ પુરુષો જ્ઞાનને જ સમ્યગ્દષ્ટિ (જ્ઞાનને જ) સંયમ અંગપૂર્વગત સૂત્ર, ધર્મ-અધર્મ (પુણ્ય ..પ) તથા દીક્ષા માને છે.

૪૦૫. (૪૦૫ થી ૪૦૭) એ રીતે જેનો આત્મા અમૂર્તિક છે તે ખરેખર આહારક નથી; આહાર તો મૂર્તિક છે કારણકે તે પુદ્ગલમય છે. જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી. એવો જ કોઈ તેનો (આત્માનો) પ્રાયોગિક (કર્મજન્ય) તેમ જ વૈસ્રસિક (સ્વભાવજન્ય) ગુણ છે. માટે જે વિશુદ્ધ આત્મા છે તે જીવ અને અજીવ દ્રવ્યોમાં કાંઈ પણ ગ્રહતો નથી તથા કાંઈ પણ છોડતો નથી. (વાસ્તવિક રીતે આત્મા સચિત્ત અચિત્ત પાંચ પ્રકારના આહાર – કર્મ, નોકર્મ, લેપ્ય, ઓજસ, માનસ – ને જરા પણ ગ્રહણ કરતો નથી, તેમ નોકર્મ આહારમય એવું આ શરીર તે જીવસ્વરૂપ થતું નથી).

૪૦૮. (૪૦૮ અને ૪૦૯) બહુ પ્રકારનાં મુનિલિંગોને અથવા ગૃહીલિંગોને ગ્રહણ કરીને મૂઢ જનો એમ કહે છે કે આ (બાહ્ય) લિંગ મોક્ષમાર્ગ છે. પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી; કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.

૪૧૦. મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો એ મોક્ષમાર્ગ નથી; દર્શન-જ્ઞાન-ચારિત્રને જિનદેવો મોક્ષમાર્ગ કહે છે.

૪૧૧. માટે સાગારો (ગૃહસ્થો) અથવા અણગારો (મુનિઓ) વડે ગ્રહાયેલાં લિંગોને છોડીને, દર્શનજ્ઞાનચારિત્રમાં – કે જે મોક્ષમાર્ગ છે તેમાં – તું આત્માને જોડ.

૪૧૨. (હે ભવ્ય!) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત-અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.

૪૧૩. જેઓ બહુ પ્રકારનાં મુનિ લિંગોમાં અથવા ગૃહસ્થલિંગોમાં મમતા કરે છે, તેમણે સમયસારને નથી જાણ્યો.

૪૧૪. વ્યવહારનય બન્ને લિંગોને મોક્ષમાર્ગમાં કહે છે, નિશ્ચયનય સર્વ લિંગોને (અર્થાત્ કોઈપણ લિંગને) મોક્ષમાર્ગમાં ગણતો નથી.

૪૧૫. જે આત્મા આ સમયપ્રાભૃતને ભણીને, અર્થ અને તત્વથી જાણીને, તેના અર્થમાં સ્થિત થશે, તે ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.

# શ્રી પ્રવચન સાર

## ૧. જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન

૧. આ હું સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી જે વંદિત છે અને ઘાતીકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે એવા તીર્થરૂપ અને ધર્મના કર્તા શ્રી વર્ધમાનસ્વામીને પ્રણમું છું.

૨. વળી વિશુદ્ધ સત્તાવાળા શેષ તીર્થંકરોને સર્વ સિદ્ધ ભગવંતો સાથે, અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારવાળા શ્રમણોને પ્રણમું છું.

૩. તે તે સર્વને તથા મનુષ્યક્ષેત્રમાં વર્તતા અર્હંતોને સાથે સાથે – સમુદાયરૂપે અને પ્રત્યેક પ્રત્યેકને – વ્યક્તિગત વંદું છું.

૪. (૪ અને ૫) એ રીતે અર્હંતોને અને સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયવર્ગને અને સર્વ સાધુઓને નમસ્કાર કરીને તેમના વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન આશ્રમને પામીને હું સામ્યને પ્રાપ્ત કરું છું કે જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

૬. જીવને દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી દેવેન્દ્ર, અસુરેન્દ્ર ને નરેન્દ્રના વૈભવો સહિત નિર્વાણ પ્રાપ્ત થાય છે. (જીવને સરાગચારિત્રથી દેવેન્દ્ર વગેરેના વૈભવની અને વીતરાગ ચારિત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે).

૭. ચારિત્ર ખરેખર ધર્મ છે. જે ધર્મ છે તે સામ્ય છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. સામ્ય મોહક્ષોભરહિત એવો આત્માનો પરિણામ (ભાવ) છે.

૮. દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે કાળે તે-મય છે એમ (જિનેન્દ્રદેવે) કહ્યું છે; તેથી ધર્મપરિણત આત્મા ધર્મ જાણવો.

૯. જીવ, પરિણામસ્વભાવી હોવાથી, જ્યારે શુભ કે અશુભ ભાવે પરિણમે છે ત્યારે શુભ કે અશુભ (પોતે જ) થાય છે અને જ્યારે શુદ્ધ ભાવે પરિણમે છે ત્યારે શુદ્ધ થાય છે.

૧૦. આ લોકમાં પરિણામ વિના પદાર્થ નથી, પદાર્થ વિના પરિણામ નથી; પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને (ઉત્પાદવ્યયધ્રૌવ્યમય) અસ્તિત્વથી બનેલો છે.

૧૧. ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

૧૨. અશુભ ઉદયથી આત્મા કુમનુષ્ય, તિર્યંચ અને નારક થઈને હજારો દુઃખોથી સદા પીડિત થતો (સંસારમાં) અત્યંત ભમે છે.

૧૩. શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળીભગવંતોનું અને સિદ્ધભગવંતોનું) સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત (અતીન્દ્રિય), અનુપમ અનંત અને અવિચ્છિન્ન છે.

૧૪. જેમણે (નિજ શુદ્ધ આત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે, જે સંયમ અને તપ સહિત છે, જે વીતરાગ આર્થત્ રાગરહિત છે અને જેમને સુખદુઃખ સમાન છે, એવા શ્રમણને (મુનિવરને) 'શુદ્ધોપયોગી' કહેવામાં આવ્યા છે.

૧૫. જે ઉપયોગવિશુદ્ધ (શુદ્ધોપયોગી) છે, તે આત્મા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરૂપ રજથી રહિત સ્વયમેવ થઈ જ્ઞેયભૂત પદાર્થોના પારને પામે છે.

૧૬. એ રીતે તે આત્મા સ્વભાવને પામેલો, સર્વજ્ઞ અને સર્વ (ત્રણે) લોકના અધિપતિઓથી પૂજિત સ્વયમેવ થયો હોવાથી 'સ્વયંભૂ' છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

૧૭. તેને (શુદ્ધાત્મસ્વભાવને પામેલા આત્માને) વિનાશ રહિત ઉત્પાદ છે અને ઉત્પાદ રહિત વિનાશ છે. તેને જ વળી સ્થિતિ, ઉત્પાદ અને વિનાશનો સમવાય (મેળાપ) છે.

૧૮. કોઈ પર્યાયથી ઉત્પાદ અને કોઈ પર્યાયથી વિનાશ સર્વ પદાર્થમાત્રને હોય છે; વળી કોઈ પર્યાયથી પદાર્થ ખરેખર ધ્રુવ છે.

૧૯. જેનાં ઘાતિ કર્મો ક્ષય પામ્યાં છે, જે અતીન્દ્રિય થયો છે, અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે એવો તે (સ્વયંભૂ આત્મા) જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે.

૨૦. કેવળજ્ઞાનીને શરીર સંબંધી સુખ કે દુઃખ નથી, કારણ કે અતીન્દ્રિયપણું થયું છે તેથી એમ જાણવું.

૨૧. ખરેખર જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળીભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે; તે તેમને અવગ્રહ આદિ ક્રિયાઓથી નથી જાણતા.

૨૨. જે સદા ઈન્દ્રિયાતીત છે, જે સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશે) સર્વ ઇંદ્રિયગુણો વડે સમૃદ્ધ છે અને જે સ્વયંમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી.

૨૩. આત્મા જ્ઞાનપ્રમાણ છે; જ્ઞાન જ્ઞેયપ્રમાણ કહ્યું છે. જ્ઞેય લોકાલોક છે, તેથી જ્ઞાન સર્વગત (સર્વવ્યાપક) છે.

૨૪. આ જગતમાં જેના મતમાં આત્મા જ્ઞાનપ્રમાણ નથી, તેના મતમાં તે આત્મા અવશ્ય જ્ઞાનથી હીન અથવા અધિક હોવો જોઈએ.

૨૫. જો તે આત્મા જ્ઞાનથી હીન હોય તો જ્ઞાન અચેતન થવાથી જાણે નહીં, અને જો (આત્મા) જ્ઞાનથી અધિક હોય તો (તે આત્મા) જ્ઞાન વિના કેમ જાણે?

૨૬. જિનવર સર્વગત છે અને જગતના સર્વ પદાર્થો જિનવરગત (જિનવરમાં પ્રાપ્ત) છે; કારણ કે જિન જ્ઞાનમય છે અને સર્વ પદાર્થો જ્ઞાનના વિષય હોવાથી જિનના વિષય કહેવામાં આવ્યા છે.

૨૭. જ્ઞાન આત્મા છે એમ જિનદેવોનો મત છે. આત્મા વિના (બીજા કોઈ દ્રવ્યમાં) જ્ઞાન હોતું નથી તેથી જ્ઞાન આત્મા છે; અને આત્મા તો (જ્ઞાનગુણ દ્વારા) જ્ઞાન છે અથવા (સુખાદિ અન્યગુણ દ્વારા) અન્ય છે.

૨૮. આત્મા જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થો આત્માના જ્ઞેયસ્વરૂપ છે. જેમ રૂપ (રૂપી પદાર્થો) નેત્રનાં જ્ઞેય છે તેમ. તેઓ એકબીજામાં વર્તતા નથી.

૨૯. જેવી રીતે ચક્ષુ રૂપને (જ્ઞેયોમાં અપ્રવેશેલું રહીને તેમ જ અપ્રવેશેલું નહિ રહીને જાણે-દેખે છે) તેવી રીતે આત્મા ઇંદ્રિયાતીત થઈ અશેષ જગતને (સમસ્ત લોકાલોકને) જ્ઞેયોમાં અપ્રવિષ્ટ રહીને તેમ જ અપ્રવિષ્ટ નહિ રહીને નિરંતર જાણે-દેખે છે.

૩૦. જેમ આ જગતને વિષે દૂધમાં રહેલું ઇંદ્રનીલ રત્ન પોતાની પ્રભા વડે તે દૂધમાં વ્યાપીને વર્તે છે, તેમ જ્ઞાન (જ્ઞાતૃદ્રવ્ય) પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.

૩૧. જો તે પદાર્થો જ્ઞાનમાં ન હોય તો જ્ઞાન સર્વગત ન હોઈ શકે. અને જો જ્ઞાન સર્વગત છે તો પદાર્થો જ્ઞાનસ્થિત કઈ રીતે નથી? (અર્થાત્ છે જ.)

૩૨. કેવળી ભગવાન પરને ગ્રહતા નથી, છોડતા નથી, પરરૂપે પરિણમતા નથી; તેઓ નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને) સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશથી) દેખે-જાણે છે.

૩૩. જે ખરેખર શ્રુતજ્ઞાન વડે સ્વભાવથી જ્ઞાયક (જ્ઞાયકસ્વભાવ) આત્માને જાણે છે, તેને લોકના પ્રકાશક ઋષિશ્વરો શ્રુતકેવળી કહે છે.

૩૪. સૂત્ર એટલે પુદ્‌ગલદ્રવ્યાત્મક વચનો વડે જિનભગવંતે ઉપદેશેલું તે. તેની જ્ઞપ્તિ તે જ્ઞાન છે અને તેને સૂત્રની જ્ઞપ્તિ (શ્રુતજ્ઞાન) કહી છે.

૩૫. જે જાણે છે તે જ્ઞાન છે (જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે), જ્ઞાન વડે આત્મા જ્ઞાયક છે એમ નથી. પોતે જ જ્ઞાનરૂપે પરિણમે છે અને સર્વ પદાર્થો જ્ઞાનસ્થિત છે.

૩૬. તેથી જીવ જ્ઞાન છે અને જ્ઞેય ત્રિધા વર્ણવવામાં આવેલું (ત્રિકાળસ્પર્શી) દ્રવ્ય છે. (એ જ્ઞેયભૂત) દ્રવ્ય એટલે આત્મા (સ્વાત્મા) અને પર કે જેઓ પરિણામવાળાં છે.

૩૭. તે (જીવાદિ) દ્રવ્યજાતિઓના સમસ્ત વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો, તાત્કાલિક (વર્તમાન) પર્યાયોની માફક, વિશિષ્ટતાપૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) જ્ઞાનમાં વર્તે છે.

૩૮. જે પર્યાયો ખરેખર ઉત્પન્ન થતા નથી, તથા જે પર્યાયો ખરેખર ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે, તે અવિદ્યમાન પર્યાયો જ્ઞાનપ્રત્યક્ષ છે.

૩૯. જો અનુત્પન્ન પર્યાય તથા નષ્ટ પર્યાય જ્ઞાનને (કેવળજ્ઞાનને) પ્રત્યક્ષ ન હોય, તો તે જ્ઞાનને 'દિવ્ય' કોણ પ્રરૂપે?

૪૦. જેઓ અક્ષપતિત અર્થાત્ ઇન્દ્રિયગોચર પદાર્થને ઈહાદિક વડે જાણે છે, તેમને માટે પરોક્ષભૂત પદાર્થને જાણવાનું અશક્ય છે એમ સર્વજ્ઞ દેવે કહ્યું છે.

૪૧. જે જ્ઞાન અપ્રદેશને, સપ્રદેશને, મૂર્તને, અને અમૂર્તને તથા અનુત્પન્ન તેમ જ નષ્ટ પર્યાયને જાણે છે, તે જ્ઞાન અતીન્દ્રિય કહેવામાં આવ્યું છે.

૪૨. જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય તો તેને ક્ષાયિક જ્ઞાન નથી જ. જિનેન્દ્રોએ તેને કર્મને જ અનુભવનાર કહ્યો છે.

૪૩. (સંસારી જીવને ઉદય પ્રાપ્ત કર્માંશો (જ્ઞાનાવરણીયાદિ પુદ્‌ગલકર્મના ભેદો) નિયમથી જિનવરવૃષભોએ કહ્યા છે. જીવ તે કર્માંશો હોતાં, મોહી, રાગી અથવા દ્વેષી થઈ બંધને અનુભવે છે.

૪૪. તે અર્હંતભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર અને ધર્મોપદેશ, સ્ત્રીઓને માયાચારની માફક, સ્વાભાવિક જ હોય છે.

૪૫. અર્હંતભગવંતો પુણ્યના ફળવાળા છે અને તેમની ક્રિયા ઔદયિકી છે; મોહાદિકથી રહિત છે તેથી તે ક્ષાયિકી માનવામાં આવી છે.

૪૬. જો એમ માનવામાં આવે કે આત્મા સ્વયં સ્વભાવથી શુભ કે અશુભ થતો નથી તો સર્વ જીવનિકાયોને સંસાર પણ વિદ્યમાન નથી એમ ઠરે!

૪૭. જે જ્ઞાન યુગપદ્ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી) તાત્કાલિક કે અતાત્કાલિક, વિચિત્ર અને વિષમ (મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના) સર્વ પદાર્થોને જાણે છે, તે જ્ઞાનને ક્ષાયિક કહ્યું છે.

૪૮. જે એકીસાથે ત્રૈકાલિક ત્રિભુવનસ્થ પદાર્થોને જાણતો નથી, તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી.

૪૯. જો અનંત પર્યાયવાલા એક દ્રવ્યને (આત્મદ્રવ્યને) તથા અનંત દ્રવ્યસમૂહને યુગપદ જાણતો નથી તો તે (પુરુષ) સર્વને કઈ રીતે જાણી શકે?

૫૦. જો આત્માનું જ્ઞાન ક્રમશઃ પદાર્થોને અવલંબીને ઉત્પન્ન થતું હોય તો તે (જ્ઞાન) નિત્ય નથી, ક્ષાયિક નથી, સર્વગત નથી.

૫૧. ત્રણે કાળે સદાય વિષમ (અસમાન જાતિના), સર્વ ક્ષેત્રના અને અનેક પ્રકારના સમસ્ત પદાર્થોને જિનદેવનું જ્ઞાન યુગપદ્ જાણે છે. અહો! જ્ઞાનનું માહાત્મ્ય!

૫૨. (કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી તેથી તેને અબંધક કહ્યો છે.

૫૩. પદાર્થો સંબંધી જ્ઞાન અમૂર્ત કે મૂર્ત, અતીંદ્રિય કે ઐન્દ્રિય હોય છે; અને એ જ પ્રમાણે (અમૂર્ત કે મૂર્ત, અતીંદ્રિય કે ઐન્દ્રિય) સુખ હોય છે. તેમાં જે પ્રધાન-ઉત્કૃષ્ટ છે તે ઉપાદેયપણે જાણવું.

૫૪. દેખનારનું જે જ્ઞાન અમૂર્તને, મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિયને, અને પ્રચ્છન્નને (ઢંકાયેલને) એ બધાંયને - સ્વ તેમ જ પરને - દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

૫૫. સ્વયં અમૂર્ત એવો જીવ મૂર્ત શરીરને પ્રાપ્ત કરી તે મૂર્ત શરીર વડે યોગ્ય મૂર્ત પદાર્થને અવગ્રહીને તેને જાણે છે અથવા નથી જાણતો.

૫૬. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ - કે જેઓ પુદ્ગલ છે તેઓ - ઇંદ્રિયોના વિષયો છે. (પરંતુ) તે ઇંદ્રિયો તેમને (પણ) યુગપદ્ ગ્રહતી નથી.

૫૭. તે ઇંદ્રિયો પરદ્રવ્ય છે, તેમને આત્માના સ્વભાવરૂપ કહી નથી; તેમના વડે જણાયેલું આત્માને પ્રત્યક્ષ કઈ રીતે હોય?

૫૮. પર દ્વારા થતું જે પદાર્થો સંબંધી વિજ્ઞાન તે તો પરોક્ષ કહેવામાં આવ્યું છે; જો કેવળ જીવ વડે જ જાણવામાં આવે તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

૫૯. સ્વયં (પોતાનાથી જ) ઊપજતું સમંત (સર્વ પ્રદેશથી જાણતું), અનંત પદાર્થોમાં વિસ્તૃત, વિમળ અને અવગ્રહાદિથી રહિત - એવું જ્ઞાન એકાંતિક સુખ છે એમ (સર્વજ્ઞદેવે) કહ્યું છે.

૬૦. જે 'કેવળ' નામનું જ્ઞાન છે તે સુખ છે, પરિણામ પણ તે જ છે. તેને ખેદ કહ્યો નથી કારણ કે ઘાતી કર્મો ક્ષય પામ્યાં છે.

૬૧. જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે; સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને જે ઇષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે. (તેથી કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે)

૬૨. 'જેમનાં ઘાતિ કર્મો નાશ પામ્યાં છે તેમનું સુખ સર્વ સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે' એવું વચન સાંભળીને જેઓ તેને શ્રદ્ધતા નથી તેઓ અભવ્ય છે; અને ભવ્યો તેનો સ્વીકાર (આદર, શ્રદ્ધા) કરે છે.

૬૩. મનુષ્યેંદ્રો, અસુરેંદ્રો અને સુરેંદ્રો સ્વાભાવિક ઇંદ્રિયો વડે પીડિત વર્તતા થકા તે દુઃખ નહિ સહી શકવાથી રમ્ય વિષયોમાં રમે છે.

૬૪. જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે તે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.

૬૫. સ્પર્શનાદિક ઇંદ્રિયો જેમનો આશ્રય કરે છે એવા ઇષ્ટ વિષયોને પામીને (પોતાના અશુદ્ધ) સ્વભાવે પરિણમીને આત્મા સ્વયમેવ સુખરૂપ થાય છે, દેહ સુખરૂપ થતો નથી.

૬૬. એકાંતે અથાત્ નિયમથી સ્વર્ગમાં પણ દેહ દેહીને (આત્માને) સુખ કરતો નથી; પરંતુ વિષયોના વશે સુખ અથવા દુઃખરૂપ સ્વયં આત્મા થાય છે.

૬૭. જો પ્રાણીની દૃષ્ટિ તિમિરનાશક હોય તો દીવાથી કાંઈ પ્રયોજન નથી અર્થાત્ દીવો કાંઈ કરતો નથી, તેમ જ્યાં આત્મા સ્વયંસુખરૂપ પરિણમે છે ત્યાં વિષયો શું કરે છે?

૬૮. જેમ આકાશમાં સૂર્ય સ્વયમેવ તેજ, ઉષ્ણ અને દેવ છે, તેમ લોકમાં સિદ્ધભગવાન પણ (સ્વયમેવ) જ્ઞાન, સુખ અને દેવ છે.

૬૯. દેવ, ગુરુ અને યતિની પૂજામાં, દાનમાં, સુશીલોમાં તથા ઉપવાસાદિકમાં રક્ત આત્મા શુભોપયોગાત્મક છે.

૭૦. શુભોપયોગયુક્ત આત્મા તિર્યંચ, મનુષ્ય અથવા દેવ થઈને, તેટલો કાળ વિવિધ ઇંદ્રિયસુખ પામે છે.

૭૧. (જિનદેવના) ઉપદેશમાં સિદ્ધ છે કે – દેવોને પણ સ્વભાવનિષ્પન્ન સુખ નથી; તેઓ (પંચેંદ્રિયમય) દેહની વેદનાથી પીડિત હોવાથી રમ્ય વિષયોમાં રમે છે.

૭૨. મનુષ્યો, નારકો, તિર્યંચો અને દેવો જો દેહોત્પન્ન દુઃખને અનુભવે છે, તો જીવોનો તે (શુદ્ધઉપયોગથી વિલક્ષણ – અશુદ્ધ) ઉપયોગ શુભ અને અશુભ – બે પ્રકારનો કઈ રીતે છે? (અર્થાત્ નથી).

૭૩. વજ્રધરો અને ચક્રધરો શુભોપયોગમૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે દેહાદિની પુષ્ટિ કરે છે અને (એ રીતે) ભોગોમાં રત રહીને સુખી જેવા ભાસે છે.

*૭૪. (પૂર્વોક્ત રીતે) જો (શુભોપયોગરૂપ) પરિણામથી ઊપજતાં વિવિધ પુણ્યો વિદ્યમાન છે, તો તેઓ દેવો સુધીના જીવોને* વિષયતૃષ્ણા ઉત્પન્ન કરે છે.

૭૫. વળી, જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી છતાં મરણપર્યંત વિષયસુખોને ઈચ્છે છે અને દુઃખથી સંતપ્ત થઈને (દુઃખદાહ સહન ન થવાથી) તેમને ભોગવે છે.

૭૬. જે ઇંદ્રિયોથી પ્રાપ્ત થાય છે, તે સુખ પર સંબંધવાળું, બાધાસહિત, વિછિન્ન, બંધનું કારણ અને વિષમ છે; એ રીતે તે દુઃખ જ છે.

૭૭. એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તાને ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

૭૮. એ રીતે વસ્તુસ્વરૂપ જાણીને જે દ્રવ્યો પ્રત્યે રાગ કે દ્વેષને પામતો નથી, તે વિશુદ્ધ ઉપયોગમાં વર્તાને દેહોત્પન્ન દુઃખનો ક્ષય કરે છે.

૭૯. પાપારંભ છોડીને શુભ ચારિત્રમાં ઉદ્યત હોવા છતાં જો જીવ મોહાદિકને છોડતો નથી, તો તે શુદ્ધ આત્માને પામતો નથી.

૮૦. જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે.

૮૧. જેણે મોહને દૂર કર્યો છે અને આત્માના સમ્યક્ તત્ત્વને પ્રાપ્ત કર્યું છે એવો જીવ જો રાગદ્વેષને છોડે છે, તો તે શુદ્ધ આત્માને પામે છે.

૮૨. બધાય અર્હંતભગવંતો તે જ વિધિથી કર્માંશોનો ક્ષય કરીને તથા (અન્યને પણ) એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે, તેમને નમસ્કાર હો.

૮૩. જીવને દ્રવ્યાદિક વિષે જે મૂઢભાવ તે મોહ છે; તેનાથી આચ્છાદિત વર્તાને જીવ રાગ અથવા દ્વેષને પામીને ક્ષુબ્ધ થાય છે.

૮૪. મોહરૂપે, રાગરૂપે અથવા દ્વેષરૂપે પરિણમતા જીવને વિવિધ બંધ થાય છે; તેથી તેમને (મોહ–રાગ–દ્વેષને) સંપૂર્ણ રીતે ક્ષય કરવા યોગ્ય છે.

૮૫. પદાર્થનું અન્યથાગ્રહણ (પદાર્થ વિષે વિપરીત સમજ) અને તિર્યંચ–મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, તથા વિષયોનો સંગ આ મોહનાં લિંગો છે.

૮૬. જિનશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહોપચય ક્ષય પામે છે, તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે.

૮૭. દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો 'અર્થ' નામથી કહ્યાં છે તેમાં, ગુણ–પર્યાયોનો આત્મા દ્રવ્ય છે (અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ–સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) એમ (જિનેંદ્રનો) ઉપદેશ છે.

૮૮. જે જિનના ઉપદેશને પામીને મોહ–રાગ–દ્વેષને હણે છે, તે અલ્પ કાળમાં સર્વ દુઃખથી મુક્ત થાય છે.

૮૯. જે નિશ્ચયથી જ્ઞાનાત્મક એવા પોતાને અને પરને નિજ નિજ દ્રવ્યત્વથી સંબદ્ધ (સંયુક્ત) જાણે છે તે મોહનો ક્ષય કરે છે.

૯૦. માટે (સ્વ પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી) જો આત્મા પોતાને નિર્મોહપણું ઇચ્છતો હોય તો, જિનમાર્ગ દ્વારા ગુણો વડે દ્રવ્યમાં સ્વ અને પરને જાણો (અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે અનંત દ્રવ્યોમાંથી 'આ સ્વ છે અને આ પર છે' એમ વિવેક કરો).

૯૧. જે જીવ શ્રમણપણામાં આ સત્તાસંયુક્ત સવિશેષ પદાર્થોને શ્રદ્ધતો નથી, તે શ્રમણ નથી; તેનામાંથી ધર્મ ઉદ્ભવતો નથી (અર્થાત્ તે શ્રમણાભાસને ધર્મ થતો નથી).

૯૨. જે આગમમાં કુશળ છે, જેની મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે અને જે વીતરાગ ચારિત્રમાં આરુઢ છે, તે મહાત્મા શ્રમણને (શાસ્ત્રમાં) ધર્મ કહેલ છે.

## ૨. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન

૯૩. પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે; દ્રવ્યો ગુણાત્મક કહેવામાં આવ્યાં છે; અને વળી દ્રવ્ય તથા ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયમૂઢ જીવો પરસમય (અર્થાત્ મિથ્યાદૃષ્ટિ) છે.

૯૪. જે જીવો પર્યાયમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યા છે; જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા.

૯૫. સ્વભાવને છોડયા વિના જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે તથા ગુણવાળું ને પર્યાયસહિત છે, તેને 'દ્રવ્ય' કહે છે.

૯૬. સર્વકાળે ગુણો તથા અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિત્વ, તે ખરેખર સ્વભાવ છે.

૯૭. ધર્મને ખરેખર ઉપદેશતા જિનવૃષભે આ વિશ્વમાં વિવિધ લક્ષણવાળાં દ્રવ્યોનું, 'સત્' એવું સર્વગત લક્ષણ એક કહ્યું છે.

૯૮. દ્રવ્ય સ્વભાવથી સિદ્ધ અને સત્ છે એમ જિનોએ તત્ત્વતઃ કહ્યું છે; એ પ્રમાણે આગમ દ્વારા સિદ્ધ છે; જે ન માને તે ખરેખર પરસમય છે.

૯૯. સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) દ્રવ્ય 'સત્' છે; દ્રવ્યનો જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત પરિણામ તે પદાર્થોનો સ્વભાવ છે.

૧૦૦. ઉત્પાદ ભંગ વિનાનો હોતો નથી અને ભંગ ઉત્પાદ વિનાનો હોતો નથી; ઉત્પાદ તેમ જ ભંગ ધ્રૌવ્ય પદાર્થ વિના હોતા નથી.

૧૦૧. ઉત્પાદ, સ્થિતિ અને ભંગ પર્યાયોમાં વર્તે છે; પર્યાયો નિયમથી દ્રવ્યોમાં હોય છે, તેથી (તે) બધુંય દ્રવ્ય છે.

૧૦૨. દ્રવ્ય એક જ સમયમાં ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે ખરેખર સમવેત (એકમેક) છે; તેથી એ ત્રિક ખરેખર દ્રવ્ય (જ) છે.

૧૦૩. દ્રવ્યનો અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે અને કોઈ અન્ય પર્યાય નષ્ટ થાય છે; પરંતુ દ્રવ્ય તો નષ્ટ પણ નથી, ઉત્પન્ન પણ નથી. (ધ્રુવ છે).

૧૦૪. સત્તા-અપેક્ષાએ અવિશિષ્ટપણે, દ્રવ્ય પોતે જ ગુણમાંથી ગુણાંતરે પરિણમે છે (દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે, અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અભિન્ન છે), તેથી વળી ગુણપર્યાયો દ્રવ્ય જ કહેવામાં આવ્યા છે.

૧૦૫. જો દ્રવ્ય (સ્વરૂપથી જ) સત્ ન હોય તો - (૧) નક્કી તે અસત્ હોય; જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોઈ શકે? અથવા (જો અસત્ ન હોય) તો (૨) તે સત્તાથી અન્ય (જુદું) હોય! (તે પણ કેમ બને?) માટે દ્રવ્ય પોતે જ સત્તા છે.

૧૦૬. વિભક્તપ્રદેશત્વ તે પૃથક્ત્વ છે એમ વીરનો ઉપદેશ છે. અતદ્ભાવ (તે પણે નહિ હોવું-તે) તે અન્યત્વ છે. જે તે-પણે ન હોય તે એક કેમ હોય?

૧૦૭. 'સત્ દ્રવ્ય', 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય' - એમ (સત્તાગુણનો) વિસ્તાર છે. (તેમને પરસ્પર) જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે તે 'તદ્-અભાવ' એટલે કે 'અતદ્ભાવ' છે.

૧૦૮. સ્વરૂપ-અપેક્ષાએ જે દ્રવ્ય છે તે ગુણ નથી અને જે ગુણ છે તે દ્રવ્ય નથી; - આ અતદ્ભાવ છે; સર્વથા અભાવ તે અતદ્ભાવ નથી; આમ (જિનેંદ્રદ્વારા) દર્શાવવામાં આવ્યું છે.

૧૦૯. જે દ્રવ્યના સ્વભાવભૂત (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક) પરિણામ છે તે 'સત્'થી અવિશિષ્ટ (સત્તાથી જુદો નહિ એવો) ગુણ છે. 'સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) દ્રવ્ય સત્ છે' એવો જે (ગાથા ૯૯માં કહેલ) જિનોપદેશ તે જ આ છે.

૧૧૦. આ વિશ્વમાં ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ, દ્રવ્ય વિના હોતું નથી; અને દ્રવ્યત્વ તે ભાવ છે (અસ્તિત્વ તે ગુણ છે) તેથી દ્રવ્ય પોતે સત્તા (અસ્તિત્વ) છે.

૧૧૧. આવું (પૂર્વોક્ત) દ્રવ્ય સ્વભાવમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે સદ્ભાવસંબંદ્ધ અને અસદ્ભાવસંબંદ્ધ ઉત્પાદને સદા પામે છે.

૧૧૨. જીવ પરિણમતો હોવાથી મનુષ્ય, દેવ, અથવા બીજું કાંઈ (તિર્યંચ, નારક કે સિદ્ધ) થશે. પરંતુ મુષ્યદેવાદિક થઈને શું તે દ્રવ્યપણાને છોડે છે? છોડયા વિના તે અન્ય કેમ હોય? (અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે).

૧૧૩. મનુષ્ય તે દેવ નથી, અથવા દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી; એમ ન હોતાં અનન્ય કેમ હોય?

૧૧૪. દ્રવ્યાર્થિક (નય) વડે સઘળું દ્રવ્ય છે; અને વળી પર્યાયાર્થિક (નય) વડે તે (દ્રવ્ય) અન્ય-અન્ય છે, કારણ કર તે કાળે તન્મય હોવાને લીધે (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.

૧૧૫. દ્રવ્ય કોઈ પર્યાયથી 'અસ્તિ' કોઈ પર્યાયથી 'નાસ્તિ' અને કોઈ પર્યાયથી 'અવક્તવ્ય' છે; વળી કોઈ પર્યાયથી 'અસ્તિ-નાસ્તિ' અથવા કોઈ પર્યાયથી અન્ય ત્રણ ભંગરૂપ કહેવામાં આવે છે.

૧૧૬. (મનુષ્યાદિ પર્યાયોમાં) 'આ જ' એવો કોઈ (શાશ્વત પર્યાય) નથી; (કારણ કે સંસારી જીવને) સ્વભાવનિષ્પન્ન ક્રિયા નથી એમ નથી; (વિભાવસ્વભાવથી નીપજતી રાગદ્વેષમય ક્રિયા અવશ્ય છે). અને જો પરમધર્મ અફળ છે તો ક્રિયા જરૂર અફળ નથી (એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી, રાગદ્વેષમય ક્રિયા તો અવશ્ય તે ફળ ઉપજાવે છે).

૧૧૭. ત્યાં 'નામ' સંજ્ઞાવાળું કર્મ પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ (એ પર્યાયોને) કરે છે.

૧૧૮. મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ જીવો ખરેખર નામકર્મથી નિષ્પન્ન છે. ખરેખર તેઓ પોતાના કર્મરૂપે પરિણમતા હોવાથી તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.

૧૧૯. ક્ષણે ક્ષણે ઉત્પાદ ને વિનાશવાળા જીવલોકમાં કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી, કારણ કે જે ઉદ્ભવ છે તે જ વિલય છે; વળી ઉદ્ભવ અને વિલય એમ તેઓ અનેક (ભિન્ન) પણ છે.

૧૨૦. તેથી સંસારમાં સ્વભાવથી અવસ્થિત એવું કોઈ નથી (સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી); સંસાર તો સંસરણ કરતા દ્રવ્યની ક્રિયા છે.

૧૨૧. કર્મથી મલિન આત્મા કર્મસંયુક્ત પરિણામને (દ્રવ્યકર્મના સંયોગે થતા અશુદ્ધ પરિણામને) પામે છે, તેથી કર્મ ચોંટે છે (દ્રવ્યકર્મ બંધાય છે); માટે પરિણામ તે કર્મ છે.

૧૨૨. પરિણામ પોતે આત્મા છે, અને તે જીવમયી ક્રિયા છે; ક્રિયાને કર્મ માનવામાં આવી છે; માટે આત્મા દ્રવ્યકર્મનો કર્તા તો નથી.

૧૨૩. આત્મા ચેતનારૂપે પરિણમે છે, વળી ચેતના ત્રણ પ્રકારે માનવામાં આવી છે; અને તેને જ્ઞાન સંબંધી, કર્મ સંબંધી અથવા કર્મના ફળ સંબંધી – એમ કહેવામાં આવી છે.

૧૨૪. અર્થવિકલ્પ (સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન) તે જ્ઞાન છે; જીવ વડે જે કરાતું હોય તે કર્મ છે, તે અનેક પ્રકારનું છે; સુખ અથવા દુઃખ તે કર્મફળ કહેવામાં આવ્યું છે.

૧૨૫. આત્મા પરિણાત્મક છે; પરિણામ જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે. તેથી જ્ઞાન કર્મ અને કર્મફળ આત્મા છે એમ જાણવું.

૧૨૬. જો શ્રમણ 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' એવા નિશ્ચયવાળો થઈ અન્યરૂપે ન જ પરિણમે, તો તે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે.

૧૨૭. દ્રવ્ય, જીવ અને અજીવ છે. ત્યાં ચેતના-ઉપયોગમય (ચેતનામય તથા ઉપયોગમય) તે જીવ છે અને પુદ્ગલદ્રવ્યાદિક અચેતન દ્રવ્યો તે અજીવ છે.

૧૨૮. આકાશમાં જે ભાગ જીવ ને પુદ્ગલથી સંયુક્ત તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ને કાળથી સમૃદ્ધ છે, તે સર્વ કાળે લોક છે.

૧૨૯. પુદ્ગલ જીવાત્મક લોકને પરિણામ દ્વારા અને સંઘાત વા ભેદ દ્વારા ઉત્પાદ, ધ્રૌવ્ય ને વિનાશ થાય છે.

૧૩૦. જે લિંગો વડે દ્રવ્ય જીવ અને અજીવ તરીકે જણાય છે, અતદ્ભાવવિશિષ્ટ (દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા) મૂર્ત-અમૂર્ત ગુણો જાણવો.

૧૩૧. ઇંદ્રિયગ્રાહ્ય એવા મૂર્ત ગુણો પુદ્ગલદ્રવ્યાત્મક અનેકવિધ છે; અમૂર્ત દ્રવ્યોના ગુણો અમૂર્ત જાણવા.

૧૩૨. વર્ણ, રસ, ગંધ ને સ્પર્શ (એ ગુણો) સૂક્ષ્મથી માંડીને પૃથ્વી પર્યંતના (સર્વ) પુદ્ગલને હોય છે; જે વિવિધ પ્રકારનો શબ્દ તે પુદ્ગલ અર્થાત્ પૌદ્ગલિક પર્યાય છે.

૧૩૩. (૧૩૩ અને ૧૩૪) આકાશનો અવગાહ, ધર્મદ્રવ્યનો ગમનહેતુત્વ અને વળી અધર્મદ્રવ્યનો ગુણ સ્થાનકારણતા છે. કાળનો ગુણ વર્તના છે, આત્માનો ગુણ ઉપયોગ કહ્યો છે. આ રીતે અમૂર્ત દ્રવ્યોના ગુણો સંક્ષેપથી જાણવા.

૧૩૫. જીવો, પુદ્ગલકાયો, ધર્મ, અધર્મ અને વળી આકાશ સ્વપ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત અર્થાત્ અનેક છે; કાળને પ્રદેશો નથી.

૧૩૬. આકાશ લોકાલોકમાં છે, લોક ધર્મ ને અધર્મથી વ્યાપ્ત છે, બાકીનાં બે દ્રવ્યોનો આશ્રય કરીને કાળ છે, અને તે બાકીનાં બે દ્રવ્યો જીવો ને પુદ્ગલો છે.

૧૩૭. જે રીતે તે આકાશપ્રદેશો છે, તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશ છે (અર્થાત્ જેમ આકાશના પ્રદેશો પરમાણુરૂપી ગજથી મપાય છે તેમ બાકીનાં દ્રવ્યોના પ્રદેશ પણ એ જ રીતે મપાય છે). પરમાણુ અપ્રદેશી છે; તેના વડે પ્રદેશોદ્‌ભવ કહ્યો છે.

૧૩૮. કાળ તો અપ્રદેશી છે. પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ આકાશ દ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.

૧૩૯. પરમાણુ એક આકાશ પ્રદેશને (મંદ ગતિથી) ઓળંગે ત્યારે તેના બરાબર જે વખત તે 'સમય' છે; 'સમય'ની પૂર્વે તેમ જ પછી એવો (નિત્ય) જે પદાર્થ છે તે કાળદ્રવ્ય છે; 'સમય' ઉત્પન્નધ્વંસી છે.

૧૪૦. એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશને 'આકાશપ્રદેશ' એવા નામથી કહેવામાં આવ્યું છે; અને તે સર્વ પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.

૧૪૧. દ્રવ્યોને એક, બે, ઘણા, અસંખ્ય અથવા અનંત પ્રદેશો છે. કાળને 'સમયો ' છે.

૧૪૨. જો કાળને એક સમયમાં ઉત્પાદ અને ધ્વંસ વર્તે છે, તો તે કાળ સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ (ઠરે) છે.

૧૪૩. એક એક સમયમાં ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો કાળને સદાય હોય છે. આ જ કાળાણુનો સદ્‌ભાવ છે (અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે).

૧૪૪. જે પદાર્થને પ્રદેશો અથવા એક પ્રદેશ પણ પરમાર્થે જણાતો નથી, તે પદાર્થને શૂન્ય જાણ – કે જે અસ્તિત્વથી અર્થાંતરભૂત (અન્ય) છે.

૧૪૫. સપ્રદેશ પદાર્થો વડે સમાપ્તિ પામેલો આખો લોક નિત્ય છે. તેને જે જાણે છે તે જીવ છે – કે જે (સંસારદશામાં) ચાર પ્રાણોથી સંયુક્ત છે.

૧૪૬. ઈન્દ્રિયપ્રાણ, બળપ્રાણ, આયુપ્રાણ તથા શ્વાસોચ્છ્‌વાસપ્રાણ એ (ચાર) જીવોના પ્રાણ છે.

૧૪૭. જે ચાર પ્રાણોથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. આમ છતાં પ્રાણો તો પુદ્‌ગલદ્રવ્યોથી નિષ્પન્ન છે.

૧૪૮. મોહાદિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણોથી સંયુક્ત થઈ કર્મફળને ભોગવતાં અન્ય કર્મો વડે બંધાય છે.

૧૪૯. જો જીવ મોહ અને દ્વેષ વડે જીવોના (સ્વ તથા પરજીવના) પ્રાણોને બાધા કરે છે, તો પૂર્વે કહેલા જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ થાય છે.

૧૫૦. જ્યાં સુધી દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.

૧૫૧. જે ઇંદ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે, તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (તેને પ્રાણોનો સંબંધ થતો નથી).

૧૫૨. અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) અન્ય અર્થમાં (દ્રવ્યમાં) ઊપજતો જે અર્થ (ભાવ) તે પર્યાય છે – કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.

૧૫૩. મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ – એ નામ કર્મના ઉદયાદિકને લીધે જીવોના પર્યાય છે – કે જેઓ સંસ્થાનાદિ વડે અન્ય અન્ય પ્રકારના હોય છે.

૧૫૪. જે જીવ તે (પૂર્વોક્ત) અસ્તિત્વનિષ્પન્ન, ત્રણ પ્રકારે કહેલા, ભેદોવાળા દ્રવ્યસ્વભાવને જાણે છે, તે અન્ય દ્રવ્યમાં મોહ પામતો નથી.

૧૫૫. આત્મા ઉપયોગાત્મક છે; ઉપયોગ જ્ઞાન-દર્શન કહેલ છે; અને આત્માનો તે ઉપયોગ શુભ અથવા અશુભ હોય છે.

૧૫૬. ઉપયોગ જો શુભ હોય તો જીવને પુણ્ય સંચય થાય છે અને જો અશુભ હોય તો પાપ સંચય પામે છે. તેમના (બન્નેના) અભાવમાં સંચય થતો નથી.

૧૫૭. જે જિનેંદ્રોને જાણે છે, સિદ્ધોને તથા અણગારોને (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને) શ્રદ્ધે છે, જીવો પ્રત્યે અનુકંપાયુક્ત છે, તેને શુભ ઉપયોગ છે.

૧૫૮. જેનો ઉપયોગ વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, ઉગ્ર છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે, તેને તે અશુભ ઉપયોગ છે.

૧૫૯. અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ થઈ હું અશુભોપયોગ રહિત થઈ તેમ જ શુભોપયુક્ત થયા વિના જ્ઞાનાત્મક આત્માને ધ્યાઉં છું.

૧૬૦. હું દેહ નથી, મન નથી, તેમ જ વાણી નથી; તેમનું કારણ નથી, કર્તા નથી, કારયિતા (કરાવનાર) નથી, કર્તાનો અનુમોદક નથી.

૧૬૧. દેહ મન અને વાણી પુદ્‌ગલદ્રવ્યાત્મક (વીતરાગદેવે) કહ્યાં છે; અને તે દેહાદિ પુદ્‌ગલદ્રવ્ય પરમાણુઓનો પિંડ છે.

૧૬૨. હું પુદ્‌ગલમય નથી અને તે પુદ્‌ગલો મેં પિંડરૂપ કર્યાં નથી; તેથી હું દેહ નથી તેમ જ તે દેહનો કર્તા નથી.

૧૬૩. પરમાણુ કે જે અપ્રદેશ છે, પ્રદેશમાત્ર છે અને પોતે અશબ્દ છે, તે સ્નિગ્ધ અથવા રૂક્ષ થઈ દ્વિપ્રદેશાદિપણું અનુભવે છે.
૧૬૪. પરમાણુને પરિણામને લીધે એકથી (એક અવિભાગ પ્રતિચ્છેદથી) માંડીને એકેક વધતાં અનંતપણાને (અનંત અવિભાગ પ્રતિચ્છેદપણાને) પામે ત્યાં સુધીનું સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ હોય એમ (જિનદેવે) કહ્યું છે.
૧૬૫. પરમાણુ-પરિણામો સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, બેકી અંશવાળા હો કે એકી અંશ વાળા હો, જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો બંધાય છે, જઘન્ય અંશવાળો બંધાતો નથી.
૧૬૬. સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ અથવા રૂક્ષ પરમાણુ સાથે બંધ અનુભવે છે; અથવા રૂક્ષપણે ત્રણ અંશવાલો પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.
૧૬૭. દ્વિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો) કે જેઓ સૂક્ષ્મ અથવા બાદર હોય છે અને સંસ્થાનો (આકારો) સહિત હોય છે તેઓ – પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ પોતાના પરિણામોથી થાય છે.
૧૬૮. લોક સર્વતઃ સૂક્ષ્મ તેમ જ બાદર તથા કર્મત્વને અયોગ્ય તેમ જ કર્મત્વને યોગ્ય પુદ્‌ગલકાયો (પુદ્‌ગલસ્કંધો) વડે (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલા છે.
૧૬૯. કર્મપણાને યોગ્ય સ્કંધો જીવની પરિણતિને પામીને કર્મભાવને પામે છે; તેમને જીવ પરિણમાવતો નથી.
૧૭૦. કર્મપણે પરિણમેલા તે તે પુદ્‌ગલકાયો દેહાંતરરૂપ ફેરફારને પામીને ફરી ફરીને જીવને શરીરો થાય છે.
૧૭૧. ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, તૈજસ શરીર, આહારક શરીર અને કાર્મણ શરીર – બધાં પુદ્‌ગલદ્રવ્યાત્મક છે.
૧૭૨. જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.
૧૭૩. મૂર્ત (એવાં પુદ્‌ગલ) તો રૂપાદિગુણવાળાં હોવાથી અન્યોન્ય (પરસ્પર બંધયોગ્ય) સ્પર્શો વડે બંધાય છે; (પરંતુ) તેનાથી વિપરીત (અમૂર્ત) એવો આત્મા પૌદ્‌ગલિક કર્મ કઈ રીતે બાંધી શકે?
૧૭૪. જે રીતે રૂપાદિ રહિત (જીવ) રૂપાદિકને – દ્રવ્યોને તથા ગુણોને (રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને – દેખે છે અને જાણે છે, એ રીતે તેની સાથે (અરૂપીને રૂપી સાથે) બંધ જાણ.
૧૭૫. જે ઉપયોગમય જીવ વિવિધ વિષયો પામીને મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે, તે જીવ તેમના વડે (મોહ રાગદ્વેષ વડે) બંધરૂપ છે.
૧૭૬. જીવ જે ભાવથી વિષયમાં આવેલ પદાર્થને દેખે છે અને જાણે છે, તેનાથી જ ઉપરક્ત થાય છે; વળી તેનાથી જ કર્મ બંધાય છે; એમ ઉપદેશ છે.
૧૭૭. સ્પર્શો સાથે પુદ્‌ગલનો બંધ, રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય અવગાહ તે પુદ્‌ગલજીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.
૧૭૮. તે આત્મા સપ્રદેશ છે; એ પ્રદેશોમાં પુદ્‌ગલસમૂહો પ્રવેશે છે, યથાયોગ્ય રહે છે, જાય છે અને બંધાય છે.
૧૭૯. રાગી આત્મા કર્મ બાંધે છે, રાગરહિત આત્મા કર્મોથી મૂકાય છે; – આ જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી જાણ.
૧૮૦. પરિણામથી બંધ છે, (જે) પરિણામ રાગ-દ્વેષ-મોહયુક્ત છે. (તેમાં) મોહ અને દ્વેષ અશુભ છે, રાગ શુભ અથવા અશુભ હોય છે.
૧૮૧. પર પ્રત્યે શુભ પરિણામ પુણ્ય છે અને (પર પ્રત્યે) અશુભ પણિામ પાપ છે એમ કહ્યું છે; પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ સમયે દુઃખક્ષયનું કારણ છે.
૧૮૨. હવે સ્થાવર અને ત્રસ એવા જે પૃથ્વીઆદિક જીવનિકાયો કહેવામાં આવ્યા છે, તે જીવથી અન્ય છે અને જીવ પણ તેમનાથી અન્ય છે.
૧૮૩. જે એ રીતે સ્વભાવને પામીને (પુદ્‌ગલનાસ્વભાવને નક્કી કરીને) પરને અને સ્વને જાણતો નથી, તે મોહથી 'આ હું છું, આ મારું છે' એમ અધ્યવસાન કરે છે.
૧૮૪. પોતાના ભાવને કરતો થકો આત્મા ખરેખર પોતાના ભાવનો કર્તા છે; પરંતુ પુદ્‌ગલદ્રવ્યમય સર્વ ભાવોનો કર્તા નથી.
૧૮૫. જીવ સર્વ કાળે પુદ્‌ગલની મધ્યમાં રહેતો હોવા છતાં પણ પૌદ્‌ગલિક કર્મને ખરેખર ગ્રહતો નથી, છોડતો નથી, કરતો નથી.
૧૮૬. તે હમણાં (સંસારાવસ્થામાં) દ્રવ્યથી (આત્મદ્રવ્યથી) ઉત્પન્ન થતા (અશુદ્ધ) પરિણામનો કર્તા થતો થકો કર્મરજ વડે ગ્રહાય છે અને કદાચિત મૂકાય છે.
૧૮૭. જ્યારે આત્મા રાગદ્વેષયુક્ત થયો થકો શુભ અને અશુભ પરિણમે છે, ત્યારે કર્મરજ જ્ઞાનાવરણાદિભાવે તેમનામાં પ્રવેશે છે.

૧૮૮. સપ્રદેશ એવો તે આત્મા સમયે મોહ-રાગ-દ્વેષ વડે કષાયિત થવાથી કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો (જેને કર્મરજ વળગી છે એવો થઈ) 'બંધ' કહેવામાં આવ્યો છે.

૧૮૯. આ (પૂર્વોક્ત રીતે), જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી અર્હિંતદેવોએ યતિઓને કહ્યો છે; વ્યવહાર અન્ય રીતે કહ્યો છે.

૧૯૦. જે દેહ-ધનાદિકમાં 'હું આ છું અને આ મારું છે' એવી મમતા છોડતો નથી, તે શ્રામણ્યને છોડીને ઉન્માર્ગનો આશ્રય કરે છે.

૧૯૧. 'હું પરનો નથી, પર મારાં નથી, હું એક જ્ઞાન છું' એમ જે ધ્યાવે છે, તે ધ્યાતા ધ્યાનકાળે આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે.

૧૯૨. હું આત્માને એ રીતે જ્ઞાનાત્મક, દર્શનભુત, અતીન્દ્રિય મહા પદાર્થ, ધ્રુવ, અચળ, નિરાલંબ અને શુદ્ધ માનું છું.

૧૯૩. શરીરો, ધન, સુખદુઃખ અથવા શત્રુમિત્રજનો – એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે.

૧૯૪. જે આમ જાણીને વિશુદ્ધાત્મા થયો થકો પરમ આત્માને ધ્યાવે છે, તે – સાકાર હો કે અનાકાર હો – મોહદુર્ગ્રંથિને ક્ષય કરે છે.

૧૯૫. જે મોહગ્રંથિને નષ્ટ કરી, રાગ-દ્વેષનો ક્ષય કરી, સમસુખદુઃખ થઈને શ્રામણ્ય (મુનિપણામાં) પરિણમે છે, તે અક્ષય સૌખ્યને પ્રાપ્ત કરે છે.

૧૯૬. જે મોહમળનો ક્ષય કરી, વિષયથી વિરક્ત થઈ, મનનો નિરોધ કરી, સ્વભાવમાં સમવસ્થિત છે, તે આત્માને ધ્યાનાર છે.

૧૯૭. જેમણે ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે, જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને જે જ્ઞેયના પારને પામેલા છે એવા સંદેહ રહિત શ્રમણ કયા પદાર્થને ધ્યાવે છે?

૧૯૮. અનિન્દ્રિય અને ઇંદ્રિયાતીત થયેલો આત્મા સર્વ બાધા રહિત અને આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારના, પરિપૂર્ણ) સૌખ્ય તેમજ જ્ઞાનથી સમૃદ્ધ વર્તતો થકો પરમ સૌખ્યને ધ્યાવે છે.

૧૯૯. જિનો, જિનેન્દ્રો અને શ્રમણો આ રીતે માર્ગમાં આરૂઢ થઈ સિદ્ધ થયા, નમસ્કાર હો તેમને અને તે નિર્વાણમાર્ગને.

૨૦૦. તેથી (શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી) એ રીતે આત્માને સ્વભાવથી જ્ઞાયક જાણીને હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો મમતાનો પરિત્યાગ કરું છું.

## ૩. ચરણાનુયોગસૂચક ચૂલિકા

૨૦૧. જો દુઃખથી પરિમુક્ત થવાની ઈચ્છા હોય તો, પૂર્વોક્ત રીતે (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની પહેલી ત્રણ ગાથાઓ પ્રમાણે) ફરી ફરીને સિદ્ધોને, જિનવરવૃષભોને (અર્હંતોને) તથા શ્રમણોને પ્રણમીને, (જીવ) શ્રામણ્યને અંગીકાર કરો.

૨૦૨. (શ્રામણ્યાર્થી) બંધુવર્ગની વિદાય લઈને, વડીલો, સ્ત્રી અને પુત્રથી મુક્ત કરવામાં આવ્યો થકો, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગીકાર કરીને....

૨૦૩. જે શ્રમણ છે, ગુણાઢય છે, કુળ, રૂપ તથા વયથી વિશિષ્ટ છે અને શ્રમણોને અતિ ઇષ્ટ છે એવા ગણીને 'મારો સ્વીકાર કરો' એમ કહીને પ્રણત થાય છે અને અનુગૃહીત થાય છે.

૨૦૪. હું પરનો નથી, પર મારાં નથી, આ લોકમાં મારું કાંઈ પણ નથી આવા નિશ્ચયવાળો અને જિતેંદ્રિય વર્તતો થકો તે યથાજાતરૂપધર (સહજરૂપધારી) થાય છે.

૨૦૫. જન્મસમયના રૂપ જેવા રૂપવાળું, માથાના અને દાઢીમૂછના વાળનો લોચ કરાયેલું, શુદ્ધ (અકિંચન), હિંસાદિથી રહિત અને પ્રતિકર્મ (શરીરની સજાવટ) વિનાનું – એવું (શ્રામણ્ય બહિરંગ) લિંગ છે.

૨૦૬. મૂર્છા (મમત્વ) અને આરંભ રહિત, ઉપયોગની અને યોગની શુદ્ધિથી યુક્ત તથા પરની અપેક્ષા વિનાનું – એવું જિનદેવે કહેલું (શ્રામણ્યનું અંતરંગ) લિંગ છે કે જે મોક્ષનું કારણ છે.

૨૦૭. પરમ ગુરુ વડે દેવામાં આવેલાં તે બંને લિંગને ગ્રહીને, તેમને નમસ્કાર કરીને, વ્રત સહિત ક્રિયાને સાંભળીને ઉપસ્થિત (આત્માની સમીપ સ્થિત) થઈ તે શ્રમણ થાય છે.

૨૦૮. (૨૦૭ અને ૨૦૯) વ્રત, સમિતિ, ઇંદ્રિયરોધ, લોચ, આવશ્યક, અચેલપણું, અસ્નાન, ક્ષિતિશયન, અદંતધાવન, ઊભાં ઊભાં ભોજન અને એક વખત આહાર – આ ખરેખર શ્રમણોના મૂળગુણો જિનવરોએ કહ્યા છે; તેમાં પ્રમત્ત થયો થકો શ્રમણ છેદોપસ્થાપક થાય છે.

૨૧૦. લિંગગ્રહણ વખતે જે પ્રવ્રજ્યાદાયક (દીક્ષા દેનાર) છે તે તેમના ગુરુ છે અને જે છેદદ્વયે ઉપસ્થાપક (એટલે કે જે ભેદોમાં સ્થાપિત કરે છે તેમ જ જે સંયમમાં છેદ થતાં ફરી સ્થાપિત કરે છે) તે શેષ શ્રમણો નિર્યાપક છે.

૨૧૧. જો શ્રમણને પ્રયત્નપૂર્વક કરવામાં આવતી કાયચેષ્ટાને વિષે છેદ થાય છે તો તેણે તો આલોચનાપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

૨૧૨. (પરંતુ) જો શ્રમણ છેદમાં ઉપયુક્ત થયો હોય તો તેણે જિનમતને વિષે વ્યવહારકુશળ શ્રમણ પાસે જઈને, આલોચન કરીને (પોતાના દોષોનું નિવેદન કરીને), તેઓ જે ઉપદેશ દે તે કરવું જોઈએ.

૨૧૩. અધિવાસમાં વસતાં (આત્મવાસ કે ગુરુ સહવાસમાં વસતાં) કે વિવાસમાં વસતાં (ગુરુઓથી ભિન્ન વાસમાં વસતાં), સદા (પરદ્રવ્ય વિષે) પ્રતિબંધો પરિહરીને શ્રામણ્યને વિષે છેદવિહીન થઈને શ્રમણ વિહરો.

૨૧૪. જે શ્રમણ સદા જ્ઞાનમાં અને દર્શનાદિકમાં પ્રતિબદ્ધ તથા મૂળગુણોમાં પ્રયત (પ્રયત્નશીલ) વિચરે છે, તે પરિપૂર્ણ શ્રામણ્યવાળો છે.

૨૧૫. મુનિ આહારમાં, ક્ષપણમાં (ઉપવાસમાં) આવસથમાં (નિવાસમાં) વિહારમાં, ઉપધિમાં (પરિગ્રહમાં) શ્રમણમાં (અન્ય મુનિમાં) અથવા વિકથામાં પ્રતિબંધ ઈચ્છતો નથી.

૨૧૬. શ્રમણને શયન, આસન (બેસવું, સ્થાન (ઉભા રહેવું), ગમન ઈત્યાદિમાં જે અપ્રમત્તચર્યા તે સર્વ કાળે સતત હિંસા માનવામાં આવી છે.

૨૧૭. જીવ મરો કે જીવો, અપ્રયત આચારવાળાને (અંતરંગ) હિંસા નિશ્ચિત છે; પ્રયતને, સમિતિવંતને (બહિરંગ) હિંસામાત્રથી બંધ નથી.

૨૧૮. અપ્રયત આચારવાળો શ્રમણ છયે કાય સંબંધી વધનો કરનાર માનવામાં – કહેવામાં આવ્યો છે; જો સદા પ્રયતપણે આચરણ કરે તો જળમાં કમળની માફક નિર્લેપ કહેવામાં આવ્યો છે.

૨૧૯. (હવે ઉપધિ વિષે એમ કહે છે કે) કાયચેષ્ટાપૂર્વક જીવ મરતાં બંધ થાય છે અથવા નથી થતો; (પણ) ઉપધિથી – પરિગ્રહથી નક્કી બંધ થાય છે; તેથી શ્રમણોએ (અર્હંતદેવોએ) સર્વ પરિગ્રહને છોડયો છે.

૨૨૦. જો નિરપેક્ષ (કોઈ પણ વસ્તુની અપેક્ષા વિનાનો) ત્યાગ ન હોય તો ભિક્ષુને ભાવની વિશુદ્ધિ નથી; અને ભાવમાં જે અવિશુદ્ધ છે તેને કર્મક્ષય કઈ રીતે થઈ શકે?

૨૨૧. ઉપધિના સદ્‌ભાવમાં તેને (ભિક્ષુને) મૂર્છા, આરંભ કે અસંયમ ન હોય એ કેમ બને? (ન જ બને.) તથા જે પરદ્રવ્યોમાં રત હોય તે આત્માને કઈ રીતે સાધે?

૨૨૨. જે ઉપધિને (આહાર–નિહારાદિનાં) ગ્રહણવિસર્જનમાં સેવતાં જેનાથી સેવનારને છેદ થતો નથી, તે ઉપધિ સહિત, કાળક્ષેત્રને જાણીને, આ લોકમાં શ્રમણ ભલે વર્તો.

૨૨૩. ભલે થોડો હોય તો પણ, જે અનિંદિત હોય, અસંયત જનોથી અપ્રાર્થનીય હોય અને જે મૂર્છાદિના જનન રહિત હોય – એવા જ ઉપધિને શ્રમણ ગ્રહણ કરો.

૨૨૪. જો જિનવરેંદ્રોએ મોક્ષના અભિલાષીને, 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, દેહમાં પણ અપ્રતિકર્મપણું (સંસ્કારરહિતપણું) ઉપદેશ્યું છે, તો પછી તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય?

૨૨૫. યથાજાતરૂપ જે લિંગ (જન્મ્યા પ્રમાણે રૂપ એવું જે લિંગ) તે જિનમાર્ગમાં ઉપકરણ કહેવામાં આવ્યું છે; ગુરુનાં વચન, સૂત્રોનું અધ્યયન અને વિનય પણ ઉપકરણ કહેલ છે.

૨૨૬. શ્રમણ કષાય રહિત વર્તીને આ લોકમાં નિરપેક્ષ અને પરલોકમાં અપ્રતિબદ્ધ હોવાથી યુક્તાહારવિહારી હોય છે.

૨૨૭. જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છા રહિત છે) તેને તે પણ તપ છે; (વળી) તેને પ્રાપ્ત કરવા માટે (અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો તેમને અન્ય (સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (એષણાદોષ રહિત) હોય છે; તેથી તે શ્રમણો અનાહારી છે.

૨૨૮. કેવળદેહી શ્રમણે (જેને માત્ર દેહરૂપ પરિગ્રહ જ વર્તે છે એવા મુનિએ) દેહમાં પણ 'મારો નથી' એમ સમજીને પરિકર્મ રહિત વર્તી, પોતાના આત્માની શક્તિને ગોપવ્યા વિના તપ સાથે તેને (દેહને) યુક્ત કર્યો (જોડયો) છે.

૨૨૯. ખરેખર તે આહાર (યુક્તાહાર) એક વખત, ઊણોદર, યથાલબ્ધ (જેવો મળે તેવો), ભિક્ષાચરણથી, દિવસે, રસની અપેક્ષા વિનાનો અને મધ–માંસ રહિત હોય છે.

૨૩૦. બાળ વૃદ્ધ, શ્રાંત (થાકેલો) કે ગ્લાન (રોગી, દુર્બળ) શ્રમણ મૂળનો છેદ જે રીતે ન થાય તે રીતે પોતાને યોગ્ય આચરણ આચરો.

૨૩૧. જો શ્રમણ આહાર અથવા વિહારમાં દેશ, કાળ, શ્રમ, ક્ષમતા તથા ઉપધિને જાણીને પ્રવર્તે તો તે અલ્પલેપી હોય છે.

૨૩૨. શ્રમણ એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; (પદાર્થોનો) નિશ્ચય આગમ દ્વારા થાય છે; તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે.

૨૩૩. આગમહીન શ્રમણ આત્માને (પોતાને ) અને પરને જાણતો નથી જ; પદાર્થોને નહિ જાણતો ભિક્ષુ કર્મોને કઈ રીતે ક્ષય કરે?

૨૩૪. સાધુ આગમચક્ષુ (આગમરૂપ ચક્ષુવાળા) છે. સર્વ ભૂતો (પ્રાણીઓ) ઇન્દ્રિયચક્ષુ છે. દેવો અવધિચક્ષુ છે અને સિદ્ધો સર્વતઃચક્ષુ (સર્વ આત્મ પ્રદેશે ચક્ષુવાળા) છે.

૨૩૫. બધા પદાર્થો વિચિત્ર (અનેક પ્રકારના) ગુણપર્યાયો સહિત આગમસિદ્ધ છે. તે સર્વને એ શ્રમણો આગમ વડે ખરેખર દેખીને જાણે છે.

૨૩૬. આ લોકમાં જેને આગમપૂર્વક દૃષ્ટિ (દર્શન) નથી તેને સંયમ નથી એમ સૂત્ર કહે છે; અને અસંયત તે કઈ રીતે હોય?

૨૩૭. આગમથી, જો પદાર્થોનું શ્રદ્ધાન ન હોય તો સિદ્ધિ (મુક્તિ) થતી નથી; પદાર્થોને જાણનારો પણ, જો અસંયત હોય તો, નિર્વાણ પામતો નથી.

૨૩૮. જે કર્મ અજ્ઞાની લક્ષ કોટિ ભવો વડે ખપાવે છે, તે કર્મ જ્ઞાની ત્રણ પ્રકારે (મનવચનકાયાથી) ગુપ્ત હોવાને લીધે ઉચ્છ્વાસમાત્રથી ખપાવે છે.

૨૩૯. અને જો દેહાદિક પ્રત્યે પરમાણુ જેટલી પણ મૂર્છા વર્તતી હોય, તો તે ભલે સર્વ આગમધર હોય તો પણ સિદ્ધિ પામતો નથી.

૨૪૦. પાંચ સમિતિયુક્ત, પાંચ ઇંદ્રિયોના સંવરવાળો, ત્રણ ગુપ્તિ સહિત, જિત કષાય અને દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ – એવો જે શ્રમણ તેને સંયત કહ્યો છે.

૨૪૧. શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ (માટીનું ઢેફું) અને કંચન જેને સમાન છે તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે.

૨૪૨. જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર – એ ત્રણેમાં યુગપદ્ આરૂઢ છે, તે એકાગ્રતાને પામેલો છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. તેને શ્રામણ્ય પરિપૂર્ણ છે.

૨૪૩. જો શ્રમણ, અન્ય દ્રવ્યનો આશ્રય કરીને અજ્ઞાની થઈને, મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે, તો તે વિવિધ કર્મો વડે બંધાય છે.

૨૪૪. જો શ્રમણ પદાર્થોમાં મોહ કરતો નથી, રાગ કરતો નથી, દ્વેષ કરતો નથી, તો તે નિયમથી (ચોક્કસ) વિવિધ કર્મોને ખપાવે છે.

૨૪૫. શાસ્ત્રને વિષે (એમ કહ્યું છે કે), શુદ્ધોપયોગી તે શ્રમણ છે, શુભોપયોગી પણ શ્રમણ છે, તેમાંય, શુદ્ધોપયોગી નિરાસ્રવ છે, બાકીના આસ્રવ છે (શુભોપયોગીને પણ આસ્રવ છે).

૨૪૬. શ્રામણ્યમાં જો અર્હંતાદિક પ્રત્યે ભક્તિ તથા પ્રવચનરત જીવો પ્રત્યે વત્સલતા વર્તતી હોય તો તે શુભયુક્ત ચર્યા (શુભોપયોગી ચારિત્ર) છે.

૨૪૭. શ્રમણો પ્રત્યે વંદન--નમસ્કાર સહિત અભ્યુત્થાન (માનાર્થે ઊભા થવું તે) અને અનુગમરૂપ (પાછળ ચાલવું તે) વિનીત વર્તન કરવું તથા તેમનો શ્રમ દૂર કરવો તે રાગચર્યામાં નિંદિત નથી.

૨૪૮. દર્શનજ્ઞાનનો (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો) ઉપદેશ, શિષ્યોનું ગ્રહણ તથા તેમનું પોષણ, અને જિનેંદ્રની પૂજાનો ઉપદેશ ખરેખર સરાગીઓની ચર્યા છે.

૨૪૯. જે કોઈ (શ્રમણ) સદા છકાયની વિરાધના વિના ચાર પ્રકારનાં શ્રમણસંઘને ઉપકાર કરે છે, તે રાગની પ્રધાનતાવાળો છે.

૨૫૦. જો (શ્રમણ) વૈયાવૃત્ય માટે ઉદ્યમવંત વર્તતાં છકાયને પીડા કરે તો તે શ્રમણ નથી, ગૃહસ્થ છે; (કારણ કે) તે (છકાયની વિરાધના સહિત વૈયાવૃત્ય) શ્રાવકોનો ધર્મ છે.

૨૫૧. અલ્પ લેપ થતો હોવા છતાં પણ સાકાર–અનાકાર ચર્યાયુક્ત જૈનોને અનુકંપાથી નિરપેક્ષપણે (શુભોપયોગી) ઉપકાર કરો.

૨૫૨. રોગથી, ક્ષુધાથી, તૃષાથી અથવા શ્રમથી આક્રાંત શ્રમણને દેખીને પોતાની શક્તિ અનુસાર વૈયાવૃત્યાદિક કરો.

૨૫૩. વળી રોગી, ગુરુ (પૂજ્ય, વડીલો) બાળ અને વૃદ્ધ શ્રમણોની સેવાના (વૈયાવૃત્યના) નિમિત્તે શુભોપયોગવાળી લૌકિક જનો સાથેની વાતચીત નિંદિત નથી.

૨૫૪. આ પ્રશસ્તભૂત ચર્યા શ્રમણોને (ગૌણ) હોય છે અને ગૃહસ્થોને તો મુખ્ય હોય છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે; તેનાથી જ (પરંપરાએ) ગૃહસ્થ પરમ સૌખ્યને પામે છે.

૨૫૫. જેમ આ જગતમાં અનેક પ્રકારની ભૂમિમાં પડેલાં બીજ ધાન્યકાળે વિપરીતપણે ફળે છે, તેમ પ્રશસ્ત રાગ વસ્તુભેદથી (પાત્રના ભેદથી) વિપરીતપણે ફળે છે.

૨૫૬. જે જીવ છદ્મસ્થવિહિત વસ્તુઓને વિષે (છદ્મસ્થે – અજ્ઞાનીએ કહેલા દેવગુરુધર્માદિકને વિષે) વ્રત–નિયમ–અધ્યયન–ધ્યાન–દાનમાં રત હોય તે જીવ મોક્ષને પામતો નથી, શાતાત્મક ભાવને પામે છે.

૨૫૭. જેમણે પરમાર્થને જાણ્યો નથી અને જેઓ વિષયકષાયે અધિક છે એવા પુરુષો પ્રત્યેની સેવા, ઉપકાર કે દાન કુદેવપણે અને કુમનુષ્યપણે ફળે છે.

૨૫૮. જો 'તે વિષયકષાયો પાપ છે' એમ શાસ્ત્રોમાં પ્રરૂપણ કરવામાં આવ્યું છે, તો તેમાં પ્રતિબદ્ધ (વિષયકષાયોમાં લીન) તે પુરુષો નિસ્તારક (તારનારા) કેમ હોઈ શકે?

૨૫૯. જેને પાપ વિરામ પામ્યું છે, જે સર્વ ધાર્મિકો પ્રત્યે સમભાવવાળો છે અને જે ગુણસમુદાયને સેવનારો છે તે પુરુષ સુમાર્ગવંત છે.

૨૬૦. જેઓ અશુભોપયોગરહિત વર્તતા શુદ્ધોપયુક્ત અથવા શુભોપયુક્ત હોય છે, તેઓ (તે શ્રમણો) લોકને તારે છે; (અને) તેમના પ્રત્યે ભક્તિવાળો જીવ પ્રશસ્તને (પુણ્યને) પામે છે.

૨૬૧. પ્રકૃત વસ્તુને દેખીને (પ્રથમ તો) અભ્યુત્થાન આદિ ક્રિયાઓ વડે (શ્રમણ) વર્તો; પછી ગુણ પ્રમાણે ભેદ પાડવો – આમ ઉપદેશ છે.

૨૬૨. ગુણાધિક (ગુણોમાં અધિક શ્રમણ) પ્રત્યે અભ્યુત્થાન, ગ્રહણ (આદરથી સ્વીકાર), ઉપાસન, પોષણ (તેમનાં શયન, અશન વગેરેની ચિંતા), સત્કાર (ગુણપ્રશંસા), અંજલિકરણ (વિનયથી હાથ જોડવા) અને પ્રણામ કરવાનું અહીં કહ્યું છે.

૨૬૩. શ્રમણોએ સૂત્રાર્થવિશારદ તથા સંયમતપજ્ઞાનાઢ્ય શ્રમણો પ્રત્યે અભ્યુત્થાન, ઉપાસના અને પ્રણિપાત કરવા યોગ્ય છે.

૨૬૪. સૂત્ર, સંયમ અને તપથી સંયુક્ત હોવા છતાં પણ જો (તે જીવ) જિનોક્ત આત્મપ્રધાન પદાર્થોને શ્રદ્ધતો નથી તો તે શ્રમણ નથી એમ કહ્યું છે.

૨૬૫. જે શાસનસ્થ (જિનદેવના શાસનમાં રહેલા) શ્રમણને દેખીને દ્વેષથી તેના અપવાદ બોલે છે અને સત્કારાદિ ક્રિયાઓ કરવામાં અનુમત (ખુશી) નથી, તેનું ચારિત્ર નષ્ટ થાય છે.

૨૬૬. જે શ્રમણ ગુણે હીન હોવા છતાં 'હું શ્રમણ છું' એમ માનીને અર્થાત્ ગર્વ કરીને ગુણે અધિક પાસેથી વિનય ઇચ્છે છે, તે અનંતસંસારી થાય છે.

૨૬૭. જેઓ શ્રામણ્યમાં અધિક ગુણવાળા હોવા છતાં હીન ગુણવાળા પ્રત્યે (વંદનાદિ) ક્રિયાઓમાં વર્તે છે, તેઓ મિથ્યા ઉપયુક્ત થઈને ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

૨૬૮. સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત (નિર્ણીત) કરેલ છે, કષાયોને જેણે શમાવ્યા છે અને જે અધિક તપવાળો છે – એવો જીવ પણ જો લૌકિક જનોના સંસર્ગને છોડતો નથી, તો તે સંયત રહેતો નથી (અર્થાત્ અસંયત થઈ જાય છે).

૨૬૯. જે (જીવ) નિર્ગ્રંથપણે દીક્ષિત હોવાથી સંયમતપસંયુક્ત હોય તેને પણ, જો તે ઐહિક કાર્યો સહિત વર્તતો હોય તો, 'લૌકિક' કહ્યો છે.

૨૭૦. (લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે) તેથી જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઇચ્છતો હોય તો તે સમાન ગુણવાળા અથવા અધિકગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો.

૨૭૧. જેઓ, ભલે તેઓ સમયમાં હોય તો પણ (ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હોય તો પણ) 'આ તત્ત્વ છે (વસ્તુસ્વરૂપ છે)' એમ નિશ્ચયવંત વર્તતા થકા પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે (જેવા નથી તેવા સમજે છે), તેઓ અત્યંતફળસમૃદ્ધ (અનંત કર્મફળોથી ભરેલા) એવા હવે પછીના કાળમાં પરિભ્રમણ કરશે.

૨૭૨. જે જીવ યથાતથપણે પદોના અને અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી પ્રશાંતાત્મા છે અને અયથાચાર રહિત છે, તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ અફળ (કર્મફળ રહિત થયેલા) એવા આ સંસારમાં ચિરકાળ રહેતો નથી (અલ્પકાળમાં મુક્ત થાય છે).

૨૭૩. સમ્યક્ પદાર્થોને જાણીને જેઓ બહિરંગ તથા અંતરંગ પરિગ્રહને છોડીને વિષયોમાં આસક્ત નથી, તેમને 'શુદ્ધ' કહેવામાં આવ્યા છે.

૨૭૪. શુદ્ધને (શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે, શુદ્ધને દર્શન અને જ્ઞાન કહ્યું છે, શુદ્ધને નિર્વાણ હોય છે, તે જ (શુદ્ધ જ) સિદ્ધ હોય છે; તેને નમસ્કાર હો.

૨૭૫. જે સાકાર–અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો આ ઉપદેશને જાણે છે, તે અલ્પ કાળે પ્રવચનના સારને (ભગવાન આત્માને) પામે છે.

## મનન કરવા યોગ્ય શ્રી સમયસાર, નિયમસાર, તથા પ્રવચનસારની ગાથાઓ

સમયસાર : નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસ્તે,
ચિત્ સ્વભાવય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે. કળશ નં. ૧

નથી અપ્રમત કે પ્રમત્તનથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તેજ છે. ૬.

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે,
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળીપૂણ્ય પાપને,
આસરવ, સંવર નિર્જરા બંધ મોક્ષને સમ્યક્ત્વ છે. ૧૩.

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણુ સંયુક્ત, તેને શુદ્ધનય તું જાણ જે. ૧૪.

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શન મય ખરે,
કંઈ અન્ય તે મારૂં જરી પરમાણુ માત્ર નથી અરે ! ૩૮.

છું એક શુદ્ધ, મમત્વહીન હું જ્ઞાન દર્શન પૂર્ણ છું,
એમાં રહી સ્થિત, લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્માથકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પર પ્રવ્ય ઈચ્છા પરિ હરી. ૧૮૭.

જે સર્વસંગ વિમુક્ત ધ્યાવે આત્મને આત્મા વડે,
નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮.

તે આત્મધ્યાતો, જ્ઞાન દર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પકાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

આમાં સદા પ્રીતિવંતબન, આમાં સદા સંતુષ્ટને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમથશે. ૨૦૬.

જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.

**શ્રી નિયમસારની ગાથા ૭૭–૮૧ (પાંચ રત્નો)**

નારક નહીં, તિર્ગંચ માનવ દેવ પર્યય હું નહીં,
કર્તાન, કારયિતાન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭

હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન જીવસ્થાનો નહીં,
કર્તાન, કારયિતાન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮

હું બાળ વૃદ્ધ યુવાન નહિ, હું તેમનું કારણ નહીં,
કર્તાન, કારયિતાન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯

હું રાગદ્વેષન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં,
કર્તાન કારયિતાન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦

હું ક્રોધ નહિ, નહિમાન, તેમજ લોભ માયા છું નહીં,
કર્તાન કારયિતાન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧

## શ્રી નિયમસારની ગાથા ૯૫-૧૦૬

પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,
જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. નિ.સા. ૯૫

કેવલ દરશ, કેવલ વીરજ, કેવલ્પ જ્ઞાન સ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું એમ જ્ઞાની ચિંતવે. નિ.સા. ૯૬

નિજ ભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે જુએ જે સર્વ, તે હું એમ જ્ઞાની ચિંતને નિ.સા. ૯૭

પ્રકૃતિ સ્થિતિ પરદેશ અનુભવ બંધ વિરહિત જીવ જે,
છું તેજ હું ત્યમભાવતો તેમાં જ તે સ્થિરતા કરે નિ.સા. ૯૮

પરિવર્તું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું,
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરૂં. ૯૯

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન–ચરિતમાં આતમા,
પચખાણમાં આત્માજ, સંવર યોગમાં પણ આતમા. ૧૦૦

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિધ્ધિ લ્હે. નિ.સા. ૧૦૧

મારો સુશાશ્વત એક દર્શન જ્ઞાન લક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગ લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. નિ.સા. ૧૦૨

જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું
કરૂં છું નિરાકારજ સમસ્ત ચારિત્ર જે ત્રયવિધનું. નિ.સા. ૧૦૩

સૌ ભૂતમાં સમતામને, કો સાથ વેર મને નહીં,
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરૂં છું સમાધિની. નિ.સા. ૧૦૪

અકષાય, ઉદ્યમી, દાન્ત છે સંસારથી ભયભીત છે,
શુરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. નિ.સા. ૧૦૫

જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. નિ.સા. ૧૦૬

## શ્રી નિયમસારની ગાથા ૧૨૫-૧૩૩ (સ્થાયી સમાયિકનું સ્વરૂપ)

સાવદ્ય વિરત, ત્રિગુપ્ત છે, ઈંદ્રિયસમૂહ નિરૂદ્ધ છે,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. નિસહ. ૧૨૫

સ્થાવર અને ત્રસ સર્વ ભૂત સમૂહમાં સમભાવ છે,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૨૬

સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૨૭

નહિ રાગ અથવા દ્વેષરૂપ વિહાર જન્મે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૨૮

જે નિત્ય વર્જે આર્ત તેમજ રૌદ્ર બન્ને ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૨૯

(279)

જે નિત્ય વર્જે પુણ્ય તેમજ પાપ બન્ને ભાવને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૩૦

જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમજ શોકને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૩૧

જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જે તે સૌ વેદને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૩૨

જે નિત્ય ધ્યાવે ધર્મ તેમજ શુકલ ઉત્તમ ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળી શાસને. ૧૩૩

## શ્રી પ્રવચનસાર

જે જાણે અર્હંતને ગુણ, દ્રવ્યને પર્યય પણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦

આગમ વિષે કૌશલ્ય છે ને મોહ દૃષ્ટિ વિનિતર છે,
વીતરાગ ચરિતા રૂઢ છે તે મુનિ મહાત્મા ધર્મ છે. ૯૨.

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે, ને તેજ પર્યાયાર્થિકે,
છે અન્ય; જેથી તે સમય તદરૂપ હોઇ અનન્ય છે. ૧૧૪

નહિ કોઇ ઉપજે વિણુસે ક્ષણુ ભંગ સંભવમય જગે,
કારણુ જનમ તે નાશ છે; વળી જન્મ નાશ વિભિન્ન છે. ૧૧૯
તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં,
સંસાર તો સંસરણુ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦
એ રીત તેથી આત્મને જ્ઞાયક સ્વભાવી જાણીને,
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું મમત્વને. ૨૦૦

## શ્રી પ્રવચનસાર ગાથા ૨૭૧–૨૭૫ (પાંચ રત્નો)

સમયસ્થ હો પણુ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંત ફળ સમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧
અયથા ચરણુહીન સૂત્ર અર્થ સુનિશ્ચયિ ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨
જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતબહિરને,
આસક્ત નહિ વિષયો વિષે જે 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩
રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,
છે શુદ્ધને નિર્વાણુ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણુમું તેહને. ૨૭૪
સાકાર અણુઆકાર ચર્યાયુક્ત આ ઉપદેશને,
જે જાણુતો, તે અલ્પકાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫

❀ ભગવાન આત્મા શક્તિરૂપે પરમાત્મા હતો, તેનું ધ્યાન કરીને વર્તમાન પર્યાયમાં સિદ્ધ ભગવાન પરમાત્મપદને પામી ગયા. વસ્તુ તો શુદ્ધ હતી જ પણ તેનું ધ્યાન કરતાં તેની દશામાં પરમાત્માદશા એ આત્માએ પ્રાપ્ત કરી. એવા પરમાત્માને ઓળખીને મારા લક્ષમાં લઈને એવા સિદ્ધપરમાત્માને હું નમસ્કાર કરું છું. શ્રી સમયસારમાં લીધું છે કે ભાઈ! સિદ્ધપરમાત્માને નમસ્કાર કોણ કરી શકે?—કે જે હૃદયમાં—જ્ઞાનની દશામાં સિદ્ધપદને સ્થાપી શકે અને વિકાર આદિ મારામાં નથી, હું પૂર્ણાનંદ સિદ્ધ સમાન શક્તિએ છું—એમ જે શ્રદ્ધા-જ્ઞાનમાં સિદ્ધને સ્થાપે એ સિદ્ધને ખરો નમસ્કાર કરી શકે. ઊર્ધ્વ રહ્યાં છતાં સિદ્ધોને હેઠે ઉતારું છું કે પ્રભુ! પધારો પધારો! મારે આંગણે પધારો! સિદ્ધને આદર દેનારના આંગણા કેટલા ઉજળા હોય! રાજા આવે તો આંગણું કેટલું સાફ કરે છે! અનંત અનંત સિદ્ધોને હું વંદન કરું છું એટલે કે એ સિવાય રાગનો, અલ્પજ્ઞતાનો, નિમિત્તનો આદર દૃષ્ટિમાંથી હું છોડી દઉં છું. અમારા આંગણાં ઉજળા કર્યાં છે પ્રભુ! આપ પધારોને! પોતાની જ્ઞાનકળાની પ્રગટ દશામાં અનંત સિદ્ધોને સ્થાપે છે કે આવો પ્રભુ! નિર્વિકલ્પ પર્યાયમાં પ્રગટ થાઓ, આવો.—એવી જેની દૃષ્ટિ થઈ છે તે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયના આંગણે પધરાવે છે અને તેણે ભગવાનને નમસ્કાર કર્યા કહેવામાં આવે છે. ૪૫૮.

(૧૭)

# શ્રી સમયસારની ૪૭ શક્તિ સંક્ષિપ્ત અર્થ સાથે

## આત્મ પ્રસિદ્ધિ

અહો ! આતો આત્મ તત્ત્વની અંતરની અપૂર્વ વાત છે. જે આત્મતત્ત્વને અનાદિકાળથી નથી જાણ્યું તે આત્માનો અનુભવ કેમ થાય, તેની પ્રસિદ્ધિ કેમ થાય તેના આનંદનું વેદન કેમ થાય તેની આ વાત છે. આત્માના અનુભવ પૂર્વક જેને આત્મ પ્રસિદ્ધિ કરવી હોય તેને અંતરમાં આનો મહિમા આવવો જોઇએ. કે અહો ! આ મારા આત્માની અપૂર્વ વાત છે, અનંત શકિત સંપન્ન ....

કે જે આત્મપ્રસિદ્ધિ પરમ આનંદનું કારણ છે.

આચાર્યદેવ આત્માની અનંત શકિતઓમાંથી 'કેટલીક' શકિતઓનું વર્ણન કરે છે. 'કેટલીક' કેમ કીધી ? કારણ કે છદ્મસ્થ જીવ સામાન્યપણે 'આત્મામાં અનંત શકિતઓ છે એમ તો જાણી શકે પરંતુ વિશેષ-પણે તે અનંત શકિતઓને ભિન્ન ભિન્ન ન જાણી શકે. તેમજ વાણી દ્વારા પણ અનંતી શકિતઓનું વર્ણન થઈ ન શકે, વાણીમાં તો અમુકજ આવે. તેથી ખાસ પ્રયોજન ભૂત ૪૭ શકિતઓનું પૂ. ગુરૂદેવશ્રીએ પ્રવચનો દ્વારા વર્ણન કરેલ છે જે પ્રવચનો 'આત્મ પ્રસિદ્ધિ' નામના પુસ્તકમાં છપાયાં છે જેમાંથી સંક્ષિપ્ત અર્થ સાથે ૪૭ શકિતઓનો સ્વાધ્યાય અહીં આપેલ છે.

ગુરુદેવ શ્રીના વચનામૃત

(૧) નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. આત્મવસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે તે તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય; પણ આવી કબૂલાતને રોકનારા ખોટી માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે બાર અંગનો સાર એ છે કે આત્માને જિનવર સમાન દૃષ્ટિમાં લેવો, કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મા જેવું જ છે. ૨.

૧. જીવત્વ શક્તિ :- આત્મા સદાય પોતાની જીવત્વ શકિતથી જીવી રહ્યો છે, માટે આ જીવત્વ શકિત આત્મ દ્રવ્યને કારણભૂત છે. શરીર, આયુષ્ય વગેરે વ્યાવહારીક દસ પ્રાણો આત્માના જીવનનું કારણ નથી, આ જીવત્વશકિત જ આત્માના જીવનનું કારણ છે, તેનાથી જ આત્મા અનાદિ અનંત જીવી રહ્યો છે. જે આવી જીવન[illegible]ને [illegible] તો મૃત્યુનો ભય ટળી જાય. અનંતા સિદ્ધ ભગવંતો શરીર વગર જ પોતાના ચૈતન્ય પ્રાણથી [illegible] સુખી જીવન જીવી રહ્યા છે.

૨. ચિતિ શક્તિ :—અજડ ત્વસ્વરૂપ ચિતિ—શકિત છે; અજડત્વ એટલે ચેતનત્વ તે ચિતિ શકિતનું સ્વરૂપ છે પુદ્ગલ તે જડસ્વરૂપ છે ને આત્મા અજડતત્વ સ્વરૂપ છે. રાગમાં કે શારીરાદિમાં અટકવાનું આત્માનું સ્વરૂપ નથી. આત્મામાં ચેતનપણું પુરેપુરું છે. તેમાં રાગનો કે જડનો અભાવ છે. આવી આત્માની ચિતિ શકિત છે.

૩. દૃશિ શકિત :- દશિ શકિત અનાકાર ઉપયોગમય છે એટલે તેમાં પદાર્થોના વિશેષ ભેદ નથી પડ[illegible] વિશેષ ભેદ પાડયા વગર પદાર્થોની સત્તાને દર્શન ઉપયોગ દેખે છે. આવી દર્શન ક્રિયારૂપ આત્માની શક્તિ [illegible] તેનું નામ દશિ શકિત છે અને તે અનાકાર છે.

૪. જ્ઞાન શક્તિ :- આત્માની જ્ઞાન શકિત સાકાર ઉપયોગમયી છે, જ્ઞાન પદાર્થોના વિશેષ આકારોને [illegible] છે તેથી તેને સાકાર કહેવાય છે. જ્ઞાન શકિતનો એવો મહાન વિશેષ સ્વભાવ છે કે તે બધા પદાર્થોને વિશેષપણે ભિન્ન ભિન્ન જાણે છે. આ જીવ આ અજીવ, આ જ્ઞાન આ દર્શન, આ સુખ એમ બધાને પૃથક પૃથક જ્ઞાન જાણે છે. જ્ઞાન સિવાય બીજી કોઇ શકિતમાં આવું સામર્થ્ય નથી.

૫. સુખ શક્તિ :- અનાકુળતા જેનું લક્ષણ છે એવી સુખ શકિત આત્મામાં ત્રિકાળ છે: કાંઇપણ કરવાની વૃત્તિનું ઉત્થાન તે આકુળતા છે; અને આકુળતા તે દુઃખ છે. અશુભ કે શુભ કોઇ પણ વૃત્તિ રહીત

❀

(૨) પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. ૬.

❀

(3) આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. શ્રીમદે કહ્યું છે ને!—'ઊપજે મોહવિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.' જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઊતરશે. ૭.

❀

(૪) નિમિત્તની અપેક્ષા લેવામાં આવે તો બંધ-મોક્ષ બે પડખાં પડે છે અને તેની અપેક્ષા ન લેતાં એકલું નિરપેક્ષ તત્ત્વ જ લક્ષમાં લેવામાં આવે તો સ્વપર્યાય પ્રગટે છે. ૮.

શાંત નિરાકુળ દશા તે જ સુખનું સ્વરૂપ છે. આત્માની અનંત શકિતઓમાં આવી સુખશકિત પણ ભેગી જ છે.

૬. **વીર્યશકિત** :– પોતાના સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશકિત છે. આવીર્ય શકિત એ આખી ચૈતન્ય વસ્તુને સ્વરૂપમાં ટકાવી રાખી છે. વીર્યશકિત દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રહેલી છે. પર્યાયમાં પણ પોતાની રચનાનું સામર્થ્ય છે.

૭. **પ્રભુત્વશકિત** :– જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત કોઇથી ખંડીત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશકિત આત્મામાં ત્રિકાળ છે. આત્મામાં એવો અખંડ પ્રતાપ છે કે અનંતી પ્રતિકુળતાના ગંજ આવી પડે તોય પોતાની પ્રભુતાને તે ન છોડે, કોઈને આધીન થઈ જાય એવો તેનો સ્વભાવ નથી. આ એકજ શકિતમાં પ્રતાપ, અખંડતા, સ્વતંત્રતા, શોભા અને પ્રભુતા એવા પાંચ બોલ મુકીને આત્માને પ્રભુ તરીકે વર્ણવ્યો છે.

૮. **વિભુત્વ શકિત** :– સર્વભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વ શકિત આત્મામાં ત્રિકાળ છે. આત્મા પોતાના બધા ગુણપર્યાયોમાં વ્યાપેલો વિભુ છે. તેમજ તેના જ્ઞાનાદિ દરેક ગુણ પણ સર્વ ભાવોમાં વ્યાપનારા છે. જો એક ગુણ બધા ગુણોમાં વ્યાપેલ ન હોય તો અનંતગુણનો અભેદપિંડ અનુભવમાં આવી શકે નહી અને બધા ગુણોની અભેદતાનો આનંદ આવી શકે નહીં.

૯. **સર્વદર્શિત્વ શકિત** :– સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવા રૂપે પરિણમેલા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વ શકિત છે. સર્વ પદાર્થના સમુહરૂપ લોકાલોકને સત્તા માત્ર દેખે એવી સર્વદર્શિત્વશકિત છે.

૧૦. **સર્વજ્ઞત્વ શકિત** :– સમસ્ત વિશ્વના વિશેષભાવોને જાણવારૂપે પરિણમેલા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વ શકિત છે. 'દર્શન' તો 'બધું છે' એમ સામાન્ય સત્તામાત્ર ભાવને દેખે છે; પરંતુ જગતના બધા

(૫) ભકિત એટલે ભજવું. કોને ભજવું? પોતાના સ્વરૂપને ભજવું. મારું સ્વરૂપ નિર્મળ અને નિર્વિકારી—સિદ્ધ જેવું—છે તેનું યથાર્થ ભાન કરીને તેને ભજવું તે જ નિશ્ચય ભકિત છે, ને તે જ પરમાર્થ સ્તુતિ છે. નીચલી ભૂમિકામાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભકિતનો ભાવ આવે તે વ્યવહાર છે, શુભ રાગ છે. કોઈ કહેશે કે આ વાત અઘરી પડે છે. પણ ભાઈ! અનંતા ધર્માત્મા ક્ષણમાં ભિન્ન તત્ત્વોનું ભાન કરી, સ્વરૂપમાં ઠરી—સ્વરૂપની નિશ્ચય ભકિત કરી—મોક્ષ ગયા છે, વર્તમાનમાં કેટલાક જાય છે અને ભવિષ્યમાં અનંતા જીવો તેવી જ રીતે જશે. ૧૨.

પદાર્થો સત્તાપણે સમાન હોવા છતાં તેમના સ્વરૂપમાં વિશેષતા છે. કોઇ જીવ છે. કોઈ અજીવ છે. કોઇ સિદ્ધ છે. કોઈ સાધક છે, કોઈ અજ્ઞાનીછે, એમ અનંત પ્રકારના જુદા જુદા ભાવો છે, તે બધાને વિશેષપણે જાણે એવી આત્માની સર્વજ્ઞત્વશકિત છે.

**૧૧. સ્વચ્છત્વ શકિત :–** અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશકિત આત્મામાં છે, જેમ અરીસાની સ્વચ્છત્વશકિતથી તેની પર્યાયમાં ઘટપયદિ પ્રકાશે છે તેમ આત્માની સ્વચ્છત્વશકિતથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.

**૧૨. પ્રકાશ શકિત :–** સ્વયં પ્રકાશમાન વિસદ (સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી એટલે કે સ્વાનુભવ સ્વરૂપ પ્રકાશ શકિત છે. આત્મા પોતે પોતાથી જ પ્રત્યક્ષ સ્વાનુભવમાં આવે એવી તેની પ્રકાશ શકિત છે.

**૧૩. અસંકુચિત વિકાસત્વ શકિત :–** ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્વિલાસ સ્વરૂપ અસંકુચિતવિકાસત્વ નામની શકિત છે. સંકોચ વગરનો વિકાસ થાય એવો ચૈતન્યનો વિલાસ છે. અલ્પજ્ઞતા ને અલ્પવીર્ય વગેરે સંકોચપણે રહેવાનો આત્માનો સ્વભાવ નથી, શકિતનો પરિમિત વિકાસ રહે એવો તેનો સ્વભાવ નથી, પણ અસંખ્ય પ્રદેશમાં ને એક સમયમાં પુરૂ અમર્યાદિત કેવળજ્ઞાન તથા બેહદ્વીર્ય આનંદ વગેરે વિકાસ પામે એવો અમર્યાદિત આત્મસ્વભાવ છે.

**૧૪. અકાર્યાકરણત્વશકિત :–** આત્માના દ્રવ્ય ગુણ કે પર્યાયને કોઇ પર વસ્તુ કરતી નથી તેથી આત્મા અકાર્ય છે; અને આત્મા કોઈ પરવસ્તુના દ્રવ્ય, ગુણ કે પર્યાયને કરતો નથી તેથી આત્મા અકારણ છે, પર સાથેના કાર્ય કારણભાવ વગરનો આત્મા પોતે સર્વેથી ભિન્ન એક દ્રવ્યસ્વરૂપ છે.



(૯) જગતમાં જે કોઈ સુંદરતા હોય, જે કોઈ પવિત્રતા હોય, તે બધી આત્મામાં ભરી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં કહ્યું છે :

> એકત્વ-નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
> તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં.

—આવા સુંદર આત્માને અનુભવમાં લેતાં તેના સર્વ ગુણોની સુંદરતા ને પવિત્રતા એકસાથે પ્રગટે છે. એકેક સમયની પર્યાયમાં અનંત ગુણોનો સ્વાદ ભેગો છે; તે અનુભવમાં એકસાથે સમાય છે; પણ વિકલ્પ કરીને એકેક ગુણની ગણતરીથી આત્માના અનંત ગુણોને પકડવા માગે તો અનંત કાળેય પકડાય નહિ. એક આત્મામાં ઉપયોગ

**૧૫. પરિણમ્ય–પરિણામકત્વ શકિત :–** આત્મા પોતે જ્ઞાનપણે પરિણમીને સ્વ-પરને જાણે છે, આત્માના જ્ઞાનાકારમાં પરજ્ઞેયો નિમિત્ત છે, તેમજ પરના જ્ઞાનમાં આ આત્મા જણાય એવો તેનો સ્વભાવ છે. પોતાના જ્ઞાનને તેમજ પરજ્ઞેયોને એ રીતે સ્વ-પર બન્ને ને ગ્રહણ કરે એટલે કે જાણે એવી આત્માની પરિણમ્ય શકિત છે તથા સ્વ-પર બન્નેના જ્ઞાનમાં ગ્રહણ થાય એટલે કે જણાય એવી આત્માની પરિણામક શકિત છે, આ રીતે આત્મા પરિણમ્ય પરિણામક શકિતવાળો છે. આ શકિતમાં જ્ઞાતૃત્વ અને પ્રમેયત્વ બને ભાવો સમાઈ જાય છે.

**૧૬. ત્યાગોપાદન શૂન્યત્વ શકિત :–** આત્મા, જે ઘટતુ–વધતુ નથી એવા સ્વરૂપમાં નિયતપણે રહે છે. પરંતુ ગ્રહણ–ત્યાગ તો આત્મામાં છે નહિ અને વિકારનું ગ્રહણ–ત્યાગ પણ આત્માના ત્રિકાળસ્વરૂપમાં નથી. ત્રિકાળી સ્વભાવમાં વિકારને છોડું ને નિર્મળ પર્યાયને ગ્રહું, એમ પણ નથીઃ તે તો પર્યાયમાં છે.

**૧૭. અગુરુ લઘુત્વશકિત :–** ષટ્‌સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમેલો અને સ્વરૂપપ્રતિષ્ઠિત્વના કારણરૂપ એવો જે વિશિષ્ટ ગુણ તે સ્વરૂપ અગુરૂ લઘુત્વ શકિત છે. આત્માની પર્યાયમાં છ પ્રકારની વૃદ્ધિહાનિ થવા છતાં તે પોતાના સ્વરૂપમાં એવો ને એવો ટકી રહે છે. એવો તેનો અગુરૂલઘુ સ્વભાવ છે આ સુક્ષ્મ સ્વભાવ કેવળી ગમ્ય છે. આ અગુરૂ લઘુત્વ શકિતને લીધે દ્રવ્ય પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે. વસ્તુ પોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અનંત ગુણોનો ભંડાર આત્મા કદી પણ પોતાના સ્વરૂપને છોડીને પરરૂપે થતો નથી; તેના અનંતગુણો વીંખાઇને છિન્ન ભિન્ન થઈ જતાં નથી.

**૧૮. ઉત્પાદ વ્યય ધ્રુવત્વ શકિત :–** ક્રમ પ્રવૃત્તિરૂપ અને અક્રમ પ્રવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદ વ્યય–ધ્રુવત્વ નામની શકિત છે. પર્યાયો ઉત્પાદ વ્યયરૂપ છે ને ગુણો ધ્રુવરૂપ છે. ઉત્પાદ વ્યયરૂપ પર્યાયો ક્રમવર્તી છે. તે ધ્રુવરૂપ ગુણો અક્રમવર્તી છે. ગુણો બધા એક સાથે અક્રમે વર્તે છે તેથી તેને અક્રમવર્તી કહ્યા. પણ બધાય ગુણોની પર્યાયતો ક્રમબદ્ધ જ છે.



મૂકતાં તેમાં તેના અનંત ગુણોની પર્યાયો નિર્મળપણે અવશ્ય અનુભવાય છે. હે ભાઈ! આવા અનુભવની હોંશ ને ઉત્સાહ કર. બહારની કે વિકલ્પની હોંશ છોડી દે, કેમ કે તેનાથી ચૈતન્યના ગુણો પકડાતા નથી. ઉપયોગને–રુચિને બહારથી સમેટી લઈ નિશ્ચળપણે અંતરમાં લગાવ, જેથી તને તત્ક્ષણ વિકલ્પ તૂટીને અતીન્દ્રિય આનંદ સહિત અનંતગુણસ્વરૂપ નિજ આત્માનો અનુભવ થશે. ૨૭.

❀

જેને ભવનો થાક લાગ્યો હોય, જેને આત્મા કેવો છે તે સમજવાની સાચી જિજ્ઞાસા અંતરમાં જાગી હોય, તેને સાચા ગુરુ મળે જ. ૯૨.

૧૯. પરિણામ શક્તિ :– દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય–વ્યય–ઉત્પાદથી આલિંગિત સદ્દશ અને વિસદ્દશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વ માત્રમયી પરિણામ શકિત છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવ તે દ્રવ્યના સ્વભાવભૂત છે. અને દ્રવ્યનું અસ્તિત્વ એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવથી આલિંગિત છે; એટલે કે ઉત્પાદ–વ્યયની ભિન્ન ભિન્ન ત્રણ સત્તા નથી પરંતુ એકજ સત્તાએ ત્રણેથી એક સાથે સ્પર્શાયેલી છે તે સત્તાનું અસ્તિત્વ ધ્રુવતા અપેક્ષાએ તો સદ્દશ છે ને ઉત્પાદ વ્યય અપેક્ષાએ વિસદ્દશ છે. આવા અસ્તિત્વમાત્રમય પરિણામ શકિત છે.

૨૦. અમૂર્તત્વ શકિત :– કર્મબંધનના અભાવથી વ્યકત કરાયેલ સહજ સ્પર્શાદી રહીત એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વ શકિત છે. જ્ઞાનમાત્ર પરિણમનમાં આ શકિત પણ ભેગી પરિણમે છે. આત્મા અસંખ્ય પ્રદેશી અખંડ વસ્તુ છે. આત્માના પ્રદેશો અમૂર્ત છે. તેનામાં વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ નથી. અસંખ્ય પ્રદેશે ચૈતન્ય સુખવીર્ય અને સત્તાથી ભરેલો તથા જડથી ખાલી એવો અમૂર્ત આત્મા છે. આવો અમૂર્તિક આત્મા ઈન્દ્રીયો દ્વારા દેખાતો નથી પણ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જ અનુભવમાં આવે છે.

૨૧. અકર્તૃત્વ શકિત :– સમસ્ત કર્મથી કરવામાં આવેલાં, અને જ્ઞાતૃત્વમાત્રથી જુદાં જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ એવી અકર્તૃત્વ શકિત છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માનો અનુભવ કરતાં તેમાં આ શકિતનું પરિણમન પણ ભેગું વર્તે છે. જ્ઞાનમાં જ્યાં આત્મસ્વભાવને પકડયો ત્યાં વિકારીભાવોનું કર્તાપણું છૂટી જાય છે. વિરામ પામે છે, તે અકર્તૃત્વ શકિતનું નિર્મળ પરિણમન છે. શુભ–અશુભ સમસ્ત પરિણામો આત્માના જ્ઞાયક ભાવથી જુદા છે; તેથી પર્યાયનું વલણ જ્યાં જ્ઞાયક સ્વભાવ તરફ વળ્યું ત્યાં તેમાં જ્ઞાતાપણું જ રહ્યું ને શુભ–અશુભ પરિણામનું કર્તાપણું ઉપરમ પામ્યુ–છૂટી ગયું.

(૮) ભગવાને કહ્યું છે કે પર્યાયદૃષ્ટિનું ફળ સંસાર છે અને દ્રવ્યદૃષ્ટિનું ફળ વીતરાગતા—મોક્ષ છે. ૧૫.

(૯) અનંત ગુણસ્વરૂપ આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ, તેને (આત્માને) એકને ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાન્તિ–સુખનો ઉપાય છે. ૧૭.

(૧૦) અખંડ દ્રવ્ય અને અવસ્થા બંનેનું જ્ઞાન હોવા છતાં અખંડસ્વભાવ તરફ લક્ષ રાખવું, ઉપયોગનો દોર અખંડ દ્રવ્ય તરફ લઈ જવો, તે અંતરમાં સમભાવને પ્રગટ કરે છે. સ્વાશ્રય વડે બંધનો નાશ કરતો જે નિર્મળ પર્યાય પ્રગટ્યો તેને ભગવાન મોક્ષમાર્ગ અર્થાત્ ધર્મ કહે છે. ૧૧.

**૨૨. અભોક્તૃત્વ શક્તિ :–** સમસ્ત કર્મથી કરવામાં આવેલાં, ને આત્માના જ્ઞાતૃત્વ માત્રથી જુદા એવા પરિણામોના અનુભવના ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ છે. જ્ઞાનને અંતરમાં વાળતાં જે અતીન્દ્રિય આનંદનો ભોગવટો થયો તેમાં હર્ષશોકના ભોગવટાનો અભાવ છે.

**૨૩. નિષ્ક્રિયત્વશક્તિ :–** સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તેલી આત્મપ્રદેશોની નિષ્પંદતા સ્વરૂપ નિષ્ક્રિયત્વશક્તિ છે. જ્ઞાનમાત્ર આત્મામાં આવી પણ એક શક્તિ છે. આત્માના પ્રદેશોમાં હલન-ચલન રુપ ક્રિયા થાય તે યોગ છે, તે ક્રિયાના નિમિત્તે કર્મો આવે છે પણ તે કર્મો કે પ્રદેશોના કંપનરૂપ ક્રિયા આત્માનો સ્વભાવ નથી, જેમ રાગ દ્વેષથી અસ્થિરતા થાય તે આત્માનો સ્વભાવ નથી, વિતરાગી સ્થિરતા તે જ આત્માનો સ્વભાવ છે તેમ પ્રદેશનું કમ્પન અસ્થિરતા થાય તે પણ આત્માનો સ્વભાવ નથી. આત્માનો જ્ઞાયકસ્વભાવ તો ઈચ્છા વગરનો અને કંપન વગરનો છે. આત્મા તો વીતરાગી અકંપસ્વભાવી છે.

**૨૪. નિયત પ્રદેશત્વ શક્તિ :–** આત્માનું નિજક્ષેત્ર અસંખ્યપ્રદેશી છે. તે અનાદિસંસારથી માંડીને સંકોચ વિસ્તારથી લક્ષિત છે અને મોક્ષ દશામાં તે ચરમ શરીરના પરિણામથી કંઇક ઉણા પરિણામે અવસ્થિત થાય છે; આવું લોકાકાશના માપ જેટલા અસંખ્ય આત્મ અવયવપણું તે નિયત પ્રદેશત્વ શક્તિનું લક્ષણ છે. બહારમાં જે આ નાક–કાન વગેરે શરીરના અવયવો છે તે તો જડ છે, તે કાંઈ આત્માના અવયવ નથી. આત્મા તો અરૂપી–અવયવવાળો છે, એ અસંખ્ય પ્રદેશો તે જ તેના અવયવો છે લોકાકાશના પ્રદેશોની જેટલી સંખ્યા છે. તેટલી જ આત્માના અવયવોની સંખ્યા છે; અને તે દરેક અવયવ જ્ઞાન આનંદ વગેરે શક્તિથી ભરેલો છે.

**૨૫. સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ :–** જ્ઞાન સ્વરૂપ આત્મામાં એક એવી શક્તિ છે કે અનાદિકાળથી દેવ–મનુષ્ય નારક તિર્યંચના અનેક શરીરો ધારણ કર્યાં છતાં પોતે તો એક સ્વરૂપે જ રહ્યો છે. આત્મા અનેક શરીરોરૂપે થઇ ગયો નથી પણ પોતાના અનંત ધર્મોરૂપે જ રહ્યો છે. આ રીતે સર્વ શરીરોમાં એક સ્વરૂપાત્મક

(૧૧)

જ્ઞાન ને આનંદ વગેરે અનંત પૂર્ણ શક્તિના ભંડાર એવા સત્સ્વરૂપ ભગવાન નિજ જ્ઞાયક આત્માના આશ્રયે જતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય ત્યારે તેના અનંત ગુણોનો અંશ—આંશિક શુદ્ધ પરિણમન—પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે. તેને શ્રીમદ્ રાજચંદ્ર 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' ને પં૦ ટોડરમલજી રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં 'ચોથા ગુણસ્થાને આત્માના જ્ઞાનાદિક ગુણો એકદેશ પ્રગટ થયા છે.'–એમ કહે છે. તે વાત

એવી સ્વધર્મ વ્યાપકત્વ શકિત આત્મામાં છે; એટલે શરીરના ધર્મરૂપે ન થતાં આત્મા પોતાના ધર્મોમાં જ રહે છે. દેહને જાણવાનો આત્માનો સ્વભાવ છે પણ પોતે દેહરૂપે થઇ જાય એવો આત્માનો સ્વભાવ નથી, પોતે તો પોતાના જ્ઞાનાદિ સ્વભાવરૂપ ધર્મમાં જ રહે છે.

૨૬. **સાધારણ–અસાધારણ સાધારણા સાધારણ ધર્મત્વ શકિત** :– સ્વ–પરના સમાન, અસમાન અને સમાન–અસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણ સ્વરૂપ સાધારણ–અસાધણ–સાધારણા સાધરણ ધર્મત્વ શકિત છે. આત્મામાં અનંત ધર્મો છે; પણ તે બધા એક સરખાં નથી, તેમાં કેટલાંક સાધારણ છે, કેટલાંક અસાધારણ છે, ને કેટલાંક સાધારણ–અસાધારણ છે. આ રીતે ત્રણ પ્રકારના ધર્મો છે. તે ત્રણે પ્રકારના ધર્મોને ધારણ કરવાની આત્મામાં શકિત છે. તે શકિતનું નામ સાધારણ–અસાધારણ સાધારણાસાધારણ ધર્મત્વ શકિત છે.

૨૭. **અનંત ધર્મત્વ શકિત** :– જ્ઞાન સ્વરૂપમાં આત્મામા વિલક્ષણ અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત ધર્મત્વ શક્તિ છે એટલે આત્મા પોતે એક ભાવ પણે રહીને જુદા જુદા લક્ષણવાળા અનંતધર્મોને ધારણ કરે છે. આત્મામાં શકિતઓ કેટલી ? કે અનંતઃ તે અનંત શકિતઓથી અભિનંદિત (અભિમંડિત) આત્મા એક સ્વરૂપ છે. એક જ સ્વરૂપ અનંત ધર્મરૂપ છે. એ રીતે અનંત ધર્મત્વ નામની એક શકિત આત્મામાં છે.

૨૮. **વિરૂદ્ધ ધર્મત્વ શકિત** :– જ્ઞાયક સ્વરૂપ આત્મામાં તદ્‌રૂપમયપણું અને અતદ્‌ રૂપમયપણું જેનું લક્ષણ એવી વિરુદ્ધ ધર્મત્વ શકિત છે. આત્મા પોતાના જ્ઞાન, આનંદ વગેરે, સાથે સદા તદ્‌રૂપ છે. અને પર પદાર્થો સાથે સદા અતદ્‌રૂપ છે. એ રીતે તદ્‌રૂપપણું અને અતદ્‌રૂપપણું એવા વિરૂદ્ધ ધર્મો એક સાથે છે. જો

બેનના બોલમાં (બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃતમાં) આ પ્રમાણે આવી છે :

"નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે."

અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેની જેને દૃષ્ટિ થઈ છે તેને 'વસ્તુ અંતરમાં પરિપૂર્ણ છે' એવો અનુભવ —વેદન થતું હોવાથી, અનંત ગુણોનું અંશે યથાસંભવ વ્યક્તપણું થયું હોવાથી, તે સમકિતી છે. ૩૫.

આવું વિરૂદ્ધધર્મપણું ન હોય, ને એકલું તદ્રૂપપણું જ હોય તો આત્મા જડ સાથે પણ તદ્રૂપ થઈ જાય એટલે જડ થઈ જાય; ને એકલું અતદ્રૂપપણું જ હોય તો આત્મા પોતાના જ્ઞાન–આનંદથી પણ જુદો ઠરે. માટે તદ્રૂપ અને અતદ્રૂપ એવી બને શક્તિઓ તેનામાં એક સાથે છે.

૨૯–૩૦ 'તત્વ શક્તિ અને અતત્વ શક્તિ :– તદ્રૂપ ભવનરૂપ એવી તત્વશક્તિ છે. અને અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્વશક્તિ છે. જ્ઞાન સ્વરૂપ આત્મા સ્વંયમેવ આવી શક્તિવાળો છે. ભવનરૂપ એટલે રહેવારૂપ અથવા પરિણમવારૂપ જ્ઞાન સ્વરૂપ આત્મા પોતાના ચેતન સ્વભાવપણે જ રહીને પરિણમે છે. પણ જડરૂપે થતો નથી. આ રીતે ચેતન સ્વભાવપણે જ રહેવારૂપ શક્તિ તે તત્વશક્તિ છે. અને ચેતન મટીને જડરૂપ ન થવારૂપ શક્તિ તે અતત્વ શક્તિ છે. ખરેખર શુદ્ધ આત્મ દ્રવ્યમાં તો પુણ્ય–પાપરૂપે પરિણમવાની પણ શક્તિ નથી. પુણ્ય–પાપથી અતદ્રૂપ રહેવાની તેની શક્તિ છે.

૩૧–૩૨ એકત્વ શક્તિ તથા અનેકત્વ શક્તિ :– અનેકાન્તસ્વરૂપ જ્ઞાનમુર્તિમાં એકત્વ શક્તિ તથા અનેકત્વશક્તિ રહેલી છે. અનેક પર્યાયો વ્યાપક એવા એક દ્રવ્યમયપણારૂપ એકત્વ શક્તિ છે. અને એક દ્રવ્યથી વ્યાપ્ય જે અનેક પર્યાયો તે મયપણારૂપ અનેકત્વશક્તિ છે. ધર્મી જાણે છે કે મારી અનેક પર્યાયોમાં મારો આત્મા વ્યાપેલો છે કર્મ કે વિકાર મારી પર્યાયમાં વ્યાપેલા નથી વિકાર તો બીજી ક્ષણે જ નાશ થઇ જાય છે, તેનામાં એવી શક્તિ નથી કે લંબાઇને બધી પર્યાયોમાં વ્યાપે; આત્મસ્વભાવમાંજ એવી શક્તિ છે કે બધી પર્યાયોમાં વ્યાપે છે. આવું ભાન થતાં વ્યાપક–વ્યાપ્યની એકતાથી (અર્થાત્ દ્રવ્ય પર્યાયની એકતાથી) નિર્મળ પર્યાયોજ થાય છે. અનેક નિર્મળ પર્યાયોમાં વ્યાપવા છતાં આત્મા પોતે દ્રવ્યપણે તો એક જ રહે છે. દ્રવ્યપણે કાંઈ પોતે અનેક થઈ જતો નથી. એવી તેની એકત્વશક્તિ છે. અને દ્રવ્યપણે એક હોવા છતાં અનેક પર્યાયોપણે પણ પોતે જ થાય છે. એવી તેની અનેકત્વ શક્તિ છે.

(૧૨) સ્વરૂપમાં લીનતા વખતે પર્યાયમાં પણ શાન્તિ અને વસ્તુમાં પણ શાન્તિ, આત્માના આનંદરસમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ; વસ્તુ અને પર્યાયમાં ઓતપ્રોત શાન્તિ. રાગમિશ્રિત વિચાર હતો તે ખેદ છૂટીને પર્યાયમાં અને વસ્તુમાં સમતા, સમતા અને સમતા; વર્તમાન અવસ્થામાં પણ સમતા અને ત્રિકાળી વસ્તુમાં પણ સમતા. આત્માનો આનંદરસ બહાર અને અંદર બધી રીતે ફાટી નીકળે છે; આત્મા વિકલ્પની જાળને ઓળંગીને આનંદરસરૂપ એવા પોતાના સ્વરૂપને પામે છે. ૨૨.

❀

**૩૩–૩૪ ભાવ શકિત અને અભાવ શકિત :–** જ્ઞાન સ્વરૂપ આત્મામાં વિદ્યમાન અવસ્થાવાળા પણારૂપ ભાવ શકિત છે, તેમજ શૂન્ય અર્થાત અવિદ્યમાન અવસ્થાવાળા પણારૂપ અભાવ શકિત છે. વર્તમાન પણે એક અવસ્થા વર્તે છે તે ભાવશકિતનું કાર્ય છે, ને તે અવસ્થામાં બીજી અવસ્થાઓ અવિદ્યમાન છે તે અભાવ શકિતનું કાર્ય છે. આમાં પર્યાય બુદ્ધિ ઉડી જાય છે. કેમકે એકેક પર્યાયમાં આખુ દ્રવ્ય સાથે ને સાથે વર્તે છે. પણ એક પર્યાયમાં બીજી પર્યાય વર્તતી નથી. અને આવી દૃષ્ટિથી જ્યાં આત્મા પોતે નિર્મળ ભાવરૂપે પરિણમ્યો ત્યાં તે નિર્મળભાવમાં વિકારનો અભાવ છે. જેને પર્યાયમાં વિકારનું વિદ્યમાનપણું જ ભાસે, વિકારનો અભાવ ન ભાસે તેણે ખરેખર આત્માની ભાવ–અભાવ શકિતને જાણી નથી.

**૩૫–૩૬ ભાવ અભાવ શકિત અને અભાવ ભાવ શકિત :–** આત્મામાં ભવતા (વર્તતા) પર્યાયના વ્યયરૂપ ભાવ–અભાવ શકિત છે; તેમજ નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ અભાવ ભાવ શકિત છે. આત્મામાં પહેલા સમયે જે પર્યાય વિદ્યમાન હોય તેનો બીજા સમયે અભાવ થઈ જાય છે અને પહેલાં સમયે જે પર્યાય અવિદ્યમાન હોય તેનો બીજે સમયે ભાવ (ઉત્પાદ) થાય છે. આ રીતે દરેક સમયે એક પર્યાયનો વ્યય ને બીજી પર્યાયનો ઉત્પાદ અનાદિ અનંત થયા કરે છે, એનો જ વસ્તુનો સ્વભાવ છે. કોઇ બીજાના કારણે પર્યાયના ઉત્પાદ વ્યય થતા નથી. ભાવનો અભાવ અને અભાવનો ભાવ એ બન્નેનો એકજ સમય છે. જુદા જુદા સમય નથી. જેમ કે સાધકને કેવળજ્ઞાન પ્રગટયું ત્યાં પહેલા જે સાધક દશા હતી તેને અભાવ થયો તે ભાવનો અભાવ છે. એ પહેલાં જે કેવળ જ્ઞાન દશા ન હતી તે પ્રગટી તેનું નામ અભાવનો ભાવ છે.

**૩૭–૩૮ ભાવ ભાવ શકિત અભાવ અભાવ શકિત :–** ત્રિકાળી ભાવને આધારે વર્તમાન ભાવનુ હોવાપણું ભાવ–ભાવ શકિત, તેમાં ત્રિકાળીના આધારે વર્તમાન કહીને દ્રવ્ય–પર્યાયની એકતા બતાવે છે. અને



## ૯૩ સત્સમાગમે આત્માની ઓળખાણ કરી આત્માનુભવ

કર. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે કે પરિષહ આવ્યે પણ જીવની જ્ઞાનધારા ડગે નહિ. ત્રણ કાળ ને ત્રણ લોકની પ્રતિકૂળતાના ગંજ એકસાથે સામે આવીને ઊભા રહે તોપણ માત્ર જ્ઞાતાપણે રહીને તે બધું સહન કરવાની શક્તિ આત્માના જ્ઞાયકસ્વભાવની એક સમયની પર્યાયમાં રહેલી છે. શરીરાદિ ને રાગાદિથી ભિન્નપણે જેણે આત્માને જાણ્યો તેને એ પરિષહોના ગંજ જરા પણ અસર કરી શકે નહિ—ચૈતન્ય પોતાની જ્ઞાતૃધારાથી જરા પણ ડગે નહિ ને સ્વરૂપસ્થિરતાપૂર્વક બે ઘડી સ્વરૂપમાં લીનતા થાય તો પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે, જીવન્મુક્તદશા થાય અને મોક્ષદશા થાય. ૩૮.

દ્રવ્ય–પર્યાયની જે એકતા થઇ તેમાં પરનો ને વિકારનો અત્યંત અભાવ છે, તે અભાવ અભાવ શકિત ત્રિકાળભાવ અને વર્તમાનભાવ બન્ને એક થઇને વર્તે છે એવી ભાવ–ભાવ શકિત છે. આત્મા ત્રિકાળભાવ રૂપ રહીને સમય સમયના ભાવપણે વર્તે છે, એ રીતે ભવતા ભાવનું ભવન છે. અને પરરૂપે આત્મા કદી થતો નથી, પરનો આત્મામાં અભાવ છે ને તે સદાય અભાવપણે જ રહે છે, એવી અભાવ–અભાવ શકિત છે. આ રીતે આ શકિતઓ આત્માનું સ્વમાં એકત્વને પરથી વિભકતપણું બતાવે છે. 'ભાવ–ભાવ' એટલે ગુણનો ભાવ અને પર્યાયનો ભાવ એવા બન્ને ભાવ સહીત આત્મા વર્તે છે. અને અભાવ–અભાવ એટલે પોતાથી ભિન્ન એવાપર દ્રવ્ય ગુણ પર્યાયો સદા પોતામાં અભાવપણે વર્તે છે. આવી બન્ને શકિતઓ આત્મામાં છે.

૩૯ ભાવ શકિત :– કર્તા–કર્મ આદિ કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (હોવા માત્રમયી, થવા માત્રમયી) ભાવ શકિત છે. પહેલાં ૩૩ માં બોલમાં ભાવ શકિત કહી હતી ત્યાં તો અવસ્થાની વિદ્યમાનતા બતાવી હતી ને આ ભાવશકિત જુદી છે; આ ભાવ શકિતમાં ભેદરૂપ કારકોથી નિરપેક્ષપણું બતાવે છે. પરને કારક બનાવીને તેની પાસેથી સુખ લેવા માંગશે તો કદી સુખ નહીં મળે. પોતાના સુખાદિ ભાવોને માટે પરને કારક બનાવે એવો આત્માનો સ્વભાવ નથી. કર્તા–કર્મ આદિ ભિન્ન ભિન્ન કારકો અનુસાર જે ક્રિયા થાય તે રૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ નથી, પણ તેનાથી રહિત પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. આત્માનું દ્રવ્ય, ગુણ કે પર્યાય પોતાનાથી ભિન્ન બીજા કોઈ કારકોના આધારે ટકે એવો આત્માનો પરાધીન સ્વભાવ નથી; પણ અન્ય કારકોથી રહિત પોતે સ્વયં પોતાના ભાવરૂપે પરિણમે એવો તેનો સ્વાધીન સ્વભાવ છે. જો આવા સ્વભાવમાં શોધે તો જ સુખ મળે તેમ છે, પણ બીજા કારણોમાં સુખ શોધે તો સુખ મળે તેમ નથી.

(૧૪) સ્યાદ્‌વાદ એ તો સનાતન જૈનદર્શન છે; તેને જેમ છે તેમ સમજવું જોઈએ. વસ્તુ ત્રિકાળી ધ્રુવ છે; તેની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાયને પણ ભલે હેય કહે છે; પણ બીજી બાજુ, શુભ રાગ આવે છે—હોય છે; એનાં નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભ રાગ હોય છે. ભગવાનની પ્રતિમા હોય છે; તેને જે ન માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ભલે તેનાથી ધર્મ થતો નથી, પણ તેને ઉથાપે તો મિથ્યાદૃષ્ટિ છે. શુભ રાગ હેય છે, દુઃખરૂપ છે, પણ એ ભાવ હોય છે; તેનાં નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે. તેનો નિષેધ કરે તો તે જૈનદર્શનને સમજ્યો નથી, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૪૫.

**૪૦. ક્રિયાશક્તિ** :– કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ તે–મયી ક્રિયા શક્તિ આત્મામાં છે. ૩૯ મી શક્તિમાં ભેદરૂપ કારકો અનુસાર થતી વિકારી ક્રિયાથી રહિતપણું બતાવ્યું ને આ શક્તિમાં અભેદરૂપ શુદ્ધ કારકો અનુસાર થતી નિર્મળ ક્રિયાથી સહિતપણું બતાવે છે. પોતાના સ્વભાવને જ અનુસરીને નિર્મળ ભાવરૂપે થાય એવી ક્રિયાશક્તિ આત્મામાં છે પણ આત્મા પરની ક્રિયા કરે કે પરને અનુસરીને ક્રિયા કરે એવી તેની ક્રિયા શક્તિ નથી. પોતાના સ્વભાવનું અવલંબન રાખીને એક અવસ્થામાંથી બીજી નિર્મળ અવસ્થારૂપે પરિણમે એવી ક્રિયાશક્તિવાળો આત્મા છે પણ આત્મા પલટીને પરભાવરુપ થઈ જાય એવી તેની શક્તિ નથી.

**૪૧. કર્મ શક્તિ** :– પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે–મયી–કર્મશક્તિ છે. પ્રાપ્ત કરાતો એવો સિદ્ધરૂપ ભાવ એટલે નક્કી થયેલો ભાવ, સાબિત થયેલો ભાવ, પ્રગટેલો ભાવ તે આત્માનું કર્મ છે, ને તે કર્મ રૂપે આત્મા પોતે થાય છે; એવી તેની કર્મશકિત છે.

**૪૨. કર્તૃત્વ શક્તિ** :– થવાપણા રૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ તેના ભાવકપણામયી કર્તૃત્વશકિત છે. આત્મામાં એક એવી કર્તૃત્વ શકિત છે એટલે પોતાના નિર્મળભાવનો કર્તા પોતે જ થાય છે. પહેલાં ૨૧ મી અકર્તૃત્વ શકિતમાં એમ બતાવ્યું હતું કે જ્ઞાતાસ્વભાવથી જુદા જે સમસ્ત વિકારી પરિણામો તેના કર્તાપણાથી નિવૃત્ત સ્વરૂપ આત્મા છે અને હવે, જ્ઞાતાસ્વભાવ સાથે એકમેક જે અવિકારી પરિણામો તેનો કર્તા આત્મા છે– એમ આ કર્તૃત્વશકિત બતાવે છે. આ રીતે આ ભગવાન આત્મા વિકારનો અકર્તા ને શુદ્ધતાનો કર્તા સ્વભાવવાળો અનેકાન્ત મૂર્તિ છે.

❀

(૯૫) ક્રોધાદિ થવા કાળે, કોઈ પણ જીવ પોતાની હયાતી વિના 'આ ક્રોધાદિ છે' એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ તે ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ 'જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન' એમ મુખ્યપણે જણાવા છતાં 'જ્ઞાન તે હું' એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા 'રાગાદિ તે હું' એમ, રાગમાં એકતાબુદ્ધિથી, જાણે છે—માને છે; તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૪૭.

❀

(૯૬) આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે; લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે; જૈન શાસનનો એ સ્તંભ છે; સાધકની એ કામધેનુ છે; કલ્પવૃક્ષ છે; ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. એની દરેક ગાથા છટ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. ૪૧.

૪૩. કરણ શક્તિ :– ભવતા ભાવના ભવનના સાધકતમપણામયી કરણશકિત છે. આ શકિતથી આત્મા પોતે જ પોતાના ભાવનું સાધન થાય છે. "ભવતો ભાવ" એટલે વર્તમાન વર્તતો ભાવ, તે કાર્ય છે. તે કાર્ય થવાનું ઉત્કૃષ્ટ સાધન આત્મા પોતે જ છે. સાધક આત્મામાં જે સમ્યગ્દર્શનાદિ નિર્મળ કાર્ય થાય છે તેનો સાધકતમ આત્મા પોતેજ છે. અહીં આત્માને 'સાધકતમ' કહ્યો તેથી એમ ન સમજવું કે સાધક અને સાધકતર કોઇ બીજું હશે. અહીં સાધકતમ એ અનન્યપણું બતાવે છે. એટલે કે નિર્મળભાવનું સાધન એક આત્મા પોતેજ છે, તેનાથી ભિન્ન બીજુ કોઇ સાધન છે જ નહિ.

૪૪. સંપ્રદાન શકિત :– પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામય સંપ્રદાન શકિત આત્મામાં છે આત્માનો એવો સ્વભાવ છે કે પોતાના ભાવને પોતેજ ઝીલે છે, દ્રવ્ય સ્વભાવથી અપાતા કેવળજ્ઞાનાદિ નિર્મળભાવને ઝીલીને પોતામાં જ રાખવાની આત્મામાં શકિત છે. આત્મા પોતાની નિર્મળ પર્યાય પ્રગટ કરીને કોઇ બીજાને નથી આપતો, પણ પોતામાં જ રાખે છે, પોતે પોતાને જ નિર્મળપર્યાયનું દાન આપે છે, એવી આત્માની સંપ્રદાન શકિત છે.

૪૫. અપાદાન શકિત :– ઉત્પાદ – વ્યયથી આલિંગિત ભાવનો અપાય (–નાશ) થવાથી હાનિ નહિ પામતાં એવા ધ્રુવપણામયી અપાદાન શકિત છે. ઉત્પાદ વ્યયરૂપ ભાવો ક્ષણિક છે, તેનો નાશ થઇ જાય છે છતાં આત્માનો ધ્રુવ સ્વભાવ કાંઈ નાશ પામતો નથી, તે તો એવો ને એવો ટકી રહે છે, ને તે ધ્રુવ ટકતા ભાવમાંથી જ નવું નવું કાર્ય થાય છે આ રીતે ધ્રુવપણે ટકીને નવું નવું કાર્ય કરવાની આત્માની અપાદાન શકિત છે. આવી શકિતના નિર્ણયમાં ધ્રુવસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ નિર્મળ કાર્ય જ થાય છે.

૧૯

**જ્ઞાન અને રાગને લક્ષણભેદે સર્વથા જુદા પાડો તો જ સર્વજ્ઞસ્વભાવી શુદ્ધ જીવ લક્ષમાં આવી શકે. જેમ જે સંપૂર્ણ વીતરાગ થાય તે જ સર્વજ્ઞ થઈ શકે, તેમ જે સર્વ પ્રકારના રાગથી જ્ઞાયકની ભિન્નતા સમજે તે જ સર્વજ્ઞસ્વભાવી આત્માને ઓળખી—અનુભવી શકે. એવી સાનુભવ ઓળખાણ કરનાર જીવો વિરલા જ છે. જેમ પાપભાવો શુદ્ધાત્માની સ્વાનુભૂતિથી બહાર છે, તેમ પુણ્યભાવો પણ બહાર જ રહે છે, સ્વાનુભૂતિમાં નથી પ્રવેશતા; અને તેથી જ તેમને 'અભૂતાર્થ' કહ્યા છે. પુણ્ય-પાપ રહિત નિજ શુદ્ધ આત્માની—ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવની—અંતરમાં દૃષ્ટિ થતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, અને તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. ૫૬.**

૪૬. **અધિકરણ શક્તિ** :– ભાવ્યમાન ભાવના આધારપણામયી એવી અધિકરણ શકિત આત્મામાં છે. તેથી આત્મા પોતે જ પોતાના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચરિત્રરૂપ ધર્મનો આધાર છે. બીજો કોઇ આધાર નથી. આત્મામાં એવી અધિકરણ શકિત છે કે પોતે જ પોતાના ધર્મનો આધાર થાય છે, બીજા કોઇ ભિન્ન આધારની તેને જરૂર પડતી નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ તે ધર્મ છે; અને તે ભાવનું ભવન (–પરિણમન) આત્માના આધારે થાય છે, કોઈ બીજા આધારે થતું નથી, તેથી આત્માજ તેનું અધિકરણ છે.

૪૭. **સંબંધ શક્તિ** :– સ્વભાવમાત્ર સ્વ–સ્વામિત્વમયી સંબંધ શકિત આત્મામાં છે. સમ્યગ્દર્શન–જ્ઞાન આનંદરૂપ જે પોતાનો ભાવ છે તે જ આત્માનું સ્વધન છે, ને તેનો જ આત્મા સ્વામી છે. એ સિવાય બીજુ કાંઇ આત્માનું સ્વનથી ને આત્મા તેનો સ્વામી નથી.

(૯૮)

સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસમૃદ્ધિથી ભરપૂર જે નિજ જ્ઞાયક તત્ત્વ છે તેને અધૂરા, વિકારી ને પૂરા પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવું તે દ્રવ્યદૃષ્ટિ છે, તે જ યથાર્થ દૃષ્ટિ છે. શ્રુતજ્ઞાનના બળ વડે પ્રથમ જ્ઞાનસ્વભાવ આત્માનો બરાબર નિર્ણય કરીને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વ્યાપારને આત્મસન્મુખ કર્યો તે વ્યવહાર છે,—પ્રયત્ન કરવો તે વ્યવહાર છે. ઇન્દ્રિયો ને મન તરફ રોકાતું તથા ઓછા ઉઘાડવાળું જે જ્ઞાન તેના વ્યાપારને સ્વ તરફ વાળવો તે વ્યવહાર છે. સહજ શુદ્ધપારિણામિકભાવ તો પરિપૂર્ણ એકરૂપ છે; પર્યાયમાં અધૂરાશ છે, વિકાર છે, માટે પ્રયાસ કરવાનું રહે છે. પર્યાયદૃષ્ટિએ સાધ્યસાધકના ભેદ પડે છે. પર્યાયદૃષ્ટિએ વિકાર ને અધૂરાશ છે; તેને તત્ત્વદૃષ્ટિના જોરપૂર્વક ટાળીને સાધક જીવ અનુક્રમે પૂર્ણ

(૫૮)

## શ્રી પ્રવચનસારના ૪૭ નયો સંક્ષિપ્ત અર્થ સાથે

### ૪૭ નયોનો સંક્ષેપ સ્વાધ્યાય

શ્રી પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૭ નયો દ્વારા "આત્મા કોણ છે અને કઇ રીતે પ્રાપ્ત કરાય છે?" એ સંબંધી પરમપૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનો "નય-પ્રજ્ઞાપન" નામના પુસ્તકમાં પ્રકાશીત થયા છે તેમાંથી ૪૭ નયોનો સંક્ષેપ સ્વાધ્યાય અહીં આપવામાં આવ્યો છે.

શિષ્ય પાત્ર થઇને પૂછે છે કે હે નાથ! મારો આત્મા કોણ છે તે જાણ્યા વિના હું અનાદિથી સંસારમાં રખડયો છું, તેથી આત્માનું સ્વરૂપ શું છે? અને તેની પ્રાપ્તિ કઈ રીતે થાય? તે મને સમજાવો, કે જે સમજીને હું આત્માની પ્રાપ્તિ કરીને પરમાત્મા થઇ જાઉં ને મારે ફરીને અવતાર ન રહે.

આત્મા કેવો છે? —કે આત્મા ખરેખર ચૈતન્ય સામાન્યથી વ્યાપ્ત અનંતધર્મોવાળું એકદ્રવ્ય છે.

તે આત્મા કઇ રીતે જણાય છે? —તો કહ્યું કે આત્માના અનંત ધર્મોને જાણનારા જે અનંત નયો, તેમાં વ્યાપ્ત શ્રુતજ્ઞાન પ્રમાણ વડે સ્વાનુભવથી આત્મદ્રવ્ય જણાય છે.

આત્મમાં જ્ઞાન, દર્શન, અસ્તિ, નાસ્તિ, નિત્ય, અનિત્ય, પુરુષાર્થ, નિયત વગેરે અનંત સ્વભાવો રહેલા છે તે બધાય તેના ધર્મો છે, પોતાના તે ધર્મોથી ધર્મી એવો આત્મા ઓળખાય છે. અહીં ધર્મ એટલે

નિર્મળતા પ્રગટ કરે છે. યથાર્થ દૃષ્ટિ થયા પછી સાધક-અવસ્થા વચ્ચે આવ્યા વિના રહેતી નથી. આત્માનું ભાન કરીને સ્વભાવમાં એકાગ્ર થાય છે ત્યારે જ પરમાત્મારૂપ સમયસારને અનુભવે છે, આત્માના અપૂર્વ ને અનુપમ આનંદને અનુભવે છે, આનંદનાં ઝરણાં ઝરે છે. ૫૦.

(૫૯) અંતરના ભાવમાંથી—ઊંડાણમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. આત્મા અંદર શુદ્ધચૈતન્ય છે. અંદરની રુચિથી એની ભાવના ઊઠે અને વસ્તુના લક્ષ સહિત વાંચન-વિચાર કરે તો માર્ગ મળે. શ્રી મોક્ષમાર્ગ-પ્રકાશકમાં આવે છે કે, વાંચન સાચું હોય છતાં જે માન ને પૂજા માટે વાંચે છે તેનું જ્ઞાન ખોટું છે. તેનો હેતુ જગતને રાજી રાખવાનો ને પોતાની વિશેષતા—મોટપ પોષવાનો હોય તો તેનું બધું વાંચવું-વિચારવું અજ્ઞાન છે. ૪૪.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તેનું વર્ણન નથી પણ વસ્તુ અનંતધર્મસ્વરૂપ છે તેનું આ વર્ણન છે. આવા અનંતધર્મોવાળા આત્માને જાણીને તેની રુચિ અને તેમાં એકાગ્રતા કરતાં જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે છે તે મોક્ષમાર્ગ રૂપ ધર્મ છે.

આત્મદ્રવ્યમાં અનંત ધર્મો છે, ને તે અનંત ધર્મોને જાણનારા અનંત નયો છે; તે અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક અનુભવથી આત્મા જણાય છે. આખું શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે અને તેનું એક પડખું તે નય છે; પ્રમાણ આખી વસ્તુને જાણે છે ને નય એકેક ધર્મને જાણે છે. અહીં તો, જે નય જે ધર્મને જાણે છે તે નય તે ધર્મમાં વ્યાપી જાય છે– એમ કહીને આચાર્ય દેવ નયને અને નયના વિષયને અભેદ બતાવે છે. જે ધર્મની સન્મુખ થઈને તેને જે નય જાણે છે તે ધર્મની સાથે તે નય અભેદ થઇ જાય છે એટલે પોતામાં નય અને નયનો વિષય એક થઇ જાય છે.

આત્માના કોઈ પણ ધર્મને કબૂલનાર આત્મદ્રવ્ય સામે જોઈને જ તે ધર્મને સ્વીકારે છે–, નહિં કે પર સામે; કેમ કે આત્માના અનંત ધર્મોમાંથી કોઈ પણ ધર્મ પરના આધારે નથી પણ અનંત ધર્મના પિંડરૂપ આત્મદ્રવ્યના આધારેજ દરેક ધર્મ રહેલ છે. એટલે આખો ધર્મી દૃષ્ટિમાં આવ્યા વગર તેના એકેક ધર્મની કબૂલાત યથાર્થ હોય નહિ. નયથી એકેક ધર્મને મુખ્ય કરીને જોનાર ગૌણપણે અનંત ધર્મવાળી આખી વસ્તુને પણ સ્વીકારે છે, કેમકે ધર્મ તો વસ્તુનો છે. એક ધર્મ કોઈ વસ્તુથી જુદો પડીને નયનો વિષય થતો નથી, માટે કોઈ પણ નયથી એક ધર્મને મુખ્ય કરીને જોનારની દૃષ્ટિ પણ એકલા ધર્મ ઉપર હોતી નથી. ધર્મ તો ધર્મી એવી અખંડ વસ્તુના આધારે રહેલો છે; માટે તેના ઉપર જ દૃષ્ટિ રાખીને એકેક ધર્મનું સાચું જ્ઞાન થાય છે. બધાય નયોના વર્ણનમાં આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

૦૨

(૨૦) હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી—એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે; અને વિકલ્પનો એક અંશ પણ મને આશ્રયરૂપ છે—એવો પરાશ્રયભાવ રહે તે બંધનું કારણ છે. ૩.

❀

(૨૧) દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ. ૪.

❀

(૨૨) સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે. શરીરનાં ચામડાં ઊતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહારચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે. સમકિત સહેલું નથી, લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી

૧. દ્રવ્યનય :– અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય દ્રવ્યનયે પટમાત્રની માફક ચિન્માત્ર છે. જેમ વસ્ત્રમાં કેટલા તાણા, કેટલું લાંબુ–પહોળું કે કેવો રંગ– એવા કોઇ ભેદને લક્ષમાં ન લેતાં એકરૂપ સામાન્ય વસ્ત્ર તરીકે જોતાં 'આ વસ્ત્ર છે' એમ જણાય છે, તેમ અનંત ધર્મોવાળા આત્માને દ્રવ્યનયથી જોતાં સિદ્ધ કે સંસારી, સાધક કે બાધક એવા કોઇ પર્યાયભેદો કે દર્શન–જ્ઞાનચારિત્ર એવા ગુણભેદો ગૌણ કરીને એકરૂપ સામાન્ય ચૈતન્યરૂપે આત્મા જણાય છે.

૨. પર્યાયનય :– અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય છે તે પર્યાયનયે, તંતુમાત્રની માફક દર્શનજ્ઞાનાદિમાત્ર છે; જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ આત્મા પર્યાયનયે દર્શન–જ્ઞાન–ચારિત્રાદિમાત્ર છે. પર્યાયનય તે શ્રુતજ્ઞાનનો પ્રકાર છે તે પર્યાયનયથી જોતાં આત્મદ્રવ્ય દર્શન–જ્ઞાન–ચારિત્રાદિમાત્ર જણાય છે. દ્રવ્યનયથી અભેદ એકરૂપ ચૈતન્યસ્વભાવમાત્ર જણાય છે ને પર્યાયનયથી તે આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરે ગુણ–પર્યાયના ભેદવાળો પણ જણાય છે, એવો આત્માનો સ્વભાવ છે.

૩. અસ્તિત્વનય :– આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું છે; લોહમય, દોરીને કામઠીના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. અનંત ધર્મના પિંડરૂપ આખું આત્મદ્રવ્ય તો પ્રમાણનો વિષય છે, અને તેનેજ આસ્તિત્વનયે જોતાં તે આસ્તિત્વવાળું છે. સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવથી આત્મા અસ્તિત્વવાળો છે, એમ અસ્તિત્વનય સ્વથી અસ્તિને જ લક્ષમાં લ્યે છે.

૪. નાસ્તિત્વનય :– આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વવાળું છે; અલોહમય, દોરીને કામઠીના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બંને ધર્મો એકજ વસ્તુમાં એક સાથે રહેલાં છે;

આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે...સમકિત એ કોઈ જુદી જ વસ્તુ છે. સમકિત વિનાની ક્રિયાઓ એકડા વિનાનાં મીંડાં છે. સમકિતનું સ્વરૂપ ઘણું જ સૂક્ષ્મ છે....હીરાની કિંમત હજારો રૂપિયા હોય છે, તેના પાસા પડતાં ખરેલી રજની કિંમત પણ સેંકડો રૂપિયા હોય છે; તેમ સમકિત-હીરાની કિંમત તો અમૂલ્ય છે, તે મળ્યો તો તો કલ્યાણ થઈ જશે પણ તે ન મળ્યો તોપણ 'સમકિત એ કાંઈક જુદી જ વસ્તુ છે'–એમ તેનું માહાત્મ્ય સમજાઈ તે મેળવવાની તાલાવેલીરૂપ રજો પણ ઘણો લાભ આપે છે.

જાણપણું તે જ્ઞાન નથી. સમકિત સહિત જાણપણું તે જ જ્ઞાન છે. અગિયાર અંગ કંઠાગ્રે હોય પણ સમકિત ન હોય તો તે અજ્ઞાન છે. ૬૨.

તેથી અસ્તિત્વધર્મના વર્ણનમાં જે તીરનું દૃષ્ટાંત હતું તે જ તીર નાસ્તિત્વધર્મના દૃષ્ટાંતમાં લીધું છે. એટલે અસ્તિત્વધર્મ જુદી વસ્તુનો, ને નાસ્તત્વધર્મ જુદી વસ્તુનો એમ નથી પણ એકજ વસ્તુના તે બંને ધર્મો છે.

૫. અસ્તિત્વ–નાસ્તિત્વનય :– આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપર, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવથી અસ્તિત્વ–નાસ્તિત્વવાળું છે. આત્મા સ્વચતુષ્ટયથી અસ્તિરૂપ છે અને પરચતુષ્ટયથી નાસ્તિરૂપ છે; સ્વથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ એવા 'અસ્તિત્વ–નાસ્તિત્વ' ધર્મને જે જાણે તેનું નામ 'અસ્તિત્વ–નાસ્તિત્વનય' છે,

૬. અવકતવ્યનય :– આત્મદ્રવ્ય અવકતવ્યનયે યુગપદ્ સ્વ–પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવથી અવકતવ્ય છે. સ્વચતુષ્ટયથી અસ્તિત્વ અને પરચતુષ્ટયથી નાસ્તિત્વ, એવા બંને ધર્મો આત્મામાં એક સાથે છે, પણ વાણી દ્વારા તે બંને ધર્મો યુગપદ કહી શકાતા નથી. 'સ્વથી અસ્તિ છે' એમ કહેતાં તે જ વખતે બીજા નાસ્તિધર્મનું કથન બાકી રહી જાય છે અને 'પરથી નાસ્તિ છે' એમ કહેતાં તે જ વખતે બીજા અસ્તિધર્મનું કથન બાકી રહી જાય છે, એ રીતે વાણી દ્વારા બંને ધર્મો એક સાથે કહી શકાતા નથી માટે આત્મા અવકતવ્ય છે, સર્વથા અવકતવ્ય નથી પણ બંને ધર્મો યુગપદ કહી શકાતા નથી જે અપેક્ષાએ અવકતવ્ય છે, ક્રમે તો કહી શકાય છે, તે અપેક્ષાએ વકતવ્ય છે.

૭. અસ્તિત્વ–અવકતવ્યનય :– જે અનંતધર્મોવાળું આત્મદ્રવ્ય છે તે અસ્તિત્વ અવકતવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું–અવકતવ્ય છે. આ અસ્તિત્વ નાસ્તિત્વ આદિ સાતે પ્રકારના ધર્મો વસ્તુના સ્વભાવમાં છે, અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બે જ ધર્મો વસ્તુમાં છે ને બીજા પાંચ ધર્મો નથી– એમ નથી જો વસ્તુમાં સાતે ધર્મો ન હોય તો તેનું કથન પણ ન હોય, કેમ કે વાચક છે તે વાચ્યને બતાવે છે.



૨૩

શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકપ્રભુની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ તે સાધકદશા છે. તેનાથી પૂર્ણ સાધ્યદશા પ્રગટ થશે. સાધકદશા છે તો નિર્મળ જ્ઞાનધારા, પરંતુ તે પણ આત્માનો મૂળ સ્વભાવ નથી; કેમ કે તે સાધનામય અપૂર્ણ પર્યાય છે. પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ—સચ્ચિદાનંદ પ્રભુ—આત્મા છો ને. પર્યાયમાં રાગાદિ ભલે હો, પણ વસ્તુ મૂળસ્વરૂપે એવી છે નહિ. તે નિજ પૂર્ણાનંદ પ્રભુની સાધના—પરમાનંદસ્વરૂપમાં એકાગ્રતારૂપ સાધકદશાની સાધના—એવી કર કે જેનાથી તારું સાધ્ય—મોક્ષ—પૂર્ણ થઈ જાય. ૩૦.

**૮. નાસ્તિત્વ–અવકતવ્યનય :–** આત્મદ્રવ્ય નાસ્તિત્વ–અવકતવ્યનયે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળભાવથી નાસ્તિત્વવાળું–અવકતવ્ય છે. અસ્તિત્વ–અવકતવ્યની માફક આ ધર્મ પણ સમજી લેવો. જેમ અસ્તિત્વધર્મનું કથન કરતાં નાસ્તિત્વ વગેરેનું કથન બાકી રહી જતું હતું માટે અસ્તિત્વ–અવકતવ્ય ધર્મ કહ્યો, તેમ અહીં "આત્મા પરપણે નથી" એમ નાસ્તિત્વધર્મ કહેતાં 'આત્મા સ્વપણે છે' એવું અસ્તિત્વનું કથન બાકી રહી જાય છે, નાસ્તિત્વ કહી શકાય છે પણ બંને સાથે કહી શકાતા નથી. માટે આત્મા 'નાસ્તિત્વ–અવકતવ્ય' ધર્મવાળો છે.

**૯. અસ્તિત્વ–નાસ્તિત્વ અવકતવ્યનય :–** આત્મામાં સ્વપણે અસ્તિત્વ છે, પરપણે નાસ્તિત્વ છે, એ બંને ધર્મો, એક પછી એક કહી શકાય છે પણ એક સાથે કહી શકાતા નથી; એ રીતે આત્મા 'અસ્તિત્વ–નાસ્તિત્વ–અવકતવ્ય' નામના ધર્મવાળો છે. આ ધર્મમાં ત્રણ શબ્દો આવ્યા તેથી તેના વાચ્યરૂપ ત્રણ જુદા ધર્મો ન સમજવા, પણ ત્રણેના વાચ્યરૂપ એક ધર્મ છે એમ સમજવું.

**૧૦. વિકલ્પનય :–** આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે. અહીં વિકલ્પનો અર્થ ભેદ છે. વસ્તુમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ઇત્યાદિ જે ભેદ છે તેને વિકલ્પ કહેવાય છે. વિકલ્પ એટલે રાગ નહિ પણ વિકલ્પ એટલે ભેદ. એક આત્માજ એક સમયમાં ભેદવાળો છે. વિકલ્પનયથી જોતાં આત્મા અનંત ગુણ–પર્યાયોના ભેદપણે ભાસે છે, એવો તેનો ધર્મ છે.

**૧૧. અવિકલ્પનય :–** આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક અવિકલ્પ છે. જેમ એક પુરુષ–બાલ–યુવાન–વૃદ્ધ એવા વિનાનો એક પુરુષમાત્રજ છે, તેમ અભેદનયથી આત્મા અભેદ છે. અનંતગુણો હોવા છતાં આત્મા કાંઈ અનંત થઈ જતાં નથી, આત્મા તો એકજ છે. ગુણ–પર્યાયના ભેદ હોવા છતાં દ્રવ્યપણે તો આત્મા એક અભેદ છે. અભેદનયથી આત્માને જુઓ તો તેમાં ભેદ નથી, આવો આત્માનો અભેદ ધર્મ છે.

❀

(૨૪) **જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધ પર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે. જે જીવ ક્રમબદ્ધ પર્યાયને યથાર્થરૂપે સમજે છે તેને સ્વછંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઉછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે. ૭૭.**

**૧૨. નામનય :–** આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ નામનયે આત્મા શબ્દબ્રહ્મથી કહેવાય છે. જેમ 'સાકર' એવા નામ વડે સાકર પદાર્થ કહેવાય છે તેમ 'આત્મા' એવા નામ વડે આત્મપદાર્થ કહેવાય છે. શબ્દનો આત્મામાં અભાવ છે પણ શબ્દબ્રહ્મ વડે કહી શકાય –વાચ્ય થાય એવો નામનયથી આત્માનો સ્વભાવ છે.

**૧૩. સ્થાપનાનય :–** આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે. મૂર્તિ ચિત્ર વગેરે પુદ્‌ગલમાં આત્માની સ્થાપના કરીને આત્મા જણાય તેવો આત્માનો ધર્મ છે. આત્મા પુદ્‌ગલને અવલંબનારો છે એમ અહીં કહ્યું છે તેનો અર્થ એવો છે કે પુદ્‌ગલ સાથે આત્માને એવા પ્રકારનો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે કે પુદ્‌ગલમાં તેની સ્થાપના કરી શકાય છે પુદ્‌ગલ મૂર્તિક હોવા છતાં, તેમાં સ્થાપના દ્વારા અમૂર્તિક આત્માનું લક્ષ થાય છે એવો આત્માનો એક ધર્મ છે.

**૧૪. દ્રવ્યનય :–** આત્મદ્રવ્ય અનંત ધર્મસ્વરૂપ છે; તેને દ્રવ્યનયથી જોતાં, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક અનાગત અને અતીત પર્યાયે તે પ્રતિ ભાસે છે. આત્મા વર્તમાન પર્યાયપણે જ જણાય છે ને ભૂત–ભાવી પર્યાયપણે અત્યારે ન જણાય–એમ નથી; દ્રવ્ય પોતાની ભૂત–ભવિષ્યની પર્યાયપણે પણ વર્તમાનમાં જણાય છે એવો તેનો ધર્મ છે અને જ્ઞાનનો પણ ત્રણ કાળને જાણી લેવાનો સ્વભાવ છે.

**૧૫. ભાવનય :–** આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે છે– પ્રકાશે છે– પ્રતિભાસે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે જણાય છે. ત્રિકાળી દ્રવ્ય ઉલ્લસીને વર્તમાન પર્યાયપણે પ્રતિભાસે છે એવો તેનો ધર્મ છે. આત્મા સમ્યગ્દૃષ્ટિ છે, આત્મા મુનિ છે, આત્મા કેવળજ્ઞાન છે એમ વર્તમાન પર્યાયપણે દ્રવ્યને જોવું તે ભાવનય છે.

૧૦૬

(૨૫) અનંત જ્ઞાનીઓનો એક જ આશય હોય છે. સર્વજ્ઞ વીતરાગ ભગવંતોએ કહેલો જે આત્માને પહોંચી વળવાનો માર્ગ—મોક્ષમાર્ગ તે ત્રણે કાળે એક જ છે. જેને તે પામવાની રુચિ છે, સદ્‌ગુરુના સમાગમની ઝંખના છે, તેને તે મળ્યા વિના રહે નહિ. કદાપિ સદ્‌ગુરુનો યોગ ન બન્યો તો અંતરથી, પૂર્વના સંસ્કારથી જાતે આત્મજ્ઞાન થાય, અથવા તો પ્રત્યક્ષ ગુરુનો યોગ મળે અને અંતરમાં એ જ પૂર્ણ પરમાર્થની ખટક હોય તેને આવો માર્ગ મળે જ. ૯૮.

❀

(૨૬) પરમપારિણામિક ભાવ છું, કારણપરમાત્મા છું, કારણજીવ છું, શુદ્ધોપયોગોઽહં, નિર્વિકલ્પોઽહં. ૧૧૦.

❀

૧૬. **સામાન્યનય :–** આત્મદ્રવ્ય સામાન્યનયે, હારમાળા કંઠીના દોરાની માફક વ્યાપક છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે. ભાવનયથી આત્મા વર્તમાન પર્યાયપણે પ્રતિભાસે છે એટલે કે વર્તમાન એક પર્યાયમાં વ્યાપેલો પ્રતિભાસે છે એમ કહ્યું અને અહીં કહે છે કે સામાન્યનય આત્મા બધી પર્યાયોમાં વ્યાપક એક દ્રવ્યપણે દેખાય છે.

૧૭. **વિશેષનય :–** આત્મદ્રવ્ય વિશેષનયે, માળાના એક મોતીની માફક અવ્યાપક છે, જેમ માળાનું એક મોતી આખી માળામાં વ્યાપતું નથી તેથી તે અવ્યાપક છે, તેમ આત્માની એક પર્યાય સમસ્ત પર્યાયોમાં વ્યાપતી નથી તેથી વિશેષનયે આત્મા અવ્યાપક છે. દ્રવ્ય અપેક્ષાએ આત્મા સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે. એવા વ્યાપકસ્વભાવને સામાન્યનય જાણે છે; અને આત્માની એકેક પર્યાય બધી પર્યાયોમાં વ્યાપતી નથી એટલે પર્યાય અપેક્ષાએ અવ્યાપક સ્વભાવ છે એમ વિશેષનય જાણે છે.

૧૮. **નિત્યનય :–** આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે; જેમ રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તો તેજ છે, તેમ પર્યાયો ક્ષણે ક્ષણે પલટતી હોવા છતાં દ્રવ્યપણે આત્મા નિત્ય ટકનારો છે, આવો આત્માનો ધર્મ છે તેને નિત્યનય કહે છે. મનુષ્ય, સ્વર્ગ, નરક વગેરેના અનંત અવતાર થયા છતાં આત્મા તેનો તેજ અવસ્થિત છે, અવતાર બદલતાં આત્મા બદલી જતો નથી, આવો તેનો નિત્ય ધર્મ છે.

૧૯. **અનિત્યનય :–** આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ–રાવણની માફક, અનવસ્થાયી છે; જેમ નટે ધારણ કરેલા રામ–રાવણ વગેરે સ્વાંગો ક્ષણિક છે તેમ અનિત્યધર્મની અપેક્ષાએ જોતાં આત્મા ક્ષણિક છે. અનિત્યનયથી આત્માને અનિત્યધર્મપણે જોતી વખતે પણ ધર્મીને આત્માની નિત્યતાનું ભાન સાથે જ વર્તે છે.



(૨૭) હું જ્ઞાયક છું....જ્ઞાયક છું....જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. અહાહા! પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, અહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદનાથ પ્રભુ એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં–ભરોસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ. ૮૯.

❀

(૨૮) દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દ્રષ્ટિમાં) છોડ એની બલિહારી છે. આ તો શૂરવીરના ખેલ છે. ૯૮.

દુઃખ અને સુખ બંને દશામાં જો આત્માની સળંગતા ન હોય તો દુઃખ ટાળીને સુખ પ્રગટ્યું તેને ભોગવશે કોણ? અને જો આત્મામાં ક્ષણિકતા ન હોય તો દુઃખનો નાશ થઈને સુખ પ્રગટ કઇ રીતે? માટે આત્મા ધ્રુવપણે નિત્ય ટકનારો હોવા છતાં ઉત્પાદ વ્યયપણે ક્ષણિક પણ છે. દ્રવ્યરૂપે સળંગ ટકીને ક્ષણે ક્ષણે નવી નવી પર્યાયપણે ઉપજે છે, ને જૂની પર્યાયથી નાશ પામે છે.

૨૦. **સર્વગતનય** :– સર્વગતનયથી જોતા આત્મા ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી છે. જેમ ખુલ્લી આંખ બધા પદાર્થોમાં પહોંચી વળે છે તેમ આત્માનું જ્ઞાન સર્વ પદાર્થોમાં પહોંચી વળે છે તેથી આત્મા સર્વમાં વ્યાપક છે. ખરેખર આત્મા પોતાનું સ્વક્ષેત્ર છોડીને કાંઇ પરદ્રવ્યમાં પેસી જતો નથી; પણ તેના જ્ઞાન સામર્થ્ય વડે તે સર્વે પદાર્થોને જાણી લ્યે છે. તે અપેક્ષાએ તેને સર્વવ્યાપક કહ્યો છે.

૨૧. **અસર્વગતનય** :– 'સર્વવર્તી' ધર્મની સાથે આત્મામાં એક 'આત્મવર્તી' ધર્મપણ છે; અસર્વગતનયથી જોતા આત્મા સર્વવર્તી નથી પણ આત્મવર્તી છે. જેમ મીંચેલી આંખ પોતાનામાં જ રહેલી છે તેમ અસર્વગતનયે આત્મા પોતામાં જ રહેલો છે, તેથી તે આત્મવર્તી છે. અહીં આત્માને 'અસર્વગતનય'થી 'આત્મવર્તી' કહ્યો તેનો અર્થ 'અલ્પજ્ઞતા' નથી. મીંચેલી આંખનું દૃષ્ટાંત અલ્પજ્ઞતા બતાવવા માટે નથી આપ્યું પણ 'આત્મવર્તીપણું' બતાવવા માટે આપ્યું છે.

૨૨. **શૂન્યનય** :– આત્મદ્રવ્ય શૂન્યનયે શૂન્ય (ખાલી) ઘરની માફક એકલું (અમિલિત) ભાસે છે. જેમ ખાલી ઘરમાં બીજું કોઇ ન હોય તેમ શૂન્યનયથી જોતા આત્મા પરથી તદ્દન ખાલી એકલો છે તે કોઈ સાથે મળેલો નથી. આત્મામાં પરનો બિલકુલ અભાવ છે એટલે પરથી આત્મા તદ્દન ખાલી એકાકી છે જેમ ઘર ખાલી પડ્યું હોય તેમ આત્માનું ચૈતન્ય ઘર પરથી તદ્દન ખાલી છે. ચૈતન્ય ઘરમાં કોઇનો પ્રવેશ નથી.



(૨૫) અહાહા! આખી દુનિયા ભુલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે! ત્રણ લોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે! રાગને તું ભૂલી જા! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે, પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયનાં મૂલ્ય શાં? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી? અહાહા! એક વાર તો મડદાં ઊભાં થઈ જાય એવી વાત છે, એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. ૯૯.

❀

ખરેખર ત્રિકાળી ચૈતન્ય ઘરમાં વિકલ્પનો પણ પ્રવેશ નથી. શૂન્યનયને જોતાં આત્મા એકલો દેખાય છે. એકલો એટલે બીજાના સબંધ વગરનો. પોતામાં પોતાના અનંતધર્મો તો એકપણે છે પણ પરથી તે બિલકુલ ખાલી હોવાથી એકલો છે.

૨૩. અશૂન્યનય :— આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. આત્માના જ્ઞાનમાં બધાય જ્ઞેયો ભાસે છે. તેથી જાણે કે જ્ઞાનરૂપી વહાણમાં આખો લોકાલોક ભરેલો હોય —એમ આત્મા ભરેલો દેખાય છે. શૂન્યનયથી આત્માને પરપદાર્થોથી ખાલી કહ્યો તેથી કાંઇ તેનો મહિમા ઘટી જતો નથી તે બતાવવા માટે અશૂન્યનયથી કહ્યું કે આત્માના જ્ઞાનમાં જાણે કે લોકાલોક ભરેલા હોય —એવું તેનું અચિંત્ય જ્ઞાનસામર્થ્ય છે

૨૪. જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનય :— આત્મા અનંત ધર્મોવાળું એક દ્રવ્ય છે; જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે જોતાં તે આત્મદ્રવ્ય મોટા ઇંધન સમૂહરૂપે પરિણત અગ્નિની માફક એક છે. આત્મા ચૈતન્યસ્વરૂપ વસ્તુ તેનામાં અનંત ધર્મો છે. ખરેખર આત્મા પોતે પોતામાં છે ને પર પરમાં છે આત્મામાં પર પદાર્થો આવી જતા નથી; પરંતુ આત્માનો જ્ઞાનસ્વભાવ એવો વિશાળ છે કે તેમાં બધાય જ્ઞેયો જણાય છે. જેમ અગ્નિના મોટા ભડકામાં અનેક જાતનાં લાકડા વગેરે બળતાં હોય ત્યાં અગ્નિનો એક મોટો ભડકો જ દેખાય છે તેમ આત્માની જ્ઞાનજ્યોતનું એવું મોટું સામર્થ્ય છે કે બધા જ્ઞેયોને જાણી લ્યે છે, તે અપેક્ષાએ જ્ઞાન જાણે કે બધા જ્ઞેયો સાથે અદ્વૈત હોય. એકલું જ્ઞાન જાણે પોતે અનંતપદાર્થોપણે થતું હોય —એમ બધા જ્ઞેયોને જાણવાનો તેનો સ્વભાવ છે.

(૨૦) સમ્યગ્દર્શન કોઈના કહેવાથી કે આપવાથી મળતું નથી. આત્મા પોતે અનંત ગુણોનો પિંડ—સર્વજ્ઞ ભગવાને જેવો કહ્યો તેવો—છે તેને સર્વજ્ઞના ન્યાય અનુસાર સત્સમાગમ વડે બરાબર ઓળખે અને અંદર અખંડ ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો અભેદ નિશ્ચય કરે તે જ સમ્યગ્દર્શન—આત્મસાક્ષાત્કાર છે. તેમાં કોઈ પરવસ્તુની જરૂર પડતી નથી. આટલાં પુણ્ય કરું, શુભરાગ કરું, તેનાથી ધીમે ધીમે સમ્યગ્દર્શન થશે—એ વાત ખોટી છે.

કોઈ બાહ્ય ક્રિયા કરે, જાપ કરે, હઠયોગ કરે, તો તેનાથી તેને કદી પણ સહજ ચૈતન્યમય શુદ્ધાત્મસ્વભાવ પ્રગટે નહિ, ધર્મ થાય નહિ; ધર્મ તો આત્માનો સહજ સુખદાયક સ્વભાવ છે. ૧૦૨.

૨૫. **જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય :–** આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંયુક્ત દર્પણની માફક, અનેક છે. જેમાં અનેક ચીજોનું પ્રતિબિંબ ઝળકતું હોય એવો અરીસો પોતે અનેકરૂપ થયો છે તેમ જ્ઞાનમાં અનેક પ્રકારના પરજ્ઞેયો ઝળકે છે– જણાય છે, ત્યાં જ્ઞાન પોતાના સ્વભાવથીજ અનેકરૂપ પરિણમ્યું છે, પરજ્ઞેયો કાંઈ જ્ઞાનમાં નથી પેઠા.

૨૬. **નિયતિનય :–** આત્મદ્રવ્ય નિયતિનયે નિયતસ્વભાવે ભાસે છે, જેમ ઉષ્ણતા તે અગ્નિનો નિયતસ્વભાવ છે તેમ નિયતિનયે આત્મા પણ પોતાના નિયતસ્વભાવવાળો ભાસે છે. આત્મા ત્રિકાળ એકરૂપ સ્વભાવને અહીં નિયતસ્વભાવ કહ્યો છે, તે સ્વભાવને જોનાર નિયતનયથી જ્યારે જુઓ ત્યારે આત્મા પોતાના ચૈતન્યસ્વભાવપણે એકરૂપ ભાસે છે.

૨૭. **અનિયતિનય :–** આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયતસ્વભાવે ભાસે છે, જેમ પાણીમાં ઉષ્ણતા નિયમિત નથી પણ અગ્નિના નિમિત્તે કયારેક તેમાં ઉષ્ણતા થાય છે તેમ અનિયતનયથી આત્મા રાગાદિ અનિયસ્વભાવપણે જણાય છે. પાણીનો કાયમી સ્વભાવ ઠંડો છે તે નિયત છે, ને ઉષ્ણતા તેના ઠંડા સ્વભાવથી વિપરીત દશા છે, તે ઉષ્ણતા પાણીમાં કાયમ રહેનાર નથી તેથી અનિયત છે; તેમ આત્માની અવસ્થામાં રાગાદિ વિકારી ભાવો થાવ છે તે કાયમી રહેનાર નથી પણ ક્ષણિક છે માટે તે અનિયત છે. આવું અનિયતપણું તે પણ આત્માનો એક ધર્મ છે.

૨૮. **સ્વભાવનય :–** આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે; જેમ તીક્ષ્ણ કાંટો સ્વભાવથીજ અણીવાળો છે, તેને કોઇથી અણી કાઢવામાં આવતી નથી, તેમ આત્માનો જે એકરૂપ સ્વભાવ છે તેમાં સંસ્કાર નિરુપયોગી છે. સ્વભાવનયથી જોતાં, આત્માનો જે સ્વભાવ છે તેમાં કોઇના સંસ્કાર પડતા નથી.

(૩૧) એક તરફ વિકારની ધારા અનાદિથી છે ને બીજી તરફ સ્વભાવસામર્થ્યની ધારા પણ અનાદિથી સાથે ને સાથે જ ચાલી રહી છે; વિકારની ધારા વખતે સ્વભાવસામર્થ્યની ધારા કાંઈ તૂટી નથી ગઈ, સ્વભાવસામર્થ્યનો કાંઈ અભાવ નથી થયો. પરિણતિ જ્યાં સ્વભાવસામર્થ્ય તરફ વળી ત્યાં જ વિકારની પરંપરાનો પ્રવાહ તૂટ્યો ને અધ્યાત્મ-પરિણતિની પરંપરા શરૂ થઈ, જે પૂરી થઈને સાદિ-અનંત કાળ રહેશે. ૧૧૧.

❀

(૩૨) એક વાર પરને માટે તો મૃતકવત્ થઈ જવું જોઈએ. પરમાં તારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને તથા રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદ્રષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવની દૃષ્ટિ કર. ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૧૧૨.

૨૯. **અસ્વભાવનય** :— આત્મદ્રવ્યથી અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે જેમ તીરને સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે; તેમ અસ્વભાવનયે આત્માને સંસ્કાર ઉપયોગી છે એટલે કે તેની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે. જુઓ પર્યાયમાં અનાદિનું મિથ્યાત્વ છે માટે તે ફેરવીને હવે સમ્યગ્જ્ઞાન ન થઈ શકે —એમ નથી, પણ સવળી રુચિના સંસ્કાર વડે અનાદિનું મિથ્યાત્વ છે માટે તે ફેરવીને હવે સમ્યગ્જ્ઞાન ન થઈ શકે —એમ નથી પણ સવળી રુચિના સંસ્કાર વડે અનાદિનું અજ્ઞાન ટળીને એક ક્ષણમાં સમ્યગ્જ્ઞાન થઈ શકે છે. અનાદિકાળના ઊંધા ભાવોના સંસ્કાર ટાળીને વર્તમાન પર્યાયમાં સવળાભાવ થઇ શકે છે, એ રીતે આત્મા સંસ્કારને સાર્થક કરનાર છે.

૩૦. **કાળનય** :— આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, —ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. આત્માની મુક્તિ જે સમયે થવાની છે તે સમયે જ થાય —એવો કાળનયથી આત્માનો એક ધર્મ છે. જે કાળે મુક્તિ થાય છે તે કાળે પણ તે પુરુષાર્થપૂર્વકજ થાય છે, પરંતુ પુરુષાર્થથી કથન ન કરતાં 'સ્વકાળથી મુક્તિ થઇ' એમ કાળનયથી કહેવામાં આવે છે. સ્વકાળથી મુક્તિ થઈ માટે પુરુષાર્થ ઉડી જાય છે —એમ નથી. સ્વકાળે મુક્તિ થઈ તેમાં પણ પુરુષાર્થ તો ભેગોજ છે.

૩૧. **અકાળનય** :— આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, —કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક. જેને સ્વભાવદૃષ્ટિ છે તે જીવ અલ્પકાળમાં મુક્તિ પામે છે. કોઇ જીવ ઉગ્ર પ્રયત્ન વડે સ્વભાવમાં એકાગ્ર થઇને અલ્પકાળમાં મુક્તિ પામે ત્યાં એમ કહેવાય છે કે આ જીવ ઉગ્ર પુરુષાર્થથી ઝટ મુક્તિ પામ્યો.

૩૨. **પુરુષકારનય** :— આત્મદ્રવ્ય પુરુષકાર નયે જેની સિદ્ધિ યત્નસાધ્ય એવું છે, —જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે એવા પુરુષકારવાદીની માફક આત્મામાં એક એવો સ્વભાવ છે કે તેની સિદ્ધિ



(૩૩) **પ્રશ્ન :—આત્માનો મહિમા કેવી રીતે આવે?**

**ઉત્તર :—**આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે, અનંત ગુણોનો પિંડ છે. તે પૂર્ણ જ્ઞાયકતત્ત્વ ત્રિકાળ અસ્તિરૂપ છે; તેનું સ્વરૂપ તેમ જ સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી ને કેવા સામર્થ્યવાળી છે તેનું સ્વરૂપ રુચિપૂર્વક ખ્યાલમાં લે, સમજે તો તેનું માહાત્મ્ય આવે, રાગનું ને અલ્પજ્ઞતાનું માહાત્મ્ય છૂટી જાય. ક્ષણે ક્ષણે જે નવી નવી થાય છે એવી એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રણકાળ-ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તો પછી તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું?—એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લે તો આત્માનો મહિમા આવે. ૧૨૭.

(૨૭૫)

યત્નસાધ્ય છે. જેમ કોઇ માણસ લીંબુ વાવે ને તેને લીંબુનું ઝાડ ઉગે, તેમ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઇને તેની રુચિ અને એકાગ્રતાના પ્રયત્ન વડે આત્માની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. —આવું જાણનાર પુરુષકારનય છે. આવા પુરુષકારનય વગર નિયતિનય કે કાળનય હોતા નથી. બધા નયોથી —બધા પડખાંથી દ્રવ્યને જાણીને પ્રતીતમાં લેવું જોઇએ. પુરુષાર્થથીજ આત્માની સિદ્ધિ થાય —એવો ધર્મ આત્મામાં ત્રિકાળ છે —કયો પુરુષાર્થ? નિમિત્ત તરફનો કે રાગ તરફનો પુરુષાર્થ તે કાંઈ મુક્તિનું કારણ નથી પણ આત્મા તરફ વળીને સ્વભાવનો પુરુષાર્થ તે મુક્તિનું કારણ છે.

૩૩ દૈવનય :— આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક. મોટા પુણ્યવંત પુરુષોના મગજમાં તેમજ હાથીના મસ્તકમાં મુક્તાફળ —મોતી પાકે છે, તેમ કોઈ જીવને પુણ્ય પ્રતાપે લીંબુના ઝાડમાંથી પણ મોતી નીકળી પડે, ત્યાં મોતી મેળવવાનો પ્રયત્ન ન હતો ને મળ્યા, તેથી તેને દૈવ કહ્યું. તેમ જે જીવ સ્વભાવ તરફના પ્રયત્નથી મોક્ષમાર્ગને સાધે છે તે જીવને કર્મો સ્વયમેવ ટળતા જાય છે, કર્મને ટાળવા તરફનો તેનો પુરુષાર્થ નથી માટે તેને દૈવ કહ્યું. દૈવનયમાં એમ નથી કે કર્મ માર્ગ આપે ત્યારે મુક્તિ થાયને તેમાં જીવનો પુરુષાર્થ ન ચાલે! જીવ પોતાના સ્વભાવનો પુરુષાર્થ કરે ત્યાં કર્મ એની મેળે ટળી જાય છે; તેમાં જુદો યત્ન કરવો પડતો નથી માટે તેનું નામ દૈવ છે.

૩૪. ઇશ્વરનય :— આત્મદ્રવ્ય ઇશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, —ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક. જેમ બાળક માતાની ગોદમાં હોય ત્યારે તો જ્યારે ધાવવું હોય ત્યારે ધાવે —એમ સ્વતંત્ર છે, પણ માતાની ગોદમાંથી નીકળીને પરદેશમાં ગયો ત્યાં તો ધાવમાતાની દુકાને અમુક વખત જ ધવરાવે, એટલે તેમાં બાળક પરતંત્રપણે ધાવનાર છે તેમ માતા એટલે શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવ, તેની ગોદમાં રહે એટલે કે



(૩૪) જેને જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયોનું જે જ્ઞાન થાય છે તે જ્ઞેયને લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભ ભાવોથી ભિન્ન પડીને જેને ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરનું જે જ્ઞાન થયું તે, પરજ્ઞેય છે માટે પર સંબંધી જ્ઞાન થયું છે—એમ નથી; જ્ઞાનના સ્વપર-પ્રકાશકપણાને લઈને જ્ઞાન થયું છે. તેથી રાગને—જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી, પણ જ્ઞાનકૃત જ્ઞાન છે. ૧૨૮.

(૩૫) વિચાર-મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૧૨૯.

સ્વભાવનો આશ્રય કરીને તેમાં લીન રહે તો તે આત્મા પરતંત્ર થતો નથી પણ પોતાના આનંદને સ્વાધીનપણે ભોગવે છે પણ જ્યાં સ્વભાવની ગોદમાંથી બહાર નીકળીને પરનો આશ્રય કર્યો ત્યાં પરતંત્રપણે રાગાદિને ભોગવે છે માટે ઇશ્વરનયથી આત્મા પરતંત્રતા ભોગવનાર છે. જો સ્વભાવનો આશ્રય કરીને સંપૂર્ણ ઇશ્વરતા પ્રગટી જાય તો પરતંત્રતા રહે નહિ ને ત્યાં ઇશ્વરનય લાગુ પડે નહિ.

૩૫. **અનીશ્વરનય** :— આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, —હરણને સ્વચ્છંદે સ્વતંત્રપણે ફાડી ખાતા સિંહની માફક. વર્તમાન પર્યાય સ્વભાવ તરફ ઢળતાં અંતરની આનંદ શકિતને ચીરીને આત્મા પોતે સ્વતંત્રપણે તે આનંદનો ભોગવનાર છે. જેમ સિંહ સ્વતંત્રતાપૂર્વક હરણને ચીરી ખાય છે તેમ અનંત પરાક્રમનો સ્વામી આત્મા પોતે પોતાની સ્વતંત્રતાથી આનંદનો ભોગવનાર છે; તેના ઉપર બીજો કોઈ ઇશ્વર નથી. એટલે આત્મા કોઇને આધીન નથી. આનંદના સ્વાધીન ભોગવટામાં આત્માને વિઘ્ન કરનાર આ બ્રહ્માંડમાં કોઈ છે જ નહિ. આત્મા એટલે ચૈતન્ય રાજા તે અંતરસ્વરૂપમાં એકાગ્રતા વડે મોહને મારીને સ્વેચ્છાપૂર્વક પોતાના આનંદનો ભોગવનાર છે. આવો તેનો એક ધર્મ છે. આવા ધર્મથી જે પોતાના આત્માને ઓળખે તે ...નો ઓશીયાળો ન થાય. ધર્મી જાણે છે કે આ જગતમાં કોઈ પણ દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં એવી તાકાત નથી કે મારી સ્વતંત્રતાને લૂંટી શકે. હું અનીશ્વર છું એટલે કે મારા ઉપર બીજો કોઈ ઇશ્વર નથી, હું જ મારા ઘરનો મોટો ઇશ્વર છું.

૩૬. **ગુણીનય** :— આત્મદ્રવ્ય ગુણનયે ગુણગ્રાહી છે, —શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક. જેમ શિક્ષક જેવું શીખવે છે તેવું કુમાર શીખી લે છે, તેમ નિમિત્ત તરીકે જ્ઞાની ગુરુ પાસેથી આત્મા બોધ ગ્રહણ કરે છે —એવો તેનો એક ધર્મ છે. જેવો ઉપદેશ શ્રીગુરુ આપે તેવું ગ્રહણ કરી

(૩૬) સ્વપર-પ્રકાશક જ્ઞાનપુંજ—જ્ઞાયક પ્રભુ—તો 'શુદ્ધ' જ છે, પણ રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે 'શુદ્ધ' છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં જેને શુદ્ધતા પ્રગટે છે તેને તે 'શુદ્ધ' છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં જેને પર્યાયમાં શુદ્ધતાનો નમૂનો આવ્યો તેને તે 'શુદ્ધ' છે એમ પ્રતીતિમાં આવે છે; રાગના પ્રેમીને તે 'શુદ્ધ' છે એમ પ્રતીતિમાં આવતો નથી. ૧૨૯.

(૩૭) અહો! આ મનુષ્યપણામાં આવો પરમાત્મસ્વરૂપનો આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, તે એને ખ્યાલમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું....જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૧૧૫.

(૨૨૭)

લેવાની આત્મામાં તાકાત છે. સમ્યગ્દર્શનાદિ ગુણનું ગ્રહણ કરવામાં ગુરુ તો નિમિત્ત છે, પણ તે ગુણને ગ્રહણ કરવાનો નૈમિત્તિક ધર્મ તો આ આત્માનો છે પણ તે ગુણોને ગ્રહણ કરવાની તાકાત કોની છે? તે ધર્મ તો જીવનો છે; માટે ગુણગ્રાહીનયમાં પણ નિમિત્તાધીનપણું નથી, તે નય પણ આત્માના ધર્મને દેખે છે;

૩૭. અગુણીનય :— આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે, —શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે. એવો જે કુમાર તેને જોનાર પુરુષની માફક. અગુણીનયથી આત્માનો એવો સ્વભાવ છે કે બીજા પાસેથી ગુણનું ગ્રહણ ન કરે પણ સાક્ષીપણે જ રહે. ગુણીનયથી ગુણગ્રહણનો વિકલ્પ હોય, પણ તે વિકલ્પ વખતેય આવા સાક્ષી —સ્વભાવનું ધર્મનિ ભાન વર્તે છે, એટલે તેને વિકલ્પની મુખ્યતા નથી પણ સાક્ષીસ્વભાવની જ મુખ્યતા છે, તેની પર્યાયમાં ક્ષણેક્ષણે સાક્ષીપણાનું પરિણમન વધતું જાય છે ને વિકલ્પ તૂટતો જાય છે. સાધકને 'અગુણીનય' સદાય ન હોય, પણ સાક્ષીપણાનું પરિણમન તો સદાય વર્તી જ રહ્યું છે 'નય' તો તે તરફનો ઉપયોગ મૂકે ત્યારેજ હોય.

૩૮. કર્તૃનય :— આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક રાગાદિ પરિણામનું કરનાર છે. જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ કર્તાનયે આત્મા રાગાદિપરિણામનો કર્તા છે. હું અનંતગુણનો પિંડ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ છું, મારા શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં રાગનો અંશ પણ નથી એટલે રાગનું કર્તાપણું મારા સ્વરૂપમાં નથી —આવી અંતર–સ્વભાવની દ્રષ્ટિપૂર્વક, પર્યાયમાં જે અલ્પરાગ થાય છે તેને સાધકજીવ પોતાનું પરિણમન જાણે છે, તેને કર્તૃનય હોય છે, રાગરહિત ચિદાનંદ સ્વભાવની દષ્ટિ છોડીને એકલા રાગનાજ કર્તાપણામાં રોકાય તેને આ કર્તૃનય હોતો નથી. પરનો કર્તા થાય એવો તો કોઇ ધર્મ આત્મામાં ત્રણે કાળમાં નથી, તેમજ પરવસ્તુ જીવને રાગાદિપણે પરિણમાવે એવો ધર્મ પણ આત્મામાં કે પરચીજમાં નથી.



(૩૮)

જ્ઞાયકસ્વભાવ સાથે એકતા કરીને જે જ્ઞાયકભાવરૂપ પરિણમન થયું તે મોક્ષનો માર્ગ છે. માટે, જ્ઞાની કહે છે કે હે વત્સ! તું તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરીને, તારી પરિણતિને તેમાં જ વાળ; તારી પરિણતિને પર તરફથી પાછી વાળીને સ્વ તરફ વાળ; સ્વભાવના મહિમામાં જ તેને એકાગ્ર કર. સમયસારમાં આવે છે ને—

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

યોગસારમાં પણ કહ્યું છે કે—

જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;
શીઘ્ર લહે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન.

—૧૩૫.

(૨૬૪)

જેને હજી પર્યાયમાં રાગ થાય છે એવો સાધકજીવ કર્તૃનયથી એમ જાણે છે કે આ રાગ થાય છે તેનો હું કર્તા છું, બીજું તેનું કર્તા કે કરાવનાર નથી; તેમજ મારા ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમાં આ રાગનું કર્તાપણું નથી —આમ જાણવું તે અનેકાન્ત છે.

સમયસાર પરિશિષ્ટમાં જે ૪૭ શકિતઓનું વર્ણન કર્યું છે તે તો ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મો છે. ત્યાં પણ ૪૨ મી શકિતમાં કર્તૃત્વ શકિતનું વર્ણન કર્યું છે તે કર્તૃત્વશકિત તો બધાં જીવોમાં છે સિદ્ધમાંય તે કર્તૃત્વ છે અને અહીં કર્તૃનયથી જે કર્તાપણાનું વર્ણન કર્યું છે તેમાં તો રાગના કર્તાપણાની વાત છે, તે ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મ નથી પણ એક ક્ષણ પુરતી પર્યાયનો ધર્મ છે તે પર્યાય આત્માની છે તેથી તેને આત્માનો ધર્મ કહેવાય છે.

૩૯, અકર્તૃનય :– આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષીજ છે; જેમ રંગારો પોતાના રંગકામમાં પ્રવૃત્ત હોય તેને બીજો પુરુષ જોતો હોય, ત્યાં તે જોનાર પુરુષ રંગકામ જેવું થાય છે તેને જાણે છે પણ તેનો તે કર્તા નથી; તે તો તેનો સાક્ષીજ છે, તેમ અકર્તૃનયથી આત્મા રાગાદિનો કર્તા નથી પણ સાક્ષીજ છે. અહીં પરની વાત નથી, પરનો તો આત્મા અકર્તા છે જ; ને પોતાની પર્યાયમાં રાગ થાય છે તેનો પણ અકર્તા —સાક્ષી જ છે એવો આત્માનો સ્વભાવ છે. રાગ વખતેય રાગના અકર્તારૂપ સ્વભાવ આત્મામાં રહેલો છે. પૂર્વે રાગના કર્તારૂપ ધર્મ કહ્યો અને અહીં રાગના અકર્તારૂપ ધર્મ કહ્યો, તે બન્ને ધર્મો જુદા જુદા આત્માના નથી; એક આત્મામાં તે બંને ધર્મો એક સાથે વર્તે છે. જે વખતે પર્યાયમાં રાગ છે તેજ વખતે દ્રવ્યસ્વભાવની દષ્ટિથી જુઓ તો જ્ઞાયકસ્વભાવરૂપ આત્મા રાગાદિરૂપે પરિણમ્યોજ નથી. સમયસારમાં એમ કહ્યું કે અજ્ઞાનદશામાં મિથ્યાદષ્ટિ જીવ રાગનો કર્તા થાય છે ને ભેદજ્ઞાન થતાં સમ્યગ્દષ્ટિ જીવ રાગાદિનો અકર્તા છે; —અહીં એ શૈલી નથી. અહીં તો એમ કહે છે કે સમ્યગ્દષ્ટિ જીવ પણ પર્યાયમાં જે રાગ થાય છે તેનો કર્તા અને તેજ વખતે તેનો અકર્તા



∞

(૩૮) સમ્યગ્દષ્ટિ એટલે જેને આત્માના પૂર્ણ સ્વભાવનો અંદરમાં વિશ્વાસ લાવીને આત્માનું સાચું શ્રદ્ધાન–સમ્યગ્દર્શન–થયું હોય તે. હું જ્ઞાન-આનંદ આદિ અનંત શક્તિઓથી ભરપૂર પદાર્થ છું—એમ પહેલાં ભરોસો આવ્યો ત્યારે અંદર આત્માનો અનુભવ થયો. પૂર્ણ સ્વભાવને ગ્રહણ કરવાથી અંદર વિશ્વાસ થાય છે. અનાદિથી જીવનો વિશ્વાસ વર્તમાન પર્યાયમાં છે; પણ એ પર્યાય જ્યાં છે ત્યાં જ પાછળ ઊંડે, એના તળિયે આખી પૂર્ણ વસ્તુ છે; અનંત અનંત અપરિમિત શક્તિઓનો તે સાગર છે. એનો જેને અંદર વિશ્વાસ આવે અને જે અંતર અનુભવમાં જાય તેને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. ૧૭૨.

પણ છે. —એવા બંને ધર્મો એકતામાં એક સાથે છે. જે વખતે કર્તૃનયથી જ્ઞાની પર્યાયના રાગનું કર્તાપણું જાણે છે. તે વખતે પણ તેની દૃષ્ટિમાં આત્માનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આવ્યો છે એટલે રાગનું અકર્તાપણું પણ તેને વર્તે છે. વિકાર તે મારો અંશ છે, અને તે અંશ છે પણ આખો અંશી નથી, આખો અંશી તો અનંત ધર્મોનો ચૈતન્ય પિંડ છે. આમ જાણ્યું તે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રધાનતામાં રાગનો સાક્ષી જ રહે છે, તેને અકર્તૃનય હોય છે.

૪૬. **ભોક્તૃનય** :— આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી—અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. ભોક્તાનયથી આત્મા સુખ—દુઃખને ભોગવે છે, હર્ષ તે સુખ ને શોક તે દુઃખ એમ હર્ષ—શોક સુખ અને દુઃખ બંને વિકાર છે. જેમ રોગી હિતકારી—અહિતકારી અન્ન ખાય છે ને તેના ફળરૂપ સાતા—અસાતાને ભોગવે છે, તેમ આત્મા હર્ષ—શોકના વિકારી પરિણામ કરે છે ને તેના ફળરૂપ સુખ—દુઃખને ભોગવે છે. કર્મના ઉદયને લીધે હર્ષ—શોકનો ભોગવટો થાય છે —એમ નથી, પણ જીવની પર્યાયમાં તેવો ભોક્તાધર્મ છે. આત્માનો ભોક્તાધર્મ પરને કારણે નથી, તેમજ પરને આત્મા ભોગવતો નથી, પણ પોતાની અવસ્થામાં થતા હર્ષ—શોકને ભોગવે એવો તેનો એક ધર્મ છે.

૪૭. **અભોક્તૃનય** :— આત્મદ્રવ્ય અભોક્તૃનયે સુખ—દુઃખાદિને ભોગવનાર નથી પણ કેવળ સાક્ષી જ છે. હિતકારી—અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. જેમ રોગી સુખ—દુઃખને ભોગવે છે પણ વૈદ્ય તો તેનો સાક્ષી જ છે, તેમ આત્માની પર્યાયમાં હર્ષ—શોકરૂપી જે રોગ છે તેનો જ્ઞાની ભોક્તા નથી પણ સાક્ષી જ છે. એવા સાક્ષીધર્મથી આત્માને લક્ષમાં લેવો તેનું નામ અભોક્તૃનય છે. ભોક્તાપણું તેમજ અભોક્તાપણું બંને ધર્મો આત્મામાં એક સાથે જ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા અનંત ધર્મોનો ધરનાર છે. તે ભોક્તાનયે હર્ષ—શોકનો ભોક્તા પણ છે ને તેજ વખતે અભોક્તાનયે તેનો સાક્ષી પણ છે.

(૯૦) પહેલાં સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય—આનંદનું વેદન થાય, ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય. તે સિવાય પ્રતીતિ યથાર્થ કહેવાય નહિ. પહેલાં તત્ત્વવિચાર કરીને દૃઢ નિર્ણય કરે, પછી અનુભૂતિ થાય. તત્ત્વનિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને તો યથાર્થ અનુભૂતિ ક્યાંથી થાય? ન જ થાય. એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવનો મહિમા લાવીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે. ૧૫૯.

(૯૧) સર્વજ્ઞ ભગવાને કહેલું સત્ય સાંભળવા માગતો હો તો જેવા પરમાત્મા પૂર્ણ પવિત્ર છે તેવો તું પણ છો તેની 'હા' પાડ; 'ના' પાડીશ નહિ. 'હા' માંથી 'હા' આવશે; પૂર્ણનો આદર કરનાર પૂર્ણ થઈ જશે. ૧૧૯.

૪૨. ક્રિયાનય :– આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનથી પ્રધાનતાની સિદ્ધિ સધાય એવું છે. જેમ કોઈ અંધપુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય, તેમ ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો આત્મા છે. અનુષ્ઠાનની એટલે કે શુભની પ્રધાનતા કહી છે તે એમ બતાવે છે કે ગૌણપણે તેજ વખતે સમ્યગ્જ્ઞાનનો વિવેક પણ વર્તે છે.

૪૩. જ્ઞાનનય :– જ્ઞાનનયથી જોતાં, વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય છે –એવું આત્મદ્રવ્ય છે. જેમ કોઈ રત્નનો પારખુ વેપારી ઘરના ખૂણામાં બેઠો હોય ને ભરવાડને મૂઠી ચણા આપીને તેની પાસેથી ચિંતામણી ખરીદી લ્યે; તેમ આત્મા વિવેક વડે એટલે કે સમ્યગ્જ્ઞાન વડે ચૈતન્યચિંતામણી ભગવાન આત્માને ઓળખીને તેમાં અંતર–એકાગ્રતા વડે ક્ષણમાત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ત્યાં વિવેકની પ્રધાનતાથી એટલે કે સમ્યગ્જ્ઞાનની પ્રધાનતાથી આત્માની સિદ્ધિ થઈ. એમ જ્ઞાનનય જાણે છે. એકલા જ્ઞાનધર્મને માનવાથી મુક્તિ થઈ જતી નથી પણ જ્ઞાનની સાથેજ આનંદ વગેરે બીજા અનંતધર્મો આત્મામાં છે, એવા આત્મસ્વભાવની દષ્ટિ કરીને તેના અવલંબનથી જ મુક્તિ થાય છે. ત્યાં જ્ઞાનનય વખતે એમ કહેવાય કે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે. પણ તે જ્ઞાનનય ક્યારે હોય ? કે આખા આત્માની દ્રષ્ટિ થઈ હોય ત્યારે. આખા આત્મસ્વભાવના …નંપૂર્ણકજ 'જ્ઞાનનય' સિદ્ધ થાય છે, તે સિવાય જ્ઞાનનય સિદ્ધ થતો નથી.

૪૪. વ્યવહારનય :– વ્યવહારનયથી જોતાં આત્મદ્રવ્ય બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનાર છે. જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે, અને પરમાણુના મોક્ષને વિષે –એટલે કે એક પરમાણુ છૂટો પડે તેમાં તે પરમાણુ બીજા પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે; તેમ વ્યવહારનયથી આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે.

૮૨ તત્ત્વવિચારમાં ચતુર ને નિર્મળ ચિત્તવાળો જીવ ગુણોમાં મહાન એવા સદ્ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી અંતરમાં ચૈતન્ય પરમતત્ત્વનો અનુભવ કરે છે. રત્નત્રય આદિ ગુણોથી મહાન એવા ગુરુ શિષ્યને કહે છે કે–પરમભાવને જાણ, પરથી ભલું-બૂરું માનવું છોડીને, દેહમાં રહેલું હોવા છતાં પણ દેહ અને શુભાશુભ રાગથી ભિન્ન નિજ અસંગ ચૈતન્ય પરમતત્ત્વને અંતરમાં દેખ. 'આ જ હું છું'–એવા ભાવભાસન દ્વારા ચૈતન્યનો અનુભવ થાય છે. શ્રીગુરુનાં આવાં વચનો દૃઢતાથી સાંભળીને નિર્મળ ચિત્તવાળો શિષ્ય અંતરમાં તદ્રૂપ પરિણમી જાય છે. આવી સેવા–ઉપાસના–ના પ્રસાદથી પાત્ર જીવ આત્માનુભૂતિ પ્રાપ્ત કરે છે. ૧૮૨.

૪૫. નિશ્ચયનય :– આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારૂ છે. જેમ બંધ–મોક્ષને યોગ્ય એવી લુખાશ કે ચીકાશરૂપે પરિણમીને પરમાણુ એકલોજ બંધાય કે મુકત થાય છે, તેમ નિશ્ચયનયથી આત્મા એકલોજ બંધ કે મોક્ષદશારૂપે થાય છે; બંધમાં કે મોક્ષમાં પોતાની યોગ્યતાથી જ પરિણમે છે, તેમાં નિશ્ચયથી બીજાની અપેક્ષા રાખતો નથી. અહીં નિશ્ચયનયથી આત્મા બંધ–મોક્ષમાં અદ્વૈતને અનુસરે છે એમ કહ્યું તેમાં, નિશ્ચયથી આત્માનો ત્રિકાળ એકરૂપ સ્વભાવ –કે જે દષ્ટિનો વિષય છે તેની વાત નથી પણ બંધ–મોક્ષપર્યાયમાં આત્મા એકલોજ પરિણમે છે –એમ એકલા આત્માની અપેક્ષાથી બંધ–મોક્ષપર્યાયને લક્ષમાં લેવાની વાત છે. બંધ પર્યાયમાં પણ એકલો આત્માજ પરિણમે છે ને મોક્ષપર્યાયમાં પણ એકલો આત્માજ પરિણમે છે, એ રીતે બંધ–મોક્ષપર્યાય નિરપેક્ષ છે, એટલે નિશ્ચયથી આત્મા બંધમાં તેમજ મોક્ષમાં અદ્વૈતને અનુસરનાર છે, એવો તેનો એક ધર્મ છે.

૪૬. અશુદ્ધનય :– અશુદ્ધનયે જોતાં, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, આત્મદ્રવ્ય સોપાધિ સ્વભાવવાળું છે. જેમ માટીમાં ઘડો, રામપાત્ર વગેરે અવસ્થાઓ થાય છે તે તેનો એકરૂપભાવ નથી તે અપેક્ષાએ તે ઉપાધિભાવ છે; તેમ આત્માની અવસ્થામાં જે વિકારીભાવો થાય છે તે તેનો એકરૂપ સ્વભાવ નથી પણ ઉપાધિભાવ છે, અશુદ્ધ છે. પુદ્‌ગલમાં તો ઘડો વગેરે જુદી જુદી અવસ્થા થયા કરે એવો તેનો સ્વભાવ છે, પણ આત્માની પર્યાયમાં જે અશુદ્ધતા થાય છે, તે કાયમી થયા કરે એવો તેનો સ્વભાવ નથી, એટલે અશુદ્ધતા તેનો કાયમી સ્વભાવ નથી પણ ઉપાધિભાવ છે. છતાં તે ઉપાધિભાવને પણ એક સમયપુરતી પર્યાયમાં આત્માએ પોતે ધારણ કરી રાખ્યો છે તેથી તે પણ આત્માનો એક ધર્મ છે, અને તે ધર્મની

૧૮

હે મોક્ષના અભિલાષી! મોક્ષનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે. તે સમ્યગ્દર્શન આદિ શુદ્ધ ભાવરૂપ મોક્ષમાર્ગ અંતર્મુખ પ્રયત્ન વડે સધાય છે એમ ભગવાને ઉપદેશ્યું છે. ભગવાને પોતે પ્રયત્ન વડે મોક્ષમાર્ગને સાધ્યો છે ને ઉપદેશમાં પણ એમ જ કહ્યું છે કે 'મોક્ષનો માર્ગ પ્રયત્નસાધ્ય છે'. માટે તું સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોને જ મોક્ષનો પંથ જાણીને સર્વ ઉદ્યમ વડે તેને અંગીકાર કર. હે ભાઈ! સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોથી રહિત એવા દ્રવ્યલિંગથી તારે શું સાધ્ય છે? મોક્ષ તો સમ્યગ્દર્શન આદિ શુદ્ધ ભાવોથી જ સાધ્ય છે માટે તેનો પ્રયત્ન કર. ૧૮૧.

ૐ

ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે ને ધ્રુવમાં તો આનંદના ઢગલા ભર્યા છે. ૧૧૪.

(૨૬)

અપેક્ષાએ જોતાં આત્મા સોપાધિસ્વભાવવાળો છે. અહીં 'સોપાધિસ્વભાવ' કહ્યો તે ત્રિકાળી સ્વભાવ ન સમજવો પણ અશુદ્ધ પર્યાય પુરતો ક્ષણિકસ્વભાવ સમજવો. જ્ઞાની જાણે છે કે આ અશુદ્ધતા છે તે મારી પર્યાયમાં થાય છે, એટલે અશુદ્ધનયથી હું ઉપાધિવાળો અશુદ્ધ છું.

૪૭. **શુદ્ધનય :–** આત્મદ્રવ્ય શુદ્ધનયે કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે. જેમ એકલી માટીનો પિંડ પડયો હોય તે કેવળ માટીજ છે તેમાં કોઈ ઉપાધિ નથી, તેમ શુદ્ધનયથી જોતા નિરૂપાધિક એકરૂપ સ્વભાવી આત્મા છે, તેમાં કોઇ ઉપાધિ નથી. પર્યાયમાં ક્ષણિકઉપાધિ છે તેજ ક્ષણે સાધકને નિરૂપાધિ શુદ્ધસ્વભાવનું ભાન છે, ને પર્યાયમાં પણ અંશે નિરુપાધિકપણું પ્રગટયું છે, એટલે સાધકને પર્યાયમાં પણ ઉપાધિપણું ને નિરુપાધિપણું બંને ધર્મો એક સાથે પરિણમે છે. જો તેમ ન હોય ને એકલી ઉપાધિજ હોય તો એકાંત થઈ જાય છે.

卐

૧

(૨૮) અરે જીવો! ઠરી જાઓ, ઉપશમરસમાં ડૂબી જાઓ —એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં વીતરાગ-મુદ્રાયુક્ત શાશ્વત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે, લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગ પ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેમણે આવી પ્રતિમાની સ્થાપનાને ઉડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે. ૧૨૩.

(૨૯) કારણપરમાત્મા એ જ ખરેખર નિત્ય આત્મા છે. નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા; તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને, વ્યવહાર કહીને, અનાત્મા કહ્યો છે. ૧૨૨.

## શ્રી સમયસાર ગાથા ૪૯ તથા શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ ના અરસ આદિ તથા અલિંગ ગ્રહણના સંક્ષિપ્ત બોલો અર્થ સહિત

જીવ ચેતનગુણ શબ્દ રસ રૂપ ગંધ વ્યક્તિ વિહીન છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું ગ્રહણ લિંગ થકી નહીં.
શ્રી સમયસાર ગાથા ૪૯

હે ભવ્ય ! તું જીવને રસરહિત રૂપરહિત ગંધરહિત અવ્યક્ત અર્થાત ઇંદ્રિયોને ગોચર નથી. એવો ચેતના જેનો ગુણ છે એવો શબ્દરહિત કોઈ ચિન્હથી જેનું ગ્રહણ નથી એવો જેનો કોઇ આકાર કહેવાતો નથી એવો જાણ.

અરસ આદિમાંથી એક અરસના છ બોલથી અનિર્દિષ્ટ સંસ્થાનના ચાર બોલથી અને અવ્યક્તના છ બોલથી આત્માનું સ્વરૂપ જાણવું. આ બોલોનો પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી સંક્ષિપ્ત અર્થ સહિત સ્વાધ્યાય આપેલ છે.

### આત્મા અરસ છે તેના છ બોલ :–

(૧) વિશ્વમાં છ દ્રવ્યો છે. તેમાં જીવ દ્રવ્ય પાંચ દ્રવ્યોથી ભિન્ન છે. પાંચ દ્રવ્યોમાં એક પુદ્ગલમાં જ એકત્વ કરીને (ઉંધો) પડયો છે. શરીર વાણી, મન, ઇન્દ્રિયો ઇત્યાદિ હું છું એમ વિપરીત માની બેઠો છે. તેને આત્મા જે ત્રિકાળ ચિદાનંદરસમય વસ્તુ છે તેમાં પુદ્ગલનો રસગુણ વિદ્યમાન નથી તેથી અરસ છે. એમ કહી શરીરાદિથી ભેદજ્ઞાન કરાવ્યું.



સાચી તત્ત્વદૃષ્ટિ થયા પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ વગેરેના શુભ ભાવમાં જ્ઞાની જોડાય, પણ તેનાથી ધર્મ થશે એમ તે માને નહિ. સમ્યગ્દર્શન થયા પછી સ્થિરતામાં આગળ વધતાં વ્રતાદિના પરિણામ આવે, પરંતુ તેનાથી ધર્મ ન માને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિર્મળ શુદ્ધ પર્યાય જેટલે જેટલે અંશે પ્રગટે તેને જ ધર્મ માને. દયા-પૂજા-ભક્તિ વગેરેના શુભ પરિણામ તો વિકારી ભાવ છે; તેનાથી પુણ્યબંધ થાય પણ ધર્મ ન થાય. ૧૯૩.

તત્ત્વવિચારના અભ્યાસથી જીવ સમ્યગ્દર્શન પામે છે. જેને તત્ત્વનો વિચાર નથી તે, દેવ-શાસ્ત્ર-ગુરુ ને ધર્મની પ્રતીતિ કરે છે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, વ્રત-તપ વગેરે કરે છે, તોપણ સમ્યક્ત્વની સન્મુખ નથી—સમ્યક્ત્વનો અધિકારી નથી; અને તત્ત્વવિચારવાળો એ વિના પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે. સમ્યગ્દર્શન માટે મૂળ તો તત્ત્વવિચારનો ઉદ્યમ જ છે; માટે તત્ત્વવિચારની મુખ્યતા છે. ૧૫૭.

(૨) પુદ્ગલ દ્રવ્યોના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રસગુણ નથી માટે અરસ છે.

(૩) પરમાર્થે પુદ્ગલ દ્રવ્યનું સ્વામિપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના અવલંબન વડે પણ રસ ચાખતો નથી આ જડ ઇન્દ્રિયોનો સ્વામી આત્મા નથી તેથી દ્રવ્યેન્દ્રિયોના અવલંબન વડે તે રસ ચાખતો નથી માટે અરસ છે.

(૪) પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપક્ષમિકભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના અવલંબન વડે પણ રસ ચાખતો નથી. ભાવેન્દ્રિયનોજ પરમાર્થે આત્મામાં અભાવ છે માટે અરસ છે.

(૫) સકળ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એકજ સંવેદન પરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ રસવેદના પરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે. આત્મા અખંડ જ્ઞાયક ભાવરૂપ વસ્તુ છે તે પાંચેય ઇન્દ્રિયોના વિષયને અખંડપણે જાણનારો છે. એકજ ઇન્દ્રિય વિષયનું વેદન અર્થાત જાણવું એવો આત્મસ્વભાવ નથી.

(૬) સકળ જ્ઞેય જ્ઞાયક તાદાત્મ્યનો નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. જ્ઞેયને જાણવા છતાં જ્ઞાયક જ્ઞેયરૂપે થતો નથી. આ જે રસ છે તે જ્ઞેય છે અને આત્મા તેને જાણનારો જ્ઞાયક છે રસરૂપ જ્ઞેયને જાણવા છતાં આત્માનું જ્ઞાન જ્ઞેયપણે એટલે રસરૂપ થતું નથી.

(૨) અનિર્દિષ્ટ સંસ્થાનના ચાર બોલ

(૧) પુદ્ગલ દ્રવ્ય વડે રચાએલું જે શરીર તેના આકારથી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટ સંસ્થાન છે. આ શરીરનો જે આકાર છે, એ આત્માનો આકાર નથી. આત્મામાં પુદ્ગલથી રચાયેલા જડ દેહના આકારનો અભાવ છે. આત્મા જડના આકારવાળો નહિ હોવાથી જીવ પોતે અનિર્દિષ્ટ સંસ્થાન છે.

૧૨

(૪૫) પહેલાં નક્કી કરો કે આ જગતમાં સર્વજ્ઞતાને પામેલા કોઈ આત્મા છે કે નહિ? જો સર્વજ્ઞ છે, તો તેમને તે સર્વજ્ઞતારૂપી કાર્ય કઈ ખાણમાંથી આવ્યું? ચૈતન્યશક્તિની ખાણમાં સર્વજ્ઞતારૂપી કાર્યનું કારણ થવાની તાકાત પડી છે. આવી ચૈતન્યશક્તિની સન્મુખ થઈને સર્વજ્ઞતાનો સ્વીકાર કરતાં તેમાં અપૂર્વ પુરુષાર્થ આવે છે. 'સર્વજ્ઞતાનો સ્વીકાર કરતાં પુરુષાર્થ ઊડી જાય છે' એ માન્યતા તો ઘણી મોટી ભૂલ છે. કેવળજ્ઞાન ને તેના કારણની પ્રતીતિ કરતાં જેને સ્વસન્મુખતાનો અપૂર્વ પુરુષાર્થ ઊપડે છે તે જીવ નિઃશંક થઈ જાય છે કે મારા આત્માના આધારે સર્વજ્ઞની પ્રતીતિ કરીને મોક્ષમાર્ગનો પુરુષાર્થ મેં શરૂ કર્યો છે, ને સર્વજ્ઞના જ્ઞાનમાં પણ એ જ રીતે આવ્યું છે;—હું અલ્પ કાળમાં મોક્ષ પામવાનો છું ને ભગવાનના જ્ઞાનમાં પણ એમ જ આવ્યું છે. ૨૧૦.

(૨૮૫)

(૨) પોતાના નિયત સ્વભાવથી અનિયત સંસ્થાનવાળા અનંતશરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ભગવાન આત્મા જે અસંખ્યાત પ્રદેશી છે એ તેનો નિયત સ્વભાવ છે. આ ભિન્ન ભિન્ન શરીરના આકારો એકેન્દ્રિય–બે–ઇન્દ્રિય–ત્રણ ઇન્દ્રિય–ચાર ઇન્દ્રિય અને પંચેન્દ્રિય શરીરના જે આકારો તે અનિયત છે આવા અનિયત આકારવાળા અનંત શરીરમાં તે રહે છે તેથી તે નિયત સંસ્થાનવાળો કહી શકાતો નથી.

(૩) સંસ્થાન નામ કર્મનો વિપાક પુદ્ગલોમાંજ કહેવામાં આવે છે તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી. માટે અનિર્દિષ્ટ સંસ્થાન છે. સંસ્થાન નામકર્મનું ફળ પુદ્ગલ શરીરમાં આવે છે આત્મામાં નહિ તેથી તેના નિમિત્તે થતો આકાર આત્માને નથી. આત્માને પોતાનો અસંખ્યાત પ્રદેશસ્વરૂપ આકાર તો છે, પણ જડનો આકાર આત્માને નથી.

(૪) જુદા જુદા સંસ્થાનરૂપે પરિણમેલો સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદન શક્તિ સબંધિત છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી રહિત નિર્મળ અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે માટે અનિર્દિષ્ટ સંસ્થાન છે. જગતની ચીજો શરીર, મકાન, બંગલા વગેરે અનેક આકારે રહેલી છે તેનું જ્ઞાન આત્મામાં થવાં છતાં એ અનેક આકારપણે જ્ઞાન થતું નથી. સ્વનું જ્ઞાન અને અનેક આકારરૂપે પરિણમેલી અનેક ચીજોનું જ્ઞાન એની નિર્મળ અનુભૂતિ આત્મામાં થઈ રહી છે.

(3) અવ્યક્તના છ બોલ

(1) છ દ્રવ્યના સ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. જગતમાં છ દ્રવ્ય છે તે જ્ઞેય છે. અનંત આત્માઓ અનંતાનંત પરમાણુઓ અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ એમ છ દ્રવ્યો અનાદિઅનંત ભગવાને જોયાં છે. આ



(૫૦) દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે એવો નથી. ૨૦૩.

❀

(૫૧) બહારની વિપદા એ ખરેખર વિપદા નથી અને બહારની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ એ જ મોટી વિપદા છે અને ચૈતન્યનું સ્મરણ એ જ ખરેખર સાચી સંપદા છે. ૨૦૪.

(૫૨) સ્વસ્વભાવ સન્મુખનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. એકલા પર સન્મુખનું જ્ઞાન તે અજ્ઞાન છે; કારણ કે સ્વ-સ્વભાવની સંપૂર્ણતાના ભાન વિના, એક સમયની પર્યાયની અપૂર્ણતામાં પૂર્ણતા માની છે. તેથી પૂર્ણ સ્વભાવને લક્ષમાં લઈ પૂર્ણ સાધ્યને સાધવું. ૧૭૮.

છ દ્રવ્યોમાં દેવગુરૂ શાસ્ત્ર ઈત્યાદિ આવી ગયું. આ છ દ્રવ્યોથી તો આત્મા ભિન્ન છે, પણ એ છ દ્રવ્યોને જાણનારી પર્યાયથી પણ ત્રિકાળી આત્મા ભિન્ન છે. છ દ્રવ્યોને જાણનારી પર્યાય એમ જાણે છે કે છદ્રવ્યથી મારી ચીજ ભિન્ન છે. છ દ્રવ્યો વ્યક્ત અને જ્ઞેય છે. તેનાથી ભિન્ન ભગવાન આત્મા જ્ઞાયક અને અવ્યક્ત છે.

(૨) કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ભાવકભાવ એટલે શું ? કર્મ જે વિકાર થવામાં નિમિત્ત છે તેને ભાવક કહે છે અને વિકારનો ભાવ કહે છે. વિકાર એ ભગવાન આત્માનો ભાવ નથી અજ્ઞાનદ્રષ્ટિમાં જીવ ભાવક અને વિકાર એનો ભાવ બને છે અને સ્વભાવદ્રષ્ટિ થતાં કર્મ જે નિમિત્ત તે ભાવક છે અને વિકાર તેનો ભાવ છે. આવો ભાવકભાવ તે વ્યકત છે, બાહ્ય છે, જ્ઞેય છે અને તેનાથી ભગવાન આત્મા અન્ય છે માટે અવ્યકત છે.

(૩) ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યકિતઓ નિમગ્ન છે માટે આત્મા અવ્યકત છે. જે પર્યાય ભવિષ્યે વ્યકત થવાની છે અને જે વ્યકત થઇ ગઈ તે બધી પર્યાયો ચૈતન્ય સામાન્યમાં અંતર્લીન છે. વર્તમાન પર્યાય ચૈતન્યમાં નિમગ્ન નથી. વર્તમાન પર્યાય પણ તેમાં નિમગ્ન હોય તો જાણવાનું કાર્ય કોણ કરે ? વર્તમાન પર્યાય સિવાયની ભૂત ભવિષ્યની સઘળી પર્યાયો ચૈતન્યમાં અંતર્લીન છે. માટે તું આત્માને અવ્યકત જાણ. જાણનારી વર્તમાન પર્યાય તો ચિત્સામાન્યની બહાર રહી. એ વ્યકત પર્યાયમાં આ જ્ઞાયક વસ્તુ અવ્યકત છે.

(૪) ક્ષણિક વ્યકિતમાત્ર નથી માટે અવ્યકત છે. એક સમયની પર્યાય જે વ્યકત પ્રગટ છે તે ક્ષણિક છે. જ્યારે આત્મા શુદ્ધ ચૈતન્ય સામાન્ય ત્રિકાળ છે તેથી ક્ષણિક વ્યકિતમાત્ર એટલે પ્રગટ પર્યાય જેટલો આત્મા નથી માટે અવ્યકત છે. આત્મા એનાથી અન્ય અવ્યકત છે.

૧૨૩

(૫૩) આત્માનો સ્વભાવ ત્રિકાળી પરમપારિણામિકભાવરૂપ છે; તે સ્વભાવને પકડવાથી જ મુક્તિ થાય છે. તે સ્વભાવ કઈ રીતે પકડાય? રાગાદિ ઔદયિક ભાવ વડે તે સ્વભાવ પકડાતો નથી; ઔદયિક ભાવો તો બહિર્મુખ છે ને પારિણામિક સ્વભાવ તો અંતર્મુખ છે. બહિર્મુખ ભાવ વડે અન્તર્મુખ ભાવ પકડાય નહિ. વળી જે અંતર્મુખી ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવ છે તેના વડે તે પારિણામિક ભાવ જો કે પકડાય છે, તોપણ તે ઔપશમિકાદિ ભાવોના લક્ષે તે પકડાતો નથી. અંતર્મુખ થઈને એ પરમ સ્વભાવને પકડતાં ઔપશમિકાદિ નિર્મળ ભાવો પ્રગટે છે. તે ભાવો પોતે કાર્યરૂપ છે, ને પરમ પારિણામિક સ્વભાવ કારણરૂપ પરમાત્મા છે. ૨૧૯.

(૫) વ્યકતપણું તથા અવ્યકતપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યકતપણાને સ્પર્શતો નથી માટે અવ્યકત છે. એક સમયની પર્યાયમાં પર્યાય અને દ્રવ્ય બન્ને સાથે પ્રતિભાસે છે છતાં ભગવાન દ્રવ્યસ્વભાવ પર્યાયને અડતો સ્પર્શતો નથી એટલે દ્રવ્ય પર્યાયમાં વ્યાપતું નથી. અવ્યકત વ્યકતમાં આવતો નથી વ્યાપતો નથી એટલે કે પર્યાય પર્યાયરૂપે રહે છે અને દ્રવ્ય દ્રવ્યરૂપે રહે છે.

(૬) પોતે પોતાથીજ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યકતપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે માટે અવ્યકત છે પોતે પોતાથીજ બાહ્ય એટલે પર્યાય અભ્યંતર એટલે દ્રવ્ય —એમ દ્રવ્ય અને પર્યાય બન્નેને પ્રત્યક્ષપણે અનુભવે છે (વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ) આમ દ્રવ્ય પર્યાયપણે પોતે પોતાથીજ પ્રત્યક્ષ જણાઇ રહ્યો હોવા છતાં વ્યકતપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે અર્થાત્ પર્યાયના વેદન પ્રત્યે ઉદાસીન છે. વેદનની પર્યાય દ્રવ્યભણી નજર કરે છે. દ્રવ્ય તરફજ વળે છે પણ પર્યાયમાં અટકતી નથી.

— ◎ —

પ્રભુ ! તું સર્વને જાણનાર દેખનાર સ્વરૂપે પૂરો છો ને ! પણ તારા પૂર્ણસ્વરૂપને નહિ જાણતા એકલા જ્ઞેયને જાણવા દેખાવા રોકાઈ ગયો તે તારો અપરાધ છે. પુણ્ય પાપના ભાવ કરવા અને જાણવા દેખવાના સ્વભાવને ભૂલી ગયો તે તારો અપરાધ છે. પુણ્ય પાપ એ જ અને એટલું જ મારું જ્ઞેય છે એમ માનીને તેને જ જાણવામાં રોકાઇ ગયો ને પોતાના પૂરણ જાણવાના સ્વભાવને ભૂલી ગયો એ તારો અપરાધ છે. કર્મના કારણે તારા પૂરણ સ્વભાવને જાણતો નથી એમ નથી, પણ એ તારો પોતાનો જ અપરાધ છે.

(આત્મધર્મ અંક ૪૯૭–૪૯૮. બોલ નં. ૪૧)



૫૪ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા. દ્રવ્ય તે ચૈતન્ય-વસ્તુ છે, ઊંડું ઊંડું ગંભીર ગંભીર તત્ત્વ છે, જ્ઞાન-આનંદ આદિ અનંત અનંત ગુણોના પિંડરૂપ અભેદ એક પદાર્થ છે; તેમાં દૃષ્ટિ લગાવી અંદર ઘૂસી જા. 'ઘૂસી જા' નો અર્થ એમ નથી કે પર્યાય દ્રવ્ય થઈ જાય છે; પરંતુ પર્યાયની જાતિ, દ્રવ્યનો આશ્રય કરવાથી, દ્રવ્ય જેવી નિર્મળ થઈ જાય છે; તેને, પર્યાય દ્રવ્યમાં ઊંડી ઊતરી—અભેદ થઈ —એમ કેહેવાય છે. ૧૮૩.

૫૫ વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.

નિશ્ચય-વ્યવહાર સંબંધી બધા ઝઘડા ઊકલી જાય ને આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવા ભાવો આ ગાથામાં ભર્યા છે. ૧૭૭.

④ 'અલિંગગ્રહણ' વીસ બોલ

છે ચેતના ગુણ ગંધ રૂપ રસ શબ્દ વ્યક્તિન જીવને
વળી લિંગ ગ્રહણ અને સંસ્થાન ભાખ્યું ન તેહને (૧૭૨ પ્રવચન સાર)

જીવમાં રસ નથી, ગંધ નથી, સ્પર્શ ગુણની વ્યકતતા નથી તે ચેતન ગુણવાળો છે. આત્મા શબ્દ બોલતો નથી તેમજ શબ્દનું કારણ નથી. લિંગથી ગ્રાહ્ય થઈ શકે તેવો નથી અને પરના આકાર વિનાનો છે તેમ તું જાણ અહિં આચાર્ય ભગવાન આદેશ કરે છે કે તું તારા આત્માને એવો જાણ.

"આલેંગગ્રાહ્ય" એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રાપ્તિ કરવા માટે છે. વીસ બોલોથી પ્રવચન દ્વારા પૂ. ગુરુદેવશ્રી આ ભાવો સમજાવે છે. તેમાંથી સંક્ષિપ્ત અર્થ સહિત વીસ બોલોનો સ્વાધ્યાય આપેલ છે.

(૧) આત્મા ઇંદ્રિય વડે જાણતો નથી એમ તું જાણ

આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે ઇંદ્રિયોથી જાણતો નથી એમ તું જાણ આત્મામાં ઇંદ્રિયોનો અભાવ છે. જે પદાર્થમાં જેનો અભાવ હોય તેનાથી તે કામ કરે એમ બની શકે નહિ માટે આત્મા અતીન્દ્રિ સ્વભાવવાળો છે એમ તું જાણ.

(૨) આત્મા ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય નથી એમ તું જાણ !

આત્મા એવો છે કે ઇંદ્રિયો વડે જણાતો નથી. ઇંદ્રિયો તેમાં છે જ નહિ જે વસ્તુ જેનામાં ન હોય તેનાથી તે જણાય એવું કદી બને નહિ આત્મામાં ઇંદ્રિયો જ નથી માટે તે ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય નથી તે તો પોતાથી જણાય તેવો છે એમ તું જાણ.



(૫૭)

જે નિજ શુદ્ધ જ્ઞાયકવસ્તુમાં મિથ્યાત્વ કે રાગાદિ વિભાવો છે જ નહિ તેમાં રુચિના પરિણામ તન્મય થતાં મિથ્યાત્વ ટળે છે; બીજા કોઈ ઉપાયથી મિથ્યાત્વ ટળે નહિ. ગુણભેદનો વિકલ્પ પણ શું શુદ્ધવસ્તુમાં છે?—નથી; તો તે શુદ્ધવસ્તુની પ્રતીતિ ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. શુદ્ધવસ્તુમાં વિકલ્પ નથી, ને વિકલ્પમાં શુદ્ધવસ્તુ નથી. બન્નેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પોથી ખસીને સ્વભાવમાં આવી ત્યાં સમ્યક્ત્વ થયું ને મિથ્યાત્વ ટળ્યું.—આ, મિથ્યાત્વ ટાળવાની રીત છે. તે માટે, અંદર ચિદાનંદસ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ, એમ કરવાથી પરિણામ તેમાં તન્મય થાય છે. ૨૫૮.

(૬૮)

(૩) આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષપૂર્વક અનુમાનો વિષય નથી એમ તું જાણ

શરીર હાલે ચાલે છે. વાણી બોલાય છે માટે આત્મા છે એમ ઇંદ્રિય પ્રત્યક્ષપૂર્વક અનુમાન કરી શકાય એવો આત્મા નથી. જેમ ધુમાડાથી અગ્નિનું અનુમાન થાય છે તેમ ઇંદ્રિગમ્ય કોઈ પણ ચિહ્નથી આત્મા જણાતો નથી પણ સ્વસંવેદન જ્ઞાનથી જણાય એવો છે તેમ તું જાણ.

(૪) કેવળ અનુમાનથી જ જણાય તેવો આત્મા નથી એમ તું જાણ

બીજા જીવો કેવળ અનુમાનો કરે ને આત્મા જણાય એવો આત્મા નથી. બીજાઓ કેવળ અનુમાન જ્ઞાનથી નક્કી કરે કે આ આત્મા આવો છે તો તે આત્માનું જ્ઞાન સાચું નથી. રાગ રહિત જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું તેના ભાન દ્વારા સ્વસંવેદન જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો છે.

(૫) આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી એમ તું જાણ

આત્મા માત્ર અનુમાન કરનારો હોય તો અનુમાન રહિત પ્રત્યક્ષ કેવળ જ્ઞાન પ્રગટ કરવાનો અવસર રહેતો નથી જેવી રીતે પુણ્ય પાપના ભાવને જ માત્ર કરનારો ને તેને જ સર્વસ્વ માનવાવાળો જે તે આત્મા કહેવાતો નથી તેમ એકલું અનુમાન જ્ઞાન કરનારને આત્મા જ કહેતા નથી.

(૬) આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એમ તું જાણ

આત્મા કોઈ બાહ્ય ચિન્હ તથા અનુમાન વગેરે લિંગ દ્વારા જણાય તેવો નથી. પણ સ્વભાવ વડે જ જણાય એવો છે એમ કહેતાં જ તે પરોક્ષ અનુમાન માત્રથી જણાય એવો નથી. તેમ જ ઇંદ્રિયોને મનના અવલંબનથી જણાય એવો નથી.



(૫૭) હું આત્મા શુદ્ધ છું, અશુદ્ધ છું, બદ્ધ છું. મુક્ત છું, નિત્ય છું, અનિત્ય છું, એક છું, અનેક છું ઇત્યાદિ પ્રકારો વડે જેણે પ્રથમ શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી નિજ આત્માનો નિર્ણય કર્યો છે એવા જીવને, તત્ત્વવિચારના રાગની જે વૃત્તિ ઊઠે છે તે પણ દુઃખદાયક છે, આકુળતારૂપ છે. તેવા અનેક પ્રકારના શ્રુતજ્ઞાનના ભાવને મર્યાદામાં લાવતો, હું આવો છું ને તેવો છું—એવા વિચારને પુરુષાર્થ દ્વારા રોકતો, પર તરફ વળતા ઉપયોગને સ્વ તરફ ખેંચતો, નયપક્ષના આલંબનથી થતો જે રાગનો વિકલ્પ તેને આત્માના સ્વભાવરસના ભાન દ્વારા ટાળતો, શ્રુતજ્ઞાનને પણ જે આત્મસન્મુખ કરે છે તે, તે વખતે અત્યંત વિકલ્પરહિત થઈને તત્કાળ નિજર[illegible]થી પ્રગટ થતા, આદિ-મધ્ય-અન્ત રહિત આત્માના પરમાનંદસ્વરૂપ અમૃતરસને વેદે છે. ૨૭૬.

### (૭) ઉપયોગને જ્ઞેય પદાર્થોનું અવલંબન નથી એમ તું જાણ

ઉપયોગ ચૈતન્યનું એંધાણ અથવા ચિન્હ છે. ઉપયોગ આત્માને અવલંબે છે આત્મ દ્રવ્ય જ્ઞેય છે. ગુણ જ્ઞેય છે ને પર્યાય પણ જ્ઞેય છે. ઉપયોગ પણ જ્ઞેય છે. ઉપયોગનો સ્વભાવ જાણવા દેખવાનો છે. તે પર જ્ઞેયોને અવલંબતો નથી કારણ કે પરજ્ઞેયોમાં ઉપયોગ નથી. જે જેનામાં ન હોય તેનું અવલંબન તે કેવી રીતે લ્યે ?

### (૮) આત્મા ઉપયોગને બહારથી લાવતો નથી એમ તું જાણ

અનાદિથી મિથ્યા દૃષ્ટિનો ઉપયોગ પર તરફ હતો, તે હવે પોતે કાંઈ સત્સમાગમ કરે, વાણી સાંભળે વગેરે શુભ ભાવ કરે તો ઉપયોગ સુધરે ખરો કે નહિ ? ના ઉપયોગ કયાંય બહારથી લવાતો નથી. તે ક્રમસર અંતરમાંથી પ્રગટે છે. બહારના કોઇ કારણમાંથી પ્રગટતો નથી માટે અકારણીય છે.

### (૯) તારો જ્ઞાન ઉપયોગ કોઇ હરી શકતો નથી એમ તું જાણ

સ્વસન્મુખ રહીને જે કામ કરે તે ઉપયોગ છે. જ્ઞાન આત્માનું છે માટે તેને કોઇ બીજી ચીજ હરણ કરી શકે તેમ બની શકે નહિ. બીજી ચીજનો આત્મામાં અભાવ છે માટે જ્ઞાન હરી શકતું નથી. એવા ઉપયોગ લક્ષણવાળો તારો આત્મા છે એમ તું જાણ.

### (૧૦) તારા જ્ઞાન ઉપયોગમાં કોઈ મલિનતા નથી એમ તું જાણ

જે ઉપયોગ સ્વસન્મુખ વળે ને આત્મામાં એકાકાર થાય તેને ઉપયોગ કહે છે. જેનો ઉપયોગ છે તે તો જ્ઞાનદર્શન ચારિત્ર વગેરે અનંત ગુણોનો પિંડ છે. જ્ઞાન આત્માનું છે છતાં તે જ્ઞાન જો પુણ્ય પાપનું કામ કરે તો તેને જ્ઞાન કહેતાજ નથી એમ તું જાણ. જ્ઞાન ઉપયોગ તારી તરફ વળે તે તારી ચીજ કહેવાય પણ પુણ્ય પાપ તરફ વળે તે તારી ચીજ કહેવાય નહિ. સ્વતરફ વળવું તે ધર્મનું કામ છે ને પર તરફ વળવું તે અધર્મનું કામ છે. સૂર્યને મલિનતા નથી તેમ શુદ્ધોપયોગમાં મલિનતા નથી.



૨૧૮ આત્મચિંતનમાં ક્યાંય ગુણભેદની કે રાગની મુખ્યતા નથી, વિકલ્પનું જોર નથી, પણ જ્ઞાનમાં પરમ જ્ઞાયક-સ્વભાવના કોઈ અચિંત્ય મહિમાનું જોર છે, અને તેના જ જોરે નિર્વિકલ્પ થઈને મુમુક્ષુજીવ આત્માને સાક્ષાત્ સ્વાનુભવમાં લઈ લે છે; ત્યાં કોઈ વિકલ્પ રહેતા નથી. આ રીતે ભેદ-વિકલ્પ વચ્ચે આવતા હોવા છતાં સ્વભાવના મહિમાના જોરે મુમુક્ષુજીવ તેને ઓળંગી જઈને સ્વાનુભૂતિમાં પહોંચી જાય છે. ૨૭૯.

૨૧૯ એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્ય-સ્વભાવનો મહિમા કરીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે. ૨૧૮.

## (૧૧) જ્ઞાન-ઉપયોગ કર્મને ગ્રહતો નથી.

ઉપયોગ પોતાનો છે તે પરને કેમ ગ્રહણ કરે ? અથવા પરને ગ્રહણ કરવામાં નિમિત્ત પણ કેમ થાય ? ન જ થાય. પર તરફ વલણ કરી કર્મ થવામાં જે નિમિત થાય તે સ્વનો ઉપયોગ જ નથી, પણ જે શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનું કામ કરે તે ઉપયોગ છે. ઉપયોગ લક્ષણ દ્વારા આત્મા ઓળખાય છે. સ્વસન્મુખ દશા છોડી મલિન પરિણામરુપ અધર્મ ઉત્પન્ન કરી કર્મને ગ્રહવામાં નિમિત થાય તેને આત્માનો ઉપયોગ કહેતા નથી. જે ઉપયોગ આત્મામાં એકાકાર થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરુપી ધર્મ ઉત્પન્ન કરે છે તેને આત્માનો ઉપયોગ કહ્યો છે.

## (૧૨) આત્મા વિષયોનો ભોક્તા નથી પણ સ્વનો ભોક્તા છે એમ સ્વજ્ઞેયને તું જાણ.

આત્માચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે. તેમાં શાંતિ ને આનંદનો સદ્ભાવ છે. ઈંદ્રિયો, શરીર, લાડવા, રોટલી, દાળ, ભાત, શાક વગેરે પદાર્થો જડ છે તેમાં સ્પર્શ, ગંધ, વર્ણ રહેલા છે, તે આત્માથી પર છે. પર પદાર્થોનો આત્મામાં અભાવ છે ને પર પદાર્થોમાં આત્માનો અભાવ છે. તેથી આત્મા તે પર પદાર્થોને ભોગવતો નથી. જે વસ્તુનો જેમાં અભાવ હોય તેને તે કેવી રીતે ભોગવે ? આત્માને ઈંદ્રિયો જ નથી; કારણ કે ઈંદ્રિયો તો જડ છે તેથી તેનાં વડે આત્મા વિષયોને ભોગવે છે તે વાત ખોટી છે.

## (૧૩) આત્મા જડ પ્રાણોથી જીવતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

પાંચ ઈંદ્રિયો, ત્રણ બલ, શ્વાસોચ્છ્વાસ અને આયુ-એ દશ પ્રાણ છે, પણ તેનાંથી જીવ જીવતો નથી. કારણ કે તે દશે પ્રાણો જડ છે, ને આત્મા તો ચૈતન્ય-પ્રાણવાળો છે. જડ પ્રાણનો આત્મામાં અભાવ છે તેથી આત્મા તે જડ પ્રાણથી જીવતો નથી.

૨૮

(૯૦) સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય? સ્વાનુભૂતિ થતાં, અનાકુળ-આહ્લાદમય, એક, આખાય વિશ્વની ઉપર તરતો વિજ્ઞાનઘન પરમપદાર્થ—પરમાત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવ વિના આત્મા સમ્યક્‌પણે દેખાતો—શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની—ધર્મની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું? સ્વા. ..ની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ દૃઢ નિર્ણય કરવો. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય દૃઢ કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો—દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું ને સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિ અનેક વિષયોના

(૧૪) આત્મા જડ ઇંદ્રિયોના આકારને ગ્રહણ કરતો નથી એમ સ્વજ્ઞેયને જાણ.

આ શરીરની ઇંદ્રિયોના જે આકાર દેખાય છે તેને જીવે ગ્રહ્યા નથી. પુરુષાદી આકાર એ બધી પુદ્‌ગલની અવસ્થા છે. તે આકારનો આત્મામાં અભાવ છે અને આત્માનો તે આકારમાં અભાવ છે. જે વસ્તુનો જેમાં અભાવ હોય તે અભાવવાળી વસ્તુને ગ્રહે એમ બની શકે જ નહી. માટે આત્મા ઇંદ્રિયોનાં ગ્રહતો નથી.

(૧૫) આત્મા લોકવ્યાપ્તિવાળો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

દરેક આત્મા જેમ સંસારમાં શરીર દીઠ ભિન્ન ભિન્ન રહે છે તેમ મુક્ત થયા પછી પણ ભિન્ન ભિન્ન રહે છે. તે લોકમાં વ્યાપતો નથી, પોતાનાં અસંખ્ય પ્રદેશને છોડીને લોકમાં વ્યાપવું તે તેનો સ્વભાવ નથી. આત્મા શુદ્ધ થયા પછી પોતાનાં છેલ્લા શરીર પ્રમાણથી કિંચિત્ ન્યૂન પોતાનાં આકારે–નિશ્ચયથી પોતાનાં અસંખ્ય પ્રદેશમાં રહે છે ને ઉર્ધ્વગમન સ્વભાવનાં કારણે વ્યવહારથી લોકનાં અગ્રભાગે બિરાજે છે.

(૧૬) આત્મા દ્રવ્યે કે ભાવે સ્ત્રી, પુરુષ કે નપુસંક નથી એમ તું જાણ.

જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુસંક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તી થાય છે.

(૧૭) આત્મા બાહ્ય ધર્મચિહ્નોને ગ્રહતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરુપ છે એવું ભાન થયા પછી સ્વભાવમાં વિશેષ સ્થિરતા થવી તે અંતર મુનિદશા છે ને અંતર નિર્ગ્રંથદશા પ્રગટે છે ત્યારે બાહ્યમાં વસ્ત્ર આદિ હોતાં નથી અર્થાત્ શરીરની નગ્ન દિગંબર દશા હોય છે તથા મોરપીછ અને કમંડળ હોય છે પણ તે બાહ્ય નિમિત્ત મોરપીછ આદિ તથા શરીરની નગ્નદશા વગેરેનો આત્મામાં અભાવ છે. તેને આત્મા ગ્રહણ કરતો નથી. કારણ કે તે જડપદાર્થો છે. તે તેનાં કારણે હોય છે. તેને લેવા મુકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી.

સાચા બોધનો—અભ્યાસ કરવો. તીર્થંકર ભગવંતોએ કહેલાં આવાં અનેક પ્રયોજનભૂત સત્યોના અભ્યાસની સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર—મુગટમણિ જે શુદ્ધદ્રવ્યસામાન્ય અર્થાત્ પરમ પારિણામિકભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય—જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે—તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે અંકિત કરવા યોગ્ય છે. તે

પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે. ૨૮૧.

(૨૮૩)

(૧૮) તારો અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

આત્મા વસ્તુ છે. તે અનંત ગુણનોપિંડ છે. તે એકલા જ્ઞાનગુણવાળો નથી. અભેદ આત્મા ગુણના ભેદને સ્પર્શે તેવો નથી.

(૧૯) તારો નિત્ય આત્મા અનિત્ય નિર્મળ પર્યાયને પણ સ્પર્શતો નથી એમ સ્વજ્ઞેયને જાણ.

આત્મા જ્ઞાતાદૃષ્ટા શુદ્ધ સ્વભાવી છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે પર્યાયને પણ આત્મા સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી, પરંતુ આત્મા નિત્ય શુદ્ધ દ્રવ્ય છે. આવો તારો જ્ઞેય સ્વભાવ છે. શુદ્ધ સ્વભાવી દ્રવ્ય તે નિત્ય છે ને નિર્મળ પર્યાય તે એક સમયની અનિત્ય છે. નિત્ય એવુ શુદ્ધ દ્રવ્ય અનિત્ય એવા સમ્યગ્જ્ઞાનની અથવા કેવળ જ્ઞાનની પર્યાયને નિશ્ચયથી અડે તો દ્રવ્ય નિત્ય રહેતું નથી અર્થાત દ્રવ્ય ક્ષણિક થવાનો પ્રસંગ આવે છે, પણ તેમ બનતું નથી.

(૨૦) શુદ્ધ પર્યાયની અનુભૂતિ તે જ આત્મા છે એમ સ્વજ્ઞેયને તું જાણ.

લીંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. આત્મા ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્યથી નહિ સ્પર્શાયેલો શુદ્ધ પર્યાય છે. અવિકારી જ્ઞાનની પર્યાય ત્રિકાળી ગુણનાં આધારે પ્રગટતી નથી. નિશ્ચયથી તેને સામાન્યનો પણ આધાર નથી-એમ અહીં સાબિત કરવું છે.

卐



સારભૂત: આત્માનું પ્રયોજન સુખ છે. દરેક જીવ સુખ ઇચ્છે છે ને સુખને જ માટે ઝાવાં નાખે છે. હે જીવ! તારા આત્મામાં સુખ નામની શક્તિ હોવાથી આત્મા જ સ્વયં સુખરૂપ થાય છે. આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર—એ ત્રણે સુખરૂપ છે. આત્માનો ધર્મ સુખરૂપ છે, દુઃખરૂપ નથી. હે જીવ! તારી સુખ-શક્તિમાંથી જ તને સુખ મળશે, બીજે ક્યાંયથી તને સુખ નહિ મળે; કેમ કે તું જ્યાં છો ત્યાં જ તારું સુખ છે. તારી સુખશક્તિ એવી છે કે જ્યાં દુઃખ કદી

પ્રવેશી શકતું નથી; માટે આત્મામાં ડૂબકી મારીને તારી સુખશક્તિને ઉછાળ-ઉછાળ!! એટલે કે પર્યાયમાં પરિણમાવ, જેથી તને તારા સુખનો પ્રગટ અનુભવ થશે. ૨૮૬.

# ૨૦. અવ્યક્તના બોલ વિશેષ ચિંતવન

અવ્યક્તના ૪, ૫ અને ૬ બોલ

૧. ચોથો :- ક્ષણિક વ્યક્તિમાત્ર નથી, એક સમયની પર્યાય જે વ્યક્ત છે તેટલો ય આત્મા નથી. જે સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળને પ્રતીત કરે છે તે સમ્યગ્દર્શનની પર્યાય ક્ષણિક છે, તે એમાં નથી. એનાથી ભિન્ન ભગવાન છે. જે પર્યાય જેનો નિર્ણય કરે છે, જે સમ્યગ્દર્શનની પર્યાય વ્યક્ત છે, તે તેનો નિર્ણય કરે છે, અખંડ આનંદ કંદનો પણ તે વ્યક્તિ એટલો માત્ર આત્મા નથી. રાગ તો નથી, પર તો એમાં નથી પણ એની ક્ષણિક પર્યાય-મોક્ષમાર્ગની જે નિર્ણય કરે છે ક્ષણિક પર્યાય, એ નિર્ણય કરે છે પર્યાય-એટલો એ પોતે નથી. અહીંયા તો એમ કહે છે, પ્રભુ તુ રાગરૂપે તો નથી, પરરૂપે તો નથી, પણ ક્ષણિક વ્યક્તિમાત્ર પણ તું નથી. મોક્ષમાર્ગની પર્યાય છે, એ ક્ષણિક છે, કેવળજ્ઞાન પોતે ક્ષણિક છે, પછી આની વાત શું કરવી ? એ ક્ષણિક વ્યક્તિ પ્રગટ દશારૂપ અસ્તિપણે છે તેટલું તારૂં સ્વરૂપ નથી, તેટલો તું અસ્તિ નથી. એક પર્યાયની અસ્તિપણે પ્રગટ છે, અસ્તિ છે, પણ તેટલું તારૂં સ્વરૂપ નથી (અસ્તિપણું નથી). પણ આ હું અસ્તિ તરીકે એટલો નથી, મારું અસ્તિત્ત્વ તો તદ્દન ભિન્ન છે.

એ સત્તાનો સાહેબો પોતાની સત્તા, ક્ષણિક સત્તાથી ભિન્ન રાખે છે. એવી અંતર ક્ષણિક સત્તા વ્યક્તિમાત્ર નથી એવો નિર્ણય કોણ કરે છે ? એ નિર્ણય તો ક્ષણિક વ્યક્તિ જ કરે છે. અનિત્ય પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે. નિત્યનો નિત્ય કોણ કરે ? ક્ષણિક વ્યક્તિ એ અનિત્ય છે, એ ત્રિકાળ હું છું, આટલો નથી એમ નિર્ણય ક્ષણિક વ્યક્તિ કરે છે. 'એવો મારગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.'

ભલે, ક્ષણિક વ્યક્તિ અનંત છે વર્તમાન, અનંત છે ને ? પણ એક સમયનું અસ્તિત્ત્વ છે, એટલા અસ્તિત્ત્વ પૂરતો હું નથી, મારું અસ્તિત્ત્વ પૂર્ણાનંદનું પૂર્ણ પૂરું અસ્તિત્ત્વ છે, એ પર્યાયમાં આવતું નથી માટે તેને અવ્યક્ત કહ્યું. વસ્તુ તરીકે વ્યક્ત પ્રગટ જ છે. એવો હું પર્યાયની વ્યક્તતાની અપેક્ષાએ અવ્યક્ત હું છું.

૨. પાંચમો બોલ :- 'પ્રગટ પર્યાય અને અવ્યક્ત દ્રવ્ય' બેનું એક સાથે જ્ઞાન હોવા છતાં તે વ્યક્તપણાને સ્પર્શતો નથી. વર્તમાન જે પર્યાય પ્રગટ છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ દ્રવ્ય અપ્રગટ નામ, પર્યાયની અપેક્ષાએ અપ્રગટ છે, પર્યાયમાં નથી આવ્યું, વસ્તુની અપેક્ષાએ પ્રગટ છે, એવું વ્યક્ત જે પર્યાય અને અવ્યક્ત જે દ્રવ્ય તેનું એક સાથે જ્ઞાન હોવા છતાં તે દ્રવ્ય જે છે એ પર્યાયને સ્પર્શતું નથી. આત્મા શરીર, વાણી, કર્મને અડતો નથી, બીજા બધા પદાર્થ છે તેને અડતોય નથી, અડતો જ નથી ભિન્ન છે, પણ અહીં તો હવે એમ કહે છે કે એની જે પર્યાય છે, નિર્મળ વ્યક્ત જે પર્યાય છે, સુખના પંથની જે પ્રગટ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ એ વ્યક્ત પર્યાય છે અને વસ્તુ અવ્યક્ત તે પર્યાયને અડતું નથી.

વ્યક્તપણું પ્રગટ અવસ્થાઓ અનંતી અને અવ્યક્તપણું ત્રિકાળી ધ્રુવ જે છે. પર્યાયમાં આવતું નથી એ અપેક્ષાએ અવ્યક્તપણું વ્યક્તમાં આવતું નથી માટે અવ્યક્તપણું છે.

''એક ક્ષણિકમાત્ર વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવામાં આવતાં છતાં'' જ્ઞાનમાં તો વ્યક્તપણું અને અવ્યક્તપણું બેય જ્ઞાન થાય છે, 'જ્ઞાન' પ્રગટ દશાઓ અને દશામાં આવ્યું નથી એવું અવ્યક્ત પ્રગટ વસ્તુ, બેયનું એક સમયમાં વ્યક્ત પર્યાયમાં જ્ઞાન હોવા છતાં તે, છતાં પણ એટલે કેમ કહ્યું ? એ અવ્યક્ત

અને વ્યક્તનું જ્ઞાન તો બેયનું એક સાથે છે ''આવું હોવા છતાં પણ વ્યક્તને સ્પર્શતું નથી દ્રવ્ય.''

(V. IMP)'વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પોતાની પર્યાયનો પ્રતિભાસ, અને બીજી પર્યાયનો પ્રતિભાસ, અને તે પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનો પ્રતિભાસ.' વસ્તુ છે એ તો વસ્તુમાં રહી, પણ જેમ બિંબ છે સામે તેમ અરિસામાં પ્રતિબિંબ એ પ્રતિબિંબપણે છે એ અરીસો છે, અહીં બિંબપણે એ નથી. એમ અહીં વ્યક્તપણે પર્યાય છે અને અવ્યક્તપણે વસ્તુ છે, એટલે કે આ પર્યાયમાં આવ્યું નથી માટે, એ બેનું એક ક્ષણે મિશ્રિત જ્ઞાન હોવા છતાં એ વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી. દ્રવ્ય સ્વભાવ પર્યાયને સ્પર્શતો નથી. એ જાણનારની પર્યાયને જાણનાર સ્પર્શતો નથી.

<u>છઠ્ઠો બોલ</u> :- હવે પોતાથી જે બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવાય રહ્યો હોવા છતાં, ભગવાન આત્મા પોતે પોતાથી જ, પરની અપેક્ષા વિના, રાગ ને નિમિત્તની અપેક્ષા વિના પોતે પોતાથી જ બાહ્ય નામ વ્યક્ત પર્યાય અને અભ્યંતર અંતઃતત્ત્વ, એને સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં બે નો સાધકને પર્યાયનો ને દ્રવ્યનો પ્રત્યક્ષ અનુભવ હોવા છતાં પણ વ્યક્તપણા પ્રત્યે ઉદાસીન, પર્યાયમાં તેની દૃષ્ટિ ટકતી નથી. સાધકની દૃષ્ટિ પર્યાયમાં ટકતી નથી, દૃષ્ટિ દ્રવ્ય ત્રિકાળ ઉપર છે.

આ પર્યાય જે પ્રગટ છે, સમ્યગ્દર્શન જ્ઞાન આદિની સાધકની વાત છે, એ પર્યાય વ્યક્ત છે એ બાહ્ય છે અને અંતઃતત્ત્વ જે જ્ઞાયક ત્રિકાળી છે તે અભ્યંતર છે, એ બેયનો સ્પષ્ટ અનુભવ બેયનો પ્રત્યક્ષ અનુભવ સાધકને છે, ધર્મીને, સમ્યગ્દષ્ટિને, ધર્મી જેને કહીએ, સમ્યગ્દષ્ટિ કહીએ, જ્ઞાની કહીએ તેને વર્તમાન પર્યાય અને ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ બેઉનો એક સાથે અનુભવ હોવા છતાં, પાંચમાં બોલમાં એમ કહ્યું હતું કે બેયનું એક સાથે જ્ઞાન હોવાં છતાં તે આત્માને સ્પર્શતી નથી. હવે અહીં એમ કહે છે વ્યક્ત જે પર્યાય બાહ્ય અને અભ્યંતર તત્ત્વ જે જ્ઞાયક પૂર્ણાનંદ ધ્રુવ, બેનો એક સમયમાં સાધકને અનુભવ હોવા છતાં, સાધકની દૃષ્ટિ ત્યાં ટકતી નથી, પર્યાય ઉપર ટકતી નથી.

બાહ્ય એટલે વર્તમાન પ્રગટ પર્યાય ધર્મી જીવને, પ્રગટ પર્યાયનો અનુભવ અને અપ્રગટ અભ્યંતર તત્ત્વનો પણ અનુભવ, અનુભવ શબ્દે અનુભવ તો પર્યાયમાં છે, પણ જ્ઞાયક તરફ વલણવાળી દશા, તે જ્ઞાયકનો અનુભવ અને પર્યાયનો અનુભવ એમ આવો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે, પર્યાય પ્રત્યે તેની દૃષ્ટિ ટકતી નથી. સમકિતની દૃષ્ટિ ટકતી તો ત્રિકાળ ઊપર જ જાય છે આમ, સાધકની દૃષ્ટિ, વર્તમાન પ્રગટ થયેલી નિર્મળ પર્યાયનો અનુભવ હોવા છતાં, અને ત્રિકાળીનો અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ વ્યક્તપણે ટકતી નથી, દૃષ્ટિ તો ત્યાં જાય છે, દ્રવ્ય સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ... દૃષ્ટિ એ પર્યાય પર થંભતી નથી, દૃષ્ટિ તો આ બાજુ ઢળી ગઈ છે.

હજી તો સમ્યગ્દર્શન કેમ થવું એ પછી, સમ્યગ્દર્શન છે એ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે પ્રભુ ધ્રુવ તેના આશ્રયે તેને અવલંબને સમ્યગ્દર્શન થાય નિશ્ચય. બીજી વાત છે કે એક પર્યાય બહિર્તત્ત્વ છે અને પરમાત્મા અંતર અભ્યંતર તત્ત્વ છે, 'બે' ની શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકીત છે એ રાગ છે એમ કહે છે. એ વિકલ્પ ને રાગ છે, વ્યવહાર સમકીત એટલે રાગ છે.

અહીં જે બહિર અને અભ્યંતર કહ્યું ને એ બાહ્ય જે પર્યાય છે અને અંભ્યંતર જે તત્ત્વ છે એને અનુભવવા છતાં પર્યાયમાં દૃષ્ટિ નથી, એ દૃષ્ટિ ત્યાં જોર તો દ્રવ્ય ઊપર છે.

ત્રીજી રીતે જ્ઞેય છે અને જ્ઞાયક છે, પરજ્ઞેય છે અને સ્વજ્ઞાયક છે, 'બે' ની પ્રતીતિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, એ જ્ઞાનપ્રધાન કથનશૈલી છે. પ્રવચન સાર ગાથા ૨૪૨ માં એમ

કહે છે કે જે જ્ઞેયતત્ત્વ છે જેટલી અને જ્ઞાયક પોતે એ 'બે' ની શ્રધ્ધા જ્ઞેય અને જ્ઞાયકની એને નિશ્ચય સમ્યગ્દર્શન કહેવું એ જ્ઞાનપ્રધાન કથન છે.

નવતત્ત્વની શ્રધ્ધા છે એ સમ્યક્ આવે છે મોક્ષમાર્ગ પ્રકાશક એ જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાયક ત્રિકાળ અને પર્યાય બેની શ્રધ્ધા એ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનું કથન છે.

અહીંયા તો પર્યાય ને દ્રવ્ય 'બે' ની શ્રધ્ધા જ્ઞાન અનુભવ હોવા છતાં દૃષ્ટિ પર્યાય ઉપર રહેતી નથી, ટકતી નથી. અહીંયા એકલો જ્ઞાયકભાવ જે છે અવ્યક્ત અને જે પર્યાય છે વ્યક્તએ 'બે' નો અનુભવ હોવા છતાં દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર ઢળી ગયેલી છે. આ દર્શનપ્રધાન કથન છે. દર્શનમાં તો નિર્વિકલ્પતા છે એટલે દર્શનમાં તો ત્રિકાળી જ્ઞાયકને જ દૃષ્ટિમાં લીધો છે.

સમ્યગ્દર્શન થયું છે ત્રિકાળી જ્ઞાયક છે, તેને અનુભવમાં લીધો છે, પર્યાયદૃષ્ટિ છોડી, રાગ દૃષ્ટિ છોડી, નિમિત્ત દૃષ્ટિ છોડી અને ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ એને પોતા તરીકે માનવાનો, સત્તાનો સ્વીકાર, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે છતાંય કહે છે કે પર્યાયમાં નિર્મળતા થઈ છે એનો ય અનુભવ છે અને જ્ઞાયક તરફનું લક્ષ છે માટે તેનો પણ અનુભવ છે, અનુભવની પર્યાય છે પણ એના તરફના જોરવાળી પર્યાય છે એનો અનુભવ છે.! છતાં ધર્મીની દૃષ્ટિ પર્યાયથી ઉદાસ છે.

ત્રિકાળી ચૈતન્ય જ્યોત ભગવાન પરમાનંદ સ્વરૂપ એમ જિનેશ્વરનો પોકાર છે, એવી દૃષ્ટિ કરતાં એને પર્યાયમાં આનંદનો સ્વાદ આવે, એ સ્વાદ આવે એને અનુભવવું કહ્યું અને ત્રિકાળી વસ્તુને પણ લક્ષમાં લીધી માટે એને અનુભવે એમ કહેવામાં આવે. એ 'બેય' નો અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ વર્તમાન પર્યાયના અનુભવ પર ટકતી નથી. ત્રણ લોકનો નાથ જ્ઞાયકભાવ હું છું ત્યાં દૃષ્ટિનું જોર છે.

સાધક જીવ ત્યારે કહેવાય કે ત્રિકાળી ચૈતન્યમૂર્તિ ભગવાન ઊપર દૃષ્ટિ પડી છે ને જેને આત્માનો સ્વાદ આવ્યો છે એ સ્વાદને અનુભવે છે અને ત્રિકાળીને પણ અનુભવે કેમ કે લક્ષ ત્યાં છે એ એટલે ધારા ધ્રુવની ધારા, પરિણતિમાં આવે છે, ધ્રુવ તો ધ્રુવમાં રહે છે, પણ ધ્રુવનું જોર થયું દૃષ્ટિમાં એથી જાણે ધ્રુવનો અનુભવ છે એમ કહેવામાં આવે છે.

વ્યક્તપણે ઉદાસીનપણે એટલે કે પર્યાયથી ઉદાસ છે. પર્યાયમાં ત્યાં દૃષ્ટિ થંભતી નથી. ઉદાસીન એટલે પર્યાયથી ઉદાસીન આસન છે, ને દ્રવ્ય પર તેની દૃષ્ટિ છે. દ્રવ્યસ્વભાવ ઊપર જેની દૃષ્ટિનું જોર છે.

<u>મુમુક્ષુ</u>:- 'અલિંગગ્રહણ'ના ૨૦ માં બોલમાં અને આમા શું ફેર છે?

<u>સમાધાન</u> :- ત્યાં વીસમાં બોલમાં આત્માનું વેદન તે આત્મા છે, એટલું પણ ત્યાં દ્રવ્ય છે. અહીં એ દ્રવ્ય અનુભૂતિમાં છે પણ પર્યાય છે તે શુદ્ધનય છે. દ્રવ્યનો અનુભવ તે શુદ્ધનય છે અને શુદ્ધનયને અહીંયા આત્મા કહીએ. ત્યાં જે વેદનને આત્મા કીધું છે, અહીં અનુભૂતિને આત્મા કીધો છે.

<u>મુમુક્ષુ</u>:- અનુભૂતિ અને વેદનમાં શું ફેર છે?

<u>સમાધાન</u>:- એક જ વાત છે. ૨૦ બોલમાં આત્મા ત્રિકાળી દ્રવ્ય છે તેને એનું વેદન અડતું નથી. વેદન તો પર્યાયનું છે. અનુભૂતિ એ પર્યાયનું વેદન છે. આનંદનું વેદન એ પર્યાયનું છે. એ પર્યાયનું વેદન દ્રવ્યને અડતું નથી. કેમ કે દ્રવ્ય તે ધ્રુવ છે. પણ ધ્રુવના લક્ષે અનુભૂતિ થઈ, પણ અનુભૂતિ તે દ્રવ્યને અડતી નથી.

**ઉપાદાન અને નિમિત્તની સ્વતંત્રતા**

૧. જેમ સ્ફટિક ધોળું છે, છતાં કાળા અને લાલ ફૂલના સંબંધે કાળી અને લાલ ઝાંય એમાં દેખાય છે, એ ઝાંય એની છે, એનામાં છે. પેલા ફૂલને લઈને નહીં. કાળા

અને લાલ ફૂલ તો નિમિત્ત છે. પણ સ્ફટિકમાં પોતાની લાયકાતની ત્યાં કાળી, લાલ ઝાંય છે. સમજાણું કાંઈ? આહાહા...આ લાકડા પાસે અહીં લાલ ફૂલ મૂકશો તો એમાં ઝાંય નહિ દેખાય. કારણ કે એની તે રૂપે પરિણમવાની યોગ્યતા નથી. અને કાળા અને લાલ ફૂલના સંગે સ્ફટિકની પર્યાયમાં લાલ અને કાળું થવું એ તત્ સમયની પોતાની યોગ્યતાથી પોતામાં થાય છે. દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો સ્ફટિક સદાય નિર્મળ જ છે તે પોતાના નિર્મળ સ્વભાવને છોડતો નથી. પણ પર્યાયમાંએ પ્રમાણેની જો પરિણમવાની સ્વતંત્ર યોગ્યતા હોય (પોતાના ષટ્કારથી) તો લાલ-કાળા ફૂલ પર નિમિત્તનો આરોપ આવે છે. આ તો દ્દષ્ટાંત થયો. હવે સિધ્ધાંત જોઈએ.

૨. જ્યારે જીવમાં રાગ-દ્વેષ (વિકાર રૂપે) પરિણમવાની સ્વતંત્ર યોગ્યતા હોય તો તે વખતે કર્મના ઉદયના ઉપર નિમિત્તનો આરોપ આવે છે. કર્મનું એમાં કાંઈ યોગદાન નથી-છતાં તેની તે વખતે સ્વતંત્ર હાજરી હોવાથી તેના ઉપર નિમિત્તનો આરોપ આવે છે.

૩. જો નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય તો નિમિત્ત અને ઉપાદાન બંનેની સ્વતંત્રતા રહેતી નથી. એક દ્રવ્યનો બીજા દ્રવ્યના પરિણમનમાં કોઈ હસ્તક્ષેપ નથી એ સિધ્ધાંતનો વિરોધ થાય. બંને દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા રહેતી નથી. સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થા ખોરવાઈ જાય જો આવી રીતે હસ્તક્ષેપ થાય તો. અંધાધુંધી થઈ જાય.

૪. ઉપાદાન અને નિમિત્તની બંનેની આવી સ્વતંત્રતાને જો માનવામાં ન આવે તો મિથ્યાત્વ છે. અને નિમિત્તની હાજરીનો જો સ્વીકાર કરવામાં ન આવે તો પણ મિથ્યાત્વ છે. પર્યાયમાં દરેક કાર્ય પોતાની સ્વતંત્ર યોગ્યતાથી જ થાય છે, ત્યારે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

૫. એવી જ રીતે જ્યારે જીવની પર્યાયમાં સ્વતંત્ર રાગ-દ્વેષ થવાની જો યોગ્યતા હોય ત્યારે એને અનુકૂળ નિમિત્ત ત્યાં હોય જ છે, પણ નિમિત્ત કાંઈ કરતું નથી. જો નિમિત્તની હાજરીનો સ્વીકાર ન કરવામાં આવે તો આ કાર્ય સ્વભાવથી થયું એમ થશે. હવે ધ્રુવ સ્વભાવમાં એવો કોઈ ગુણ નથી કે જે વિકાર કરાવે. માટે આ વાત ધીરજથી સમજવા જેવી છે.

૬. એક જીવ નિગોદથી નીકળીને મોક્ષમાર્ગમાં આવ્યો તે પોતાના ચારિત્રગુણની ઉપાદાન શક્તિથી જ આવ્યો છે તથા એ જ રીતે પોતાના ભાવકલંકની પ્રચુરતાના કારણે નિગોદમાં રહ્યો છે. બંને દશામાં પોતાનું જ સ્વતંત્ર ઉપાદાન છે, તેમાં નિમિત્ત-કર્મ વગેરે-અકિંચિત્કર છે. (ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં ૧૫૪)

૭. ઘણા એમ માને છે કે આત્મા તો બુદ્ધિપૂર્વક પુરુષાર્થ કરે પણ કર્મ નાશ થાય કે ન પણ થાય, પરંતુ એમ નથી.

આત્મા પુરુષાર્થ કરે અને કર્મનો નાશ ન થાય એમ બને જ નહિ, અને આત્માએ પુરુષાર્થ કર્યો છે માટે પુરુષાર્થથી કર્મનો નાશ થયો છે-એમ પણ નથી.

આત્માનો સમ્યગ્દર્શનનો કાળ છે તે વખતે દર્શનમોહનીયના નાશ વગેરેનો કાળ છે. જ્ઞાનના ઉઘાડનો કાળ છે તે વખતે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમનો કાળ છે અને રાગાદિના અભાવનો કાળ છે તે વખતે ચારિત્રમોહનીયના નાશનો કાળ છે, પણ કર્મના કારણે તે સમ્યગ્દર્શન વગેરે નથી અને આત્માના પુરુષાર્થના કારણે કર્મનો નાશ નથી એમ સમજવું.

૮. આ માટે પાંચ સમવાયનો સિધ્ધાંત બરાબર સમજવા જેવો છે. કોઈપણ કાર્ય થાય ત્યારે આ પ્રમાણે પાંચ સમવાય હોય જ છે.

- ૧. સ્વભાવઃ- એમાં બે પ્રકાર - ત્રિકાળી ઉપાદાન અને ક્ષણિક ઊપાદાન પર્યાયમાં કાર્ય તે સમયની પર્યાયની ક્ષણિક યોગ્યતાથી થાય છે.
- ૨. નિમિત્તઃ- તે વખતે ત્યાં અનુકૂળ નિમિત્તની હાજરી હોય છે. ૧-સદ્‌ભાવરૂપે કે ૨-અભાવરૂપે
- ૩. પુરુષાર્થઃ- તે વખતે જીવનો એવો જ પુરુષાર્થ સહજ હોય છે.
- ૪. નિયતિ અથવા ભવિતવ્યતાઃ- જે કાર્ય નિયત થવાનું હતું તે જ થયું છે.
- ૫. કાળલબ્ધિઃ- જે સમયે કાર્ય થવાનું તે જ સમયે થયું છે. તેને જ કાળલબ્ધિ કહેવામાં આવે છે. તે એનો સ્વકાળ છે.

૯. ઘણા જીવોને સત્ સમજવાની અંતરથી તાલાવેલી થાય, ત્યારે સંસારમાંથી ઉન્નતિક્રમમાં આગળ વધેલા કોઈ જ્ઞાની તીર્થંકરપણે જન્મે તેમના નિમિત્તે જે લાયક જીવો હોય તે સત્યને સમજી લે-એવો મેળ સહજ થઈ જ જાય છે. તીર્થંકર કોઈ અન્ય માટે અવતાર લેતા નથી. (ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં ૧૧૯)

૧૦.
- ૧. દ્રવ્ય સ્વભાવની શુધ્ધતા અને પર્યાયમાં અશુદ્ધતા બંને હોવા છતાં જો શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ કરે તો અશુદ્ધતાને જાણશે કોણ ?
- ૨. ઉપાદાન અને નિમિત્ત બંને હોવા છતાં, ઉપાદાન તરફ વળ્યા વગર નિમિત્તનું યથાર્થ જ્ઞાન કરશે કોણ ?
- ૩. શુદ્ધસ્વભાવ અને રાગ અથવા નિશ્ચય અને વ્યવહાર બંને હોવા છતાં નિશ્ચય દ્રવ્યસ્વભાવ તરફ દૃષ્ટિ કર્યા વગર વ્યવહાર કહેશે કોણ ?
- ૪. નિર્મળ જ્ઞાન સ્વભાવ તરફના વલણ વગર સ્વ-પરને જાણવાનો વિવેક ઊઘડશે નહિ.
- ૫. અભેદ સ્વભાવ તરફ ઢળવું તે જે એનેકાન્તનું પ્રયોજન છે.

૧૧. પરના નિમિત્તે ને પોતાની યોગ્યતાના કારણે જીવ પર્યાયમાં ભૂલ કરે તો જે રાગ-દ્વેષરૂપ ધુમાડો ઊઠે છે તે અશુદ્ધ ઊપાદાનથી થયેલી જીવની-જીવના વીતરાગ સ્વભાવ નામના ચારિત્રગુણની-અરૂપી વિકારરૂપ ઊંધી અવસ્થા છે. આ ક્ષણિક વિકારી અવસ્થાનો ચૈતન્ય સ્વભાવમાં પ્રવેશ નથી. જો કર્મ વગેરે પર નિમિત્ત વિના જ વિકાર થાય તો તે સ્વભાવ થઈ જાય, અને સ્વભાવ તો કદી ટળે નહિ. પરંતુ આ ભૂલ તો ક્ષણિક અવસ્થા પૂરતી છે અને તે ત્રિકાળી પરિપૂર્ણ સ્વભાવના ભાન વડે ટળે છે. જે ટળે તે સ્વભાવના ઘરનું કેમ કહેવાય ? જે ત્રિકાળ સાથે રહે તે

જે પોતાનું ગણાય. (ગુરૂદેવશ્રીના વચનામૃત બોલ નં ૬૫)
(રાગ-દ્વેષનું સ્વરૂપ બતાવવું છે-જીવની પર્યાયમાં થાય છે ત્યારે પાંચ સમવાય કેવી રીતે હોય એ સમજવા માટે આ બોલ છે.)

| ૧. સ્વભાવ | | ૨. નિમિત્ત | ૩. પુરુષાર્થ | ૪. નિયતિ | ૫. કાળલબ્ધિ |
|---|---|---|---|---|---|
| ત્રિકાળી (વીતરાગ તે સ્વભાવ) | ક્ષણિક પોતાની સમયની અશુદ્ધ ઉપાદાનની યોગ્યતા | (પરના નિમિત્તે) (કર્મનો ઉદય સ્વતંત્ર) નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી | ઊંધો પુરુષાર્થ પોતાના જ્ઞાન આનંદ સ્વભાવને ભૂલી-પર્યાય સાથે જોડાઈ જાય છે પર્યાયદૃષ્ટિ | (હોનહાર) ચારિત્ર ગુણની વિપરીત-અરૂપી ક્ષણિક અવસ્થા છે. માટે ટળી શકે છે. એ સ્વભાવ ભાવ નથી. પરિપૂર્ણ સ્વભાવના કાળલબ્ધિ ભાન વડે ટળી શકે છે. | તે સમયે જે પર્યાય થવાની હતી તે તેની કાળલબ્ધિ છે. |

હવે રાગ-દ્વેષ રૂપ જે ધુમાડો ઊઠે છે-એ બીજી વસ્તુ છે. અને અગ્નિ-જે મિથ્યાત્ત્વ-અજ્ઞાન ભાવ છે તે જુદી વસ્તુ છે. જ્ઞાનની પર્યાય જ્યારે રાગની પર્યાય સાથે એકતત્ત્વબુદ્ધિ કરે છે તે પર્યાયબુદ્ધિ-મિથ્યાત્ત્વ છે એ અનંતાસંસારનું-દુઃખનું કારણ છે.

૧૨. ૧. પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માંગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શક્યો નથી, માટે તેનું મિથ્યા છે.

૨. અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાસ વેદાય છે તો એ પણ વસ્તુસ્વરૂપ સમજ્યો નથી તેથી તેનું જ્ઞાન-શ્રદ્ધાન મિથ્યા છે.

૩. જ્ઞાનીને તો રાગને રાખવાની ભાવના હોતી નથી અને રાગને ટાળવાની આકુળતા હોતી નથી, સ્વભાવના આશ્રયે એની ઉત્પત્તિ જ થતી નથી એટલે સહેજે ટળી જાય છે એમ કહેવામાં આવે છે.
(દૃષ્ટિનાં નિધાન - બોલ નં ૪૫૫)

૧૩. જેટલા વિકલ્પો ઊઠે ઈ બધામાં કાંઈ માલ નથી. ઈ બધા દુઃખના પંથ છે, બધા વિકલ્પો (શુભ કે અશુભ) હેરાન કરનારા છે એમ એને નિર્ણય થાય તો રાગથી ભેદ જ્ઞાન કરી જ્ઞાનસ્વભાવ તરફ વળવાનો પુરુષાર્થ કરે.

૧૪. જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઊભરા આવે એ બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્‌ગલ-પરાવર્તન થયા જ કરે છે.

૧૫. પહેલાં તો પોતાને વિકલ્પવાળો માનવો અને પછી વિકલ્પને ટાળવાનો પ્રયત્ન કરવો ઈ જ મોટામાં મોટી વિપરીતતા છે, મિથ્યાત્વ છે પહેલાં વિકલ્પ વિનાનો છું એવી દષ્ટિ કરે પછી વિકલ્પ છૂટે. સ્વભાવમાં વિકલ્પની ગંધ પણ નથી-એવા નિર્વિકલ્પ જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે તો વિકલ્પની ઉત્પત્તિ જ થતી નથી. (દષ્ટિના નિધાન ૨૫૭)

૧૬. પરિણામને હઠાવી શકાય નહીં, પરિણામમાંથી એકત્ત્વ હઠાવી શકાય છે. નિત્ય સ્વભાવમાં એકત્ત્વ કરે તો પરિણામમાંથી એકત્ત્વ છૂટે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દષ્ટિ જમાવીને પરિણામમાત્રથી એકત્ત્વ ઊઠાવી લેવું. (દ્રવ્યદષ્ટિ પ્રકાશ - ૨૫૬)
હું તો વિકલ્પથી શૂન્ય છું. નિર્વિકલ્પ સ્વરૂપથી ભરપૂર છું (૩૧૩)
'રાગ' પણ તે સમય પૂરતો સત્ છે. તેને ઉખાડવા જઈશ તો તું ખુદ ઉખડી જઈશ. તેને તેમાં રહેવા દે. તું તારામાં રહે. તે સ્વયં જ ચાલ્યો જશે. (દ્રવ્યદષ્ટિ પ્રકાશ-૩૩૩)

<u>સારઃ</u>- દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય પણ એક સમયની સત્ અહેતુક છે. જેણે ક્ષણિક ઉપાદાન નથી માન્યું તેણે ધ્રુવ કે જે પર્યાયમાં નથી આવ્યું તેને નથી માન્યું. જેને ક્ષણિક ઉપાદાનની સ્વતંત્રતા ન બેસે તેને ધ્રુવ ઊપાદાનની સ્વતંત્રતા નથી માની.

<u>હવે જ્ઞાનમાં આની ખતવણી કરીએ.</u>

૧. જીવનો જ્ઞાન-સ્વભાવ ત્રિકાળ છે.

૨. આત્માનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક હોવાથી દરેક સમયે જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ થાય છે.

૩. આત્માનો <u>સ્વ-પર પ્રકાશ</u> સ્વભાવ છે.

૪. હવે જે જીવમાં જેટલી જાણવાની ૧) સ્વતંત્ર યોગ્યતા હોય ૨) ક્રમબદ્ધ નિશ્ચિંત થયેલી (સર્વજ્ઞના જ્ઞાનમાં જેમ આવેલ છે તેમ) ૩) તેની તત્ સમયની ઊપાદાનની યોગ્યતા પ્રમાણે એટલું જ જાણે છે.

૫. તે સમયે જ્ઞાનની પર્યાયનો એવો આકાર થાય છે તેને જ્ઞાનાકાર કહેવામાં આવે છે-એ જ્ઞાનની પર્યાય ખરેખર પોતાને જ જાણે છે.

૬. હવે જ્ઞાનની વ્યવસ્થા પ્રમાણે તે સમયે બહારમાં એવા જ પ્રકારની જ્ઞેયની પર્યાય હોય છે તેને જ્ઞેયાકાર કહેવામાં આવે છે-હવે બંનેનો આકાર એક સરખો છે.

૭. હવે જે જ્ઞાનની પર્યાયનો આકાર સ્વતંત્ર થયો છે તે પોતાની સ્વતંત્ર યોગ્યતાને લીધે થયો છે. બહાર જ્ઞેય છે માટે તેનાથી જ્ઞાન થયું છે એમ નથી અને એનું જ્ઞાન થયું છે એમ પણ નથી.

૮. તો શું છે? આબાળ ગોપાળ સર્વેને પ્રતિસમય પોતાની જ્ઞાનની પર્યાયમાં પોતાનું સ્વરૂપ જ પ્રતિભાસ થાય છે પણ અજ્ઞાન અવસ્થામાં એનું લક્ષ પર દ્રવ્ય પર છે તેથી એમ માને છે કે એનું જ્ઞાન થયું અને એનાથી જ્ઞાન થયું પણ એ માન્યતા ખોટી છે.

૯. પ્રતિસમયે પોતે જ પોતાને જાણી રહ્યો છે એ વાત બેસી જાય તો એની બલીહારી છે.

૧૦. પ્રત્યેક સમયે મન-વચન-કાયાની અને રાગની ક્રિયા થઈ રહી છે, તેનું જ્ઞાન થાય છે, ખરેખર તેનું જ્ઞાન નથી પણ તે સંબંધીનું જ્ઞાન થાય છે, તે પણ ખરેખર તો પોતાની જ્ઞાનની પર્યાયની યોગ્યતામાં જ્ઞાનની પર્યાય જ જણાય છે. અજ્ઞાની એમ માનતો નથી.

૧૧. જ્ઞાની થવા શું કરવું? એ જડની ક્રિયાથી ને રાગથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો અને માનવું કે 'જે જણાય છે તે હું જ છું'

૧૨. આવા પ્રકારના અભ્યાસથી વર્તમાન જ્ઞાનની પર્યાય નિર્મળ થતી જાય છે. એ પૂર્ણાશુદ્ધ પર્યાયમાં ભગવાન આત્મા શુદ્ધ જણાય છે. આ જ આત્માનુભૂતિ છે સુખી થવાનો આ જ એક ઉપાય છે.

# કેવુ જીવન જીવવાની ભાવના હોવી જોઈએ.

- જ્ઞાનમય જીવન જીવવું છે (રાગમય નહિ)
- આનંદમય જીવન જીવવું છે. (આકુળતા રહિત)
- સ્વાધીન - નિરાવલંબન જીવન જીવવું છે. (પરાધિન નહી)
- સંયમીત સતુંલીત જીવન જીવવું છે. (સ્વચ્છંદી નહિ)
- સ્વભાવનો જ્યાં આશ્રય હોય એવું સ્વઆશ્રિત જીવન જીવવું છે પરાશ્રીત નહિ (પુણ્યના આશ્રયનો નહિ)
- આત્માની જ્યાં મુખ્યતા હોય એવું આધ્યાત્મિક જીવન જીવવું છે. બીજુ બધુ ગૌણ.
- વિવેકમય જીવન જીવવું છે- પૂણ્ય અને ધર્મનો વિવેક જ્યાં નિશ્ચય-વ્યવહારની સંધિ હોય એવું જીવન જીવવું છે.
- નિર્ભય - નિશંક - નિકાંક્ષીત નિમૂઢ જીવન જીવવું છે. (ભય શંકા ઈચ્છાઓ રહિત)
- દુંગતિ થાય એવા પાપમય પરિણામવાળું જીવન હવે નથી જીવવું મનુષ્યભવ સફળ કરવો છે.
- અનાદિ-અનંત જૈન સનાતન વીતરાગ માર્ગનો સ્વીકાર કરવાથી આ શક્ય બને એમ છે.

## નિજરસથી જ પ્રગટ થતો તે સમયસાર કેવો છે.

૧) આદિ-મધ્ય અંતરહિત છે. અર્થાત અનાદિ અનંત ત્રિકાળ શાશ્વત નિત્ય વસ્તુ છે.

૨) અનાકુળ છે. શ્રુતજ્ઞાનમાં જે વિકલ્પ ઉઠે છે તે આકુળતારૂપ છે. અને ભગવાન આત્મા નિરાકુળ આનંદ સ્વરૂપ છે. અતિન્દ્રય આંનદના સાગર પ્રભુ આત્મા છે.

૩) કેવળ એક છે. આ દ્રવ્ય અને પર્યાય એવો ભેદ પણ જેમાં નથી એવો કેવળ એક છે. અનંત ગુણનો પિંડ પ્રભુ ગુણગુણીના ભેદથી રહિત અભેદ એકરૂપ ધ્રુવ વસ્તુ છે.

૪) આખાય વિશ્વ ઉપર જાણે કે તરતો હોય એવો છે. એટલે રાગથી માંડીને આખાય લોકાલોકથી ભિન્ન વસ્તુ છે.

૫) અખંડ પ્રતિભાસમય છે. સ્વ સંવેદન જ્ઞાનમાં જેવો પૂર્ણ સ્વરૂપ છે તેવો પ્રતિભા સમાન થાય છે. જિનસ્વરૂપ પરિપૂર્ણ આત્મા છે. એવો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે. જેનાં ગુણ પર્યાયના ખંડ નથી, ભેદ નથી, ભંગ નથી એવો અભેદ આત્મા પરિપૂર્ણરૂપે જ્ઞાનમાં છે તે અખંડ પ્રતિભાએ છે. જ્ઞાનમાં અખંડનો પ્રતિભાસ થવો તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

૬) અનંત વિજ્ઞાનઘન છે. તેમાં સૂક્ષ્મ રાગનો પણ કદી પ્રવેશ નથી એવા અનંત વિજ્ઞાનઘન સ્વરૂપ સમયસાર છે.

૭) આવો પરમાત્માસ્વરૂપ સમયસાર છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન ચિત્સ્વરૂપ સદા સિધ્ધ સ્વરૂપ એવો પરમાત્મારૂપ સમયસાર છે.

આવા સમયસારને જ્યારે આત્મા વિકલ્પરહિત થઈને અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે શ્રધ્ધામાં આવે છે. અને જ્ઞાનમાં જણાય છે. તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી.

આમ શુધ્ધનયનો પક્ષ નહી થવાથી જીવ અનંત કાળથી દુ:ખી થઈ રહ્યો છે. શુધ્ધ નયનો ઉપદેશ પણ દેનાર કોઈ નથી. વ્રતકરો દયા પાળો એમ વ્યવહારનો ઉપદેશતો ઠામઠામ દેનારા છે, પણ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય એક માત્રના આલંબનથી ધર્મ થાય છે. એમ ઉપદેશ કરનાર ક્યાંક છે, કદાચિત

કોઈ યથાર્થ ઉપદેશદાતા મળ્યા પણ ખરા; તો તેમની વાત અંતરમા ગ્રહણ કરી નહીં અને તેથી ભવભમણ મટ્યું નહિં.

આવા ભવભ્રમણના દુ:ખથી મુક્ત થવા ઉપકારી શ્રી ગુરૂએ શુધ્ધનયનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી આવ્યો છે કે – શુધ્ધનય ભૂતાર્થ છે. સત્યાર્થ છે એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે. જુઓ વિદેહ ક્ષેત્રમાં સાક્ષાત અરિહંત પરમાત્મા બિરાજે છે. ત્યાં ૐધ્વનિના ધોધ વરસે છે. એ દિવ્યવાણી સાંભળવા સ્વર્ગના ઇન્દ્રો આવે છે. પહેલા દેવલોકને સૌધર્મ દેવલોક કહેવાય છે. તેમાં બત્રીસ લાખ વિમાન છે. એકેક વિમાનમાં અસંખ્ય દેવો છે. તે બત્રીસ લાખ વિમાનો નો સ્વામી સૌધર્મ ઇન્દ્ર છે. તે સમ્યગ્દષ્ટિ છે. તેની ઇન્દ્રાણી શચી છે. તે પણ સમકિતી છે. બન્ને એક ભવ કરી મોક્ષ જવાના છે. તેઓ જે દિવ્યધ્વનિ સાંભળવામાં આવે છે તેનો સાર-સાર લઈ ભગવાન કુંદકુદાચાર્યે હૃદયમાં પરમ કરૂણા ધરી અહીં ઉપદેશ કર્યો છે કે શુધ્ધનય ભૂતાર્થ છે, તેના આશ્રયે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય શુધ્ધનયનું ફળ જે મોક્ષમાર્ગ જાણતા અનુભવતા હતા તેથી ભવ્ય જીવોનાં ઉપકાર હેતુથી શુધ્ધનયનો ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.

અહાહા...! આચાર્યદેવ કહે છે કે એકવાર તું દષ્ટિ ફેરવી નાખ. એક સમયની પર્યાય ઉપર અને ભેદ ઉપર અનાદિની દષ્ટિ છે. તેને ત્યાંથી ખસેડી લઈ અખંડ એકરૂપ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય સામાન્ય પર દષ્ટિ સ્થિર કર. તેથી તને સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થશે. તને ભવભ્રમણના દુ:ખથી મુક્તિ થઈ અનંત મોક્ષસ્વરૂપ એવો મોક્ષ થશે. અહો! આવો વિરલ ઉપદેશ આપી આચાર્ય દેવે જગતનો મહાન ઉપકાર કર્યો છે. આત્મા ત્રિકાળી સત્ જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક, ધ્રુવ ધ્રુવ ધ્રુવ અખંડ એકરૂપ વસ્તુ છે તે ભૂતાર્થ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે અને તેનાજ આશ્રયે જન્મમરણ મટે છે, મોક્ષનાં ભણકારા વાગે છે.

શુધ્ધનયને એટલે ત્રિકાળી ધ્રુવને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે એટલે કે શુભરાગનાં કર્મકાંડમાં મગ્ન છે, ભેદમાં મગ્ન છે કે પર્યાયમાં મગ્ન છે ત્યાંસુધી આત્માના શ્રધ્ધારૂપ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. ત્રિકાળી શુધ્ધ આત્મતત્વને ઓળખી તેમાં મગ્ન થવું એ જ મુખ્ય કર્તવ્ય છે.

###卐 આ એક જ કરવા જેવું છે. 卐

* આકુળતામય શુભાશુભભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયક-સ્વભાવ છે. તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં; દરેક પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય—એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય–ગુણની પણ અપેક્ષા નથી —એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

અંતિમ સાર રૂપ સંદેશ :

૧. ભવ ભ્રમણના મૂળને છેદનારું એ મોક્ષ આપનારું નિશ્ચય સમ્યગ્દર્શન - સ્વાનુભૂતિ જ છે.

૨. તારા હિત માટે અંતર્મુખ સ્વભાવને જો! તારા પૂર્ણ સ્વરૂપને દ્રષ્ટિમાં લે ભાઈ! પૂર્ણ ચૈતન્યનો સ્વીકાર કરનાર જીવસમ્યગ્દ્રષ્ટિ છે.

૩. નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા છોડીને, અખંડ ચૈતન્યસ્વભાવના આશ્રયે રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કરવી તે પરમાર્થ સમ્યક્ત્વ છે.

૪. નવ તત્ત્વોની દ્રષ્ટિ તે પર્યાયદ્રષ્ટિ છે, નવ તત્ત્વોમાં અનેકતા છે, તે અનેકતાના આશ્રયે એક સ્વભાવની પ્રતીત થતી નથી. તેથી પર્યાયદ્રષ્ટિ છોડી-દ્રવ્યદ્રષ્ટિ કર તો સ્વાનુભૂતિ-અતીન્દ્રિય સુખના સ્વાદ સાથે પ્રગટ થશે.

૫. ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

૬. તીવ્ર પુરુષાર્થ અને વૈરાગ્ય સહિત આત્મરૂચિ નિજ સ્વભાવનો અચિંત્ય મહિમા-એ જ સમ્યક્ત્વનું કારણ છે.

૭. છેલ્લે ભેદજ્ઞાનની કળા વીકસાવવા જેવી છે. આત્મા અને બંધના-જ્ઞાન અને રાગના આત્મા અને દેહના નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતરંગ સંધિમાં પ્રજ્ઞા છીણીને સાધન કરીને પટકવાથી તેમને છેદી શકાય છે. એ રીતે બંધથી-રાગથી પોતાનો જુદો પરમાત્મા તત્ત્વ અનુભવી શકાય છે. એના ઊંડા સંસ્કાર પાડે તો આગામી ભવમાં પણ સ્વાનુભૂતિ થઈ જાય છે.

૮. સાચો માર્ગ લે તો ફળ આવે!

**જાગો...જાગો...ચૈતન્ય પ્રભુ ઝટ જાગો!**

**વારંવાર આવા હિતની શિખામણ દેનારા દુર્લભ છે.**

**અવસર પામ્યા છો તો તેનો લાભ લઈ લો.**

**નિમિત્ત તરીકે જ્ઞાની ગુરુનો ઉપદેશ મળ્યો છે તો આજે જ સ્વાનુભૂતિથી આત્માને પ્રકાશીત કરો.**

૯. હે ભવ્ય! તને નકામો કોલાહલ કરવાથી શું લાભ છે? એનાથી તું વિરામ પામ! પ્રભુ! વિરામ પામ! એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચય થઈ અંતરમાં દેખ. આવો અને કહીએ છીએ એ રીતે છ મહિના આત્માને દેખવાનો અભ્યાસ કર. એમ કરવાથી પોતાના હૃદય સરોવરમાં દેહાદિથી-રાગાદિથી ભિન્ન તારા શુદ્ધ આત્માની ઉપલબ્ધિ-અનુભવ તને થશે જ. માટે હે ભવ્ય આત્માર્થી! તું ભય છોડ. નિઃશંક, નિર્ભય, નિર્ભાર થા. અત્યાર સુધી જે કાંઈ કર્યું તે નિષ્ફળ ગયું તેનો આગ્રહ છોડી દે. ચૈતન્યના લક્ષ વગર જે પણ કાંઈ કર્યું તે સત્યથી વીપરીત હોય.

જ્ઞાનીના માર્ગદર્શન અનુસાર પ્રસન્નતાથી સાચા ભાવથી નિ:શંકાપણે અને દુનીયાથી નિર્ભયપણે તું આત્માની અનુભૂતિના પ્રયત્નમાં તારી વર્તમાન જ્ઞાનની પર્યાયને જોડ. **ત્રિકાળી ધ્રુવમાં અહંપણું સ્થાપવું એ જ સ્વાનુભૂતિની MASTER KEY છે.** જરૂર મહાન આનંદ સહિત તને આત્માનુભૂતિ થશે ને સમ્યગ્દર્શન વડે તારા કલ્યાણના કોડ પૂરા થશે!

૧૦. આ જે કાંઈ અહીં નમ્રભાવથી એક ભેટણું આપવામાં આવ્યું છે તેનું એક જ પ્રયોજન છે. **જ્ઞાયક સ્વભાવને જાણીને અનુભવવા પ્રબળ પ્રયત્ન કર. એ જ કરવા જેવું છે એનો વિશ્વાસ સાથે સ્વીકાર કરજે.**

ભાઈ તારા અનંતા અનંતા ગુણોની ગણતરીનો પાર નથી-બેહદ શક્તિ સામર્થ્યથી તું પૂર્ણ છો. એવો જે જ્ઞાયક સ્વભાવ, પ્રભુ! તેને અનુભવવાનો પ્રયત્ન કર. એ જ એક કામ આ ભવમાં કરવા જેવું છે. જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક તેના તરફનું વલણ કરવું. બસ, આશા રાખું છું તમને આ માર્ગદર્શન સફળતાની સિદ્ધિએ પહોંચાડશે!

પરમપૂજ્ય શ્રી ગુરુદેવ કાંનજીસ્વામીના અનન્ય ભક્ત એવા રમણીકભાઈ સાવલાના વંદન!

૧૪ જાન્યુઆરી - ૨૦૦૯